શ્રી વલ્લભ સુધા

વચન સુધા

“વળી ભગવદીય કેવા છે, કે શ્રી શુકદેવજી જેવા, કે જેમને ભગવાનના જશ પ્રિય છે. માટે જે કોઇ પ્રભુના જશ ગાય છે તેને જ પ્રભુ ઘણા પ્રિય લાગે છે તેને પ્રાણથી પણ પ્રિય લાગે છે. માટે પ્રભુના જશ ઉપર ભાવ રાખવો તેથી કરીને સારસ્વત કલ્પના જે શ્રી ઠાકોરજી શ્રી પુર્ણ પુરૂષોત્તમ તેમની પ્રાપ્તિ થાય.

પ્રભુજી ભકતને પોતાના જેવો કરે, પોતાનો વૈભવ આપે, તથા અષ્ટ સિદ્ધિ આપે પણ જે ભગવદીય છે તે તો કંઇ લેતા નથી તે તો ભગવાનની સેવા તથા ભજનને પુરૂષાર્થ માને છે એમ જાણીને સેવા, ભજન શ્રદ્ધા પુર્વક કરવું અને બીજા કોઇનો આશ્રય કરવો નહીં. ભગવદ ઇચ્છાએ જે મળે તેમાં નિર્વાહ કરવો વળી કોઇનો દોષ જોવો નહીં સંતોષ રાખવો અને સેવા ભજનમાં પોતાને કર્તા માનવો નહી અને વળી હાથ જોડી ને એમ કહેવું કે હે પ્રભુ ! હું તો મહા નીચ છું, પાપી માં પાપી છું, પણ હું આપની શરણે છું હવે જેમ આપની ઇચ્છાનાં આવે તેમ કરો મારી કૃતિ સામુ જોશો નહીં.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૧૨

---

* આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો *

વર્ષ ૧૬ : અંક-૧ એપ્રિલ, ૧૯૯૭
શ્રી વલ્લભાબ્દ ૫૧૯

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- * આજીવન રૂા. ૫૦૧

“શ્રી વલ્લભસુધા”
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

શ્રી હરિ ॥

શ્રી શ્યામ મનોહર પ્રભુ: વિજયતે ॥

॥ શ્રી નવનીત પ્રિય ! શ્રી ગોવર્ધન ધર પ્રભુર્વિજયેતે ॥

વધાઇ

શ્રી વ્રજયાત્રા–લીલી પરિક્રમા

ભગવદકૃપા તથા શ્રી મહાપ્રભુજીના અસીમ અનુગ્રહથી આ વર્ષે શ્રી વ્રજયાત્રા લીલી પરિક્રમાનુ આયોજન કરેલ છે. જગદગુરુ શ્રીમદવલ્લભાચાર્યજી વંશાવતંશ પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીની આત્મજ પુ. પા. ગો. ચિં. શ્રી રાજીવલોચનજી મહોદય, પૂ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી મહોદય પુ. પા. ગો. શ્રી. શ્રી ગોપીકાલંકારજી મહોદય (રાજકોટ શ્રીમદ ગોકુલ બોરીવલી–જામ ખંભાળીયા) ની સંયુકત અધ્યક્ષતામાં વિ. સં. ૨૦૫૩ના ભાદરવા શુદ ૫ને રવિવાર દિનાંક ૭–૯–૧૯૯૭ના શુભ દિને શ્રી મથુરાજીમાં વિશ્રામઘાટ પર શ્રી વ્રજયાત્રાના નિયમગ્રહણ થશે.

પુર્ણ પુરૂષોત્તમ શ્રી કૃષ્ણચંદ્ર ની પૂનિત પાવન ક્રિડા ભુમી આધિદેવિક વૃજચોરાશી કોશ લીલી પરિક્રમાના અવસરે શ્રી ગિરિરાજજીનો કુનવારો શ્રીના વિવિધ મનોરથો શ્રી બેઠકજીએ તપેલી પુ. પા. ગો. બાલકોના વચનામૃતો રાસલીલા–ઢાઢી લીલા અને અનેકવિધ સાંપ્રદાયિક કાર્યક્રમોનુ આયોજન થયેલ છે.

સર્વે વૈષ્ણવોને સહપરિવાર ઇષ્ટમીત્રો સહિત આ મહાઅલૌકિક સુઅવસરનો લાભ લેવા સાગ્રહ નિમંત્રણ છે.

વિશેષ માહિતી પત્રવ્યવહાર આ સરનામે કરવો.

૧ અધિકારીજી

શ્રી મદનમોહન કુંજ ૧૫, પંચનાથ પ્લોટ રાજકોટ–૩૬૦૦૦૧

૨ શ્રી વૃજયાત્રા સમિતિ કાર્યાલય, માંડવી ચોક રાજકોટ–૩૬૦ ૦૦૧

આજ્ઞાથી, શ્રી વૃજયાત્રા સમિતિના જય શ્રીકૃષ્ણ

‘‘વૈષ્ણવ પરિષદ પ્રકાશિત સાહિત્ય અંગે સ્પષ્ટતા

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ તરફથી સમય સમય પર પ્રકાશિત થતું સાહિત્ય સબસી ડાઈઝ રેટથી સેલ કરવામાં આવે છે. પરંતુ તે ન્યોચ્છાવરની સાથે સાથે પોસ્ટેજ ખર્ચ સંજોગોવસાત જાહેર કરવાનું રહી જાય છે. તેથી ન્યોચ્છાવર રકમની સાથે રજી. પોસ્ટની રકમ મોકલવા વૈષ્ણવ પરિષદ કાર્યાલય જણાવે છે. વળી તેના માટેની રકમની M. O. આં. પુ. વૈ, પ. બી–૧૬૨, શ્રેણીક પાર્ક. અકોટા સ્ટેડીયમ સામે–વડોદરા ખાનેના સરનામે કરવા ખાસ જણાવવામાં આવ્યું છે.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૧૭
વર્ષ : ૧૬ અંક : ૧ * એપ્રિલ ૧૯૯૭

મનને શિક્ષા

મન કી બાત મન મેં રહી ॥
આય અચાનક કાલને ઘેર્યો, જીભ્યા અટકી ગઇ ॥૧॥
કફ વાયુ શ્વાસ કંઠ રોકયો, કછુ ન જાત કહી ॥
અબ રોવત કહા અધર્મી, પહેલે કયોં ન ચહી ॥૨॥
લક્ષ ચોરાશી કે દુઃખ પાયે, અબ નરયોની લઇ ॥
સો તો હરિ કે કામ ન આઇ, પુની પુની ખાય અહી ॥૩॥
મોહ જાલ કે બધ્યો ફાંસ મેં, ભવકી ત્રાસ સહી ॥
'રસીકદાસ' જન કહાં લોં બરનો, યમકી માર ગ્રહી ॥૪॥

* ભાવાર્થ *

અરે મન ! મનની વાત તો મનમાં રહી ગઇ અને અંત સમય અચાનક આવ્યો. કાળથી ઘેરાયો જીભ અટકી કંઠ રૂંધાયો કંઇ કહી શકાતું નથી અરે ! અધર્મી હવે શું રોવે છે પહેલા કે મન વિચાર્યું ચોરાશી લાખ યોની ફરી દુઃખ પાંમ્યો હવે મનુષ્ય દેહ મળ્યો તેને તેં હરી સેવામાં ન જોડયો એટલે વારે વારે કાળરૂપી સર્પનો કોળીયો બન્યો મોહ જાળના ફાંસલામાં ફસાયો છે એટલે સંસારના ત્રાસ સહન કરશ શ્રી રસિકદાસજી (શ્રી મટુજી મહારાજ) પોતાનાજનોને શિક્ષા આપે છે કે આવા યમના મારનું કેટલુ વર્ણન કરૂં (હજુ ચેત, ભગવદ ભજનમાં લાગીજા)

શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ।

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥
॥ શ્રી મદાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

ગ્રન્થ પરિચય

લેખક **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજ**
ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ**

–ગતાંકથી ચાલુ

ભાગવતમાં આવે છે કે–

તદ્વાગ વિસર્ગો જનતાઘવિપ્લવો
યસ્મિન્પ્રતિ શ્લોકમ બદ્ધવત્યપિ ।
નામાન્યનન્તસ્થ યશોંકિતાનિ ય
ચ્શ્રુણ્વન્તિ ગાન્તિ ગૃણન્તિ સાધવઃ ॥

અર્થ ભકતોના મુખથી નીકળેલી વાણી, લૌકિક ભાષામાં ગાવામાં આવેલા ગેય–પદ અથવા સંસ્કૃત ભાષામાં ગાવામાં આવેલાં "ગીત ગોવિન્દ" જેવાં કાવ્ય, પ્રાણી માત્રનાં બધાં પાપોનો નાશ કરી દે છે. એવો સંભવ છે કે એવા ગીતો કે કાવ્યોમાં વ્યાકરણ કે છન્દની દષ્ટિએ જોતાં કંઇક ખામીઓ હોય અથવા તો ગાવાની પ્રક્રિયામાં ભગવાનનાં નામોના અક્ષરોમાં ખેંચીને ગાન કરતી વખતે, પરસ્પરનો સહભાવ તુટી જતો હોય. પરંતુ અનન્ત કીર્તિવાળા ભગવાનના યશથી ભર્યા અનન્ત નામ જયારે ભકિતમાન વકતાઓના મુખથી સાંભળવામાં આવે ત્યારે અથવા તો ભકિતમાન શ્રોતાઓની સમક્ષ ગાવામાં આવે ત્યારે, અથવા તો સ્વયં પણ એકલા (એકાકી પણે) લેવામાં આવે ત્યારે, બધાં પાપોને દુર કરી નાખે છે. (સુબો ૧/૫/૧૧

આજ કારણને લીધે ભાગવતમાં વકતાના તથા શ્રોતાના ઓગણીશ ભેદ માનવામાં આવેલા છે, જેમ કે–


યધિકારી
વકતા યા શ્રોતા
નિર્ગુણ
સગુણ
અસાધારણ
સાધારણ
સાત્વિક
રાજસ
તામસ
સાત્વિક
રાજસ
તામસ
સા.
રા.
તા.
સા
રા.
તા.
સા.
રા.
તા.
સા.
રા.
તા.
સા.
રા.
તા.
સા.
રા.
તા.

April 1997

આ વર્ગીકરણમાં નિર્ગુણ અધિકારીને ઉત્તમ માનવામાં આવ્યો છે ;અસાધારણ અધિકારીના સાત્વિક–સાત્વિક, રાજસ સાત્વિક વગેરે ૯ ભેદ થાય છે, એ મધ્યમ અધિકારી છે. આજ રીતે સાધારણ અધિકારીના પણ પુર્વોકત રીતિ પ્રમાણે ૯ ભેદ થાય છે અને તેમને કનિષ્ઠ માનવામાં આવ્યા છે આ ઉત્તમ–મધ્યમ કનિષ્ઠ કક્ષા ભકિત, વૈરાગ્ય તથા દ્વિવિધ જ્ઞાન (અનુભવ પર્યવસાયી અર્થ જ્ઞાન તથા અનુભવ વિહીન કેવલ શાબ્દિક જ્ઞાન) ની ચારેય કસોટી પર સાચા કરનાર (ખરા ઉતરનાર) ને ઉત્તમ, અનુભવ પર્યવસાયી અર્થ જ્ઞાન તથા ભકિત રહેવા છતાં પણ વૈરાગ્ય રહિત હોવાથી મધ્યમ તથા વૈરાગ્ય રહિત કેવલ શાબ્દિક જ્ઞાન તથા ભકિતવાળા અધિકારીની કનિષ્ઠ કક્ષા માનવામાં આવી છે. (ક્રમશઃ)

આચાર્યશ્રી મહાપ્રભુજી

પ્રવક્તા – શ્રીયુત મગ્નલાલ શાસ્ત્રી એમ. એ.

આચાર્યશ્રી કે જેમને આપણે શ્રી મહાપ્રભુજીના નામથી ઓળખીએ છીએ, તેમને આપણે વૈષ્ણવો કેવળ સુંદર મનુષ્ય આકારવાળા આચાર્ય તરીકે સ્વીકારતા નથી, પણ શ્રીકૃષ્ણ તરીકે જ માનીએ છીએ. તેઓશ્રી પોતે અગ્નિ છે એ વાત તો પોતે લખેલા અનેક ગ્રંથોમાં પ્રદર્શિત કરી છે. પોતાના તત્ત્વદીપ નિબંધમાં જ્યાં તેઓશ્રી આજ્ઞા કરે છે કે, ભાગવત વિના ઉદ્ધાર નથી, ત્યાં પોતે અગ્નિ સ્વરૂપ થઇ શ્રી ભાગવતનો અર્થ સ્ફુટ કર્યો છે એવું જણાવે છે.

શાલિવાહનના પંદરમાં શકમાં વેદ, સૂત્ર અને ગીતાજીની ઘણી જ અવ્યવસ્થા થઇ ગઇ હતી. તેથી આપશ્રીએ જાણ્યું કે ભાગવતનો હવે ચોથા પ્રસ્થાન તરીકે સ્વીકારવું જોઇએ અને તેથી તે ઉપર ગૂઢ તત્ત્વનો પ્રકાશ કરનારી "શ્રી સુબોધિની" નામની ટીકા લખી. ભાગવતને આપશ્રીએ ચોથા પ્રસ્થાન તરીકે સ્વીકાર્યું એ ગ્રંથનું માહાત્મ્ય ભારતખંડમાં આજે પણ પ્રસિદ્ધ છે, અને દેશમાં આપણે જોઇશુ તો વેદનું પારાયણ કરનારા થોડા હશે, પણ શ્રી ભાગવતનો પાઠ કરનારની સંખ્યા અને તેનું શ્રવણ કરનાર વૈષ્ણવોની સંખ્યા બહુ મોટી છે, આ તો ગ્રંથનો આકાર કેટલો છે તે દેખાડી આપે છે.

આચાર્યશ્રીનું સ્વરૂપ :– "શ્રી સુબોધિની"ના આરંભમાં પોતે જણાવે છે કે, વૈશ્વાનર વાકપતિ વિના શ્રી ભાગવતનો અર્થ આ નિરાનંદ જગતમાં નિરૂપણ કરી શકે એવો કોઇ પણ પુરૂષ નથી. તેથી લક્ષ્મીપતિએ વ્યાસની પેઠે મને આજ્ઞા આપીને અત્રે મોકલ્યો અને તે પ્રભુ કૃપાવલોકન કરવામાં ચતુર હોવાથી હુ તેમની કૃપાએ શ્રી ભાગવતનો એવો તો ગૂઢ અર્થ પ્રસન્નતાથી બહુ પ્રકારે પ્રકટ કરીશ કે તે અર્થ વ્યાસરૂપ વિષ્ણુને પ્રિય થયા વિના રહેશે નહિ.

આજ પ્રમાણે બ્રહ્મસૂત્રના બીજા અવિરોધાધ્યાયમાં બીજા તર્કપાદના સૂત્રના ભાષ્યમાં આપે કહ્યું છે કે મેં અગ્નિએ સદુદ્ધારને માટે બ્રહ્મસૂત્રના આ અર્થ કહ્યા, તેથી સર્વ મોહનો નિરાશ થઇ ગયો માનવો. તે જ પ્રમાણે પુરૂષોત્તમ સહસ્ર ગ્રંથમાં પ્રારંભમાં "ઋષિરગ્નિર્નિરૂપિતઃ" આ શ્લોકમાં પણ શ્રી મુખેથી જ પોતાનું અગ્નિત્વ પ્રગટ કર્યું છે, અગ્નિરૂપ શ્રી મદાચાર્યના પ્રાકટયનું પ્રયોજન શ્રી ગોપાળદાસજીએ વલ્લભાખ્યાનમાં ગ યું છે કે 'અસુર તિમિરઉચ્છેદવા, ભુવિ વલ્લભદેવ મયંક, પૂરણ પુરુષ પ્રમાણ પંથા વ્યાખ્યાતા વેદાંત, શ્રી કૃષ્ણ પૂરણ બ્રહ્મ સ્થાપ્યા પોતાને સિદ્ધાંત એક બ્રહ્માંડે જેનો જશ ન માયો તેના હુઆ કોટિ અનંત; તોય ત્યાં થકી વાધીયો જઇ વસ્યો મુખ ધીમંત."

હું અંતઃકરણપૂર્વક સ્વીકારું છું કે સંપ્રદાયના સંસ્કૃત ગ્રંથોનું જ અનુકરણ ભાષા ગ્રંથો છે, તેથી સંસ્કૃત જાણનારા પંડિતો અને પ્રાકૃત ભાષા જાણનારા વૈષ્ણવોનો સમન્વય થાય એમ હુ અંતઃકરણપુર્વક ઇચ્છું છું.

સ્વરૂપ ભાવના – શ્રી મહાપ્રભુજીનું સૂક્ષ્મ અને પ્રાચીનતાથી જીવન ઉકત શ્રી ગોપાળદાસે બીજા આખ્યાનમાં સુંદર રીતે ગાયું છે. શ્રી મત્પ્રભુચરણ શ્રી વિઠ્ઠલેશે પણ શ્રી વલ્લભાચાર્યજીના સ્વરૂપનું શુદ્ધ નિરૂપણ શ્રી વલ્લભાષ્ટકમાં કર્યું છે જેના ઉપર શ્રી ગોકુલેશે ટીકા કરી છે અને જેની વૃત્તિ દશદિગન્ત વિજયી શ્રી પુરૂષોત્તમજીએ કરી છે.

શ્રી વલ્લભાષ્ટકનો પ્રથમ શ્લોક જે મેં મંગલાચરણમાં ગાયો છે, તેમાં પ્રતિજ્ઞા કરેલી જણાય છે. જેમ શ્રીકૃષ્ણાવતારમાં મૂળ સ્વરૂપે અને અવતારે પણ પ્રાકટય છે, તેમ શ્રી વલ્લભાચાર્ય સ્વરૂપમાં પણ અવતારે અને મૂળરૂપે પણ ગુપ્ત પ્રાકટયનું નિરૂપણ કર્યું છે.

શ્રી મહાપ્રભુજીનું મૂળ સ્વરૂપ અભેદ છે, કારણ કે આચાર્યશ્રીના ધર્મો મૂળ સ્વરૂપ પ્રમાણે જ બાહ્યાભ્યાંતર ભેદે નિરૂપણ કર્યાં છે. શ્રી કૃષ્ણને પોતાના અનુભવ પ્રકટ કરવાની ઇચ્છા થવાથી ભૂતળ પર પ્રકટ થવાની આજ્ઞા કેવળ શ્રી મહાપ્રભુજીને કરી, કોઇ બીજાને ન કરી, કારણ કે બીજામાં અનુભવ પ્રકટ કરવાનું સામર્થ્ય નથી. "શ્રી હુતાશ" આ પદમાં શરણનું કાર્ય હુતાશ એટલે અગ્નિ જણાવીને અવતાર રૂપે પણ નિશ્ચિત કરવું, શ્રી મહાપ્રભુજીનો પ્રાદુર્ભાવ ભગવાને આવશ્યક કાર્ય કરવાને માટે કરેલો છે, કારણ કે શ્રુતિ વગેરેના પ્રાદુર્ભાવ પ્રમાણે શ્રી મહાપ્રભુજીના પ્રાદુર્ભાવ માટે ભગવાને આજ્ઞા કરેલી છે. કારણ કે તમામના આવિર્ભાવની પેઠે તેઓશ્રીમાં પણ ભૂતનાથે પ્રકટ કરેલા માર્ગના અંધકારનું નિવારકપણું છે. શ્રી મહાપ્રભુજી જ પ્રભુની ઇચ્છા પ્રમાણે અનુભાવને પ્રગટ કરવાને શકિતમાન છે. કારણ કે તેઓશ્રી ભગવાનની આજ્ઞારૂપ શકિતનો ભાવ જાણવાને શ્રી વ્યાસજીની પેઠે સમર્થ છે.

શ્રી મહાપ્રભુજી અતિશય દયાળુ છે, કારણ કે પ્રભુની પેઠે આ પ્રકારનો માર્ગ પ્રકટ કરવામાં કારણરૂપ છે. શ્રીમદાચાર્ય શ્રી ભગવાનના મુખમાંથી પ્રકટેલું અગ્નિ સ્વરૂપ છે. કારણ

કે આર્તિવાળા ભકતના તાપની નિવૃત્તિને અને મહાદુઃખરૂપ આસુર તાપને એકી વખતે દુર કરે એવાં વચન સુધાની આપશ્રી વૃષ્ટિ કરે છે.

શ્રી મહાપ્રભુજી કેવળ આનંદસ્વરૂપ અગ્નિરૂપ છે, કારણ કે આનંદસ્વરૂપ કૃષ્ણસેવા રસના સમુદ્રનો પ્રાદુર્ભાવ તેઓશ્રીમાંથી થયો છે. આ વગેરે ન્યાયશાસ્ત્રની રીતે શ્રી મહાપ્રભુજીનું ભગવન્ મુખારવિંદપણુ અને કેવળ આનંદપણુ શ્રી પુરૂષોત્તમજીએ નિરૂપણુ કર્યું છે.

શ્રી મહાપ્રભુજીનું જીવન ચરિત્ર : શ્રી વલ્લભાચાર્યજીના સ્વરૂપનું નિરૂપણ કર્યા પછી તેમનું જીવન ચરિત્ર સંક્ષેપમાં વર્ણવીને શ્રી મહાપ્રભુજીની સાત પેઢી સુધીની શુદ્ધિ સ્પષ્ટ કરતા કહ્યું કે આપશ્રીની માતૃભૂમિ કાંકરવાઢ નામનું ગામ છે, તેનો અર્થ કરતાં મઠાધિપતિ શ્રી કલ્યાણભટ્ટજી 'ક" એટલે સુખ અને 'આકર' એટલે ખાણુ. એટલે સુખની ખાણુ. તે કાંકર એવું જણાવે છે. કાંકરવાડ ગામમાં ગોવિંદાચાર્યના પુત્ર વલ્લભ દિક્ષિતના પુત્ર યજ્ઞનારાયણાચાર્યના પુત્ર ગંગાધરભટ્ટજી થયા. ગંગાધર ભટ્ટના ગણપતિભટ અને ગણપતિ ભટના વલ્લભ ભટ થયા. વલ્લભ ભટના લક્ષ્મણ ભટ થયા. જેમનું લગ્ન એલ્લમાગારૂ સાથે થયું હતું. આ લક્ષ્મણ ભટજી વિષે જે કાંઇ કુથલી હાલ થાય છે તે કેવળ નિર્મુળ છે. શ્રી મહાપ્રભુજીના સાંપ્રદાયિક ચારિત્ર્ય ગ્રંથોમાં એવો કંઈ પણ ઉલ્લેખ નથી, એટલું જ નહી પણ અન્ય સંપ્રદાયના લેખકો કે જેમણે કવચિંત સંપ્રદાયના દોષનું પણ દર્શન કરાવ્યું છે તેવા તટસ્થ લેખકો જેવા કે સર ભાંડાર કર, પ્રો. મૈકસમુલર, પ્રો. વિલ્સન, પ્રો. બર્થ, પ્રો. હોકીન્સ એ વગેરેએ પણ તેઓનાં પુસ્તકોમાં આવો કોઇ પણ ઇશારો કરેલો જણાતો નથી. આ કુથલીનું કંઇક સ્વરૂપ લાઇબલ કેસમાં અને તેને અનુસરીને લખાએલા પ્રતિ પક્ષી ગ્રંથોમાં માલુમ પડે છે.

લક્ષ્મણભટજીએ પ્રથમ સંન્યાસી થઇને પછીથી ગૃહસ્થાશ્રમનો અંગિકાર તેમણે કર્યો હતો એ કહેવા માટે કંઈ જ મૂળ નથી. (૧) કારણ (૨) કાર્ય (૩) સ્વરૂપ (૪) ફલ એમ ચાર સાધનોથી શુદ્ધિનો નિર્ણય થઇ શકે છે. શ્રી લક્ષ્મણ ભટજીના પૂર્વના પૂર્વજો સોમયજ્ઞ કરનાર હોવાથી અત્યંત વિશુદ્ધ હતા. તેથી તેમનું કાર્ય જે લક્ષ્મણ ભટજી તે પણ આરૂઢ પતિત નહોતા, તદ્દન શુદ્ધ જ હતા. 'શેષાખ્યં ધામ મામકં' આ વગેરે વાકયોના પ્રમાણથી ભગવાનનો પ્રાદુર્ભાવ થવામાં શેષ નામના ધામની અપેક્ષા રહે છે. પ્રથમ શેષ સ્વરૂપ પ્રકટ થાય છે અને તે અધિષ્ઠાન પ્રકટ થયા પછી તેના અલંકારરૂપ ભગવાનનો પ્રાદુર્ભાવ થાય છે. મતલબ કે શ્રી મહાપ્રભુનો પ્રાદુર્ભાવ જે શ્રી લક્ષ્મણ ભટજીમાં થયો તે શ્રી લક્ષ્મણ ભટજી શેષ હોવાથી શુદ્ધ છે. અહીં શેષપદે અક્ષરબ્રહ્મ પણ સમજી લેવું. આથી ભગવદીયોએ આ લક્ષ્મણ ભટને પરમબ્રહ્મધામ એમ સ્વરૂપમાં વર્ણવ્યા છે. શ્રી લક્ષ્મણ ભટજીને શ્રી વલ્લભાચાર્યજી રૂપ ફળ પ્રાપ્ત થવાથી પણ તેમની શુદ્ધિ સ્પષ્ટ થઇ શકે છે. વસ્તુતઃ તો જેવી રીતે શ્રીકૃષ્ણનું માતા–પિતાના લૌકિક સંબંધથી જન્મ નથી, પણ તેમનામાંનો માયાંશ નિવારણ

કરીને પુત્ર રૂપ શ્રીકૃષ્ણ પ્રકટ થયા છે તે જ રીતે અહીં પણ શ્રી મહાપ્રભુજીનું પ્રાકટય લૌકિક નથી, પણ પ્રભુના પ્રાદુર્ભાવ પ્રમાણે અલૌકિક છે.

પ્રતિપક્ષીની શ્રદ્ધાને માન આપીને થોડીવાર પ્રમાણે એમ કબુલી લઇએ કે લક્ષ્મણ ભટજીમાં પૂર્વોકત દોષ હતો, તો પણ તે દોષ વાલ્મિકી વ્યાસવત્ નહિ જેવો છે, કારણ કે, તત્વચિંતકો ભૌતિક વિચાર કરતા નથી, પણ આધ્યાત્મિક વિચાર કરે છે અને શ્રી લક્ષ્મણ ભટજીને વિષે પણ તેવો આધ્યાત્મ વિચાર કરાય તો તેમની શુદ્ધિ સ્પષ્ટ અનુભવાય. શ્રી લક્ષ્મણ ભટજી દુષિત હતા, એમ આક્ષેપ કરનારે એ પણ વિચારવું જોઇએ કે વિદ્યાનગરમાંના બુકકરાયના રાજપુરોહિત વંશ્ય પોતાની કન્યા એવાને કેમ જ આપે ? આ ઉપરાંત કલ્યાણભટ્ટજીના પ્રથમ કલ્લોલના ત્રીજા તરંગમાં શ્રી લક્ષ્મણભટજીનુ સંપુર્ણ ચરિત્ર આલેખાયુ છે, જેનુ મનન કરવાથી શ્રી મહાપ્રભુજીના પિતા તદન શુધ્ધ હતા, એમ કોઇપણ નિષ્પક્ષપાતી વાચકને તેની ખાત્રી થયા વગર રહેશે નહિ. તેથી હું આપ સર્વેને સવિનય પ્રાર્થના કરૂં છું કે એવી નીચ કુથલીમાં નકામો વખત ન ગુમાવતાં શ્રી મહાપ્રભુજીનું શુદ્ધ સ્વરૂપ હૃદયમાં ધારણ કરી તેમની કૃપાએ સાંપ્રદાયિક ગ્રંથોનું શ્રવણ મનન કરશો. જો તેમ નહિ કરતાં એવી નીચ કુથલીઓમાં મંડયા રહેશો તો પ્રતિપક્ષીના આચાર્યમાં પણ તેવા દોષોનુ આરોપણ વૈષ્ણવોને અનન્ય ગતિએ કરવું જ પડશે.

વિજયનગરમાં વાદ – શ્રીમદવલ્લભાચાર્યજીએ સવંત ૧૫૩૫ ચૈત્ર વદી ૧૧ના રોજ ચંપારણ્યમાં પ્રગટ થઇને કાશીમાં યજ્ઞોપવીત પ્રાપ્ત કરીને બાલ્યાવસ્થામાંજ દિગ્વિજયનો પ્રારંભ રાજાઓની પેઠે કર્યો. પુર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉતર એમ ચારે દિશામાં એમ ત્રણ વાર કેવળ ધોતી ઉપરણો ધારણ કરીને અને ચરણારવિંદે ચાલીને જ પરિક્રમાઓ કરી.

મારે અહીં એ જ વાત સ્ફુટ કરવાની તે. નામ અને રૂપને મિથ્યા નહિ માનનારા આ શ્રીમદવલ્લભાચાર્યજીએ ભગવદરૂપ શ્રીનાથજીનો અને ભગવન્નામ, ભાષ્ય. નિબંધ, સુબોધિનીજી વગેરે ગ્રંથોનો પ્રાદુર્ભાવ કર્યો વિક્રમની સોળમી સદીમાં કૃષ્ણદેવ રાજાના વિદ્યાનગરમાં જ્યાં સર્વ વૈષ્ણવો પરાજિત થયેલા હોવાથી સ્માર્ત આચાર્યને તિલક કરવાની તૈયરીમાં હતા. એટલામાં આ બાલ સરસ્વતીરૂપ શ્રી મહાપ્રભુજીએ ત્યાં પધારીને અઢાર દિવસ સુધી એવું તો પ્રચંડવાદ યુદ્ધ કર્યું કે સ્માર્તોનો પરાજય થયો અને વૈષ્ણવ સિધ્ધાંતોનો જય થઇ બ્રહ્મવાદીઓને આનંદ વ્યાપ્યો. તે વખતના ઉદાત્ત સભ્યોએ કેવળ વિજયતિલક કરીને સંતોષ નહિ માનતા કૃષ્ણદેવ રાજાને આદેશ કર્યો કે શ્રીવલ્લભાચાર્યજીનો કનકાભિષક કરવો. સો મણ સોનાએ અભિષિકત આ શ્રીવલ્લભાચાર્યજીએ સ્નાનજળની પેઠે આ કનકને અગ્રાહય ગણીને બ્રાહ્મણોમાં તે સુવર્ણ વહેંચી આપ્યું. આથી ખૂબ સંતોષ પામેલા કૃષ્ણદેવ રાજાને ફરીને

સોનાની મહોરોની થાળ ભરીને ભેટ કરી, તેમાંથી કેવળ સાત જ મહોર અંગીકાર કરીને તેનો પણ ઉપયોગ ભગવત્સેવામાં જ કર્યો.

અદ્વૈત અને ભક્તિનો સમન્વય – અદ્વૈત અને ભકિતનો સમન્વય જો કોઇ આચાર્ય કરી શક્યા હોય તો તેવા એકજ અદ્વિતીય આચાર્ય શ્રીવલ્લભાચાર્યજી છે. તેનો એક અધિકરણ સંગ્રહ કરનાર ભટ્ટ નિર્ભયરામ શાસ્રીએ નિર્ભયતાથી ઉલ્લેખ કર્યો છે. અદ્વેત જ્ઞાનની કે ગુણાતીત ભકિતની પરસ્પર અથડામણ કે વિરોધ ન કરતાં બંનેનો સુંદર સમન્વય આ શ્રી મહાચાર્યજીએ કર્યો છે. તેથી કર્મમાં નિષ્કામતા, જ્ઞાનમાં નિર્ગુણતા અને ભકિતમાં પુષ્ટિ વા અનુગ્રહ એઓશ્રીજીએ સ્વીકાર્યો છે. એટલું જ નહિ પણ જેમનાથી આ ભક્તિયોગ પણ સિદ્ધ ન થઇ શકે તેવા જીવોને અર્થે મહાકૃપા કરીને આશ્રય માર્ગ કે પ્રવૃતિ માર્ગ પણ ઉપદેશ્યો છે તે કોઇ સમયે વિશ્વધર્મ થયા વિના રહેશે નહિ. શ્રી મહાપ્રભુજીએ સંવત ૧૫૮૭માં પુષ્ટિમાર્ગીય સન્યાસ લઇને આસુરવ્યામોહ લીલા કરી.

[વૈષ્ણવ ધર્મ પતાકાના સં. ૧૯૮૧ વૈશાખ-જયેષ્ઠ અંક-૭માંથી સાભાર.]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ-રાજકોટના સૌજન્યથી.

॥ શ્રી વલ્લભઃ ॥

ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજી મહારાજ

લેખક : **શ્રી વીણુબેન શેઠ**

ભારતીય સંગીત પરંપરામાં ધર્મ જ સંગીતના પ્રાણ તથા સંગીત જ ધર્મની વાણી માની ગઇ છે. પુષ્ટિ સંપ્રદાયની સેવા પ્રણાલિકા આયુર્વેદ અને ગાંધર્વવેદને લક્ષમાં રાખીને સર્જીત થઇ છે. અહીં સંગીત, સામગ્રી અને શૃંગાર મુખ્ય છે. શ્રી મહાપ્રભુજીના સમયથી કીર્તનની પ્રણાલિકા આરંભાઇ છે અને શ્રી વિઠ્ઠલનાથજીએ અષ્ટ છાપની સ્થાપના દ્વારા વ્યવસ્થિત રૂપ આપ્યું છે.

આપણી આ કીર્તન પ્રણાલિકામાં અનેક આચાર્યશ્રીઓનો ફાળો પણ નોંધપાત્ર રહ્યો છે. આજે આપણે પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રીનો (પ્રા. સં. ૧૯૫૭ ચૈ વ. ૧) ભારતીય સંગીત ક્ષેત્રે ફાળો જોઇશું.

ઇ. સ. ૧૯૦૦ની સાલ. સૌરાષ્ટ્રનું પોરબંદર શહેર ભારતના ખ્યાતનામ સંગીતજ્ઞ પુ. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજ હારમોનિયમ વાદનના અચ્છા કલાકાર ગો. પુ. શ્રી દ્વારકેશલાલજીના પિતાશ્રી થાય. આમ પિતા તરફથી સંગીતનો મહામૂલો વારસો પ્રાપ્ત થયો હતો. એટલું જ નહીં પિતામહ પુ. પા. ગો. રમણલાલ મહારાજશ્રીની ભગવદ્‌ભાવના, પિતાજીની સંગીતપ્રિયતા, શ્રી શોભામાજી અને કાકા શ્રી કનૈયાલાલજીનું કવિતા માધુર્ય, દાદાભાઇ શ્રી દામોદર લાલજીનું મૃદંગ વાદન- આ સૌ તેમના જીવનના પ્રેરણાસ્રોતો હતા.

તેર વર્ષની વયે હાર્મોનિયમ વાદનમાં સિદ્ધિ પ્રાપ્ત કરી હતી અને કલકત્તાના નામી હાર્મોનિયમવાદક શ્યામબાબુ તેમની સિદ્ધિ જોઇ મંત્રમુગ્ધ થયા હતા. શ્રુતિ રહિત સૂક્ષ્મદર્શન કરાવવું એ એમની વાદનકલાની એક વિશિષ્ટતા હતી. પેટીના સ્વરો ઉપર કાંઇ અજબ કલાથી નર્તતીએમની અંગુલીઓ જેમણે નિહાળી હશે અને સ્વરામૃતનું પાન કર્યું હશે તેઓ કદાપિ એ મહાન સંગીત સ્વામીને વીસરી શકશે નહીં. હારમોનીયમ ઉપરાંત બીન, તબલા અને મૃદંગવાદનમાં પણ એમણે કૌશલ પ્રાપ્ત કર્યું હતું. એમના વડીલબંધુએ મૃદંગવાદનમાં કુશળતા પ્રાપ્ત કરી હતી. સાહિત્ય, સંગીત અને કળાનો અદ્‌ભુત સંગમ આપશ્રીમાં રચાયો હતો.

ઉત્સવના એ અજબ રસીયા, ઉત્સવની ઉજવણી પાછળ એમની શ્રદ્ધાનાં, ભકિતના, કલાના રસ દર્શન થતા હતા. અનેક ઉત્સવ પ્રસંગોએ રાગે વધાઇ-કીર્તનો ગવાતા ને તે સમયે વિલંબીત લયમાં સારંગ, ધનાશ્રી, બિલાવલ, અડાનો વગેરે રાગમાં હારમોનિયમ સાથે ગાઇને વાતાવરણને ભકિતના રંગે ભરી દેતા. પ્રભુ પ્રેમની જાણે સરિતા વહેતી થઇ જતી.

એમને આંગણે આવનાર કલાકાર–સંગીતકાર એમના આતિથ્યભાવથી ભીંજાઇ જતો. ભારતના અનેક નામી–અનામી કલાકારોના પરિચયમાં આવ્યા હતા. એમની સંગીતકલાના અનેક વેળા, અનેક સ્થળે બહુમાન પણ થયા હતા. કલકત્તામાં અખિલ ભારતીય સંગીત પરિષદે, અમદાવાદમાં ગાંધર્વ મહાવિદ્યાલયે, તેમજ સંગીત સમેલને, મથુરાની વ્રજકલા પરિષદે, પોરબંદરની ભાવસિંહજી હાઇસ્કુલે તથા અન્ય સંસ્થાઓએ એમને સન્માનપત્રોથી નવાજયા હતા.

ગુજરાતી ઉપરાત હિન્દી અને વ્રજભાષાઓ પર પણ એમનું અપુર્વ પ્રભુત્વ હતું. ઉર્દુ મિશ્રિત લખનવી બોલીની નજાકત શ્રોતાઓને મુગ્ધ કરતી વ્રજભાષામાં એમણે લખેલાં કીર્તનો પ્રાસાદિક છે. કાવ્યતત્વવાળા છે, ચિંતનસભર છે.

એમણે સિંધ, કરાંચી, મુંબઇ, કલકત્તા, દિલ્હી તેમજ ગુજરાત, પંજાબ અને મધ્યપ્રદેશના વિવિધ નગરોનો પ્રવાસ કર્યો હતો. અને કથક ઘરાનાના બિંદાદીન કાલ્કાદીન, સંગીત સમ્રાટ ફૈયાઝખાં, મૃદંગાચાર્ય કુદઉસિંહ, સિતારનવાઝ ઇનાયતખાં, તે પં. ઉપરાંત ઓમકારનાથ ઠાકુર, પં. રવિશંકર, પદ્મશ્રી કૃષ્ણરાવશંકર પંડિત, ઉસ્તાદ ગુલામ રસુલખાં, પં. મણીરામ, જશરાજ, યશવંતરાવ, આનંદબિહારી તૈલંગ, વાસુદેવ કર્ણાટકી વગેરે ભારતના વિખ્યાત સંગીત સ્વામીઓ સાથે નિકટનો પરિચય હતો.

શૈશવકાળથી જ અધ્યયનશીલ પ્રકૃતિ રહી હતી ગીત અને સંગીત તો તેમના પ્રાણ હતા. તેઓ તત્વજ્ઞાની અને દર્શશાસ્ત્રી હતા, ઇતિહાસપ્રેમી અને વિદ્યાવ્યાસંગી હતા. કીર્તનો, કાવ્યો ઉપરાંત અનેક લેખો પણ લખ્યા હતા. સાહિત્ય, સંગીત અને કલા દ્વારા થતી પ્રભુભકિતમાં જીવનનો સાચો આનંદ માણ્યો હતો. એમની વાણીમાં શ્રદ્ધા, ભકિત અને માનવતાનો સંદેશો વહેતો હતો. આવા ધર્મપરાયણ અને સેવાપરાયણ ગોસ્વામી શ્રી દ્વારકેશલાલજીએ તા. ૯–૯–૬૩ના રોજ નિત્યલીલા પ્રવેશ કર્યો ત્યારે અનેક ભકતોની આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી હતી.

એમના બંને પુત્રો નિ. લી. ગો. શ્રી માધવરાયજી તથા પુ. ગો. શ્રી રસિકરાયજી પણ પિતાનો સાહિત્યપ્રેમ, સંગીતપ્રેમ ને કલાપ્રેમ જાળવી રહ્યા છે અને સંગીતદ્વારા પ્રભુભકિતની સરવાણી વહેવડાવી રહ્યા છે.

॥ શ્રીવલ્લભ ॥

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

રૂપ, ગુણ, દ્રવ્ય, ત્રણ એ કારણ પ્રિત થવાનાં કહાવે;
એ ત્રણ વિકાર રહિત સહજ 'સ્નેહ' તે કૃષ્ણને ભાવે.
ભાવે, એ પ્રેમે વ્હાલો વશ થાય, તેને મૂકી ક્ષણું દૂર ન જાય;
તેજને સુખ માન્યું મન એહ, જયમ ત્યમ થાય સુખી પ્રભુ નેહ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૩૫)

વિવેચન :– આ પાંત્રીસમી કડીથી ૩૯ કડી સુધી પ્રેમ, આસકિત, વ્યસનનાં લક્ષણો આવે છે જે પ્રભુ પ્રત્યે જ યોગ્ય છે. લૌકિક પ્રેમ તો સ્વાર્થમય જ હોય છે તે પ્રેમનાં ત્રણ કારણો બતાવ્યા છે (૧) રૂપ (૨) ગુણ (૩) દ્રવ્ય આ ત્રણ કારણોથી લૌકિકમાં પ્રેમ થાય છે. પરંતુ પ્રભુ પ્રત્યે આમાંની શેની જરૂર જ નથી ત્યાં તો સહજપ્રિત ગોપાલહી ભાવે: તે પ્રેમ વિકાર રહિત એટલે પોતાનાં સુખનો વિચાર કર્યા વિનાં કેવળ પ્રભુનું જ સુખ વિચારવું તે સહજ પ્રિત, લૌકિક સ્નેહ તે સંસારમાં બંધન કરાવે છે. સહજ પ્રેમે વ્હાલો વશ થાય તે સાચો પ્રેમ.

સહજ પ્રેમે વ્હાલો વશ થાય. રાગ ગોરી,
પ્રિતમ પ્રિત હીતે પૈયે
યદ્યપિ રૂપ ગુણ શિલ સુઘરતા ઇન બાંતન ન રીઝયે (૧)
સતકુલ જન્મ કરમ શુભ લક્ષણ વેદ પુરાન પઢૈયે
ગોવિંદ પ્રભુ વિના સ્નેહ સુવાલોં રસનાં કહાજુ નચૈયે (૨)

આ કિર્તનમાં ગોવિંદ સ્વામિ એ પ્રિત કેને કહેવાય; કેવી હોય; કેનાથી કરવી તેનાં લક્ષણો બતાવ્યા છે કે પ્રભુને (વશ કરવા) પ્રાપ્ત કરવા પ્રાણપ્રિયને રીઝવવા કેવળ પ્રિતની જરૂર છે "કેવળ પ્રિત" કે સુઘરતા, અગર તો ઉંચ કુળમાં જન્મ, શુભકર્મ, વેદપુરાન ભણવા આ બધા સાધનો ઓછા પડે છે. પ્રિતમને પ્રાપ્ત કરવા કેવળ પ્રિતની જ જરૂર છે. વધારે વર્ણન કરી શું જીભાન નચાવવાની છે? જરૂર જ નથી ટુંકામાં – **અંતરની પ્રિત વિના વ્હાલો રીઝાય નહીં.**

વળી પ્રેમ છે ત્યાં દુરપણું રહેતું નથી દુર હોવા છતાં પાસે જ છે. કયાં ઇશ્વર અને કયાં સંસારી જીવ આ પ્રેમ કેમ સંભવે? ઇશ્વરને જોયા જ નથી. પ્રિત કેમ બંધાય પરંતુ બંધાય છે જરૂર (૧) રૂક્ષ્મણીજીએ કેવળ કૃષ્ણનાં ગુણ સાંભળ્યા હતા તેથી મનથી જ કૃષ્ણને વર્યા હતા જોવાની પણ જરૂર ન માની.

(૨) મોર અને મેઘ પરસ્પર પ્રિત છે. મેઘ આકાશેને મોર જમીન ઉપર રહે છે. આકાશમાં કાળા વાદળો જોઇને મેઘગર્જની ગર્જનાં સાંભળીને મોર ટેહુક ટેહુક કરી આનંદ મગ્ન બની નૃત્ય કરે છે.

(૩) કમળ અને સુર્ય

સૂર્ય ઉંચે આકાશમાં કે જ્યાં કોઇની પહોંચ જ નથી ત્યારે કમળ જમીન ઉપર તળાવમાં (મિલન કોઇ કાળે સંભવ જ નથી) રહે છે તેમને પરસ્પર પ્રિત છે. સુર્ય ઉગતાંજ કમળ ખીલી ઉઠે છે સૂર્ય આથમતા કમલ કોષ બંધ થઇ જાય છે કમલને સુર્યનો સહોદર કીધો છે.

ભકત હદય પ્રભુ બિરાજે તે ભાવથી ભગવદી મિલે

(૪) રવિ ઉદય જયોં કમલ વિકસે ત્યોં પરસ્પર મેં ખિલે

ભગવદ ભકત બીજા ભકતને મળતાં જ તેને દોડીને ભેટે છે તેમાં શું ભાવ છે ? "સદા ભકત હૃદયાવાસ" આ વાકય મુજબ પ્રભુ ભકતના હૃદયમાં બિરાજમાન છે (નજરે જોઇ શકયા નથી) તેમ માનીને ભેટે છે.

સંસારી ભાવે કોઇ ભેટે છે તે ઉપરનાં ભાવે હોય છે અંતઃકરણનાં નહીં ઉપરથી પ્રેમ બતાવે. ઘડીકમાં ભેટે વળી જ્યાં પોતાનું ધાર્યું ન થયું ત્યાં વિરોધ, વેર પણ થાય આ કોઇ ભેટવું નથી ભેટવું તો ભગવત ભકતોનુંજ.

(૫) જળમેં બસે કુમુદનિ ચંદા વસે આકાશ
જે જીનૂકે હદયે બસે તે તો તિનકી પાસ

આ સાખી બતાવે છે કે જેને જેની પ્રત્યે સ્નેહ છે તે ગમે તેટલુ દુર હોય છતાં પાસમાંજ છે. તેવો અનુભવ કરે છે. કમુદનિ જળમાં રહે છે. અને ચંદ્ર તે આકાશે રહે છે એક બીજાનો મેળાપ નથી છતાં ચંદ્રપ્રકાશ જોયાં કે કુમુદની ખીલી ઉઠે છે. કેમકે પરસ્પર પ્રેમ છે સ્નેહી કદાચ દુર રહેતો હોય તેથી શું ? જે જેનાં મનમાં વસે છે તે તો તેની પાસેજ છે.

(૬) ગુજરાતથી એક પટેલ વૈષ્ણવ વિચાર કરીને જ ગોકુલ આવ્યા કે મારે તો સદા હવે શ્રી ગોકુલેશની પાસે જ રહેનું છે ચરણ શરણથી જરા પણ દુર રહેવું જ નથી.

શ્રી ગોકુલેશજીએ તેને દુર દેશાવર મોકલાવી દીધો. પટેલ વૈષ્ણવ તો આજ્ઞા શિરોમાન્ય કરી રવાનાં થયો. ત્યારે એક ગૈષ્ણવે શ્રી ગોકુલેશજીને વિનતિ કરી કે તે સદા પાસમાં રહેવા માટે તો ઘર બાર બધાની માયા છોડી આપની પાસે રહેવા આવ્યો તેને આપે દુર દેશાવર મોકલી દીધો !

ત્યારે શ્રી ગોકુલેશજીએ આજ્ઞા કરી કે તે મારાથી દુર નથી તેમ હું તેનાથી દુર નથી ઉળટો હવે તે વધારે મારી પાસે છે. તેને મેં દુર રાખીને તાપ-કલેશનું દાન દીધું છે તે હવે પળવાર મને ભુલી નહી શકે તેમ હવે હું પણ તેને ભુલવા સમર્થ નથી. સારાંશ-નિકટતા શરીરની જરૂર નથી મનની જોઇએ.

પ્રેમી પ્રભુકો પાતે હે પ્રેમિ કે પ્રભુ પાસ ।
પલભર ઇનસે દુર નહી ભકત હૃદય નિવાસ ॥
પ્રેમી પ્રભુસે ના મિલે મર્મ પ્રેમકા પાય ।
પુરૂષોતમ પ્રેમીવશ અપને આપ બંધાય ॥
પ્રેમ પવિત્ર અતિ ઉજ્જવલ પ્રેમહી પરમાનંદ
પ્રેમ રૂપ રીઝે પ્રભુ જો હે આનંદ કંદ

જ્યાં વિશુદ્ધ સ્નેહ છે ત્યાં સ્વાર્થ હોતો નથી. પ્રભુ પાસે પ્રેમી ભકત કોઇ દિવસ પોતાનું દુઃખ રોતો નથી તેમ દુઃખ દુર કરવાની માગણી કરતો નથી. પ્રેમી ભકત પ્રભુને હૃદયે પધરાવી આનંદમાં તન્મય બની જાય છે. પ્રભુ સત, ચિત્ત, આનંદ, ઘન છે તેને પણ સુખ દેવા વિચારે છે.

(૮) શ્રી ગોકુલેશજી પાસે એક વૈષ્ણવ રહેતા તેમને વારે વારે કામ માટે દોડાવતા. તે વૈષ્ણવ દોડી દોડીને કામ કરતાં એકવાર શ્રી ગોકુલેશજીએ કહ્યું કે તમને ઘણો જ શ્રમ પડે છે. ત્યારે તે વૈષ્ણવ કરે કે જે, જે, શેનો ? ત્યારે આપશ્રી કહ્યું કે હું જોઉં છું આખો દિવસ તમારે દોડવું પડે છે ત્યારે તે વૈષ્ણવે કહ્યું કે જે જે હું તો દોડાવવા જ લાયક છું.

પ્રેમીનો પરસ્પર આવો ભાવ હોય છે. ભકત ચાહે છે કે મારા સ્વામી રાજી રહે તેને માટે શ્રમ છે તે આનંદ છે. સ્વામી પણ પ્રભુ, ભકતનું જ સુખ ચાહે છે. બન્નેમાં મધ્યસ્થી તે પ્રેમ જ છે.

ભકત પોતાનો દેહ ઈંદ્રિય, પ્રાણ, અંતઃકરણ પુર્વક પ્રભુની સેવા કરે છે. તન, મન, ધન, ન્યોછાવર કરી દે છે. તેમાં જ આનંદ માને છે ત્યારે ભગવાન પણ તે ભકતનું સુખ જ ચાહે છે. તે પણ જુએ છે કે મારો ભકત શેમાં રાજી રહે છે. ભગવદ્ ભકત ભગવદ્ ચરણનો લોભીયો હોય છે તેથી તેનાં મનની વૃત્તિ પ્રભુ ત્યાં જ સ્થિર કરે છે. ચરણને શરણ રાખે છે.

મર્યાદામાં કર્મનું ફળ છે કે જેવા કર્મો કર્યા તે કર્મને આધારે તેને સુખદુઃખની પ્રાપ્તિ થાય અને તે ભોગવવાનાં રહે છે. ત્યાં પ્રેમની જરૂર જ નથી.

પ્રેમી ભકત કોઇ પણ સ્થળે ઉભો હોય કોઇ પણ કાર્ય કરતો હોય છતાં મન તો સદા પ્રભુ પાસે જ રાખે છે.

એક વૈષ્ણવ બજારમાં ઉભા હતા ત્યાં હલવાઇની દુકાને જલેબી ગરમા ગરમ ઉતરતી જોય ત્યારે તેને ભાવનાં થઇ કે આ સુંદર જલેબી તો શ્રીનાથજીને લાયક છે. તુરત ગરમા ગરમ જલેબી લઇને હાથમાં રાખી વિનંતી કરી કે હે શ્રીનાથજી આ જલેબી આરોગજો તે વખતે કાંઇ તે મંદીરમાં ધરવા નોતા ગયા. તેઓ ઉભા હતા ત્યાંથી જ વિનંતી કરી હતી. તેનાં ભાવથી શ્રીનાથજી આરોગ્યાં. મતલબ કે પ્રેમી કે પ્રભુ પાસ જ્યાં પ્રેમી ભકત ત્યાં તેની પાસે પ્રભુ છે જ.

“ભક્ત કાતર વરણી ડોલત પાછે પાછે” આ પ્રેમની વ્યાખ્યા છે કે પ્રભુ ભકતની પાછળ ફરે છે નહીં તો કયાં ઇશ્વરને કયાં જીવ.

પ્રેમી ભકત છે તેમ પ્રેમી પ્રભુ છે તે ભકતને રાજી રાખે છે
આવા પ્રભુને જ ભજવા માટે જ દયારામભાઇ કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ –૩૫

॥ શ્રીકૃષ્ણ: શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા :– શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીરપુર

૨૩ બિહારવન–(બિહાર કુંડની લીલા

રાગ–ધનાશ્રી/સારંગ
(સોવન ફુલે ફુલી, યશોદા રાની)

સખીરી, બિહાર કરન સબ આઇ,
કદમ કદમ પર, કદમ તરુવર, રાસ રસિક રચાઇ. ૧
ડાર ડાર પર, શ્યામ બિરાજત, કુંજ નિકુંજ સોહાઇ.
બુંલાવત ગોપી, કુંજન ન્યારી, રસિક પ્રીતમકો પાઇ. ૨
લલિતા સખીરી, જલ કીડનકી, આશ કરત લલચાઇ;
મનમોહનજી, બિહાર કરનકો, બિહાર–કુંડ બનાઇ. ૩
સબ ગોપી ગૈયા, મિલિ અરુ નાચત, આનંદ રસ બરખાઇ,

(બિહાર કુંડ શેરગઢથી દાઉજીનાં રામઘાટે દર્શન કરી બિહારી વન શ્રી બિહારી કુંડ દર્શન કરવાં, અહીં કુંજ–નિકુંજો સુંદર વિકસેલી, ખીલેલી જણાય છે. કદમનાં પુષ્કળ ઝાડ છે ઝાડો સુંદર અને વિશાળ છે. વચ્ચે રાસનો ચોતરો અનેરો છે. બિહાર કુંડમાં જળ વિહાર ઠાકોરજીએ કર્યો છે. હાલ પણ જળવિહાર માટેનું અનુપમ સ્થળ બનાવેલું દેખાય છે અહીં ગૌશાળા પણ ચાલે છે. ગૌશાળામાં નંદબાવાના સમયની ગૈયાના વંશની ગાય હાલ જીવિત છે અને અત્રે તેનો ઉછેર થાય છે.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

પદ-૩૭

પ્રભુત પાલિવો બાંટ પર્યો હૈ.
શ્રી યમુના સુનિ સુયશ તિહારો યમકો લોક ડર્યો હૈ ૧
અતિ સુન્દર ગોવિન્દચન્દ્ર સમ અચલ સુહાગ ભર્યો હૈ;
સુમિરત માત્ર તતક્ષિણ સંતત ઉન સંતાપ હર્યો હૈ. ૨
બ્રજ આરામ કેલિ તુમસિંચિત કુસુમિત ફલતિ હર્યો હૈ;
'વલ્લભદાસ' આશ કરિતેરી સિકતા શરણ પર્યો હૈ. ૩

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી યમુનાજીની કૃપાનું વર્ણન કરે છે જેમ કોઇ વસ્તુ દુર્લભ હોય, પ્રાપ્ત કરવી અસંભવ હોયને તે તે રસ્તામાં જ પ્રાપ્ત થાય, તેમ અનેક જન્મોનાં કર્મોથી ઓતપ્રોત થયેલો જીવ તેમાંથી નીકળવાનો માર્ગ શોધતો હોય, ત્યાં સહજમાં પ્રાપ્ત થાય તો શું બાકી રહે? તેમ આપનાં શરણમાં આવેલા જીવો ગમે તેવા કર્મો કરેલા હોવા છતાં તે નિર્ભયતા પ્રાપ્ત કરે છે. કેમ કે સંચિત કર્મો તો વારંવાર જન્મ મરણના ચક્કરમાં જ નાખે છે, તેમાં લાભ હાની થયા કરે, પરંતુ ખાતુ બરોબર થવું મુશ્કેલ હોય છે. તે મહાન કાર્ય આપનો શરણાગત જીવ સહજમાં કરી શકે છે. આવું આપનુ પરાક્રમ (ઐશ્વર્ય) જોઇને પણ યમલોકમાં ડર પેસી ગયો. યમરાજા વિચારમાં પડી ગયા કે હવે અમારું કામ કઠણ થઈ પડયું છે. અમે તો અપરાધીને દંડ દેવાનું કામ કરીએ છીએ. જ્યાં જઇએ ત્યાં અમારે પાછું આવવું પડે છે, કેમ કે મહારાણીમાનું કૃપા બળ જ એવું છે.

શ્યામસુંદર કમલદલ લોચન આવું ગોવિંદ પ્રભુનું અદ્ભુત રૂપ છે. તેનું વર્ણન કરવા કોણ સમર્થ છે? આવા પ્રભુના મુખરૂપી ચંદ્રની છટારૂપ આપ શ્રી યમુનાજી છો. પ્રભુ ચંદ્ર છે તો આપ એમની કિરણો છો. ચંદ્ર આકાશમાં રહે છે તેને સ્પર્શવો કઠણ છે, પરંતુ કિરણો તો તાપ અને અંધકાર દૂર કરી પૂરી પૃથ્વીને સ્પર્શે છે.

શ્યામસુંદરની કૃપારૂપી પ્રકાશ તે તો આપની તરફથી સહજમાં પ્રાપ્ત થાય છે. આવું અઢળક ઐશ્વર્ય આપનું છે. જેણે આપનું શરણ ગ્રહણ કર્યું છે તેને માટે સર્વ વસ્તુ સહજ બની જાય છે કેમ કે આપ સ્વયં કૃપા કરો છો.

વ્રજમાં પુરુષોત્તમની "અનંત લીલા પારાવારો" મુજબ પ્રતિક્ષણ નવી લીલા થાય છે તેમાં યુગલ સ્વરૂપને યોગ્ય કુંજ લતા પતા ફળ ફૂલ હરી હરી વ્રજભૂમિ વિગેરે વૃક્ષોએ આપનું અમૃત જળનું પાન કર્યું છે તેનાથી પુષ્ટ થઇને પ્રભુનાં પધારવાની રાહ જોઇ કેમ ઉભા હોય તેમ તેઓ ફલફૂલોથી ભરપૂર હોઇ પ્રભુને અંગીકાર થવાની પ્રતિક્ષામાં જ રહે છે. **દાસ વલ્લભ કહે** છે કે હું પણ આપની કૃપાનો પાત્ર બનું.

આ માસના ઉત્સવ

ચૈત્ર સુદ ૧ તા. ૮-૪-૯૭ મંગળવાર સંવત્સરોત્સવ, ગુડી પડવો, શાલિવાહન શક ૧૯૧૯. ઇશ્વર નામ સંવતસર તથા વ્રજ વિ. સં. ૨૦૫૪નો આરંભ. શ્રી પ્રભુને કડવા લીમડાની કુંપળો તથા મિશ્રીના ટુક ભોગ ધરવા. પંચાગ વાંચન, ચંદ્રદર્શન, ચૈત્રી નવરાત્રી પ્રારંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૧૦-૪-૯૭ ગુરુવાર, ગણગૌરી (ગનગોર).

ચૈત્ર સુદ ૪ તા. ૧૧-૪-૯૭ શુક્રવાર શ્રી નટવર પ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ, ગો. શ્રી અજયકુમારજી મહારાજશ્રી (પુના-મદ્રાસ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૧૩-૪-૯૭ રવિવાર શ્રી યમુનાજીનો તથા શ્રી ગુસાંઇજીના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજી (વિ. સં. ૧૬૧૫)નો ઉત્સવ, સતુવા શયમાં અથવા ઉત્થાપન અથવા ભોગ સંધ્યામાં ધરવો, શ્રી યદુનાથજી (કડી-અમદાવાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૧૬-૪-૯૭ બુધવાર ચૈત્રી નવરાત્ર સમાપ્ત, શ્રી રામનવમી વ્રત, ગો. શ્રી અનિરુદ્ધ બાવાશ્રી (કોટા-મુંબઇ-જતીપુરા)નો તથા ગો. શ્રી મહેન્દ્રકુમારજી (મુંબઇ-વીલેપાર્લે)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૧૭-૪-૯૭ ગુરુવાર ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૧૮-૪-૯૭ શુક્રવાર કામદા એકાદશી વ્રત, શ્રી મહાપ્રભુજીના ઉત્સવની વધાઇનો પ્રારંભ.

ચૈત્ર સુદ ૧૨ તા. ૧૯-૪-૯૭ શનિવાર, શ્રી શરદલાલજી (ચાંપાસેની)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૪ તા. ૨૧-૪-૯૭ સોમવાર ગો. શ્રી પુરુષોત્તમજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૫ તા. ૨૨-૪-૯૭ મંગળવાર, ચૈત્રી પૂનમ, વૈશાખ સ્નાનારંભ, ગો. શ્રી રઘુનાથલાલજી (કામવન-ગોકુલ-પાર્લા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૪ તા. ૨૬-૪-૯૭ શનિવાર ગો. શ્રી યોગેશકુમારજી (કાંદીવલી)નો તથા ગો. શ્રી યશોદાનંદનજી (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૨૮-૪-૯૭ સોમવાર ગો. શ્રી લાલમણીજી મહારાજ (કોટા-જતીપુરા-મુંબઇ)નો તથા ગો. શ્રી શિશિરકુમારજી મહારાજ (કાંકરોલી-વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૨૯-૪-૯૭ મંગળવાર, શ્રી વિઠ્ઠલનાથ પ્રભુ (નાથદ્વારા)નો પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૩-૫-૯૭ શનિવાર. વરુથિની એકાદશી વ્રત, શ્રીમદ વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ, શ્રી વલ્લભાબ્દ-૫૨૦ આરંભ, ગો. શ્રી વ્રજપ્રિયજી મહારાજ (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૧૨ તા. ૪-૫-૯૭ રવિવાર, ગો. શ્રી વલ્લભલાલજી (કડી-અમદાવાદ)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

કાવ્ય-કુંજ

લેખિકા : અ. સૌ. ગો. શ્રી કુમુદિની વહુજી, કડી-કાંદીવલી (પશ્ચિમ)

૧. શ્રી સર્વોત્તમ પ્રાગટ્યનું ધોળ

[રાગ : ગિરિ કંદરામાંથી પ્રગટ થયા પ્રભુ આપ ગોવર્ધનનાથ રે....]
એક સમય શ્રી વિઠલનાથને મનમાં થયો વિચાર રે,
શ્રી વલ્લભ નામનો મહાત્મ્ય જીવને કેમ કરી સમજાય,
શ્રી વલ્લભ કૃપા કરો....

મારા મનની પુરો આશ, શ્રી વલ્લભ કૃપા કરો
(૧) દામોદરદાસ હરદાસનીજી આવ્યા નિરખ્યા શ્રી વિઠલનાથને
વિનતી કરી પ્રભુ કેમ કરીને મુખ મંડલ છે ઉદાસ
કહોને મારા પ્રાણ આધાર....

આપ વલ્લભનાં છો કુમાર અમારા છો પ્રાણ આધાર
(૨) શ્રી વિઠલે શ્રી દામોદરદાસને કીધી હૃદયની વાત રે
સાંભળી હરસાનીજી મન મુસકાયા, શ્રી વિઠલને કર્યા પ્રણામ
શ્રી વલ્લભ કૃપા કરો....

(૩) હરસાનીજીએ વિઠલનાથને વિનંતી કરી સમજાય રે
આપના હૃદયમાં શ્રી વલ્લભ બિરાજે, શ્રી વલ્લભનું ધરજો ધ્યાન
શ્રી વલ્લભ કૃપા કરો....

મારા મનની પુરો આશ, શ્રી વલ્લભ કૃપા કરો
(૪) શ્રી વિઠલ નાથે દીન થઇને વિનતી કરી નિજ તાતને
આપના અલૌકિક નામો મારા હૈયે ઉતારો મહારાજ
શ્રી વલ્લભ કૃપા કરો....

મારા મનની પુરો આશ શ્રી લલ્લભ કૃપા કરો
(૫) શ્રી વલ્લભે ત્યારે કૃપા કરીને આપ્યો કૃપાનો પ્રસાદ રે
સર્વે નામો હૃદયે ઉતાર્યા, હરખ્યા શ્રી વિઠલનાથ
શ્રી વલ્લભ કૃપા કરો....

મારા મનની પુરો આશ, શ્રી વલ્લભ કૃપા કરો
(૬) જીવનાં હિતનો શ્રી વિઠ્ઠલનાથે એવો તે કર્યો વિચાર રે
સર્વોત્તમમાં પ્રગટ કર્યા છે શુભ નામ એકસોને આઠ
શ્રી વલ્લભ કૃપા કરો....

મારા મનની પુરો આશ, શ્રી વલ્લભ કૃપા કરો
(૭) સર્વોત્તમ છે સ્તોત્ર અલૌકિક, એનો મહાત્મ્ય અપાર રે
'કુમુદિની' વિનવે મનડું મારું રાખો ચરણની માંય
શ્રી વલ્લભ કૃપા કરો....

મારા મનની પુરો આશ, શ્રી વલ્લભ કૃપા કરો

૨. શ્રી મહાપ્રભુજી કા વિનય

બંદો શ્રી વલ્લભ જૂ કે પાઇનિ;
અતિ કોમલ હુ સોં અતિ સુંદર શ્રી બન ચારત ગાઇનિ. ૧
નખશિખ ભાવ સુધા રસ સાગર વિલસત કેલિ તરંગ,
પુરન બ્રહ્મ સુતંત્ર સનાતન રંગે ભકિત રસ રંગ. ૨
અન હોની હોની કરિ થાપી પુષ્ટિ અલૌકિક રીતિ:
કલિમલ ગ્રસિત દૈવી જીવની કોં બ્રજ વનિતનકી પ્રીતિ. ૩
કો કરુણા કિશોર જિનિકે સમ સેવા ગ્રંથ પ્રકાશિ;
રતિ સંયોગ વિરહ પરમાનંદ દેખિ મુકિત ભઇ દાસિ. ૪
ભકત મનોરથ પુરન કારન કિયો વંશ વિસ્તાર;
ઘર ઘર કથા કીર્તન ઉત્સવ ઘોષ દેશ બ્યોહાર; ૫
પ્રણત પાલ બલિ બલિ પદ રજ પૈ જન 'બલ્લભ' હો રાજ
રાખો દીનબંધુ યા ઔસર શરણ પરૈ કી લાજ ૬

–મહાકવિ **શ્રી બલ્લભદાસ શર્મા, દેવરી**

કવિત

રચયિતા : **ચતુર્વેદી શ્રી ગોવર્ધન મણીશાસ્ત્રી, મથુરા (કવિરત્ન)**

રવિ કી કુમારી જાકે પ્રીતમ મુરારી હે
સો તો ઇન્દિરાદિ નારણ મે સરદારિ નારી હે
જોઇ ઉર ધાર લેહે તાહે નિસ તાર દે હે
ધ્રુવકો સમાર તેસે તો હુ પાર પરે હે
કહે કવિરાય તાહે ગાય ચિનલાય
નિકે તાકી વારી પાપનકી વાર વાર ડારિ હે
જમુના સંભારે તો જમ ના સંભારે
જો જમુના બિસારે તો જમ ના બિસારી હે

ભાવાર્થ : શ્રી યમુનાજી રવિકુમારી છે. એના પ્રિતમ મુરારી છે, લક્ષ્મીજી આદિમાં ઠકુરાણી છે. કવિ કહે છે જો જીવ શ્રી યમુનાજીને હૃદયકમલ ઉપર ધારણ કરે છે. તેનો ઉદ્ધાર શ્રી યમુનાજી નિશ્ચય કરે છે, જેમ ધ્રુવજીને પાર કર્યા. શ્રી યમુનાજીના ગુણગાન ચિત્ત લગાડી કરો. શ્રી યમુનાજી પાપીને નિર્દોષ કરીને પ્રભુને મળવાનો અધિકારી બનાવે છે. જે કોઇ શ્રી યમુનાજીને સંભારે છે તેની સંભાળ શ્રી યમુનાજી રાખે છે. જે શ્રી યમુનાજીને વિસારે છે તેને જમ ભૂલતા નથી.

અનુકરણીય

આ જીવન ગ્રા. નં. ૫૮૭ શ્રી ગોભવભાઇ કાંતીલાલ તાજાવાલા, રાજકોટ દ્વારા લવાજમના દર વધતા રૂા. ૧૦૦/- એકસો સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

એક દિવસે કહ્યું કે એકલી સ્ત્રીઓએ પણ પ્રભુ સાથે રમણ ન થાય ને એકલા પુરુષોએ પણ ન થાય કાત્યાયની વ્રત કરતાં હતાં, તે કુંવારી સ્ત્રી હતાં, તે અને પેલા પુતનાએ સોળ હજાર છોકરા વ્રજમાં માર્યા, તે શ્રી ઠાકોરજીએ ધાવીને પોતે લીધાં તે પુરૂષ ભાવ હતા. હવે સોળ હજાર બાળકોના પુંભાવ તેમાં મુકયા, ત્યારે પુંભાવ થયો, ત્યારે તે પ્રભુની સાથે રમવાની સામગ્રી થઇ પણે સોળ હજાર કુમારિકા હતી, પણે સોળ હજાર બાળકો પુતનાએ માર્યા હતા, તે હતા. તે એક એક બાળકનો પુંભાવ એક એક બાલિકાને દીધો. પુંભાવ વગર પ્રભુને કામમાં ન આવે, માટે સ્ત્રીઓ નહિ ને પુરૂષ પણ નહિ. લીલામાં તો એક પુંભાવ વિના અંગીકાર નથી (વિપ્રયોગથી પ્રભુનાં તદદરૂપ થતાં પુંભાવ પ્રાપ્ત થાય છે તે)

વળી કહ્યું કે ગોવાળીઆ એમની સાથે રમે છે, ત્યારે આ ગોવાળ નીતિમાન છે કોઇ માતા છે, કોઇ આગ્રી છે કોઇ ફોઇ છે કોઇ સ્રી છે ત્યારે પોતે વિચાર્યું કે ચમારી સાથે રમે છે ને હું એમને દહીં દુધ લુંટીશ, ને અનેક ભાતની ચેષ્ટાઓ કરીશ, ત્યારે એગને મારા પર દોષ આવશે, ત્યારે એમનું અનિષ્ટ થશે, માટે વનમાં ગોવાળને ભકિતનો બોધ કર્યો છે.

પોતે કહે છે કે આ ઝાડને ધન્ય છે આ તમો ઝાડ ન જાણશો. આંબા તે આંબા નથી એવી રીતે સર્વના નામ દઇને કહે છે કે, જુઓ આ તો મોટા ભાગ્યશાળી ઉભા છે? જુઓ કેવા પરમાર્થી છે. ટાઢ વેઠે છે, તાપ વેઠે છે, વરસાદ વેઠે છે, વાયુ વેઠે છે ને તળે આવે તેને ઉપરનાં દુઃખોથી બચાવે, ને સુખ આપે, ને વળી ખાવાને ફળ આપે, ઝુંડીઆ મારે વેઠે, ને ઝુંડીઆ મારનારને પણ ફળ આપે, લાકડા ચીરીને લઇ જાય તો તેને પણ ના ન કહે એવા મોટા ભાગવદીય છે.

પ્રભુ ગોવાળને કહે છે કે, તમે બધા ચામડાના ભગવદીયો છો કહો આ દેહ કોની ? આ પંચભુત કેનું છે ?

ત્યારે ગોવાળીઆ એ કહ્યું કે પ્રભુનું છે ત્યારે પ્રભુનું છે. કહે કે તમે શીદ તેના સગાઓ થાઓ છો , એ સઘળી વસ્તુ મારી છે; ને મારી જાણશો ત્યારે તમને જણાશે કે, બ્રાહ્મણ, વૈષ્ણવ; સન્યાસીને સાધુ તથા વેરાગી બધા મારી પ્રજા છે. મારી પ્રજામાં મોટાને નાનો કયો ! એ સર્વે હું છું એ સર્વે વિષે મને જાણજો મારા વિના કોઇ છે નહી ત્યારે તમે કહેશો કે આપણામાં ભગવાન છે, ને આપણે ખાધું, તે તો ખલ જ્ઞાન છે. જેટલી વસ્તુ પરમાર્થ થઇ તે તો પ્રભુને પહોંચી, ને પ્રભુને કામ આવી, તે પ્રભુની સામગ્રી જાણવી પ્રભુની સામગ્રીમાં અણુ પ્રસાદી ચુકથી પણ લઇએ, તો બહિર્હુખ થઇએ, માટે પ્રભુના ભોગમાં વાપરવી.

માનવ–ધર્મ

વૈષ્ણવતા કા ઘર દુર હે, મનુષ્ય ધર્મ ભી હોય;
આપે જો સાંચો ચલે. તો સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય;
બિરલા વિરહી રસિકજન, તેં કોટિન મેં પાય.
–શ્રી વ્યાસદાસજી.

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક :– **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**
ભાષાંતર :– **ડૉ. ચુનીલાલ રવજી, બાલધા, આંખના સર્જન, રાજકોટ.**

–ગતાંકથી ચાલુ

શરીરની આંતરિક શુધ્ધ

જે મુખ્યત્વે આહારની શુદ્ધિથી થઇ જાય છે. પરંતુ આ તરફ તો આજકાલ લોકોનો ઘણો જ ઓછો ખ્યાલ છે દેશમાં ખાસ કરીને મોટા શહેરોમાં એવું દ્રવ્ય ઘણી મુશ્કેલીઓ મળી શકે જે સર્વથા ન્યાયથી કમાયેલું હોય ધન કમાવામાં ન્યાય અન્યાયનો વિચાર લગભગ છોડી દેવામાં આપ્યો છે અસત્ય અને ચોરીનો ગ્યવહાર મોટા મોટા વેપારી સમુદાયમાં જરૂરી સાધન જ માની લેવામાં આવે છે એટલું અધ:પતન થઇ ગયું છે કે લાખો કરોડોની સંપત્તિ હોવા છતાં પણ વેપારમાં પાંચ દશ રૂપિયાની આવક માટે લોકો અન્યાયનો આશરો લઈ લે પાપ પુન્યનો વિચાર કરવાની માનો કે જરૂરત જ નથી રહી.

પ્રાચીન કાળમાં સાધુ લોકો સોનીનું અન્ન મોટે ભાગે ન ખાતા લોકોની એવી ધારણા હતી કે સોનીને ત્યાં સોના ચાંદીની કંઈક ચોરી થયા કરે છે. જો કે બધા સોની એવા નથી હોતા પરંતુ આજ કાલ તો એવી કોઇ જાતિ જ નથી જોવામાં આવતી જે ધન કમાવામાં પાપનો આશરો બીલકુલ ન લેતી હોય કોઇ વ્યકિત બચી ગઇ હોય. તો અલગ વાત છે. આ રીતે જયારે ધન જ અન્યાયી રીતે કમાયેલ હોય ત્યારે તેનાથી ખરીદેલ અન્નમાં પવિત્રતા કયાંથી આવી શકે! જે રીતનું અન્ન ખવાય છે. લગભગ એ પ્રકારનું મન બને છે અને જેવું મન હોય છે એવા જ કાર્યો થાય છે. આમ ઉત્તરોત્તર પાપનો પ્રવાહ વધતો ચાલ્યો જાય છે. તેથી જ આર્ય ઋષિઓએ આહારની શુદ્ધિ પર વિશેષ જોર આપ્યું છે.

આહારની શુદ્ધિમા

ફક્ત એ ન જોવું જોઇએ કે ભોજન વ્યવસ્થાપર અને કોના હાથે બનેલ છે. જો કે ભોજન પવિત્ર સ્થાનમાં પવિત્ર સ્થાનમાં પવિત્ર મનુષ્ય દ્વારા પવિત્રતા સાથે પવિત્ર સામગ્રીઓથી બનવું જોઇએ. પરંતુ તેમાં બધાથી અધિક આવશ્યકતા છે અન્નશુદ્ધિની. ન્યાય અન્યાયનાં વિચાર વગર કરોડા રૂપિયાનો વેપાર કરનાર મોટામાં મોટા પ્રસિદ્ધ પુરુષના દ્રવ્યથી પવિત્ર

ચોકાની સીમાની અંદર બ્રાહ્મણના હાથથી બનેલ ભોજન એવા ભોજન કરતા સર્વથી નકામું છે. જે એક ગરીબ મહેનતુ સાચાં મજુરના દ્રવ્યથી બનેલ છે.

આનો અર્થ એ નહીં સમજવો જોઇએ કે એવા પવિત્ર હૃદયનો મનુષ્ય જો નીચ વર્ણનો હોય તો તેને ત્યાં ઉચ્ચ વર્ણનો પુરુષ શાસ્ત્ર મર્યાદાનો ભંગ કરી તેની સાથે તેના હાથેથી જ ખાય. એવા પવિત્ર પુરુષ તો એવો આગ્રહ જ નથી રાખતા કે લોકો અમારા હાથનું બનાવેલ ખાય. તેથી બધાથી વધારે ધ્યાન એ વિષય પર આપવું જોઇએ કે જેનાથી દ્રવ્ય શુદ્ધ રહે. અશુદ્ધ દ્રવ્ય કમાનાર પોતાનું અનિષ્ટ તો કરે જ છે. સાથે જે તે ઘર, પરીવાર તથા અતિથિના મનમાં પણ અપવિત્ર ભાવોની ઉત્પત્તિનું કારણ બને છે.

આજકાલ ભોજનની સામગ્રીઓમાં ન ખાવા અને પીવા લાયક પદાર્થોનો સમાવેશ પણ વધી રહ્યો છે. અંગ્રેજોના સંસર્ગ અને અંગ્રેજી શિક્ષણના વિશેષ ફેલાવાથી ખાનપાનના પદાર્થોમાં રોકટોક ઘણી ઓછી થતી જાય છે. આ મર્યાદાના નાશનું પરીણામ ઘણું જ ખરાબ દેખાય છે. તેથી બધાએ સાવધાન થઇ જવું જોઇએ. શારીરિક શુદ્ધિનો આદેશ શાસ્ત્રોમાં ઘણા વિસ્તારથી આપેલ છે. તેથી અહીં તેની પુરી વિધિ લખી નથી.

—ક્રમશઃ

આજીવન ગ્રાહકોની યાદી

૫૮૧ શ્રી શૈલેશ પુરુષોત્તમદાસ દેવી, અહમદનગર
૫૮૨ શ્રી કે. એમ. ડોબરીયા, રાજકોટ
૫૮૩ શ્રી હરસુખભાઇ પ્રભુદાસ લાતીવાળા, જુનાગઢ
૫૮૪ શ્રી મુક્તાબેન પ્રતાપભાઇ પટેલ, રાજકોટ
૫૮૫ શ્રી મનસુખભાઇ કે. પટેલ, રાજકોટ
૫૮૬ શ્રી અશ્વિનભાઇ કે. પટેલ, રાજકોટ
૫૮૭ શ્રી વૈભવ કાંતિલાલ તાજાવાલા, રાજકોટ
૫૮૮ શ્રી શ્રીકાંત માધવજી તન્ના, કલ્યાણ
૫૮૯ શ્રી પંકજભાઇ જીવણલાલ શાહ, બોરીવલી

૫૯૦ શ્રી ભનુભાઇ પોપટ, પોરબંદર
૫૯૧ શ્રીમતિ હર્ષાબેન દિનેશચંદ્ર ખાખી, રાજકોટ
૫૯૨ શ્રીમતિ વિદ્યાબેન એન. શાહ, ગાંધીનગર
૫૯૩ શ્રી વિરજીભાઇ ખોડાભાઈ લીંબાસીયા, રાજકોટ
૫૯૪ શ્રી હરકીશન નટવરલાલ મણીયાર, રાજકોટ
૫૯૫ શ્રી દ્વારકાદાસ નરોત્તમદાસ મહેતા, ઘાટકોપર
૫૯૬ શ્રી હિમતભાઇ કે. દંગી, વેજલપુર
૫૯૭ શ્રી મુકેશભાઇ જી. ચંદારાણા, કાંદીવલી
૫૯૮ શ્રીમતિ પરીખ સુલોચનાબેન પરમાનંદ, અમદાવાદ
૫૯૯ શ્રી સોની નીમચંદભાઈ જાદવજીભાઇ, રાજકોટ
૬૦૦ શ્રી પરીખ કિશન જસવંતલાલ, અમદાવાદ

કંઠાભરણમ્

ધૃતિઃ ક્ષમા દમોઽસ્તેયં શૌચમિન્દ્રિય નિગ્રહઃ ।
ધીર્વિદ્યા સત્યમ ક્રોધો દશકં ધર્મલક્ષણમ્ ॥

ધૈર્ય, ક્ષમાશીલતા, કામ અને લોભ ઉપર સંયમ, અસ્તેય–ચોરી ન કરવી અથવા કોઇને છેતરવું નહીં તે, મન–વચન–કર્મથી પવિત્રતા, ઇન્દ્રિયોનો નિગ્રહ–કાબુ, જ્ઞાન, અધ્યયન–શીલતા સત્યનું આચરણ અને ક્રોધનો અભાવ– આ દશ ધર્મના લક્ષણ (ભગવાન મનુએ કહેલા) છે.

અહિંસા સત્યમસ્તેયમકામ ક્રોધ લોભતા ।
ભૂત પ્રિયહિતેહા ચ ધર્મોઽયં સાર્વવર્ણિકઃ ॥

હિંસા ન કરવી, સત્ય બોલવું, ચોરી ન કરવી, વિષયની ઇચ્છા ન રાખવી, ક્રોધ ન કરવો અને સંસારના સર્વ પ્રાણીઓનું પ્રિય અને હિત કરવાની ઇચ્છા રાખવી– આ બધાય વર્ણોનો ધર્મ છે.

શ્રુયતાં ધર્મસર્વસ્વં શ્રુત્વા ચૈવાવધાર્યતામ્ ।
આત્મનઃ પ્રતિકુલાનિ પરેષાં ન સમાચરેત્ ॥

ધર્મનું આ સંપુર્ણ તત્વ સાંભળો અને સાંભળીને તે જ ક્ષણે હૃદયમાં ધારણ કરો કે જે પોતાને માટે પ્રતિકુળ હોય એ બીજાને માટે આચરવું નહીં.

શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રન્થ કોટિભિઃ ।
પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્ ॥

કરોડો ગ્રંથોએ જે વિસ્તારથી કહ્યું છે, તે હું અર્ધા જ શ્લોકથી કહું છું કે બીજા ઉપર ઉપકાર કરવો એ પુણ્ય છે અને બીજાને પીડવું તે પાપ છે.

ધર્મઃ પિતા ચ માતા ચ ધર્મો નાથઃ સુહૃત્ તથા ।
ધર્મો ભ્રાતા સખા ચૈવ ધર્મઃ સ્વામી પરંતપ ॥

ધર્મ પિતા છે, ધર્મ માતા છે, ધર્મ જ મનુષ્યનું નિયમન કરી, તેને સન્માર્ગે ચલાવનાર છે ધર્મ જ ઉત્તમ હૃદયવાળો હિતૈષી છે, ધર્મ જ ભાઇ તથા સખા છે અને હે વીર ! ધર્મ જ સર્વનો સ્વામી-નિયંતા છે.

ધર્માદર્થશ્ચ કામશ્ચ ધર્માદ્ ભોગાઃ સુખાનિ ચ ।
ધર્માદૈશ્વર્યમેવાપ્યં ધર્માત્ સ્વર્ગો ગતિઃ પરા ॥

ધર્મથી જ અર્થ અને કામ પ્રાપ્ત થાય છે, ધર્મથી જ શ્રેયસ્કર પરિણામવાળા ભોગો અને સુખો પ્રાપ્ત થાય છે. ધર્મથી જ ઉત્તમ ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે. ધર્મથી જ સ્વર્ગ અર્થાત્ સુસ્થિતિ પ્રાપ્ત થાય છે અને પરમગતિ પમાય છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી હરિઃ ॥

શિખામણ-સૂત્ર

લેખક : શ્રી ગણપતરામ શાસ્ત્રીજી -ધરમોલા

સૂત્ર નં.-૫ સર્વેશ્વર કોણ ? શ્રીકૃષ્ણ

ઉત્તરાનો ગર્ભ નાશ થતાં ઉદરમાં પેસી ગયા, જાણે નવી માતા ભાણેજ વહુ બની. ભાનુમતિને અખંડ સૌભાગ્યવતીનો આશીર્વાદ દેનાર હતા, ત્યાં તેના પહેલા દ્રૌપદીજીને ગુપચુપ લઇ પુજા કરાવી, અખંડ સૌભાગ્યવતીનો આશીર્વાદ લેવરાવી દીધો. કુકડો થઇ પોતે બોલ્યા. ભાનુમતિ પછી આવી, એટલે ભિષ્મ પિતાએ માથુ કુટી નાખ્યું. માળી બની દુર્યોધનને કાછની પહેરાવી. ગજભકતો ઉપર દુઃખ આવતા ડગલે પગલે ક્ષણક્ષણમાં રક્ષા કરી, આનું નામ કૃષ્ણ !

ઓ મુરખના સરદારો ! તમે આમને છોડી કોણ ભગવાન છે તેને ભજો છો. દેવોમાં શિવજી, બ્રહ્માજી જેમની પ્રિયાની (ગોપીજનોની) રજ માથે મુકી આનંદ માને. તમો જે જે દેવને ભજો છો તે બધા શ્રીકૃષ્ણના ભયથી ભયગ્રસ્ત છે. ભિખારીનો ભિખારી તે કોઈ દિવસ ધનવાન થાય ખરો ? શું શ્રીહરિએ તમારી બુદ્ધિ હરી લીધી ? જો બુદ્ધિ લેવી હોય તો આ ગ્રંથના નાયક શ્રી વલ્લભને શરણે જતા તમોને શ્રી વલ્લભ દયાળુ હોવાથી દાન દેશે. તમો સત્તરસો ઠેકાણે ભટકો છો . સતરસોની ઘરવારી શું સતિ છે ? અંતે કોઇ પતિ ખરો ? શ્રીકૃષ્ણ શરણમાં અનન્યતા રાખો. વિશ્વાસે સત્ફલ પ્રાપ્ત થશે.

સૂત્ર ૬ ઠું-પૂર્વના સંચિતથી બધું મળે પણ ઉપભોગ તેના ગુણ પ્રમાણે કરે

દો. સ્વભાવ કે વશ હૈં સભી, સ્વભાવ સુખ દુઃખ દેત
આપુહિ આપ વિચારિયે, સમઝ પાય સુખ લેત

જીવ પોતાના સંચિતથી સર્વ મેળવી લે છે, પણ ઉપભોગ તેના ગુણ પ્રમાણે કરે છે. રાવણ પાસે ઘણું ઘણું હતું, કંસ પાસે પણ ઘણું હતું. હિરણ્યકશ્યપુ પાસે વૈભવ ઘણો હતો. તેનો દુર ઉપયોગ કરી જગતના સર્વ જીવોને દુઃખી કરી કાળના મોઢામાં પેસી ગયા. જ્યારે રંતીદેવ, અંબરીશ, ગય, રઘુરાજા જેવા એ સર્વ સંપત્તિ પરમાર્થમાં ખર્ચી સર્વેનું કલ્યાણ કરી ભગવાનના ધામમાં પ્રવેશ કર્યો. (ક્રમશઃ)

શ્રી વલ્લભ સુધાનું નવા વર્ષનું લવાજમ તુરત ભરી મહામુલા ભેટ પુસ્તકનો અમુલ્ય લાભ મેળવો

શ્રી વલ્લભ સુધાનું વર્ષ ૯૭-૯૮નું લવાજમ રૂા. ૪૦ ભરી વર્ષ આખરે **શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્રનું** દળદાર ભેટ પુસ્તક મેળવો આ અમુલ્ય પુસ્તક વર્ષોથી અપ્રાપ્ય છે. જે ભગવદિય વૈષ્ણવોના દૈવીદ્રવ્યના સહયોગથી પ્રકાશિત કરી શ્રી વ સુ. ના સર્વે સામાન્ય અને આજીવન સભ્યોને ભેટ આપવા નિર્ણય કરેલ છે.

શ્રી વલ્લભ સુધાનું આજીવન લવાજમ રૂા. ૫૦૧ થયેલ છે. એપ્રિલ માસની ૩૦ તારીખ સુધી આ જીવન લવાજમ ભરનારને ઉપરોકત ભેટ પુસ્તક ઉપરાંત ગત બે વર્ષના ભેટ પુસ્તકો "શ્રી ૮૪ ભગવદિય રત્નાવલી" તથા શ્રી ૨૫૨ ભગવદીય રત્નાવલી ભેટ અપાશે.

પુસ્તક પરિચય

ષોડશ ગ્રંથોનાં અંગ્રેજીમાં અનુવાદ ૩ પુસ્તક

પ્રકાશક – શ્રીમદ વલ્લભાચાર્ય સપ્તમપીઠ
પુ, પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી કામવન (રાજસ્થાન)

પ્રેરક – પુ. પા. ગો. શ્રી વૃજેશકૃમાર બાવાશ્રી (રાજકોટ–કામવન)

અનુવાદક – શ્રી હિરાલાલ શર્મા, શ્રી ગિરિરાજ ભુષણ શર્મા શ્રી ગોપેશશરણ 'આતુર'

ન્યોછાવર : ભાવશ્રી મુખપાઠ કરવો.

અખંડ ભૂમંડલાચાર્ય જગતગુરુ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય વિરચિત ષોડશગ્રંથ પૈકી (૧) યમુનાષ્ટક સિધ્ધાંત રહસ્ય, ચતુ:શ્લોકી (૨) નવરત્ન, વિવેક ધૈર્યાશ્રય! કૃષ્ણાશ્રય (૩) બાલબોધ સિદ્ધાંત મુકતાવલી અને પુષ્ટી પ્રવાહ મર્યાદા ગ્રંથોના અંગ્રેજી ભાષામાં અનુવાદ પુ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી કામવનાના આશ્રયથી તેમજ પુ. પા ગો. શ્રી વૃજેલકુમાર બાવાશ્રીની પ્રેરણાથી અનુવાદકોનો જે અનુવાદ ઉપરોકત ગ્રંથોનો પ્રથમ સંસ્કૃત શ્લોક આપીને. તેનુ અંગ્રેજીમાં ભાષાંતર દરેક શ્લોક નં. વિગતવાર અંગ્રેજીમાં વર્ણન સરલ રીતે કરવામાં આવેલ છે.

જે વૈષ્ણવોને સંસ્કૃત ભાષાનો મહાવરો નથી તેમજ વિદેષમાં પરદેશમાં વસવાટ કરતા વૈષ્ણવોને આ અંગ્રેજી અનુવાદિત ગ્રંથો ષોડશગ્રંથો સમજવામાં ખુબજ ઉપયોગી થશે આથી તેઓની પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતની સમજણ. જ્ઞાન, ભાવ ભકિત વધશે અને શ્રી ઠાકોરજી પ્રત્યે સ્નેહભાવથી સેવા પરાયણ બનશે.

શ્રીમદ વલ્લભાચાર્યજી, પ્રભુચરણ શ્રી વિઠલનાથજી વૈષ્ણવોને પુષ્ટિ સંપ્રદાયતી સેવા રીત, સિધ્ધાંત વચનામૃત પ્રબોધવા દેશાંતર કરતા હતા. આજના સમયમાં પુસ્તકોના માદયમથી સ પદાયના ગ્રંથો પ્રકાશિત કરીને વૈષ્ણવોને સંપ્રદાયના સિંધ્ધાંતોની સમજણ કરાવીને સ્નેહ–ભાવ, ભકિત ભાવ વધારીને સેવાની રીત–પ્રીત સીખવીને શ્રી ઠાકોરજી પ્રત્યે સ્નેહ વધશે.

પુ. પા. ગો. શ્રી ઘનશ્યામલાળજી મહારાજશ્રી તેમજ પુ. પા. ગો. શ્રી વૃજેહકુમાર બાયાશ્રીની પ્રેરણાથી પુષ્ટિ સંપ્રદાયના વિદ્વાનો દ્વારા ત્રણેય પુસ્તિકાઓ પ્રકાશિત થયેલ છે.

આકર્ષક તેમજ સારા કાગળ ઉપર સુંદર છાપકામ છે, વિશેષમાં ત્રણેય પુસ્તિઠાઓમાં શ્રીમદ વલ્લભાચાર્યજી સપ્તમ નિધી શ્રી મદન મોહનજી, શ્રીમત પ્રભુચરણના સાતમા લાલજી પુ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી સપ્તમ પિઠેશ્વર પુ. પા. ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન) પુ. પા. ગો. શ્રી વૃજેશકુમાર બાવાશ્રી (કામવન–રાજકોટ)ના સુંદર (બહુરંગી) ચિત્રજી પધરાવેલ છે.

સમાચાર

શ્રી વાકપતિ ફાઉન્ડેશન દ્રારા શ્રી વલ્લભ વિદ્યાપીઠની સ્થાપના કરવામાં આવેલ છે. જેના કુલાધિપતિ પુ. પા. ગો. શ્રી વૃજેલકુમારજી મહારાજશ્રી (કાંકરોલી) તથા કુલપતિ પુ. પાં. ગો. શ્રી વાગીશકુમારજી મહોદય છે. (કાંકરોલી–વડોદરા) શ્રી વલ્લભ વિદ્યાપીઠ વ્દારા સંસ્કાર ઘડતર અને જીવન ઘડતર માટે પત્રાચાર અભ્યાસકમ શરૂ કરવામાં આવતા અભ્યાસક્રમ તેમજ વિશેષ માહિતિ માટે સંપર્ક સ્થળ નીચે મુજબ છે.

પ્રબંધ કાર્યાલય : શ્રી પી. ટી. શાહ વૃજ ૬, મંગલા પાર્ક સોસાયટી, બ્રાઈટ સ્કુલ સામે,
વી. આઈ. પી રોડ વડોદરા ૩૯૦ ૦૨૭ ફોન (૦૨૬૫) ૨૨૫૩૩૨

પ્રવેશ માટે રૂા ૫ (પાચ) પ્રબંધ કાર્યાલયે મોકલવાના રહેશે તેમજ રૂ. ૫૦ પરીક્ષા ફીના પણ પ્રબંધ કાર્યાલયે મોકલવાના રહેશે: ૧૦ એપ્રીલ પહેલા મળેલા અરજીપત્રકોવાળા અભ્યાસાર્થીઓને તે પ્રવેશ મળશે.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third, date of Every Month. Regd.No.G/RJ.212-L.P.W.P43

જંપું ના જ્યાં લગી મળે એની પ્રીત રે

સખીરી !

તું તો વલ્લભની વ્હાલીઓ મિત રે
વલ્લભને વ્હાલી રે જે પ્રીત રે
શીખવ સખિ ! મુજને એની રીત રે
મિત ! કહે રે વિચારી મારું હિત રે

સુણ્યું એને મેળવવા બનવું પડે ના પંડિત રે
ના થવું પડે તપથી યે તપિત રે
વશ થાય રે વ્હાલમો કરીએ જો પ્રીત રે
પણ જાણું રે ના આ પ્રીતની રીત રે

રે કેમ બનું એનામાં દત્તચિત રે
કરું કેમ રે પ્રીત મારી પ્રકટિત રે
કેમ કરું મુજ ભાવથી ભાવિત રે
કરું શું જેણે જિતાય રે અજિત રે

રીત અનુસરું પ્રીતની નિત નિત રે
જંપું ના જ્યાં લગી મળે એની પ્રીત રે

પ્રા. એસ. આર. પાલેજા. રાજપીપળા.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ્ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રમણભાઈ જ. પટેલ, 'અમૃત' જયારામ પ્લોટ,–૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ–૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ–૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભ સુધા

વચન સુધા

“શ્રી ગીરિધરલાલજીને લીલામાં પધારવાની ઇચ્છા થઇ તે સમયે નેત્રમાં જલ આવી ગયાં ત્યારે શ્રી હરિરાયજીએ પુછયું કે મહારાજ **કેમ છે?** ત્યારે શ્રી ગિરિધરલાલજીએ કહ્યું કે “મારાથી શ્રી દ્વારકાનાથજીની જલની સેવા તથા ચુનની સેવા થઇ નથી. કેમ કે એ સેવા તો વલ્લભ કુલમાં બને નહીં. એ તો વૈષ્ણવને ઘેર જન્મ હોય તો બને માટે મારો જીવ સેવામાં રહયો છે” એ રીતે શ્રી ગિરિધરલાલજીએ કહયું માટે એવું સેવાનું સ્વરૂપ જાણીને બીજા કોઈની પાસે સેવા કરાવે નહીં એ રીતે દિનપ્રતિદિન સેવામાં ભાવ વધતો જાય એનું નામ સેવા જાણવી.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૧૨

❀ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❀

વર્ષ ૧૬ : અંક-૨ ● મે, ૧૯૯૭

શ્રી **વલ્લભાબ્દ** ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ● આજીવન રૂા. ૫૦૧

“શ્રી વલ્લભસુધા”

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

રાજકોટમાં શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ

માંડવી કચ્છવાળા પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી દામોદરલાલજી મહારાજશ્રીના લાલજી ચિ. રવિન્દ્રબાવાશ્રીના મોટાલાલબાવા ચિ. ગો. **શ્રી મુકુન્દરાયજીબાવાશ્રી** નો **શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ** સં. ૨૦૫૩ ના વૈશાખ સુદ ૧૧ને રવિવાર તા. ૧૮–૫–૯૭ ના શુભ દિને રાજકોટ મુકામે નિશ્ચિત થયેલ છે.

આ શુભ અવસરે સર્વે વૈષ્ણવ સૃષ્ટિને પ્રસ્તાવમાં સમ્મિલીત થવા આમંત્રણ છે.

વિશેષ માહિતી પત્ર વ્યવહાર :

ગોસ્વામી શ્રી રવિન્દ્રકુમારજી શ્રી દામોદરલાલજી મહારાજ
"ભકિત વર્ધિની" ૬/૧૩ જયરાજ પ્લોટ **રાજકોટ**
ફોન : ૨૨૫૮૨૪

અજ્ઞાનુવર્તિની, શ્રી યજ્ઞોપવિન પ્રસ્તાવ સમિતિ રાજકોટ

ધોરાજીમાં યજ્ઞપાવત તથા લગ્ન પ્રસ્તાવ વધાઈ

પા. ગો. શ્રી ૧૦૮ હરિરાયજી મહારાજશ્રીના (મુંબઇ મોટા મંદિર) પૌત્ર અને ચિ. ગો. શ્રી ૧૦૮ શ્રી ઋષીકેશજીબાવાના દ્વિતિયલાલજી ચિ. ગો. શ્રી રવીરાયજીના યજ્ઞોપવિ પ્રસ્તાવ તથા પૌત્રી ચિ. સૌ. કાં શ્રી રેનુરાજા બેટીજીના શુભ લગ્ન પ્રસ્તાવ ધોરાજી મુકામે સુનિશ્ચત થયેલ છે જે નીચે મુજબ છે.

યજ્ઞોપવિત વૈશાખ સુદ ૧૧ રવિવાર તા. ૧૮–૫–૯૭ સવારે ૧૦–૩૦ કલાકે
લગ્ન પ્રસ્તાવ : વૈશાખ સુદ ૧૫ ગુરૂવાર તા. ૨૨–૫–૯૭ રાત્રે ૮–૦૦ કલાકે
ફુનવારો : વૈશાખ વદ ૧ શુકવાર તા. ૨૩–૫–૯૭ સાંજે ૪–૦૦ કલાકે

આ શુભ પ્રસંગે અને મનોરથમાં વૈષ્ણવોને ઉપસ્થિત રહેવા ભાવભર્યું આમંત્રણ છે.

સંપર્ક સ્થળ :

ગો. શ્રી ઋષિકેશજી મહોદય
નવી હવેલી જમનાવડ રોડ,
ધોરાજી ફોન નં. ૨૧૦૮૯ (કોડ નં. ૦૨૮૨૪)

આપશ્રીની આજ્ઞાથી પ્રસ્તાવ સમિતિ ધોરાજી જયકૃષ્ણ.

ગંગાસાગર શ્રી મહાપ્રભુજીની બેઠકનો મહોત્સવ

મહા પ્રભુજીની ૮૪ બેઠકો પૈકી ૩૧મી શ્રી ગંગાસાગર બેઠકજી નવનિર્મિત કરતા તેના ઉદઘાટન તેમજ કનકાભિષેક મહોત્સવ સં. ૨૦૫૩ ચૈત્ર વદ ૧૧ શનિવાર તા. ૩–૫–૯૭ ના રોજ ઉષા કાળમાં વેદજ્ઞ વિદ્વાનો દ્વારા પુજન અર્ચન આચાર્ય ભાળકોના સાનિધ્યમાં સપન્ન થશે.

શ્રીમદ વલ્લભાચાર્યજીએ પાંચમો વર્ષ પહેલા પદયાત્રા કરીને ૮૪ સ્થાનો પર શ્રીમદ ભાગવત પારાયણ કરેલ જે સર્વે શ્રી મહાપ્રભુજીની ૮૪ બેઠકોના રૂપમાં પુષ્ટિમાર્ગીઓ માટે આરાધ્ય સ્થળો છે તે

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ:
- લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ **વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક :
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૨ * મે ૧૯૯૭

મનને શિક્ષા

મનકી બાત કોનસે કહીએ !
હરિસમરણ ક્ષણભર નહીં હોઇ. કહો કોન પેં જૈયે ॥૧॥
મિલત સબે અપને સ્વાસ્થ કે તહાં નહીં સુખ લૈયે ॥
દુર્લભ મીલન પરમ પરમારથ, તીનસો દોષ મીટેયે ॥૨॥
કરી નીરધાર દેખી જીય અપનેં, હરિજનકે સંગ રહીએ ॥
'રસિકદાસ' જન જીન કરી શંકા ભકતન સંગ કછુ પૈયે ।૩।

* ભાવાર્થ *

આ પદમાં શ્રી રસિકદાસજી શ્રી મટુજી મહારાજ ભગવદિઓના મહિમાનુ વર્ણન કરે છે કે અરે! મનની વાત કોને કહેવી ? હરિસ્મરણ ભગવદ લીલાનું અવગાહન તો ક્ષણ ભર થતું નથી. એ તો ભગવદિયના સંગથી જ થાય. જ્યારે જે મલે છે તે પોતાના સ્વારથના સગાં છે ત્યાં ભગવદ વાર્તાનુ સુખ શી રીતે મલે ?

પરમપરમારથ (ભગવદિય)નું મીલન તો અતી દુર્લભ છે. તે મલે તો જ લૌકિકાવેશરૂપ દોષ મટે. માટે મનમાં દઢ નિશ્ચય કરી ભગવદિયના સંગમાં જ રહેવું. રસિકદાસજી શ્રીમટુજી મહારાજ નિજ ભગવદિય સૃષ્ટિને શીખામણ આપતાં આજ્ઞા કરે છે કે બીલકુલ શંકા રાખશો નહીં કંઇ પણ મલશે તે ભકતોના સંગથી જ મલશે.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

॥ શ્રી મહાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

ગ્રન્થ પરિચય

લેખક ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજ

ભાષાંતર પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ

-ગતાંકથી ચાલુ

તદનુસાર જ જલના ભેદ પણ સુબોધિનીજીમાં ૧૯ જ ગણવામાં (માનવામાં) આવ્યા છે -જ્યાં શ્રી મહાપ્રભુજી એવું વિવેચન કરે છે કે "ઓગણીસ ભેદ હોવા છતાં પણ વહેતું જળ તથા સ્થિર જળ આ બે મુખ્ય ભેદ છે (દ. સુબો ૧૦-૩-૩) જો કે અહીં જળ તથા વક્તૃભાવ એ બન્નેના વીશ ભેદ સ્વીકારવામાં આવ્યા છે. એનાથી પણ આ જ વાત સિદ્ધ થાય છે કે પ્રથમ સ્કંધમાં નિર્ધારીત (નકકી કરેલા) અધિકાર ભેદ કેવળ ભાગવતના સંદર્ભમાં જ વિવક્ષિત છે. જો કે અહીં ભગવત્સ્વરૂપ ભગવદ્ગુણ યા ભગવલ્લીલાનું ભાગવત્તાનુસારી યા તો ભાગવત-અવિરોધી હોવાનું અનિવાર્ય છે પરંતુ એવી જ રીતે પ્રત્યેક વકતાનું ભાગવત પુરાણ ઉપર પ્રવચન કર્તા હોવું આવશ્યક નથી. અહીં તો પુષ્ટિમાર્ગીય શ્રોતાએ ભગવત કથાનુ શ્રવણ-સ્મરણ-કીર્તન કેવી રીતે વકતાના સત્સંગ દ્વારા સંપન્ન કરવું જોઇએ એ જ વિવક્ષિત સંદર્ભ છે. આ જ કારણને લીધે શ્રોતાના પણ ૧૯ ભેદ ન દેખાડતા કેવલ ત્રણ અથવા ચાર ભેદ જ દર્શાવવામાં આવ્યા છે. આ જ કારણને લીધે ઓગણીસ તથા વીશના ભેદને વિવક્ષા પ્રયુકત (માત્ર વર્ણન માટે જ યોજેલા) ગણવા જોઇએ.

આ બધી વિવેચનાનુ ફળ એ નિષ્પન્ન થાય છે કે પુરાણ પ્રવચનની અનિવાર્ય શરત, ઉપનયન-સંસ્કાર યા દ્વિજત્વ અથવા પુરુષ હોવાપણું પણ અહીં અનિવાર્ય નથી લાગતું, પરંતુ એના સિવાય બીજા ગુણ જે ભાગવતના વકતાની ઉત્તમતાના પરિચાયક (લાયકાત દર્શાવનાર) છે- જેવા કે તેણે પોતાના સંપ્રદાયની પરંપરા મુજબ સત્પુરુષના મુખથી ભગવલ્લીલા તથા સિદ્ધાંતોનું શ્રવણ કરેલુ હોવું જોઇએ, પોતે ધન કમાવાના હેતુથી ભગવત્કથામાં પ્રવૃત્ત નથી થયો તથા જ્ઞાન-ભકિત-વૈરાગ્યથી પોતે સંપન્ન છે....વગેરે લક્ષણો આ સંદર્ભમાં પણ આવશ્યક માની શકાય છે-" વકતાધિકારી સર્વજ્ઞઃ સંપ્રદાયેન સન્મુખાત્ શ્રૂત ભગવતો ભકતો.... (ભા. નિ ૧/૨૩ શ્રી મહાપ્રભુજીના મત પ્રમાણે જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ (એટલે પ્રાપ્તિ-કમાણી-લાભ) તો છે ચિત્તનું શ્રીકૃષ્ણમાં તન્મય થઇ જનું તે છે તેને માટે બે સાધન બતાવવામાં આવ્યાં.

(૧) તદાશ્રય-પ્રપતિ. (૨) તદીયતા-ભકિત.

"વિવેક ધૈર્યાશ્રય" ગ્રન્થમાં તદાશ્રયના ઉપાયરૂપ વિવેક. ધૈર્ય, તથા અનન્યાશ્રયનું

May 1997

નિરુપણ કરવામાં આવ્યુ છે એવીજ રીતે તદ્દીયતાના ઉપાયરૂપ આત્મનિવેદન, સર્વસમર્પણ, સર્વ ભાવથી (એટલે પૂરેપૂરા ભાવથી કરાયેલી) તનુ વિતજા સેવા. ભગવત્કથાનાં શ્રવણ–સ્મરણ કીર્તન વગેરેનું "સિદ્ધાંત રહસ્ય," "નવરત્ન" "ચતુઃશ્લોકી" "સિદ્ધાંત મુકતાવલી" તથા "ભકિત વર્ધિની"માં નિરુપણ કરવામાં આવેલું છે.

"ભકિત વર્ધિની"માં ભકિતના બિજભાવને દઢ કરવાના ઉપાય, જો વ્યકિત અવ્યાવૃત હોય તો, પોતાના જ ઘરમાં પોતાના વર્ણ તથા આશ્રમના આચારને નિભાવતા રહેતાં ભગવત્સેવા કથામય જીવન વીતાવવાનું કાર્ય ગણવામાં આવ્યુ છે. વ્યકિતના વ્યાવૃત હોવાને કારણે જો ભગવત સેવાનો નિર્વાહ કરવાનું શકય ન હોય તો તેણે ભગવત્કથાના શ્રવણ–સ્મરણ કીર્તનમાં તત્પર રહેવું જોઇએ. બીજ ભાવને દઢ કરવાને માટે બીજ ભાવ દઢ થતાં ગૃહત્યાગની પ્રેરણા પણ આપવામાં આવેલી છે. ગૃહત્યાગની શકયતા ન હોય તો ભગવત્સેવા–કથા–પરાયણ ભગવદીઓ દ્વારા કરવામાં આવતી સેવામાં પરિચારક–સહાયક બનવાનો અને અથવા ભગવત્કથા (જયારે તેઓ કરતા હોય ત્યારે તે)માં શ્રવણાર્થ સમ્મીલિત (તેમની સાથે ભેગા) થવાનું (વિધાન) એટલે આદેસ પણ આપવામાં આવેલો છે. આ પ્રમાણે અનેકવિધ ઉપાયોથી બીજા ભાવથી માંડીને (શરુ કરીને) પ્રેમ, આસકિત વ્યસન, સર્વાત્મભાવ આ અલૌકિક સામર્થ્ય સુધીના વિકલ્પની રૂપરેખા બતાવવામાં આવેલી છે.

— ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીવલ્લભ ॥

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

પ્રેમ, આસક્તિ, વ્યસન, એ ત્રણે રૂપ સ્નેહના લહીયે;
તે ઉપર ચોથી તન્મયતા, તે થકી કાંઇ ન કહીયે.

કહીયે પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ;
વિયોગ થાય ત્યારે તપે તન, ત્યાંનું ત્યાં વળગ્યુ રહે મન;
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૩૬)

વિવેચન : આ કડીમાં પ્રેમનું જ વિવેચન છે. પ્રેમનું લક્ષણ બતાવ્યું છે. સાચો પ્રેમ અપરાધથી ઘટે નહી. વળી જ્યારે પણ મળે ત્યારે નુતન સ્નેહથી જ મળે. જુદા પડતાં દુઃખ થાય, પ્રેમીથી દુર રહેવાનું થાય ત્યારે અસહ્ય વિયોગનું દુઃખ થાય, તેના તનમાં એવી પીડા ઉભી થાય કે તે પોતાના મનને કાબુમાં રાખી શકે નહીં. તેનું મન તેનાં પ્રેમીપાત્રમાં જ વળગ્યુ રહે છે.

મંદિરમાં શ્રી ઠાકુરજી બિરાજે છે. વૈષ્ણવો દોડી દોડીને દર્શને જાય છે. જેમ જેમ મંદિરની નજીકમાં પહુંચે તેમ તેમ ઉત્કંઠા વધતી જાય છે. કયાંક ટેરો ન આવી જાય. લબક જબક ઝાંખી પણ થઇ જાય ત્યારે મનમાં આનંદ માને છે. આ છે પ્રેમના લક્ષણ. પરંતુ મંદિરે પહોંચ્યા પછી પણ જો દર્શન ન થાય ત્યારે મનમાં દુઃખ ઘણુ થાય છે તેની વ્યથા તો તે જ જાણે બીજો જે પ્રેમી નથી અગર સદા પાસે જ રહે છે તે શું અનુભવી શકે ?

તેવી રીતે ભકતો પણ પરસ્પર પ્રેમભાવ રાખવાવાળા જ્યારે મળે છે ત્યારે પ્રેમથી ભેટીને અશ્રુધારા વહાવતા હોય છે. પ્રેમનો ઉમળકો અંતરથી પ્રગટે છે. અનેકવાર મળ્યા છતાં તૃપ્તિ થતી નથી, મન ત્યાંને ત્યાં જ વળગ્યુ રહે છે.

ગુજરાતથી વૈષ્ણવો હાંફળા દોડતા શ્રી ગોકુલેશજી પાસે આવીને રાજી રાજીના રેડ થઇ પ્રેમાવેશમાં મસ્ત બન્યા હતા. છેટુ જાવું ગમતું નહી, તેવામાં એકે કહયું હવે આમ આઘા રહો કયાંક જલ ઘડીયાને છોવરાવી દેશો. પણ વૈષ્ણવ હટયા નહીં. ત્યારે શ્રી ગોકુલેશજીએ કહયુ કે આ બાબતમાં શ્રીપાત, શું જાણે ? વૈષ્ણવોને હટવાનું કહે છે. તેના હૃદયોની વાત તે શું જાણે ? તેનું નામ જ શ્રીપાત છે. આ બિચારા વૈષ્ણવો આટલે દુરથી આવ્યા તેમના ઉમળકાભર્યા સ્નેહથી હૃદય ઊછળી રહયા છે. આ તો પ્રેમી હોય તે જાણે.

હિલગનાં પદોમાં હેરી હીલગકી પહેચાન, હિલગન કઠીન હે યા મનકી, હિલગ નામ સ્નેહ જેનાં હૃદયમાં હોય તે પોતાના સ્નેહીને જોયા વગર કેમ રહે ? હિલગ કરીને પતંગ દીપકમાં પડી પ્રાણ તજી દે છે તેનો અગ્નિથી પ્રેમ છે, જ્યાં સ્નેહ છે ત્યાં લોક લાજ કુલ કાન બધુ મુકાય છે. ચકોર બળબળતા કોલસા મોઢામાં મુકી દીયે છે. હરણને નાદથી સ્નેહ છે

તે નાદનાં મોહમાં ત્યાં જ ઉભુ રહી જાય છે. પારાધી તક જોઇને બાણ છોડે છે. હરણ નિષ્પ્રાણ બને છે. પણ ગાનથી પ્રેમ તે છોડતો નથી. ભ્રમરને કમળથી હિલગ છે તેથી રાત પડે તો પણ બહાર નીકળતો નથી. કમળ સંપુટમાં બંધાય જાય છે. આવી પ્રિત પ્રભુમાં લાગવી જોઇએ.

હિલગ- રાગ આસાવરી....
ગ્વાલિન કૃષ્ણ દરસસોં અટકી”
વારંવાર પનઘટ પર આવત શિર યમુના જલ મટકી ॥૧॥
મન મોહનકો રૂપ સુધા નિધિ પિવત પ્રેમ રસ ગટકી,
કૃષ્ણદાસ ધન્ય ધન્ય રાધિકા અધર સુધા રસ પટકી. ॥૨॥

પ્રેમનું લક્ષણ આ પદમાં બતાવ્યું છે કે જેને જેની પ્રિત છે તેને તે જોયા જ કરે પણ તૃપ્તિ થાતી નથી.

પનઘટ ઉપર નંદનાંદન, કન્હૈયા છે આવું જાણી ગ્વાલની જલ ભરવા નિમિતે વારંવાર ત્યાં આવી પહોંચે છે. નંદનંદનનું સ્વરૂપ સુંદર લાવણ્યતા નીરખી નીરખીને આનંદમગ્ન બની જાય છે. માથા ઉપર જળની મટકી ભરી છે તો પણ મુખારવિન્દ ઉપરથી દ્દષ્ટિ ફેરવવી ગમતી નથી. તે તો પ્રેમસુધા રસનું નેત્રો દ્વારા પાન કરતી ઉભી રહી છે. ધન્ય છે શ્રી રાધિકાજીને તે અધરસુધાનું પાન પ્રાપ્ત કરે છે. સ્નેહી પોતાના સ્નેહીમાં લુબ્ધ બની જાય છે, આ છે પ્રેમનું લક્ષણ.

શ્રી યશોદાજી એકવાર લાલા કન્હૈયાને સ્નાન કરાવવા પાટા ઉપર બેસાડીને એક ગોપીને કહે છે કે સામેથી થોડું ઠંડુ પાણી લાવ તો ! આ પાણી ગરમ વધારે છે. આ ગોપી પ્રભુની પાસ રહી દર્શન ચાહતી તેને પાણી લેવા મોકલી. તે ઠંડુ પાણી લાવી પણ તાપ કલેશથી તે પાણી ગરમ થઈ ગયું. આમ ત્રણ વાર થયું ત્યારે યશોદાજીએ કહ્યું કે અરી બાવરી ! તને હું ઠંડુ કહુ છું ને તું વારે વારે ગરમ લાવે છે. પ્રભુ આ ભકતની ગતિ જાણી ગય કે આને તો હૈયામાં આંચ લાગી છે તે મારાથી દુર જવા માગતી નથી. તેના તાપથી જ પાણી ગરમ થઇ જાય છે. ત્યારે તે ગોપીના સામું જોઇ મંદ મુસ્કાન કરી નેત્રો દ્વારા તેનું સન્માન કર્યું, તનના તાપ દુર કર્યા, ત્યારે ઠંડુ પાણી ઠંડુ જ રહયું. આવી છે ભકતોની મનોદશા.

નામ માત્રથી સ્નેહ....

કૃષ્ણ નામ જબતે શ્રવણ સુન્યોરી આલી, ભુલીરી ભવન હું તો બાવરી ભઇરી,
જેતેક નેમ ધર્મ કીનેરી મેં બહુવિધ....

આ કીર્તનની ભાવનામાં- એક સખીને કહે છે કે મે જયારથી મારા કાનોમાં કૃષ્ણ નામ સાંભળેલું છે ત્યારથી હું તો મારા ઘરમાં બાવરી બની ગઇ છું. આજ સુધી હું નેમ, ધર્મ બધું કરતી, પરંતુ કૃષ્ણ નામ જયારે સાંભળ્યું, ત્યારે બધુંય ભુલાઇ ગયુ. હજુ તો તે સાંવરી સુરત માધુરી મુરત મેં નેણોથી નિહાળી નથી. નંદદાસજી કહે છે કે જેને સાંભળવાથી

આ દશા થાય ત્યારે સન્મુખમાં તે પ્રેમીની કઇ દશા થાય. આવું પ્રભુનું દિવ્યરૂપ, દિવ્યગુણ, દિવ્ય જેની લીલા છે. હે સખી ! હું જયારે તે નંદનંદનને નીરખીશ ત્યારે મારી શી દશા થશે ?

પ્રેમ, આસક્તિ અને વ્યસન, આ ત્રણે પ્રેમનાં જ ત્રણ રૂપો છે. ટુંકામાં સાધારણ, મધ્ય અને પરાકાષ્ઠા. પ્રથમ પ્રેમ પછી આસક્તિ અને છેલ્લી વ્યસન દશા. પ્રેમનાં લક્ષણો એવા છે કે કાનો તેનાં ગુણોને સાંભળવા ઉત્કંઠીત થાય, નયનો નિરખવાને આતુર થાય, નીરખતા પણ તૃપ્તિ ન થાય, મળવાને થતો જીવ તલપાપડ થાય, જુદા પડતા તન તપી જાય, વળી જુદા પડયા પછી મન તેમાં જ વળગ્યુ રહે, તેના મનમાં, ચિંતનમાં, તનમાં અનેરો આનંદ આવે. આવા પ્રેમમાંથી આસક્તિ ઉત્પન્ન થાય, ત્યારે અન્ય જગો ચિત્તની વૃત્તિ જાય જ નહી. જુઓ વૃજભક્તોની દશા એક કૃષ્ણ રૂપમાં જ તેમની આસક્તિ હતી તે છોડીને અન્ય વિચારવા માટે તેની વિચારશક્તિ જ કામ કરતી નહી. તેઓ પોતાના મનને પ્રભુથી જુદા પાડવા અસમર્થ હતા. ભગવાન પ્રત્યે જેનો એકાત્મ ભાવ હોય તેને સાહજીક સ્નેહ કહે છે, તેને જ નિષ્કામ સ્નેહ કહે છે.

શ્રીમદ ભાગવત એકાદશ સ્કંધમાં ૧૨મા અધ્યાયમાં ઉદ્ધવજીને કહયું છે કે– જેમ સમાધિમાં બેઠેલા યોગીઓને પોતાના નામ તથા રૂપની ખબર રહેતી નથી. તેમ ગોપીઓ પણ મારા વિષે આસક્તિ ધરાવતી હોવાથી તેઓ પોતાના પતિ પુત્રાદિક તથા પોતાના દેહનું આ લોક પરલોકનું ભાન ભુલી ગઇ હતી. જેમ સમુદ્રમાં નદીઓ ભળી ગયા પછી નદી પોતાનું રૂપ જાણતી નથી તેમ ગોપીઓ મારામાં લીન થઇ ગઇ હતી.

ભા. ૧૦–સ્કંધ, અ. ૩૦, શ્લોક ૪૩માં–

તન્મન્સકા સ્તદાલાપા સ્તદ્વિચેષ્ટાસ્તદાત્મિકા ।

ભાવાર્થ : આવેલા ગોપીયોના મન ભગવાનમાં જ લાગેલા હતા. તેઓ ભગવાન સંબંધી જ વાર્તાલાપ કરતા હતા. તેમ કરતા તેઓ ભગવદરૂપ બની ગયા હતા.

વળી ગૌચારણ લીલા વખતે ગોપીયો વેણુગીત, યુગલગીતનું ગાન કરીને સમય વ્યતીત કરતી.

એવં વિદ્યા ભગવતો યા વૃંદાવન ચારિણું ।
વર્ણંયન્ત્યો મિથો ગોપ્યો, તન્મન્સ્કા મહોદયાઃ ॥

હે રાજા પરિક્ષિત આવી રીતે ગોપીજનો ગુંદાવન ચંદની લીલાનું ગાન કરતાં તન્મયતાને પ્રાપ્ત થતા ગોપીયોનાં સ્નેહી નંદનંદન હતા તે સીવાઇ અન્ય વાર્તા તેમને રૂચતીજ નહીં આવી રીતે વીયોગ થાય ત્યારે તપેવન ત્યાંનું ત્યાંજ વળગ્યું રહે, મન વિયોગમાં ચિત્તગુત્તિ બીજી કોઇ જગ્યાએ જાય જ નહીં. તે તો પોતાનાં સ્નેહીનું ધ્યાન અને ગાન કરીને તેમાં જ તન્મયતા પ્રાપ્ત કરે. ઉપર બતાવેલા પ્રેમ આસક્તિ અને વ્યસન ત્રણે ગુણોનો આમાં સમાવેશ છે.

માટે જ કવિશ્રી કહે છે.... સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... ।૩૬।

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **‘માધુરી’** રાજકોટ

પરી જિય પ્રણત પાલની ટેવ,
અતિ અદ્ભુત પ્રતાપબલ તેરો જાનત હૈં હરિ દેવ ૧
અગમ અગોચર રૂપ સુધાકો વેદ ન પાયો ભેવ;
‘વલ્લભ’ શ્રી યમુનાજુ નિજ બલ હરતિ કર્મ અવરેવ. ૨

ભાવાર્થ આ પદમાં કવિશ્રી શ્રીયમુનાજીની સહજ ટેવ (સ્વભાવ)નું વર્ણન કરે છે.

આપનો સ્વભાવિક ગુણ ઐશ્વર્ય છે કે જે કોઇ આપની નિકટ આવીને પ્રણામ કરે છે, આપનું શરણ સ્વીકારે છે તેનું આપ પ્રતિપાલન કરવાવાળા છો,

આવેલો જીવ કેવા કર્મનો કરવાવાળો છે, પાત્ર અગર અપાત્ર છે તે વિષે તેનાં ગુણ અવગુણો જોતાં નથી કેવળ કૃપા બળથી તેનું શ્રેય વિચારો છો આપની આ ટેવ છે તે પ્રભુ સ્વયં જાણે છે છતાં તે પણ આપનો કૃપારૂપી જે ધર્મ છે તેને જ ઉત્તમ માને છે.

આપનું અગોચર, રવરૂપ સુધાનો વેદ પણ ભેદ પામી શકે તેમ નથી તો બીજા કોઇનું શું સામર્થ્ય છે કે આપના સ્વભાવનું પણ વર્ણન કરી શકે ? આપ સ્વયં કૃપા બળથી જ જીવનાં હજારો જન્મ જન્માંતરના કર્મનાં બંધનોને તોડી નાખો છો, ત્યાં વિધાતા કે બીજાનું શું સામર્થ્ય ? આવો પ્રતાપી અગોચર આપનો સ્વભાવ જ છે આપ જે કાંઇ કરો તે પ્રભુને પ્રિય લાગે છે. દાસ વલ્લભ કેવળ ગાન કરી શકે છે.

રૂા. ૫૦૧ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ, મોરબી–અમદાવાદના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા :- શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીરપુર

૨૪ બિહારવન-બિહાર કુડની લીલા

ચીરવાં, ચીર ઘાટ હરિયો,
તપ કરી ઋષિ, ન પાવત તાહિ, દ્વાપર વ્રજવાસ કિયો. ૧

કૃષ્ણ વરણુ, કારન કુમારી વ્રત કરન ચહયો;
કાત્યાયની વ્રત, યમુના પુજી, અવર રૂપસે કિયો. ૨

અક્ષય બટ સિંગાર ધરી, ગુંજાવન ગુંજા ધર્યો;
ચુપકે સે મોહનને આઇ કૃપા કરન વિચાર્યો. ૩

શ્રીયમુનાકી ગોદ બિરાજી સ્નાન મેં કૃષ્ણ રચ્યો;
લેકર ચઢે, કદમકી ડારી વસ્ત્ર હરન કરિયો. ૪

માયા બંધન, છેદી ચીરી, પુરન ફલહી દિયો;
'ચરનદાસ' નુતન ચીર દેઇ, રાસ અધિકારી કિયો. ૫

ભાવાર્થ : ઋષિકુમારો અગ્નિકુમારોને રામાવતારમાં પ્રભુએ વચન આપ્યું હતું કે કૃષ્ણાવતારમાં તમારો મનોરથ પુર્ણ થશે. તમે વ્રજની ગોપીઓ બનશો. તમારી મનોકામના સફળશે.

પ્રભુના વચન અનુસાર સર્વે વ્રજમાં આવી અને કૃષ્ણને વરવા પુર્ણ પુરૂષોત્તમને પામવા તેમણે શ્રી યમુનાજીનુ બીજું સ્વરૂપ બનાવી, શ્રી કાત્યાયીની રૂપે વ્રત આદર્યું વ્રતના છેલ્લાં દિવસે તેઓ સાથે મળી શ્રી યમુનાજીમાં સ્નાન કરવા પધાર્યા પોતાના વસ્ત્રો-આભુષણો કિનારા ઉપર મુકી જળમાં ખુલ્લા શરીરે નાની નાની કુમારીકાઓ હોવાથી સમુહમાં સ્નાન કરવા ગયાં.

શ્રી શ્યામ સુંદરને જાણ થતાં, શ્રી યમુનાજીના કિનારે પધાર્યા આજે વ્રતનો છેલો દિવસ હોવાથી ઠાકોરજી, પ્રસન્ન થઇ પધાર્યા હતા ત્યાં પધારી તેમણે બધી ગોપીઓનાં વસ્ત્રો ઉઠાવી કદમના વૃક્ષ ઉપર ચઢી લટકાવી દીધાં શ્રી યમુનાજીના આ ઘાટે ચીર-હરણની લીલા કરી છે. તેથી આ ઘાટનું નામ ચીર ઘાટ પડયું છે.

પ્રભુએ ગોપીઓને જળની બહાર આવી પોત પોતાના વસ્ત્રો ઓળખી લઇ જવા જણાવ્યું ગોપીઓએ ખુલ્લા શરીરે બહાર આવવાનો સંકોચ બતાવ્યો પ્રભુએ કહયું કે અહીં મારા સિવાય અન્ય કોઇ પુરૂષ નથી. તમે સંસારની મોહ માયા છોડીને, લોક લજ્જાની પરવા કર્યા વિના મારા શરણે આવી લઇ જાઓ.

વાસ્તવમાં પ્રભુનો વાસ સર્વત્ર છે. શ્રી યમુનાજીના જળમાં પણ પ્રભુ બિરાજે છે તેથી પ્રભુથી પડદો રાખવાની જરૂર નથી. મુખ્ય હેતુ ઠાકોરજીનો એ હતો કે મહારાસમાં પધારતાં પહેલાં આ ગોપીઓમાં રહેલી સુક્ષ્મ વાસનાનો પરદો દુર કરવો અને રાસના અધિકારી બનાવવા તેથી આ બાળ લીલા કરી છે. ગોપીઓ પણ બાલિકા સ્વરૂપમાં જ હતી. નિર્દોષ અને નિર્વાસન હતી. આ લીલા કરી પ્રભુએ તેમની અંદર છુપાઇ રહેલી સુક્ષ્મ વાસનાઓ દુર કરી કરી નુતન ચીર, તનુ નવત્વ અર્પણ કર્યું અને પરમાનંદની પ્રાપ્તિ માટે લાયક બનાવી.

આ માસના ઉત્સવ

વૈશાખ સુદ ૩ તા. ૯–૫–૯૭ શુક્રવાર અક્ષય તૃતીયા, ચંદનયાત્રા, ત્રેતાયુગાદિ, જલ કુંભદાન, શ્રીપ્રભુને આજથી શીતોપચાર કરવા, ગો. શ્રી અક્ષયકુમારજી (પોરબંદ)નો જન્મદિન, ત્રેતાયુગાદિ મન્વાદિતિથિ, શ્રી પરશુરામ જયંતિ, અષ્ટ સખા પૈકી ભકતકવિ કૃષ્ણદાસજીનો જન્મદિન (સં. ૧૫૫૩), ગ્રીષ્મઋતુની શરૂઆત થઇ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૧૦–૫–૯૭ શનિવાર ગો. શ્રી પિતાંબરજી મહારાજ (કાંકરોલી–વડોદરા) તથા ગો. અજયકુમાર મહારાજશ્રી (પુના)નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૧૧–૫–૯૭ રવિવાર અષ્ટસખા પૈકી ભકતકવિશ્રી સુરદાસજીનો જન્મદિન (સં. ૧૫૩૫), શ્રી નટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં. ૧૮૫૧).

વૈશાખ સુદ ૬ તા. ૧૨–૫–૯૭ સોમવાર ગો. શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી જુનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૧૩–૫–૯૭ મંગળવાર ગગોત્પતિ, ગંગા સપ્તમી, રામરાજ્ય, શ્રી જાનકીજીનો પ્રાકટય દિન, ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૦ તા. ૧૭–૫–૯૭ શનિવાર ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજશ્રી (માંડવી)નો તથા ગો. શ્રી કૃષ્ણજીવનજી બાવાશ્રી (મુંબઇ–ચેનાઇ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૧ તા. ૧૮–૫–૯૭ રવિવાર મોહિની એકાદશી વ્રત, શ્રી હરિવંશજીનો જન્મદિન (સં. ૧૫૫૯).

વૈશાખ સુદ ૧૩ તા' ૨૦–૫–૯૭ મંગળવાર ચિ. ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૨૧-૫-૯૭ બુધવાર શ્રી નૃસિંહ જયંતી વ્રત, ગો. ચિ. શ્રીરણછોડલાલજી બાવાશ્રી (માંડવી-રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રી રસિકરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૨૨-૫-૯૭ ગુરુવાર પૂર્ણિમા, વૈશાખ સ્નાન સમાપ્તિ, કુર્મજયંતી, બુદ્ધ જયંતી, શ્રી રાધારમણનું પ્રાકટ્ય, ભકતશ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

વૈશાખ વદ ૨ તા. ૨૪-૫-૯૭ શનિવાર શ્રી દાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ, આજથી તા. ૭-૬-૯૭ સુધી ૧૫ દિવસ શ્રીની શીતોપચાર સેવા કરવી, શ્રી કલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ (સં. ૧૯૬૭).

વૈશાખ વદ ૪ તા. ૨૬-૫-૯૭ સોમવાર ગો. શ્રી દિવ્યેશ બાવાશ્રી (નાથદ્વારા-દ્વિતીય ગૃહ)નો જન્મદિવસ.

વૈશાખ વદ ૭ તા. ૨૮-૫-૯૭ બુધવાર ચિ. ગો. શ્રી શરદકુમારજી બાવાશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન

વૈશાખ વદ ૧૦ તા. ૩૧-૫-૯૭ શનિવાર ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૧-૬-૯૭ રવિવાર, અપરા એકાદશી વ્રત.

વૈશાખ વદ ૧૨ તા. ૨-૬-૯૭ સોમવાર ગો. શ્રી વ્રજરમણલાલજી મહારાજશ્રી (મથુરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૩-૬-૯૭ મંગળવાર ગો. ચિ. શ્રી વ્રજાભરણજી બાવાશ્રી (કાંકરોલી-વડોદરા)નો જન્મદિન

વૈશાખ વદ ૧૪ તા. ૪-૬-૯૭ બુધવાર ગો. ચિ. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (મુંબઇ-મદ્રાસ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૬-૬-૯૭ શુક્રવાર ચંદ્રદર્શન, ગંગા દશહરા પ્રારંભ, પનઘટ-જલક્રીડા, શ્રી યમુનાજીના પદ બોલાય, ગો. ચિ. શ્રી મથુરેશજી બાવાશ્રી (વીરમગામ-અમદાવાદ)નો જન્મદિન.

જેઠ સુદ ૨ તા. ૭-૬-૯૭ શનિવાર ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી અમરેલી)નો જન્મદિન.

માનવ-ધર્મ

વૈષ્ણવતા કા ઘર દુર હે, મનુષ્ય ધર્મ ભી હોય;
ચાપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફીર વૈષ્ણવતા આય;
બિરલા વિરહી રસિક જન, તે કોટીન મેં પાય.

-શ્રી વ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

-ગતાંકથી ચાલુ

અંદરની પવિત્રતા અર્થાત્ અંતઃકરણની શુદ્ધિ-

મહાનિર્વાણ તંત્રમેં કહયું છે :

બ્રહ્મણ્યાત્માર્પણં યત્તચ્છૌચમાન્તરિકં સ્મૃતમ્ ।

આત્માને બ્રહ્મમાં અર્પણ કરવો એ જ આંતરિક શૌચ છે. ખરેખર જયાં સુધી આ હાડમાંસના શરીરમાં અહંબુદ્ધિ રહે છે ત્યાં સુધી શૌચ સિદ્ધ ન થઇ શકે. શરીરને કોઇ ગમે તેટલું પણ ધોઇ-લુછીને રાખે પરંતુ તે પદાર્થોથી બનેલું છે જે સર્વથા અપવિત્ર છે. લોહી, મજ્જા, મેદ, માંસ, અસ્થિ, વીર્ય, કફ, પરસેવો, થુંક વિગેરેમાં કયો એવો પદાર્થ છે જે શુદ્ધ હોય ? ચામડાની થેલીમાં ભરેલ આ અપવિત્ર પદાર્થોના સમુહને જે પોતાનું રૂપ માને છે. તે તો સર્વદા જ અયોગ્ય છે. સુંદર, સુગંધિત અને ગમતો પદાર્થ પણ જે શરીરમાં પ્રવેશ સાથે જ અપવિત્ર, અસુંદર, ધૃણાસ્પદ અને દુર્ગંધપુર્ણ બની જાય છે. ઉત્તમમાં ઉત્તમ પકવાન જેની અંદર જઇને થોડીવારમાં વિષ્ઠાના રૂપમાં ફેરફાર જાય છે એવા અપવિત્ર શરીરમાં અહંબુદ્ધિ કરનાર ખરેખર કયારેય શુદ્ધ ન હોઇ શકે. બહારી અને આંતરિક શુદ્ધિ દ્વારા જયારે પોતાના શરીર અને તેની સાથે સાથે બીજા શરીરમાં વૈરાગ્ય તથા મનમાં પ્રસન્નતા અને પ્રકાશ ઉદભવ પામે છે. ત્યારે જ આત્મસાક્ષાત્કારની કંઇક યોગ્યતા પ્રાપ્ત થાય છે.

મહારાજ પતંજલિએ શૌચનું ફળ બતાવેલ છે-

શૌચાત્સ્વાઙ્ગજુગુપ્સા પરૈરસંસર્ગઃ ।

(યોગ. પાદ-૨, સૂત્ર-૪૦)

શૌચની સ્થિરતાથી પોતાના શરીર પ્રત્યે ધૃણા અને બીજા તરફ સંસર્ગનો અભાવ થાય છે. શરીરને અશુદ્ધ કરવાની ઇચ્છા તેને અશુદ્ધ જોઇને થાય છે. પરંતુ શરીરની અશુદ્ધિ તો કયારેય મટી નથી શકતી. વારંવાર બાહ્ય શુદ્ધિનો અભ્યાસ કરતા કરતા શરીર અપવિત્ર હોવાનો દોષ પ્રત્યક્ષ થઇ જાય છે. ત્યારે તેમાં ધૃણા ઉત્પન્ન થાય છે. જયારે પોતાનું જ વારંવાર

ધોયેલ, લુછેલ શરીર તેને શુદ્ધ નથી લાગતું, ત્યારે બીજાના મેલા-કુચેલા શરીરો પ્રત્યે સંસર્ગ જાતે જ છુટી જાય છે. આ બાહ્ય શૌચનું ફળ છે. તેના પછી પતંજલિ મહારાજ આંતરશૌચની શુદ્ધિ બતાવતા કહે છે–

સત્ત્વશુદ્ધિસૌમનસ્યૈકાગ્રયેન્દ્રિયજયાત્મદર્શનયોગ્યત્વાનિ ચ ।

(યોગ. પાદ–૨, સૂત્ર–૪૧)

શૌચની સ્થિરતાથી સત્ત્વશુદ્ધિ, પ્રસન્નતા, એકાગ્રતા, ઇન્દ્રિયો પર વિજય અને આત્મ સાક્ષાત્કારની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

આંતર શુદ્ધિના સાધનોથી જ્યારે અંતઃકરણના રાગદ્વેષ વિગેરે મળ કંઇક ધોવાઇ જાય છે. ત્યારે રજ અને તમ ઘટતા સત્વ બળવાન બને છે. ચિત્ત નિર્મળ થઇ જાય છે. નિર્મળતાથી પ્રસન્નતા થાય છે. પ્રસન્નતાથી વિક્ષેપ દુર થતાં એકાગ્રતા આવે છે. એકાગ્ર થવાથી મન પોતાને આધિન ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી લે છે. આ રીતે જ્યારે મન સારી રીતે પવિત્ર અને સૂક્ષ્મ વસ્તુને ગ્રહણ કરવામાં સમર્થ થઇ જાય છે. આ શૌચનું શુભ પરિણામ છે. પહેલાંના સમયમાં શૌચનું સેવન કરવામાં આવતુ ફક્ત આ ફળ માટે. આજકાલની જેમ સાબુ તેલથી સાફ–સુથરા અને ચીકણા ચુપડા થઇને પોતાનું સૌંદર્ય બતાવવા અથવા અનેકવાર બીન જરૂરીરૂપે ઘડાના ઘડા પાણીથી નાહીને પોતાને પવિત્ર અને આચારવાન સિદ્ધ કરવા માટે નહી. યાદ રાખવું જોઇએ કે બાહ્ય ભાવથી આંતરિકભાવોનું મુલ્ય સદાય અધિક જ છે

એક મનુષ્ય દિવસમાં વારંવાર શેર માટીથી હાથ–પગ ધુવે અને અનેકવાર નહાય છે. પરંતુ જેના મનમાં ધૃણા, દ્વેષ, હિંસા, અભિમાન, કામ, ક્રોધ, લોભ, ચોરી અને વ્યભિચાર વિગેરે મેલા પદાર્થ ભરેલા પડયા છે તે એ પુરુષ અન્ય કરતા સર્વથા હલકો છે જે ફકત જળ, માટીના ઉપયોગમાં જ શુદ્ધિની ઇતિશ્રી નથી સમજતો, પરંતુ નિરંતર આત્મનિરીક્ષણ કરતા કરતા ખુબ સાવધાનીથી પોતાના અંતરના મળોને ધોઇને અંતઃકરણને સ્વચ્છ રાખે છે. કહ્યું છે–

આત્મા નદી સંયમપુણ્યતીર્થા સત્યોદકા શીલતટા દયોમિઃ ।
તત્રાભિષેકં કુરુ પાંડુપુત્ર ન વારિણા શુદ્ધયતિચાન્તરાત્મા ॥

હે પાંડુપુત્ર ! સંયમ જેનું પુણ્યતીર્થ હોય, જેમાં સત્યરૂપી જલ ભર્યુ હોય, શીલ રૂપી જેના ઘાટ હોય અને દયાની જેમાં લહેરો ઉઠતી હોય, એવી આત્મારૂપી નદીમાં નાહીને તું પવિત્ર થા. અંતરાત્માને જળ શુદ્ધ ન કરી શકે. તેથી મનની શુદ્ધિ ચાહનાર પુરુષોએ નિરંતર આત્મવિચાર, ઇન્દ્રિય સંયમ, સત્ય, શીલ અને દયા વગેરે ગુણોનું સેવન કરવું જોઇએ.

–ક્રમશઃ

કંઠાભરણમ્

સત્ય

સત્યમેવ જયતે નાનૃતમ્ । સત્યનો જ જય છે, અસત્યનો નહીં.
નાસ્તિ સત્યસમં પુણ્યમ્ । સત્ય સમાન કોઇ પુણ્ય નથી.

સત્યેન ધાર્યતે પૃથ્વી સત્યેન તપતે રવિઃ ।
સત્યેન વાતિ વાયુશ્ચ સત્યે સર્વં પ્રતિષ્ઠિતમ્ ॥

સત્યથી પૃથ્વી ધારણ કરાય છે, સત્યથી સૂર્ય તપે છે અને સત્યથી વાયુ વાય છે, એમ બધું સત્યમાં પ્રતિષ્ઠા પામ્યું છે– સત્યના આધારે ટકી રહ્યું છે.

સત્યં સ્વર્ગસ્ય સોપાનં સત્યં બ્રહ્મપદ પ્રદમ ।
સત્યેન લભતે મોક્ષં સત્યે સર્વં પ્રતિષ્ઠિતમ ॥

સત્ય સ્વર્ગની સીડી છે, સત્ય બ્રહ્મપદને આપનાર છે, સત્યથી મોક્ષ મળે છે, એમ બધું સત્યમાં પ્રતિષ્ઠા પામ્યું છે.

નાસ્તિ સત્યાત્પરો ધર્મો નાનૃતાત્પાતકં પરમ ।
શ્રુતિર્હિ સત્યં ધર્મશ્ચ તસ્માત્સત્યં ન લોપયેત્ ॥

સત્યથી શ્રેષ્ઠ બીજો ધર્મ નથી અને અસત્યથી મોટું બીજું કોઇ પાપ નથી. સત્ય વેદસ્વરૂપ છે, સત્ય એ જ ધર્મ છે, તેથી સત્યનો કદી લોપ કરવો ન જોઇએ.

ગોભિર્વિપ્રૈશ્ચ વેદૈશ્ચ સતીભિઃ સત્યવાદિભિઃ ।
અલુબ્ધૈર્દાનશૂરૈશ્ચ સપ્તભિર્ધાર્યતે મહી ॥

ગાયો, બ્રાહ્મણો, વેદો, સતી સ્ત્રીઓ, સત્યવાદી લોકો, લોભરહિત મનુષ્યો અને દાન કરવામાં શૂરા માણસો– એ સાત વડે આ પૃથ્વી ધારણ કરાઇ છે, તેમના આધારે પૃથ્વી ટકી રહી છે.

તસ્માત્ સત્યવ્રતાચારઃ સત્ય યોગ પરાયણઃ ।
સત્યાગમઃ સદા દાન્તઃ સત્યેનૈવાન્તકં જયેત્ ॥

એટલા માટે મનુષ્યે સત્યવ્રતોનું પાલન કરી, સત્યસ્વરૂપ પરમેશ્વરની યોગ સાધનામાં પરાયણ રહી, વેદાદિ સત્ શાસ્ત્રોનું પરિશીલન કરી, સદા સંયમી રહી, સત્ય વડે જ મૃત્યુના ઉપર વિજય મેળવવો જોઇએ.

[‘કંઠાભરણમ’ કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી હરિઃ ॥

કાવ્ય-કુંજ

લેખિકા : **અ. સૌ. ગો. શ્રી કુમુદિની વહુજી, કડી-કાંદીવલી (પશ્ચિમ)**

૧. કૃપા વિના સર્વોત્તમ સારને સમજાય નહિ

[રાગ–છાનું રે છપનું કાંઈ થાય નહીં, ઝણુકે ના ઝાંઝર તો ઝાંઝર કહેવાય નહિ]

શ્રી વલ્લભને વિઠલની કૃપાનો તો પાર નહીં,
કૃપા વિના સર્વોત્તમ સારને સમજાય નહીં.

વલ્લભનો દિવ્ય સ્વરૂપ જીવથી ઓળખાય નહીં,
વગર સર્વોત્તમ એ સ્વરૂપ સમજાય નહીં;
સિવા પ્રભુચરણ સર્વોત્તમ પ્રગટાય નહીં,
કૃપા વિના સર્વોત્તમ સાર ને સમજાય નહીં.... –શ્રી વલ્લભ૦ ૧

પુષ્ટિના વૈષ્ણવથી અન્યાશ્રય થાય નહીં,
વલ્લભનો આશ્રય તો કયારેય છોડાય નહીં;
વલ્લભ સિવાય મન બીજે કયાંથ જાય નહીં. –કૃપા વિના૦ ૨

બ્રહ્મસંબંધ લઇને સેવા વિના રહેવાય નહીં,
વલ્લભની આજ્ઞા છે અસર્પિત લેવાય નહીં;
પુષ્ટિ પ્રભુની સેવા ભાવ વિના થાય નહીં.... –શ્રી વલ્લભ૦ ૩

નામ એકસો આઠ એવા મળે બીજે કયાંય નહીં,
એક – એક નામનો વિસ્તાર તો સમાય નહીં;
સર્વોત્તમ સ્તોત્રની સરખામણી તો થાય નહીં. –કૃપા વિના૦ ૪

મીઠાસ એની તો શબ્દોમાં કહેવાય નહીં,
મધુરતા એવી તો મળે બીજે કયાંય નહીં;
'કુમુદિની' ના હૈયામાં હરખ સમાય નહીં.... –કૃપા વિના૦ ૫

૨. જગત [શાર્દુલવિક્રીડિત]

આ છે રંગભૂમિ સમુ જગત ને, પાત્રો બધાં આપણે,
જે કૈં પ્રાપ્ત થઇ અહીં વિધિ થકી, એ ભૂમિકા તે કરે;
કયાં બેઠો પણ સુત્રધાર જંત્રનો, આ નાટય ખેલાવતો ?
કયારે નાટય થશે પુરું જગતનું ? ના માનવી જાણતો

—જયંત જી. ગાંધી –'કુસુમાયુદ્ધ', જુનાગઢ

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ર શ્લોકી

સેવા ભાવના (હિંદીમાં પદ્ય રચના)

રચયિતા : પ. ભ. રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

દો. મોર પીચ્છ કો ચંવર હલી, આંદોલિત ચમકાહિં ।
ગૈયન સીંગ હલાવતી, ચંચલભાવ જનાહિં ।૬૦૦।

ત્રાસ યુકત ભયભીત ભઇ જયોં । ચકિતા મુખ ઉઠાઇ દૌરીં ત્યોં ।
દેખન મુખ અંબુજ સ્વામી કો । ઉત્કંઠા સોં ભૌં વ્યાકુલ જો ।૬૦૧।

કોમલ કર પરસેં ગોપાલા । તબહિં વસીનન જે બેહાલા ।
હ્વૈ રોમાંચ યુક્ત-તનુ-સોઇ । વેણુનાદ તિન ગતિ થિર હોઇ ।
ચિત્ર લિખી સી ખડી રહાવેં । નિજ પિય મુખ દેખત રહ જાવે ।
ઘાસન તિનકા દાંતન ધારે । ભઇ અરુચિ જનુ કાર્યન સારે ।૬૦૨।

હરિ જબ ધરત ચરન બ્રજમાંહી । તિન્હ ચિન્હન કહં દેખત જાહીં ।
હરિ કે પાછેં ચલ સુખ પાવૌં । તિન ચરનન સોં પ્રીત જનાવેં ।૬૦૩।
દો. પીતાંબર હુ ઉછાલિયો, ચહું દિસી પુની ભગવાન ।
દેખત, દ્રતગતિ, હરિ નિકટ, આઇ સુન ધુનિ કાન ।૬૦૪।

લરકિન આગે ગોપ શસ્ત્ર ધર । પુનિ એકત્ર ગાયેં સારી કર ।
ન્યારે ન્યારે ઝુંડન માહિં । તિનકે પીછે ગાય રખાહીં ।૬૦૫।
ગોપન ઘિરે જુ વેણુ બજાવત । દ્રતગતિ બાલક શૃંગ બજાવત ।
નિજ પત્રક જિમિ કમલ ઘિરાહીં । તિમી ગોપન નિજ પ્રભુહિં ઘિરાહીં ।૬૦૬।
હરિ યશ જો વનમેં અનુભયો । વિમલ ગાન યશકો તિન ગાયો ।૬૦૭।
વનકી ગેરુ કોમલ પત્રન । પુષ્પાદિક સોં ચિત્ર્યોં અંગન ।
અનેકાભરણ યુકત હોય કેં । અપને હાથ લકુટિયે લે કેં ।૬૦૮।
કટી પૈ શૃંગી આદિક ધારે । ગોપ વેષ મેં સોહહિં પ્યારે ।
સુનિ નિજ નાથ કૃષ્ણ કો ગાયન । ભયે પ્રફુલ્લિત હિય આનંદન ।૬૦૯।
વિવિધ ભાંતિ કે વાદ્યન ભાયે । તે સબ અપને હાથ બજાયે ।
દો. કુંજન કરહિં અનેક વિધ, મન અતિ આનંદ પાય ।
ગ્વાલ વેષ ધારે પ્રભુહિં, સંતોષત જુ હંસાય ।૬૧૦।
અચરજ યુત શ્રી અંગ ફલ રૂપા । ધરિયો શ્રી ગોવિંદ સુર ભૂવા ।
સેવહિં વનમાલ હુ જિન ચરના । તન ધાતુન ચિત્રાય શુચિમના ।૬૧૧।
કટિ પૈ શૃંગી લકુટી સુહાઈ । જઠરન પીતામ્બર લપટાઇ ।
નૃત્ય કરત બ્રજ કી ભૂમી કો । મર્દન-કલેશ નસાવન હી કો ।૬૧૨।

બાયેં હાથન કમલ ફિરાવત । માલા પર કે ભ્રમર ઉડાવત ।
પુષ્પ ખિલે જિન વૃક્ષન માંહી । ચલહીં દેખતિન અતિ સુખ પાઇ ।૬૧૩।
પુષ્પન યુત જે લતા દિખાહીં । ચલહિં નિજ નખસોં તિનકા હીં ।
ફલયુત શાખન આપ નવાહીં । ભેંટ ધરન હિત તિન ગુનગાહીં ।૬૧૪।
પુષ્પ લતા અરુ પત્ર આદિકન । કરહિં બોધ યા વિધિ ઉપયોગન ।
નિજ ચરનન કો ઇમિ બ્રજભૂમિહિં । ગાઢ સંબંધ કરાવત દૌર હિં ।૬૧૫।

દો. પૃથ્વી પૃથ્વી નાથ કી, ભૌંઇકથા જે બાત ।
તે બ્રજ કેર પ્રસંગ મેં, કહત ભૂપ હરખાત ।

સો. કહહું કથા સો ગાય, ચાર હું યુગ કી બાત તિન્હ ।
સહજ સમઝ આ જાય, રૂપ વલ્લભાધીશ કો ।

સતયુગ ધરી વરાહ અવતારા । હિરણ્યાક્ષ રાક્ષસ કહં મારા ।
ઇમી પૃથ્વી ઉદ્ધરિત કરાઇ । કહત ધરા સોં મુદ હરિરાઇ ।
સુનત ધરા બોલી હર્ષાઇ । નાથ કૃપા કીની બરીયાઇ ।
વૈ સ્વરૂપ ભાંયો ન તિહારો । છમેહુ નાથ અપરાધ હમારો ।
હરિ બોલે ભાંમિની ધીરજ ધરુ । ત્રેતા મેં સ્વરૂપ દર્શન કરુ ।
રામરૂપ ધરિ કે હરિ આયે । અસુર હુ જીન કે રૂપ રીઝાયે ।
સુર્પનખા નિજ કથા સુનાઇ । ખરદુષન કહં ક્રોધ દિવાઇ ।
ચલી લડાવન રામ લખન સોં । દેખત બોલેં ખરદુષણ યોં ।
હમ ભરી જનમ સુનહુ સબ ભાઇ । નહિં દેખી અસિ સુંદરતાઇ ।
સો સ્વરૂપ ત્રૈલોકય રીઝાવન । ધુત હિં દીખાયો સ્વામી જગપાવન ।
પુછી બહુરી વિહંસી રઘુરાયા । કહુ અબ તો સ્વરૂપ મન ભાયા ।

દો. કહત ધરા સંકોચ કરી, સુંદર યદપિ સ્વરૂપ ।
પૈ લીલા ભાઇ નહીં, કહું સત્ય સુર – ભુપ ।

કહ પ્રભુ લીલા દેખન કાહીં । રુકહું ઓર દ્વાપર તાચીં ।
પુનિ દ્વાપર પ્રભુ લૈ અવતાર । કીન્હીં લીલા વિવિધ પ્રકારા ।
હરખિ પુછી પૃથ્વી સોં જાઇ । અબ તો ફીર કછુ કસર ન ભાઇ ।
બોલી પૃથ્વી પુનીસકુચાઇ । લીલા સબ મોરે મન ભાઈ ।
પૈ પ્રભુ મો મન યહ ન સુહાયો । એક અંગ લીલા સુખ પાયો ।
કેવલ બ્રજ મંડલ કિય પાવન । ઓર અંગ મમ રહે અપાવન ।
પ્રભુ બોલે પુની ધીરજ ધારહું । કલિ વલ્લભ અવતાર નિહાર હુ ।
તબ કરી હોં સબ ભુમિ સનાથા । સુનત ધરા નાચેઉ પદૂમાથા ।

—ક્રમશઃ

॥ શ્રી હરિ ॥

ભકતના ઘરમાં ભગવાન વિરાજે છે,
ભગવાનના ઘરમાં ભકત નહિ !

અંગુલિ નિર્દેશક : **શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી, નડીયાદ**

શ્રી ગુસાંઇજીએ પોતના સાત બાલકોને સાત સ્વરૂપો સેવા માટે ભાગમાં પધરાવી દીધાં તે સાત બાલકોએ પોતાના પ્રભુને જુદા જુદા પધરાવીને જુદા જુદા પોતાના ઘરોમાં સેવા કરી છે, તેથી સાત ઘરો પ્રસિદ્ધ થયાં. મથુરામાં પણ આ સાત- બાલકોના ઘર હતા. તે સ્થાન આજે પણ 'સતઘરા' નામે પ્રસિદ્ધ છે. આ બધાં બાલકોનાં ઘર હતા. તેમાં તેમના પ્રભુની સેવા થતી હતી. 'જે ઘર છે તે બાલકથી છે, શ્રી ઠાકોરજીથી નહિ'- આમ, અમદાવાદવાળા ગો. શ્રી રણછોડલાલજી મહારાજશ્રીના વચનામૃતમાં પણ આ સ્પષ્ટ છે. ભકતના ઘરમાં ભગવાન પધારે છે- વિરાજે છે, ભગવાનના ઘરમાં ભકત નહિ.'

'કૃષ્ણે વિશ્વેશ્વરેડનન્તે નંદસ્ય વ્રજમાગતે ।' (૧૦-૫-૧૩)માં આ સ્પષ્ટ છે. કૃષ્ણ વિશ્વેશ્વર છે, પણ આવ્યા છે તો નંદજીનાં વ્રજમાં ! વ્રજ નંદજીનું ઘર છે ! ઘર પણ નંદજીનું છે. -'નંદાલય' ! પુત્ર પ્રાકટ્યનો ઉત્સવ પણ નંદજીનો છે, -નંદમહોત્સવ ! ભગવાન કૃષ્ણ પણ પિતાના પુત્ર થઇને આવ્યા છે,- નંદલાલ છે, -નંદરાજકુમાર ! નંદનંદન ! આ છે. ભગવાને પણ સ્વીકારેલી-પ્રવર્તાવેલી-પુષ્ટિપદ્ધતિ !

શ્રી ગુસાંઇજીના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજીએ પોતાને સેવા માટે ભાગમાં મળેલાં શ્રી બાલકૃષ્ણલાલજીને પોતે ન પધરાવ્યા. 'છોટે ઠાકોરજીકો કહા કરું ? !' કહ્યું, ત્યારે શ્રી ગુસાંઇજીએ આજ્ઞા કરી- 'એ તો બડે મહારાજજી હૈ ! શ્રી ઠાકોરજી કો કહાં બડો કહાં છોટો ? !' આમ, શ્રી બાલકૃષ્ણજી શ્રી ગુસાંઇજીને ઘેર જ વિરાજયા શ્રીનાથજી સૌના ગણાયા.

શ્રી ગિરિધરજીને શ્રીનાથજીએ સાતે સ્વરૂપોને પોતાની સાથે અન્નકુટ આરોગવવા ત્રણ વાર આજ્ઞા કરી, ત્યારે શ્રી ગુસાંઇજીએ 'યા મૈ લૌકિક બઢી જાયેગી, ઔર દુજે સ્વરૂપ વિષે લૌકિક-ભાવ બઢી જાયેગો !' -કહીને આજ્ઞા સ્વીકારી લીધી !

આ શ્રી વલ્લભજીના વચનામૃતાનુસાર, શ્રી ઠાકોરજીનાં સ્વરૂપ તો નવ, શ્રી ગુસાંઇજીના સાત બાલકના ભાવથી સાત-સ્વરૂપ કહેવાય છે. આ સાત બાલકોની સાત ગાદી કે સાત ઘર છે, જયાં તેમના પ્રભુની સેવા થાય છે. આ સાત સ્વરૂપના ઉત્સવમાં જતાં બધાં સ્વરૂપો તો ઝાંપીજીમાં વિરાજાવ્યા. શ્રી મથુરેશજી-શ્રી દ્વારકાનાથજીનાં સ્વરૂપ મોટા તેથી પાલખીમાં

પધરાવ્યા. સાતે સ્વરૂપો આમ સૌના ઘેરથી પધાર્યા. ત્યારે શ્રી મથુરેશજીની પાલખીમાં શ્રી નટવરલાલજી અને શ્રી દ્વારકાધીશજીની પાલખીમાં શ્રી બાલકૃષ્ણજીને પધરાવ્યા. આમ, આ ગોદના સ્વરૂપ કહેવાય છે, પણ સાત સ્વરુપ જેવા જ છે. સઘળાં પુષ્ટિ-સેવ્ય સ્વરૂપો સમાન જ છે આમ, શ્રી બાલકૃષ્ણજી શ્રી નવનીતપ્રિયજી સાથે શ્રી ગિરિધરજીને ઘેર બિરાજતા હતા. તે ત્રીજા લાલજી શ્રી બાલકૃષ્ણજીની વિનંતીથી શ્રી બાલકૃષ્ણજી શ્રી દ્વારકાધીશ સાથે ગોદમાં વિરાજેલા. શ્રી ગુસાંઇજીએ વાત્સલ્યથી પોષેલા પોતાના જલધરીઆજીના પુત્રને 'અષ્ટમ-લાલજી' તરીકે સિંધમાં મોકલેલા !

['પુષ્ટિ-પુલિન' ગ્રંથમાંથી લેખકશ્રીના સૌજન્યથી]

॥ શ્રી વલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૫૦. જગત પ્રત્યે પ્રભુદૃષ્ટિ

આ જગતમાં વિશ્વાસ આપણને છે ? જ્યારે ગામ જવું હોય તો વળાવા શોધીએ છીએ. એટલે ખરી રીતે આપણે વિશ્વાસને દેખતા નથી, તેથી બીક લાગે છે, તેથી વળાવા લેવા પડે છે, ને શુકદેવજી વિશ્વાસમાં જ ફરે છે, ને કુબુદ્ધિવાળા અથડાય છે. તે એ કબુધો પોતાને હાથે અથડાય છે. પણ શુકદેવજીને તો વિશ્વાસ છે એટલે શીદ વળાવા લે ?

વળી શુકદેવજી આ જગતને પ્રભુ વિના દેખતા નથી, પ્રભુમાં જગત જુએ છે, ને જગતમાં પ્રભુ જુએ છે. આપણે આંધળા છીએ, માટે આ લોકને લોક જોઇએ છીએ. બ્રાહ્મણને બ્રાહ્મણ, વાણીઆને વાણીઆ ને કોળીને કોળી જોઇએ છીએ, પણ વાસ્તવિક રીતે છે નહિ. સર્વ પ્રભુનાં ક્રીડા આભરણ છે, પ્રભુને રહેવાનું મંદિર છે.

જુઓ, ચાચાજીએ એક વૈષ્ણવ શ્રી ગુસાંઇજી પાસે ઉભા હતા, તે જાણીને તેનું પાણી પીધું, કારણ કે પોતે વિચાર્યું કે શ્રી ગુસાંઇજી પાસે ઉભા છે, માટે વૈષ્ણવ વગર હોય નહિ. આપણે વૈષ્ણવોના દોષ જોનારા ને ચાચાજી વૈષ્ણવ જ જોનારા. તેમ શુકદેવજી જગતને પ્રભુ રૂપ જુએ છે, ને આપણે મનુષ્યને જોઇએ છીએ. આપણુ જોવું આ જગત જુદુ છે ને શુકદેવજીનું જગત જોવું જુદું છે.

આજીવન ગ્રાહકોની યાદી

૬૦૧	શ્રી રાણપરા જગજીવન ચુનીલાલ,	અમદાવાદ
૬૦૨	શ્રીમતી નિલીસા અનંગ પરીખ,	,,
૬૦૩	શ્રી રમણભાઇ એમ. ભોપે,	,,
૬૦૪	,, ચંદુભાઇ જે. પટેલ	ગોરેગાંવ
૬૦૫	,, કંસારા શાંતિલાલ હરજીવન	ધ્રાંગધ્રા
૬૦૬	,, મગનલાલ એચ. ખીરસરીયા	રાજકોટ
૬૦૭	,, પારેખ શશીકાંત જગન્નાથ	સીકંદરાબાદ
૬૦૮	,, વેલજીભાઇ જેઠાભાઇ ગજેરા	ગોંડલ
૬૦૯	,, ભાવેશ મહેન્દ્રભાઇ રાધનપુરા	રાજકોટ
૬૧૦	શ્રીમતી રશ્મિબેન એ. મણવર	,,
૬૧૧	શ્રી રવજીભાઈ ગાંડુભાઇ રૂપારેલીયા	કોલીથડ
૬૧૨	,, રસિકલાલ જગજીવન કેસરીયા	રાજકોટ
૬૧૩	,, હરસુખભાઇ દામોદરદાસ હિંડોચા	વાપી
૬૧૪	,, વસંતલાલ એસ. કંસારા	વડોદરા
૬૧૫	,, લક્ષ્મીદાસ કરસનદાસ	બોરીવલી
૬૧૬	,, જીતેન્દ્રકુમાર દામોદરદાસ	,,
૬૧૭	,, અમૃતલાલ માધવજી તન્ના	કલ્યાણ
૬૧૮	,, હિરાલાલ ગોવિંદજી	,,
૬૧૯	,, ભીખુભાઇ મોહનભાઇ ભીમાણી	કેશોદ
૬૨૦	,, યશવંતરાય લાભશંકર ભટ્ટ	રાજકોટ

અનુકરણીય

આ જીવન ગ્રા. નં. ૬૫૬ શ્રી પાટડીયા અમૃતલાલ નરભેરામ સોની રાજકોટ દ્વારા લવાજમના દર રૂા. ૫૦૧/- થતાં રૂા. ૧૦૦/- વધારાના લવાજમના ભરી પ્રસંશની સેવા કરેલ છે,

આ જીવન ગ્રા. નં. ૩૦૩ મીસ્ત્રી રતીલાલ લાલજીભાઇ વીસરોલી, ધોરાજી તરફથી રૂા. ૫૧/- તથા આ જીવન ગ્રા. નં. ૨૬૧ સોની અમૃતલાલ નાનજી ભાઇ વડાલવાળા ધોરાજી તરફથી રૂા. ૫૧/- વિશેષ લવાજમ મોકલી પ્રસશાંનીય સેવા કરેલ છે.

॥ શ્રી હરિઃ ॥

શિખામણ-સૂત્ર

લેખક : **શ્રી ગણપતરામ શાસ્ત્રીજી -ધમ્બોલા**

-ગતાંકથી ચાલુ

તમારી પાસે સંપત્તિ સાચી એટલે સાત્વિક હોય તો સંપત્તિ ને આયુષ્ય સર્વના કલ્યાણ માટે વાપરી ભગવાનની લીલાના ભાગીદાર થઇ આનંદ પ્રાપ્ત કરો. નહીં તો સંતાનના કે ખોટા સંગમાં પડી ખોટુ ધન, ખોટે રસ્તે જશે. તેનું ફલ તમારે ભોગવવું પડશે. જનમ મરણના ફેરામાં પડી કોઈ સમયે સર્પ, ડુક્કર, બળદ, પાડા યા તો ભેંસ, યા તો વૃક્ષો, યમ યાતના, નરક, તન-મન-ધનથી રોગી, સદા ચિંતાગ્રસ્ત યા તો એવો દેહ મલે કે બધા તને દુઃખ દે. તમો હોસ્પિટલમાં જોતા નથી ! મુંબઇ ઓર્થોપેડીક હોસ્પિટલમાં જોઇ તો આવો કે કોઇ માણસના શરીર ઉપર સોય મુકી શકાય તેવી ચામડી સાજી છે ? મેં નજરોનજર જોઇ લીધું છે. તમોને કંઇ ન થાય તેવો કોઇ ઠેકો (ઇજારો) લીધો છે ખરો ?

સૂત્ર : ૭-મું કેમ ભાઈ ! તમોએ કોઈ ગુરુ કર્યા ખરા ?

ગુરુ ઐસા કીજીયે, જેસા સરનિયા હોય;
તીન કાલકી મલિનતા, પલમેં ડાલે ખોય.

જવાબ : કરવો કોને ? ભગવાનને. ભગવાન મંત્ર દેવા આવે છે ખરા ? હા. ક્યાં, આપણી પાસે. અરે ભાઇ ! ગુરુ તો માણસ થાય છે. ના ના. ભગવાન પોતે થાય છે, લે બતાવ.

લે જો બધા મારગમાં જીવ ગુરુ થાય છે, પણ અમારા પુષ્ટિમાર્ગમાં ભગવાન પોતે ગુરુ થાય છે. ભગવાન અને શ્રી રાધાજી કુંજમાં બિરાજેલા વાતો કરવા લાગ્યા. આપણે ગુરુ થઇ ઉપદેશ આપીએ તો કેવું ! શ્રી રાધાજી બોલ્યા- ગુરૂ તો એક હોય, બે ગુરૂ સાથે નહી થાય. ભગવાને હસીને કહ્યું કે- તમો લલીતાજીને બોલાવો, મારી લલીતા સરસ્વતી છે, તે ખુલાસો કરે, હું માનીશ !

એટલામાં શ્રી લલીતાજી આવ્યા અને બોલ્યા- પાછા શું વિવાદ ચાલ્યા ? મને વાત તો કરો ! ભગવાન બોલ્યા- આ તારી રાધા આપણે બંને ગુરૂ થઇએ એમ કહે છે, આનું કેમ કરવું ? તું બંનેની રાખ, તુ મહાન બુદ્ધિમાન છે.

લલીતાજી બોલ્યા- એ તો બની શકે છે, કોઇ મોટી વાત નથી. રાધાજી ખીજાઇને બોલ્યા- વાત વાતમાં બે બાજુ ઢોલ વગાડે છે, લે બતાવ ! કેવી રીતે ?

લલીતાજી બોલ્યા- અરધા તમો એને અરધા ઠાકોરજી, યુગલરૂપ એક જોડુ એક ગુરુ બની શકે. બે નહીં, રાધાજી મંદ મંદ હસતા બોલ્યા- અરે ! લલીતા તારા વગર અમારા વિવાદ કોણ દુર કરે ? ચાલો હવે રમત કરીએ. બંને અરધા અરધા સ્વરૂપ બની ગયું કે માનો નવું યુગલ !

એટલામાં તો ચન્દ્રાવલીજી વિશાખા સખી ઘણા ભેગા થઇ બોલ્યા- અરે ! આ તો અમોને ઘણા વહાલા લાગે છે. એમ કરો, આ સર્વના વલ્લભ તો એમનું નામ વલ્લભ રાખો. તમો ભૂતલ ઉપર ગુરુ થઈ પધારો, અમો જુદા જુદા રૂપથી તમારી સાથે રહી આપણી વ્રજ લીલાનો પ્રચાર કરીએ અને તીર્થો પવિત્ર કરીએ.

એટલામાં ગંગાજી આવી કહેવા લાગ્યા- આ દુષ્ટ કલિયુગે સર્વ તીર્થો, ક્ષેત્રો અને સન્માર્ગનો નાશ કર્યો.

ગુરૂ શ્રી વલ્લભ બોલ્યા- એ બાબતે તમારે ચિંતા ન કરવી. હું પોતે અગ્નિ નારાયણ રૂપ ધારણ કરી સર્વ પાપ, તાપ અને કલિના શ્રાપ દુર કરીશ. આચાર્યરુપમાં તો રહીશ પણ પ્રભાવ તો આપના બંને સ્વરુપોનો ધારણ કરીશ. બધા હસતા હસતા પુષ્પવૃષ્ટિ, આરતી ઉતારતાં બોલ્યા- યુગલસ્વરૂપ શ્રી વલ્લભ ગુરૂકી જય હો ! નિકુંજનાયક ગોવર્ધનેશ (શ્રીજી) ગિરિરાજમાં પ્રકટ થયા. સર્વ સખીઓ જુદા જુદા રૂપથી પ્રકટ થઇ. શ્રી ચંદ્રાવલીજી વિઠ્ઠલ સ્વરૂપ આગળ કરી પછીથી બધુ સંભાળવા દોડયા.

વાહ ભાઇ વાહ ! પેલો ગણપત શાસ્ત્રી કથા કરતો હતો. વારે ઘડીએ એમ બોલતો હતો. શ્રી વલ્લભે આમ કર્યું, પછી પોતે તેમ કર્યું ! એ વલ્લભની કથા, તું જે કહે છે તે વલ્લભની તો નથી !

અરે ભાઇ ! એ જ આ શ્રી વલ્લભ પ્રભુ ! વાહ, મારે એમને શરણે જવું તો ક્યાં જવું ? ગોસ્વામી બાલકો જે કહેવાય છે તેમની પાસે શ્રી વલ્લભે પ્રકટ કરેલો મંત્ર લેવો. 'શ્રી કૃષ્ણઃ શરણં મમ' 'શ્રી' એટલે રાધાજી. રાધાજીના નાથ 'શ્રીકૃષ્ણ' એ જ મારું શરણ હજો- છે. આજથી શ્રીકૃષ્ણ સિવાય હવે હું કોઇને શરણે ન જઇશ.

કોઈ એમ પુછે કે તારૂં કોઇ ઠેકાણું છે ? તો તારે એમ કહેવું કે સર્વનો સ્વામી શ્રીકૃષ્ણ, તેના શરણમાં રહેનાર મારૂં ઠેકાણું તે. 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' શ્રીકૃષ્ણ એ જ મારૂં શરણ હજો- છે.

સૂત્ર-૮ મું હે અંતઃકરણ તું મારો મિત્ર બન, તેમાં તારૂં અને મારૂં ભલું થશે !

દો. સહાય દુર્જનકી બુરી, ભલો સજ્જનકો ત્રાસ;
જયોં સૂરજ ગરમી કરે, ત્યોં બરખાકી આસ,

જો મારા દેહમાં ચિદરૂપથી હું રહું છું. સર્વને પ્રકાશ આપી ચૈતન્યરૂપથી બતાવી રહ્યો છું, તમે અંતઃકરણ ઇન્દ્રિયો બધા જડ છો. પ્રકાશ હું આત્મારૂપ કરી રહ્યો છું. તમો બધા મારાથી જીવી મોજ માણી રહ્યા છો. એટલે મારો પરિવાર તમે બન્યા. બધા પરિવારને છોડીને ભાગી જાય છે, પણ મારે તો મારો પરિવાર સાથે લઈ અહીંથી જવું છે, કારણ કે ઇન્દ્રિયોવાળાને મોક્ષ નકામો. હું બ્રહ્મનો અંશ હોવાથી મારું અણુ બ્રહ્મમાં પેસે તો ઇન્દ્રિયો ગઇ. જો ઇન્દ્રિયો હોય તો મને અને તમોને ઘણો જ આનંદ મળે.

આંખથી ભગવાન, ભગવાનની લીલા જોવી. કાનથી કથા ગુપ્તવાર્તા સાંભળવી, મોઢથી પ્રભુના ગુણગાન ગાવા, પગથી દરેક કુંજમાં ફરવું, હાથથી દરેક પ્રકારની સેવા કરવી. આ બધો આનંદ અંતઃકરણને મળે. માટે માનવું છે કે નહીં ? આ જે જગતમાં દેખાય તે ક્ષણે ક્ષણે નાશ પામે છે. એટલે ઘણા વખત તમોને ધમકાવું છું– હે આંખ ! તું જે કાલે પેલી બાઇના સામે જોતી હતી ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર રાજી થતાં હતાં. ઓ મુર્ખ ! તેના શરીર ઉપર ગોરી ચામડી હતી. જેમ પ્લાસ્ટીકનું કવર ચડાવ્યુ હોય તે માત્ર દેખાય છે. અંદર માંસ, એકીબેકીનો મળ ભરેલો છે. તે પણ કયારે નાશ પામે એનો ભરોસો નથી. તો પછી મોહ તેના મળ, માંસ કે ચામડીમાં કે તેના મરણમાં તને કયાં મોહ થયો, મને બતાવ ! આ દુષ્ટ મન ક્ષણ ક્ષણમાં પલટા કરાવે છે. જોતમાં છટકી જાય. આ દુષ્ટને કોઇ એવી ગાળો ભાંડુ છું– શું તારે મને નરકમાં નાખી મારા સાથે તારે પણ દુઃખ ઉઠાવવું પડે ને ? ઓ મુરખ તે દિવસે કેવડાત્રીજ હતી. રાતના સમયમાં તમો બધી ઇન્દ્રિયો મારી સાથે હતી. એકદમ દિવ્ય સ્વપ્ન શરૂ થયું. (ક્રમશઃ)

શ્રી સર્વોતમ સ્તોત્ર પ્રવચન સપ્તાહ

તા. ૧૧–૩–૯૭ થી ૧૩–૩–૯૭ દરમ્યાન શ્રી લાલજી મંદિર રાજપુરા (પંજાબ)માં શ્રી સર્યોતમ સ્તોત્ર પ્રવચનનુ આયોંજન કરવામાં આવેલ હતુ પુ. પા. ગો. શ્રી વિજયકુંમારજી (શ્રી દામોદરલાલજી) કડી–મુંબઈ મહારાજશ્રીએ શ્રી મહાપ્રભુજીના શ્રી સર્વોતમ સ્તોત્રમાં વર્ણીવેલા નામોની વિસ્તુત સમજ આપતા વૈષ્ણવોનુ કર્તવ્ય તેમજ સેવા પ્રણાવીતી સમજ આપીને શ્રી સર્વોતમ સ્તોત્રનુ રસપાન કરાવેલ હતુ. સાથો સાથ અ. સૌ. ૨૨મી કુમુદિની' વહુજીએ સર્વોતમ–સ્તોત્રલના સ્વરચિત ગીત ધુનનુ ગાન કરેલ હતું.

કુરુક્ષેત્ર શ્રી મહા–પ્રભુજીની બેઠકમાં હોરી ખેલનુ આયોજન કરવામાં આવેલ તેમાં આપશ્રી વૈષ્ણવો સાથે પધાર્યા હતા.

પ્રથમ પણ અદ્વિતીય અને અલૌકિક આનંદ વૈષ્ણવોએ પ્રાપ્ત કર્યો. આયોજન પ્રેમભાટિયા લતા ભાટિયાએ સુંદર રીતે કરેલ હતું.

(ન. લી. પ. પૂ. ગો. શ્રી વૃજભુષણલાલજી મહારાજનો પ્રાકટય ઉત્સવ

વૈષ્ણવ સમાજ, જામનગર દ્વારા આ મહોત્સવનુ આયોજન રકવામાં આવેલ હતુ સાથોસાથ વિવિધ કાર્યક્રમોનુ આયોજન કરેવ હતું.

પ. પુ. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ૨૪ વરસથી મોટી ઉમરના વૈષ્ણવો માટે ધોળ પદની વકતૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલ હતી અને આ પ્રકારની સ્પર્ધા પ્રથમવાર આયોજીત થયેલ છે. સ્પર્ધાના નિર્ણાયક તરીકે નામી સાહિત્યકાર શ્રી લાભશંકર પુરોવિતે સેવા આપેલ હતી. પ. પુ. ગો. શ્રી વલ્લભ બાવાશ્રીના પ્રથમ, દ્વિતીય તૃતિય સ્થાને રહેતા સ્મર્ધકો અનુકમે પ. ભ. શ્રી માધાભાઈ અરજણભાઈ (ઉ. વ. ૭૩) પ. ભ. શ્રી દામજીમાઇ તથા પ. ભ. શ્રી ભગવાનદાસને ઇનામો એનાયત કરવામાં આવેલ હતા.

પ, પુ. ગો. શ્રી વલ્લભબાવાશ્રીના અધ્યક્ષસ્થાને પ, પુ. નિ, લી. ગો. શ્રી વૃજસુષણલાલજી મહારાજ શ્રીના સંસ્મરણો શ્રી જયેન્દ્રભાઇ અડાલજા ભારતીબેન ધોળકીયા વિ. વિ. વૈષ્ણવોએ વર્ણવ્યા હતા.

શ્રીમદ વલ્લભાચાર્યના પ્રાકટય દિને જાહેર રજા માટેનો અનુરોધ

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વેષ્ણવ પરિષદ (ગુજરાત પ્રદેશ) પુષ્ટિમાર્ગ સંપ્રદાયના પ્રણેતા **શ્રીમદ** વલ્લભાચાર્યના પ્રાકટય દિન ચૈત્ર વદ ૧૧ની જાહેર રજા કરવા ગુજરાત સરકારને અનુરોધ **કરેલ છે અને** તેના અનુસંધાને વડોદરા જીલ્લાની વેષ્ણવ સુષ્ટિએ ગુજરાત સરકારને પોસ્ટકાર્ડ લખ્યા છે. **પરિષદના મંત્રી** શ્રી ચીમનભાઈ શેઠ જણાવે છે કે આ રજુઆત હજુ વ્યાપક અને વેગીલી બનાવવામાં આવનાર **છે.**

(શ્રીનાથદ્વારા પદયાત્રા પ્રવાસ) આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ

આ છઠો **પ્રવાસ** કપડવંજથી શ્રીનાથદ્વારા પદયાત્રા દ્વારા આયોજન કરેલ હતું આ **યાત્રામાં મુંબઈ** અંકલેશ્વર વડોદરા તથા કપડવંજના ભાવિક વૈષ્ણવો જોડાયા હતા. આ યાત્રાને અભિતંદવા **તેમજ આશીર્વાદ** આપવા **વડોદરાથી** સંપ્રદાયના વિદ્વાન શ્રી પ્રધુમન શાસ્ત્રીજી તથા શ્રી ચીમનભાઈ શેઠ આવ્યા **હતા. યાત્રા** દરમ્યાન વૈષ્ણવો ધોળ, કિર્તન ગાતા હતા અને અલૌકિક આનંદ લેતા હતા. આ યાત્રા **દરમ્યાનનુ સઘળુ** સંચાલન શ્રી રમણીકભાઈ રેસાઈ તથા શ્રી દિનકર શાહે કરેલ હતું. યાત્રા દરમ્યાન કેટલાક **વૈષ્ણવોએ કેફી** પદાર્થ તમાકુ વિ. છોડવાનુ નીમ લીધુ તેમજ કેટલાક છોડવાની તૈયારી **દર્શાવી વિશેષમાં** વૈષ્ણવો વટેમાર્ગુઓને વ્યસન છોડવાની વિનંતી કરતા હતા.

યાંત્રિક પ. ભ. શ્રી ગોપાલભાઈ શાહ અંકલેશ્વર **જણાવે છે કે** આ યાત્રા **એક અલૌકિક** લ્હાવો બની હતી. જેણે માણ્યો છે તેણેજ જાણ્યો છે.

વિશેષમાં સાતમા પદયાત્રા પ્રવાસનુ આયોજન થયેલ છે. **આ માટે અગાઉ વૈષ્ણવોએ** પોતાના નામની નોંધણી કરાવવી તેમ વિનંતી કરવામાં આવે છે.

સમગ્ર માનવજાતી માટે વૈદકીય સહાય

આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદના શ્રી **કૃષ્ણદાશ ચીમનલાલ પરિષદ ભવનમાં કાંકરોળી નરેશ પુ. પા.** ગો. શ્રી વૃજેશકુમારજી મહારાજશ્રીએ **"શ્રી વલ્લભ આરોગ્ય કેન્દ્ર 'હોમીયોપેથી દવાખાનાનું** દીપ પ્રગટાવી ઉદઘાટન કરતા જણાવ્યુ હતું કે વૈષ્ણવ પરિષદ પુષ્ટિ **સંપ્રદાયના પ્રચાર પસાર ઉપરાંત** આજે **સમસ્ત માનવ** માટે વેદકીય સેવા આપનાર છે તે સેવાકીય **પ્રવૃતિને બીરદાવી હતી.**

પરિષદ ભવનમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ પુસ્તકાલય, **સત્સંગ સ્વાધ્યાય વિગેરે પ્રવૃતિઓની** સાથે **આ સમાજ સેવાના નવા અભિગમ** પ્રત્યે પુ ગા. ગો. શ્રી **દ્વારકેશલાલજી મહોદયે** આનંદ **વ્યકત** કરીને આશીર્વાદ પાઠવ્યા હતા.

॥ શ્રી બાલકૃષ્ણો વિજયતે ॥

(શ્રી ગોકુલનાથજી ચરિત્રામૃત (સચિત્ર ગ્રન્થ)

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવજનોને જણાવતા પરમ હર્ષ થાય છે કે સુરત–વડોદરાના **વૈષ્ણવાચાર્ય પ. પુ. ગોસ્વામી શ્રી પ્રભુજી** મહોદયશ્રી દ્વારા સંસ્થાપિત દ્રાવિડા **ઉપાધ્યાય શ્રી ઉદ્ધવલાલજી મેમોરિયલ ટ્રસ્ટ** વડોદરાનુ **પ્રથમ પુષ્પ** શ્રી ગોકુલનાથજી ચરિત્રામૃન (સચિત્ર) ગ્રન્થનું ગુજરાતી **તથા અંગ્રેજી** ભાષામાં **પ્રકાશન** થઈ રહ્યું છે જેનું મંગલ ઉદઘાટન વિમોચન જગદગુરૂ શ્રીમદવલ્લભાચાર્ય **મહાપ્રભુજીના પ્રાગટય ઉત્સવ ચૈત્ર** વદ **૧૧ શનિવાર તાં, ૩–૫–૧૯૯૭ ના શુભદિને કરવામાં આવસે.**

શ્રીમદવિઠ્ઠલનાથજી ગુસાંઈજી પ્રભુચરણના ચતુર્થ કુમાર માલતિક રક્ષણહાર શ્રીમદ ગોકુલનાથજીનું સંપૂર્ણ જીવનચરિત્ર તેઓશ્રીના પ્રતેક વાર્તા પ્રસંગો સાથે અને તેમના મુખ્ય અલૌકિક પ્રસંગોથી સંબંધિત સુંદર આકર્ષક રંગીન ચિત્રો આર્ટ પેપરમાં છપાશે

આ ગ્રન્થની ન્યોછાવર રૂા. ૧૧૧/- તથા + ૨૫/- પોસ્ટેજ ખર્ચના રહેશે વિદેશમાં પોસ્ટેજ ખર્ચ સાથે યુ. એસ. ડોલર-૮ યુ કે. પાઉન્ડ-૫ થશે. વિશેષ માહિતી પત્ર વ્યવહાર

ટી. ઓ. દ્રાવિડા ઉપાધ્યાય શ્રી ઉદ્ધવલાલજી મેમોરિયલ ટ્રસ્ટ વડોદરા
C/o ગોસ્વામી શ્રી પ્રભુજી મહોદય
શ્રુતિરૂપા બી-૧ ગોકુલ પાર્ક એપાર્ટમેન્ટ
સિંધવાઈ માના રોડ, પ્રતાપનગર
વડોદરા-૩૯૦૦૦૪ (ગુજરાત INDIA) ફોન (૦૨૬૫) ૪૨૨૪૦૯

શ્રીમદ વલ્લભ વંશજ ગોસ્વામી પરિષદ

ગત તારીખ ૧૪-૨-૯૬ના રોજ શ્રી વલ્લભ દર્શન પોદાર સ્ટ્રીટ, શાંતાક્રુઝ (વે) મુંબઈ (પુજય પાદ તિલકાયતશ્રી નિવાસ સ્થાને) શ્રીમદ વલ્લભ વંશજ ગોસ્વામી પરિષદની એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ.

સદર મીટીંગમાં ગોસ્વામી પરિષદના કાયમી અદયક્ષ મહોદય પુજય પાદ ગોસ્વામી તિલકાયત ૧૦૮ શ્રી દાઉજી મહારાજે ઉપસ્થિત રહી અદયક્ષ પદને શોભાવ્યુ હતું સો પ્રથમ શ્રીમદ આચાર્ય ચરણોનું સ્મરણ કરી ગતમીટીંગની કાર્યવાહીનું વાંચન કરવામાં આવેલ ત્યાર બાદ એજન્ડા મુજબ કાર્યકારી સમિતિની રચના કરવા કરવામાં આવી હતી સર્વાનુમતે ગોસ્વામી શ્રી વ્રજેશકુમારજી મહારાજ કાંકરોલીને કાયમી મંત્રી પદે. ગોસ્વામી શ્રી રમેશકુમારજી મહારાજ બંબઈને સહમંત્રી પદે ગોસ્વામી શ્રી રાકેશકુમારજી મહારાજના દ્વારાને કોષાધ્યક્ષ પદે ગોસ્વામી શ્રી વૃજપ્રિયજી મહારાજ બોરીવલીને સહ કોષદ્વારા પદે ગોસ્વામી શ્રી લલ્લમણીજી મહારાજ કોટાને કાર્યકારીણીનાં સભ્યપદે ગોસ્વામી શ્રી કનૈયાલાલજી અમદાવાદને કાર્યકારીણીના સભ્ય પદે અને ગોસ્વામી શ્રી વાગીશકુમારજી બાવા કાંકરોલીને સંગઠન અને પ્રચાર મંત્રીના પદે ચુંટવામાં આવ્યા હતા.

પુસ્તક પરિચય

તુલસી ક્યારો-૭

લેખકો - (ગો. વાં,) પ. ભ. વ્રજરત્નદાસ ચિ. પરીખ તથા પ. ભ. પ્રા. રમેશભાઇ વિ. પરીખ

પ્રકાશક અને મુખ્ય પ્રાપ્તિસ્થાન ;

શ્રી સદગુરૂ સેવા ટ્રસ્ટ 'સેવાં ૭/ અંબિકા નગર, બી, કે. સિનેમા પાસે મહેસાણા-૩૮૪૦૦૨

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૯૦, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, લેમીનેશન કાર્ડ બોર્ડ ટાઈટલ ઉપર શ્રી ગુસાંઈજી ન્યાયાધીશ સ્વરુપનું ચિત્રજી દ્રવ્ય સહાય રૂા. ૩૦/-

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખકો દ્વારા લોકભોગ્ય સરળ શૈલીમાં આ પુસ્તકમાં શ્રી ગુસાંઈજીના ૨૫૨ સેવકો પૈકી ૧૨૮ થી ૧૯૦ની ક્રમાંક સંખ્યા સુધી ૬૩ ભગવદ ચરિત્રો નુતન નવલિકા રૂપે રજુ કરવામાં આવ્યા છે.

દરેક ભગવદ ભકત ચરિત્રના અને તેના દ્વારા ચરિતાર્થ સિધ્ધાંત નવનીત દ્વારા માર્ગના સિદ્ધાંતોનું સંક્ષિપ્ત નિરૂપણ છે તેમજ વૈષ્ણવ પરિચય પણ આપવામાં આવેલ છે.

પુષ્ટ સાહિત્યનું સુંદર દરેક વૈષ્ણવ પરિવારે વાચવા તથા વસાવવા યોગ્ય પુસ્તક.

સમયે શ્રી ગંગાસાંગરની યાત્રા દુર્ગમ હતી. આવી લોકોકિત છે ''ઔર તીરથ બાર બાર, ગંથા સાગર એક બાર''

સમપના વહેવા સાથે શ્રી ગંગા સાગર બેઠકજી લુપ્ત થઇ ગઈ જેને પ્રભુ પ્રેરણાથી પૂ. પા. શ્રી પ્રથમેશજી મહારાજે કલકતા સોમયજ્ઞ તથા આં. રા. પુ. વૈ- પરિષદના માધ્યમથી પુનઃ પ્રતિષ્ઠાપિત કરી શ્રી પ્રથમેશજી મહાર.જના નિત્ય લીલાસ્થ થયા પછી શ્રી બેઠકજીનું નિર્માણ કાર્ય શ્રી મહાલક્ષ્મી વહુજીની અધ્યક્ષતામા શ્રી રણછોડચાર્ય પ્રથમેશ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા આરંભ થયું

આ મેહોત્સવનું આયોજન

૧, આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ
C,o કે. કે. મીમાણી
૨૬ ગણેશચંદ્ર એવેન્યુ ૧ લા માળે
કલકત્તા ૭૦૦ ૦૧૩ ફોન ૨૬૯૨૬૨

૨, રણછોડાચાર્ય પ્રથમેશ મેમોરીયમ ટ્રસ્ટ
શ્રી વ્રજનિકુંજ હવેલી
૩૫/૧૧ પદ્મપુકુર રોડ,
કલાંકત્તા ૭૦૦ ૦૨૦ ફોન ૪૭૫ ૯૮૭૯

કત્વીનર શ્રી ચીમનલાલ ગુલાબચંદ દાની મહોત્સવના કાર્યકપ અંગે આયોજકોનો સંપક કરવો;

રાજકોટમાં યોજાય ગયેલ નિઃશુલ્ક આયુર્વેદીક નિદાન કેમ્પ

રાજકોટમાં પુ. પા. ગો. શ્રી રવિન્દ્રબાવાશ્રીની અધ્યક્ષતામાં શ્રી વલ્લભ યુવક મંડલ દ્વારા તા. ૬-૪-૯૭ના દિવસે શ્રી જશુબાઈ મંડાણમાં નિ. શુલ્ક આયુર્વેદ નિદાન કેમ્પનું આયોજન થયેલ જેમા અમદાવાદના સુપ્રસિદ્ધ નાડી, વેધ અને આયુર્વેદ કોલેજના વાઈસપ્રીન્સીપાલ શ્રી ધનશંકર વૈદ્ય એ નિઃશુલ્ક નિદાન કરી સેવા અર્પેલ.

આ કેમ્પમાં વિવિધ પ્રકારના દર્દોના સવાસોથી વધુ રોગીઓએ લાભ લીધેલ જેમાં સામાન્યથી લઈને ડી. આઈ. જી. કક્ષાના પોલીસ અધિકારી સુધીના બધા સ્તરના દદીઓને નિદાન ઉપચાર સેવા આપાયેલ કેમ્પ સ્થળેથી જ ૧૦ ટકા કન્સેસનથી દવાઓપણ ઉપલબ્ધ કરાવાયેલ.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો....સાવધાન....ચેતો

સમસ્ત શ્રી વલ્લભ કુલ પરિવારની આજ્ઞાથી નિવેદન છે કે પાંચ વર્ષ પહેલા અમેરિકા તથા ભારતમાં નુતન પુષ્ટિ માર્ગ સ્થાપવાનાં શ્રી ગોવિંદભાઈ બી. શાહ (બહાદર પુરવાળા) ના પ્રયત્નો નિષ્ફળ નિવડયા પછી ફરી પાછા તેઓ વામન ટ્રસ્ટના નામે શ્રી વલ્લભાચાર્યનું નામ વટાવી ફીજન સેવાના ઓઠા નીચે ભોળા ભલા વલ્લભીજનોને શબ્દોની માયાજાળમાં ફસાવી ૨૫૦ કરોડ રૂપીયાનું ભંડોળ એકત્ર કરવાની તરંગી વાતો કરી રહ્યા છે. જે અર્થે વિગતવાર પત્રિકા સમગ્ર સૃષ્ટિને પહોંચાડવાનો પ્રયત્ન કરીએ છીએ. તે કદાચ મળવામાં વિલંબ થાય ત્યાં સુધીમાં વૈષ્ણવો છેતરાઈને ડોનેશનના ચકકરમાં ફસાઇ ન જાય અને અજાણે શ્રી વલ્લભના અપરાધી ન બને તે હેતુથી આ પ્રાથમિક નિવેદન પ્રસિદ્ધ કરવાની ફરજ પડી છે.

શ્રી ગોવિંદભાઈ બી. શાહે (વામન ટ્રસ્ટે) મહાપ્રભુજીના જીવન દર્શન તથા ટ્રસ્ટના કાર્યક્રમ''ની બહાર પાડેલ બુકલેટ જોતાં પ્રથમ નજરે જ તેમના પ્રવર્તમાન પુષ્ટિ માર્ગ વિરોધી વિચારો સ્પષ્ટ પ્રમાણે જણાઈ આવે છે. (૧) વલ્લભકુલની અવગણના કરીને કોંઇ પણ યોગ્ય વ્યકિત પુષ્ટિ માર્ગમાં ગુરૂ બની બ્રહ્મસંબંધ આપી શકે તે વાત તથા (૨) પ્રભુ સેવા કરતાં જન સેવા શ્રેષ્ઠ છે વગેરે માર્ગ વિરોધી વિચારો તેમને ખુલ્લેઆમ પ્રસિદ્ધ કર્યા છે.

હજારો દવાખાનાઓ કે હોસ્પીટલો થાય તેમાં કોઇનો કોઈને વિરોધ ન હોઈ શકે પણ પ્રવર્તમાન પુષ્ટિ માર્ગ વિરોધી સાહિત્ય લાખોની સંખ્યામાં પ્રસિદ્ધ કરવાની કુચેષ્ટાઓ વૈષ્ણવો ચલાવી લેશે નહીં અને જરૂર પડે કાયદેસરની કાર્યવાહી કરશે જેની નોંધ લેવી.

શ્રી વલ્લભ સિદ્ધાંત સંરક્ષણ સમિતિ
વતી નંદકુમાર જે. ગાંધી

SHREE VALLABH SUDHA Monthly Magazine. Publishedon third.
date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43

શ્રી યમુનાજીનું ધોળ

[ઢાળ નાગર ઉભા રહો રંગ રસિયા]

સૈયર ચાલો હો જળ યમુના,
મોહન ચરાવે ત્યાં ઘેન રે – સૈયર ૦ ૧
માથે ઘડુલો લઇ નિસરી રે, સૈયર ચાલો,
સરખી સાહેલી મૃગ નૈન રે – સૈયર ૦ ૨
રાધા વિશાખા વ્રજ મંગલા રે, સૈયર ચાલો,
ચંદ્રા લલિતા રસ એન રે – સૈયર ૦ ૩
લટકે ચાલે ગોરી મલપતા રે, સૌયર ચાલો,
બોલે મધુરા વેણુ રે, – સૌયર ૦ ૪
કાંઠે ઉભા છે કાનજી રે, સૈગર ચાલો,
વાલો વગાડે વેણુ રે, – સૌયર ૦ ૫
રૂપ દેખી મોહિત થઇ રે, સૌયર ચાલો
વ્યાપ્યો અંગ મેન રે, – સૌયર ૦ ૬
સુધ બુધ ભુલી વ્રજ સુંદરી રે. સૌયર ચાલો,
પડે નહીં ચિત્ત ચેન રે, – સૌયર ૦ ૭
નેહ ભરી ઘટ નાગરી રે, સૌયર ચાલો;
સરસ અતિ સુખ દેન રે, – સૌયર ૦ ૮
'લાલ' નટવરના નેહમાં રે, સૌયર ચાલો,
છકી રહી દિન–રેન રે, – સૌયર ૦ ૯

પ. ભ. લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,–૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ–૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ–૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૬૨૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

'હવે એક દિવસે પુછયું જે મહારાજ પુષ્ટિ માર્ગના શ્રીઠાકોરજીનું સ્વરૂપ કહો.' અને મર્યાદા માર્ગના શ્રી ઠાકોરજીનું સ્વરૂપ કહો.

પુષ્ટિ માર્ગના શ્રી ઠાકોરજી કેવા છે ? કે જેમ કોઇ પોતાના છોકરાને ઘરમાં રમાડે અને મુખ ચુંબન કરે છે, અને અંતિ દીનતાની કરીને બોલે છે અને એમ ઘેલો થઇ જાય તેમ છોકરાની સાથે બોલે છે. ત્યારે તેને પોતાના શરિરનું ભાન રહેતું નથી તો એવા ભાવ કરીને પુષ્ટિ માર્ગના શ્રી ઠાકોરજીનું સ્વરૂપ જાણવું.

હવે મર્યાદા માર્ગના શ્રી ઠાકોરજીનું સ્વરૂપ કહે છે કે તે જ પુરૂષ જયારે રાજાની સભામાં જાય છે ત્યારે પોતાના છોકરાને ખીજે છે કે તમે અહીં કે આવ્યા ? એમ બોલે છે. તેનું કારણ કે ત્યાં તેને મર્યાદા આવે છે માટે એ રીતે મર્યાદા માર્ગના શ્રીઠાકોરજીનું સ્વરૂપ જાણવું.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૧૨

❀ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❀

વર્ષ ૧૬ : અંક-૩ ❀ જુન, ૧૯૯૭

શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ❀ આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

રાજકોટમાં શ્રી મહાપ્રભુજીબા પ્રાકટ્ય મહોત્સવ

શ્રીમદ્ વલ્લભાચાર્યજી ૫૨૦ માં પ્રાકટ્ય મહોત્સ પ્રસંગે જશુબાઇ મંઢાણમાં મળેલ સભામાં પુ. પા. ગો. શ્રી વૃજેશકુમાર મહોદયશ્રી (કામવન-રાજકોટ) બોલતા જણાવેલ કે આ કલિયુગમાં પ્રભુ પ્રાપ્તિ માટેનો સરલ રસ્તો પ્રભુ ભકિતનો બતાવી આચાર્ય ચરણ શ્રી મદ્-વલ્લભાચાર્યજીએ આપણા પર મહદ્કૃપા વિચારી છે. બ્રહ્મ સંબંધ દિક્ષા દ્વારાઆપવામાં આવતા મંત્રનું એકાગ્ર ચિતે સતત સ્મરણ કરવામાં આવે તો જીવનું કલ્યાણ થઇ જાય. વિશેષમાં દાખલા દલીલ સાથે સમજાવતાં જણાવેલ કે કંસ જેવા પાપી વ્યકિત પણ ભય અને ક્રોધને પ્રભુ શ્રી કૃષ્ણનો નાશ કરવા સુતા-ઉઠતા બેસતાં સતત સ્મરણ કરી શ્રી કૃષ્ણ સ્મરણ કરતો હતો જેના કારણે પ્રભુએ તેને ગતિ આપી. વૈકુંઠમાં સ્થાન અપાવ્યું તો આપણે ભાવપુર્વક દઢ મનોબળથી આપણા ગુરૂએ આપેલ અષ્ટાક્ષર મંત્રનું સતત સ્મરણ કરીએ તો પ્રભુ આપણને વૈકુંઠથી પણ વિશેષ ગૌલોક ધામમાં ગતિ કરાવે.

વિશેષમાં આપશ્રીએ જણાવેલ કે ગુરૂ પાસેથી બ્રહ્મ સંબંધ દિક્ષા બાદ શિષ્યો પોતાના લૌકિક કાર્યોમાં પડતી તકલીફોનું નિવારણ કરવા માર્ગદર્શન મેળવવા માટે ગુરૂ પાસે દોડે છે પરંતુ પોતાના ધર્મ અંગેનું શું કર્તવ્ય છે તે પુછવાવાળો વર્ગ ઓછો છે જેથી તેને સાચું જ્ઞાન પ્રાપ્ત ન થવાને કારણે આનંદની અનુભુતિ પ્રાપ્ત કરી શકતો નથી.

ઉત્સવને અનુલક્ષી આરતી સુશોભન સ્પર્ધા પ્રસંગે પુ. પા. ગો. શ્રી કલ્યાણરાયજી મહોદયશ્રી (કામવત રાજકોટ) એ પુષ્ટિ માર્ગમાં વિવિધ કલાઓના સ્થાન વિષે માર્ગદર્શન આપેલ સાથે બાળકોને નાનપથી જ કલા સાથે જોડવાવામાં આવે તો તેનું જ્ઞાન પણ વધે અને કલામાં પારંગત બને તેમજ માર્ગ સંબંધી જાણકારી પ્રાપ્ત કરવા સાથે તે પોતાનું જીવન ધન્ય બનાવી શકે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સંસ્કાર પાઠશાળાના પ્રસંગે નાના ભાઇઓ તથા નાની બાલીકાઓની વકતૃત્વ સ્પર્ધા "વલ્લભ ગમે છે" તે વિષય ઉપર રાખવામાં આવેલ જેમાં પુ.પા.ગો. શ્રી ગોવિંદરાયજી મહોદયે (બોરીવલી-રાજકોટ) બોલતા જણાવેલ કે નાનપણથી જ ધર્મનાં સંસ્કાર સિંચન એ અતિ આવશ્યક છે. વકતૃત્વ સ્પર્ધા દ્વારા બાળકોમાં રહેલી શકિતને બહાર લાવી સાચા માર્ગે વાળવા જે પ્રયત્ન થઇ રહ્યો છે જે અભિનંદને પાત્ર છે.

આ પ્રસંગે આ રા. પુ. વૈષ્ણવ પરિષદનાં ગુજરાત પ્રદેશના સહમંત્રી શ્રી ડાયાભાઇ ડેલાવાળા વૈષ્ણવ પરિષદ પ્રેરિત ચાલતી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સંસ્કાર પાઠશાળાનાં સંચાલક શ્રી ભુપેન્દ્રભાઇ ધાબલીયા તથા શ્રી દ્વારકેશ પુષ્ટિ સેવા સમિતિનાં પ્રમુખ શ્રી જમનભાઇ બાબરાવાળાએ વકતવ્ય આપેલ.

ધર્મસભા પહેલા એક વિશાળ શોભાયાત્રા શ્રી જસુબાઇ મંડાણેથી પ્રારંભ થયેલ જેમાં ઉત્સવ નાયક શ્રી મદ્વલ્લભાર્યજીનાં ચિત્રજીને પાલખીમાં પધરાવવામાં આવેલ. સાથે પુ. પા. ગો. શ્રી વ્રજેશકુમારજી મહોદય (કામવન-રાજકોટ) તથા પુ. ગો. શ્રી અનિરૂદ્ધ બાવા પગે ચાલી સમગ્ર શોભાયાત્રામાં પધારેલ આ શોભાયાત્રામાં રાજકોટ વૈષ્ણવ કિર્તન મંડળી, કેસરીયા કિર્તન મંડળ, હડાળા કિર્તન મંડળી, દરેક પુષ્ટિમાર્ગીય હવેલીના કિર્તનકારો મહિલા મંડળો પાઠશાળાના બાળકોના વિવિધ ફલોટો ચંદ્ર સરોવર રાસ મંડળીની વિવિધ રાસ મંડળીઓ વૈષ્ણવ સમુહ જોડાયેલ,

(જુઓ ટાઇટલ ૩જું)

। શ્રી હરિઃ ।
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૩ ✱ જુન ૧૯૯૭

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ વિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ।
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

મનને શિક્ષા

મો સેં અધમીં તુમ હી ઉદ્ધારે ।
વહયો જાત મધ્ય ભવકી ધારા, કાહુ ન સુની પુકારે ।૧।
બડે બડે મહાનુભાવ જો કહીયત, તેઉ કહી સબ હારે ।
સામર્થ નાંહી ચલી કછુ ઉનકી ગયે મનોરથ મારે ।૨।
મહા ઉદાર કરુણામય વલ્લભ, પ્રગટ લીયે અવતારે ।
'રસિકદાસ' જન ગ્રહી પદ પંકજ, તેઉ તતછીન તારે ।૩।

ભાવાર્થ :- અહીં શ્રી રસિકદાસજી (પુ. ગો. શ્રી મટુજીમહારાજ) શ્રી મહાપ્રભુજીના અલૌકિક સામર્થ્યનું વર્ણન કરે છે કે, હે શ્રીમદ્ વલ્લભ પ્રભુ ! મારા જેવા અધર્મીને આપે જ ઉદ્ધાર્યા છે. (પોતાના મીષથી દર્શાવી આપણા જેવા સાંપ્રત અધર્મી જીવોનું બયાન કરે છે) અમે તો ભવ એટલે સંસારના પ્રવાહમાં તણાઇ જતા હતા. અમારી પોકાર (ચીસો) પણ કોઇએ ન સાંભળી, મોટા મોટા મહાનુભાવો (અન્ય આચાર્યો) જે કહેવાય છે તે બધાં પણ આ કલીના પ્રવાહમાં તણાતા જીવોનો ઉદ્ધાર કરવામાં પાછા પડયા. એમનું કાંઇ ગજુ ચાલ્યુ નહીં. એમણે મનમાં મોટા ઉધ્ધારક થવાનો મનસુબો કરેલ તે પણ માર્યો ગયો.

મહા ઉદાર ! કરુણાનિધિ શ્રીમદ્ વલ્લભપ્રભુ આપ જયારે પ્રગટ થયા ત્યારે રસિકદાસના જન જે વૈષ્ણવો જેમણે આપશ્રીના ચરણકમલનો દ્રઢતાથી આશ્રય કર્યો તેઓને આપે તતક્ષણ તાર્યા.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

ગ્રન્થ પરિચય

લેખક **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજ**

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ**

આ બધા વિકલ્પ તથા અનુકલ્પ દ્વારા ભકિતમાર્ગમાં ભગવત્કથાની અસાધારણ મહત્તા તથા ઉપયોગીતા સ્પષ્ટ થાય છે. ભગવત્કથામાં વકતાની અપેક્ષા રહે છે શ્રવણાર્થે તથા શ્રોતાની અપેક્ષા રહે છે કીર્તનાર્થે, શ્રવણ જાતે જ સંભવિત છે, પરંતુ તે છતાં કોઇક સમાનશીલવાળા ભગવદીય જનની સંગતિમાં ભગવત્સ્મરણનું એક નિરાળુ રૂપ જ ઉપસી આવે છે તેમાં કોઇ સંદેહ નથી.

એકંદરે જોતાં શ્રોતા તથા વકતાની બંનેની ભગવત્કથાના શ્રવણાર્થે તથા કીર્તનાર્થે પરસ્પર એકબીજાની અપેક્ષા રહે જ છે. એવી સ્થિતિમાં યોગ્ય વકતા તથા યોગ્ય શ્રોતાના અભાવમાં ન કેવલ ભગવત્ કથામાં રસાભાસ થવાની સંભાવના રહે છે. પરંતુ બીજભાવ પણ દઢ થવાને બદલે ખંડિત થવાની સંભાવના રહે છે. આ જ કારણથી ‘જલભેદ’માં યોગ્ય વકતાનું સ્વરૂપ શ્રોતાના શ્રવણાંગના રૂપમાં સમજાવવામાં આવ્યુ છે તથા ‘પંચપદ્યાનિ’માં યોગ્ય શ્રોતાનું સ્વરૂપ વકતાના કીર્તનાંગના રૂપમાં સમજાવવામાં આવ્યુ છે.

નિત્યાભિનંદનીય શ્રીહરિના સર્વ તાપહારિ તથા સર્વ સુખકારી ગુણ પણ વકતાઓના હૃદયના પાત્રમાં ભરેલા હોય ત્યારે કંઇક અને કંઇક ભિન્નરૂપ ધારણ કરી લ્યે છે. જેવી રીતે જલ પોતે શીતલ, સ્વચ્છ, અવ્યકત મધુર (જેની મીઠાશ વ્યકત થઇ નથી પણ છુપાયેલી પડી છે) સર્વ શોધક તથા તાપશામક હોવા છતાં જે આધાર ભૂમિમાં (ઉદાહરણ તરીકે કુવા, તળાવ, નદી, સમુદ્ર, ઝરણા, નાળા, ખાડા વગેરેમાં) ભરાયેલું હોય છે અને તે તે આધાર ભૂમિના ગુણધર્મોથી યુકત બની જાય છે.... તેવી જ રીતે.

તૈતરીય સંહિતાના સાતમાં કાંડમાં જલનાં વીસ રૂપ શ્રુતિમાં ગણાવવામાં આવ્યા છે. જેવા કે (૧) કુપ (૨) નહેર (૩) ખેતરનું નાળુ (૪) નદીના જલથી બનેલો ખાડો (૫) ગંદા નાળા યા મોરી (ગટર)ના જલથી બનેલા ખાડા (૬) નદીના જલથી બનેલા મોટા તળાવ (૭) પીવાલાયક પાણીવાળા મોટા તળાવ (૮) સુંદર સરોજ (કમળ) વગેરે પુષ્પવાળા મોટા તળાવ (૯) નાના તળાવ (૧૦) બહુ કાદવવાળા તળાવ (૧૧) વર્ષાનું જલ (૧૨) સ્વેદ જલ (પરસેવો) (૧૩) જલ પ્રપાત (WATER-FALL) ઝરણા (૧૪) ઝાકળના બિંદુ (૧૫) વરસાદના નદી નાળા અસ્થિર પ્રવાહવાળા જલ (૧૬) બારેય માસ વહેતી નદીઓના સ્થિર-સર્વદા સમાન

June 1997

રૂપમાં વહેતા જલ (૧૭) નિરંતર ઉદ્દગમવાળી એવી નદીઓ જેમના જલવર્ષા યા ગ્રીષ્મમાં વધતું કે ઘટતુ હોય (૧૮) સમુદ્રમાં મળવાવાળી મહા નદીઓ (૧૯) સમુદ્ર (૨૦) બીજા પણ આમાંથી ભરાયેલા અથવા નીચે પડેલા જલ.

સ્વભાવથી (કુદરતી રીતે) એક રૂપ હોવા છતાં જલ પોતાના આ આધારોના ગુણ-ધર્મોને અનુરૂપ અનેકરૂપતા પ્રગટ કરે છે. આવી જ રીતે ભગવાનના એકરૂપ ગુણ પણ ભગવત્કથાના વકતાની યોગ્યતા તથા ભાવોને અનુરૂપ અનેકરૂપતા ધારણ કરી લ્યે છે, જેમકે—

—ક્રમશઃ

॥ શ્રી હરિ ॥

અથ આત્મસુતેભ્યઃ પત્રમ્

(શ્રી ગુસાંઇજીનો) પોતાના પુત્રોને પત્ર

અંગુલિ નિર્દેશક : **શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી, નડીયાદ**

(૧) શ્રી કૃષ્ણાય નમઃ । શ્રી કૃષ્ણને નમન.

'શ્રી'– સાકાર, સર્વ સુંદર કૃષ્ણ (શ્રી યુગલ-સ્વરૂપ) આ તત્વરૂપ (પર) બ્રહ્મ-પરબ્રહ્મ-પરમાત્મા-(સ્વયં) ભગવાન-પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. તે વેદૈકવેદ્ય છતાં વેદથી પર પણ છે, સર્વ વિરુદ્ધ-ધર્માશ્રય છે, વરણૈક લભ્ય છે, સ્વકૃપાલભ્ય પુષ્ટિપુરુષોત્તમ છે, તે તો નિઃસાધન વ્રજભકતોને સુલભ નિઃસાધન-ફલાત્મા, આનંદ પ્રચુર, નિર્દોષ, સ્વજન-ફલરૂપ છે. તે પરમાનંદ રૂપ, સદા દશલીલાયુત, સર્વભકત-સમુદ્ધારમાં વિસ્ફુરાયમાન શ્રીકૃષ્ણ છે. તે આધિભૌતિક-રૂપે જગત, આધ્યાત્મિક રૂપે અક્ષરબ્રહ્મ અને આધિદૈવિક રૂપે શ્રીકૃષ્ણ-નામે ક્રીડા કરે છે. જે અનંત ગુણો- શકિતઓવાળા છે. આવા પ્રભુને શું દઇ શકે ? જગતમાં જે કાંઇ છે તે બધુ ભગવાન છે, ભગવાન માટે છે, ભગવાનથી છે, ભગવાનનું છે, ભગવાનમાં છે, જીવ પણ અંશ તો ભગવાનનો જ છે. આ ભગવાનને દીનતાથી નમન સિવાય શું કરી શકાય ? જીવે તો નમ્રતાથી નમન જ કરવાનું હોય, સર્વકાર્યારંભમાં મંગલાચરણરૂપે ભગવન્નામ-સ્મરણ, નમન વગેરે શિષ્ટાચાર છે. તેનાથી લૌકિક પણ ભગવત્સંબંધવાળુ-અલૌકિક-બની જાય. સ્વસિદ્ધાંત-સારરૂપ શ્રીકૃષ્ણને પત્રારંભે નમન કરેલ છે.

(૨) સ્વસ્તિ શ્રી વિઠ્ઠલદીક્ષિતાનાં ગિરિધરસ્ય ચ ગોવિન્દબાલકૃષ્ણ-શ્રીવલ્લભ-રઘુનાથ-યદુનાથ-ઘનશ્યામેષુ, ગિરિધરસ્ય ચ ભવતાં પુત્રેષુ-આસિષઃ ।

કલ્યાણ (હો) ! શ્રી વિઠ્ઠલ (નાથજી) દીક્ષિત (શ્રી ગુસાંઇજી)ના અને (શ્રી) ગિરિધરજીના (શ્રી) ગોવિંદ (રાયજી) -(શ્રી) બાલકૃષ્ણ(લાલ)જી શ્રી વલ્લભ (શ્રી ગોકુલનાથ)જી -(શ્રી)

યદુનાથજી –(શ્રી) રઘુનાથજી –(શ્રી) ઘનશ્યામ (લાલ)જીને (અહિં મૂલ ગ્રંથમાં છે તેવો ક્રમ રાખ્યો છે), (શ્રી) ગિરિધરના અને આપના પુત્રોને આશીર્વાદ !

સંસ્કૃત પત્રાદિમાં અને પ્રાચીન ગુજરાતી–પત્રાદિમાં પણ ‘સ્વતિ’ એ કલ્યાણ–વાચક શબ્દથી આરંભનો શિષ્ટાચાર હતો. પિતાજી અને મોટાભાઇના આશીર્વાદ, નાનાભાઈઓને તથા તેમના પુત્રોને, દેવાની સ્વસ્થ પરંપરા છે. સ્નેહ–સહિષ્ણુતા (સદભાવ) સમજપુર્વકના સંગઠનથી પરિવાર એક અને અખંડ રહે છે. પોતાપણ લાગવાથી પ્રેમ પ્રગાઢ થાય છે. નાના–મોટાની મર્યાદા જાળવવાથી મીઠાશ વધે છે, મુંઝવણ ઘટે છે. વડીલોના વાત્સલ્યનું સાકાર સ્વરૂપ છે, આશીર્વાદ !

(૩) શં–ઇહ, ભાવાત્મકં ભદ્રં આશાસ્મહે ।

અહીં સુખ (કુશલ–કલ્યાણ) છે, આપના કલ્યાણ (મંગલ–સુખ–કુશલ)ની કામના કરીએ છીએ.

સામાન્યતઃ ‘શં’ અને ‘ભદ્ર’ –શબ્દો કલ્યાણ વાચક છે. વત્સલ પિતા અને જયેષ્ઠ બંધુ પોતાનો પરિવાર પ્રેયઃમાં નહિ, શ્રેયમાં સમૃદ્ધમાં હોય તેમ આશા રાખે છે. પ્રેયઃ તો પ્રાપ્ત થતાં અને વિદાય થતાં પ્રાયઃ વિકલ બનાવે છે. શ્રેયઃ તો સ્વસ્થ–શાંત–સંમુખ રાખે છે.

(૪) ટોડા–ગ્રામ પર્યંત શ્રી ગોકુલનાથેન કુશલં નીતાઃ સ્મઃ, અત્ર–એવ દોલ–ઉત્સવઃ –ચ કારિતઃ ।

–ટોડા ગામ સુધી શ્રી ગોકુલનાથજી અમને કુશલ (રીતે) લઇ ગયા છે, અહીં જ દોલોત્સવ કરાવ્યો છે.

જીવનના નાના મોટા બધા જ કાર્યો પ્રભુ કરાવ્યો છે. પ્રવાસ પણ કુશલ રીતે પોતાના પ્રભુએ જ કરાવ્યો છે, તે ભગવદીય જીવનની સ્વસ્થ સમજ અહીં દીધી છે. પ્રત્યેક કાર્યમાં ભગવદનુસંધાન છે. સંબંધ છે. ‘મેં કર્યું છે’ તેવો અહંકાર દાસને ન હોય. ‘મારા પ્રભુ કરાવે છે’ –તેવો દાસભાવ દૃઢ હોય. ‘કર્તા કારયિતા હરિઃ’ –કરનાર–કરાવનાર હરિ છે, –આ સિદ્ધાંત સેવકને તો હૃદયારૂઢ હોય, પ્રવાસ અને ઉત્સવ બંને, લૌકિક અને અલૌકિક બધુ જ પોતાના પ્રભુ જ કરાવે છે, સરલતાથી સફલતા પણ દે છે. પ્રવાસમાં પણ આપ સેવા–ઉત્સવાદિ યથાર્થ ક્રમે કરતા રહે છે. ગૃહનિવાસમાં કે બહાર પ્રવાસમાં પણ પુષ્ટિભક્તે તો સેવારત જ રહેવાનું હોય, તેમ સ્વાચારથી સ્વકીયોને આપ આમ શીખવે છે.

(૫) ગિરિધર –વિષયિણી –અસ્મદ્ –વિષયિણી ચ કાઅપિ ચિન્તા ન કાર્યા ।

(શ્રી) ગિરિધરજીના વિષયમાં અને અમારી (શ્રી ગુસાંઇજી) બાબતમાં કંઇ પણ ચિંતા ન કરવી.

સ્નેહ તો સંતાપ-ચિંતાદી કરાવે તે સ્વાભાવિક છે. સ્નેહીમાં તે પ્રાયઃ દેખાય છે, તેમાં પણ પ્રાયઃ પાસે ન હોય ત્યારે તો ખાસ ! આવું તો સામાન્ય સંસારીઓમાં હોય છે જ્ઞાનીઓ તો જ્ઞાન બલથી શુષ્ક નિશ્ચિન્તતા મેળવી લે છે, કેળવી લે છે, ભકતોને તો બલ ભગવાનનું છે, ભગવાન હોય. ચિંતા તો ઉદ્વેગ-રૂપ પ્રતિબંધ પણ છે નિવેદિતાત્માઓ એ તો કાંઇ પણ ચિંતા પ્રયત્નપુર્વક કરવાની ન હોય. સ્વાભાવિક થાય, તો તે પણ ભગવદાશ્રય બલથી દુર કરવાની હોય. 'ચિન્તા કાઽપિ ન કાર્યા" "નવરત્ન"માં સ્પષ્ટ છે.

(૬) શ્રી ગોવર્ધનેશઃ- એવ-આવિતા-અસ્તિ ।

શ્રી ગોવર્ધનનાથજી જ રક્ષક છે.

"અવ"-ધાતુ (ક્રિયાપદ) ઓગણીસ અર્થમાં છે. રક્ષણ, ગતિ, કાન્તિ, પ્રીતિ, તૃપ્તિ, ઘુતિ, સ્તુતિ, પ્રાપ્તિ, શ્લેષ, અર્થન, વેશ, ભાગ, વૃન્દિ, ગૃહ, વધ, સામર્થ્ય, સમજ, કામ, દૌર્ય, પુષ્ટિ, ભકતને-માટે તો આ બધાજ રૂપે શ્રીનાથજીજ છે. કર્મ-જ્ઞાન-યાગ-યોગ-જપ-તપઃ-સ્વાધ્યાય-સંયમ-વગેરે સાધનોનું બલકે ફલ પુષ્ટિ ભકતને અપેક્ષિત પણ ન હોય તેને તો બલ અને ફલ છે, તેના શ્રી ગોવર્ધનનાથજી ! ચિંતા તો પુષ્ટિ ભકતને કાંઇપણ કરવાની ન હોય, શરણાગત-પરિપાલન તો ભગવદ્વ્રત છે. "એવ"-અનન્યતા સૂચવે છે. શ્રીનાથજી સિયાય પુષ્ટિ ભકતે તો દેવ-દેવી-જીન-મંત્ર-તંત્ર-યંત્ર-ગ્રહ-વાર-વ્યકિત-વસ્તુ પ્રસંગ-પરિસ્થિતિ-બુદ્ધિ-બલ-સંબંધ-વગેરે ઉપર કાંઇજ આધાર રાખવાનો ન હોય. "રક્ષિષ્યતિ" કે "કરિષ્યતી તિ વિશ્વાસ ।"-દઢ વિશ્વાસ પોતાના પ્રભુમાં જ જોઇએ,- તે રક્ષા કરશેજ, હિતજ કરશે. "અસ્તિ"-થી નિત્યતા તેની સુચવી છે.

(૭) ઉભયત્ર-અપિ સેવા સમ્યક કાર્યા, કારણીયા ચ ।

(શ્રી ગોકુલ અને શ્રી ગિરિરાજજી) બંને સ્થળે પણ સેવા સારી (યોગ્ય) રીતે કરવી અને કરાવવી જોઇએ.

શ્રી ગોકુલમાં શ્રી નવનીતપ્રિયજી ગૃહસેવામાં સિદ્ધાન્ત સંગત રીતે વિરાજે છે. શ્રી ગોવર્ધન પર્વત પર (જતિપુરામાં) શ્રી ગોવર્ધનનાથજી પોતાની વિશેષ ઇચ્છાથી સ્નેહ સંમત રીતે વિરાજે છે. ગૃહસેયાના સિદ્ધાંતની અને શ્રીતાથજીની પ્રીતિ તથા આજ્ઞાની સુરક્ષા માટે શ્રી ગુસાંઇજીએ પુષ્ટિસિદ્ધાન્તથી બંને સ્વરૂપને જુદાં પધરાવ્યાં છે. પોતે અશ્વારૂઢ થઇને ઉભયત્ર સેવામાં પહોંચે છે. પોતાના પુત્રો (વંશજો) પણ સેવા બંને સ્થળે સારી રીતે યોગ્ય પ્રકારે કરે તેવો સ્નેહાગ્રહ વત્સલપિતાએ શ્રી ગુસાંઇજીનો છે. સિદ્ધાન્ત અને સ્નેહનો સુભગ સમન્વય પુષ્ટિ ભકિતમાર્ગીય કૃષ્ણ સેવા છે. આપનો સ્વતઃ પહોંચવાનો આગ્રહ વિશેષ છે. પોતે જ સેવા કરવામાં, જો જરૂર લાગે તો, અન્યની સહાય લઇ શકાય, પણ સેયા અન્યને સોંપી ન દેવાય, આમ સહાયક પણ સ્નેહાળ સેવક જોઇએ. પગારદાર ભાડુતી માણસો નહિ. આવા સેવકો પણ સેવામાં યોગ્ય પહોંચે, તેની સાવધતા જરૂરી તે. શ્રી ગુસાંઇજી તેમ સુચવે છે.

"પ્રૌઢાડપિ દુહિતા...".... **"તત્સિદ્ધ્યે તનુવિત્તજ"** "અન્તઃકરણ-પ્રબોધ, તથા સિદ્ધાન્ત મુંકતાવલી"માં આ સિદ્ધ પ્રસિદ્ધ છે.

(૮) સ્વસ્વદેહ-રક્ષા સર્વે : પ્રકારે : કાર્યા !

–પોત પોતાની દેહરક્ષા સર્વ પ્રકાર વડે કરવી. સામાન્ય સંસારીઓનું શરીર તો ભોગાયતન છે, ભોગ માટે છે. ભકતોનું તો શરીર પણ ભગવાન માટે છે, ભગવત્સેવા માટે છે. આ શરીરને સ્વસ્થ-સુંદર-સુદૃઢ રાજવાનું જરૂરી છે, –પોતાના પ્રભુના સુખ માટે, સેવા માટે! તેમાં જરૂરી ખાન-પાન, આહાર-વિહાર વ્યાયામ-ઔષધ, વગેરે યોગ્ય-નિર્દોષ હોય તેમ કરવાં.

શ્રી ગુસાંઇજી પ્રવાસમાંથી પાછા પધારતાં સેવામાં શરીરબલ માટે પૌષ્ટિક ભોજન કરતા હતા. તેમ પ્રસિદ્ધ છે. અહીં "દેહ" શબ્દથી દેહ ઇન્દ્રિય-અંતઃકરણ સ્વજનાદિ બધાનું યથાયોગ્ય રક્ષણ કરવાનું સુચવ્યુ છે. કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા સેવા માટે સુરક્ષિત રાખવાં જરુરી છે. સેવામાં ઉપયોગી દેહ-ધન-ઘર-ઉપકરણો (સાધનો) વગેરેની રક્ષા યોગ્ય રીતે ભગવત્સુખ-વિચારે કરવી **:"દૈહિકં કર્મ નિખિલં....યથોપકરણાદીનાં રક્ષા...!"**

(શિક્ષાપત્ર – (૧–૩, ૪)માં સ્પષ્ટ છે.

(૯) સેવકા : સ્વસ્વ મર્યાદાયાં ચ રક્ષણીયાઃ ।

–(સન્નિષ્ઠ) સેવકોને (પણ) પોત-પોતાની મર્યાંદામાં (અને સંપ્રદાય-મર્યાદામાં) રાખવા.

સન્નિષ્ઠ સેવકો પણ સ્વશ્રેય માટે, સ્નેહથી, સેવા આવશ્યક સમજીને, સિદ્ધાન્ત-સંગત રીતે, યથા યોગ્ય આચાર-વિચાર પુર્વક કરે તેમ તેમને તેમની મર્યાદામાં રાખવા, લોકો માટે તો મર્યાદા જ હિતકરિણી છે. અહીં મર્યાદા-માર્ગ નહિ, પણ સ્વામી સેવક, ગુરુ-શિષ્ય, આચાર્ય, અંતેવાસી-રૂપ વ્યવહાર-મર્યાદા પણ છે, સાથે માર્ગની મર્યાદા પણ જરૂરી છે. સેવકો સેવામાં સહાયક જ રહે, મુખ્ય સેવા કરતા ન થઇ જાય, તે પણ એક મર્યાદા છે. આવા સનિષ્ઠ સેવકોના રક્ષણ-પોષણ જીવન જરૂરીયાતોનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. આમાં શ્રી ગુસાંઇજીની વ્યવહાર વિચક્ષણતા અને સ્વજન વત્સલતા પણ છે.

(૧૦) બાલકાનાં રક્ષા સર્વૈઃ પ્રકારેઃ કાર્યા ।

–બાળકોની રક્ષા સર્વ પ્રકારે કરવી....

અહીં 'બાલકો' શબ્દ પુત્ર, પુત્રી, સ્રીજનો, સ્વજનો વગેરેનું ઉપલક્ષણ છે. બધાં જ દેહ સંબધી અને મનઃ સંબધી પણ પુષ્ટિ ભકતને તો સેવામા ઉપયોગી જ છે. ભગવત્સુખ માટે જ છે. તે સૌ સ્વસ્થ-પ્રસન્ન હોય તો સેવામાં પ્રસન્નતાથી પહોંચે, તેથી તેઓ જેમ સ્વસ્થ પ્રસન્ન રહે, તેમ અનિષિધ્ધ બધા પ્રકારે તેમનું રક્ષણ, પોષણ, લાલન-પાલન, શિક્ષણ, સંવર્ધન વગેરે કરવું. 'ભાર્યાદિષ્વનુરાગેડપિ સેવાહેતુક એવ હિ ।' શિક્ષાપત્ર (૧–૫)માં પ્રસિદ્ધ

છે. પત્ની વગેરે સ્વજનોમાં અનુરાગ પણ સેવાના કારણે જ નિશ્ચિત છે. **શ્રી ગુસાંઇજી આમ** સેવા માટે સર્વગ્રાહી જીવન વ્યવહાર સુચવે છે.

(૧૧) યદ દ્રવ્યં આગમિષ્યતિ તત્ મધ્યે તત્ કાલ અનુરૂપ વ્યય ઉપયોગી યાવદ ભવતી તાવત સ્થાપયિત્વાશેષેણ અવશ્યં ઋણ શોધનં કાર્યમ્ વ્યયઃ ચ સાવધાનતયા કરણીયઃ ।

જે દ્રવ્ય આવશે (આવે) તેમાં (થી) તે સમયને અનુરૂપ (હોય તેમ), ખર્ચ**માં ઉપયોગી** જેટલું થાય તેટલું રાખીને બાકીના (દ્રવ્ય)થી અવશ્ય દેવું પુરૂં કરવું **અને ખર્ચ** સાવધાનપણે કરવો.

વ્યવહાર દક્ષતા અને વિચક્ષણતા શ્રી ગુસાંઇજીની અહીં સિદ્ધાંત સેવા સંગત સુસ્પષ્ટ દેખાય છે. વ્યવહાર શુદ્ધિ જીવનમાં આવશ્યક છે. ભગવદિચ્છાથી સ્વવૃત્તિથી યોગ્ય રીતે આવતા દ્રવ્યમાંથી પહેલો વિનિયોગ તો પોતાના પ્રભુની સેવામાં થાય. આ સેવા દેશ-કાલ પ્રમાણે થાય છે. ઋતુને અનુસરતા વસ્ત્ર શૃંગાર, ભોગ, રાગ વગેરેમાં દ્રવ્યનો વિનિયોગ થાય છે. તેમાંથી પ્રસાદીરૂપે પોતાનો જીવન નિર્વાહ થાય છે. આમાં જેટલું જરૂરી હોય તેટલું દ્રવ્ય જુદુ રાખી લેવું. તે પછી વધેલા દ્રવ્યમાંથી દેવું ચુકવવું આવશ્યક છે. દોષરૂપ છતાં ઋણને તો આપે. પોતાના કાકાના શાપવશ ઉદારતાથી અંગીકાર કર્યું છે, છતાં તેમાંથી શોધન તો યથા સંભવ કરવાનું સુચન કરે છે.

સેવકનું દ્રવ્ય સેવા માટે હોય આવશ્યક જીવનવ્યવહાર માટે હોય, મોટાઇ, મોજ શોખ વગેરે માટે ન હોય. દ્રવ્ય વ્યર્થ વેડફાય નહિ તેમ સાવધ રહેવું. ખર્ચમાં તે માટે સાવધાનતા આવશ્યક છે. આવકના પ્રમાણમાં ખર્ચ હોવો જોઇએ, વધુ નહિ; આ વ્યવહાર વિવેક છે.

(૧૨) નિશિ યામિકાઃ સાવધાનાઃ સ્થાપનીયાઃ ।

રાત્રે ચોકીદારોને સાવધાન રાખવા જરૂરી છે.

પ્રભુસેવોપયોગી સાહિત્ય ધન વગેરેની રક્ષા માટે રક્ષકો રાખવા પણ તેઓ પ્રમાદ ન કરે તેમ સાવધ તેમને રાખવા. પોતે તપાસ કરતા રહેવું.

(૧૩) ઇતઃ પ્રેષિતઃ અશ્વઃ ગોવિન્દ-ભટ્ટેભ્યઃ દત્તઃ અસ્તુ, અસ્માભિઃ તં વિક્રીય તદ્ દ્રવ્ય તૈઃ ગ્રાહ્યમ્ ।

– અહીંથી મોકલેલો ઘોડો ગોવિન્દ ભટ્ટને દેવો, આપણે તેને વેચીને. તે દ્રવ્ય તેમણે લેવું.

અશ્વ મળ્યાનો, તે અશ્વને ગોવિન્દ ભટ્ટને દેવાનો, તેને વેચીને તે દ્રવ્ય તેમને દેવાનો, અહીં નિર્દેશ છે. ગૃહ – વ્યવહાર – કાર્યોપયોગી સૂચન છે.

(૧૪) પત્રં મુહુ: પ્રેષણીયં, તત્રત્ય: સર્વ: અપિ વૃત્તાન્ત: લેખનીય: ।

– પત્ર વારંવાર મોકલવો જરૂરી છે, ત્યાંના સર્વ પણ સમાચાર લખવા.

સતત સંપર્ક પરિસ્થિતિનું પરિજ્ઞાન – તે સમયમાં પત્રથી સંભવતું. સેવા – વિષયક સઘળી સ્પષ્ટતા સાવધતા પત્ર–સૂચનથી સંભવે, તેથી વારંવાર લખવા સૂચવે છે. ઘરના બધા સમાચારથી સેવ્ય–સેવા–સેવક વગેરે સર્વ વિષયમાં સુયોગ્ય સાવધતા સંભવે, શ્રમ ન થાય, યોગ્ય સુખનું સંપાદન સુચવી શકાય. સ્નેહની સ્વાભાવિકતાથી સ્વકીય સંપર્કની સ્પૃહા રહે છે.

(૧૫) ગિરિધર–અપત્યાનાં વિશેષત: કુશલં લેખ્યમ્ :

(શ્રી) ગિરિધરજીનાં સંતાનોનું કુશલ વિશેષત: લખવું.

શ્રી ગિરિધરજી તો શ્રી ગુસાંઇજી સાથે પ્રવાસમાં છે તેમને અને તેમના સંતાનોને પરસ્પર સંપર્ક રહે, સંતાપ ન થાય, સ્નેહ પોષાય, તે માટે શ્રી ગિરિધરજીનાં સંતાનોનું કુશલ વિશેષ–પ્રકારે વિસ્તારપૂર્વક સુચવેલું છે.

(૧૬) ચિંતા કા – અપિ ન કાર્યા ।

ચિંતા કાંઇપણ ન કરવી.

"ચિન્તાકાડપિ ન કાર્યા... "નવરત્ન (૧) માં સ્પષ્ટ રીતે, આત્મ નિવેદન કરનારે કયારેય પણ, કાંઈપણ ચિન્તા ન કરવી; ભગવાન પણ પુષ્ટિસ્થ છે, જીવનું વરણ તેમણે પુષ્ટિમાં કર્યું છે; તે લૌકિક–ગતિ કયારેય નહિ કરે, તેમ આશ્વાસન–અભય શ્રી મહાપ્રભુજીએ આપી દીધું જ છે. ચિંતા ન કરવી, ચિંતન ભગવત્સ્વરૂપ–લીલા અને સ્વધર્મોનું કર્યા કરવું. "નવરત્ન" અંત:કરણ–પ્રબોધ" અને "વિવેક–ધૈર્યાશ્રય" માં બતાવેલ રીતે ચિંતા (ઉદ્વેગ – પ્રતિબંધ) દૂર થાય છે, સેવા–ફલની યોગ્યતા થાય છે.

(૧૭) શ્રી ગોવર્ધન–નાથ: અસ્મત્કુલપતિ: અસ્માત્ હિતં–એવ–કરિષ્યતિ । કિં અધિકમ્ ?

– શ્રી ગોવર્ધનનાથજી આપણા કુલના પતિ છે, (તે) આપણું હિત જ કરશે, વધુ શું (લખવું) ?

શ્રી ગોવર્ધન–નાથજી તો સ્વજન–પક્ષ–પોષક છે. ગાયો ઇન્દ્રિયો–વાણી – (હૃદયની પ્રસન્નતાથી મુખકાન્તિનાં કિરણો–ને વધારનાર ગોવર્ધન છે. તે તો હરિદાસવર્ય છે, ભગવાનને સર્વસ્વ સમર્પણ–પૂર્વક સેવાથી સંતુષ્ટ કરે છે. ભગવાનને દેવાતા માનનો વિસ્તાર ભકતો માટે પણ સમાનતાથી કરે છે. ત્યાં પ્રકટેલા વિરાજતા – સ્વજનવત્સલ શ્રી ગોવર્ધનનાથજી આપણા (વૈષ્ણવોના શ્રી વલ્લભવંશના) પતિ છે.

જે સર્વત્ર ભય – રહિત હોય અને ચારે તરફથી ભયાતુર જનની જે સંપુર્ણ રક્ષા કરે છે તે પતિ છે. આ પતિમાં મતિ રહે રતિ થાવ, તો ગતિ તે જ છે. રાજા પ્રજાનો પતિ છે, તેમ સર્વ સામાન્ય રૂપે તો ભગવાન્ સર્વ – વિશ્વ – પતિ છે; પરંતુ રાજા રાણીનો પતિ છે; પરંતુ રાજા અનન્યાધિપતિ છે. તે આપણું–આપણા માટે – જે કાંઇ કરશે (કર્યું છે – કરે છે કરશે), તે હિત જ કરશે. ભગવાન નિજ ભકતોનું અહિત કયારેય કરતા નથી. અચલ અનન્ય–આશ્રય તેમનો જ રાખવો. વધુ લખવાથી શું પ્રયોજન ? આટલું જ પુરતું છે, જો ગોપીજન વલ્લભમાં વિશ્વાસ હોય તો છેલ્લા શ્વાસ સુધી નિઃશ્વાસ ન નાખવો પડે, કૃતાર્થ જ તે કરી દે છે.

(૧૮) ચૈત્ર-વદિ-૪, ગોવિંદ-ભટ્ટેષુ, ગણેશ ભટ્ટેષુ ચ આશિષઃ । પદકૃત્-ગોવિંદ-દાસેષુ ભગવત્સ્મરણં વાચ્યં, અનાદિષુ કૃષ્ણદાસ-આદિષુ આશિષઃ વાચ્યાઃ

ચૈત્ર–વદ–૪, ગોવિન્દભટ્ટજી અને ગણેશભટ્ટજીને આશિષ. પદ કરનારા ગોવિંદદાસને ભગવત્સ્મરણ કહેવાં અનાદિ કૃષ્ણદાસ–વગેરેને આશીર્વાદ કહેવા.

ગોવિન્દ–ભટ્ટજી અને ગણેશ–ભટ્ટજી આપ આદરપુર્વક આશીર્વાદ દે છે. કીર્તનકાર ગોવિંદસ્વામીને તો સમાદર–સ્નેહથી ભગવત્સ્મરણ કહે છે! આ તો પુષ્ટિની–વાત્સલ્યની વિશેષતા છે; ભગવાનના સખાનો સમાદર કરે છે. શ્રી મહાપ્રભુજી સમયથી ચાલ્યા આવતા હોવાથી અનાદિ–કૃષ્ણદાસ અધિકારીજી વગેરેને આશીર્વાદ આપે છે. આમ સૌને યથા યોગ્ય સ્નેહ સમાદર શ્રી ગુસાંઇજી કરે છે.

(૧૯) વાસુદેવ-ભટ્ટૈઃ સ્વગૃહે ગન્તવ્યં પુરોહિત-ગૃહાત્, વેંકટ-પ્રભૃતિષુ કૃષ્ણરાય આદિષુ-આશિષઃ ઇતિ ।

– વાસુદેવભટ્ટજીએ પુરોહિતના ઘેરથી પોતાને ઘેર જવું જોઇએ, વેંકટ વગેરેને, કૃષ્ણરાય આદિને આશીર્વાદ.

યથા યોગ્ય સૂચન–આશિર્વાદ વગેરેથી સ્વજનોના માર્ગદર્શક ભાવપોષક–શ્રી ગુસાંઇજી પત્રથી પણ બને છે. આમ શ્રી ગુસાંઇજીનો પોતાના પુત્રોને પત્ર પુરો થયો.

રૂા. ૫૦૧ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ, મોરબી–અમદાવાદના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રીવલ્લભ ॥

ભક્તિ પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

એક વાર આખા દિવસમાં પણ મળ્યા વિના ન રહેવાય;
જો ના મળે તો વિકળ થાય, 'આસક્તિ' એ કહેવાય.
કહેવાયે વ્યસન આવું જયારે થાય, સ્હામા સ્હામા હૃદય વિંધાય;
'તન્મયતા' તે મૃત્યુ સમાન, આ ચારે આવે જયારે આપે હરિદાન.

–સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૩૭)

વિવેચન : આ કડીમાં આસક્તિ, વ્યસન અને તન્મયતાના ગુણો બતાવ્યા છે.

નારદ સુત્રમાં આસક્તિનાં પાંચ વિભાગો બતાવ્યા છે–

(૧) રૂપાસક્તિ, (૨) કાન્તાસક્તિ (૩) વાત્સલ્યાસક્તિ, (૪) તન્મયતાસક્તિ (૫) પરમ વિરહાસક્તિ.

જયારે પ્રેમ કરતાં ઉંચી કક્ષાએ પહોંચે, ત્યાર પછીનો આ પ્રસંગ છે. જેના પ્રત્યે પ્રેમ હોય, તેના દર્શન વિના વિરહ થાય, જોયા વિના રહી ન શકાય. પરંતુ અત્રે તેનાથી ઉચ્ચ કોટિનું વર્ણન છે. દર્શન વગર ન રહેવાય તેનું નામ આસક્તિ પરંતુ સામો પ્રેમી પણ એવો જ હોવો જોઇએ જેમકે, (૧) સુર્ય અને કમળ તેને સ્નેહ છે, પરંતુ સાંજ થતાં કમળ બીડાઇ જાય તેની સુર્યને વ્યથા નથી.

(૨) ચંદ્ર અને કુમુદની, કુમુદનીની પ્રિતને ચંદ્ર જાણતો નથી.

(૩) મેઘ અને મયુર, મયુરનો મેઘ પ્રત્યેનો સ્નેહ મેઘ જાણતો નથી. આ બધા એકાંગી સ્નેહ કહેવાય છે.

સ્નેહી તો તેને કહેવાય કે બંને બાજુ હૃદય જેના વિંધાયેલા રહે. આવી આસક્તિ તે વ્યસન સમાન જ હોય છે. સફળતા પણ તેમાં ત્યારે જ મળે છે. સ્નેહીના સુખે સુખ અને સ્નેહીનાં દુઃખે દુઃખ.

કુંભનદાસજીએ હિલગના પદમાં ગાયુ છે, જો પેં ચોંપ મિલનકી હોય, સોં કયોં રહે તાહી બિન દેખે, લાખ કરો જીન કોય. આનો તાત્પર્ય એ જ નીકળે છે કે પરસ્પર સ્નેહીઓનાં હૃદયો વીંધાયેલા હોય છે. તેથી તે મળ્યે જ છુટકો કરે છે. તેને કોઇ રોકી શકતું નથી. શ્રી ગુસાંઇજી સાથે કુંભનદાસજીને પરદેશ જવાનું નકકી થયું પહેલાં જ મુકામે બેહોશ થઇ ગયા. કે હવે શ્રીજીની સન્મુખતા કયારે મળશે ? અત્રે શ્રીનાથજી પણ તેનાં વિનાં વ્યાકુલ બન્યા હતા. તુરત જ તે શ્રીજી દ્વાર પહોંચ્યા. આ છે પરસ્પરની પ્રિત. તેને વિરહમાં એક

પળ યુગ સમાન જેવો વીતે. આ બાબત શ્રી ગોવર્ધન વાસી સાંવરેલાલ. આ કીર્તનમાં ચત્રભુજદાસજીએ વિસ્તારથી ગાયુ છે. આમાં પ્રેમની પરાકાષ્ઠાનું વર્ણન છે. પ્રેમ આસકિત વ્યસન આ બધા ગુણો કુંભનદાસજીમાં હતા. તન્મયતા પણ હતી. તેવી ચત્રભુજદાસમાં પણ હતી.

ગોપીજનોએ ગાયું છે- ત્રુટીંયુગાયતે ત્વાંમ પશ્યતાંમ્ -ગોપીજનો કહે છે આપ વનમાં પધારો છો ત્યારે એક એક યુગસમાન વીતે છે વળી વનમાં ખુલ્લા ચરણારવિંદથી પધારો છો તે વખતે આપના ચરણાવિંદમાં કાંકરા કે ડાળખા લાગી જાય તેવી ભીતી અમોને રહે છે.

ભકિતભાવમાં આમ સામાસામી પ્રિત હોય છે. વનમાંથી જ્યારે પ્રભુ વ્રજ પધારે છે, ત્યારે ગોપીયો સામે ચાલી ખીરકમાં મળવા જાય છે, ત્યારે તેઓ પુછે છે કે પ્રભુ વનમાં કયાંય આપને ત્રાસ તો નથી પડયો ને ? અમે તો આપના વિયોગે ગુણગાન કરી સમય વીતાવ્યો, ત્યારે પ્રભુ કહે છે કે હું પણ વનમાં તમારી યાદ ભુલ્યો નથી. મારૂં મન તમારામાં જ હતું. આમ, પ્રેમનો ઉમળકો હૃદયમાંથી જ પ્રગટ થાય છે. પ્રાણેશના દર્શન વીના જીવ અકળાય અને દર્શન કરતાં તૃપ્તિ ન થાય. પ્રેમીથી જુદા પડવાનો સમય કષ્ટદાયક હોય છે. વિયોગમાં તો મન ત્યાં જ લાગી રહે છે. તન તપતુ રહે છે.

નંદદાસજી – નયન, બેન અરૂ શ્રવણ, મન જાય રહત પ્રિય પાસ,
પ્રાન માત્ર ઘટ રહત હે ફેરી મિલનકી આશ.

ગોપીજનો કહે છે કે – આ શરીરમાં પ્રાણ ટકી રહયા છે તે કેવળ આપના દર્શન માટે જ નહી તો વિયોગ થતાં જ પ્રાણ નીકળી જાત.

(૧) અમારા નયનો – શ્રીમુખ જોવાને તલસી રહયા છે.
(૨) અમારી વાણી – કૃષ્ણ, કૃષ્ણ કૃપા કરો આટલું જ બોલે છે.
(૩) અમારા કાન – આપની મધુર વાણી સાંભળવા આતુર થયા છે.
(૪) અમારા મનડા – ચિત્ત, મન આ બધુ તો તમે ચોરી લીધુ છે. તે અમારી પાસે જ નથી.

ફકત આ દેહ છે તેમાં પ્રાણ ટકી રહ્યા છે તેને ફેર મિલનની આશા છે. નહીં તો વિયોગ થતાં જ પ્રાણ નીકળી જાત.

વિછુર્યો ચાહે મિલનકું સદા મિલનકી આશ.

ઉપર મુજબ નંદનંદનની પ્રિત. તેને મળવા માટે જ આશામાં જ જીવન ટકાવી રહ્યા છીએ. આ પ્રેમ આસકિત, વ્યસન, તન્મયતાનું ઉદાહરણ છે.

તન્મયતા – તે તો મૃત્યુ સમાન પણ મૃત્યુ નહીં. આ દેહમાં સર્વેન્દ્રિયો હોવા છતાં તે નિષ્પાપ: મતલબ કે તેના ગુણધર્મો બધા પ્રભુમાં લીન થયા હોય છે.

શિક્ષાપત્રમાં શ્રી હરિરાયજીએ વિરહને ધર્મી અને ધર્મ બે રૂપે વર્ણવ્યો છે–

બહિઃ સંવેદનં વાપિ તદ સંવેદનં તથા
તયોરવસ્થા દ્વિતિયં ભાવે નૈવન ચાન્યથા

વિપ્રયોગમાં – બહારનું જ્ઞાન રહે તે ધર્મરૂપી વિપ્રયોગ,
,, જ્યારે બહાર જ્ઞાન ન રહે તેને ધર્મીરૂપ કહેવાય છે. બહારી જ્ઞાન નષ્ટ થયુ
તન્મયતા પ્રાપ્ત થઇ. તે ફળરૂપ ધર્મી વિપ્રયોગ મૃત્યુ સમાન પરંતુ મુત્યુ નહી.

જેવી રીતે મુત્યુ પછી આ દેહ સાથે કોઇ સંબંધ રહેતો નથી તેમ દેહના સંબંધીઓ પ્રત્યે પણ કોઇ સંબંધ રહેતો નથી તેમજ તેને પોતાનું કે બીજાનું દુઃખ કે સુખ કાંઇ પણ હોતુ નથી. તેવી રીતે તન્મયતામાં પ્રાપ્ત થતાં તે કેવળ પ્રભુમાં જ લીન થવું, પ્રભુ સિવાય અન્ય જ્ઞાનથી રહિત, તે ધર્મી, વિપ્રયોગ, સાક્ષાંત્કાર સમાન છે.

કવિશ્રીએ આ ચંદ્રાવળામાં પુષ્ટિ ભકિતનું ઉંડુ રહસ્ય સમજાવ્યુ છે કે પુષ્ટિ શું છે? તન્મયતા કોને કહેવાય ? આ દશાને પુષ્ટિ ભકત પ્રાપ્ત કરી શકે છે આ બતાવવાનો ધર્મ છે.

રાસમાં અંતર્ધ્યાન પછી પ્રભુ ગોપીજનોની વચ્ચે જ પ્રગટ થયા ત્યારે ગોપીજનોએ પુછ્યુ કે અમને છોડીને તમે ગયા, તેના જવાબમાં પ્રભુએ કહ્યું કે હું તમારાથી દુર ગયો જ નથી. જો હું તમારાથી દુર જાત તો તમારા દેહમાં પ્રાણ ટકી ન શકત. મેં મારૂં બાહરી રૂપ બતાવવું બંધ કર્યુ ને તમારા હ્રદયમાં બિરાજી તમારા દેહની રક્ષા કરી છે. નહીં તો તન્મયતા તો મુત્યુ સમાન જ અવસ્થા છે.

તમે મને બાહરી રૂપથી જોયો સાથે રાસ રમ્યા. પછી તુરતમાં તમે મારો વિયોગ સહન ન કરી શકત. તેથી તમારા હ્રદયવાસી બન્યો જેમ હું તમારામાં છું તેમજ તમે મારામાં છો. અન્યોઅન્ય સમાનભાવ છે. આ ચારે વસ્તુ (પ્રેમ, આસકિત, વ્યસન, તન્મયતા) પ્રાપ્ત થવી તેમાં પ્રભુ ઇચ્છા મુળ કારણ છે. જીવની શકિત નથી પ્રભુ જેનાં ઉપર કૃપા કરી દાન કરે તે જ ભકત આ દશાને પાત્ર બને.

નારદ સુત્રના દષ્ટાંતો લૌકિક રીતે સમજાવ્યા છે–

આસકિત લૌકિક ગુણો – કોઇનું રૂપ જોઇને મોહિત થવું.

કાન્તા આસકિત – સુંદર નારી જોઇ મોહિત થવું.

માતાની પોતાના પુત્ર પ્રત્યેની વાત્સલ્યસકિત ઘણી વાર જોવા મળે છે કે સંસારમાં આસકિત ધરાવવાવાળા ઉપર મુજબના પોતાનો પ્રાણ પણ તજી દે છે. વાસ્તવિકમાં સંસારાસકિત તો ડુબાડે છે, ભગવદાસકિત તે જ ભકતોની મહત્વકાંક્ષા.

જે ભગવદ ભકત આવી આકાંક્ષા રાખે છે તેને પ્રભુ પ્રેમનું દાન આપે છે. ધીરે ધીરે આગળ જતાં વ્યસન સુધી પહોંચી શકાય છે.

આવું સુદર પુષ્ટિ રહસ્ય છે–

આટે જ કવિશ્રી કહે છે— સેવો શ્રીકૃષ્ણ કૃપાળ....

રથયાત્રા

લેખક : વીણાબેન શેઠ

શ્રી ગુસાંઇજીએ પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકા વ્યવસ્થિત કરી અને અનેક ઉત્સવોનું આયોજન કર્યું ઉત્સવોની ઉજવણીમાં કયારેક કોઇ સુચન પણ સ્વીકાર્યું જેમ કે શરદપુનમે બધું જ સફેદ રંગનું પીછવાઇ, વસ્ત્રો, પડદા વ. હોય તો વધુ સુશોભિત લાગે તેનું અકબર બાદશાહનું સુચન શ્રી ગુસાંઇજીએ સ્વીકાર્યું હતું રથયાત્રા પણ શ્રી જગદીશનો તહેવાર જગન્નાથપુરીમાં દર વર્ષે ધામધુમથી રથયાત્રા નીકળે પ્રથમ રથયાત્રાના ઉત્સવની આજ્ઞા શ્રી જગદીશ શ્રી ગુસાંઇજીને પુષ્ટિમાં પણ રથયાત્રા ચાલુ કરવા માટે કરી હતી તે આજ્ઞાનો સ્વીકાર કરી 'રાસા' નામના સુથાર પાસે રથ સિદ્ધ કરાવ્યો હતો અને અડેલ પધારી શ્રી નવનીત પ્રિયાજીને સૌ પ્રથમ રથમાં પધરાવી પુષ્ય નક્ષત્રના સમયે રથયાત્રા ઉજવવાની શરૂઆત કરી હતી પુષ્ટિમાર્ગમાં તિથિ પ્રમાણે નહિ, પણ નક્ષત્ર પ્રમાણે ઉત્સવો મનાવાતા હોવાથી રથયાત્રાનો ઉત્સવ પુષ્યનક્ષત્ર હોય તે જ દિવસે મનાવાય છે.

આગલા દિવસે રથ–ઘોડાની સજાવટ થયા બાદ બીજે દિવસે પ્રથમ રથ ઘોડાનું અધિવાસન થાય ત્યાર પછી રથમાં શ્રી ઠાકોરજી બિરાજે છે તે દિવસે ચાર ખેલના દર્શન થાય છે ચાર ભોગ ધરાય છો મગની અંકુરી કુમારીકા યુથની ભાવનાથી ધરાય છે અને આંબો શ્રી સ્વામિનીજીના ભાવથી ધરાય છે. રથયાત્રાથી વર્ષાઋતુનો આરંભ અને મલ્હાર રાગનો આરંભ યાય છે. મલ્હારનાં કીર્તનોની આ દિવસથી શરૂઆત થાય છે મગને જે અંકુર ફુટે છે તેથી ભકિતના અંકુર ભકત હૃદયમાં ફુટે છે અને દિન પ્રતિદિન ભકિત વધે તેવી ભાવના છે. જાંબુ રસદાર છે. પ્રભુ ભકિત પણ રસદાર બને તેવી ભાવના વ્યકત થાય છે.

રથયાત્રામાં ચાર ખેલનાં દર્શન થાય છે. પ્રથમ ખેલનાં દર્શન પ્રભુ નંદાલયમાંથી ફરવા પધારે છે એ ભાવથી થાય છે.

બીજા ખેલનાં દર્શન રસ્તામાં પ્રભુ વ્રજાંગનાને ત્યાં રોકાય ગયા તે ભાવથી થાય છે.

ત્રીજા ખેલનાં દર્શન બરસાનામાં વૃષભાજનજીની વાડીમાં નંદિનીને મળે છે એ ભાવથી થાય છે.

ચોથા ખેલનાં દર્શન પ્રભુ વ્રજકુંજ નિકુંજોમાં ફરીને નંદાલયમાંમાં પાછા પધારે છે. એ ભાવથી થાય છે આમ ચાર પ્રકારના ભાવથી ચાર ખેલનાં દર્શન થાય છે.

શ્રી ગુસાંઇજી સં. ૧૬૧૬ના મહા સુદ તેરસના દિવસે જગદીશ પધાર્યા ત્યારે ત્યાં છ માસ બિરાજયા હતા તે સમયે શ્રી જગદીશે રથયાત્રા ઉજવવાની આજ્ઞા કરી હતી તે સમયે શ્રી ગુસાંઇજી જગન્નાથપુરીમાં રથયાત્રા ઉજવી હતી 'પીપલ્લી' ગામના માધવદાસ આપશ્રીની પાસે હતા તેમણે 'જય જગન્નાથરાય હરિ દેવા' એ પદ ગાયું આપશ્રી અત્યંત પ્રસન્ન થયા.

શ્રી મહાપ્રભુજીની આસુર વ્યામોહલીલા કાશીમાં હનુમાન ઘાટે અષાઢ સુદ બીજે સાંજના સમયે થઇ હતી.

આમ અનેક રીતે રથયાત્રાનું સ્મરણ કરતાં હૃદયમાં પુષ્ટિ ભાવ વિશેષ જાગ્રત થાય છે.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ર શ્લોકી

સેવા ભાવના (હિંદીમાં પદ્ય રચના)

રચયિતા : **પ. ભ. રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર**

–ગતાંકથી ચાલુ

દો. ઇમિ વલ્લભ અવતાર ધરિ, સોઇ કૃષ્ણનંદનન્દ ।
કરિ પરિક્રમા તીન, દિય ધૃતિકહું પરમાનન્દ ॥
છૈ સો પન્દ્રા શ્લોક કે, ભાવ કહે હરિરાય ।
સોઇ તિન ચરન પ્રતાપ–બલ, કહ્યો 'ભૂપ' હરષાય ॥

મારગ ચલત કરાવહિં દર્શન । ધન્ય હોહિં સબ દેખ નિકુંજન ॥
પ્રથમ કીન્હ રતિ ક્રીયન દિખાહીં । પ્રિયા–ભાવ ભાવના કરાહીં । ૬૧૬ ।
યા સોં કબહું મારગ માહીં । ચલત ચલત ઉદાસ હો જાહીં ॥
કબહું આદર સહિત ચલાહી । નેત્ર મુંદ અશ્રુહુ બહાહીં । ૬૧૭।
કબહું ભાવના કે આનન્દન । ગાહિં ઉચ્ચ સ્વરચિત ગાયન ॥
અન્તઃકરણન કી ઉત્કંઠન । ધરીં બાહુનિજ મિત્રન–કાંધન ।૬૧૮।
વેણુ બજાવત કબહું કબહું હરિ । જંગમ વસ્તુ ન કહું સ્થાવર કરિ ॥
અસ વૃક્ષાદિ સ્થાવરન કાહીં । દાન આન્તરાનન્દ કરાહીં ।૬૧૯।
પુનિ તે રોમાંચિત હો જાહીં । નીકી વિધિ મધુધાર શ્રવાહીં ॥
હરિ લલાટ શ્રમ બિન્દુ સુહાયે । ગોરજ સની અલક મન ભાયે ।૬૨૦।
નિજ સ્વરૂપ સોં દસ પ્રકાર કૈ । રસ પ્રકટાવહિં રસ સાગર તે ॥
નિજ મુખ બસે ધર્મ અપને સોં । હરિ મોહિત કરહિ ગોંપીયન કોં ।૬૨૧।

દો. અલકાવલી ગોરજ સની, ચાર પદારથ રૂપ ।
ઇનકી લૌકિક કામના, મિટહિં દરસ સોં 'ભુપ' ।૬૨૧।

વન મેં જે લીલા પ્રભુકીની । અનુંભાવત તે સબ રસ ભીનીં ॥
સ્વામિનિજી કે અંગ કો સ્મરણુ । તેં ઉત્પન્ન હોત આનન્દન ॥
સોં હરિ કો નિજ મુખ અરવિંદા । આનન્દ યુકત હોત સુખ કંદા ।૬૨૩।
ઘુર્ણાયમાન નેત્રન સોં હરિ । સુચવહિં રમણુ સ્થલ કટાચ્છ કરિ ॥
બાયેં કર લીના યુત કમલન । લૌ શો ભાલિં અધિક ઉંત્સાહન ।૬૨૪।
વન માલા પૈ બૈઠે ભ્રમરન । તાસોં દુર કરાહિં અવરોધન ॥
ઓર તા ભ્રમર કી ગુંજારનિ । કે પીછે અપની ઉદ્દભુતનિ ॥
કે ભાવન બહિ આપુ હિ પાવ હિં । ભાંતિ ભાંતિ કી તાન સુનાવહિં ।૬૨૫।
નૃત્યત ચરનન ચાલ બતાવન । ધરત ભૂમિ પર ચરન સુહાવન ॥
ભેદ અનન્ત બતાવન કાહીં । ભિન્ન ભિન્ન ચેષ્ટા દરસાહીં ।૬૨૬।

દોં. લીલા વિવિધ બતાવહીં, સિર ચેષ્ટનિ બહું ભાંત ।
મૃદુ ગંડ સ્થલ, લાલ મુખ, સોં હરિ અતિ શોભાત ।૬૨૭।

નિજ ભકતન કી આરતિ નસાવન । કે શ્રમ સોં શ્રમબિન્દુ લગ મુખન ।
હૃદય સ્મરણુ શ્રી સ્વામિનિ જુ કે । અતિ ધુર્ણિત મદ યુકત નયન ભે ।૬૨૮।
અપને અતિ કરુણા આનન્દન । સોં ભર દિયે સકલ ગોકુલ જન ॥
વેણુનાદ કી સ્વર ગતિ કે રે । ભેદન સ્થિતિ જનાહિં અપની જે ।૬૨૯।
પુંનિ પ્રત્યેક સ્વામિનિ જુ કો । લેહિં નામ ગુણ ગાવ હિં નીકો ॥
આવહિંગે અબ મમ ગોપીજન । ભયે પ્રફુલ્લિત હર્ષંત લોચન ।૬૩૦।
ગોપીજન કે સ્નેહન કારન । ધીરજ ભાગ્યો છાંડિ ઇનકો મન ॥
ઉત્કંઠા જો ભઇ વિરહ કી । તાહિત વ્યાકુલ ભૌ ગતિ મનકી ॥
મો તેં દોષ ભયો કછુ ભારી । અપરાધી નિજ કહિં વિચારી ।૬૩૧।
ગોપી સર્વાત્મ ભાવ વારીં । તિન ભાવ–ભાવના વિચારી ॥
અહહિં શિરોમણિ ઇનકે માહીં । સન્ધ્યા હોન લગી મગ માહીં ॥
કામદેવ જનુ પ્રકટ હુવાયો । તિમિનિ જ દર્શન આપ કરાયો ।૬૩૨।
વિક્ષેપક આચ્છાદુક હોઇ । શકિત ન સહિત દિ ખહિં પ્રભુ સોઇ ॥
લાવણ્યાદિક કે સમુદ્ર સોં । નિકસી લહરન થી મુંખ છબિ જયોં ।૬૩૩।

દો. આશ્રય સ્થલ સત્પુરુષ કે, માતુ–જન્મ સફલાહિં ।
બ્રજ કો તાપ નસાવહીં, તે પ્રભુ બ્રજ મેં આહિં ।૬૩૪।

[આ વખતે પ્રભુએ વેણુનાદ કર્યો તે સાંભળીને વૃજમાં રહેલાં ગોપીજનો, પ્રભુ પધારે છે, એમ જાણીને ઘરમાંથી ઉઠીને પ્રભુની સામે આવ્યા તેઓ માર્ગમાં પરસ્પર પ્રભુના સ્વરૂપ. પોતાના અભિલાષ વગેરે અનેક વિષયોનો સંવાદ કરતાં વ્રજની સીમા પાસે ઉભાં રહ્યા તે લીલાનું વર્ણન ત્રેપન શ્લોકથી કરે છે. (૬૩૫ થી ૬૮૭)

બ્રજ ગોપિયન સુનિ મુરલી નાદન । ગોખુર ધુંરિ દેખ આકાશન ।૬૩૫।
હૃદય બિરાજિત ભાવ રૂપ હરિ । સોં સંવાદ સુગુપ્ત પ્રાપ્ત કરિ ॥
પરમાનન્દ ભરાયો હૃદયન । અતિ ઉત્સાહિત ભે જિનતન મન ।૬૩૬।
દેહ ઉઠત જિમિ પ્રાણન પાઇ । ઉઠીં સકલતિમિ સહ સમુદાઇ ॥
સખ નિજ ભાવન મારગ માહીં । નિજ નિજ ભાવ મનોર્થ કરાહીં ।૬૩૭।
સુન અતિશય અનન્ત ગુણ પ્રભુ કે । આનંદ મગન ભયે મન જિનકે ॥
હરિ કે ગુણ ગાવત હરષાઇ । પ્રભુ સન્મુખ ગોપી સબ આઇ ।૬૩૮।
સન્ધ્યા ક્ષણ અતિ સુન્દર માનહિં । બનતે ગોપિકાધીશ પધરહિં ॥
વેણુ બજાહિં વિચિત્ર પ્રકારી । બાંકે કેશન, મુખ છબિ ન્યારી ॥
બ્રજ રજ સોં સબ કેશ ભરાયે । તિન સોં પ્રભુ હુ અતિ શોભાયે ।૭૩૯।
કમલ ફિરાવત ઇત ઉત ઐસે । છિય હિં ગોપિ હિય, હાથ ન જૈસે ॥
નિકટ ખડીં ગોપીજન કાહિં । કામ શાંતિ ભલિ ભાંતિ જનાહીં ।૬૪૦।

(ક્રમશઃ)

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

માનવ-ધર્મ

વૈષ્ણવતા કો ઘર દુર હે, મનુષ્ય ધર્મભી હોય;
યાપે જો સાંચો ચલે, તો સમ ભલો ન કોય.

મનુષ્ય ભલો કહાય કે, ફીર વૈષ્ણવતા આય;
વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રી વ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

—ગતાંકથી ચાલુ

પતંજલિ ભગવાને બતાવેલ મૈત્રી, કરુણા, પ્રસન્નતા અને ઉપેક્ષા વિગેરે સાધનોનો યથા યોગ્ય ઉપયોગથી આત્મશુદ્ધિમાં ઘણી સહાયતા મળે છે.

મૈત્રી, કરુણા મુદિતોપેક્ષણાં સુખદુઃખ પુણ્યાપુણ્ય ।
વિષયાણાં ભાવતાતશ્ચિત્તપ્રસાદનમ્ ॥ (યોગ, પાદ-૧, સુત્ર-૩૩)

સુખી મનુષ્યોથી પ્રેમ, દુખીઓ પ્રતિ દયા, પુણ્યાત્માઓ પ્રતિ પ્રસન્નતા અને પાપીઓ પ્રતિ ઉદાસીનતાની ભાવનાથી ચિત્ત પ્રસન્ન થાય છે.

(ક) જગતના બધા સુખી જીવો સાથે પ્રેમ કરવાથી ચિત્તનો ઇર્ષા મળ દુર થાય છે. દાહની આગ બુઝાઇ જાય છે. સંસારમાં લોકો પોતાના અને આત્મીય સ્વજનોને સુખી જોઇને પ્રસન્ન થાય છે. કારણ કે તેઓ એ લોકોને પોતાના પ્રાણની જેમ પ્રિય સમજે છે. જો આ પ્રિયભાવ આખા સંસારના સુખીઓ પ્રતિ અર્પણ કરી દેવામાં આવે તો કેટલુ આનંદનું કારણ બને. બીજાને સુખી જોઇને જલન પેદા કરનાર વૃત્તિનો નાશ જ થઇ જાય.

(ખ) દુઃખી પ્રાણીઓ પ્રતિ દયા કરવાથી પર-અપકારરૂપ ચિત્તનો મળ નષ્ટ થાય છે. મનુષ્ય જેવી રીતે પોતાના કષ્ટો દુર કરવા માટે કોઇને પણ પુછવાની જરૂરત નથી સમજતો. ભવિષ્યમાં કષ્ટ આવવાની સંભાવના થતા પહેલાં જ તેના નિવારણ માટે પ્રયત્ન કરવા લાગે છે. જો આવો જ ભાવ જગતના બધા દુખી જીવો સાથે થઇ જાય તો કેટલા લોકોના દુઃખ દુર થઇ શકે છે. દુઃખથી પીડીત લોકોના દુઃખ દુર કરવા માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દેવાની પ્રબળ ભાવનાથી મન સદા પ્રકુલ્લિત રહી શકે છે.

(ગ) ધાર્મિકોને જોઇને આનંદિત થવાથી દોષ આરોપ નામની ઇર્ષ્યા મળ નષ્ટ થઇ જાય છે. સાથે જ ધાર્મિક પુરુષની જેમ ચિત્તમાં ધાર્મિક વૃત્તિ જાગૃત થઇ ઉઠે છે. ઇર્ષાના નાશથી ચિત્ત શાંત થાથ છે.

(ઘ) પાપીઓ પ્રતિ ઉપેક્ષા કરવાથી ચિત્તનો ક્રોધરૂપી મળ નષ્ટ થાય છે. પાપોનું ચિંતન ન થવાથી તેના સંસ્કાર અંતઃકરણ પર પડતા નથી. કોઇ પણ તરફ ઘૃણા નથી થતી, તેનાથી ચિત્ત શાંત રહે છે.

આ રીતે આ ચારે સાધનોથી અંતઃકરણની ઘણી શુદ્ધિ થાય છે. ઉપરોક્ત વિવેચનથી એ સિદ્ધ થઇ ગયું કે મોક્ષધર્મી મનુષ્ય માટે શૌચ એક પરમ આવશ્યક ધર્મ છે. અને તેનો પુરો ઉપયોગ કરવા માટે બાહ્ય અને આંતર બંને પ્રકારના સાધનો કામમાં લેવા જોઇએ. બધા પ્રકારના શૌચ સામાન્ય રીતે પાંચ ભાગમાં વેંચી શકાય છે.

મનઃ શૌચં કર્મ શૌચં કુલ શૌચં ચ ભારત ।
શરીરં શૌચં વાકછૌચં શૌચં પંચવિધં સ્મૃતમ્ ॥

મનની પવિત્રતા, કર્મોની પવિત્રતા, કુળની પવિત્રતા, શરીરની પવિત્રતા અને વાણીની પવિત્રતા– આ પાંચ પ્રકારની પવિત્રતા કહેવાય છે.

(૧) અભિમાન, વેર, દ્વેષ, હિંસા, દંભ, કામ, ક્રોધ, લોભ અને ઇર્ષા વિગેરેથી મન અપવિત્ર થાય છે, તેથી શક્ય હોય તે રીતે આ દુર્ગુણોને મનમાંથી સદા કાઢતા રહેવું જોઇએ.

(૨) કામના, દ્વેષ, દંભ, લોભ અને અભિમાન વિગેરેને કારણે જે શાસ્ત્ર વિરુદ્ધ કર્મ થાય છે તે કર્મ અપવિત્ર કહેવાય છે. તેથી ભગવત અર્પણ બુદ્ધિથી અને લોકસેવાના વિશુદ્ધ ભાવથી શાસ્ત્રોક્ત કર્મ કરવા જોઇએ.

(૩) વ્યભિચાર વિગેરેથી સંકરતા ઉત્પન્ન થવાથી અને પરસ્પર મર્યાદાનો નાશ થવાથી કુળ અપવિત્ર થાય છે. તેથી કુળને વર્ણસંકરતાથી બચાવવું અને યથાયોગ્ય વર્તાવ કરીને મર્યાદાની રક્ષા કરવી જોઇએ.

(૪) અસ્પૃશ્ય પદાર્થનો સ્પર્શ, મરણ વિગેરે અશૌચ અને મળ, મૂત્ર આદિનો ત્યાગ કરવાથી પણ શરીર અપવિત્ર થાય છે, તેથી માટી–જળ અને સ્નાન–આચમન વિગેરેથી શરીર પવિત્ર રાખવું જોઇએ.

(૫) અસત્ય, કડવા, બીજાની નિંદા અથવા પોતાની પ્રસંશાથી ભરેલ અને નકામા વચનોથી વાણી અપવિત્ર થાય છે. તેથી સદા સર્વદા અવિકારી, સત્ય, મધુર અને હિતકર વચન બોલવા જોઇએ.

શૌચનો એક સર્વોત્તમ ઉપાય બીજો છે. તે છે હાર્દિક પ્રેમ સાથે શ્રી ભગવાનના પવિત્ર નામનું સતત સ્મરણ કરવું. શાસ્રની અલગ અલગ વિધિઓના પાલન કરવાની સાથોસાથ મન લગાવીને શ્રી ભગવાનના જપ, કીર્તન અને સ્મરણ અવશ્ય કરવું જોઇએ. આ શ્લોક પ્રસિદ્ધ છે.

અપવિત્રઃ પવિત્રો વા સર્વાવસ્થાં ગતોડપિ વા ।
યઃ સ્મરેત્પુંડરીકાક્ષં સ બાહ્યાભ્યન્તરઃ શુચિઃ ॥

આ માસના ઉત્સવ

જેઠ સુદ ૪ તા. ૯-૬-૯૭ સોમવાર ગો. ચિ. શ્રી કુંજરાયજી (શ્રી યોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ)નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા. ૧૦-૬-૯૭ મંગળવાર રશ્મિકાર યોગી શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૮૩૬). ગો. ચિ. શ્રી વાગીશકુમારજી (કાંકરોલી-વડોદરા)નો તથા ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૧૩-૬-૯૭ શુક્રવાર ગો. શ્રી મુકુન્દરાયજી બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૧૫-૬-૯૭ રવિવાર ગંગાદશમી, દશહરા, શ્રી યમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૧૬-૬-૯૭ સોમવાર નિર્જલા એકાદશી વ્રત, (ભીમ અગીયારસ), ગો. ચિ. પ્રબોધકુમારજી (મથુરા-ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૪ તા. ૧૯-૬-૯૭ ગુરુવાર, સ્નાનનું જળ ભરવું, તેનું અધિવાસન કરવું. શિક્ષાપત્રના ટીકાકાર ગો. શ્રી ગોપેશ્વરજીનો પ્રાકટ્ય દિન (સં. ૧૬૪૯) તથા ગો. ચિ. વ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી-વડોદરા)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૨૦-૬-૯૭ શુક્રવાર, જ્યેષ્ટાભિષેક-સ્નાનયાત્રા, મન્વાદિ તિથી, ગો. શ્રી ગોપીકાલંકાર બાવાશ્રી (મુંબઈ-બોરીવલી રાજકોટ)નો જન્મદિન, વટસાવિત્રી વ્રત.

જેઠ વદ ૪ તા. ૨૪-૬-૯૭ મંગળવાર, ગો. શ્રી ગિરિધરલાલજી મહારાજ શ્રી (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૨૬-૬-૯૭ ગુરુવાર, ગો. શ્રી શ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઇ-પાર્લા-કિશનગઢ)નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૨૯-૬-૯૭ રવિવાર, ગો. ચિ. દર્શનકુમારજી (કોટા-કડી-કાંદીવલી)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૩૦-૬-૯૭ સોમવાર, યોગીની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૩-૭-૯૭ ગુરુવાર, ગો. શ્રી દ્વારકેશલાલજી (કામવન)નો જન્મદિન.

અષાડ સુદ ૨ તા. ૬-૭-૯૭ રવિવાર, રથયાત્રા (પુષ્ય નક્ષત્ર આજે).

અષાડ સુદ ૩ તા. ૭-૭-૯૭ સોમવાર ગો. શ્રી કૃષ્ણકાન્તજી (મુંબઇ-બેંગલોર)નો જન્મદિન તથા ચિ. શ્રી અભિષેકકુમારજી બાવાશ્રી (મથુરા-ધોરાજી)નો જન્મદિન.

॥ શ્રી વલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્‌ગારો

૫૧. જીવ કર્તા નથી, પ્રભુ જ કર્તા છે

આ જગત પ્રભુને રમવાનો બાગ છે. બ્રહ્મા કર્યા, રૂદ્ર કર્યા, વિષ્ણુ કર્યા. બ્રહ્માનો શો ધર્મ ? જગતની ઉત્પતિ કરે. શિવનો શો ધર્મ ? શિવજી સંહાર કરે. વિષ્ણુનો શો ધર્મ ? જગતનું પાલન કરે. તેમ છતાં ત્રણેનું કર્યું જ થતુ નથી, પણ એ ત્રણેને પ્રભુ ચલાવે તેમ ચાલે છે.

બ્રહ્માનો સૃષ્ટિ કરવાનો ધર્મ છે, ત્યારે લોક વાંજીયા શા માટે રહે છે ? વળી ફાતડા શીદ થાય છે ? બ્રહ્માને તો સૃષ્ઠિ વધે તે ગમે. ત્યારે જાણવું કે કર્તા હર્તા શ્રી કૃષ્ણ જ છે.

રૂદ્રથી સંહાર થાય, પણ સૃષ્ટિ ન થાય. વિષ્ણુ પાલન કરે, પણ સંહાર ના થાય. પણ એ ત્રેણે ધર્મ શ્રીકૃષ્ણમાં છે. જેની પાસે જેટલું કામ કરાવવું હોય તેટલું કરાવે. આ બધા તો વચ્ચે નિમિત છે. જેથી તેમાં સામર્થ મુકે તેટલું કામ કરે. માટે કર્તા એક પ્રભુ વિના છે નહિ. માટે પ્રભુ સ્મરણ કરવું, પ્રભુનું સેવન થાય, સર્વ ધન પ્રભુની ટહેલમાં ખર્ચાય તથા મનન પણ પ્રભુનું જ કર્તા રહીએ. તો ભકિતને માર્ગે વળ્યા કહેવાય, ને તો જ પ્રભુનો લાભ થાય. માર્ગે ચાલવું નથી, ને પ્રભુની વાટ જોવી છે, એણે શું કામ થાય ?

વળી કહ્યું કે ભગવદીય છે, તે સુમાર્ગે ચાલે છે. તેનાથી કોઇનું ભુંડુ ના થાય એ સર્વેનુ હિત જ કર્તા છે. તેને વળી કંઇ રોગાદિક તથા બીજી હજારો પ્રકારની જે પીડા થાય છે. તેનું કારણ એ કે પહેલાં જે દોષ કર્યા તે ધીમે ધીમે રોગ બની જાય છે. ને એ રોગનો ભોકતા થાય છે. પછી જે ઓસડીયા કરવા હોય તે કરે છે અને કહે છે કે, મને ફલાણા ઓસડે મટાડયું, પણ ખરૂ જોતાં મટાડનાર પ્રભુ જ છે. વળી બીજો દોષ આવી ઉભો રહે છે ત્યારે બીજો રોગ થાય છે. તેમ જે જે દોષ નાના પ્રકારના કર્યા હોય તે રોગ કરીને નિર્દોષ બનાવે છે. રોગ કરનાર પાપ છે ને સુખ કરનાર પ્રભુ છે, માટે સારૂ ફળે ભોગવવું ને ખોટું ફળ પણ ભોગવવું.

વળી કહ્યું કે સેવા, સ્મરણ ને કીર્તન કરે, ને આ લોકનો વૈભવ માગે તો આપે અને પરલોકનો માગે તો પરલોકનો આપે, માટે એમાંથી એક પણ માગવું નહિ ને પ્રભુનું ભજન સેવન, સ્મરણ, કીર્તન તથા દંડવત કરતા રહેવું એટલે પોતાના લોકની પ્રાપ્તિ થાય.

આ જગત તો પોતાને રમવાનો એક બાગ છે. રમવાનું મન થાય, ત્યારે કરે, ને ના ગમે ત્યારે કાઢી નાખે, પ્રભુની રમતના આ ચૌદ લોક છે ને ચૌદેય લોકમાં કીડીથી કુંજર સુધી સૌમાંય પ્રભુ ગાદી તકીયા કરીને બિરાજ્યા છે એમ જાણવું.

જેની પાસે પોતે જેટલી વસ્તુ કરાવે છે, તેટલે તે પોતે જ કરાવે છે. પણ પેલો ભલો, ભુંડું, સારૂં, નરસું, પાપ, પુણ્ય માને છે ને તેનું ફળ ભોગવે છે.

જો એક પ્રભુકાર્ય માને ને પોતે અકર્તા થાય ને સાક્ષી બનીને જુએ, તેનું કામ થાય. જેમ આ જગતમાં પ્રભુ છે, ને પોતે સાક્ષી થઇને જુએ છે પણ આ જીવ તો જાણતો નથી કે પ્રભુ કરે છે, ને એમ જાણે છે જે હું કરૂં છું, મને ફલાણે ગાળો દીધી. ફલાણે મારી નિંદા કરી, કોઇને આવો એસો કહે છે ને ગાળ દેનાર પર ખીજે છે, વળી માન આપે છે, તેના પર પ્રસન્ન થાય છે.

જગતને જુએ છે તે એક પ્રભુરૂપે ભગવદીય જોયા કરે છે. પ્રભુને જગત કહે છે, ત્યારે પ્રભુને કશી રીસ ચડતી નથી. એટલે જેને રીસ ચઢે તે અજ્ઞાની છે. પ્રભુ કહે છે કે અલ્યા ! તેં મને તો કર્તા કાઢી નાખ્યો, પણ આપણે કર્તા મટી જઇએ, ને પ્રભુ જાણીએ, ત્યારે ભગવદીય જાણી પ્રભુ પ્રસન્ન થાય, ને તેનું મોઢું પ્રભુને ગમે.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

॥ શ્રી મહાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૩૯

કોંન કૌં પ્રણત પાલિવો ઐસો,
હરિ હૂ ચકિત સુમિરિ અપનો પ્રણ તૌ કહા યમુના કૌસો. ૧

અતિ વિચિત્ર અદભુત મહિમા, પરહિતતા કરતિ કૃપા અકુલાતિ;
સકલ અલૌકિક સિદ્ધિ દેત મેં માનો દઇ ન દાતિ. ૨

ઇનકો કિયો કૃષ્ણ મન ભાવે મુરલીમેં યશ ગાવત;
'વલ્લભ' જો યમુના મુખ ભાખે સો હરિ સુહૃદ કહાવત. ૩

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી શ્રીયમુનાજીની અદભુત કૃપાનું વર્ણન કરે છે.

જેવી રીતે શ્રી યમુનાજી આપ જે કોઇ આપને શરણે આવે છે તેનું પાલન કરો છો તેવું બીજુ કરવા કોણ સમર્થ છે ? કેમકે સાક્ષાત હરિ પણ તમારા પરાક્રમ જોઇ અક્તિત થઇ જાય છે કે આવી અતિ વિચિત્ર અદભુત મહિમા કે કેવળ પરાયાનું ભલુ કરવું, દુ:ખી જીવની જોઇને આપને અકળામણ થાય છે. આપની પાસે જે સકલ સિદ્ધિઓ છે તે અલૌકિક સિદ્ધિ એટલે જીવને શુદ્ધ કરી પ્રભુની સન્મુખતા પ્રાપ્ત કરાવવી. આવી રીતનું આપનું કામ જોઇ પ્રભુ અતિ પ્રસન્ન થાય છે અને આપના યશોનું મુરલીમાં ગાન કરે છે, તો બીજા કોઇની શું શક્તિ જે આપના યશોનું ગાન કરી શકે ? દાસ વલ્લભ કહે છે કે જેના મોઢામાં શ્રી યમુનાજીનું નામ રટણ છે તે જીવ પ્રભુને પ્યારો બને છે. કેમકે કૃપાબળથી સંચિત કર્મોને બાળી નાખીને જીવને પ્રભુ સન્મુખ કર્યો છે તેવી તે પ્રભુને પ્યારો છે.

સમાચાર

રાજકોટમાં યોજાએલ યજ્ઞોપવિત પ્રસ્તાવ

પુ પા.ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (માંડવી–રાજકોટ ના આત્મજ પુ.ગો. શ્રી રવિન્દ્ર કુમારજી મહોદયન મોટાલાલ બાવાપુ,ગો. શ્રી મુકુન્દ બાવાશ્રીનો યજ્ઞોપવિત પ્રસ્તાવ ના ૧૮–૫–૯૭ના બડી ધામધુમથી યોજાયો. પ્રસ્તાવનો પ્રારંભ તા. ૧૬–૫ થી થયેલ જેમાં ગ્રહશાન્તી કુલદેવતા સ્થાપન વગેરે થયેલ, અને તા, ૧૭–૫ શનિવારે સાંજે બીનેકી શોભાયાત્રા નીકળેલ જેમાં સુદર શણગારેલ અશ્વપર પુ. શ્રી મુકુન્દ બાવાશ્રીને પધરાવેલ. અને મોટા સમુહમાં વૈષ્ણવ સમાજ. કીર્તન મંડળીઓ વગેરે સમ્મિલીત થયેલ પુ. ગોસ્વામી બાળકો પણ ચરણારવિંદથી ચાલીને વરઘોડામાં પધારેલ.

તેજ દિવસે વૃદ્ધિની સભામાં વિશાળ સમુદાયમાં પુ ગો. બાળકો. સજાતિય ભટ સમાજ. અને ગામ–પરગામના વૈષ્ણવોની ઉપસ્થિતિ અને કીર્તન–મંડવીના મધુર કીર્તનોથી આનંદસભર વાતાવરણ થયેલ.

ઉપનયન સંસ્કાર તા. ૧૮મીએ સવારે ૯ વાગ્યાથી પ્રારંભ યયેલ જે બપોરે એક વાગ્યા બાદ પુર્ણ થયેલા અગાઉથી આમંત્રિત થયેલ વૈષ્ણવો ઉપરાંત મંડપમાં હાજર તમામ વૈષ્ણવોને મહાપ્રસાદ માટે આમંત્રીત કરેલ. હજારો વૈષ્ણવોએ મહાપ્રસાદ લીધેલ જેથી સંપૂર્ણ વ્યવસ્થા પુ. પા, ગો. શ્રી કિશોરસંદ્રજી મહારાજની આજ્ઞાથી સોરઠના મર્યાદી વૈષ્ણવોએ સંભાળેલ. અને સહયોગમાં શ્રી વલ્લભ યુવા મંડળના વૈષ્ણવો, જયરાજ પ્લોટના વૈષ્ણવ ભાઈ–બહેનોએ સુંદર વ્યવસ્થા કરેલ.

આ પ્રસ્તાવમા નીચે મુજબ પુ. પા. ગો. બાળકોના દર્શન–ચર્ણસ્પર્શ–સેવાનો અમુલ્ય લાભ રાજકોટના વૈષ્ણવોને મળેલ.

પુ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (માંડવી રાજકોટ)
, ,, શ્રી રવિન્દ્ર –ાવાશ્રી (માંડવી રાજકોટ)
,, ,, શ્રી મુકુન્દ બાવાશ્રી (,, ,,)

,, ,, શ્રી ગોકુલ બાવાશ્રી (માંડવી–રાજકોટ)
,, ,, અનિરૂદ્ધલાલજી મહારાજશ્રી (માંડથી–હાલોલ)
,, ,, શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી, જુનાગઢ)
,, ,, શ્રી પીયુષ બાવાશ્રી (,, ,,)
,, ,, શ્રી મુરલી મનોહરજી મહારાજ (માંડવી–વડોદરા)
,, ,, શ્રી વિઠલનાથજી મહારાજ (માંડવી–મુંબઈ)
,, ,, શ્રી ભુષણ બાવાશ્રી (માંડવી શ્રીમદ્ ગોકુલ)
,, ,, શ્રી રઘુનાથલાલજી મહારાજ (શ્રી ગોકુલ પારલા)
,, ,, શ્રી શ્યામ મનોહરજી મહારાજ (કિશનગઢ–પારલા)
,, ,, શ્રી રમેશચંદ્રજી મહારાજ (મુલુન્ડ મુંબઈ)
,, ,, શ્રી દાનીરાયજી મહારાજ (જુનાગઢ) તથા તેમના લાલબાવાશ્રી
,, ,, શ્રી મટુ બાવા શ્રી (વિરમગામ)
,, ,, શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (વિરમગામ)
,, ,, શ્રી રઘુનાથજી બાવાશ્રી – (,, ,,)
,, ,, શ્રી રસિક પ્રિતમજી બાવાશ્રી (,, ,,)
,, ,, શ્રી ગોકુલેશજી બાવાશ્રી (વિરમગામ)
,, ,, શ્રી રાજીવ લોચનજી બાવાશ્રી (બોરીવલી–રાજકોટ)
,, ,, શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (,, ,,)
,, ,, પરાગ બાવા સાહેબ (,, ,,)
,, ,, શ્રી દ્વારકેશલાલજી મહારાજ (કામવન–સુરત)
,, ,, શ્રી અનિરૂદ્ધલાલજી બાવાશ્રી (,, ,,)
,, ,, શ્રી કનૈયાલાલજી બાવાશ્રી (,, ,,)
,, ,, શ્રી પ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી) તથા તેમના લાલબાવા સાહે.
,, ,, શ્રી હરિરાયજી બાવાશ્રી પોરબંદર
,, ,, શ્રી લલીતકુમારજી બાવાશ્રી (મુંબઈ–બીલખા)
,, ,, શ્રી પ્રણવ બાવાશ્રી (મુંબઈ–રાજકોટ)
,, ,, શ્રી યશોદાનંદનજી મહારાજ (બોરીવલી)
,, ,, શ્રી કનૈયાલાલજી મહારાજ (પોરબંદર–મુંબઈ)
,, ,, શ્રી રસિકરાયજી બાવાશ્રી (ચાંપાસેની–જુનાગઢ)
,, ,, શ્રી નિરંજકુંમારજી મહારાજશ્રી (મુંબઈ) તથા પુ. વહુજીઓ–બેટીજીઓ વગેરેના દર્શનાથી રાજકોટમાં ભારે આનંદ થયો.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ્ સ્મરણ હા. પ. ભ. ઈન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

પુસ્તક પરિચય

૧. વૈષ્ણવોનો નિત્ય સેવા વિધી –

લેખક – પ્રો. શાંતિલાલ મણિલાલ મહેતા, વડોદરા.

પ્રકાશક – જલારામ જ્યોત પ્રકાશન મોટી ટાંકી પાસે, રાજકોટ–૩૬૦ ૦૦૧

આઠ પેઈજ કુલેસ્કેપ સાઈઝ પાના ૬૪, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, ટાઈટલ ૧ અને ૪ ઉપર શ્રી મહાપ્રભુજી અને શ્રી યમુનાજીના બહુરંગી ચિત્રજી કિંમત રુ. ૧૨/–

બ્રહ્મસંબંધ થયા પછી બ્રહ્મસંબંધ પામેલ વૈષ્ણવે નિત્યપ્રતિ વિધિપુર્વક શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ.

આ સેવાનો વિધિ બહુજ મહત્વનો હોઈ અનુસરણ કરવા યોગ્ય છે. આથી સૌ કોઈ વૈષ્ણવે એ વિધિ પ્રમાણે યથાશકિત સેવા કરવી

આ નાની પુસ્તિકામાં પ્રાત: સ્મરણ, વિવિધ સ્વરુપના સ્મરણ માના શ્લોકો અર્થ સાથે આપવામાં આવેલ છે. નિત્ય દૈહિક કર્મોનો વિધિ પણ આપેલ છે.

શ્રી ઠાકોરજીનો સેવાવિધિ, સમય–સમયના પદ સાથે સુંદર સરળ ગુજરાતીમાં સમજાવેલ છે. જુદા જુદા મહોત્સવને અનુરૂપ સેવા વિધિમાં ફેરફાર પણ અંતમાં આપેલ છે.

દરેક વૈષ્ણવે નિત્ય સેવા વિધી સમજવા માટે ખુબજ ઉપયોગી પુસ્તક.

૨. પુંષ્ટિ સુધા બીંદુ –

રચયિતા – શ્રી જયંત જી. ગાંધી "કુસુમાયુધ", જુનાગઢ

પ્રકાશક – પ્રવીણ પ્રકાશન પ્રા. લિ.

લાભ ચેમ્બર્સ, મ્યુ. કોર્પો. સામે ઢેબર રોડ – રાજકોટ–૩૬૦૦૦૧

આઠ પેઈજ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૨૮, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ લેમીનેશન કાર્ડ બોર્ડ ટાઈટલ ઉપર શ્રીનાથજી શ્રી મહાપ્રભુજીના બહુરંગી ચિત્રજી, કિંમત રુ. ૪૫–

ગુજરાતી સાહિત્યના સિધ્ધ હસ્ત લેખક, કવિ નાટ્યકાર દ્વારા પુષ્ટિ પદ્ય સાહિત્યને આ પુસ્તક એક અમુલ્ય ભેટ છે.

આ કાવ્ય સંગ્રહમાં વિવિધ સાહિત્ય પ્રકાર જેવા કે વિવિધ છંદ, ઢાળ, ગરબા વિ. દ્વારા વિવિધ પ્રસંગો જેવા કે ગોપીગીત, વૃત્રાસુર ચતુ:શ્લોકી, ગજેન્દ્ર મોક્ષ, નાગદમન લીલા, નંદમહોત્સવ, ભાઈબીજ, પુતનામોક્ષ વિ.ને આવરતી રચનાંઓ રજુ કરી છે. નવરત્ન ગ્રંથ ચતુ:શ્લોકી, યમુનાષ્ટક વિ.ને પદ્ય રચનાઓ દ્વારા રજુ કરેલ છે. પુષ્ટિ સંપ્રદાયને અનુકુળ ગરબીઓ લોક ઢાળમાં વિવિધ રચનાઓ રજુ થઈ છે.

ગુજરાતી સાહિત્ય પ્રેમી તથા પુષ્ટિ સાહિત્ય પ્રેમીઓએ, દરેક વૈષ્ણવે વાંચવા, માણવા અને વસાવવા યોગ્ય સુંદર, વાંચતા ભાવ વિભોર થઈ જવાય તેવું અદભુત પુસ્તક

(બીજા પાનેથી ચાલુ)

શોભાયાત્રા શહેરનાં રાજમાર્ગો ઉપર ફરી શ્રી જશુભાઇ મંડાણમાં ધર્મસભાના રૂપમાં ફેરવાઇ ગયેલ જયાં વધાઇ કિર્તન-માર્ગીય વિધ્વાનો પૂજ્ય ગોસ્વામી બાળકોના પ્રવચન થયેલ.

સમગ્ર કાર્યક્રમનું આંયોજન ઉત્સવ આયોજન સમિતિના કન્વીનર શ્રી વિનોદભાઇ ડેલાવાળા, વૈષ્ણવ પરિષદના મંત્રી શ્રી રમેશભાઇ ચોલેરા, કિશોરભાઇ મણીઆર, મુળુભાઇ પોપટ, જે. પી. પારેખ મહેન્દ્ર ડેલાવાળા, વિષ્ણુ રાજદેવ વિગેરે કાર્યકરોના સહયોગથી સંપન્ન થયેલ

રાજકોટ : જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજીના પ્રાકટય મહોત્સવા ઉપલક્ષ્યમાં પુ. પા. ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને શ્રી વલ્લભ વિઠ્ઠલ મંડળના તત્વાવધાનમાં આપશ્રીના બંગલે ત્રણ દિવસ પ્રસંગોચિત સુંદર કાર્યક્રમો રાખેલ જેમાં સ્થાનિક તથા બહારગામના વૈષ્ણવોએ ઉત્સાહથી ભાગ લીધેલ.

– પ્રાકટયોત્સવની પુર્વ સંધ્યાએ વધાઇ કીર્તન તેમજ પુ. પા. ગો. શ્રી રાજીવલોચનજી બાવાશ્રીના સુંદર વચનામૃત થયેલ.

– પ્રાકટયોત્સવના મંગલ દિવસે સવારે 'શ્રી સર્વોત્તમ સ્તોત્ર'ના સમુહપાઠ વૈષ્ણવોએ 'આપશ્રી'ના સાનિધ્યમાં કરેલ. સવારે શ્રીના પલના રાજભોગમાં તિલક દર્શનનો લાભ વૈષ્ણવોએ લીધેલ. સાંજે બહેનોના કળશ, રાસ અને ત્યાર બાદ વધાઇ–કીર્તન થયેલ. ત્યાર બાદ સત્સંગ સભામાં પ. ભ. શાસ્ત્રીજી શ્રી રતિલાલભાઇ ભટ્ટના દ્વારા પ્રવચનમાં ઉત્સવનાયક શ્રી મહાપ્રભુજીના ગુણાનુવાદ થયેલ. ત્યાર બાદ પુ. પા. ગો. શ્રી ભાગવતકુમારજી બાવાશ્રીના 'વૈષ્ણવોનુ મુખ્ય કર્તવ્ય શ્રી ભગવદ સેવા' વિષે મનનીય વચનામૃત થયેલ. અધ્યક્ષશ્રી પુ. પા. ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીએ સુંદર વચનામૃત કરી વૈષ્ણવોને કૃતકૃત્ય કરેલ. આપશ્રીના કેસર સ્નાન થયેલ.

– રવિવાર તા. ૪–૫–૯૭ના સાંજે મંડળના અંતર્ગત શ્રી ભગવદનામ જપયજ્ઞનું સમાપન તથા સત્સંગ સભા રાખેલ. પુ. પા. ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના અલૌકિક વચનામૃત થયેલ. આપશ્રીના કરકમલોથી જપયજ્ઞમાં ભાગ લીધો. વૈષ્ણવોને તેમજ મંડળના આજીવન સદસ્યોને અપ્રાપ્ય અને અવર્ણનીય સુંદર ચિત્રજી કાયમી સ્મૃતિચિન્હરૂપે પ્રદાન કરવામાં આવેલ.

અનુકરણીય

સુ શ્રી નિલીશા અનંગ પરિખ, આ. સભ્ય ૬૦૨, અમદાવાદ તરફથી આજીવન લવાજમમાં વધારો થતાં રૂ. ૨૦૦/– વિશેષ સહાયતા લવાજમ મોકલેલ છે. ધન્યવાદ.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, **Regd.No.G/RJ.212-L.P.W.P43**

શ્રી યમુનાજીનું ધોળ

શ્રીનાથજીનાં ધ્વજાજીનું ધોળ

રચયિતા જયંત જી ગાંધી 'કુસુમાયુધ' જુનાગઢ]

[વીર હું રે સંતોષી બેનડી ! એ લગ્ન ગીતનો ઢાળ]

જી રે આજે આનંદ અતિ થયો, રૂડાં પધાર્યા શ્રી ધ્વજાજી મહારાજ.... શ્રીજીનું સ્વરૂપએ
નિત્યે સપ્ત શ્રીજી મંદીર શિખરે, રૂડાં ફરકે જે વિવિધ સોહાય....શ્રીજીનું
સાતે ધ્વજાજી રૂડાં સાત રંગનાં, સાતે ભાવના વિવિધ કહેવાય....શ્રીજીનું
પ્રથમ ધ્વજાજી તો મેઘી-શ્યામ છે, તેનો ભાવ શ્રી નાથજી સંગ....શ્રીજીનું
દ્વિતીય ધ્વજાજી તો છે પીળા રંગનાં, તેનો ભાવ સ્વામિજી સંગ....શ્રીજીનું
તૃતિય ધ્વજાજી તો છે શ્યામ રંગનાં, તેનો ભાવ શ્રી યમુનાજી સંગ....શ્રીજીનું
ચોથાં ધ્વજાજી તો શુભ્ર સફેદ છે, તેનો ભાવ ચંદ્રાવલીજી સંગ....શ્રીજીનું
પંચમ્ ધ્વજાજી તો છે લીલા રંગનાં, શ્રી રાધા સહચરીજીનો સંગ....શ્રીજીનું
છઠ્ઠાં ધ્વજાજી તો જાંબલી રંગનાં, એ શ્રી ગિરિરાજજી તો છે ભાવ....શ્રીજીનું
સપ્તમ ધ્વજાજી તો રંગ-ગુલાબીનાં, એ શ્રી ગોપીજનો નો છે ભાવ....શ્રીજીનું
પુષ્ટિ માર્ગમાં સાત સ્વરૂપ છે, સાતે ધ્વજાજીમાં સમજો એ ભાવ....શ્રીજીનું
વિવિધ લીલા પરિકરનાં ભાવથી, સપ્ત ધ્વજાજી શ્રીજીનાં સોહાય....શ્રીજીનું
રૂડાં ચક્ર સુદર્શન સોહતા, શ્રીજી મંદિર ધ્વજાજીની સંગ....શ્રીજીનું
અત્તર ભોગ ચઢે નિત્ય ત્યાં રૂડાં, વૈષ્ણવ મનોરથ પુરણ થાય....શ્રીજીનું
શ્રીજી વ્રજથી મેવાડ પધરિયા, કોટિ-કુસુમાયુધ-લાવણ્ય રૂપ....શ્રીજીનું
વ્હાલે કૃપા કરી આ નગર પરે, તેથી પધાર્યા શ્રી ધ્વજાજી મહારાજ....શ્રીજીનું
શ્રીજી ધ્વજાજી પધાર્યા આ શહેરમાં, રૂડાં ધન્ય સૌ વૈષ્ણવનાં ભાગ્ય....શ્રીજીનું
જે કોઈ ભાવે ધ્વજાજી દર્શન કરે. તેને શ્રીજી દર્શન ફળ થાય....શ્રીજીનું
જીરે આજે આનંદ અતિ થયો, રૂડાં પધાર્યા શ્રી ધ્વજાજી મહારાજ....શ્રીજીનું સ્વરૂપએ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ-૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૩૬૧૧૩૪

શ્રી વલ્લભસુધા

વચન સુધા

" આ સર્વ જગત પ્રભુના વૈરાટ (સ્વરૂપ)માંથી ઉત્પન્ન થયું છે તે પ્રભુની ઇચ્છામાં આવે ત્યાં સુધી રાખે અને ઇચ્છામાં આવે ત્યારે પ્રલય કરે એ સર્વ પ્રભુનો વિલાસ છે.

જે સંસારી જીવ છે તેને તો સંસાર જ ફલ છે પણ તેમાં જે સુકૃત્ય કરે તે પિતૃલોકને પામે છે. વળી તે કરતાં (ધર્મ) શાળા, યજ્ઞાદીક કરે તો તે દેવલોકને પામે હવે જે મર્યાદા માર્ગના જીવ છે તે પોતાના દેહને કષ્ટ આપે છે અને આત્માનું સુખ વિચારે છે. પણ જે પુષ્ટિમાર્ગીય જીવ છે. તે તો કેવલ પ્રભુનું જ સુખ વિચારે છે. પોતાની દેહ તથા આત્માનું સુખ વિચારતા નથી. એમ જાણીને પુષ્ટિમાર્ગીય સદા વિરહતાપ કરવા તે વિરહતાપ કરતાં કરતાં પોતાનો દેહ સુકાઇ જાય, જેમ મર્યાદા માર્ગીયનો દેહ સાધન કરતાં કરતાં સુકાઇ જાય તેમ પુષ્ટિ માર્ગીયનો દેહ વિરહ કરતાં કરતાં સુકાઇ જાય પણ પ્રભુ ઉપરનો સ્નેહ એવો ને એવો રહે તેનું નામ પુષ્ટિમાર્ગીય ભગવદિય જાણવા."

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૨૩

✽ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✽

વર્ષ ૧૬ : અંક-૪ જુલાઈ, ૧૯૯૭
શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- • આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

॥ શ્રીવલ્લભો જયતિ ॥

જગદ્‌ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના અલૌકિક ચરિત્રનું કાવ્યરૂપે વર્ણન કરતો
મહા-કાવ્ય ગ્રંથ

શ્રી વલ્લભાયન માધુર્ય કાવ્ય

રચયિતા પ. ભ. શાસ્ત્રીજી શ્રી ગણપતરામ સાંકળેશ્વર પંડયા ધમ્મોતા (રાજસ્થાન)
સંપાદક : શ્રી રવજીભાઇ પ. પટેલ સંપાદક શ્રી વલ્લભ સુધા'
પ્રકાશક : આં. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા

આઠ પેજી કાઉન સાઇઝ ઉત્તમને. સે. મેપલીથો કાગળ લગભગ ૫૦૦ પૃષ્ઠ, ૫૦થી વધુ આર્ટપેપર પર બહુરંગી ચિત્રજી, પાકું બાઇન્ડીંગ, અત્યંત મનોહર શ્રી મહાપ્રભુજીના ચિત્રજીથી સુશોભિત આર્ટપેપર જેકેટ. ન્યોછાવર રૂ. ૨૦૦ પોસ્ટેજ જ અલગ.

પ. ભ. શાસ્ત્રીજી શ્રીગણપતરામભાઇ દ્વારા ભારત ભરમાં ૪૫૦ થી વધુ શ્રીવલ્લભાયન મહાકાવ્યની સંગીતમય કથાઓના આયોજન થયાં છે. જેમાં શ્રી મહાપ્રભુજીનું સંપુર્ણ ચરિત્ર વર્ણન, અત્યંત મનોહર શૈલીએ કરવામાં આવ્યું છે. અને જે અદ્વિતિય કહી શકાય તેવો મહાન ગ્રંથ આં. પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા તથા રાજકોટના પ. ભ. શ્રી જયન્તીલાલ પડીઆ તથા અન્ય વૈષ્ણવોના સત્પ્રયાસોથી મુર્ત પામ્યો છે. જે એક સિમાચિન્હ રૂપ ગ્રંથ છે.

શ્રીમહાપ્રભુજીના જીવન પ્રસંગોના દિવ્ય દર્શન કરાવતા નયન રમ્ય ચિત્રજી, દશ પુ. પા. ગો. આચાર્યશ્રીઓના રંગીન ચિત્રજીથી સુશોભીત આ ગ્રંથ સંપુર્ણ કોમ્પ્યુટરાઇઝડ ઓફસેટ પ્રીન્ટીંગમાં તૈયાર થયેલ છે.

માત્ર એક હજાર પ્રત છપાએલ આ ગ્રંથના અગાઉથી થઇ ગયેલા ગ્રાહકો અને દ્રવ્ય સહાયકોને આપતાં થોડી જ પ્રતો મળવાની છે જે વહેલો તે પહેલોના ધોરણે નીચે મુજબના સ્થળેથી મળી શકશે.

(૧) પ. ભ. શ્રી મનસુખલાલ માવજીભાઇ
જશુભાઇ મંડાણ, લલજી પારેખની શેરી ખત્રીવાડ રાજકોટ.

(૨) શ્રી રવજીભાઇ પ. પટેલ
"અમૃત" જલારામ પ્લોટ ૧ માર્ગ નં. ૩
યુનીવર્સિટી રોડ રાજકોટ ૩૬૦ ૦૦૫ ફોન ૫૭૩૨૦૫

અભિનંદન

આપણી શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિના પ્રમુખ અને આં. પુ. વૈ. પરિષદ ગુજરાત પ્રદેશના સહ. મંત્રી પ.ભ. શ્રી ડાયાભાઈ ડેલાવાળા રાજકોટ નાગરિક સહકારી બેંક લીના ડાયરેક્ટર પદની પ્રતિષ્ઠા ભરી ચુંટણીમાં વિજયી થયાં છે. રા. ના. સ. બેન્ક ભારત ભરમા સહુથી વધુ સભાસદ ધરાવતી શેડયુઅલ્ડ સહકારી બેન્ક છે. જેમાં ડાયાભાઇ વિગત દશ વર્ષોથી ડાયરેક્ટર પદે સેવાઓ આપી રહેલ છે. આ વર્ષે યોજાયેલ આવતા ગણ વર્ષ માટે ચાર ડાયરેક્ટરોની ચુંટણીમાં ભા. જ. પ. પ્રેરિત સહકાર પેનલના શ્રી ડાયાભાઇ તથા તેમના ત્રણે સાથીદારો શ્રી ટપુભાઇ લીંબાસીયા શ્રી જયેન્દ્રતીભાઇ મહેતા અને શ્રી પ્રવિણભાઇ ભટ્ટનો ભારી બહુમતીથી વિજય થયેલ છે. શ્રી ડાયાભાઇ ડેલાવાળા આ પ્રતિષ્ઠિત ચુંટણી જીતતા શ્રી વ. સુ. સંપાદક વ્યવસ્થાપક મંડળના સર્વે સભ્યો અભિનંદન પાઠવે છે.

શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ।

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૪ ❋ જુલાઈ ૧૯૯૭

મનને શિક્ષા

મો સોં કોંન ચાકરી ચોર ।
આલસ નિદ્રા મેં સબ વીતત સાંઝ સોઉં જાગું નહીં ભોર ।૧।
કૃષ્ણ નામ રસના નહીં આવત વિષય વાસના મચાઉંર સો ।૨।
'રસિકદાસ' જન કે કોઉં નાંહી શ્રીવલ્લ ચરન કમલરજ જોર ।૨।

: ભાવાર્થ :

નિ. લી.ગો. શ્રી મટુજી મહારાજ આ પદમાં અત્યારના આપણા જેવાં જીવોની મનઃસ્થિતિને ચિતાર આપે છે, અરે ! મારા જેવો કોણ બીજો ચાકરી ચોર હશે ? પુષ્ટિમાર્ગીય વૈષ્ણવનો જે સહજ ધર્મ ભગવત્ સેવા તે તો મારાથી બનતી નથી આળસમાં નિદ્રામાં જ બધું વિતે છે.

અરે ! દેહથી ભગવત સેવા નથી બનતી તો મોઢેથી ભગવદ્ નામ તો લઈ શકાય ને ? ના એ પણ નથી બનતું મનમાં વિષય વાસનાં એવો હેકારો કરે છે કે મોઢે ભગવદ્ નામ પણ નથી લઇ શકાતું.

આવો દુષ્ટ જીવ છે છતાં એ શ્રીવલ્લભ કુલનો શરણાગત છે એટલે એને સેવા સ્મરણ નથી બનતા એને જે શકિત નથી તે શકિત તો શ્રીમદ્‌વલ્લભાધિશના ચરણ રજના પ્રતાપે પ્રાપ્ત થાશે અમને તો એજ આશ્રય છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

ગ્રન્થ પરિચય

લેખક ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજ

ભાષાંતર પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ

–ગતાંકથી ચાલુ

(૧) ભગવદ ગુણોના સ્વર–તાલ તથા લયનો આશ્રય સહિત કરેલા ગાન કરનાર ગાયકો વિશ્રુત ગંધર્વોની જેવા લોકો કુવાની જેવા હોય છે. કોઇક કુવા મીઠા જલના હોય છે તો કેટલાક ખારા જલના. કેટલા પવિત્ર શાસ્ત્રીય માહાત્મ્યવાળા હોય છે. જેવી રીતે ન્યગ્રોધ (વડના) વૃક્ષથી ઉતરની દિશામાં આવેલો કુવો અથવા દ્વારકાનો દામોદર કુવો યા તો વ્રજનો ગોપકુપ, કેટલાક કુવા અપવિત્ર–મલિન જળવાળા હોય છે. એવી જ રીતે બધા ભેદ ગાયકોમાં પણ હોય છે. કેટલાક ગાયકો સ્વર–તાલના અંગરૂપથી ભગવાનનું વર્ણન કરતા શબ્દોની યોજના કરે છે. (વાપરે છે) તો કેટલાક ગાયકો ભગવદ વર્ણનાત્મક શબ્દોના અંગરૂપથી સ્વર–તાલની યોજના કરે છે. પ્રથમ પ્રકારના ગાયકોને ખારા જલવાળા કુવાની જેવા સમજવા જોઇએ અને બીજા પ્રકારના ગાયકોને મીઠા જલના કુવાની જેવા. ઉંડા કુવાનું જલ ઠંડીમાં ગરમ અને ગરમીમાં ઠંડુ લાગે છે. એવી જ રીતે ભાવગાંભીર્યવાળા ગાયકો દ્વારા કરવામાં આવતુ ભગવદ ગુણગાન સાંસારીક તાપથી તપ્ત શ્રોતાજનને આધ્યાત્મિક–આધિદૈવિક શીતલતા અર્પે છે અને સાંસારીક મોહથી જડીભુત ઠુઠવાતા (ધ્રુજતા) હૃદયોને ભગવદ ભાવની થોડીક ઉષ્મા (ગરમી-હુંફ) પણ આવા ગાયકો દ્વારા કરવામાં આવતા ભગવદ ગુણગાનથી મળી શકે છે.

(૨) પૌરાણિક–પુરાણ કથા સંભળાવનાર કથાકારો નહેરની જેવા હોય છે. નહેરનું જળ તેનું પોતાનું નથી હોતુ પરંતુ કોઇક નદી યા તો સરોવરથી (સાથે) જોડાયેલુ હોય છે એવી જ રીતે પુરાણ કથા સંભળાવનાર કથાકારોનો ભાવ તેમનો પોતાનો ન હોવાથી કેવળ પુરાણકથા કરતી વખતે કથાવેશથી પ્રયુક્ત હોય છે. આ કારણથી જ અશ્રુપાત, કંઠાવરોધ (ગળામાં ડુમો ભરાઇ આવવો) યા તો ઉલ્લાસ કેવલ કથાના સમયમાં જ પ્રકટ થાય છે સર્વદા નહીં.

(૩) પોતાના કુટુંબનું પોષણ માટે, ધન કમાવા માટે, યા તો યશની કામનાથી જેઓ કથા કરે છે તેઓ ખેતરને જલ પહોંચાડનારી નલીઓની (નહેરો–નીકોની) જેવા હોય છે. ખેતરની નીકોના જલનું મુખ્ય પ્રયોજન છે ધાન્યનું ઉત્પાદન કરવું તે. એ જ પ્રકારે એ વક્તાઓની ભગવત કથાનું પણ મુખ્ય પ્રયોજન તો સંસાર વધરવો 'એ જ હોય છે. તેથી એ જ ફલ શ્રોતાને પણ મળે છે.

July 1997

(૪) વેશ્યા અથવા સ્વૈરીણી સ્ત્રીઓથી ઘેરાયેલા, દ્યુત (જુગાર) તથા મદ્યપાન આદિ વ્યસનોથી પ્રમત્ત વકતા નદીના જલથી બનેલા ગંદા જલના ખાડાના જેવા હોય છે. તેમને વેદમાં 'પ્રદર' કહેવામાં આવ્યા છે તથા તેમનું આચમન પણ નિષિદ્ધ (મના કરેલુ) માનવામાં આવ્યુ છે.

(૫) ભગવાનના ગુણગાનને આજીવિકાનું (સાધન) બનાવીને ઉદર યા કુટુંબનું પોષણ કરવાવાળા ગાયક યા પૌરાણિકોના ભાવ, ઘરની ગંદી મોરીઓમાંથી નીકળતા મલિન જલ ચારે બાજુ ફેલાઇ ન જાય તે માટે જે ખાડાઓ ખોદવામાં આવે છે અને તેમાં ભરાયેલ જળ જેવા અપવિત્ર હોય છે જેમ એ ગંદા જલનો સ્પર્શ અશુચિકર (અશુદ્ધ કરનાર) હોય છે. એવી જ રીતે ભગવદ ગુણગાનને આજીવિકા (નું સાધન) બનાવનારા કથાકારોનું પ્રવચન પણ એવું જ અશુચિકર છે.

(૬) નદીઓના જલથી જેમ કયાંક કયાંક જલાશય બનાવવામાં આવે છે અથવા તો કયારેક નૈસર્ગિક રીતે જાતે જ જલાશય બની જાય છે, એવી જ રીતે ગીતા, ભાગવત પાંચરાત્રાદિ ભગવતશાસ્ત્રોના નિરંતરના અભ્યાસથી વ્યકિતના હ્રદય તથા બુદ્ધિમાં ભગવદભાવનું એક વિશાળ જલાશય જેવું ભરાઇ આવે છે. મોટા જલાશયોનાં જલ ન તો તડકાને લીધે સુકાઇ શકે છે અને ન તો તેને ભેંસ જેવા પશુ મલિન બનાવી શકે છે. બરાબર આ જ પ્રકારે એ શાસ્ત્રના અભ્યાસીઓના ભાવ ન તો સાંસારિક તાપોથી સુકાંથાય છે અને કુતર્કથી યા તો અસંભાવના–વિપરીત ભાવનાથી મલિન થાય છે.

–ક્રમશઃ

રૂ. ૫૦૧ વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ, મોરબી-અમદાવાદના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી હરિ ॥

વ્રજનું સ્વરૂપ

અંગુલિ નિર્દેશક : **શ્રી નવનીતપ્રિય જેઠાલાલ શાસ્ત્રી, નડીયાદ**

વરાહ પુરાણનો પ્રસંગ છે. પૃથ્વી એ શ્રી વરાહ-ભગવાનને પૂછ્યું- "આપની પ્રિય ભુમિ કઇ ?

શ્રીવરાહ-નારાયણે પ્રસંગ કહયો. શ્રી વૈકુંઠનાથે પ્રયાગ-તીર્થને સર્વ તીર્થરાજ બનાવ્યા બધાં તીર્થો પ્રયાગ પાસે આવ્યાં ! સંમાન દીધું, વ્રજના તીર્થો ન આવ્યાં પ્રયાગ રાજે વૈકુંઠનાથને આનુ કારણ પુછ્યું.

ભગવાને હસતાં કહ્યું-"મેં તમને તીર્થોનાં રાજા બનાવ્યા છે, મારા ઘરના નહિ! વ્રજ તો મારું ઘર છે! વ્રજમાં તો વૃક્ષે-વૃક્ષે વેણું ધારી છે; પત્રે-પત્રે ચતુર્ભુજ છે !"

ભગવાનના જન્મથી વ્રજનો અધિક ઉત્કર્ષ છે. વૈકુંઠ-સમાન વ્રજ છે, તે તો ભગવાનનાં ચરણ ચિહનોના ભૂમિમાં પ્રતિકલનથી વૈકુંઠથી પણ વિશેષ છે! લક્ષ્મીજી વૈકુંઠમાં તો મહારાણીજી છે, હિંદોલે બેસીને પ્રિયકર્મ ગાતાં ઝુલે છે! વ્રજમાં તો લક્ષ્મીજી માલણ બનીને પુષ્પ સેવા કરતાં નિત્ય સેવક-રૂપે પ્રસન્નતાથી શોભી રહયાં છે. !

વૈકુંઠમાંથી તો ભગવાન લક્ષ્મીજી અવતાર લઇને બહાર પણ પધારે છે. વ્રજમાંથી તો બંને બહાર પધારતાં નથી. નિત્ય નિવાસ કરે છે ! સ્વયં ભગવાન વ્રજમાં પ્રેમ-પરતંત્ર બનીને પ્રસન્નતાથી વિરાજે છે ! પિતાના પુત્ર બનીને ગોચારણ કરે છે ! માના પુત્ર બનીને સ્તનપાન પણ કરે છે ! ગોવાળોના મિત્ર બનીને છાકમાં એઠું પણ આરોગે છે ! શ્રી ગોપીજનના પ્રિયતમ બનીને પ્રિય લીલાઓ કરતાં પરમાનંદનું પ્રદાન કરે છે ! રાસરસ રેલાવે છે ! આ લીલાઓથી, પ્રભુના ચરણ ચિહનોથી, વૃંદાવન તો પૃથ્વીની શોભા-કીર્તિ-નો વિસ્તાર કરે છે ! રાસલીલાઓ કરીને રસરાજ રસશાસ્ત્રોને સનાથ કરી દે છે ! જેની કથા માત્રથી પણ કામાદિ હૃદયરોગો દુર થઇ જાય છે, તેના અનુભવોથી તો શું બાકી રહે ? !

પૃથ્વી પરનાં સઘળાં તીર્થો તો પાપ-નાશક છે, વ્રજ તો સ્વયં ભગવાનને પ્રાપ્ત કરાવનારું છે ! પાપ દુર કરવા તીર્થોમાં જવાય, પ્રભુ-પ્રેમ-પ્રાપ્ત કરવા વ્રજમાં જવાય ! ગાય તો પવિત્ર કહેવાય, તીર્થો પુચ્છમાં વસે, છતાં દુધ આંચળમાંથીજ મળે. તેમ પુષ્ટિ-પ્રભુ તો વ્રજમાંથી જ મળે !"

"વ્રજાધિપ"જ સેવ્ય છે. ભગવત્સ્વરૂપ-લક્ષણા શ્રુતિયોને ભગવાને સારસ્વત કલ્પમાં વ્રજમાં શ્રી ગોપીજન બનાવીને રાસ મંડલમાં આનંદ-પ્રચુર-સ્વરૂપનો સ્વાનુભવ દીધો છે !

"કલ્પે સારસ્વતે પ્રાપ્ત વ્રજે ગોપ્યો ભવિષ્યથ ।" સારસ્વત કલ્પમાં (બ્રહ્માજીના માસના બારમા દિવસે) તમે વ્રજમાં ગોપી થશો ! – ભગવાને વરદાન દીધું, પોતે નટવર-રૂપે અનુભવ વ્રજમાં દીધો ! મંત્ર-દ્રષ્ટા ઋષિયોને રામાવતારમાં વચન શ્રીરામે દીધું; તે બંગાળમાં અગ્નિ

કુંડમાંથી પ્રકટેલાં કુમારીઓને શ્રીનંદજી દ્રવ્ય દઇને વ્રજમાં લાવ્યા. ઘરમાં રાખ્યાં–રાજાને ભેટ દેવા !

કૃષ્ણનાં જ હતા, કૃષ્ણનાં જ બની ગયાં ! સીતાજીની જેમ સેવા–સૌભાગ્ય વ્રજમાં દીધું ! અન્યત્ર તો સાધન–મર્યાદા હશે ! વ્રજમાં તો પુષ્ટિ–ફલ–દશા જ દે છે ! ફલ–રૂપ કૃષ્ણ સૌને સુલભ છે ! મુકિતથી મોંઘી પુષ્ટિ ભકિત વ્રજમાં સુલભ છે ! પુષ્ટિ ભકિત તો ગોકુલમાંથી પ્રકટ થઇ છે.

ચોરાસીકોશ વ્રજભૂમિ ભગવાને લીલા માટે વૈકુંઠમાંથી પધરાવેલી છે. તે પ્રફુલ્લ–કમલાકાર છે. વેદમાં તે "બ્રહ્મપુરનું દહર પુંડરીક વેશ્મ"–નિત્ય છે, સર્વકામ છે, ભગવાનની લીલા કરવાની ઇચ્છાથી કમલની પાંખડીની જેમ આકુંચન–પ્રસારણથી તે સ્થળ પાસે આવે કે દુર જાય ! વ્રજમાં તો કાલ–ઋતુઓ તેમના ક્રમે જ નથી આવતાં, ભગવાનની સેવામાં સાનુંકુલ થઇ ને આવે છે ! ગ્રીષ્મ ઋતુ પણ વ્રજમાં તો ગુણોથી વસન્ત જેવા લાગે છે ! અહીં ઋતુ સમય પ્રમાણે ફલ–ફુલ પ્રકટ થતાં નથી, ભગવદ ઇછાથી લીલાનુકુલ–રીતે જ પ્રકટ થાય છે ! આમ, મલ્લિકાનાં પુષ્પ વ્રજમાં શરદમાં પણ પ્રફુલ્લ હોય મધ્યરાત્રિએ રાસમાં પુલિનમાં પુષ્પો વિકસી રહયાં હોય ! વ્રજમાં ભગવાને વ્યાપિ–વૈકુંઠને પ્રકટ કર્યું છે ગોપી ગોવાળોને વૈકુંઠમાં લઇ ગયાં નથી, વૈકુંઠને ભકતો પાસે વ્રજમાં લાવ્યા છે !

આમ વ્રજભૂમિ સર્વશ્રેષ્ઠ છે. વેદમાં ગાયોનું સ્થાન વ્રજ, લોકમાં ગાયો–ગોવાળોનું વાસસ્થાન–વ્રજ, શ્રી ભાગવતમાં લીલામાં ગાય–ગોપ–ગોપી અને ગોવિન્દનું પણ વાસસ્થાન–વ્રજ ! વેદમાં તો ભગવાન સર્વના વશી વશ કરનાર) છે, વ્રજમાં તો ભગવાને 'ભૃત્ય–વશ્યતા" પ્રદર્શિત કરી છે !

વ્રજ તો અનેક છે, પણ આ "નન્દ વ્રજ" તો એક જ છે ! વેદમાં લીલા–વ્રજનું વર્ણન દેખાય છે. શ્રી રાધાકૃષ્ણનું આવું સ્થાન (વ્રજ) કૃપા–રુપે અમે મેળવવા ઇચ્છીએ છીએ. બીજું નહિ. [પુષ્ટિ–પુલિન' ગ્રંથમાંથી લેખકશ્રીના સૌજન્યથી]

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીવલ્લભ ॥

ભક્તિ પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

પ્રેમ લક્ષણો વળી, દગરૂચિ, સ્મૃતિ, અભિલાષ, ઉદ્વગે ચાર, વ્યાધિ, પ્રલાપ,
ઉન્માદ, ત્રણે 'આસક્તિ'ના પ્રકાર, પ્રકાર 'વ્યસન'તણા બે કહીયે,
જડતા ને વળી મુર્છા તે લહીયે, 'તન્મયતા'નું લક્ષણ એક,
મૃત્યુ સમાન પણ મૃત્યુન છેક....
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.... (૩૮)

વિવેચન : આ કડીમાં કવિશ્રીએ પ્રેમ, આસક્તિ, વ્યસન, તન્મયતાનું પૃથક પૃથક વિવેચન કર્યું છે–

પ્રેમના લક્ષણો : (૧) આંખોથી જોતાં જ ગમી જાય તે, 'દ્રગરૂચી'
(૨) સ્મૃતિ : વિયોગમાં જેમની વારંવાર યાદ આવ્યા કરે.
(૩) અભિલાષા : મળવાની અને વિવિધ પ્રકારની ઇચ્છાઓ થયા કરે તે અભિલાષા.
(૪) ઉદ્વેગ : અભિલાષા પુરી ન થાય તો ઉદ્વેગ રહ્યા કરે.

આ ચાર લક્ષણો પ્રેમના છે.

આસક્તિના ત્રણ લક્ષણો– (૧) વ્યાધિ (૨) પ્રલાપ (૩) ઉન્માદ.

(૧) જ્યારે માનસિક વૃતિ વિયોગજન્ય બને છે તે વિયોગથી માનસિક ઉદ્દવેગ થતાં શારિરીક વ્યાધિ ઉત્પન્ન થાય તે 'વ્યાધિ'.

(૨) ઉદ્દવેગને વ્યાધિમાં સંબંધ વગરનું કાંઇને કાંઇ બોલ્યા કરે, હું શું બોલું છું તેની પણ તેને ખબર ન રહે તેને 'પ્રલાપ' કહે છે.

(૩) ઉન્માદ– આ એક એવી અવસ્થા છે કે જેને ઘેલછા કહે છે. સંસારીયા કહે છે કે ભગતડા ઘેલા છે. સંસારી જીવો આ ભાવને ક્યાંથી જાણી શકે ! આ અવસ્થાએ જે જીવ પહોંચ્યો હોય તે જ આ ભાવને જાણી શકે. બાકી બીજા તો પાગલપણુ કહે. જ્યાં સુધી તેને જોઇતુ મળે નહીં ત્યાં સુધી ઘેલછા બની રહે તેને ઉન્માદ કહે છે.

હવે વ્યસન અવસ્થાના લક્ષણનું વિવરણ : તેના બે લક્ષણો છે–

(૧) જડતા (૨) મુર્છા.

(૧) જડતા : તેમાં બહારનું ચેતન હણાય ગયુ હોય, તેના અંતઃકરણમાં જ સર્વ ઇન્દ્રિયોના ધર્મ પ્રવેશી જાય, બહારની અપેક્ષા જ રહેતી નથી.

(૨) મુર્છા : કોઇ પણ જાતનું ભાન રહે નહી, ચેતન હણાય જાય, બેશુદ્ધિ આવી જાય જેમ શરીરમાં કોઈ રોગ થયો હોય તેની અસહ્ય પીડાથી બેશુદ્ધ બની જાય, તેવી રીતે વિરહની પીડા સહન ન થાય ત્યારે આવી સ્થિતિ થાય છે. લૌકિક દેહ પીડા તે દુખરૂપ. વિરહ વ્યથા તે ફળરૂપ.

ત્રીજી અવસ્થા તન્મયતા. તેનો એક જ ગુણ બતાવ્યો છે.

તન્મયતા : આ અવસ્થામાં ભકત ભગવાનમય બની ગયો હોય છે. જેથી લાંબો સમય તેનામાં બાહરી ચેતના રહેતી નથી. કેવળ મૃત્યુ સમાન પરંતુ મૃત્યુ નહી આ અવસ્થાને તન્મયતા કહે છે.

હવે સરળ રીતે સમજવા માટે–

આ શરીરનું બંધારણ પાંચ તત્વોથી બંધાયેલ છે તેમાંથી કોઇપણ તત્વ ઓછુ વધતુ થયુ કે વ્યાધિ ઉત્પન્ન થાય છે. કફ, પિત્ત, વાયુ. આ ત્રણે વસ્તુ બરોબર હોય તો તંદુરસ્તી રહે ત્રણમાંથી એક પણ ઉપદ્રવ કરે તો વ્યાધિ ઉત્પન્ન થાય. તંદુરસ્તી માટે આહાર, વિહાર મહત્વનો ભાગ ભજવે છે.

લૌકિક દ્દષ્ટાંતથી અત્રે સમજાવ્યુ છે કે રોગને દુર કરવો તેને આગળ વધવા ન દેવો. અત્રે તો વિચક્ષણ પ્રકાર બતાવ્યો છે. જેવો રોગ તેને યોગ્ય દવા. આ રોગની પરખ માનવ દેહધારીમાં જ થઈ શકે છે. બીજી યોનીમાં આ રોગને પારખવાની શકિત નથી. જેમ રોગની પરખ નથી તેમ પથ્ય અને ઔષધિની પણ પરખ નથી. મનુષ્ય જન્મમાં પરખ તથા પથ્ય, ઔષધની જાણ છે. આ રોગને ટાળવાવાળા શ્રીમદ વલ્લભાધીશ ઉત્તમ વૈદ્ય છે. તે જ તેમની પરખ કરી યોગ્ય ઔષધ, પથ્ય બતાવી શકે છે.

જેમને શ્રીમદ વલ્લભનો આશ્રય છે. તેઓ તો શરણ પ્રાપ્ત કરી નિર્ભય બન્યા છે. તે માટે પોતાનું સર્વસ્વધન શ્રી ઠાકુરજી વૈષ્ણવોને પધરાવી દીધા છે, અંગીકૃત જીવોની સેવા પ્રભુ અંગીકાર કરે છે.

યદંગીકૃતં જીવંમંગી કરોતિ ત્રિભંગી સ્વયંવેણુરંગી પ્રભુર્યત્ ।

સદગુરુએ આવાગમન રૂપી આ રોગને મટાડવા શરણે લઇને પ્રભુની સન્મુખ કર્યા. પ્રભુની સેવારૂપી ઔષધ આપ્યું તેમાં પથ્ય પાળવાનું બતાવ્યુ કે અન્યાશ્રયરૂપી કુપથ્યથી બચજો. પ્રભુની સેવા અને સ્મરણ પ્રેમભાવથી કરો તો તમો રોગના ભયથી દુર થશો.

પ્રેમ ભાવ ભકિત વિના પ્રભુને પમાય નહીં,
ભકિત કરતાં તે હવે કોઇથી ડરાય નહીં;
વલ્લભના દાસ થઇ અન્યાશ્રય થાય નહીં,
જો જો હો જીવનીયુ એળે વહી જાય નહીં.

સાર – પ્રભુની સેવા સ્મરણ, ભકિત. આ બધુ પ્રેમ ભાવથી કરજો. ભકિત વિના પ્રભુ રીઝશે નહી માટે ભકિત કરવામાં સંકોચ કે કોઇનો પણ ડર રાખવાની જરૂર નથી. શ્રી વલ્લભના દાસ થયા ઉતમ વેદ્ય મળ્યા, ઉતમ ઔષધ આપ્યુ હવે કુપથ્યથી બચજો. કુપથ્ય તે અન્યાશ્રય મહાન દુષણ છે.

અત્રે સાવધાની વર્તવાનું કહ્યું છે કે જો જો હો હવે સુંદર તક મળી છે હવે ન ચેત્યા તો જીવન એળે જાશે.

બીજા નિયમોનું પણ સાથોસાથ પાલન કરજો. આશ્રય, વિશ્વાસ રાખવો, અસમર્પિત તથા દુઃસંગ તેનો ત્યાગ કરવો. જો આમ પથ્ય રાખીને ઔષધ લેશુ તો રોગ કયારે ગયો તેની ખબર નહી પડે. કેવળ આનંદનો જ અનુભવ થશે, ત્યારે પ્રેમ, આસકિત, વ્યસન વિગેરેનો અનુભવ થશે. પ્રભુનો વિયોગ દુર કરવા સ્વરૂપાસકિત રાખવી અને પ્રગટરૂપે દર્શન કરવા પ્રલાપ કરવો. પ્રલાપ પછી ઉન્માદ થાય છે આ બધો દૈવી પ્રકાર છે. પહેલાં રોગની દૃષ્ટિથી સમજાવ્યુ. રોગ દુર થયે આ ઉપર બતાવેલા લક્ષણોથી ભગવદ પ્રાપ્તિ થાય છે.

ભકતોની ઉતરોતર આવી દશા થાય છે તે વિલક્ષણ છે. આમાં ભાન ભુલી જવું તે ફળરૂપ દશા છે માનવ દેહધારી માટે આમ' ટકોર પણ કરી છે જો જો હો.... આટલુ સમજયા પછી માનવજીવનનું મુલ સમજી તેને વૃથા ગુમાવશો નહીં. નહી તો અનાદી કાળથી ચાલ્યો આવતો આ રોગ કર્મમાં વધારો કરી રોગને વધારતો રહેશે. વ્યસન, અભિલાષા અને આસકિત આ બંનેનું જો વ્યસન રાખે તો જ કાર્ય સિદ્ધ થાષ. લૌકિક વ્યસન તે દુર્વ્યસન છે, પરંતુ આ વ્યસન તો પરમ ફળની પ્રાપ્તિ કરવાવાળુ છે.

આ વ્યસન લાગે તેને માટે શ્રી મહાપ્રભુજીએ ચતુર્શ્લોકીમાં કહ્યું છે–

સર્વદા સર્વભાવેન ભજનીયો વૃજાધિપ,
સ્વા સ્યાય મેવ ધર્મોહિ નાન્યઃ કવાપિ કદાચન.

ઉપર મુજબ સર્વાતમ ભાવથી વ્રજના અધિપતિનું જ ભજન કરવું, એ જ મારો ધર્મ છે. બીજો કદાપિ નહીં.

માનસી રીતકી મુખ્ય સેવા વ્યસન લોક વૈદિક ત્યાગ શરણ ગોપિશકો ।

માનસી સેવા રૂપી વ્યસન ધારણ કરવાનું છે આ વ્યસન લાગુ થતાં લોક વેદનો ત્યાગ તે આપોઆપ થઇ જશે. ગોપીજનોનાં ઇશનું શરણ સર્વોપરી છે તેમનાં જ રૂપ, ગુણ, લીલા ચિંતવનરૂપી માનસી સેવા તે જ મુખ્ય સેવા છે. તનુજા વિતથી સાધનરૂપા બતાવી છે.

ઉપર મુજબ રહેવાથી મલિન સંસ્કારો તો આપોઆપ દુર થઇ જશે અને શુદ્ધ હૃદય બનશે. જેમકે સોનું અશુદ્ધ બન્યુ હોય તેને અગ્નિમાં તપાવી શુધ્ધ કરે છે તેમ અત્રે વિરહ તાપ કલેશથી બધા દોષોનો નાશ થાય છે શુદ્ધ હૃદયથી પ્રેમ આસકિત વ્યસન થાય છે.

તન્મયતા તેના મય બનવું એટલે પ્રભુમય બની જવું. આવા મહાનુભાવો જાગતા કે સુતા તેની વૃતિમાં ભગવદ ગુણ સિવાય બીજુ કાંઇ પણ પ્રવેશવા દેતા નથી. પુષ્ટિમાં ઉતમોતમ ફળ આ જ બતાવ્યુ છે કે દેહ અને (આત્મા) જીવાત્માનો સંબંધ છે ત્યાં જ જે કરવું છે તે કરી લ્યો. અગાઉ અનેક ભકતો થઇ ગયા તેમનું અનુકરણ કરવું. તેમાંથી ઘણુ જાણવાનું મળશે. જેઓ સંસારમાં રહ્યા સંસારના દરેક કાર્યો કર્યા પણ જળમાં કમળની સમાન રહી પ્રભુથી પ્રિત બાંધી તે પ્રિતથી જ તેઓ પ્રિતમને પામ્યા.

માટે જ કવિશ્રી કહે છે.... સેવો શ્રીકૃષ્ણ કૃપાળ....!

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિંત સહસ્ત્ર શ્લોકી

સેવા ભાવના (હિંદીમાં પદ્ય રચના)

રચયિતા : પ. ભ. રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

(ગતાંકથી ચાલુ)

દો. બોલી ગોપી હે સખી ! દેખહિં કુટિલ કટાક્ષ ।
હરિ કે કર બાંકી છડી, ધરી નયન યે સાક્ષ ।

સો. યાસોં યો હિ જનાય, હમ સબકે કુટિલ મન ।
નયનન બાન ચલાય, તિનકો કરિ હૈ પ્રભુહરણ । ૬૪૧

છં. કરિ હૈ હરણ પ્રભુ જે દિવસ મન વિરહ તાપ તપાવહિ ।
દિન મેં તબહિં ઇન મુખકમલ, રવિ કે સમાન દિખાવહી ।
સંધ્યા સમય જુ વિશેષ રીતન, લખત સન્મુખ આવહી ।
નિજ પ્રીતિ સોં શીતલ કરહિ, ઇમિ શશી સમાન દિખાવહી । ૬૪૨

સો. દિવસ તાપ હરનાર, બ્રજ પતિ સ્વયં કહા હિં જે ।
વન સોં આપ પધાર, આલિંગન દે ભાંતિ ભલ । ૬૪૩

હ્વૈ નિશંક બ્રજ સમુહ આગે । આવત પ્રભુ પ્રેમ રસ પાગે ।
સુમુખિ અહો પ્રભુકે સુખ કમલન । સો નિસરી હિયકી નિઃશ્વાસન ।
વેણુ-માર્ગ સોં અપને હૃદયન । યદ્યપિ ભરે ભયે હો વિરહન ।
અધર સુધા રસ પાન કરેં હૈ । જીવનદાન હમહિં જનુ દે હૈ । ૬૪૪
તોહિ લાજ લાગત અતિ ભારી । અલગ દુર જા હોવ હુ ઠાડી ।
ગોરજ જબ આકાશન ઉડી હૈ । ઉત્તમ સંકેત સ્થલ હુઇ હૈ । ૬૪૫

હે સખી સુનિય સિખાવન મોરી । જાબિન દસા ભઈ ઇમિ તોરી ।
તિન આવત અસ કૌન અયાના । સખિ ! જો રાખ શકે હિય માના । ૬૪૬

યદ્યપિ પ્રભુ હૃદયન મે રહ હીં । બાહર તઉ બિરાજત અહ હીં ।
ચલ જલ્દી તિન સન્મુખ જાઇ । લોચન મન લેં હિય પધરાઇ । ૬૪૭

સુનુ સખી બાહર રહહિ પ્રાનપતિ । તિન ઢિગ પ્રાણ ન ગયે દુ:ખ અતિ ।
કૈ ઇન પતિ મનમેં આવે શેં । પ્રાણ પ્રાણપતિ મેં કૈ પ્રવિશૈં । ૬૪૮

દો. ગોકુલપતિ કે નયન મેં, ચંચલતા દરસાય ।
મન હરવે કહું સો, સખી ! સમરથ હૈ નિશ્ચાય ।
અસ ન હોત તો સન્મુખ અપને । ચંચલભાવ બઢહિં કિમિ ઇતને । ૬૪૯

ગોપિન કે નયનન કમલન સોં । ભે ઇનકી પુજા બહુ વિધ સોં ।
ઇનકો સ્મરણ યાકિ ઇન ધ્યાનન । યા દેખે ઇનકો ઇન નયનન ।
હે સખી હૈ યો અચરજ ભારી । વિરહ બઢાવત હૃદય મંઝારી । ૬૫૦
મમ મુખ રુચિર ઐહુ રુચિ મોરી । સોં હરિ મુખ તજિ જાય ન ઔરી ।
મનસિજ સો નિજ રૂપ દિખાઇ । કહા કરુ ચિત્ત લિયો ચુરાઇ । ૬૫૧
ગોપ ઓર ગઇયેં જીતની હૈં । દાઉ કે આગે સબ ચલિ હૈં ।
મિલહિં અકેલે હરિ સુખ ઐના । કરુ ન ગહરુ ચલુ જલ્દી ભેના । ૬૫૨
સો. ભર્યો કામ સોં જોઇ, અલકન શ્યામ ઢંકાઇયો ।
ચલહુ નિહારે સોઇ, નસ્યો રિપુ દિવસ સાંઝ ભૌ । ૬૫૩
રૈન દિવસ કી સન્ધિ હુવાઇ । સંધ્યા એસો કાલ કહાઇ ।
અતઃ મિલહિં ફલ યુગલ પ્રકારા । કે સંતોષ કિ ખેદ અપારા । ૬૫૪
શ્રવણ માર્ગ સોં વેણુનાંદ હિય । પ્રવિશિ કરત વ્યાકુલ અતિશય જીય । ૬૫૫
હે સખી મૂર્છાવસ્થા માંહી । વૈદ્ય મંત્ર સો મુર્છા જાહીં ।
મંત્ર રૂપ વેણુનાદ કરિયો । ચલન જોગ સામર્થ્યન ભરિયો । ૬૫૬
બામ ભુજા અરુ બાંઇ આંખી । ફરકત મોરિ પ્રેમ કૈ સાખી ।
સકુન હોં હિં સુન્દર સુભ નાના । તાસોં સમજી પરૈ ઉન આના । ૬૫૭
જહં મન લાગ્યો રહત સદાહીં । તે દુખહર પ્રભુ આત દિખાહીં ।
અખવિલમ્બુ કેહિ કારજ કી જૈ । અતિ અનુચિત મમકહ્યો પતિજે । ૬૫૮
વનગેરુ આદિક ચિત્રાયે । પુષ્પન અદ્ભુત વેષ બનાયે ।
કરુ ઇમિ દામોદર કો દર્શન । ચાહૈ સ્વભાવ પૈ જય પાવન ।
સાધન સધન હક્ક હૈ યોઇ । ધન સર્વસ્વ કહાવે યો હી । ૬૫૯
દો. રમણીયન-મન – હરન કોં, રૂપ ધર્યો રમણીય ।
કો હૈ ઐસી ? જાસુ ચિત્ત, હર્યો ન ઇન કમનીય । ૬૬૦
આનંદ ઉત્પન્યો ઇહિ હૃદયન । ઇમિ અભિલાષા કરાવહિ મો મન ।
હરિ મુખજો નિજ સન્મુખ પાઉ । ચુંબન કરિ સૌભાગ્ય બઢાઉં । ૬૬૧

હે સખી યદ્યપિ મેરે હૃદયન । ગોપીનાથ વિરાજત પ્રતિ છિન ।
તો હુ બાહર તિન દર્શનકી । બની રહત અભિલાષા મનકી । ૬૬૨
અતિ વિપરીત પ્રેમ ગતિ આલી । કબ હુઇ હોં મેં હુ ભાગ્યશાલી ।
જબ ગોકુલ જન્મી ગજ ગામિની । કે ગજરાજ રૂપ બ્રજ સ્વામિન ।
કે સંગ મોર સમાગમ હુઇ હૈં । યહ ધૌં ઘડી બોલુ કબ અઇ હૈ ।
મેં મમ મન ઉત્કંઠિત પાઉં । કબ ગોપીશ હિં કંઠ લગાઉં । ૬૬૩

દો. મમ પ્રાણ હુ સખી યા સમય, નહીં હૃદયકે માહિં ।
સત્ય માનુ યે કંઠ ગત, આપ મોહિં ભયે દિખાહિં । ૬૬૪

હે સખી છુઅત ભયો બનમાલા । કરિ છબિ–સાગર–સ્નાન રસાલા ।
મૃદુ અંગન સુગંધ કે ભારન । ધીમો બહ હિ વાયુ મન પાવન । ૬૬૫

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ મોરબી અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પ. ભ. ઇન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ-લેખક **'માધુરી'** રાજકોટ

પદ-૪૦

બંદો યમુના જુ કી રેતી;
હરિ પદ પદમ ચિન્હ અંકિત મૃદુ અજત ભાવ તનુ ખેતી. ૧

જુગલ સુરતિ શ્રમ વારિ સની નિત પ્રણત મનોરથ દેતી;
જગમગાતી મુકતા સી સુંદર સેવિત જે હરિ હેતી. ૨

કોટી ગંગ સમ પાવન કરની બરનો કહા મતિ એતી;
અતિ ઉદાર 'વલ્લભ' કરુણામય દીનનિ કી સુધી લેતી. ૩

ભાવાર્થ : શ્રી યમુનાજી, આપની રેતીની હું વંદના કરું છુ, કેમકે આપની આ વાલુકામાં શ્રી ઠાકુરજીના ચરણાવિંદની છાપ પડી છે. તેનાથી ચરણોમાં રહેલ ચરણ ચિન્હો સ્પષ્ટ દેખાઇ આવે છે. તેના દર્શન કરતા સુંદર ભાવ ઉત્પન્ન થાય છે. માનો આપની આ રેતી એ જાણે કેમ ભગવદ ચરણાવિંદની ખેતી કરી હોય તેમ જ્યાં જ્યાં નજર પડે છે ત્યાં ત્યાં ભગવદ ચરણાવિંદના દર્શન થાય છે.

જે ચિન્હોનાં દર્શન કરતા પ્રત્યક્ષ ભાવ જણાય છે કે હમણા યુગલસ્વરૂપ અંગે કેલી કરી પધાર્યા છે અને તે કેલી કલામાં ઉત્પન્ન થયેલ શ્રમજલનું સોભાગ્ય આ રેતીને પ્રાપ્ત થયેલ છે. એટલુ જ નહિ આપની આ રેતી નિત્ય નવી લીલાનું ભાન કરાવે છે.

આ મહાન સમૃદ્ધિ આપની પાસે હોય ને જીવ આપનું સેવન કરે તેના મનોરથ પુર્ણ કરો છો. વળી આ રેતીનું પ્રભુએ સેવન કર્યું છે તેથી તેના આનંદમાં ઝગમગાત કરતા પ્રસન્નતા કરે છે.

ગંગાજી પતિત પાવની છે, પરંતુ કરોડો ગંગાજી સમાન પતિત પાવની આપ છો. તેમજ અતિ ઉદાર છો તેથી કૃપા કરીને દીનદાસની સુધિ લ્યો છો. કદાચ પ્રભુ પણ કોઇ જીવને ભુલી ગયા હોય તો તેને પણ આપ યાદી આપો છો. આ બધું સૌભાગ્ય સામર્થ્ય ભગવદ ચરણાવિંદની રેતીનું ભર્યું છે તેથી કહ્યું છે કે માનો કરી ખેતી. દાસ વલ્લભ હું આ રેતીની વંદના કરુ છું. મારામાં એટલી બુદ્ધિ ક્યાંથી હોય કે હું આપની રેતીનાં સામર્થ્યનું વર્ણન કરી શકું.

આ માસના ઉત્સવ

અષાડ સુદ ૫ તા. ૧૦-૭-૯૭ ગુરૂવાર શ્રી દ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ, ગો. ચિ. દામોદરરાય બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૧૧-૭-૯૭ શુક્રવાર કસુંબા છઠ્ઠ, શ્રી મહાપ્રભુજીના પિતૃચરણ શ્રી લક્ષ્મણભટજીનો ઉત્સવ, દક્ષિણના શ્રી પાંડુરંગ શ્રી વિઠલનાથજીનો ઉત્સવ, વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૧૨-૭-૯૭ શનિવાર ગો. ચિ. શ્રી મિલનકુમાર બાવાશ્રી (મથુરા પોરબંદર)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૧૩-૭-૯૭ રવિવાર ગો. શ્રી બાલકૃષ્ણજી મહારાજ (ચાંપાસેની-જામનગર)નો તથા ગો. શ્રી પ્રમેયકુમારજી બાવાશ્રી (કડી-અમદાવાદ)નો તથા ગો. શ્રી શ્રીમનલાલજી મહારાજ (માંડવી-ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૦ તા. ૧૫-૭-૯૭ મંગળવાર, બેંગણ દશમી.

અષાડ સુદ ૧૧ તા. ૧૬-૭-૯૭ બુધવાર દેવશયની એકાદશી વ્રત, ચાતુર્માસના વ્રતના નિયમનો પ્રારંભ, ધારણા પારણા વ્રત, ગો. ચિ. શ્રી વ્રજેશકુમાર બાવાશ્રી (કામવન-રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રી લલિતત્રિભંગી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૧૯-૭-૯૭ શનિવાર ગો. શ્રી દેવકીનંદનજી મહારાજજી (શ્રીનાથદ્વારા-દ્વિતીયગૃહ)નો તથા ગો. શ્રી શરદકુમારજી (કાંકરોલી-મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૨૦-૭-૯૭ રવિવાર કચોરી પુનમ, વ્યાસ પુર્ણિમા, મન્વાદિતીથી, ચાતુર્માસના નિયમનો આરંભ, જો એકાદશીએ ન થયો હોય તો આજે કરવો, ગો. શ્રી મુકુટલાલજી બાવાશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

અષાડ વદ ૨ તા. ૨૧-૭-૯૭ સોમવાર, હિંડોળા પ્રારંભ.

અષાડ વદ ૪ તા. ૨૩-૭-૯૭ બુધવાર શ્રી ગોકુલનાથજી (ગોકુલ) અને શ્રી ગોકુલચંદ્રમાજી (કામવન)નો પાટોત્સવ, અહીંયા આજથી હિંડોળા પ્રારંભ, ગો. ચિ. શ્રી શરદકુમારજી (કોટા-કડી-અમદાવાદ), ગો. ચિ. શ્રી ગોપેશ્વરજી (સુરત) અને ગો. ચિ. શ્રી મુરલીધરલાલજી (વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૨૪-૭-૯૭ ગુરૂવાર ગો. ચિ. શ્રી દેવકીનંદનજી (બોરીવલી-જામ ખંભાળીયા-રાજકોટ) તથા ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (માંડવી-રાજકોટ)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૨૫-૭-૯૭ શુક્રવાર ગો. ચિ. શ્રી ચંદ્રગોપાલજી (માંડવી-ગોકુળ)નો જન્મદિન.

અષાડ વદ ૯ તા. ૨૮-૭-૯૭ સોમવાર જન્માષ્ટમી વધાઇનો પ્રારંભ, ગો. ચિ. કન્હૈયાલાલજી (કામવન)નો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૨૯-૭-૯૭ મંગળવાર, શ્રીનાથજીનો હાંડી ઉત્સવ.

અષાડ વદ ૧૧ તા. ૩૦-૭-૯૭ બુધવાર કામિકા એકાદશી વૃત, કુંજમાં હિંડોળા, ગો. ચિ. શ્રી વ્રજેન્દ્રકુમારજી (મુંબઇ-બોરીવલી-જામખંભાળીયા-જુનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૧-૮-૯૭ શુક્રવાર ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજ (શ્રીનાથદ્વારા દ્વિતીયગૃહ)નો જન્મદિન.

અષાડ વદ ૧૪ તા. ૨-૮-૯૭ શનિવાર ગો. શ્રી શરદકુમારજી મહારાજ (મુંબઇ-વેરાવળ-પોરબંદર)નો જન્મદિન.

અષાડ વદ ૩૦ તા. ૩-૮-૯૭ રવિવાર હરિયાળી અમાસ, દીપપુજા, દિવાસો, ગો. શ્રી હિરણ્યગર્ભજી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧ તા ૪-૮-૯૭ સોમવાર ગો. ચિ. શ્રી રાજીવલોચનજી (મુંબઇ-ધોરાજી)નો તથા ગો. ચિ. શ્રી મનમોહનજી (મુંબઇ- મદ્રાસ)નો અને ગો. ચિ. શ્રી મનોજકુમારજી (મુંબઇ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૫-૮-૯૭ મંગળવાર ગો. ચિ. શ્રી મધુસુદનલાલજી (બોરીવલી-જામખંભાળીયા-રાજકોટ)નો તથા ગો. ચિ. શ્રી રસિકરાયજી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૬-૮-૯૭ બુધવાર ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, ગો. ચિ. શ્રી લાડીલેશરાયજી (વેરાવળ-પોરબંદર)નો જન્મદિન.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા :– **શ્રી પ્રવીણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ (સીવીલ) બીરપુર**

૨૫. શ્રી ઉદ્ધવકો સંદેશ – બિહાગ/કાન્હરો

ઉદ્ધવ શ્રી ગોકુલ જાય કે કહીયો,
માત પિતા મેરે ગોપીજન, રહયો હૃદયમેં ધરીયો. ૧
રાધા કે બિન મથુરામેં મન, લાગત નાહીં કહિયો;
બંસી ઓર લકુટી કામર, મનસે નાહીં બિસાર્યો. ૨
માખન મિસરી ગોપી ભોગ હૈ, છપ્પન ભોગસે બઢિયો;
નિશદિન પ્યાસે નૈના તલસત, વ્રજ દર્શન રહું કરિયો. ૩
બિસરી સકું નહીં પ્રેમકી બાતન, રોમ રોમ રસ ભરિયો;
લીલા ઉખલ યશોદા બંધન, દામોદર રૂપ ધરિયો. ૪
દાન લીલા ઓર માન લીલા કર, ગૈયન રહું ચરૈયો;
‘ચરનદાસ’ પ્રભુ વ્રજ ઠાકુરકો, વ્રજમેં લાડ લડૈયો. ૫

૨૬. નંદઘાટ લીલા (શ્રી વરુણદેવ મર્દન લીલા)

ગાંગરોલી ગામે વસે છે ગર્ગાચાર્ય જી રે,
વાસુદેવ વસે વસઇ ધામ રે,
ચાલો સખી શ્યામ નિરખવા જઇએ રે....
નંદ ગામથી આવે છે ભયંગામ પાસે રે,
નંદ ઘાટે કરે છે નંદ સ્નાન રે.... ચાલો૦ ૧
બ્રાહ્મ મુહુર્તથી વહેલા વહેલા ઊઠીઆ રે,
ડુબકી મારી દીધી છે નંદ ઘાટ રે.... ચાલો૦ ૨
દુતો આવી પકડે વરુણ લોકના રે,
નંદ બાવાને લીધા છે સંગાથ રે.... ચાલો૦ ૩
જાણ થતાં કન્હૈયો દોડી આવીયો રે,
જળ થકી કીધું છે ગમન રે.... ચાલો૦ ૪
વરુણ દેવે પધારીને પુજા કરી રે,
પછી દીધું પ્રભુએ જળરાજ રે.... ચાલો૦ ૫
નંદરાયજીને લાલા છોડાવી લાવીયા રે,
‘ચરનદાસ’ પરમ પ્રેમાળ રે.... ચાલો૦ ૬

॥ શ્રી હરિઃ ॥

કાવ્ય–કુંજ

૧. પ્રેમ દિવાની

[ઢાળ : તમે કયા તે ગામના ગોરી રાજ, અચકો મચકો કારેલી....]

એક ગોકુળીયાની ગોરી રાજ, પ્રેમ દિવાની થઇ ડોલે,
લીધું શામળીએ ચિત્ત ચોરી રાજ, પ્રેમ દિવાની થઈ ડોલે. ૧

કોઈ માધવ લ્યો કોઇ માધવ લ્યો,
કોઈ મોહન લ્યો કોઇ મોહન લ્યો,
એમ ઘડીએ ઘડીએ બોલે રાજ,
પ્રેમ દિવાની થઇ ડોલે.... એક૦ ૨

મહી વેચવાને મથુરા આવી,
રસિયાએ રસમાં ભીંજાવી,
તન – મન સુધ વિસરાવી રાજ,
પ્રેમ દિવાની થઇ ડોલે.... એક૦ ૨

આપુ છું બહુ ઓછા મોલે,
એમ કહેતી ફરે પોળે પોળે,
નહીં મળે બીજે કયાંય ખોળે રાજ,
પ્રેમ દિવાની થઈ ડોલે.... એક૦ ૩

લોક કહે ગોપી તુ છે ગાંડી,
તારી માથે છે મહીની હાંડી,
તુ મોહન વેચવા માંડી રાજ,
પ્રેમ દિવાની થઇ ડોલે.... એક૦ ૫

જુઠું લાગે તો જુવો ઉતારી,
મારી મટુકીમાં છે મુરારી,
કદિ બોલુ ન જુઠુ લગારી રાજ,
પ્રેમ દિવાની થઇ ડોલે.... એક૦ ૬

માથેથી મટુકી ઉતારી,
માહે નૃત્ય કરે ગિરીવરધારી,
મોર મુકુટ પિતાંબરધારી રાજ,
પ્રેમ દિવાની થઇ ડોલે.... એક૦ ૭
દેખી ચકિત થયા નર ને નારી,
ગોપીની ચરણ રજ શિર ધારી,
'લાલ' જાય બલિહારી રાજ,
પ્રેમ દિવાની થઇ ડોલે.... એક૦ ૮

કીર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ

૨. શ્રીજી બાવા રાખો ચરણોમાં....

શ્રીજી બાવા પડી ચરણમાં, દર્શન આપો;
રાખો ચરણમાં.... (૧)
તપ તીરથ વૃત કાંઇ ન જાણું સેવા કરવામાં
ઉતાવળ રાખું....
ચિત્ત વૃત્તિ તારા ચરણોમાં રાખો, મહાપ્રભુજી એવી;
સંમતિ આપો.... શ્રીજી બાવા (૨)
મોર મુગટધારી બંસરી પ્યારી, તારી લીલા;
સબસે ન્યારી....
વ્રજની ગોપી બની છે ઘેલી નાદ સુણીને,
આવે દોડી.... શ્રીજી બાવા (૩)
પીળા પિતાંબર જરકસી જામા, કંઠે શોભે છે,
વૈજયંતી માલા....
હાથમાં લાકડી ખંભે કામળી વૃંદાવનમાં,
ધેનુ ચારી.... શ્રીજી બાવા (૪)
દાસ વલ્લભના સ્વામી છો રસિયા વૈશ્નવજનના,
હ્રદયમાં વસિયા....
દાસ માગે તારા ચરણોમાં વાસ, હરદમ રાખો,
તમારી પાસ.... શ્રીજી બાવા (૫)

–લલિતાબેન પરમાર

॥ શ્રી વલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્‌ગારો

૫૨ સત્કર્મને દુષ્કર્મ તેનું મુળ હરિ

પ્રભુના મોઢા આગળ સર્વ ચાકરો ઉભા છે. સર્વ શકિતઓ ઉભી છે, તેની પાસે જે કામ કરાવવાની આજ્ઞા કરે તે કામ તેઓ કરે છે પણ આ કામ જાત પરત્વે જુદા જુદા છે.

એક ચાકરને આજ્ઞા આપે કે જાઓ, તમે આટલા સાધુ જમાડી આવો વળી બીજાને આજ્ઞા આપે કે જાઓ, આ સાધુને મારી નાખો ધણીના હુકમ તો બેઉ ખરા પણ પેલો જમાડવા જાય તે તો પ્રસન્ન થતો જાય, કારણ કે જગતમાં તેનો જશ થાય ને પેલો સાધુને મારી નાખવા ગયો, તે તો જગતથી લજવાતો જાય, કારણ કે તેની જગતમાં નિંદા થાય આમ છતાં ચાકરે કાંઇ ના કહેવાય નહિ.

તેમ મહામાયા એ પ્રભુની શકિત છે, તે માયાએ પ્રભુને ભુલાવી દીધા છે, ને તેથી કહે છે, કે આ ઘરનો હું ધણી, આ ધણીઆણી મારી, આ છોકરાં મારાં, આ દ્રવ્ય મારૂં, એ માયાએ પ્રભુને ભુલાવી દીધા છે, ને જગતને નરકમાં નાખે છે આમ કરવાથી માયા પણ લજવાય છે.

આથી મોટા ભગવદીઓ એમ કહે છે કે, પ્રભુને ભજવા, પ્રભુની સેવા કરવી, સર્વના ધણી એક પ્રભુ છે, શ્રી ગીતાજીમાં ભગવાન એમ કહે છે કે, બધામાં ભગવાનને જો જો, ને પ્રભુ કર્તા જાણજો.

આથી માયા કહે છે કે તમે મને આજ્ઞા કરી કે મને ભુલાવી દો, જીવને આગળ કરો આથી મેં આવું કરવા માંડયું, એટલે જીવને નરકમા નાખવાનું કામ મને સોંપ્યું આથી માયા ઘણું લજવાય છે, પણ શું કરે ? ધણી જે આજ્ઞા કરે તે કરવું પડે. આ માયાના મનમાં તો એમ છે કે જીવ પ્રભુનું ભજન કરે તો કેવું સારૂં ?

આથી હરિ કર્તા જાણ જો, હરિ વિના કોઇ છે નહિ, તદન મમતા રહિત રહે જો અહંતા મમતા એ પાપનું મુળ છે, માટે પ્રભુ ચલાવે તેમ ચાલવું પોતે કર્તા મટી જવું, ને પ્રભુ કર્તા જાણવા કોઇના સાથે વઢવું નહિ, કોઇનું મન દુઃખવવું નહિ, કોઇ પર ક્રોધ કરવો નહિ, સર્વ પ્રાણી માત્ર પ્રસન્ન થાય એમ કરવું, એટલે પ્રભુ પ્રસન્ન થાય સર્વ પ્રસન્નને પ્રભુ પ્રસન્ન છે.

માનવ-ધર્મ

વૈષ્ણવતા કા ઘર દુર હે, મનુષ્ય ધર્મ ભી હોય;
આપે જો સાંચો ચલે, તો સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે ફીર વૈષ્ણવતા આય;
વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.
—શ્રી વ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)
સંપાદક : **શ્રી હનુમાનપ્રસાદ પોદ્દાર**
ભાષાંતર : **ડૉ. ચુનીલાલ રવજી બાલધા**, આંખના સર્જન, રાજકોટ

૬. ઇન્દ્રિય નિગ્રહ

માનવ ધર્મનું છઠ્ઠું લક્ષણ છે ઇન્દ્રિય નિગ્રહ. ઇન્દ્રિયોને કોઇ પણ વિષય તરફ ન જવા દેવી અને હમેશાં તેમને પોતાના વશમાં રાખીને કલ્યાણકારી વિષયોમાં લાગેલી રાખવી. ઇન્દ્રિય નિગ્રહ કહેવાય છે. મનુ મહારાજ કહે છે–

ઇન્દ્રિયાણાં પ્રસંગેન દોષમૃચ્છત્યસંશયમ્ ।
સંનિમ્ય તુ તાન્યેવ તતઃ સિદ્ધિં નિયચ્છતિ ॥
(મનુ. ૨/૯૩)

ઇન્દ્રિયોને વિષયોમાં લગાવવાથી મનુષ્ય નિસંદેહ દોષ પ્રાપ્ત કરે છે, પરંતુ આ ઇન્દ્રિયોને ભલીભાંતિ વશમાં કરી લેવાથી તેને પરમ સિદ્ધિ પ્રાપ્ત થઇ શકે છે. જે ઇન્દ્રિયોના વશમાં રહે છે તે પોતે પણ અનેક પાપોમાં ફસાઇને તરેહ તરેહના દુઃખ ઉઠાવે છે. અને બીજાને પણ દુખ આપે છે. પોતે હંમેશા ભયભીત રહે છે અને બીજા લોકો પણ હિંસક જંતુની માફક તેનાથી ડરતા રહે છે, કારણ કે ઇન્દ્રિયલોલુપ ખરાબમાં ખરાબ કામ પણ કરવામાં અચકાતો નથી. જ્યાં સુધી ઇન્દિયોનું દમન ન થાય ત્યાં સુધી પાપોથી બચવું ઘણુ જ કઠણ હોય છે. તેથી જ સુખ ચાહનાર દરેક સ્ત્રી પુરૂષે ઇન્દિય દમન કરવું જોઇએ. જે લોકો ભગવત પ્રાપ્તિનું પરમ સુખ મેળવવા ઇચ્છે છે તેમને માટે તે ઇન્દ્રિય નિગ્રહ એક અત્યંત આવશ્યક છે.

ઇન્દ્રિયો પાંચ છે. શ્રવણ (કાન), ત્વચા (ચામડી), ચક્ષુ (આંખ), રસના (જીભ) અને નાસિકા (નાક) તેના પાંચ જ વિષય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ. આ સિવાય છઠ્ઠો એવો કોઇ વિષય નથી જે ઇન્દ્રિયો ગ્રહણ કરી શકે. ઇન્દિયો શરીરના કાન, નાક વિગેરે અંગોના નામ નથી. આ અંગોમાં જે શકિત છે તેને ઇન્દિય કહે છે. આ પાંચ ઇન્દિઓને સહાયતા કરનાર પાંચ કર્મેન્દિયો છે. હાથ, પગ, વાણી, ગુદા અને ઉપસ્થ (લિંગ અને યોનિ). આ દશ ઇન્દિયોમાં રસના (જ્ઞાનેન્દ્રિય) અને વાણી (કર્મેન્દ્રિય) બંનેનું સ્થાન એક જીભ છે. કર્મેન્દ્રિયો કરતા જ્ઞાનેન્દ્રિયો શ્રેષ્ઠ અને સૂક્ષ્મ છે.

જ્ઞાનેન્દ્રિયોનો નિગ્રહ કરવાથી કર્મેન્દ્રિયોનું દમન આપોઆપ થઇ જાય છે. ઇન્દ્રિયો નિરંતર મનને વિષયોમાં લગાવતી રહે છે. પાંચમાંથી કોઇ પણ એક ઇન્દ્રિય વિષયમાં આસક્ત થવાથી જ મોટો અનર્થ થઇ જાય છે. ત્યારે જે લોકો આ પાંચેયના વિષયોમાં આસક્ત હોય એવા અવિવેકીઓના પતનમાં તો શંકા જ ક્યાં છે ?

એક એક વિષયની આસક્તિથી કેવી રીતે નાશ થાય છે તેની જાણ આ પ્રચલિત દૃષ્ટાંતથી થાય છે–

એક એક ઇન્દ્રિય વિષય લોલુપ મીન મતંગ ।
મરત તુરંત અનાથ સમ ભૃંગ કુરંગ પતંગ ॥

શબ્દર્થ : હરણને વીણાના સુર ઘણા પ્યારા લાગે છે. શિકારી લોકો જંગલમાં જઈ ખુબ મીઠા સુરોમાં વીણા વગાડે છે. વીણાની સુરીલી તાન સાંભળતા જ હરણો ચારે બાજુએથી આવીને તેની આજુબાજુ ઉભા રહી જાય છે અને બધું ભુલીને તેમાં તન્મય થઇ જાય છે. આ અવસ્થામાં પારધી તેમને મારી નાખે છે. આ એક કર્ણેન્દ્રિયના વિષયમાં આસક્ત થવાનું ફળ છે.

સ્પર્શ : હાથીને પકડનાર લોકો ઉંડા ખાડા ઉપર વાંસનો કમજોર માંચડો રાખીને તેના પર માટી બિછાવી દે છે અને તેના પર કાગળની હાથણી ઉભી કરી દે છે. હાથી કામ મદથી મતવાલો થઇ તેને સ્પર્શ કરવા દોડે છે. માંચડા પર આવતા જ તેના ભારી વજનથી માંચડો તુટી જાય છે અને હાથી તુરત ખાડામાં પડે છે ત્યારે લોઢાની મજબુત સાંકળથી લોકો તેને બાંધી લે છે. વનમાં નિર્ભય વિચરનાર બળવાન ગજરાજ એક સ્પર્શ ઇન્દ્રિયના વિષયમાં આસક્ત થવાને કારણે સહેજમાં અનાથની જેમ બંધાઇ જાય છે.

રૂપ : દીવાની જ્યોત જોઇને પતંગ મોહિત થઇ જાય છે. હજારો પતંગ દીવાની જ્યોતમાં પડીને બળી રહ્યા છે, આ વાત તે જુએ છે પરંતુ રૂપની આસક્તિ તેને દીવા તરફ જબરજસ્તીથી ખેંચી લાવે છે, બિચારો દીવામાં બળીને પ્રાણ ખોઇ બેસે છે.

રસ : માછલી જીભના સ્વાદને કારણે જલથી વિખુટી પડી મરે છે. માછલી પકડનાર લોકો કાંટામાં માંસનો ટુકડો કે લોટની ગોળી લગાડી દે છે. માછલી તેનો રસ ચાખવા માટે મતવાલી થઇને દોડે છે અને પાસે જઇને જેવી કાંટા પર બટકુ ભરે છે ત્યારે જ માછલી પકડનાર દોરીને ઝટકો આપે છે જેથી કાટો તુરત જ માછલીના મોઢામાં ખુંચી જાય છે અને એ રીતે તે મારી જાય છે.

ગંધ : ભમરો સુગંધનો ઘણો લોભી હોય છે. તે કમળની અંદર જઇને બેસી જાય છે અને તેની સુગંધમાં આસક્ત થઇને બધી સાનભાન ભુલી જાય છે. સુર્યાસ્ત થતા જ્યારે કમળનું મુખ બંધ થઈ જાય છે, ભમરો તેની અંદર કેદ થઈ જાય છે. જે ભમરો મજબુતમાં મજબુત લાકડામાં છેદ કરી શકે છે તે સુગંધની આસક્તિથી કમળની કોમળ પાંખડીને કાપીને બહાર નીકળવામાં સમર્થ નથી થતો. રાતે હાથી આવીને કમળને ઉખેડી લે છે. હાથીના દાંતમાં કમળની સાથે સાથે ભમરો પણ પીસાઇ જાય છે. આ દશા એક નાકના વિષયમાં આસક્ત થવાથી થાય છે.

–ક્રમશઃ

કંઠાભરણમ્

લોભ એ અર્ધનું મુળ છે

લોભો મુલ મર્ધસ્ય લોભઃ પાપસ્ય કારણુમ્ ।
લોભાત્ ક્રોધઃ પ્રભવતિ લોભાત કામઃ પ્રજાયતે ॥

લોભ એ અધર્મનું મુળ છે લોભ એ પાપનું કારણુ છે લોભથી ક્રોધ ઉત્પન્ન થાય છે અને લોભથી કામના પ્રગટે છે.

લોભમુલાનિ પાપાનિ વ્યાધયો રસ મુલકાઃ ।
સ્નેહ મુલાનિ દુઃખાનિ ત્રયં ત્યકત્વા સુખી ભવેત્ ॥

લોભ એ પાપનું મુળ છે સ્વાદ એ રોગનું મુંળ છે આસકિતએ દુઃખનું મુળ છે એ ત્રણેને જે તજે મનુષ્ય સુખી થાય.

ત્રિવિધ નરકસ્યેદ દ્વાર નાશનમાત્મનઃ ।
કામઃ ક્રોધસ્તથા લોભસ્તસ્માદેતત્ ત્રયં ત્યજેતૂ ॥

કામ, ક્રોધ અને લોભ એ ત્રણુ નરકના દ્વાર છે તેમજ આત્માનો નાશ કરનારાં છે, માટે એ ત્રણુનો ત્યાગ કરવો.

પરોકાર

પિબન્તિ નદ્યઃ સ્વયમેવ નામ્ભઃ સ્વયંનદ્યન્તિઃ ફલાનિવૃક્ષાઃ ।
નાદન્તિ સસ્યં ખલુવારિ વાહાઃ પરોકારીય સતાં વિભુતયઃ ॥

પોતાનું પાણી નદી પીતી નથી. પોતાનાં ફળો વૃક્ષો ખાતાં નથી વરસાદના વાદળો અનાજ ખાતા નથી, તેમ સજ્જનોની સંપત્તિ માત્ર પરોપકાર માટે જ હોય છે.

પરોપકરાય ફલન્તિ વૃક્ષાઃ પરોપકરાય વહન્તિ નદ્યઃ ।
પરોપકાય દુહન્તિ ગાવઃ પરોપકારાર્થંમિદં શરીરમ્ ॥

પરોપકારને માટે જ વૃક્ષો ફળે છે, પરોપકારને માટે જ નદીઓ વહે છે અને પરોપકારને માટે જ ગાયો દુધ આપે છે. આ માનવ શરીર પણુ પરોપકારને માટે જ છે.

રવિશ્ચન્દ્રો ઘના વૃક્ષા નદ્યો ગાવશ્ચ સજ્જનાઃ ।
એતે પરેત્પકારાર્થં મીશ્વરેણુ વિનિર્મિંતાઃ ॥

સૂર્ય, ચંદ્ર, વાદળા, વૃક્ષો, નદીઓ, ગાયો અને સજ્જનો એ બધાંને પરમેશ્વરે પરોપકારને માટે જ બનાવ્યા છે.

આત્માર્થં જીવલોકેઽસ્મિન્ કો ન જીવતિ માનવઃ ।
પરં પરોપકારાર્થં યો જીવતિ સ જીવતિ ॥

આ સંસારમાં પોતાના હિત માટે કોણુ નથી જીવતુ ? પણુ જે મનુષ્ય પરોપકાર માટે બીજાના ભલા માટે જીવે છે તે જ ખરેખર જીવે છે.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

સમાચાર

રાજકોટ : શ્રી દ્વારિકેશલાલજી મહારાજશ્રીના પ્રાકટ્ય મહોત્સવ તા. ૨૩–૨૪–૨૫ એપ્રિલ ૯૭ ત્રિદિવસીય શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતીના નેજા હેઠળ અને પુ. પા. ગો. શ્રી રસીકરાયજી અધ્યક્ષતાથી ખુબજ ભવ્યતાથી ઉજવાયો.

(૧) તા. ૨૩મી એ ઉત્સવનો દિવસ હતો જેમાં ફુલથી શણગારેલા શ્રીના પલનામાં શ્રીનંદ મહોત્સવ થયો હતો. અને રાત્રે વધાઈ કીર્તન, ઢીંચ, રાસ–ગરબા વિગેરે થયા હતા.

(૨) તા. ૨૪મીએ શાસ્ત્રીય સંગીતની સભામાં ગોસ્વામી શ્રી રસિકરાયજી (હારમોનીયમ વાદક) શ્રી નંદન મહેતા [તબલા) શ્રીમતી મંજુ મહેતા (સીતાર) અને શ્રીમતી રૂપાન્દે બહેન શાહ (કંઠીય સંગીત)નો કાર્યક્રમ રાષ્ટ્રીય શાળામાં સંપન્ન થયો હતો.

(૩) તા. ૨૫મીએ શ્રી ભુપેન્દ્રભાઈ ધાબલીયા દ્વારા બહેનોના નૃત્ય તથા નાટિકાનો કાર્યક્રમ સંપન્ત થયો હતો.

આ ત્રણે દિવસના કાર્યક્રમમાં વૈષ્ણવ ભાઈ બહેનોનો વિશાળ સમુહ એકત્રિત થયો હતો.

રાજકોટ ; ટી, વી. કેન્દ્રના માધ્યમથી હવેલી સંગીતનો પરિચય આમતો કાર્યક્રમ તા. ૨૧–૬–૯૭ ના રોજ સવારે પુ. પા. ગોા શ્રી રસિકરાયજી મહરાજશ્રી (પોરબંદર–રાજકોઠ)નો થયો હતો, જેના વીડીઓ રેકોર્ડીંગનુ પ્રસારણ તા, ૧૦ જુલાઈ ૯૭ ગુરુવાર સાંજે ૭–૬૫થી ૭–૦૦ સુધી રાજકોટ ટી. વી. કેન્દ્ર ઉપરથી દર્શાવાશે.

હવેલી સંગીત વિષેની આ મુલાકાત શ્રી બાબુભાઈ પરમારે લીધી હતી. આ કાર્યક્રમ આમંત્રિત દર્શકોની વચ્ચે સંધન્ન થયો હતો.

(ઓડીયો) કેસેટનુ વિમોચન

તા. ૨૧–૬–૯૭ના રોજ સાંજના શ્રી બાલકૃષ્ણ લાલજીની હવેલી રાજકેટમાં પુ પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (પોરબંદર–રાજકોટ) દ્વારા ગવાયેલ નિત્યપદની (ઓડીઓ) કેસેટનું વિમોચન પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (રાજકોટ)ના વરદ હસ્તે સંપન્ન થયેલ આ કેસેટ શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ દ્વારા પસ્તુતિ થયેલ છે.

પ્રારંભમાં સમિતિના પ્રમુખ શ્રી જમનાદાસ બાબરાવાળાએ સમિતિનો ટુંકો પરિસય તથા આ [ઓડીઓ] કેસેટ વિષે ઉદબોધન કર્યું હતું.

પુ. પા. ગો, શ્રી વલ્લભલાલજી મહારાજશ્રીએ પોનાના પ્રવચનમાં પુષ્ટિ ભક્તિમાં કીર્તન ભક્તિનું એક આગવુ અને વિશિષ્ટ સ્થાન છે એમ કહીને શુભકામના અને આશીર્દ પ્રદાન કર્યા હતા.

પૂ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ પોતાના ટુંકા પ્રવચનમાં સહયોગ આપવા બદલ સૌને ધન્યવાદ પ્રદાન કર્યા. આ પ્રસંગે પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી દામોદરલાલજી મહારાજશ્રી ખાસ બિરાજતા હતા.

આ પ્રસંગે વિશાળ સંખ્યામાં વૈષ્ણવ સમાજની હાજરી હતી અને કેસેટ મેળવવા માટે વૈષ્ણવોમાં ખુબજ ચાહના હતી. જે જે ત્યાં હાજર રહેલ બધી કેસેટો ત્યાંને ત્યાં જ વૈષ્ણવોએ મેળવી લીધી.

કેસેટ કયાંથી મેળવશો ?

(૧) ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી
મહારાજ નિવાસ. લીમડા ચોક
રાજકોટ,

(૨) શ્રી જયસુખભાઈ મંડાણ
રાજકોટ.

ધોરાજીના વૈષ્ણવ ડાહ્યાભાઈ દેવરાજભાઈ પટેલના સમસ્ત પરિવારના મનોરથ સ્વરૂપે પાદરડી વાડી, ધોરાજીમાં કડીના વૈષ્ણવ બાબુભાઈ નાયકે "શ્રી ગોપી ગીત" પર અને વૈષ્ણવ કિરણબેન શાહે શ્રી મહાપ્રભુજી વિરચિત 'વિવેક ધૈર્યાશ્રય' પર તા, ૨૭-૫-૯૭ થી તા. ૫-૬-૯૭ સુધી વૈષ્ણવ સમાજ સમક્ષ સત્સંગ કર્યો ગોપીગીતના વકતા શ્રી બાબુભાઈએ સમજાવ્યું કે ગોપીગીત એ ગોપીજનોની વિરહ વ્યથાનું વર્ણન કરતું એક અલૌકિક અને દિવ્ય પ્રેમગીત છે, તેનું રસમય શૈલીમાં દસ દિવસ સુધી વૈષ્ણવ સમાજને તેમણે રસપાન કરાવ્યું.

સુશ્રી કિરણબહેને વિવેક. ધૈર્ય અને આશ્રય પરની શ્રી મહાપ્રભુજીની સુત્રાત્મક વાણીને સુંદર રસાત્મક શૈલીમા સમજાવી વૈષ્ણવ સમાજને આનંદ રસમાં તરબોળ કરી દીવાં.

આ સમયે શ્રી વલ્લભ સુધા માસિકના તંત્રી શ્રી રવજીભાઈએ અને અખિલ ભારતીય પુષ્ટિ. માર્ગીય વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખાના અદયક્ષ શ્રી છગનભાઈ માવાણીએ પણ ઉપસ્થિત રહી સત્સંગનો લાભ લીધો હતો.

કેસેટ પરિચય

પ્રાર્થનાઓ એક ઝાંખી : (બે કેસેટનો સંપુટ)
નિર્માતા શ્રી એન. કે. પરીખ
એફ/૭૯ ગુજરાતિ સોસાયટી નહેરૂ રોડ,
વિલેપાલે (પુર્વ) મુંબઈ ૪૦૦૦૫૭
સંગીત નિર્દેશન કૌમુદી મુનસી.
કીમત રૂ. ૧૬૧-૦૦ રવાનગી ખર્ચ રૂ. ૨૦-૦૦

આ બન્ને કેસેટોમા (સનાતન હિન્દુ ધર્મની) જુની તેમજ નવી ગાઈ શકાય તેવી પ્રાર્થનાઓ ગાયક કલાકારોના સ્વરમાં સમધુર સૌમ્ય સંગીત સામે રજુ કરવામાં આવી છે. પ્રાર્થમાનાના જુદા જુદા પ્રકાર. થાળ. આરતી, ધુન, રાસ વિ. સ્વરૂપે રજુ કરેલ છે. પ્રાચીન તેમજ અર્વાચીન કવિઓ જેવા કે નરસિંહ મહેતા. દયારામ, દલપતરામ. ખબરદાર, રવિન્દ્રનાથ ટાગોર, જયંતિલાલ આચાર્ય, ન્હાનાલાલ. કરસનદાસ માણેક, રેહાના તૈયબજી, હરિહર ભટ, બાલાશંકર કંથારીયા, કવિ સુંદરમ્ નરસિંહ રાવ દિવેટીયા વિ. ની વિવિધ રચનાઓનો સમાવેશ કરવામાં આવેલ છે જે સર્વે માણવા લાયક છે. પરિખ પરિવાર દ્વારા સંપાદિત આ કેસેટો પણ વસાવવા લાયક છે.

અન્ય પ્રાપ્ય કેસેટો-પુસ્તિકાઓની યાદી તેમજ વધુ માહિતી માટે વિસ્તુત સુચિ પત્ર રૂ. ૨-૦૦ ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો.

શ્રીમદ વલ્લભાચાર્યજીનો ૫૨૦મો પ્રાગટ્ય મહોત્સવ

મદ્રાસ : સં, ૨૦૫૩ ચૈત્ર વદ–૧૧ શનીવાર તા. ૩–૫–૯૭ના રોજ પુ. પા,. ગો. શ્રી અજય કુમારજીની અધ્યક્ષતામાં વૈષ્ણવોની બહોળી સંખ્યામાં શ્રી મહાપ્રભુજીના ચિત્રજીને સુખપાલમાં પધરાવી શહેરમાં વરણાગી કાઢીને ધામધુમથી પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો મહાનુભાવોએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતા અને આપશ્રીએ વચનામૃત કર્યા હતા.

મડગાંવ ગોવા : શ્રીમદ વલ્લભાચાર્યજીનો પ્રાગટ્ય મહોત્સવ અહીં શ્રી બેઠકજી ઉપર સુંદર રીતે ઉજવાયો. સર્વોત્તમ સ્ત્રોતનું પઠન તેમજ કીર્તન કરવામાં આવેલ હતા. વૈષ્ણવોએ આનંદથી ઉત્સવ માણ્યો.

જામનગર : પુ. પા. ગો, શ્રી હરિરાયજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને વૈષ્ણવ સમાજ દ્વારા શ્રી વલ્લભાચાર્યના પ્રાગટ્ય મહોત્સવનુ આયોજન કરવામાં આવેલ હતુ. રાજમાર્ગ ઉપર પુ.પા ગો. શ્રી વલ્લભબાવાશ્રીના નેતૃત્વ હેઠળ કિર્તન મંડળી વૈષ્ણવ ભાઇ બહેનો સાથે શ્રી મહાપ્રભુજીને સુખપાલમાં પધરાવી શોભા યાત્રા કાઢવામાં આવેલ હતી. વૈષ્ણવ મહાનુભાવોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. પૂ.પા.ગો. મહારાજશ્રીએ વચનામત કર્યાં હતા. સંપ્રદાયના સિદ્ધાંતોની સમજ આપેલ હતી.

આનંદ-ઉત્સાહ સાથે પ્રાગટ્ય મહોત્સવ સંપન થયો શ્રીમદ વલ્લભાચાર્ય જયંતિના ઉપલક્ષમાં જ પુ. પા. ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીના વરદ હસ્તે નેત્રયજ્ઞનું તેમજ નુતન ચિકિત્સાલયનુ ઉદઘાટન કરવામાં આવેલ હતું.

શ્રી વ્રજયાત્રા લીલી પરિક્રમાનો અલૌકિક અને અનન્ય આનંદતું દાન કરનાર પુ.પા.ગો. શ્રી વિઠલનાથજી મહારાજનો સન્માન સમારંભ પુ. પા. ગો. શ્રી હરિરાયજી 'મહારાજશ્રીનીની અદયક્ષતામાં યોજાયેલ. જેમાં પુ ગો. શ્રી બાલકૃષ્ણજી મહારાજ પુ. ગો, શ્રી નવનીતલાલજી મહારાજ પુ. પા ગો. શ્રી રસિકરાયજી મહોદય પુ. પા. ગો. શ્રી વલ્લભલાલ બાવશ્રીએ વચનામૃત કહેલ. સ્વાગત પ્રવચન શ્રી જયંતીભાઇ સોનીએ. કરેલ. સંચાલન શ્રી જયેન્દ્રભાઈ અડાલજાએ કરેલ,

આંતર રાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ-ગુજરાત પ્રદેશ

સંપ્રદાયના પ્રચાર–પ્રસાર માટે પરિષદ સાહિત્ય દ્વારા તેમજ અન્ય કાર્યક્રમોનુ આયોજન કરતી રહે છે. પુષ્ટિ રસદર્શન તથા શ્રી વલ્લભગીતાના ગ્રંથની આવૃતિ અવલોકન સમારંભ પુ. પા. ગો. આચાર્યશ્રીના સાનિધ્યમાં યોજવામાં આવેલ હતો. તેમજ અકોટી ગામે (ડભેઈ) હેડીકલ કેમ્પ યોજવામાં આવેલ હતો.

પરિષદ દ્વારા ગુજરાત રાજ્ય સરકારને શ્રીમદ વલ્લભાચાર્ય જયંતિના દિવસે જાહેર રજા જાહેર કરવાના જે પ્રયત્નો કરવામાં આવેલ તેના અનુસંધાને સરકારશ્રી તરફથી મરજીયાત રજા જાહેર કરેલ છે પરંતુ પરશુરામ જયંતિની જાહેર રજા જે જાહેર કરવામાં આવેલ છે તેને પરિષદના મંત્રીશ્રીએ આવકારતા સાથે શ્રીમદ વલ્લભાચાર્ય જેઓ સંસ્કૃતિના સંરક્ષક તેમજ પુષ્ટિ સંપ્રદાયના પ્રવર્તક એવા યુગ પુરૂષની જન્મ જયંતિને જાહેર રજા જાહેર ન કરતા ખેદ સાથે આકરી આલોચના કરેલ છે.

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"વળી એક દિવસે કહ્યું જે આ જગતને મુકો ને દિવ્ય દૃષ્ટિથી ભગવાનને જુઓ કેમકે પ્રભુને કપટ ભાવ ગમતો નથી, ત્યાં કહયું કે કપટ ભાવ તે શું ? ત્યાં કહે છે કે 'આ સર્વ વસ્તુ પ્રભુની ઉપજાવેલ છે પણ તેનો માલીક આ જીવ થઇને બેઠો છે તેથી કરીને પ્રભુ પ્રસન્ન થતાં નથી તું વિચાર કરકે જયારે તું આવ્યો છે ત્યારે એકલોજ આવ્યો હતો અને જઇશ ત્યારે પણ એકલોજ જઇશ તારી સાથે કોઇ પણ આવશે નહીં તો પછી તારો ધણી કોણ થશે ? માટે તેં જેને પોતાનું માન્યું છે તે સર્વ ભગવાનને અર્પણ કર તો પ્રભુ પ્રસન્ન થશે કેમકે આપણો આત્મા ભગવાનને સોંપીએને જે પદાર્થ આપણી પાસે હોય તે સોંપીએ ત્યારે કામ થાય."

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૨૩

❁ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ❁

વર્ષ ૧૬ : અંક-૫ ❁ ઓગસ્ટ, ૧૯૯૭

શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ❁ આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

વિજયતે શ્રી મદન મોહન પ્રભુ

આવતા વર્ષે સવત ૨૦૫૪ વૃજપરિક્રમા વધાઇ

ગૌસ્વામી શ્રી ૧૦૮ શ્રી સપ્તમ પીઠાધિશ્વર શ્રી ધનશ્યામલાલજી મહારાજ શ્રી કામવન રાજકોટવાળા તથા આપશ્રીના મોટા લાલજી શ્રી ગો વૃજેશકુમારજી કામ ન રાજકોટવાળા સને ૧૯૯૮ સંવત ૨૦૫૫ના ભાદરવા સુદ અગિયારસના રોજ મથુરાજીમાં નેમ લઈ વ્રજયાત્રા કરવા માટે પધારવાના છે પ્રાચીન રીત અનુસાર દાન અગિયારસ એકાદશીના રોજ આચાર્યચરણ તથા પ્રભુચરણ શ્રી ગુસાઈજીને વૃજયાત્રા, પ્રારંભ કરેલ હતી. એજ રીતે વજયાત્રા પ્રારંભ થવાની છે આ વ્રજયાત્રામાં આપશ્રીના સાથે શ્રી મદન મોહનલાલજી સંપુર્ણ વજષાત્રામાં પધારવાના છે ત્યાં શ્રીના અનેક વિવિધે મનોરથ તથા ઉત્સવ તથા છપ્પન ભોગ થવાના છે તથા અનેક ધાર્મિક આયોજન પણ થશે વૈષ્ણવો આ અલભ્ય લાભ લેવાનો ન ચુકે સેવામાં ચિત છે તેથી અધિક રાખશો.

વિશેષ જાણકારી માટે પત્ર વ્યવહારનું સરનામું :–

શ્રી ધનશ્યામલાલજી મહારાજ સપ્તમ પીઠાધિશ્વર મદન મોહનજીનું મંદિર, કામવન (કામા)
જી. ભરતપુર (રાજસ્થાન) ફોન : ૨૨૦૮

ગો. શ્રી ચિ. વ્રજેશકુમારજી

૨, લક્ષ્મીવાડી ચોક, શ્રી મદનમોહનજીની હવેલી, રાજકોટ ૨ ફોન નં ૨૩૫૦૫૨

॥ શ્રી વલ્લભ ॥

સમસ્ત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો જોગ

શ્રી વલ્લભાચાર્યજીનું નામ વટાવી નાણાં એકત્ર કરવાનું બંધ કરો.

બહાદુરપુરવાળા જી. બી. શાહને શ્રી વલ્લભકુલ પરીવારની તાકીદની આજ્ઞા.

સને ૧૯૯૩ માં પ. પુ. ગો. શ્રી ૧૦૮ શ્રી નિ. વજરત્નલાલજી મહારાજ સુરતવાળા તથા અન્ય વલ્લભકુલની આજ્ઞાથી જી બી. શાહે અમેરીકામાં સ્થાપેલ નુતન પુષ્ટિમાર્ગ બંધ કરવાની આજ્ઞા ગુજરાત સમાચાર તથા અન્ય સામાયિકો દૈનિક પત્રોમાં છપાવીને કરેલી. પરિણામે ચોતરફી વિરોધ વંટોળ જાગતાં તેઓશ્રીએ મૌન શાધી પ્રવૃતિ અટકાવી દીધી હતી. ત્યાર બાદ છેલ્લા છ–સાત માસથી ભારતમાં આવી "વામન ટ્રસ્ટ"ની સ્થાપના કરી સામાજીક તથા જનકલ્યાણ તથા હોસ્પીટલના બહાના નીચે શ્રી વલ્લભાચાર્યનું નામ વટાવી પોતાનો અધુરો રહેલો "નુતન પુષ્ટિ માર્ગ" સ્થાપવાનો બદઈરાદો પાર પાડવા મેદાને પડયા છે અને ૫૦૦ વર્ષમાં પણ ન રચાયુ. હોય તેવું ભયંકર ષડયંત્ર રચી પુષ્ટિ માર્ગની ઘોર ખોદવા કૃતનિશ્ચયી થયા છે. આ પ્રવૃતિ તેજ ગતિથી વધવાના ચિન્હો જણાતાં સમસ્ત શ્રી વલ્લભ કુલ પરિવાર જેઓના નામો નીચે દર્શાવ્યા છે. તેઓશ્રીએ "વલ્લભ સિદ્ધાંત સંરક્ષણ સમિતિ" ને આવી પ્રવૃતિ બંધ કરાવવા શકય તે બધાજ પ્રયત્નો કરવાનો સ્પષ્ટ આદેશ (આજ્ઞા / અનુરોધ કર્યો છે. જેવી સર્વે વૈષ્ણવો / સેવકો / ધાર્મીક શામયીકોએ નોંધ લેવા તથા વિરોધ દર્શાથવા શકય તે બધા જ પ્રયત્નો કરવા સુચવવામાં આવે છે.

૧. ગો, તિલકાયતશ્રી દઉજી (રાજીરજી) ૨. ગો. શ્રી કલ્યાણરાયજી (પુના) ૩. ગો. શ્રી કલ્યાણરાયજી (ઈન્દોર) ૪. ગો. શ્રી વૃજેશકુમારજી (કાંકરોલી વડોદરા) ૫. ગો. શ્રી દેવકીનંદજી (ગોકુલ) ૬. ગો. શ્રી વલ્લભલાલજી (કામવન) ૭. ગો, શ્રી દ્વારકેશ બાવાશ્રી (વડોદરા) ૮. ગો. શ્રી વૃજેશકુમારજી (રાંજકોટ) ૯. ગો. શ્રી બાલકૃષ્ણલાલજી (સુરત) ૧૦. ગો શ્રી શ્યામ મનોહરજી (પાર્લા) ૧૧. ગો, શ્રી વ્રજજીવનજી મહારાજ (અમરેલી/ ૧૨. ગો. શ્રી યોગેશકુમારજી (વડોદરા) ૧૩. ગો. શ્રી ચીમનજી (ગોકુલ) ૧૪. ગો. શ્રી મથુરેશ્વરજી (વડોદરા) ૧૫. ગો. શ્રી ચંદ્રગોપાલલાલજી (વિરમગામ) ૧૬. ગો. શ્રી વ્રજભુષણલાલજી (જામનગર)

(વધુ માટે જુઓ ટાઈટલ ૩ જું)

શ્રી વલ્લભ સુધા દર માસની ૧૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહકો નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ **વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક !

શ્રીવલ્લભ સુધા
દંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૫ ❊ ઓગસ્ટ ૧૯૯૭

મનને શિક્ષા

જન્મ લે ભૂમી કીનો ભાર ।
હરિ સેવા રસ સ્વાદ ન ચાખ્યો, મન લાગ્યો પરનાર ।૧।
એક ઉદર ભરવે કે કારન કીયે પાખંડ અપાર ।
ભક્ત ભયો સબ જકત વખાન્યો, બહુ વિધિ ભયો બિગાર ।૨।
અંતકાલ જબ નીકટહી આયો, મન મેં પર્યો વિચાર ॥
'રસિકદાસ' જન ભવસાગર મે, શ્રીવલ્લભ નામ આધાર ।૩।

: ભાવાર્થ :

અરેમન ! તેં જન્મ લઇને આ ભુમી પર ભાર વધાર્યો છે. શું કર્યું તેં ? હરિ સેવા ભગવદ્ સેવા ભગવદ વાર્તાનો સ્વાદ તો ચાખ્યો નહીં મન વિષયાવેશ કરીને પ્રભુને બદલે પરનારીમાં લગાડ્યું ! અરે ! માત્ર પેટ ભરવા માટે તે કેટલાં પાખંડ કર્યા ? અપાર પાખંડ કર્યા.

અરે ! તે ભકતનો વેશ ધર્યો તેથી જગતમાં ભકત તરીખે ખુબ વખાણાયો પણ એથીજ તારો બગાડ થયો તું અહંકારી દંભી શું શું ન બન્યો હવે અંતકાળ આવ્યો છે ત્યારે મનમાં વિચારશ કે હવે શું થાશે શ્રી રસિકદાસજી (શ્રીમટ્ટુજી મહારાજ) આજ્ઞા કરે છે. આ સંસાર સાગરમાંથી ડુબતાં બચવાનો એક આધાર છે શ્રી મદવલ્લભાધિશનું નામ સ્મરણ એમનું દૈન્ય ભાવે કરીને અનન્યતાથી શરણ ગ્રહો સર્વ કાર્ય સિદ્ધ થશે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

ગ્રન્થ પરિચય

લેખક **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજ**-પાર્લા

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ**

-ગતાંકથી ચાલુ

(૭) જાતે નિરંતર શાસ્ત્રાભ્યાસ કરવો એ એક વાત છે અને શ્રોતાના સંદેહોને (શંકાઓને) દુર કરી શકવાનું સામર્થ્ય ધરાવવું એ બીજી વાત છે. તેથી સંદેહ નિવારક વકતા માની લ્યો કે પીવાલાયક પાણીવાળા મોટા જલાશયની જેવા હોય છે. એવા સ્વચ્છ નિર્મલ જલાશય કે જેમનામાં કાદવ યા તો શેવાળ (લીલ) ઉત્પન્ન થતી નથી.

(૮) ખુદ પોતાને ભગવત શાસ્ત્રોનો નિરંતર અભ્યાસ હોય અને બીજાઓના સંદેહને દુર કરવાની ક્ષમતા હોય તો પણ કયારેક કયારેક વકતામાં પોતામાં ભકિતભાવ નથી હોતો. પરંતુ એ પણ જો પ્રકટ થઇ જાય તો એવા વકતાને સુંદર સરોજ (કમળ)વાળા રમ્ય સરોવરની જેવો ગણવો જોઇએ.

(૯) કેટલાક વકતાઓમાં ભગવત્પ્રેમ તો હોય છે પરંતુ તેઓ પોતે અલ્પશ્રુત હોય છે. એવા વકતાઓને નાના તળાવોની જેવા સમજવા જોઇએ- કે જેઓ પોતે સ્વચ્છ જલવાળા હોવા છતાં ભેંસ જેવા પશુઓ દ્વારા મલિન બનાવી શકાય છે તેનું કારણ એટલું જ છે કે તેમાં જલરાશી ઘણો થોડો હોય છે. એવી જ રીતે અલ્પ શ્રુતતાને કારણે તેમના ભાવ કુતર્કોથી દુષિત બની શકે છે.

(૧૦) જે વકતાઓએ કોઇ સદગુરુના મુખથી બહુ સારી રીતે શાસ્ત્રી વિષયોનું શ્રવણ કર્યું હોતુ નથી અને જેમનામાં ભગવદ ભકિત પર્યાપ્ત (જોઇતી માત્રામાં) નથી તો પણ નિષ્કામ ધર્માચરણ-કર્માનુષ્ઠાનમાં જેમની નિષ્ઠા દઢ હોય એવા વકાઓની ભગવત પ્રવચન કરવાની વૃત્તિ તો જાગી ઉઠે તો તેમના ભાવ પણ નાના તળાવની જેવા જ સમજવા જોઇએ. નાના તળાવના જળ જલ્દીથી સુકાઇ પણ જાય છે અને શીઘ્ર મલિન પણ થઇ શકે છે.

(૧૧) જે વ્યકિતઓનું મન યોગ-ધ્યાન આદિની પ્રક્રિયામાં લાગી રહેલુ હોય છે તેમના પોતાના ભાવ તો નિર્મલ હોય શકે છે, પરંતુ શ્રોતાઓ તેમને ઘેરી (વીંટળાઇ) વળે ત્યારે તેમના ભાવોમાં પરિવર્તન આવવા લાગે છે. યોગિક સાધનાનો જમાવ એકાન્તમાં આવે છે. તેથી જનતાથી ઘેરાયેલા (વીટલાઇ રહેલા) રહેવાની વૃત્તિવાળા યોગીની સમુળગી (બધી) યોગ-સાધના નિષ્ફળ બની જાય છે. એ જ કારણને લીધે તેમના ભાવ વર્ષાના જલની જેવા

August 1997

બની જાય છે કે જે સ્વયં સ્વચ્છ હોવા છતાં જ્યાં પડે ત્યાંના ગુણધર્મ શીઘતાથી સ્વીકારી લ્યે છે.

(૧૨) કેવલ તપોજ્ઞાન કે વૈરાગ્યાદિની સાધનામાં નિરત (મગ્ન) વ્યક્તિ જ્યારે ભગવત્કથાનું પ્રવચન કરતો મળી આવે (દેખાય) ત્યારે તેના ભાવને સ્વેદ (પરસેવાના) જલની જેવો સમજવો જોઇએ, સ્વેદ જલ (પરસેવો) જેને આવતો હોય એ તેના પરિશ્રમનું દ્યોતક તો હોય જ છે, પરંતુ બીજાના શ્રમનું એ રહેતો (હોતો) નથી. આ જ રીતે વ્યક્તિની તપશ્ચર્યા અથવા ભક્તિ હીન શુષ્ક જ્ઞાન–વૈરાગ્ય–સાધના સ્વયં એ વ્યક્તિ દ્વારા લેવામાં આવેલા આધ્યાત્મિક પરિશ્રમની દ્યોતક તો હોય છે, પરંતુ બીજા શ્રોતાઓને માટે તો વ્યર્થ (નકામી) જ હોય છે !

—ક્રમશઃ

શ્રી વલ્લભ દર્શનનું તાત્ત્વિક વિવેચન

[યુ. કે. માં થયેલું એક પ્રવચન]

વક્તા : **પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ** (મથુરા–પોરબંદર–રાજકોટ)

પ્રભુના જ નહીં દરેક પદાર્થના ત્રણ રૂપ હોય છે. એમાં જે આધિદૈવિકરૂપ છે. એ પુર્ણ સ્વરૂપ કહેવાય. એટલે જેમ શ્રી યમુના નદી છે. એ શ્રી યમુના નદીની અંદર જે જલ રૂપ છે એ એનું આધિભૌતિક રૂપ છે. પછી એ યમયાતનામાંથી મુક્ત કરે છે. તીર્થરૂપ જે કહેવાય છે તીર્થ પણ એનું એ આધ્યાત્મિક રૂપ છે, અને જે સાક્ષાત શ્રી યમુનાજી દેવીરૂપ અથવા સ્વામીનીરૂપ છે એ આધિદૈવિક રૂપ છે. એવી રીતે ઇશ્વર અથવા બ્રહ્મ આ બ્રહ્મને પણ ત્રણ ભાગોથી સમજાવે છે.

શ્રી મહાપ્રભુજીએ 'સિદ્ધાંત મુક્તાવલી' નામક ગ્રંથ લખ્યો છે. ષોડશ ગ્રંથમાં છે એમાં શ્રી ગંગાજીનું દૃષ્ટાંત આપી અને એની કંપેર (સરખામણી) બ્રહ્મના સ્વરૂપ ઇશ્વરના સ્વરૂપ સાથે કરીને સમજાવે છે કે જે જગત છે જડ અને ચેતન. એ જગત એમનું આધિભૌતિકરૂપ છે.

આખુ જગત પછી એમાં દૈવી જીવો હોય, આસુરી જીવો હોય કે ઇશ્વરમાં વિશ્વાસ કરનાર વ્યક્તિ હોય કે ઇશ્વરમાં વિશ્વાસ કરનાર ના હોય એ બધુ એમનું આધિભૌતિક રૂપ છે. જડ વસ્તુ દેખાય છે. આખા બ્રહ્માંડમાં એ અને આધ્યાત્મિક જે રૂપ છે એને અક્ષર તરીકે અથવા અક્ષર બ્રહ્મ તરીકે કહેવામાં આવે છે, તો ત્રણ વસ્તુ થઇ.

એક ક્ષર, એક અક્ષર અને એક પુરુષોત્તમ. ગીતાજીના ૧૫માં અધ્યાયમાં એ કહ્યું છે કે ક્ષર અક્ષર કરતાં ઉત્તમ હું પુરુષોત્તમ છું અને લોકમાં પરંપરાથી અને વેદથી લઇને એ

પછીના જેટલા શાસ્ત્રો થયા, સત્શાસ્ત્રો અને બધામાં એમની પુરુષોત્તમ તરીકેની પ્રસિદ્ધિ આની છે. એટલે આ ક્ષરણશીલ જે જગત છે કે જે પરિવર્તનશીલ છે આજે છે કાલે એનું પરિવર્તન થતું રહે છે એ એક સૈકામાં તો કેટલું બધું પરિવર્તન થઇ જાય છે કે એના સો વર્ષ પહેલા- આ જગ્યામાં શું હતું એમના ફોટાગ્રાફ- અમુક ગાર્ડન તમે મને બતાવ્યુ હતુ કે આ સો વરસ પહેલા આ ગાર્ડન હતુ એ ગાર્ડન આવા ફોર્મમા હતુ. અત્યારે એ એકદમ બદલાઈ ગયું.

બીજી વસ્તુ ક્ષરનો મતબલ એ કે જન્મ થાય પછી વધે. પછી પાછુ વૃદ્ધાવસ્થા ક્ષીણ થાય અને પછી મૃત્યુ પામે. આવી રીતે વિનાશ જેનો અવશ્ય છે. જેનો જન્મ છે એનો એવા પદાર્થો બધા ક્ષર કહેવાય. એમાં જે અક્ષર છે કે જેનો વિનાશ નથી થાતો, અવિનાશી રહે છે.

એ અક્ષર એટલે જેમકે કોઇ વ્યક્તિ ગુજરી જાય પરંતુ એણે સત્કાર્યો કર્યા હોય તો બસો વર્ષ થઇ જાય, પાંચસો વર્ષ થઇ જાય, હજાર વર્ષ થઇ જાય. છતાં પણ એ વ્યક્તિ એક સંસ્કારના રૂપમાં- લોકોને પ્રેરણાના રૂપમાં એ સદા નિત્ય એવી સ્થિતિ રહે છે એટલે એ અક્ષર થઇ.

એનાથી પર કે આ ક્ષરને અક્ષર જેમાંથી ઉત્પન્ન થયા છે એનું આદિ, મધ્ય અને અંત કારણ જે છે એ પરબ્રહ્મ છે. એ જયારે કોઇ આકાર ધારણ કરીને અને ભૂતલ ઉપર આવે અને વિવિધ પ્રકારના અવતાર કાર્યો અથવા લીલા કરે. એ લીલા કરનાર પુરુષોત્તમ. એમાંથી જ ક્ષર અને અક્ષરની ઉત્પતિ થઇ છે.

એ ઉત્પતિ થઇ છે હવે એ વસ્તુ બીજી બની ગઈ અને એક ઇશ્વર તો એ બે વસ્તુની સત્તા આપણે માનવી પડે એટલે જે આચાર્યો બે સતા માનતા હોય એને દ્વૈતવાદ કહેવાય અને જે બે સત્તા નહીં ને એક જ સત્તા માનતા હોય એને અદ્વૈતવાદ કહેવાય અને બંન્નેની સત્તા છે એ રીતે માનીને અને એ બેય સત્તા જુદી જુદી નથી, પરંતુ એક જ સત્તાના જુદા જુદા ભાગો છે એ સત્તા જેમાંથી ઉત્પન્ન થઇ છે એમાં પાછી સમાવિષ્ટ થઇ જાશે. એ સતા છે તો પણ એ ઇશ્વરની જ સતા છે. જે ક્ષરના રૂપમાં પણ છે, અક્ષરના રૂપમાં પણ છે અને પુરુષોત્તમના રૂપમાં છે. એવી રીતે ત્રણેયની સતા. પરંતુ મૂળ સતાના જ એ બધાં પાર્ટ છે અને એ પાર્ટ જે છે એની અંદર મુળ સતા કોઇને કોઇ રૂપમાં રહેલી છે.

જડ પદાર્થો છે તો સચ્ચિદાનંદરૂપ પરબ્રહ્મ ઇશ્વર છે એનું સદરૂપ જે છે એજ જડ રૂપ જગત છે. ભગવાને એક બીજો પદાર્થ ઉત્પન્ન કર્યો જડ જેવો પરંતુ એ પોતાની સદ શકિતમાં જ ઉત્પન્ન કર્યો એટલે સદશકિત જે છે ભગવાનની એ જડના રૂપમાં જ પરિવર્તિત

થઇ અને ચેતન જે જીવ વગેરે મનુષ્યો છે એ ચેતનના રૂપમાં જ ઇશ્વરનું જે સદચિત એમાં ચિદ શબ્દ જે છે એનો અર્થ થાય ચેતના. એ ચેતના જીવના રૂપમાં પરિવર્તિત થઇ અને પુરુષોત્તમ પોતે એમને એમ રહ્યાં. એમાંથી આ બધી વસ્તુ નીકળી તો પુરુષોત્તમની શક્તિમાંથી આટલી શકિત બહાર પ્રકટ થઇ. એની શકિતમાં કોઇ ઘટાડો ન થયો અને એ બધી શકિતઓ પાછી એનામાં આવી જાય એનાથી કોઇ વધારો નથી થતો. આવું શરૂઆતમાં જ એ જાતનો મંત્ર પાઠ કરવામાં આવે છે કે 'પૂર્ણમાંથી પૂર્ણ નીકળી આવે તો પણ પૂર્ણ પૂર્ણ રહે, અને પુર્ણમાં પુર્ણ આવી જાય તો પુર્ણમાં વધારો થયો, એમાંથી નીકળે તો ઘટાડો થયો એવું નથી થાતું.' એ એક સચ્ચિદાનંદ તત્ત્વ છે એટલે એમાંથી જડરૂપમાં જન્મ્યા એ જડરૂપ એનું જગ છે એ એનું ભૌતિક (રૂપ) છે, અને એમાં જે ચેતના છે 'જ્ઞાન' એ એમનું આધ્યાત્મિક સ્વરૂપ અને પરમાત્મા પોતે એ આધિદૈવિક.

આધ્યાત્મિક એટલે આત્મા, આપણે જડ શરીર છે એની અંદર આત્મા છે તો જ આ શરીર સક્રિય થાય છે ને ? શરીરમાં જોવાની, કાંઇક પણ કામ કરવાની પુરુષાર્થ કરવાની શક્તિ છે એ ચેતનાને લીધે છે અને ઈ ચેતના પરમ ચેતનાનો એક અંશ છે. એટલે જે અંશરૂપ જે ચેતના છે એ ઇશ્વરનું આધ્યાત્મિક સ્વરૂપ છે અને પરમ ચેતના જે એનું મુળ સ્વરૂપ છે.

દાખલા તરીકે પાવર સપ્લાઇ થાય છે અને આ ગ્લોબની અંદર જે કંઇ આવે છે શકિત એ પાવરનોં જે વિસ્તૃત જથ્થો છે એમાંથી થોડો આવે છે. આપણે એક એવી રીતે વિચારીએ કે મોટો જથ્થો છે એ પરમતત્વ છે અને એમાંથી અંશરૂપે આ જથ્થો આવે છે. એવી રીતે આત્મા એ પરમાત્માનો અંશ છે. હવે એનું એમ જો વિચારીએ તો એ પ્રશ્ન થઇ શકે કે જયારે આ જગત પણ ઇશ્વર છે. ચેતના જેટલી દેખાય છે એ પણ ઇશ્વર છે અને પરમાત્મા પોતે પણ ઇશ્વર છે.

'સર્વં ખલુ ઇદં બ્રહ્મ' એ વાકય શ્રી મહાપ્રભુજીની ફીલોસોફીનું એક મુખ્ય વાકય છે, કે બધુ બ્રહ્મ જ છે. બ્રહ્મ સિવાય અતિરિકત કોઇ એવી સત્તા નથી કે જેમ અમુક ધર્મોમાં એમ માનવામાં આવે છે કે, એક ઇશ્વરની સત્તા અને એક સેતાનની સત્તા, તો એ ઇશ્વરની સત્તા અને સેતાનની સત્તા માનવાવાળા હોય. તો એમાં એક પાદરી બાઇબલ ઉપર કથા કરતા હતા– ઉપદેશ આપતા હતા. એક ડોશી બેઠી હતી. ત્યાં કંઇ એ વચવચમાં બોલે 'આમીન' કાંઇ પણ હોય તો 'શુભ'– શુભ વાકય આમીન શબ્દ છે અને એમાં ઇશ્વરની વાત કરે (પાદરી) ત્યારે પણ આમીન બોલે અને સેતાનની વાત કરે ત્યારે પણ આમીન બોલે, તો પાદરીને એમ થયુ કે, આ ઇશ્વરને આમીન–આમીન તો બધાં કરતા હોય, સેતાનના નામમાં તો ધિક્કાર છુટે મનમાં, એમાં પણ આ આમીન કહે છે, એનું શું કારણ ?

બધા ચાલ્યા ગયા એટલે ડોશીમાને પુછયુ : (પાદરીએ) કે આ ઇશ્વરની જયારે હું

ચર્ચા કરતો હતો તો ત્યારે આમીન કહેતી હતી એ તો બરાબર પણ સેતાનની ચર્ચામાં પણ આમીન ! !

તો એણે (ડોશીએ) કહ્યું કે– હવે જવાનો (મૃત્યુ થવાનો) વખત થયો છે ઉપર. વાળ ધોળા થઈ ગયા છે કોને ખબર ઉપર કોની સત્તા ચાલતી હોય ! એટલે કોઇને નારાજ ન કરવા.

એટલે આવી જે માન્યતા છે કે એક સત્તા ઇશ્વરની અને એક સત્તા સેતાનની. એ વેદ, ઉપનિષદની ધારણા માન્યતામાં વિશ્વાસ નથી એ તો એકજ સત્તાને સત્તા તરીકે માને છે. સત્તા કઇ રીતે આ જગતની અંદર ફેલાણી છે એના માટે શ્રી વલ્લભાચાર્ય એક ખાલી મંગલાચરણનો શ્લોક કહે છે નિબંધ નામના ગ્રંથનો–

નમો ભગવતે તસ્મૈ કૃષ્ણાયાદ્ભુત કર્મણે ।
રૂપ નામ વિભેદેન જગત્ક્રીડતિ યો યતઃ ॥

આ ભગવાને જગત પોતાને રમવા માટે ઉત્પન્ન કર્યું છે તો એ જગત કર્યું વિવિધતા વાળુ અનેક વિવિધતા અને વિશેષતાઓ રહેલ છે. રૂપ અને નામથી પણ એમાં એક વસ્તુ કહી કે જડ જગત છે. એ નિરાનંદ છે. જડ પદાર્થમાં આનંદ નથી. ટી.વી. તમે જુઓ તો તમને આનંદ આવે પણ ટી.વી.ને આનંદ આવે છે ? કે મને આટલાં જણા જોવે છે. આહા ! ચેતનને કોક જોવે, વરરાજા ઘોડે ચડીને આવતો હોય કે મોટરમાં શણગારીને આવતો હોય, એને ઘણા જોવે તો વરરાજાને આનંદ આવે કે મને કેટલાં લોકો જોવે છે. ત્રણ દિવસ સુધી એવી ફીલીંગ થાય એને ! ચોથે દિવસે ખ્યાલ આવી જાય કે રાજા નથી પ્રજા છું (હાસ્ય).... પરંતુ જડ પદાર્થ જે છે એમાં આનંદની અભિવ્યકિત નથી એટલે કે ફીલ નથી કરતુ કે મને કોણ જુએ છે અને જે જીવ છે એ પણ એનું મુળ ફોલ (સ્ત્રોત) તો આનંદ જ છે, કારણ કે આનંદનો જ અંશ છે પરંતું એમાં એ આનંદ એનો તિરોહિત આનદ છે. –ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ મોરબી અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પ. ભ. ઇન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

પ્રાણી-માત્રની ઝંખના છે પ્રેમ અને પ્રસન્નતા !
આનંદ આત્મીયતા !

પ્રાણી-માત્ર ઝંખે છે, પ્રેમને ! જ્યાં પ્રેમ લાગે છે, ત્યાં પોતાપણું લાગે છે. જ્યાં પોતાપણું (આત્મીયતા) લાગે છે, ત્યાં પ્રસન્નતા (આનંદ) લાગે છે. જ્યાં પ્રસન્નતા લાગે છે, ત્યા જીવનનું જોમ મળે છે, જીવનનો શ્રમ ટળે છે, જીવન ફળે છે પોપટ પ્રેમથી પળાય છે કુતરું પણ પ્રેમથી પાછળ ફરતું રહે છે. બધાં પશુ-પક્ષી-ગાય-ઘોડા-હંસ વગેરે પણ પ્રેમથી પળાય છે, કહયાગરા બને છે. પરિવાર પણ પ્રેમથી પોષાય છે, માત્ર પૈસા કે પ્રતિષ્ઠાથી નહિ, અન્ન કે ઔષધથી નહિ, સાધન સામર્થ્ય કે સતા-સમૃદ્ધિથી નહિ, પ્રેમ અને પ્રસન્નતા આનંદ અને આત્મીયતા, તો જીવનનું બલ છે. તે વગર તો જીવન નિર્બલ નિષ્ફલ લાગે છે.

પ્રેમ તો પ્રભુનું પુનિત પ્રદાન છે, પ્રભુએ સૌને સુખ માટે તેનું પ્રદાન કર્યું છે, તેથી જ્યાં પ્રીતિ થાય, ત્યાં સુખ પ્રસન્નતા-અનુભવાય છે. આપણે સંસારીઓ ક્ષુદ્ર-સ્વાર્થમાં આ પવિત્ર પ્રેમને અપવિત્ર-સંકુચિત મલિન બનાવી દઈએ છીએ, વાસનાવળા વિકારોનો તેમાં વિકાસ કરીએ છીએ, મોહમા મથતા-મુંઝાતા-મુશ્કેલીમાં મુકાતા રહીએ છીએ, અશાંતિ અને ઉદ્વેગ તેમાં ઉભરાય છે, મન તેથી ગભરાય છે, જીવન તેથી વન જેવું વિકટ લાગે છે. પરસ્પરના સ્વાર્થવશ સંબંધો, મોહવશ મથામણો અને કપટમિશ્ર કાર્યોમાં પ્રેમ અને પ્રસન્નતાનો, આનંદ અને આત્મીયતાનો, આભાસ ઉભો થાય છે. તેમાં પરસ્પર આં જતાં અને અંજાતાં અંધારામાં આથડતા રહેવાય છે તેમાં મનને મનાવીને કે મારીને પણ જીવવું પડે છે જીવનમાં તેથી ભાર વધે છે, ભાવ ઘટે છે, સ્વભાવનો પ્રભાવ પીડે છે પ્રેમ અને પ્રસન્નતાનો શોધ જીવનભર ઊંડે ઊંડે પણ સતત ચાલતો જ રહે છે નિરાશા, નિષ્ક્રયતા અને નિષ્ફલતા ક્રમશઃ જીવનમાં ડોકાતા સંચાર કરતી લાગે છે. બંનેની વચમાં જીવન ઝુલતું રહે છે, ઝુરતું રહે છે પ્રેમ અને પ્રસન્નતા તો જ્યાં હોય ત્યાંથી જ મળે ને ? ? અન્યત્ર શોધતાં તો અકળામણ અને અથડામણ જ મળે છે.

પ્રેમ અને પ્રસન્નતા આનંદ અને આત્મીયતા પ્રાપ્તિનો સચોટ ઉપાય કૃષ્ણ કથા કૃષ્ણ સેવા !

> “પ્રેમ હરિ કો રૂપ હૈ, હરિ હૈ પ્રેમ-સ્વરૂપ”
> “પ્રીતિસ્તુ ભગવદ્ધર્મ : ।” પ્રીતિ તો ભગવદ્ધર્મ”

શ્રી સુબોધિનીજી (૨-૨-૬)

[‘પુષ્ટિ-પુલિન’ ગ્રંથમાંથી લેખક શ્રી નવનીત પ્રિય જેઠાલાલ શાસ્ત્રીજીના સૌજન્યથી]

આપણે વ્રજયાત્રા કરવા જઈ એ છીએ. ત્યાં
વ્રજ ભુમીના વન-ઉપવન, કુંડ, કૂપમાં અલૌકિક
ભાવ રાખીને જ વ્યવહાર કરવો.
તીર્થ કુંડો, કૂપોમાં સાબુથી સ્નાન કરવું કપડા ધોવા વગેરે અપરાધથી બચવું

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૪૦

હોં બલિ જાઉં દિવસકર નંદનિ;
અતિ ઉદાર કરુણા અમૃતમય કૃષ્ણચંદ્રમુખ ચંદનિ ૧
ભકિત પક્ષિ દક્ષિતા તિહારી કરનિ કહી બહુ છંદનિ;
'વલ્લભ' દીન શરણ ઠાડો હૈ દયાકરો જગ–બંદનિ. ૨

ભાવર્થ : હે સૂર્ય પુત્રી હું વારી જાઉં આપની ઉદારતા અને કરૂણામય સ્નેભાવ તે અમૃત સમાન છે. શ્રી કૃષ્ણચંદ્ર છે તે તો આપ તેમનાં મુખારવિંદની છટા છો ચાંદની રૂપ છો ચાંદની જેમ તાપ નાશક અને મધુરો પ્રકાશ આપે છે તેવા આપનામાં જે ગુણો રહેલા છે કે ભકિતનો પક્ષ કરવાવાળા એવી આપની રરણીનો અનેક છંદો, સ્તોત્રો બનાવી મહાન દેવોએ આપની સ્તુતિ કરી છે એવા આપ જગતનાં પણ વંદનીય છો તેથી આ દીનદાસ વલ્લભ આપની જ શરણે ઉભો છે તેનાં ઉપર કૃપા કરો.

ટીપ–શ્રી યમુનાજી અનેક લીલાના દાની છે ભકતને થોડું ઘણું પ્રાપ્ત થાષ તેથી પ્રસન્નતા જરૂર થાય, પરંતુ તેથી આગળ વધારે પ્રાપ્ત કરવાની તેની મનોભાવનાં તાપ સંતાપ અને દીનતાનો સહારો લઇ આગળ વધતા જાય છે. ૪૦

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

શ્રી હરિરાંય મહાપ્રભુ પ્રકટિંત સહસ્ર શ્લોકી

સેવા ભાવના (હિંદીમાં પદ્ય રચના)

રચયિતા : પ. ભ. રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

(ગતાંકથી ચાલુ)

વેણુનાદ અરુ ગો–હુંકારન । ગોપકુમારન–મુખ–પ્રિય શબ્દન ॥
કે ઉચ્ચારન સહજ સુહાયે । બહુત પાસ હી પરત સુનાવે ॥ ૬૬૬ ॥

તુલ્ય સ્વભાવ વાલિ સખિ સુન્દર । ગોકુલેશ કો ભાવ અધિકતર ॥
અહૈ સખીયે દુખિયન કાહીં । અનંદ દેત અધિક સુખ પાહીં ॥ ૬૬૭ ॥

કામદેવ સોં હુ અધિકાઇ । ગોકુલપતિ કી સુન્દરતાઇ ॥
લીલામૃત તા મુખન ભરાયો । જિતનો તાહિ દેખ મૈ પાયો ॥
સો વન કે ચરિત્ર સખિ સારે । કહિ હોં તો સોં સકલ સમ્હારે ॥ ૬૬૮ ॥

લાજ, વિવેક, ધૈર્ય, સબ ધર્મા । હરણ ભયે તા કો યહ મર્મા ॥

દો. અહો સખી મૈં હો ગઇ, યા સોં ધર્મિં સ્વરૂપ ।
ધર્મા પ્રભુ સોં કહહુ કિમિ, સંગ હોય નહિ ભૂવ ॥ ૬૬૯ ॥

દિન મેં સખિ । હરિ સપને પ્રાણ ન । લૈ જાવત વન, અપને સાથ ન ॥
ઉદય હોં હિં સન્ધ્યા, લૌટાવન । ઐસે હરિ અદ્ભુત રવિ પાવન ॥૬૭૦॥

કૃષ્ણ–ચન્દ્ર હૈં રહિત કલંકા । લૌકિક ચન્દ્ર કલંકિત બંકા ॥
કૃષ્ણ–ચન્દ્ર હૈ ભાવપુર્ણ સખિ । લૌકિક ચંદ્ર અપુર્ણ દેખિયતિ ॥
ઉદય ભયે યહ કરહિ વિલાસા । રાહુ–દયા સો ભરઇ ઉસાસા ॥૬૭૧॥

અદ્ભુત કમલ ગોકુલાધીસા । ભીને હૃદય બસ હિં જગદીસા ॥
પૈ યે નહિં કમલા અધારા । બ્રજ કો સ્વામી સકલ પ્રકારા ॥૬૭૨ ॥

એક બાત સખિ ઇત સમઝન કી । પૂછ હું તો સોં મૈં નિજ મનકી ॥
બ્રજ યુવતિન કૈ મુખ કમલન કે । અમૃતરૂપ અલૌકિક મધુ કૈ ॥
પિયનહાર યે ભમરન આહીં । કે ઇન કહં મદ આયત નાહિં ? ?
દો૦ ઇમિ મદ મત્ત સ્વરૂપ ઇન, ઉપજાવત સન્દેહ ।
અબ યે મિલિ હૈં કૈ નાહિં । ભઇ સમસ્યા એહ ॥૬૭૩॥

અંગુરી રૂપ જડેં જમાયે । જંઘા રૂપી સ્કંધ સુહાયે ॥
હસ્તરૂપી શાખા વિકસાઈ । કુસુમ રૂપ દ્વયનેત્ર દિખાહીં ॥
અધર બિમ્બ ફલરૂપ કહાયે । કલ્પવૃક્ષ સમ હરિ પ્રકટાયેં ॥૬૭૪॥

આધ્યાત્મિકી જુ આધિ દૈવિકી । બિરહાનલીં રૂ આધિભૌતિકી ॥
સબ પ્રકાર કે તાપન કાહીં । ચન્દન સમ શીતલતા લાહીં ॥
ફલ વિષ ભરે નાગ કાલિય કે । તિન પે નચે ધરણુ ધરિ નીકે ॥
તાકોં વિષ રૂપ દોંષ સારો । નિજ ચરનન સોં ઇનને ટારો ॥
તૈસી ચેષ્ટ અજહુ કરાહીં । કૃપા યુકત હરિ વનતે આહિં ॥૬૭૫॥
પ્રાણુનાથ વન માહિં પધારે । ટિકે રહે તઉ પ્રાણુ હમારે ॥
યા મેં સખિ કછુ અચરજ નાહિં । વિરહ દિયો હમ કાહિં અથાહીં ॥૬૭૬॥
હોત વિયોગ અગ્નિ કો રૂપા । અગ્નિ પ્રાણકો મિત્ર અનુપા ॥
તાસોં યા વિરહા કી આગી । પ્રાણુહિં આશ્રય દેત સભાગી ॥
દો. જો ન હોત ઐસો સખિ । તો પુનિ મો હિં બતાહુ ?
નન્દ સુતહિં કરિ વિયોગી કૈસેં પ્રાણુ રૂકાહું ॥૬૭૭॥
યહ સબ દોષ આખ કો જાઈ । જા કહં લે જો હૃદય બસાઇ ॥
જા કો અનુભવ યે અનુમાહીં । તાહિ દેખિબે અતિ અકુલાહીં ॥
અતઃ સખી સુન ઇનકો હોબન । હમ કહં પર્યો ક્લેશ અબભોગન ॥૬૭૦॥
ગોકુલપતિ કે મુખ કમલન કે । દ્વારન સોં નિકસે વચનન કે ॥
શ્રવણુ કરન હિત ઉત્સુક કાના । ઉત્કંઠિત મમ ચિત્ત મહાના ॥૬૭૯॥
યુગલ ભુજન કરિવે આલિંગન । હે ભરપુર ભરે સબ ભાવન ॥
વે પ્રિયતમ કો વહ વક્ષસ્થલ । કમલા કો નિવાસ હે અવિચલ ॥૬૮૦॥
કરત તહાં ચંચલા વિરોધા ! હાથ માયં કિમિ ઇહિ અવરોધા ॥
દો. વિરહ–પ્રચંડ–કિરણુ રવિ, અસ્તા ચલ પે જાહિં ॥
તિમિ બનતેં ગાયેંચરા. પ્રિયનમ બ્રજ મેં આહિં ॥
હૃદય કમલ મેં કૃષ્ણુ–ભ્રમર કો । સંધ્ય હિં પ્રવિશાવે આતુર યોં ॥૬૮૧॥
સખિ ! ભાવસોં વિવશ ભઇ હ્યોં । તા કહં જાવો સખીશ્તે સોં ॥
પહલે તો યહ અતિ હી દુર્લભ । અવનિ ગતિ મો મેં ન રહી અબ ॥
તેં લકડી કી પુતરી દેખી । નચત ડોરિ સંકેત વિસેષી ॥
તિમિ મુરલી–ધુનિ રૂપી ડોરી । સોં મોહિં ખેંચત હૂવે નિજ ઓરી ॥૬૮૨॥
કબહુંક નિજ પરિચિત હુ કાહીં । હે સખિ । પ્રિય પ્રભુ ભૂલ સકાહીં ॥

કાહુ કૌન અચરજ સખિયા મહં । કહિયત "હરિ" હમ સબ પ્રિયતમ કહં ॥
અતઃ શકય, કબહુંક નિજ મનસોં । હુ, હરિ ઇસિ હિરાય જાવત હોં ॥

દો. સ્વયં, ચુરાયે-ચિત્ત સમ, સખી આય હો જાહિં ।
ભુલ જાયં નિજ કહં સ્વયં, કા અચરજ યા માહિં ॥૬૮૩॥

ભક્તિ બીજ સોં ભઇ અંકુરિત । પ્રેમ સલિલ સોં હોં પુનિ સિંચિત ॥
લતા સર્વદા હી હરિયા વે । પે ઇક બાત સમઝ ના આવે ।
બ્રજ પતિ-વિયોગ-અગ્નિ જરાઇ । પ્રેમ-લતા યહ પુષ્ટ હુવાઇ ॥
નિજ પતિ કહં સુખદેવન હારે । ઉપજાવત ગુણ-પુષ્પ સુખારે ॥૬૮૪॥
સબ દુંખ-હર પ્રભુ ફેર આગમન । હે અદભુત હે પ્યારી સખિ સુન ॥
દિવસ-વિયોગ-અનુભવે દિન રી । હોન ન દેત ભાવના છિનકી ॥૬૮૫॥
હે સમાન શીલ સખિ મોરી । અબ લગિ તો ઇનકી ગુણ ડોરી ॥
સોં મમ જીવન રહયો ટિકાયો । અબ કેહિ ભાંતિ ન રહે રુકાયો ॥
યે ગુન ચલે ગુની કે પાસા । સો અબ કહ હું રૂક હિં કે હિ આસા ॥૬૮૬॥
મુખ સોં નિકસત હી વાણી કે । મન તો ચલો ગયો ઢિગ હરિ કે ॥
વિકલ ભઇ મોરી યહ દેહા । હોન ચહત સખિ શીઘ્ર વિદેહા ॥૬૮૭॥

— ક્રમશઃ

આપણે વ્રજયાત્રા વખતે, શ્રી ગિરિરાજજીની ઉપરથી (ગોવર્ધનમાં) પસાર થઈ અપરાધી બનીએ નહી તે માટે દાનઘાટીથી આન્યોરના માર્ગે થઇને જ જ જતિપુરા જવું જોઇએ શ્રી ગિરિરાજના છોટા-બડા કોઈ સ્વરૂપનો અપરાધ ન થાય તેની સાવધાની રાખવી.

॥ શ્રીવલ્લભ ॥

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. **શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

જાતિ જુઓ તો આહિરની, તેમાં અબળા અધમ અવતાર;
એ વેદાદિ નોતી ભણી, નો તો ઉત્તમ કર્મ અધિકાર.
અધિકાર વીણ એક પ્રેમ પ્રતાપ, કર્યા આધિન શ્રી કૃષ્ણજી આપ;
તે ગોપી પદરજ વંદે ઇશ, 'પ્રેમલક્ષણા' તે સહુને શિષ.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ.... (૩૯)

વિવેચન : આ પદમાં કવિશ્રી ઘણુ ઘણું વર્ણન આગળ કર્યું છે છતાં જે મુળ પ્રેમ લક્ષણા ભકિત છે તે ઉપરથી જ વધારે વર્ણવે છે જે સર્વશ્રેષ્ઠ છે. આ ભકિતનાં મુખ્ય પાત્રો તો ગોપીજનો જ છે. સંન્યાસ નિર્ણય ગ્રંથમાં શ્રી મહાપ્રભુજી–

કૌન્ડીન્યો ગોપિકાઃ પ્રોકતા ગુરુવઃ સાધનં ચ તત્ ।

ભાવાર્થ : ભકિતમાર્ગમાં–પુષ્ટિમાર્ગમાં શ્રી ગોપીજનો અને મર્યાદા માર્ગમાં કૌન્ડીન્ય ઋષિ એ ગુરુ છે.

નારી જાતિને અબળા કહી છે વળી ઉતમ કર્મનો અધિકાર નથી તેમ શાસ્ત્રો કહે છે. એક જગા પર નારી જાતિનાં દુષણો પણ બતાવ્યા છે જેમકે–

જડ, જુઠી, નિર્દય, લોભાણી ગંદી, છળ રચનારી રે....
અશૌચ ત્વં નિર્દયત્વં સ્ત્રીણ દોષા ।
સાહસ કરતા નીચ હઠીલી સદા કાળ એ નારી રે....

અબળા રૂઠી જે કરે તે દૈવ જાણ ન હોય, જેવી રીતે પુરુષના ભાગ્ય કયારે શું કરશે તે કોઇ જાણતું નથી તેમજ અબળા રૂઠયા પછી શું નહી કરે તે પણ કોઇ જાણી શકયું નથી.

અહિતં સારસં માયા મુર્ખં ત્વમસિ લોભિતા ।
અશોચત્વં નિર્દયત્વં સ્ત્રીણો દોષા સ્વભાવતઃ ।

નારી જાતિમાં આવા સ્વાભાવિક દોષો બતાવ્યા છે. તેમાં અમુક અશુદ્ધ દોષોને આધારે ઉતમ કર્મ માટે શાસ્ત્રો નકારે છે. પરંતુ અત્રે તો જુદી જ વાત છે.

જાતિ જુઓ તો અહીરની– ભકિતમાં જાતિ કે અધિકાર જોવાતા જ નથી. પ્રેમભાવથી ભકિત કરી વૃજની નારીયો તો શ્રી વૃજચંદ્રને પરમ વલ્લભ કર્યા એટલું જ નહીં વશમાં કરી લીધા તે ભકતોનો અધિકાર બધા શાસ્ત્રોનાં નિયમ તોડી એટલો બધો વધી ગયો કે તે અબળાનાં પગની રજ. બ્રહ્માદી દેવો ઉદ્ધવજી સમાન જ્ઞાની વિગેરે પદરજ લઇ પોતાનાં

મસ્તકે ચડાવે છે. જે પ્રભુનાં દર્શન માત્ર દુર્લભ છે. તે પ્રભુને પ્રેમરૂપી બંધન કરી બાંધી લીધા છે. પ્રભુ તેમને રાજી રાખવા તેમની ઇચ્છા મુજબ તેમની સાથે લીલા કરે છે. કોઇ ગોપી ચાહે છે કે મારી પાસે માગીને નંદનંદન માખણ આરોગે, કોઇ ઘરે પણ ચોરી કરવા આવે, ભાવથી છીંકા ઉપર મહી–માખણ સાથે સુંદર સામગ્રી પણ બનાવી ઢાંકી રાખે છે. ગોપીઓનાં ભાવને આધારે દાણ લીલા, માખણલીલા એવી અનેક પ્રકારની લીલા કરી ભકતોને રીઝવ્યા છે. કોઇ એક ગોપી કહે છે.... કવિતા નીચે મુજબ છે–

ધેનુકે ચરૈયા પ્યારે ભૈયા બલભદ્રજુ કે,
નંદ કે બલૈયા મેરે આંગનમેં આઉ રે.... ધેનુકે૦

દધિ દુધ બહોત પ્યાઉં માખન ઘનસો લ્યાઉં,
લોન મિલી છાસ દુંગી આછીસોં ધુંગાર દે.... ધેનુકે૦

પ્યારે નંદકે કિશોર મેરે ચિતવનકે ચોર,
નેક તો અધર ધર બાંસુરી બજાઉ રે.... ધેનુકે૦

યા મુખકી છબી પર કોટી કામ વારડારો,
દયા સખી પ્રેમવશ હિયમેં સમાઉં રે.... ધેનુકે૦

આ કવિતાની ભાવનામાં ગોપી કહે છે કે નંદજીનાં લાલા ગાયોને ચરાવવાળા, બલરામજીના ભાઇ તમે મારે આંગણીયે પધારો હું તમને મનગમતાં મહી, માખણ દુધ બધું આપીશ, ઉપરાંત લુણ નાખીને વઘારેલી છાશ પણ આપીન. હે પ્યારે ! નંદકિશોર તમે તો મારા ચિતડાના ચોર છો થોડીક વાંસળી તો વગાડોને. આપના અધર ઉપર ધારણ કરેલી મુરલી તો સહુના ચિતને ચોરવાવાળી છે. વાંસળી વગાડતુ આપનું મુખારવિંદ નીરખું છુ એવી મારી મનોભાવના છે કોટી કોટી કામ ન્યોછાવર કરૂં એવું આપનું શ્રી મુખ રૂપ સુંદર માધુરી દર્શન કરી મારા હૃદયમાં સ્થિર કરૂં. પ્રભુ તે ગોપીને ઘેરે પધારે છે તેમની ભાવના પુર્ણ કરે છે. બંસી બજાવે છે નૃત્ય કરે છે.

બની સહજ લુટ પર સહજ ગોપિનકો સ્વપ્નેકુ કમલાન દેખપાવે. જે વસ્તુ કમલા નામ લક્ષ્મીજી સ્વપ્નામાં પણ જોઇ શકતા નથી, તે તો ગોપીજનોને માટે સહજ વસ્તુ બની ગઇ છે. લાલા કન્હૈયાને હાથ પકડીને નચાવે છે જેમ મદારી વાંદરાને નચાવે છે ત્યાં પોતાનું સ્વતંત્રપણુ દાખવતા નથી. કમલા સદા વિષ્ણુની પાસ રહે ચરણદાસી બનીને રહે પરંતુ ગોપીયો તો સર્વાત્મભાવથી સેવે છે. દાસી પણ છે જ. ઉપરાંત પોતાની ઇચ્છા મુજબ નાચ પણ નચાવે છે.

કાત્યાયની વૃત કુમારીકાઓએ કર્યું હતુ. તેઓ પાંચ વરસની હતી તેનાં ભાવના પ્રભુ પણ પાંચ વરસનાં જ હતા. તેનાં વૃતની પુર્ણાહુતી કરી તેમને વરદાન દીધું, શરદપુનમનો રાસ સાથે રમાડીશ.

એક ગોપી કૃષ્ણ દર્શનની લાવસામાં પાગલ બની ગઇ અને નંદબાબાને દરવાજે આવીને બોલવા લાગી- જેનાં માથા ઉપર મટુકી રાખી હતી. કોઇ મોહન લ્યોરી કોઇ માધવ લ્યો. ત્યારે કોઇએ પુછયું કે, દહીં વેચવાવાળી તું મોહન વેંચે છે, બતાવ કયાં છે મોહન ! મટુકી નીચે ઉતારી તો તેની મટુકીમાં મોહનને બેઠેલા જોયાં. જેના શિરપર વાંકડીયા કેશ, ગાલ ઉપર લટકી રહ્યા હતા. મોર ચંદ્રિકા થોડાક વાળનો ગુચ્છો કરી તેમાં ભરાવેલી હતી. સુંદર ગજ મોતીની લર, લટકન, તેમજ બન્ને શ્રીહસ્તમાં બાજુબંધ પહોંચી, કડા, નુપુર, ચરણારવિંદમાં ઝાંઝર, શ્રીહસ્તમાં મુરલી ધારણ કરેલી. આવા અદભુત સ્વરૂપે મટુકીમાં બીરાજેલા જોયા. દર્શન કરવાવાળાઓ ચકિત થઇ દર્શન કરી ગોપીની વાત સાચી માની. આ એક ભકતને રાજી રાખવાની લીલા કરી કે મારો ભકત મને જયાં કહે ત્યાં હું છું તેની ઇચ્છા મુજબ લીલા કરું છું. ગોપીજનો પાસે પોતાનું સ્વતંત્રપણું રાખ્યું નથી.

આ ગોપીઓ અહીર કુળમાં અવતરેલી તેમજ અબળા ઉતમ અધિકાર જેને પ્રાપ્ત ન હતો. શાસ્ત્રોનું જ્ઞાન ધરાવતી ન હતી, તેમની મોટામાં મોટી મુડી, સાધન કેવળ વિશુદ્ધ ભગવત પ્રેમ હતો. તેમનું કર્તવ્ય, જ્ઞાન, બુદ્ધિ, જે કાંઇ કહો તે ઉપરાંત કાંઇ નહીં, જયાં પ્રેમ છે ત્યાં નેમ કામ હેતુ નથી, પ્રેમને વશ પ્રભુ છે.

તબ બોલે વૃજરાજ કુંવર મેં ઋણી તિહારો ।
અપને મન તે દુર કરો અપરાધ હમારો ।

રાસમાં અંતર્ધ્યાન પછી ગોપીજનો વચ્ચે પ્રગટ થઇ દર્શન દીધા. તે વખતે ગોપીજનોની સામે પ્રભુએ હાર માનીને કહેલ છે કે તમારો હું ઋણી છું, તમોએ મારા માટે જે કાંઇ કર્યું છે તે બીજો કોઇ કરી નહી શકે. માટે તમારી ભાવનાને ધન્ય છે. તમારા મનમાંથી મારો અપરાધ દુર કરો, આમ ભકતો પાસે પ્રભુ દીન વચન પણ કહે છે. હાર માને છે. આવા ભકતો તે અબળા નહિં સબળા સર્વ કર્મનો અધિકારી જ છે.

અતંતકાળથી અનંત વિશ્વોને એક ભ્રકુટી માત્રથી નચાવવાવાળા, એવા રસનાયકને શ્રી સ્વામીનીજી નૃત્ય કરતા શીખવાડે છે.

રાસનું પદ (રાગ-પંલવ)

પિયકો નચવત શિખવત નારી ।
વૃંદાવન મેં રાસ રચ્યો હે શરદ રેન ઉજીયારી ।૧।
તાલ મૃદંગ, ઉપંગ, બજાવત અતિ પ્રવિન લલીતારી ।
રૂપ ભરી ગુન છડી લીયે હાથમેં ડરપત લાલ બિહારી ।૨।
બીનાં બેનુ નુપુર ધ્વનિ બાજત ખગ, મૃગ, બુદ્ધિ બિસારી ।
વ્યાસ સ્વામીનીકી છબી નીરખત રીઝ હેત કર તારી ।૩।

” ” ”

વેણુનાદ કરી સમસ્ત જડ, ચેતન, આકાશ, પૃથ્વી, પશુ, પક્ષીઓ સર્વંને મોહીત કરવાવાળાં જેમનાં નાદથી બ્રહ્મા, શિવજી આદિ દેવતાઓ તેમાં મોહીત થઇ વિચારે છે કે આ તો કોઇ નવીન તાન બંધાન મુરલીમાં વાગે છે. સમજવું કઠણ પડે છે કે નવીન તાલ, નવીન રાગ આ કયો હશે ?

આવા પ્રભુ રાસ રસેશ્વરને રાધિકાજી હાથમાં છડી લઇને નૃત્ય કરતાં શીખવાડે છે પ્રભુ સ્વયં નટવર છે. સદા વૃંદાવનમાં બીરાજતાં યુગલ સ્વરૂપની અનંત લીલાઓ છે. જ્યાં નિત્ય રાસવિહાર છે. નિત્ય નુતન ગતિ તાન બંધાનથી નૃત્ય ગાન કરે છે. આવા પ્રભુને નવીન તાન શીખવાડે છે. તે વખતે નૃત્યમાં સહાયક વાજીત્રો શ્રી લલીતા આદિ સખીઓ વગાડે છે. મૃદંગ, ઉપંગ વિગેરેના તાલનાં બોલને જાણકાર તેને આધારે જ હાયભાવ કટાક્ષ ચરણારવિંદનાં ઠેકા ઉઘસી શબ્દ તતથેઇ તતથેઇ.... આમ સાથે ગાન કરી નૃત્યકળાનાં બોલો સાથે નૃત્યકળા શીખડાવી રહ્યા છે અને પ્રભુ શીખી રહયાં છે. છે ને અદ્ભુત લીલા !

પ્રિયાજી જ્યારે નૃત્યકળા શીખડાવી રહયા હતા ત્યારે તેમનાં શ્રીહસ્તમાં છડી ધારણ કરેલી જોઇ શ્રી ઠાકુરજી જાણે ડરથી રહયાં હોય તેમ નૃત્વકળામાં પુરૂં ધ્યાન આપે છે. તે વખતની આપની રૂપ–સ્વરૂપ માધુરી કાંઇક વિચક્ષણરૂપ ધારણ કરે છે. શ્રી સ્વામીજીનું સ્વરૂપ સુંદર જોઇ શ્રી ઠાકુરજી વિચારે છે કે ક્યાંક પ્રિયાજીના રૂપમાં મોહિત થઇને તાલ સ્વરૂપ ચુકાઇ ન જાય, નહીં તો છડી તરત જ ઉગામશે. આવી ભીતી જેમનાં મનમાં રહે છે. આ રસ ઉદ્દીપન સામગ્રીમાં પશુ, પક્ષી, હરણાં બધાં ભાન ભુલી જાય છે. પ્રભુ પણ ભુલે છે. શ્રી સ્વામીનીજી આ બધું જાણી લે છે ત્યારે હાથથી તાળી દઇને બધાંને હોંશમાં લાવે છે. ઉપર મુજબ ભકત નચાવે તેમ પ્રભુ નાચે છે.

રાસ નુંપદ (રાગ–ઇમન)

ગિડ ગિડ તાં તાં તાં ધિતાં ધિતાં મંદીરા બાજે....
તાં ધિલાં ધિલાં ધિધિકિટ ધિધિકિટ થનનનન થુંગ ગિડગિડ થું ગિડગિડ થું ધન ।
પ્રચંડ ગાજે ।૧।

થુંગ થુંગ થુંગ થરથર તનનનનનન થેઇ થેઇ શબ્દ ઉઘટત નટવર નટરાજે ।
કૃષ્ણદાસ પ્રભુ ગિરિધર પ્યારી સંગ નૃત્ય કરે અંગ અંગ કોટી સુલછન
મન્મથન લાજે ।૨।

” ” ” ”

આ પદમાં તાલ, નૃત્યનાં બોલો દીધાં છે તે બોલને આધારે નૃત્ય થાય છે. પ્યારી જુની સાથે નૃત્ય કરતાં પ્રભુ થેઇ થેઇ શબ્દનો ઉચ્ચાર કરે છે. આ નૃત્યકળા જોઇ કરોડો કામદેવ લજ્જિત બને છે.

(રાગ - કાન્હરો)

યહ ગતિ નચાવ નઇ,
વૃંદાવનમેં રાસ વિલાસ સુખ બઢત સઇ.
ભાંતિ ભાંતિ રાગ ગાવત સ્વર અલાપત કેઇ,
ઉરપ તિરપ માન લેત તત તા થેઇ.
શ્યામ સુંદર કરત ક્રીડા પ્રેમ ઘટા છઇ,
કુંભનદાસ પ્રભુ ગિરિધર છીન છીન પ્રિત નઇ.

રાસમાં ભકતોની સાથે સમાન રૂપથી નૃત્યકળા, ગાનકળા, હાવભાવ, કટાક્ષ કરતાં પ્રભુ રાધિકાજીને રીઝવે છે. આવું અદ્દભુત નટનૃત્ય જેમાં તરેહ તરેહની રાગરાગીણી, આલાપ ઉરપ તિરપમાં માન લેતા શ્યામસુંદર પ્રેમને વશને થઇ ક્રીડા કરે છે. તે રસ રાસમાં પ્રતિક્ષણુ નવીન પ્રિત ઉત્પન્ન કરે છે. આ પ્રેમલક્ષણા ભકિત સર્વથી શ્રેષ્ઠ છે.

–માટે જ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૩૯)

આજીવન ગ્રાહકોની યાદી

૬૨૧ શ્રી ગોવિંદભાઇ રવજીભાઈ મકવાણા ધોરાજી
૬૨૨ ,, ઇશ્વરલાલ વૃજલાલ કંસારા જાફરાબાદ
૬૨૩ ., પંકજ રમણલાલ શાહ ભરૂચ
૬૨૪ ,, ગોપાલભાઇ એન. શાહ અંકલેશ્વર
૬૨૫ ,, ઇન્દ્રવદન દિ. શાસ્ત્રી મુંબઇ
૬૨૬ ,, ગોવિંદભાઇ પટેલ રાજકોટ
૬૨૭ ,, કટારીયા જયંતિલા નાથાલાલ ,,
૧૨૮ શ્રીમતી આર. જે. પટેલ લંડન
૬૨૯ ,. નાથજી હાર્ડવેર માર્ટ રાજકોટ
૬૩૦ શ્રી ભગવાનદાસ વલ્લદાસ પોપટ રાજકોટ
૬૩૧ ,, ગોકુલ વૈષ્ણુવ સેવા ટ્રસ્ટ શ્રીમદ ગોકુલ
૬૩૨ ,, વલ્લભદાસ વિઠ્ઠલદાસ મહેતા માટુંગા
૬૩૩ ,, ચંપકલાલ ટી. મહેતા કાંદીવલી
૬૩૪ ,, મહેશચંદ્ર આર. દેસાઈ કલકત્તા
૬૩૫ શ્રીમતી મિનલબેન એસ. ગણાત્રા રાજકોટ
૬૩૬ શ્રી કેશવલાલ જીણાભાઇ પીઠડીયા રાજકોટ
૬૩૭ ., દિનેશા શાઇ મુંબઈ
૬૩૮ શ્રીમતી પ્રફુલ્લાબેન નરેન્દ્રભાઇ ઉનડકટ બોરીવલી
૬૩૯ ,, તૃપ્તિબેન નટવલાલ વોરા ભાવનગર
૬૪૦ શ્રી હસમુખલાલ શિવલાલ શાહ મુંબઇ

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૫ તા. ૮-૮-૯૭ શુક્રવાર નાગપાંચમી, શ્રીનાથજીની ઉર્ધ્વ ભુજા (ડાબીભુજા) ના દર્શન (સં. ૧૪૬૫)

શ્રાવણ સુદ ૭ તા. ૧૦-૮-૯૭ રવિવાર ગો. શ્રી ત્રિલોકી ભુષણજી મહારાજ (કોટા-કડી અમદાવાદ)નો જન્મ દિન.

શ્રાવણ સુદ ૯ તા. ૧૩-૮-૯૭ બુધવાર બગીચા નોમ નિ. લી. ગો. તિકકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજ કૃત સપ્તસ્વરૂપોત્સવ ગો. ચિ. શ્રી પ્રભુજી બાવાશ્રી (કોટા-મુંબઇ જતિપુરાનો જન્મ દિન શ્રી કલ્યાણરાય પ્રભુ (વડોદરાનો) પાટોત્સવ (દશમનો ક્ષય હોવાથી આજે

શ્રાવણ સુદ ૧૧ તા. ૧૪-૮-૯૭ ગુરૂવાર ગો. શ્રી શિશિરકાન્ત બાવાશ્રી (બેંગલોર મદ્રાસ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૧૫-૮-૯૭ શુક્રવાર પવિત્રા (પુત્ર દા) એકાદશી વ્રત. પવિત્રા સવારે શ્રૃંગારમાં ધરવા સ્વાતંત્ર્ય દિન ગો. શ્રી મધુરેશકુમારજી મહારાજ શ્રી (મથુરા-પોરબંદર) નો તથા ગો. ચિ. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ મુંબઇ, બોરીવલી, જામખંભાળી)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૩ તા. ૧૬-૮-૯૭ શનિવાર પવિત્રા બારસ ગુરૂને પવિત્રા ધરાવવા.

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૮-૮-૯૭ સોમવાર રક્ષાબંધન (સવારે શ્રૃંગારમાં) નાળીયેરી પુર્ણિમાં શુકલ યજુર્વેદી, અથર્વ વેદી, હરિણ્ય કેશી, કૃષ્ણ યજુર્વેદી તૈત્તરીય શાખાની. શ્રાવણી આજે, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૨ તા. ૨૦-૮-૯૭ બુધવાર કજજલી ત્રીજ તૃતીયાનો ક્ષય હોવાથી ગો. શ્રી ગોપાલલાજી બાવાશ્રી (કામવન) તથા ગો. શ્રી દાનીરાયજી મહારાજ (મુંબઇ બોરીવલી જામખંભાળીયા-જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૨૪-૮-૯૭ રવિવાર શયનમા છઠ્ઠીનો ઉત્સવ વિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા, ૨૫-૮-૯૭ સોમવાર શ્રી જન્માષ્ટમી વ્રત શ્રી કૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ. ગો. ચિ. શ્રી ગોકુલેશજી (વિરમ ગામ-અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૨૬-૮-૯૭ મંગળવાર, શ્રી નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૨૭-૮-૯૭ બુધવાર, આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

શું ન કરવુ જોઇએ ! -આપણા વખાણ ન સાભળવા (તનાથી અહંકાર વધે છે). બીજાની નિંદા ન સાંભલવી (તેનાથી ધૃણા, દ્વેષ, ક્રોધ અને વેર વિગેરે દોષ આપણા કાનમાં

પેદા થાય છે. બીજાના પાપના સંસ્કાર મન પર જામે છે) પરચર્ચા–ફાલતુ વાતો ન સળભવી (તેનાથી સમય નષ્ટ થાય છે, નિંદા, સ્તુતિને સ્થાન મળે છે, આપણા મોઢામાંથી જુઠા શબ્દો નીકળી શકે છે અને ઘરનું કામ બગડે છે) ઇશ્વર, દેવતા, ગુરુ, સંત અને શાસ્ત્રોની નિંદા ન સાંભળવી. (તેનાથી અશ્રદ્ધા થાય છે. અવિશ્વાસ વધે છે, નાસ્તિકતા આવે છે, પાપ લાગે છે, સાધન બગડે છે) વેશ્યાઓના ગાયન, અશ્લિલ ગીત, શૃંગાર રસની ગંદી કવિતા, ધમાલ, નાટક અને ખેલના ખરાબ ગીત, સ્ત્રી સંબંધી વાતો, ગંદા નાટક, નવલકથા વિગેરે ન સાંભળવા (તેનાથી મનમાં વિકાર થાય છે, બ્રહ્મચર્યનો નાશ થાય છે. મનની ચંચળતા વધે છે, વિલાસિતા આવે છે, ધનનો નાશ થાય છે, વ્યભિચારની સંભવના થઈ જાય છે. ભગવાન ધર્મ દેશ અને જાતિ તથા કુટુંબની સેવાના કાર્યોમાંથી મન હટી જાય છે) આપણા તરફ દ્વેષ રાખનારની ચર્ચા ન સાંભળવી. (તેનાથી વેર વધે છે).

શું કરવું જોઇએ– વ્યવહાર, વર્તનની સારી વાતો સાંભળવી. ભગવાનના નામ–ગુણ અને તેની લીલા કથાઓ સાંભળવી, સત્સંગમાં ભકિત, જ્ઞાન, વૈરાગ્ય, સદાચાર, સદવ્યવહારની વાતો સાંભળવી, પોતાના દોષ અને બીજાના અનુકરણ કરવા યોગ્ય ગુણ સાંભળવા, મહાત્મા પુરુષોના ઉપદેશ સાંભળવા અને સદગુરુ પાસેથી પરમાત્માના ગુઢ તત્વ સાંભળવા વિગેરે. યાદ રાખવું જોઇએ કે વેદાંત અને ભકિતમાં પહેલું સાધન શ્રવણ જ છે. –ક્રમશઃ

શ્રદ્ધાંજલી

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં તેમજ 'શ્રી વલ્લભસુધા' માસીકનાં કાર્યકર પ. ભ. હિમતભાઇ છાપીયા (કલકત્તા) દિનાંક ૩–૭–૯૭ રોજ ગોલોકવાસી થયા છે વૈષ્ણવ પરિષદ શ્રી વલ્લભ સુધા સંપાદક મંડળ તથા શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ સદગત ને શ્રદ્ધાંજલી અર્પણ કરે છે.

વ્રજયાત્રામાં જયાં ત્યાં શૌચ કરી ગંદકી ફેલાવી વ્રજ ભુંમીની રમણીયતા ને દુષીત ન કરવી જોઇએ યાત્રા ધિશના આદેશો નો સંપુર્ણ અમલ કરવો જોઇએ.

આ માસના ઉત્સવ

શ્રાવણ સુદ ૫ તા. ૮-૮-૯૭ શુક્રવાર નાગપાંચમી, શ્રીનાથજીની ઉર્ધ્વ ભુજા (ડાબીભુજા) ના દર્શન (સં. ૧૪૬૫)

શ્રાવણ સુદ ૭ તા. ૧૦-૮-૯૭ રવિવાર ગો. શ્રી ત્રિલોકી ભુષણજી મહારાજ (કોટા-કડી અમદાવાદ)નો જન્મ દિન.

શ્રાવણ સુદ ૯ તા. ૧૩-૮-૯૭ બુધવાર બગીચા નોમ નિ. લી. ગો. તિલકાયત શ્રી ગોવિંદલાલજી મહારાજ કૃત સપ્તસ્વરૂપોત્સવ ગો. ચિ. શ્રી પ્રભુજી બાવાશ્રી (કોટા-મુંબઇ જતિપુરાનો જન્મ દિન શ્રી કલ્યાણરાય પ્રભુ (વડોદરાનો) પાટોત્સવ (દશમનો ક્ષય હોવાથી આજે

શ્રાવણ સુદ ૧૧ તા. ૧૪-૮-૯૭ ગુરૂવાર ગો. શ્રી શિશિરકાન્ત બાવાશ્રી (બેંગલોર મદ્રાસ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૧૫-૮-૯૭ શુકવાર પવિત્રા (પુત્રદા) એકાદશી વ્રત. પવિત્રા સવારે શૃંગારમાં ધરવા સ્વાતંત્ર્ય દિન ગો. શ્રી મધુરેશકુમારજી મહારાજ શ્રી (મથુરા-પોરબંદર) નો તથા ગો. ચિ. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ મુંબઇ, બોરીવલી, જામખંભાણી)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૩ તા. ૧૬-૮-૯૭ શનિવાર પવિત્રા બારસ ગુરૂને પવિત્રા ધરાવવા.

શ્રાવણ સુદ ૧૫ તા. ૧૮-૮-૯૭ સોમવાર રક્ષાબંધન (સવારે શૃંગારમાં) નાળીયેરી પુર્ણિમાં શુકલ યજુર્વેદી, અથર્વ વેદી, હરિણ્ય કેશી, કૃષ્ણ યજુર્વેદી તૈત્તરીય શાખાની. શ્રાવણી આજે, હયગ્રીવ જયંતિ.

શ્રાવણ વદ ૨ તા. ૨૦-૮-૯૭ બુધવાર કજજલી ત્રીજ તૃતીયાનો ક્ષય હોવાથી ગો. શ્રી ગોપાલલાજી બાવાશ્રી (કામવન) તથા ગો. શ્રી દાનીરાયજી મહારાજ (મુંબઇ બોરીવલી જામખંભાળીયા-જુનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૭ તા. ૨૪-૮-૯૭ રવિવાર શયનમા છઠ્ઠીનો ઉત્સવ વિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા, ૨૫-૮-૯૭ સોમવાર શ્રી જન્માષ્ટમી વ્રત શ્રી કૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ. ગો. ચિ. શ્રી ગોકુલેશજી (વિરમ ગામ-અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૨૬-૮-૯૭ મંગળવાર, શ્રી નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૨૭-૮-૯૭ બુધવાર, આજથી અમાસ સુધી બાળલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૨૮-૮-૯૭ ગુરુવાર અજા એકાદશી વ્રત, ગો. શ્રી કન્હૈયાલાલજી બાવાશ્રી (વીરમગામ-અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૨૯-૮-૯૭ શુક્રવાર, શ્રી રણછોડજી (ડાકોર)ના પલના વિજય ગો. ચિ. શ્રી હરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૩ તા. ૩૦-૮-૯૭ શનિવાર, દ્વાપર યુગાદિ તિથિ, ગો. શ્રી રાકેશકુમાર મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૩૧-૮-૯૭ રવિવાર, શ્રી કાકા વલ્લભજીનો ઉત્સવ (સં. ૧૭૦૩) તથા લાલાલહેરી શ્રી ગોપાલજીનો ઉત્સવ (સં, ૧૯૧૦).

ભાદરવા સુદ ૧ તા. ૨-૯-૯૭ મંગળવાર, શ્રી નવનીતલાલજી મહારાજશ્રી (ગોકુળ-કામવન-વીરમગામ)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧ તા. ૩-૯-૯૭ બુધવાર, ચંદ્રદર્શન, રાધાષ્ટમીની વધાઇનો પ્રારંભ, (પહેલી પ્રતિપદાએ મંગળવાર હોવાથી આજે).

ભાદરવા સુદ ૨ તા. ૪-૯-૯૭ ગુરુવાર, સામવેદીની શ્રાવણી આજે.

ભાદરવા સુદ ૩ તા. ૫-૯-૯૭ શુક્રવાર, હરિતાલિકા, હરિયાળી, કેવડાત્રીજ.

ભાદરવા સુદ ૪ તા. ૬-૯-૯૭ શનિવાર, ગણેશ ચતુર્થી (વૈષ્ણવો માટે વ્રત વર્જ્ય). ગો. ચિ. શ્રી રસિક વલ્લભજીનો (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૭-૯-૯૭ રવિવાર, ઋષિ પંચમી, દ્વિતીય સ્વરૂપ શ્રી ચંદ્રાવલીજીનો ઉત્સવ, ગો. ચિ. શ્રી ગોપીનાથ દીક્ષિતજી (મુંબઇ)નો જન્મદિન.

વ્રજવાસીજનો પ્રત્યે વિનય વિવેકનો વ્યવહાર કરવો શકિત ન હોય. તો દાન આદી થઈ શકે તો પણ કોઇને ધુત્કારવા નહી કઠણ વચન ન કહેવા જોઇએ

માનવ-ધર્મ

વૈષ્ણવતા કા ઘર દુર હૈ, મનુષ્ય ધર્મ ભી હોય;
યા પે જો સાંચો ચલે, તા સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફીર વૈષ્ણવતા આય;
વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રી વ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક : **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર : **ડો. ચુનીલાલ રવજી બાલધા**, આંખના સર્જન, રાજકોટ

–ગતાંકથી ચાલુ

તો પછી શું કરવું જોઇએ ? ઇન્દ્રિયોનું તો કામ જ વિષયો ગ્રહણ કરવાનું છે જ્યાં સુધી ઇન્દ્રિયો છે ત્યાં સુધી આ કાર્ય બરાબર ચાલે છે. આંખો રૂપ જ જુએ છે. કાનમાં અવાજ આવે જ છે. નાકથી ગંધ લેવાનું રોકાઇ ન શકે. કયાંય પણ ઉભા રહો કે બેસો કોઇ પણ ચીજનો સ્પર્શ થાય જ છે. કંઇ પણ ખાવ, જીભને સ્વાદની ખબર પડે જ છે. ઇન્દ્રિયોનો નાશ તો થઇ ન શકે. જો હઠથી નાશ કરવામાં આવે તો જીવન વીતાવવામાં ઘણી મુશ્કેલી પડે. એક પણ ઇન્દ્રિયનો અભાવ ઘણો દુઃખદાયી થાય છે. અંધ, બહેરા કે ગુંગા મનુષ્યને કેટલી અડચણ થાય છે તેનું અનુમાન લગાવી શકાય છે.

આનો જવાબ એ છે કે ઇન્દ્રિયોના નાશની જરૂરત નથી. આવશ્યકતા તો તેને જાળવી રાખવાની છે. ઇશ્વરે દયા કરીને ઇન્દ્રિયો આપણા સુખ અને લાભ માટે જ આપણને આપી છે. સંયમપૂર્વક તેનો સદુપયોગ કરવાથી જ યથાર્થ લાભ થઇ શકે છે. એ આપણી જ ભુલ છે કે આપણે વિષયાસકિતથી તેનો દુરુપયોગી કરી વારંવાર કષ્ઠ ઉઠાવીએ છીએ. કઇ ઇન્દ્રિયની શું આવશ્યકતા છે. કેનાથી કયું કાર્ય ન કરવું જોઇએ અને કયું કરવું જોઇએ તે વિષયની જાણકારી માટે થોડો વિચાર કરીએ.

કાન : આવશ્યકતા– કાનથી જ અવાજનું જ્ઞાન થાય છે. બહેરો મનુષ્ય સારી વાતો, મહાત્મા પુરુષોનાં ઉપદેશ અને વ્યવહારની આવશ્યક વાતો ન સાંભળી શકે. તેથી તેની લૌકિક અને પારલૌકિક ઉન્નતિમાં ઘણી મુશ્કેલી આવે છે. ચોર–ડાકુ કે પશુ–પક્ષીનો અવાજ સાંભળી તેનાથી બચવાનું પણ કાન હોવાથી શકય છે.

શું ન કરવું જોઇએ ! –આપણા વખાણ ન સાંભળવા (તેનાથી અહંકાર વધે છે). બીજાની નિંદા ન સાંભલવી (તેનાથી ધૃણા, દ્વેષ, ક્રોધ અને વેર વિગેરે દોષ આપણા કાનમાં

પેદા થાય છે. બીજાના પાપના સંસ્કાર મન પર જામે છે) પરચર્ચા-ફાલતુ વાતો ન સળભવી (તેનાથી સમય નષ્ટ થાય છે, નિંદા, સ્તુતિને સ્થાન મળે છે, આપણા મોઢામાંથી જુઠા શબ્દો નીકળી શકે છે અને ઘરનું કામ બગડે છે) ઇશ્વર, દેવતા, ગુરુ, સંત અને શાસ્ત્રોની નિંદા ન સાંભળવી. (તેનાથી અશ્રદ્ધા થાય છે. અવિશ્વાસ વધે છે, નાસ્તિકતા આવે છે, પાપ લાગે છે, સાધન બગડે છે) વેશ્યાઓના ગાયન, અશ્લિલ ગીત, શૃંગાર રસની ગંદી કવિતા, ધમાલ, નાટક અને ખેલના ખરાબ ગીત, સ્ત્રી સંબંધી વાતો, ગંદા નાટક, નવલકથા વિગેરે ન સાંભળવા (તેનાથી મનમાં વિકાર થાય છે, બ્રહ્મચર્યનો નાશ થાય છે. મનની ચંચળતા વધે છે, વિલાસિતા આવે છે, ધનનો નાશ થાય છે, વ્યભિચારની સંભવના થઈ જાય છે. ભગવાન ધર્મ દેશ અને જાતિ તથા કુટુંબની સેવાના કાર્યોમાંથી મન હટી જાય છે) આપણા તરફ દ્વેષ રાખનારની ચર્ચા ન સાંભળવી. (તેનાથી વેર વધે છે).

શું કરવું જોઇએ- વ્યવહાર, વર્તનની સારી વાતો સાંભળવી. ભગવાનના નામ-ગુણ અને તેની લીલા કથાઓ સાંભળવી, સત્સંગમાં ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય, સદાચાર, સદવ્યવહારની વાતો સાંભળવી, પોતાના દોષ અને બીજાના અનુકરણ કરવા યોગ્ય ગુણ સાંભળવા, મહાત્મા પુરુષોના ઉપદેશ સાંભળવા અને સદગુરુ પાસેથી પરમાત્માના ગુઢ તત્વ સાંભળવા વિગેરે. યાદ રાખવું જોઇએ કે વેદાંત અને ભક્તિમાં પહેલું સાધન શ્રવણ જ છે. -ક્રમશઃ

શ્રદ્ધાંજલી

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનાં તેમજ 'શ્રી વલ્લભસુધા' માસીકનાં કાર્યકર પ. ભ. હિમતભાઇ છાપીયા (કલકત્તા) દિનાંક ૩-૭-૯૭ રોજ ગોલોકવાસી થયા છે વૈષ્ણવ પરિષદ શ્રી વલ્લભ સુધા સંપાદક મંડળ તથા શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ સદગત ને શ્રદ્ધાંજલી અર્પણ કરે છે.

વ્રજયાત્રામાં જ્યાં ત્યાં શૌચ કરી ગંદકી ફેલાવી વ્રજ ભુંમીની રમણીયતા ને દુષીત ન કરવી જોઇએ યાત્રા ધિશના આદેશો નો સંપુર્ણ અમલ કરવો જોઇએ.

કંઠાભરણમ્

મન

મન એવ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયો ।
બન્ધનં વિષયાસકતં મુકત્યૈ નિર્વિષયં મનઃ ॥

મન જ મનુષ્યોનાં બંધન અને મોક્ષનું કારણ છે, વિષય–પદાર્થોમાં આસકત મનનું નામ બંધન વિષય–કામનાથી રહિત મન જ મોક્ષ અપાવે છે.

લયવિક્ષેપ રહિતં મનઃ કુર્યાત્ સુનિશ્ચલમ્ ।
એતજ્જ્ઞાનં ચ મોક્ષશ્ચ શેષાસ્તુ ગ્રન્થ વિસ્તરાઃ ॥

મનને બરોબર સ્થિર કરવું, લય અને વિક્ષેપથી મનને રહિત કરવું– આ જ જ્ઞાન છે, મોક્ષ છે. બીજું બધું તો ગ્રંથોનો વિસ્તારમાત્ર છે–

એક એવ મનો દેવો જ્ઞેયઃ સર્વાર્થ સિદ્ધિદઃ ।
અન્યત્ર વિફલાઃ કલેશાઃ સર્વેષાં તજ્જયં વિના ।
વિદ્યમાનં મનો યાવત્ તાવદ દુઃખક્ષયઃ કુતઃ ॥

મનરૂપી એક જ દેવ સર્વ અર્થો અને સિદ્ધિઓને આપનાર છે એમ સમજવું, તેના પર વિજય મેળવ્યા વિના કરાતાં કાર્યો કલેશરૂપ છે. જ્યાં સુધી મન (વાસના ભર્યું) છે, ત્યાં સુધી દુઃખનો નાશ કેવી રીતે થાય ?

અસંશયં મહાબાવો મનો દુર્નિગ્રહં ચલમ્ ।
અભ્યાસેન તુ કૌન્તેય વૈરાગ્યેણ ચ ગૃહ્યતે ॥

હે મહાબાહુ (અર્જુન) ! એ સંશય રહિત વાત છે કે મન ચંચલ છે અને તેનો નિગ્રહ કરવો કઠિન છે, છતાં હે કુંતીપુત્ર અર્જુન ! અભ્યાસ અને વૈરાગ્ય વડે તેનો નિગહ કરી શકાય છે.

[‘કંઠાભરણમ્’ કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

મહેસાણા : અતિવૃષ્ટિને કારણે જેની ઘરવખરી નાશ પામી છે પશુધન મૂત પામેલ છે. ખેતરોમા પણ નાશ પામેલ છે તેથી પુરગ્રસ્ત વિસ્તાર મહેસાણા સિદ્ધપુર, પાટણ આ વૈષ્ણવ પરિષદના અગ્રણીઓ શ્રી ચીમનભાઈ શેઠ– પ્રહલાદભાઈ ખમાર. ગોપાલભાઈ શાહ તથા કાન્તીભાઈ પરીખ જાત મુલાકાતે ગયેલ અને જેઓએ સંપુર્ણ ગુમાવ્યુ છે તેમજ કોઈ પાસે હાથ લાંબો કરતા નથી તેવા પરીવારોને ૨૦ કિલો ઘઉ ૨ કીલો ચોખા ૧ કિલો દાળ ૧ કિલો ગોળ ૫૦૦ ગ્રામ ઘી જેવી જરૂરીયાતની તસ્તુઓની કીટ પુજય ગોસ્વામી બાળકોના હસ્તે વિતરણ કરવાનો નિર્ણય લીધેલ છે મદદરુપ થવા ઈચ્છનારે કેન્દ્રીય મંત્રી ચીમનભાઈ શેઠ વડોદરાનો સંપર્ક કરવો.

॥ શ્રીકૃષ્ણ: શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા : શ્રી પ્રવિણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ. (સીવીલ) બીરપુર

૨૭. વચ્છવનલીલા (શ્રી બ્રહ્માજી માન મર્દન લીલા)

(રાગ – રૂડે ગરબે રમે છે દેવી અંબિકા રે....)

વચ્છવનની છે લીલા અતિ ન્યારી રે, બ્રહ્માજીને કરાવ્યું છે ભાન રે,
ચાલો સખી શ્યામ નિરખવા જઇએ રે.... ટેક૦

પ્રભુ છાક આરોગે છે વન માહીં રે;
ગૈયા ચારીને ગ્વાલ-બાલ સાથ રે.... ચાલો૦ ૧

મધુ – મંગલનું મુખ, પ્રભુ ચાટતા રે;
ખાટી આરોગી રહ્યા છે છાશ રે.... ચાલો૦ ૨

બ્રહ્મા શંકા કરે છે લીલા બ્રહ્મની રે;
લેવા પરીક્ષા કર્યો વિચાર રે.... ચાલો૦ ૩

ગૈયા, વચ્છ, બ્રહ્મલોકે ઉઠાવી ગયા રે;
પછી હરિયા સખા સંગાથ રે.... ચાલો૦ ૪

એક વરસ સુધી ગોંધી રાખીઆ રે;
જોવા નીકળ્યા છે ગોકુલ ગામ રે.... ચાલો૦ ૫

ગૈયા વચ્છ વળી સખા સંગી રે;
જોયાં સઘળાં છે એનાં એ જ રે.... ચાલો૦ ૬

સાચા નકલીના ભેદ નહીં પામીઆ રે:
લીલા નીરખીને બ્રહ્મા મુંઝાય રે.... ચાલો૦ ૭

શિર ચરણે ઝુકાવી બ્રહ્મા આવીયા રે;
'ચરનદાસ' ગાયે છોડી અભિમાન.... ચાલો૦ ૮

જામનગર : શ્રી વ્રજ વલ્લભ સ્પેશ્યલ ગ્રુપનાં જામનગરનાં ઉપક્રમે ધોરણ ૧થી૧૨નાં ઉતીર્ણ થનાર વૈષ્ણવ બાળકોમાં ૧થી૩નો ક્રમ લાવનાર બાળકોને પ્રોત્સાહીત કરી ઈનામ વિતરણ કરવાનો કાર્યક્રમ પુ. પા. ગો, શ્રી હરીરાયજી મહારાજ (જામનગર)ના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવેલ જેમાં ધોરણ ત્રીજામાં ૯૭ ટકા માર્ક લાવનાર પટેલ મૌલીક રસીકભાઈ તથા એસ.એસ.સી.માં જામનગર સેન્ટરવાં દ્વિતીય નંબર લાવનાર પોપટ મલયકુમાર અરવીંદભાઇ વિશેષ પુરસ્કાર આવી બહુમાન કરવામાં આવેલ પુ. ગો. શ્રી વલ્લભ બાવા શ્રી તથા પુજ્ય ગો. શ્રી મુગટબાવાએ પ્રાસંગીક પ્રવચનો કરેલ.

॥ શ્રી વલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદ્દીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૫૩. ભકિત થવી પ્રભુને આધીન છે.

નારદજીએ બ્રહ્માને પુછયું કે– જગતના કર્તા કોણ ? જગત તો એમ કહે છે કે આ જગતના કર્તા બ્રહ્માજી છે, ત્યારે તમે છો ?

ત્યારે બ્રહ્માજી કહે છે કે આ અમે કર્તા નથી. આ જીવની જેટલી પ્રકૃતિ છે, તે પ્રમાણે છે. તે પ્રકૃતિ કાળના હાથમાં છે. જુઓ આ જીવ વર્ષ પચીસનો થયો ત્યાં સુધી તો ભુખે મુઓ, ને પછી લક્ષાધિપતિ થાય છે, એ કોણ કરે છે ? એ કાળ કરે છે. જે વેળા જેનો કાળ આવશે, તે વેળા તે થયા કરશે. તે કાળરૂપી મહામાયા પ્રભુની દાસી છે, તેને જેમ નચાવે તેમ તે નાચે છે.

આ જગતમાં જેટલાં જીવ છે, એ પ્રકૃતિને આધીન છે, જેવી પ્રકૃતિ તેવો અવતાર પામે છે ને વળી પામશે. જે ભગવાન ભજવાનો ને સેવવાનો લાભ તે તો પ્રકૃતિના હાથમાં એ નહિ, તે તો પ્રભુના હાથમાં છે. જેટલું પોતાને દાન કરવું હોય તેટલું કરે, માટે પ્રભુની ભકિત વિના કંઇ છે નહિ. હરખ પણ ન કરશો, ને શોક પણ ન કરશો, જે વેળા પ્રભુને જે કરવું હશે તે થશે.

૫૪. જીવ નિમિત્ત છે, કર્તા તો પ્રભુ જ છે.

વળી, બ્રહ્માજી નારદને કહે છે કે– અમે તો ચિતારા છીએ, આ પુતળાં તો એમણે ઘડી મોકલ્યા છે. પ્રભુના આલેખનમાં અમે નાના પ્રકારનાં રંગ ભર્યા છે તે ગમે ત્યાં સુધી પુતળા પ્રભુના ઉદરમાંથી થયાં, જ્યાં સુધી રમવાની ઇચ્છા હોય ત્યાં સુધી તેમને રાખે, ને ના ગમે ત્યારે સંહાર કરે.

અમે ને આ ચૌદ લોક સર્વે એ પ્રભુના હાથમાં છીએ. જેમ નચાવે તેમ નાચે. ભગવાન વિના કંઇ છે નહિ, માટે ભગવાનને ભજવા ને સેવવા.

રાજકોટ – નિ. લી. સંગીત કલાધર પુ. પા. ગો, શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રીના એકસોને એકવીસમા જન્મ મહોત્સવ નિમિતે ગો. શ્રી રસીકરાંયજી મહારાજશ્રીનું (શાસ્ત્રીય) હર્મોનીયમ વાદન, શ્રી નિતાઈ ચક્રવર્તીની તબલા સંગીતમાં તા. ૧૫–૭–૯૭ મંગળવારે જશુબાઇ મંડાણમાં સંપન્ન થયું. જેમાં શાસ્ત્રીય સંગીતના ચાહકો શ્રવણપાન કરવા વિશાળ સંખ્યામાં એકત્રિત થયા હતા.

આ આયોજન શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમીતી દ્વારા થયું હતું.. કાર્યક્રમનું સંચાલન સુપ્રસિદ્ધ ગાયક શ્રી હરિકાન્તભાઈ સેવક દ્વારા સુચારુરૂપેણ થયું હતું.

સમાચાર

ગ્રંથ વિમોચન સમારોહ

રાજકોટ – ધમ્બોલા (રાજસ્થાન) નિવાસી શાસ્ત્રીજી ગણપતરામભાઈ સાંકળેશ્વર રચિત અને આં. રા, પુ. વૈ. પરિષદ ધોરાજી શાખા દ્વારા પ્રકાશિત **શ્રી વલ્લભાયન માધુર્ય કાવ્ય’’** ગ્રંથ વિમોચન સમારોહનો કાર્યક્રમ તા. ૬–૭–૯૭ના રોજ પુ. પા. ગો. શ્રી દામોદરલાલજી મહારાજ શ્રી (કચ્છ માંડવી–રાજકોટ)ના વરદ કરકમલો દ્વારા જશુબાઈ મંડાણમાં યોજવામાં આવ્યો હતો.

પ્રારંભમાં શાસ્ત્રીજી રતિલાલભાઈએ મંગલાચરણ કરી ગ્રંથ રચયિતાનો તથા ગ્રંથનો ટુંકો પરિચય આપ્યો. ત્યારબાદ ગ્રંથ રચયિતા શ્રી ગણપતરામભાઈ શાસ્ત્રીજીએ શ્રીમદ વલ્લભાચાર્યજીના જીવન ચરિત્રોના પ્રસંગોની કાવ્યમય છંદ–ચોપાઈ–દોહામાં પ્રમાણેના આધારે ગ્રંથમાં રજુ કરવામાં આવ્યા છે અને જેની કથાઓ ભારતભરમાં ૪૫૦ ઉપરાંત કરી ચુકયા છે વગેરે માહિતી વિસ્તારપુર્વક સમજાવ્યા બાદ પરિષદની ધોરાજી શાખાના ઉપસચિવ શ્રી જાદવભાઈ વઘાસીયાએ પ્રાસંગીક પ્રવચનમાં કહેલ કે શુભ પ્રસંગોએ સગા સંબંધીઓને ભેટો આપવાની પ્રથા છે તે સાથે સંપ્રદાયના આવા અમુલ્ય સાહીત્ય ગ્રંથ રુપેના અમર વારસાની ભેટ આપવાની પ્રથા અપનાવવી જોઈએ.’

જેમ શ્રીમદ ભાગવત શ્રીનાથજી બાવાનું વાહનગય સ્વરુપ છે. તે ગ્રંથને શુશોભિત પાટ ઉપર પધરાવી પુજય મહારાજશ્રીના વરદ હસ્તે કેસરી ધોતી ઉપરણા ધરાવી, ભોગ ધરાવી વેદોકત મંત્રોચાર અને બિરદાવલી સાથે આરતિ કરવામાં આવી હતી તે સમયે વધાઈ કીર્તન સાથે વૈષ્ણવજન સમુહે પુષ્પ વૃષ્ટિ કરી હતી.

આ પ્રસંગે સમીતી તરફથી ગ્રંથ રચયિતા શાસ્ત્રીજીને રુ. ૫૦૦૧ તથા ધોતી–ઉપરણા–શાલથી પુજય મહારાજશ્રીના વરદ હસ્તથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

છેલ્લે ગ્રંથના સંપાદક શ્રી રવજીભાઈ પટેલે માનનીય શાસ્ત્રીજીએ આ ગ્રંથ ગુજરાતી લિપિમાં પ્રકાશીત કરવાનો અધીકાર આપવા બદલ તથા ગ્રંથ પ્રકાશનમાં તન, મન અને ધનથી સહાય કરનાર તમામનો હાર્દિક આભાર–આનંદ વ્યકત કરેલ.

આ સમારંભમાં હાજર રહેલ સહાયકો તથા આગોતરા ગ્રાહકોને પુજય મહારાજશ્રી વરદ હસ્તે ગ્રંથનુ વિતરણ કરવામાં આવેલ હતું.

આ સમારંભમાં પરિષદની ધોરાજી શાખાના હોદેદારો તથા પ્રકાશન સમીતીના સદસ્યો શ્રી છગનભાઈ માવાણી, શ્રી દેવરાજભાઈ અંટાળા. શ્રી અરજણભાઈ વૈષ્ણવ, શ્રી જાદવભાઈ વઘાસીયા શ્રી જયંતિભાઈ પડીયા, શ્રી મનસુખભાઈ સોની, શ્રી વલ્લભભાઈ છાટબાર, શ્રી ડાયાભાઈ ડેલાવાળા. શ્રી વસંતભાઈ વોરા. શ્રી ગોકુલભાઈ સોની, શ્રી ગોરધનભાઈ ગજેરા, શ્રી સનસુખભાઈ સખીયા. શ્રી કેશુભાઈ પટેલ વગેરે ઉપરાંત સ્થાનિક વૈષણવોની સારી સંખ્યાની ઉપસ્થિતિમાં હર્ષોલ્લાસથી ગ્રંથ વિમોચનનો કાર્યક્રમ “દઢ ઈન ચરણન કેરો ભરોસો‘ પદમાન સાથે શ્રી વલ્લભાધીશના જય ઘોષ સાથે પુર્ણ થયો હતો.

નોંધ : “શ્રી વલ્લભાયન માધુર્ય કાવ્ય‘(કાવ્ય” ગ્રંથ બહારગામથી મગાવનાર વૈષણવે ન્યોછાવર રૂા. ૨૦૦/– બસો તથા રજી. પોસ્ટેજનો રૂા. ૩૭/– સાડત્રીસ મળી કુલ રૂા. ૨૩૭/– બસો સાડત્રીશ મ. ઓ. થી પુરા નામ સરનામા સાથે મોકલવાનુ સ્થળ

રવજી ૫. પટેલ
“અમૃત” જેલારામ–૧. માર્ગ–૩
યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫

(બીજા ટાઈટથી ચાલુ)

૧૭. ગો. શ્રી અજયકુમારજી (મદ્રાસ) ૧૮. ગો. શ્રી રસિકરાયજી (પોરબંદર) ૧૯. ગો. શ્રી હરિરાયજી (જામનગર) ૨૦. ગો. શ્રી ચંદ્રગોપાલલાલજી (વડોદરા) ૨૧. ગો. શ્રી રાજેશબાવાશ્રી (કડી)

વામન ટ્રસ્ટ હજારો દવાખાનાહોસ્પીટલો કે કોલેજો કરે તેની સામે અમારો કે કોઈનો કોઈ વિરોધ ન હોઈ શકે પણ ટસ્ટનો પ્રથમ અને મુખ્ય ઉદેશ બંધારણતી કલમ ૧માં જણાવ્યા પ્રમાણે શ્રી મહાપ્રભુજીના સિદ્ધાંતોનો પ્રચાર કરવાનો (પોતાને મનગમતા સમજ્યા વિનાના અર્થઘટને કરવાનો) તથા આચાર્ય વર્ગ વિરોધી વૈષ્ણવોનું સંગઠન કરવાનો તથા તેમના બદઈરાદામાં સહયોગ કરે તેવી વલ્લભ સૈના જેવી સેના તૈયાર કરી પોતે સેનાપતિ બનવાનો અને આવી રીતે સામ્પ્રદાયિક વિરોધી પ્રચારની પોતાને મનગમતી તમામ પ્રર્વતિ કરવાનો છે.

વામન ટ્રસ્ટ ૨૫૦ કરોડના વહીવટની ખવાઈસ ધરાવનાર ફક્ત ત્રણ જ સભ્યોનું (હું બાવોને ને મંગળદાસની જેમ) જેના સર્વોપરિ પોતે અને ધાર્મિક અર્થઘટન કરવામાં પણ અબાધિત સતાઓ તથા સર્વોપરિપણું પોતે જ ધરાવે છે. જી.બી. શાહના અગાઉ ઉપર લખ્યા મુજબના પુષ્ટિમાર્ગીય વિરોધી કાર્યો અગણીત અને જગ જાહેર છે. હવે ભોળી વૈષ્ણવ જનતા શ્રી વલ્લભના નામે છેતરાઈને નાણાં આપશે તો તેનો મોટા ભાગનો ઉપયોગ પુષ્ટિમાર્ગ વિરોધી અને સંપ્રદાયની ઘોર ખોદવા માટે જ થશે તે નિર્વિવાદ છે તેથી ભારત તથા અમેરીકામાં વસનાર દરેક વૈષ્ણવો પોનાના સગા સ્નેહીને આ વાતથી માહિતગાર કરે અને આ પ્રવૃતિ ડામી દેવામાં સહકાર આપે. વામન ટસ્ટ દ્વારા શ્રી વલ્લભના સિદ્ધાંતોનો વિકૃત પ્રચાર જ્યાંથી પણ થશે તેની સામે અને તે સ્થળ, કાર્યકર્તાઓ સામે સમગ્ર વૈષ્ણવ સમાજનો બુલંદ પ્રકોપ ફાટી નીકળશે તે સૌ સંબંધકર્તાએ સમજી લેવું જોઈએ.

વામન ટસ્ટ પોતાના બંધારણની ઉદેશની કલમ ૧ જે ધાર્મીક-સામ્પ્રદાયીક પ્રચારની છે તે દુર કરે અથવા સિદ્ધાંતોના વિષયોના અર્થઘટન માટે વલ્લભ વંશરાજના તિલકાયતશ્રીનું ધાર્મિક વડપણ સ્વિકારે નહીં તો તેઓ મન ફાવે તેવા અર્થઘન કરી પુષ્ટિ માર્ગ વિરોધી કાર્યો કરશે તેવી ૧૦૦ ટકા દેહશત છે.

નંદકુમાર ગાંધી

પ્રકાશન : શ્રી વલ્લભ સિદ્ધાંત સંરક્ષણ સમિતિ,

સમાચાર સંચય

વડોહરા : આં ર. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ ની. લી. પુ. ગો. શ્રી કૃષ્ણાવતી વહુજી મેમોરીયલ ટ્રસ્ટ (વડોદરા) શ્રી વલ્લભ વિશ્વધર્મ સંસ્થા, શ્રી વલ્લભ સદન (અમદાવાદ) તથા પુજ્ય ગો. શ્રી ઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતી મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટ (વડોદરા) ના સંયુકત ઉપક્રમે વડોદરા મુકામે શ્રી વ્રજધામ આધ્યાત્મિક કેન્દ્રમાં તા. ૧૩-૧-૯૭ ના રોજ વકતૃત્વસ્પર્ધાની અંતિમ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેના વય જુથ-૧ માં પ્રથમ સચી રાજેન્દ્રકુમાર મહેતા (ગોધરા) દ્વિતિય શ્રી નલીનકુમાર શંભુપ્રસાદ શાસ્ત્રી (દાહોદ) તૃતિય હિમાનિલેશચંદ્ર શાહ (વડોદરા) તેમજ વય જુન ૨ પ્રથમ પટેલ જીજ્ઞેશકુમાર (કોડીયા કે.વે.ની) દ્વિતીય બુટાલા મીહીર વી. (ગોત્રી વડોદરા), તૃતીય શાહ વિશાલ દિનેશચંદ્ર (ડભોઈ) અને પટેલ હિરક હસમુખલાલ (સુરત) તથા વયે જુથ ૩ ના પ્રથમ શ્રીમતિ કોકિલાબેન સી. શાહ (સુલતાનપુરા) દ્વિતીય શ્રી તરૂણકુમાર ચંદ્રકાન્ત પરીખ (વડોદરા) તૃતિય દેવાંગી શંશીકાંત ધારેયા (સુરત) આ ઉપરાંત પ્રભાવિત થયેલા નિર્ણાયકોએ ત્રણેય જુથમાં અન્ય ત્રણ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપી વિજેતાઓ જ બહુમાન કરેલ નિર્ણાયક તરીકે પ્રોફે. ભગવત પ્રસાદ પંડયા, પ્રિ. વી. શાહ તથા પ્રોફે દેવદત જોશીના વરદ હસ્તે શિલ્ડ એનાયત કરવામાં આવેલ હેમતભાઈ શાહ, સી. પી તલાટી, વી. પી. પારેખ તથા ચીમનભાઈ શેઠે કાર્યક્રમ તે સફળ બનાવવા જહેમત ઉઠાવેલ.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third. date of Every Month. **Regd.No.G/RJ.212–L.P.W.P43**

સિદ્ધાન્ત રહસ્યનું ધોળ

પુષ્ટિમાર્ગ સિદ્ધાંતની, સાંભળ કહું એક વાત;
શ્રાવણ સુદ એકાદશી, વચન કહ્યાં જે રાત. ૧

શ્રીમદ્ વલ્લભને મન ઇચ્છા ઉપની એહ;
આજ્ઞા બ્રહ્મ સંબંધની પ્રભુજીએ કીધી તેહ. ૨

પોતાના જન જાણીને, ચિંતા ધરી મન માંહ્ય;
આતુરતા દીઠી ઘણી, શ્રીજી પધાર્યા ત્યાંહ. ૩

શ્રી પુર્ણ પુરૂષોત્તમ તમે છો, જીવ છે દોષ સહિત;
તે ઉદ્ધારણ કારણે, પ્રભુજી ધરજો ચિત્ત. ૪

ત્યારે શ્રીજી એમ બોલીયા, સાંભળો વલ્લભરાય;
નામ સમર્પણ જે કરે, તેનાં પ્રાયશ્ચિત જાય. ૫

જીવજાત હોય જે કોઇ આવે તમારે શરણ;
તે ઉપર કરૂણા કરી રાખીશ મારે ચરણ. ૬

પવિત્રું કરી સુત્રનું, પહેરાવ્યું જગદીશ;
કેસરી રંગે રંગીયું, તાર ત્રણસોને ત્રણવીસ. ૭

મીશ્રી ભોગ ધરાવીને વસ્ત્ર પહેરાવ્યા તેણીવાર;
કોર છેડા કર્યા કેસરી, ધોતી ઉપરણા સાર. ૮

સેવક જન સુખ કારણે શ્રીજીએ કીધો શ્રમ;
નામ સમર્પણ આપીને રાખ્યો વૈષ્ણવ ધર્મ. ૯

શ્રી ગિરિધારીજી મંદીરે પધાર્યા, એ સુખ કહ્યાં નવ જાય;
હરિદાસ 'શોભા' જોઇને, આનંદ મંગળ ગાય. ૧૦

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ–૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ–૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૩૬૨૧૩૬

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"વળી એક દિવસે કહ્યું કે જે આજગત માત્ર પ્રભુની લીલા છે માટે આ જગત પ્રભુની લીલા જાણે તેનું નામ ભગવદિય માટે મોટા ભગવદિય છે તે તો આ જગત પ્રભુની લીલા માને છે, શ્રી શુકદેવજી તથા નારદજી આદી લઇને જગતને લીલા જુએ છે તેઓ તો સર્વે આ જગતમાં ભગવાનને જુએ છે. શ્રી ભગવાને રાસઆદી લીલા કરી તેને ભગવદિયે તો ભગવાનની લીલા જાણી પણ શીશુપાલ આદિક જે અસુર હતા તેણે કહયું કે કૃષ્ણ તો કામી છે, અને ભગવદિ ભગવાનની લીલા ગાય છે. અને આપણને તો લૌકિક દષ્ટિથી વિપરીત લાગે છે પણ પ્રભુની તો સર્વે લીલા છે તે કોની પેઠે તેનું દૃષ્ટાન્તઃ- જે લૌકિકમાં કોઇનો વિવાહ થાય છે ત્યારે વેવાઇને ફટાણા મા ગાળો દે છે, હાંસી-મશ્કરી કરે છે તે સર્વે મીઠી લાગે છે. પણ તે કાંઇ ગાળો મીઠી નથી લાગતી તેનો સ્નેહ મીઠો લાગેછે. પણ જો કોઇ દ્વેષથી ગાળો દે તો ક્રોધ ઉપજે છે તેમ પ્રભુની તો સર્વે લીલા છે પણ તે લીલામાં જે સ્નેહ રાખે તેનું નામ ભગવદીય અને જેને દ્વેષ આવે છે તેને આસુરી જાણવા પ્રભુની તો એ બેઉ લીલા છે એમ જાણે ત્યારે પ્રભુ પ્રસન્ન થાય.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમદ્દજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૨૬

● આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ●

વર્ષ ૧૬ : અંક-૬ ● સપ્ટેમ્બર, ૧૯૯૭

શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ● આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

શ્રી વલ્લભસુધાના સર્વે સભ્યોને અમૂલ્ય ભેટ પુસ્તકનો લાભ

પૂ. પા. ગો. શ્રી ત્રિલોકીભૂષણજી મહારાજ (કોટા-કલકત્તા)એ આજ્ઞા કરેલ છે કે લગભગ ૯૦ વર્ષ પુર્વે છપાયેલું અને લાંબા સમયથી અપ્રાપ્ય પુસ્તક શ્રીમદ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર' પુનઃ પ્રકાશિત કરી શ્રી વલ્લભસુધાના સભ્યોને ભેટ આપવું. આ અત્યંત પ્રામાણિક રીતે લખાયેલ પુસ્તકના લેખક પ. ભ. શ્રી લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ જેઓ નિવૃત્ત ન્યાયાધીશ હતા. તેમણે અનેક આધારભુત ગ્રંથોના પ્રમાણથી ઐતિહાસિક સંશોધન કરી વિગતવાર આલેખેલ શ્રી મહાપ્રભુજીનું જીવનચરિત્ર જે મોટી સાઇઝ (૧૯×૨૫ સે.મી.)ના ૨૫૦થી ૩૦૦ પૃષ્ઠનું થશે. રૂા. ૧૦૦ની ન્યોછાવરનું અત્યંત મહત્વપુર્ણ પુસ્તક "શ્રી વલ્લભસુધા" ના સર્વે સામાન્ય તથા આજીવન સભ્યોને ભેટ અપાશે. આ સુવર્ણ અવસરનો લાભ લેવા શ્રી વલ્લભ સુધાના સભ્ય બનવા આપના સ્નેહી વૈષ્ણવોને પ્રેરિત કરો. હવે માત્ર થોડાજ નવા સભ્યો બનાવવાના છે. વહેલો તે પહેલો ધોરણે આજે જ આજીવન રૂા. ૫૦૧/- અથવા વાર્ષિક રૂા. ૪૦/- મોકલી તુરંત શ્રી વલ્લભ સુધા માસિક અને અમુલ્ય ભેટ પુસ્તકનો લાભ મેળવો. બહારગામથી લવાજમ મોકલનારે મ. ઓ. અથવા ડ્રાફ્ટ મોકલવો. ડ્રાફ્ટ "શ્રી વલ્લભ વિજ્ઞાન, શ્રીવલ્લભસુધા કાર્યાલય" કંસારા મહાજન વાડી, લોહાણાપરા, રાજકોટ-૩૬૦૦૦૧ એ નામે લખવો.

પુષ્ટિમાર્ગીય પ્રકાશન કાર્યમાં દ્રવ્ય સહાયક થવા ઇચ્છિતા વૈષ્ણવોને વિનંતી

"શ્રી વલ્લભ સુધા"ના સભ્યોને ઘણા વર્ષોથી ભેટ પુસ્તકો અપાય છે. તેમાં મોટે ભાગે સ્થાનિક વૈષ્ણવો દ્રવ્ય સહાયક બને છે. બહારગામના ઘણા વૈષ્ણવો તરફથી પુછાય છે કે અમારે દ્રવ્ય સહાય કરવી હોય તો શું પ્રકાર છે ? આ સંબંધમાં વિનતી કે જ્યારે પણ જે જે પુસ્તક માટે યોજના હાથ ધરાય છે ત્યારે અમારા વર્તુંળના વૈષ્ણવોને તે અંગે જાણ કરાતા વિના માગ્યે જોઇતી રકમ પ્રાપ્ત થઈ જાય છે.

આ વર્ષે "શ્રી વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર" લેખક શ્રી લલ્લુભાઇ પ્રાણવલ્લભદાસ આ પ્રાચીન પુસ્તકનું પુનઃ પ્રકાશન કરવાનું છે, તે માટે ઓછામાં ઓછા રૂા. ૨૦૦૦/- (બે હજાર) સ્વીકારાય છે. જેમના ભગવદ સ્મરણ પુસ્તકમાં છપાશે. દશ હજાર કે તેથી વધુ રકમની સહાય કરનારના સુચના અનુસાર તેમના શ્રી ગુરુદેવના ચિત્રજી એક પૃષ્ઠમાં તે વૈષ્ણવના દંડવત સાથે છપાશે. કોઇ વૈષ્ણવોના ફોટા કે સ્મરણો લેવાતા નથી. આ પુસ્તકની યોજનામાં જોઇતું દ્રવ્ય મળ્યે દ્રવ્ય સ્વીકારવાનું બંધ થશે તો તુરતમાં રૂબરૂ અથવા ટપાલથી ચેક/ડ્રાફ્ટ (એકા. પેયી)થી મોકલી આપનું દૈવી દ્રવ્ય નામસેવામાં યોજો. ચેક/ડ્રાફ્ટ "શ્રી વલ્લભ વિજ્ઞાન" એ નામે લખવા.

પુષ્ટિમાર્ગીય લેખો, કીર્તન-પદો અને પુસ્તકોનું (પદ્યાત્મક-ગદ્યાત્મક)
અંગ્રેજીમાં ભાષાંતર - હસ્તપ્રત તૈયાર કરાવવા સંપર્ક કરો-
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ, રાજપીપળા-૩૯૩૧૪૫
(દક્ષિણ ગુજરાત)

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ **વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ।

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૬ ❋ સપ્ટેમ્બર ૧૯૯૭

મનને શિક્ષા

ભક્ત કહાય સબ જકત ઠગ્યો ।
હરિમારગ સપને નહીં આયો, બહોત ભાંતી પાખંડ રંગ્યો ।૧।
દુત પ્રતિષ્ઠા ચલત અગાઉ, ફીરી ફીરી ચારો દીશ હી ભગ્યો ।
રસિકદાસ જન સોઇ કહાવત શ્રીવ્લ્લભ ચરનન જો લગ્યો ।૨।

: ભાવાર્થ :

અરે મન ! તું જગતને ઠગવા માટે ભકત થયો છે. અને તે હરિ મારગ એટલે ભગવદ આશ્રય, દીનતા, વિરહભાવના એ તો સપના માયે ન આવ્યા ઘણી જાતના ખોટા પાખંડ માંજ રચીપચી રહયો.

અરે ! તું પોતાને મોટો સમર્થ ભગવદિ કહેવડાવવા તારા દુત (ચાલુ ભાષામાં ચમચાઓ) આગળ આગળ તારી પ્રતિષ્ઠા દેખાડવા મોકલશ અને ચારે દિશાઓમાં પુજાવા માટે ભગવદિપણાનો ડોળ ઘાલીને દોડશ.

અરે ! સાચા ભગવદ ભકત તો શ્રી રસિકદાસજી (શ્રી મટુજી મહારાજ) ના–શ્રી વલ્લભ કુળના વિનમ્ર સેવક કેવા હોય ? કે જે સદા પોતાનુ મન શ્રીમદવલ્લભ પ્રભુના ચરણાંરવિંદમાં એકતાથી લગાવી રાખે.

શ્રી વલ્લભ દર્શનનું તાત્ત્વિક વિવેચન

[યુ. કે. માં થયેલું એક પ્રવચન]

વકતા : **પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ** (મથુરા–પોરબંદર–રાજકોટ)

– ગતાંકથી ચાલુ

શ્રી વલ્લભાચાર્યજીએ કહ્યું છે. તિરોહિત આનંદ એટલે એ આનંદ એની અંદર સીલ્ડ થયેલો છે એની અંદરજ રહેલો છે. પરંતુ એ એસ્ટ્રાવર્ડ એની લાઇફ હોવાને કારણે એ અંદર જે આત્મામાં રહેલો આનંદ છે. એની એને પોતાને ખબર નથી. જેવી રીતે એક બીજ હોય, બીજને જોઇએ તો આપણને એમ થાય કે કેવડું મોટું વૃક્ષ અને બીજનો આકાર કેટલો નાનો, પરંતુ એ વૃક્ષ જ નહી વૃક્ષની ડાળખીઓ, વૃક્ષના પાંદડાઓ, ફુલ અને ફલ એ બધું આવડા બીજની અંદરજ છે. એ જયારે એનું પોષણ થાય અને પ્રકાશ મળે અને અમુક ટાઇમ પછી વૃક્ષના રૂપમાં ઉત્પન્ન થઇ શકે છે. એ રીતે મનુષ્યની અંદર પણ આત્મા જ છે. એ બીજરૂપ છે. એ પણ વૃક્ષનો આકાર ધારણ કરી શકે છે. પરંતુ કેટલાંક બીજો એના વાસ્તવિક પોષણના અભાવને કારણે કરમાઇ જાય છે એમાં વૃક્ષ બનવાની સંભાવના હોવા છતાં એ વૃક્ષ નથી બની શકતા.

એવી જ રીતે જીવ જે છે તે શીવ બની શકે એવી એનામાં સંભાવના હોવા છતાં એ બીજને ઉચિત પોષણ ન મલવાને કારણે, એ બીજ જે છે કરમાઇ જાય છે અને કાં એક નાનું એવું રૂપ ધારણ કરી અને ખતમ થઇ જાય છે.

એટલે જડ જગતની અંદર જડ પદાર્થની અંદર જે આનંદ છે એ આનંદ નથી નિરાનંદ છે. જડ નિરાનંદ છે અને ચેતન તિરોહિતાનંદ એટલે ગુપ્ત આનંદ છે. ગુપ્તાનંદ શબ્દ વાપરીએ. તિરોહિત શબ્દ કદાચ બહુ લોકોને સમજમાં ના આવે. એટલે ગુપ્તાનંદ જીવમાં છે અને જડમાં નિરાનંદ છે. આનંદ વિનાના છે અને જે અક્ષર તત્વ છે–આત્મા એ જો આત્મા પ્રગટ થઈ જાય તો એમાં આનંદ તો છે, પરંતુ એક આનંદ એવી રીતે સમજીએ કે એક મહાન સંગીતકાર છે અને એણે શિષ્યો તૈયાર કર્યા છે તો એ શિષ્યોનું પરફોર્મેન્સ હોય અને એ આપણે સાંભળીએ અને એક એ શિષ્યોને તૈયાર કરનાર, ગુરૂનું પરફોમેન્સ સાંભળીએ તો એની ઉપજ અને આની ઉપજ, આની ઉપજ થોડી થોડી પ્રગટ થઇ છે એની પાસે શીખેલી અને આની ઉપજ એના કરતા અનંતગણી વધારે છે.

એટલે એવી રીતે આત્માનો આનંદ એ વ્યષ્ટિગત આનંદ છે અને પરમાત્માનો આનંદ એ સમષ્ટિગત છે. એટલે એક આનંદનો નાનો એવો ભાગ છે અને એક આનંદનો

જણ્યો છે, એટલે ઇશ્વરનો જે આનંદ છે એ અનંત છે અને એ સિવાય આત્મ તત્વનો જે આનંદ છે એ આનંદ આપણે ગણી શકીએ, માપી શકીએ, એટલે ગણિતાનંદ કહેવાય અને ઇશ્વરનો આનંદ એ અગણિતાનંદ છે.

બે પાસા એવી રીતે છે કે મેં હમણા અહીં બે દિવસ પહેલાં જ દાખલો આપ્યો હતો કે એક ફુલ છે અને એ ફુલમાં જ સુગંધ રહેલી છે તો ફુલ આકાર છે અને એ સુગંધ એની અંદર રહેલી છે એ નિરાકાર છે. એટલે નિરાકાર કહેવાનો મતલબ એ છે કે જેવો સ્થુળ આકાર સાધારણ મનુષ્યોનો કે જીવોનો હોય છે. એવો સ્થુલ આકાર પ્રભુનો નથી.

એટલે કહ્યું છે કે **“નિશ્ચેતનાત્મક શરીર ગુણેશ્ચહીન”** નિશ્ચોતનાત્મક એટલે જેમાં ચેતના ન રહી હોય એવું જડ. એવા જડ શરીરના જે ધર્મો અંદર રહેલા છે કે જેની અંદર વિકાર રહેલો છે. દરેક ઇન્દ્રિયોમાં વિકાર રહેલો છે. એ બિમાર પણ પડી શકે છે, આંખોમાં મોતીઆ આવી શકે છે. કાનોમાં બહેરાશ થઇ શકે છે; હાથ ઠુંઠા થઇ શકે છે નિષ્ક્રિય થઇ શકે છે. પગ નિષ્કીય થઇ શકે છે. એટલે આ બધા વિકારો જડ શરીરની અંદર રહેલાં છે.

ઇશ્વરનું શરીર અથવા શ્રીવિગ્રહ જેને આપણે સન્માનિત ભાષામાં કહીએ છીએ. એમાં આપણા જેવો જીવ જેવો જડ આકાર નથી. તો કલ્પના થાય કે આકાર નથી, તો પછી જડ નિરાકાર એમ સિદ્ધ થયું ને ?- તો કહે નહીં **“આનંદ માત્ર કર પાદ મુખોદરાદિ”** એક આનંદ આકાર છે. એ આકાર કેવો છે ? સુક્ષ્મ છે. એ સુક્ષ્મ આકાર આ પણ સુક્ષ્મ ભાવની શકિતથી આપણી સામે આપણે જેવો સ્થુલાકાર આપણે જોઇએ છીએ. આપણી આંખોથી એ રીતે આપણે એને પણ જોઇ શકીએ છીએ. જયારે ઇશ્વર ઇચ્છા કરે, આકારના દર્શન કરાવવાને માટે અવતારરૂપ ધારણ કરીને જે આકારના દર્શન થાય છે. એ આકારની અંદર પાછો નિરાકાર રહેલો છે. એ નિરાકાર એ રૂપમાં કે આપણા જેવો જડઆકાર નથી એ રૂપમાં પરંતુ એનો જે આનંદાત્મક આકાર જે છે એ આકાર તો છેજ. હવે એને આપણે એવી રીતે સમજીએ કે રવિન્દ્રનાથ ટાગોરે એક કવિતાનું સર્જન કરવું હતું. એ સર્જન નોતા કરી શકતા. થોડુ ઘણું લખી અને પછી ફાડી નાખે કાગળ. કોઇ એક નિશ્ચિત આકાર ન્હોતો આવતો. એના મગજમાં પછી જયારે એમણે અચાનક બારી બંધ હતી, ખોલી અને પ્રકૃતિનાં દર્શન કર્યા અને એ પ્રકૃતિની અંદર એક વિરાટ રૂપ રહેલું છે, કે જે પ્રકૃતિના આનંદમાંથી અનુભવ થવા લાગ્યો અને એક અનુભવ દ્વારા એને જે એક શબ્દચિત્ર યા આકાર એના ધારણામાં ધ્યાનની અંદર ઉપસ્થિત થયો. એ આકારને એમણે કવિતા દ્વારા વ્યક્ત કર્યો એટલે એ એક એવો આકાર છે કે ઇશ્વરે જેનામાં કવિતા શકિત મુકી છે એને જ એ આકાર દેખાય અને જેને કવિતા શકિત, સર્જન શકિત જેનામાં નથી તેને એ અત્કાર નથી દેખાતો.

એવી રીતે આ રાગને રાગીણીઓ છે. હવે આપણે કાનથી મહેસુસ કરી શકીએ છીએ કે આ કયો રાગ છે. કાનથી આપણને ખબર પડે કે આ રાગ–આવી રીતે ટેસ્ટ આનો છે. બીજો રાગ ગાય તો આપણને ખબર પડી જાય કે આ રાગ આના કરતાં જુદો રાગ છે. સાધારણ ફીલ્મી ગાયનમાં પણ તમે જુઓ તો એક ગાયન હોય પછી બીજુ ગાયન હોય તો તમે એને સાધારણ રીતે સમજી શકો છો કે આમા જે સ્વરો લાગ્યા હતા એના કરતાં આ ચેન્જ કરેલાં સ્વરો છે. એવી રીતે રાગોનો પણ એક આકાર છે. એ આકાર જયારે સાચો સંગીત સાધક, સાધના દ્વારા એ આકારને જોઇ શકે છે. સમજી શકે છે. એવી રીતે એ આકાર જયારે સ્વરૂપની સેવા કરીએ. મર્યાદા માર્ગની અંદર એની મૂર્તી કહેવાય છે અને આપણે સ્વરૂપ તરીકે કહીએ છીએ. પરંતુ મૂર્તિ શબ્દ જે છે એનો ઉપયોગ શ્રી વલ્લભાચાર્યજીએ બે ત્રણ જગ્યાએ ષોડશ ગ્રંથમાં કર્યો છે.

— ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એમ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીવલ્લભ ॥

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

સેવા સંગતી હરિભક્તની કરે પ્રેમ ભક્તિ ઉત્પન્ન;
તે કરે કૃતાર્થ એકલી, નવ જોઇએ કોઇ સાધન.
જોઇએ ન વય, વિદ્યા, વિત્ત, વર્ણ, રૂપ, પરાક્રમ, પવિત્ર આચરણ;
કહેશો, જોયાં નથી, કહો કીયે ઠામ ? તો સુણો પ્રગટ
બતાવું નામ ! સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૪૦)

વિવેચન : આ કડીમાં ભક્તિ કરવા શું જોઇએ ? તેમજ શેની શેની જરૂર નથી તે તે બતાવ્યું છે–

ભક્તિ ઉત્પન્ન કરવા, શ્રી ઠાકુરજીની સેવા અને ભગવદ્ભક્તનો સંગની જ જરૂર છે. તેથી જ કૃતાર્થ થવાય છે.

(૧) સાધનમાં સેવા અને ભક્તનો સંગ.

(૨) આ ઉપરાંત કોઇ વસ્તુની જરૂર નથી. જેમકે વય, (ઉંમર) વિદ્યા, પૈસો, વર્ણ, (કોઈ પણ જાતી કરી શકે છે) રૂપ, પરાક્રમ, પવિત્ર આચરણ આમાંની શેની પણ જરૂર નથી. કોઇ કહે ગઢપણમાં ગોવિંદ ગાશું.... તો અત્રે ઉંમર ગમે તેટલી હોય તેની ગણત્રી જ નથી. આ ઉપર સાત સાધનો બતાવ્યા તેની ઉપયોગીતા જરૂરી નથી. કેવળ સત્સંગથી જ ભક્તિ ઉત્પન્ન થાય છે.

(૧) ભક્તિ જ સર્વ રીતે કલ્યાણકારી છે.

(૨) તે ભક્તિ કરવાનો સર્વને અધિકાર છે.

આ વિષયમાં શાસ્ત્રોના પ્રમાણ જોવા બેસીએ તો ઘણાં છે,

શ્રી વિષ્ણુપુરાણ : **સર્વેઽધિકારિણોહ્યત્રં વિષ્ણુભક્તૌ યથા નૃપઃ**

હે રાજા ! શ્રી વિષ્ણુ ભગવાનની ભક્તિ કરવાનો સર્વને સમાન અધિકાર છે. માટે ભગવાનની ભક્તિ વિનાં વ્યર્થ કાળ વીતાવવો નહીં.

શ્રીમદ ભગવદ ગીતા, અધ્યાય ૯, શ્લોક ૩૦મો–

અપિચેત્સુદુરાચારો ભજતે મામન્યભાક્ ।
સાધુરૈવ સ ગંતવ્યં સમ્યગ વ્યવસિતોહિ સઃ ॥

કોઇ દુરાચારી હોય તો પણ તે જો મારી અનન્યતાથી (સેવા) ભકિત કરે તો તેને સાધુ જાણવો. કારણ કે તેની બુદ્ધિ અનન્ય ભાવથી મારામાં જોડાયેલી રહેલી છે તેથી તે સમ્યક લક્ષણવાળા સાધુ સમાન જાણવો.

ઉત્તમ વરણ થઇ નહીં ભજે ચાંડંલ કહીયે તેહ ।
ચાંડાલ થઇ મુજને ભજે તે જાણ મારો દેહ ।

અર્જુન પ્રતિ ભગવાને કહ્યું છે કે ઉત્તમ કુળમાં જન્મ લઇ જે ભકિત વગરનો છે તે ચાંડાળ રૂપ જ છે. ચાંડાલ હોઇને પણ જે મને ભજે છે તેને મારો દેહ જાણવો. તાત્પર્ય ભકિતથી તે પવિત્ર બને છે, ખરૂં સાધન ભક્તિ જ છે.

વળી, શ્રીમદ ભાગવત્ ૭ સ્કંધ, ૯મો અધ્યાય, શ્લોક-૯માં કહ્યું છે-

મન્યે ધનાભિજન રૂપ, તપ, શ્રુતોજ ।
સ્તેજઃ પ્રભાવ, બલ, પૌરુષ, બુદ્ધિ યોગા ।

ઉપર મુજબ પ્રહ્લાદજીનું વાકય છે-

મારૂં માનવું છે કે- ધન, ઉત્તમકુલ જન્મ, જપ, તપ, પંડિતપણું, ઇન્દ્રિયોની કુશળતા, કાંતિ પ્રતાપ, બળ, ઉદ્યમ, બુદ્ધિ તથા અષ્ટાંગ યોગ. આ સર્વ સાધનો પ્રભુને પ્રસન્ન કરવા માટે સમર્થ નથી. પ્રભુને પ્રસન્ન કરવા માટે તો ભકિત જ સર્વશ્રેષ્ઠ છે. સપ્ત શ્લોકમાં શ્રી ગુંસાઇજીનું વાકય-

ક્વચિત્ પાંડિત્યં ચેન્ન નિગમ ગતિ સાઽપયર્હિ ન ।
ક્રિયા સા સાઽપિસ્યાત્ યહિન હરિ માર્ગે પરિચય ।

ભાવાર્થ : કદાચ કોઇ વિદ્યા ભણીને પંડિત બની શકે તો તેમાં વેદોની જાણકરી તથા તેમાં રહેલા ગુઢાર્થોની સમજણ હોતી નથી. કદાચ વેદોને પણ તે સારી રીતે જાણી લે તો પણ તેમાં લખેલા કર્મો ક્રિયા વિગેરે કરી શકતો નથી. કદાચ તે મુજબ કાર્યો ક્રિયા બધુ કરી લે પરંતુ 'યદિ ન હરિ માર્ગે પરિચય' તે મુજબ તેનામાં પ્રભુને કેમ પ્રાપ્ત કરવા તેની ખબર નથી તો ઉપર લખેલું બધુ વૃથા થાય છે. પ્રભુભકિત જેનામાં નથી તેનું બધું નકામું જ છે ભકિત ન કરી તો શું કર્યું ? નારદ પંચરાત્રમાં કહ્યુ છે કે ભગવાનમાં ભકિત થાય અને ભગવદ ભકતનો સંગ થાય તો આ બે પ્રકારથી જન્મ, જરા અને મરણ, ઇત્યાદિકનો નાશ કરનાર તે ભગવદ પ્રાપ્તિ થાય છે. ભકતનાં સંગે ભકિત ઉત્પન્ન થાય છે. ભકિતમાં સમાન ભાવ રહે છે. નરસિંહ મહેતા બ્રાહ્મણ હતા. તેઓ ચાંડાલ વર્ણમાં ભકિત જોઇ ત્યાં કિર્તન કરવા જતા તેમ કરતાં તેમના નાતીલાઓએ નાત બહાર મુકયા હતા. તેની પણ તેમણે

પરવા કરી નહોતી. તે તો ભગવદ ભકતને ભગવદરૂપે જાણતા હતા. જેને ભકિત પ્રિય છે તેને ભકતજનો જ પ્રિય હોય છે. પુષ્ટિ રીતે વેણુગીતમાં—

પૂર્ણાં પુલિન્ધ ઉરુગાય પદાબ્જ રાગ ।
શ્રી કુંકુમેન દયિત્વ સ્તન મંડી તેન ।

આ શ્લોકમાં પુલિન્દિ- કહેતા ભીલડી તેનાં ભાગ્યની ગોપીજનોએ સરાહના કરી છે. આ ભીલડીઓ શ્રી ગિરીરાજજીનાં સંગ થકી ભકિત કરવા સમર્થ બની છે. તેથી તે મહાન ભાગ્યવાન છે. તેનાં સુખની લક્ષ્મીજી સાથે સરખાવેલ છે. ભકિતરસનું પાન ભગવદભકતો મળીને કરે છે, ભકતોનાં સંગથી ભકિતવાન બનાય છે.

યોગી તરે કદી એકલો ભકત તારે અનેક—

આ વાકય મુજબ યોગી કદાચ તે એકલાનો ઉદ્ધાર કરી શકે પરંતુ ભકતો તો પોતાનાં સંગી અનેકોનો ઉદ્ધાર કરે છે. આ વસ્તુનો સાર સમજાવતા કવિશ્રી સેવો શ્રીકૃષ્ણ કૃપાળ....!

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

ગ્રન્થ પરિચય

લેખક ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજ-પાર્લા

ભાષાંતર પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ

ગતાંકથી ચાલુ

(૧૩) પર્વત ઉપરથી પડતા જલ પ્રપાત (પાણીનો ધોધ) કે ઝરણાનાં જલ, નિર્મળ, શિતલ, મધુર સતત તથા શ્રવણ-દર્શન, સ્પર્શન, સ્નાન, આચમન, પાન આદિમાં મનોહારી, તાપહારિ તથા સુખકારી લાગે છે. આવી જ રીતે ભગવત્કૃપાને કારણે અથવા મહાન ભગવદીયોની કૃપાને કારણે, જેમને સ્વયં શ્રીહરિનાં દિવ્ય, મધુર ગુણોનું અલૌકિક જ્ઞાન પ્રાપ્ત થઇ ગયું હોય તો એવા વકતાઓના મુખથી ભગવત્ ગુણગાન સાંભળવું એ તો કોઇ એક મનોહારી ઝરણાંની સામે પહોંચી જવા જેવો એક સુખદ પ્રસંગ હોય છે. આ સર્વત્ર-સર્વદા સુલભ નથી હોતું. જેવી રીતે ઝરણાંની સામે પહોંચતા પહેલાં થોડેક દુરથી જ એ જલપ્રપાત (ધોધ)ના અવાજથી તેના અસ્તિત્વનો બોધ (જ્ઞાન) થઇ જાય છે. એવી જ રીતે આ ભગવદીયોના પદ-ગ્રંથ આદિ રૂપમાં શબ્દોના માત્ર શ્રવણથી જ તેમની અલૌકિક અનુભુતિનો નિર્ણય થઇ જાય છે.

September 1997

(૧૪) સકામ ઉપાસનાના અંગભુત શ્રોત યા પૌરાણિક, વરુણ, ઈન્દ્ર, દુર્ગા, ગણપતિ, ભૈરવ, નવગ્રહ આદિ દેવતાઓના ઉપાસક વકતા જો શ્રીકૃષ્ણની કથા કરતા હોય તો તેમના ભાવોને ઓસ (ઝાકળ)ના બિન્દુઓની જેવાં સમજવા જોઇએ. ઝાકળના જલબિન્દુ જે સ્થાન પર પડે છે ત્યાં પુષ્કળ પ્રમાણમાં ઉભરાયેલાં નજરે ચડે છે. પરંતુ એ વાસ્તવિકતા નથી હોતી. એ જ રીતે અન્ય દેવોના ઉપાસક વકતાના મુખથી શ્રીકૃષ્ણ કથા અન્ય દેવોની ઉપાસના ભૂમિ પર શ્રીકૃષ્ણ દ્વારા પાડવામાં આવેલા ઝાકળના ક્ષુદ્ર બિંદુઓની જેવા હોય છે. ઝાકળની શોભા કેવળ દેખાવા માત્રની હોય છે. એવી જ રીતે આ કૃષ્ણકથાની શોભા કેવળ શ્રવણ માત્રની હોય છે. સ્નાન-પાનમાં ઝાકળના બિન્દુ અનુપયોગી હોય છે અને થોડોક તડકો નીકળતાં જ ઝાકળના બિન્દુ ઓગળી (સુકાઇ) જાય છે. એવી જ રીતે એમના ભાવ પણ શ્રોતાને માટે ઉપયોગી નથી હોતા. કથાકાળમાં જ કેવળ પ્રગટ થઇને પછી તે અદ્રશ્ય થઇ જાય છે.

(૧૫) વર્ણાશ્રમ ધર્મને નિભાવતા થકા શ્રીકૃષ્ણની નવધા ભકિતમાં તત્પર વકતાઓમાં કયારેક પ્રેમાવેશને કારણે ભગવદીય ધર્મોનું સ્ફુરણ થતુ રહે છે. તેમના ભાવને વરસાદી નદીના પ્રવાહની જેવો સમજવો જોઇએ.

(૧૬) કેટલીક નદીઓ બારે માસ વહેતી હોય છે. તેમનામાં ન તો પુર આવે છે કે તેમનું જલ ઘટતું નથી. એવી જ રીતે ભગવત્કથામાં જેમને પ્રેમાવેશનું પુર પણ આવતું નથી અને તેમની રુચિ પણ કદિ ઓછી થતી યથી. એવા મર્યાદામાર્ગીય વકતાઓના ભાવ સ્થિર પ્રવાહવાળી નદીની જેવા હોય છે.

(૧૭) કેટલીક નદીઓના ઉદગમ સ્થાન પર નિરંતરપાણી ઉભરાઇ રહેતું હોય છે. તેથી તેમનો પ્રવાહ કદી અટકતો નથી, પરંતુ વર્ષાને કારણે તયા તડકાને કારણે એમના જલ સ્તરમાં નિરંતર વૃદ્ધિ હ્રાસ (ઘટાડો) થતો રહે છે એવી જ રીતે જે વકતાઓનો ભાવ તેમની આસપાસની વ્યકિતઓની સંગતીને કારણે કયારેક ભાવમાં વૃદ્ધિ યાય છે અને કયારેક ક્ષીણ થતાં રહેતા હોય છે પરંતુ ભાવ પ્રવાહ કદિ અવરુદ્ધ (અટકેલો) થતો ન હોય તો તેવા વકતાઓના ભાવ અનેક જન્મોથી ચાલી આવતી ભાવ સાધનાને કારણે નિરુત્તર ઉદ્ગમવાળી નદીની સમાન હોય છે.

—ક્રમશઃ

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિંત સહસ્ર શ્લોકી

સેવા ભાવના (હિંદીમાં પદ્ય રચના)

રચયિતા : **પ. ભ. રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર**

(ગતાંકથી ચાલુ)

સખીની સાથે સંવાદ કરતાં મુર્ચ્છા આવી ગઇ, પરન્તુ વેણુનાદથી સચેતન થઇ, પ્રલાપથી પ્રભુની પ્રાર્થના કરતી, સન્ધ્યા ભોગની સામગ્રી સહિત પ્રભુની પાસે પહોંચી ગઇ, તેનું વર્ણન બાર શ્લોકથી કરે છે. (શ્લો. ૬૮૮ થી ૬૯૯)

કહત, વિરહ સોં મૂર્છા આઈ ! મુરલી ધુનિ સુનિ પુનિ ચેતાઇ ॥૬૮૮॥
બોલી હૃદય સુમિરિ ગુણ ગાથા । હા ગોપિકાધીશ, હા નાથા ॥
શત શત ભાંતિન બ્રજ-રખવારે । હા હા કૃષ્ણ જુ દયા સાગરે ॥
છં, હા દયાસાગર નિજ જનન્હ. આનન્દ દેવનહાર હો ।
હા વૃન્દાવન નાયક પ્રભો, હા પ્રાણ ! મમ આધાર હો ॥૬૮૯॥
હા વેણુકુલ ગાયક જુ મુગ્ધે, નંદ કો સર્વસ્વ હો !
હા હા યશોદા-અંક લાલિત, બ્રજ જનન આધાર હો ॥૬૯૦॥
નિજ બ્રજ જનકહુ સબ અર્થ દાયક, બ્રજપતિ બ્રજપ્રાણ હો ।
સબ ભાંત તુમ બિન નાથ, ધરણી ગિરહું મૈં અનજાન હોં ॥૬૯૧॥
અમૃત સમાન અધર સુધામય-મુખ કમલ કે મગન સન ।
દરશન હમેં દો, યુગલ બાહુન ગાઢ બંધન-આલિંગન ॥૬૯૨॥
ઇમિ બહુ પ્રકારન અવસ્થન કહું. પ્રાપ્ત ગોપીજન ભઇ ।
હો ઇકત્રિત ચહું ઓર હો, સબ લલિત ગતિ ઉન્મત ભઇં ॥૬૯૩॥
નિજ દેહ વસ્ત્રાભૂષણુન કહું, ભૂલિ તાલિ બજાવતીં ।
ઉન મધુર મંગલ રૂપ પિય સન્મુખ ચલીં સબ ગાવતીં ॥૬૯૪॥
પકવાન્ન વિવિધ પ્રકાર ક, નવનીત મિસરી ફલ હરે ॥૬૯૫॥
પુનિ નમક અરૂ નમકીન વસ્તુન, દુધ દધિ આદિક ધરે ॥૬૯૬॥
બહુ ભાંતિ સન્ધાના જુ શીતલ-સ્વચ્છ જલ સાથે લિયો ॥
તામ્બુલ વનમાલા સુગન્ધિત, અરગજા આદિક લિયો ॥૬૯૭॥
દો. ઉપયોગી જે રાયન મહું આસન પરમ વિચિત્ર ।
અતિ ચમકત ચૌકી લઇ, રાખવે કહું અદભુત ॥૬૯૮॥

બહુ શોભાયમાન' રુ પ્રકારન । લિયે સંગ મેં વસ્ત્રાભુષણ ।
રમણ જિન્હેં પ્રિયતે ગોપીજન । ગઇ કૃષ્ણ કે પાસ મગન મન ॥૬૯૯॥

ગોધન સહિત હૃદય ઉત્સાહા । પાંચન ચલત આત સુરનાહા ॥
ગોકુલ પતિ કે ઇક ઇક ગુનગન । વન મેં જે જે કરે ચરિત્રન ॥
સબકો ગાન કરત મુદ આવત । ભલી ભાંતિ શૃંગીન બજાવત ॥૭૦૦॥

સન્મુખ હમિ સબ આત દિખાયે । ગોપી, મન અનુમાન લગાયે ॥
મિલિ હૈ અથ ઇકાન્ત મેં પ્રિયતમ । મન મનોર્થ પાઉબ પુરણ હમ ॥
યહ વિચાર અન્તરમેં આયો । બ્રજ ભકતન મન અતિ હરખાયો ॥૭૦૧॥

જબ તક નિજ પતિ કહંયે વિરહિન । દેખ નહીં પાઇં નિજ આંખિન ॥
તબ તક વ્યાકુલ રહીં વિરહ સોં । હૃદય મનોર્થ પુરે અબ લખ યોં ॥૭૦૨॥

હરિ સર્વત્ર આર્તજન કાહીં । ફલ કે દેવનહાર કહાહીં ॥
સબ દુઃખ હર્તા પ્રભુ કહં દેખી । મિલ ઇકાન્ત પિય, સુખ વિશેખી ॥૭૦૩॥

સો૦ રોમાંચિત ભૌ દેહ, પ્રિય દેખત પ્રસ્વેદ બહ ।
નેત્રન બરસત નેહ, કમ્પન ભયો, ન જાય કહિ ॥૭૦૪॥

નિજપતિ સોં ઇક ઇક ગોપીજન । મિલીં મિત્ર સમ કરિ આલિંગન ॥
પુનિ ઇન મેં અરુ હરિ કે માહીં । રસ ઉત્પન્ન ભયો અથાહીં ॥૭૦૫॥

ગયો દેહકો અનુસન્ધાના । પાયો ઇમિ આનન્દ મહાના ॥
મનહુ દૂસરો બ્રહ્માનન્દ ॥ પાયો મનહુ પ્રથમ સંબંધા ॥૭૦૬॥

હરિ સોં પ્રકટ સંબંધ [illegible] । સોઇ મુખ્ય સંબંધ કહાવે ।
ઇમિ સંબંધ અલૌકિક દુર્લભ । ભયો ગોપિયન તિહિ છિન સુલ્લભ ।
દિખત ન કછુ અંધેરે માંહીં । તૈસી ભૌ ઇનકી ગતિ નાહીં । ૭૦૭

પ્રથમ સમાગમ ભાવ સુહાયે । ઇનકે હિય ક્રમ સોં સબ આયે ।
પ્રથમ લજાઇ બિચ મુસકાઇ । ભઇં સ્મૃતા રસ પુષ્ટ હવાઇં । ૭૦૮

વિનય પ્રેમ અલસાદિક ભાવન । નયન બસે અપને મનભાવન ।

દો. સ્વામિનિજી સહ ગોપિ સબ, હૃદય જુ પ્રેમ અપાર ।
તહં કીન્હોં ભગવાન કો, ભલી ભાંતિ સત્કાર । ૭૦૯
સન્ધાભોગ ધરન તે લાઇ । પ્રભુ હિં સમર્પિત કરિ હરખાઇ ।
દુર કરન પ્રભુકો શ્રમ ભારી । પંખા કરહિં જુ પ્રેમ અપારી । ૭૧૦
સ્વામિનિ અસ ગોપીજન સાથા । મુદિત વિરાજે શ્રી બ્રજનાથા ।
જે પ્રભુ ભોજન કે પ્રિય ભોગી । સકલ વસ્તુ તિનકી આરોગી । ૭૧૧
વચનામૃત કરિ બ્રજ સુન્દર પ્રભુ । દેન લગે આશ્વાશન પુનિ વિભુ ।
અપને મનકે ભાવ જનાઇ । રમણ કિયો મન સો પ્રભુરાઇ । ૭૧૨
પુનિ ગોપીજન જો જલ લાઇં । તા સો આચમન કરાહીં ।
કરિ ગોપિન–મુખ દર્શન ભલિ વિધિ । હર્ષિત હરિ જનુવાઇ બહુ નિધિ । ૭૧૩
મુખ પોંછયો તિન વસ્ત્ર–આંચરન । બીરી લાઇ સ્વામિની હાથન । ૭૧૪
સ્વામિની કે અધરામૃત ભાવન । કરહિં કૃષ્ણ બીરી કો ચર્વના । ૭૧૫
દો. હરિ કે ગાલન ગાલ નિજ, સ્વામિનિ મુદિત લગાહિં ।
તિન મુખ ચર્વિત પાન કો, અધરામૃત હરિ ખાહિં । ૭૧૬

—ક્રમશઃ

વાર્ષિક પૃષ્ઠ પ્રકા[illegible]ાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. [illegible]હનદાસ હરજીવનદાસ પારેખ મોરબી અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પ. ભ. ઈન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ-લેખક 'માધુરી' રાજકોટ

પદ-૪૨

શરણ પ્રતિપાલ શ્રુતિ સત બરની,
ભાવ સંદોહ સુચિ કૃપાચય ચાતુરી;
અતુલ ઐશ્વર્ય શ્રીકૃષ્ણ બરની. ૧
પાલિએ વિષ્ણુ સમ કોટિ તે અધિક તર,
સત્ય સંકલ્પ દિન રાજ કન્યા;
સરલ સૌંદર્ય સીમા સુહાગ દૃઢ,
સહજ સુખ સાજ કર નિત્ય ધન્યા. ૨
નેહ નવનીર તુમ મીન ગોવિંદ વૃત,
પ્રણત ફલ દાનિ ગિરિધરન જાયા;
દાભિ તૃણ દાંત અતિ આર્ત જન 'બલ્લભી',
તકી હિત ત્રાતુ તુવ ચરન છાયા. ૩

ભાવાર્થ : આ પદમાં પ્રિયાભાવ લાવી કવિ વિજ્ઞપ્તિ કરે છે. હે સુર્યપુત્રી શ્રીયમુનાજી ! આપ શરણાગત વત્સલ છે. શરણમાં આવેલાનું પ્રતિપાલન કરવાવાળા છો. શ્રુતિઓએ આપનું અનેકવિધ યશોમાન કરેલું છે. શરણે આવેલાને ભાવનું દાન કરીને તેનાં ઉપર અતુલ કૃપા વરસાવો છો. તેને ચતુર બનાવો છો. તેથી તે સુંદર રીતે યશોગાન કરી શકે છે. આવું આપનું અતુલ ઐશ્વર્ય છે.

જેમકે વિષ્ણુનું કામ પાલન કરવાનું છે. અન્ય દેવો જેમકે બ્રહ્મા ઉત્પન્ન કરે, શિવજી સંહાર કરે, યમરાજ દંડ આપે. સૌ જુદા જુદા કાર્યો કરે છે.

પરંતુ આપ તો કેવળ સત્ય સંકલ્પ હોઇ શ્રીકૃષ્ણ સમ ગુણોને ધારણ કરવાવાળા છો. આપનો વર્ણ અને ઐશ્વર્ય શ્રીકૃષ્ણ સમાન છે એવું આપનું નિત્ય અખંડ સૌભાગ્ય છે અને તે દૃઢ છે તેથી સહજમાં જીવો પર કૃપા કરી આપનું બિરદ પાળો છો.

પ્રભુ પણ જળને માછલા જેવી આપની પ્રિત રાખે છે.

આપ સ્નેહરૂપી જળ છો તો તે સ્નેહરૂપી જળનું માછલું પ્રભુ છે. જળ વગર માછલું રહી ન શકે, તેમ પ્રભુ આપનાથી પળવાર દુર રહેતા નથી. એવા હે ગિરધરનાં પત્ની ! આપ સર્વ સમર્થ છો. તેમ જાણી આ આપની દીનદાસી વલ્લભી મોઢામાં તરણ લઇને આર્તનાદપુર્વક વિનંતી કરે છે કે મને સદા આપના ચરણ શરણમાં જ રાખો.

આ માસના ઉત્સવ

ભાદરવા સુદ ૬ તા. ૮–૯–૯૭ સોમવાર ગો. ચિ. યોગેશકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૮ તા ૧૦–૯–૯૭ બુધવાર રાધાષ્ટમી. ગો. શ્રી વ્રજજીવનજી મહારાજ (મુંબઈ–કાંદીવલી–અમરેલી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૧૧–૯–૯૭ ગુરુવાર શ્રીમદ ભાગવત સપ્તાહ પ્રારંભ.

ભાદરવા સુદ ૧૦ તા. ૧૨–૯–૯૭ શુક્રવાર નવ નાગરીના પદ બોલાય, વર્ષાઋતુ પુરી થઇ.

ભાદરવા સુદ ૧૧ તા. ૧૩–૯–૯૭ શનિવાર પરિવર્તીની, દાન એકાદશી વ્રત, નવલક્ષ ગ્રન્થ કર્તા લેખવાળા દશ દિગંત વિજયી ગો. શ્રી પુરુષોત્તમજી (વિ. સં. ૧૭૧૪)નો ઉત્સવ, દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રીકૃષ્ણચંદ્રજીનો પ્રભાસક્ષેત્રમાં દેહોત્સર્ગ, શરદઋતુની શરૂઆત થઇ કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૧૪–૯–૯૭ રવિવાર, વામન જયંતિ વ્રત.

ભાદરવા સુદ ૧૩ તા. ૧૫–૯–૯૭ સોમવાર, અનંત ચતુર્દશી, (ચતુર્દશી ક્ષયાતિથી છે) ગો. ચિ. શિશિરકુમારજી (કામવન)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૫ તા. ૧૬–૯–૯૭ મંગળવાર, પુર્ણીમા, ભગવત સપ્તાહ સમાપ્તિ, સાંઝીનો પ્રારંભ આજથી અમાસ સુધી સાંઝીના પદો બોલાય, ખંડગ્રાસ–ચંદ્રગ્રહણ, સ્પર્શ રાત્રે ૧૦–૩૮, મધ્ય ૧૨–૧૭, મોક્ષ ૧–૫૫ ગ્રહણનો વેધ મંગળવારે સવારે ૯–૨૬ થી લાગશે, તે પહેલાં પ્રસાદ લેવાશે, સાંજે ૬–૩૭ પહેલાં જળપાન થઈ શકશે, બાળક, વૃધ્ધ, રોગી સાંજે ૬–૩૭ પહેલાં ભોજન કરી શકશે, રાત્રે ૧–૫૫ મોક્ષ થયા પછી સ્નાન કરી શુધ્ધ થવાશે. શ્રી.......ની સેવાનો ક્રમ વધુ શ્રમ ન પડે તે પ્રમાણે રાખવો.

ભાદરવા વદ ૧ તા. ૧૭–૯–૯૭ બુધવાર, શ્રી બાલમુકુંદજીનો પાટોત્સવ, લાડુ બેટીજી મંદિર શ્રી મુકુંદરાયજી (કાશી)નો પાટોત્સવ, આજથી મુરલીના પદ વિજયાદશમી સુધી બોલાય, શ્રાધ્ધ–મહાલયનો આરંભ.

ભાદરવા વદ ૨ તા. ૧૮–૯–૯૭ ગુરુવાર, ગો. શ્રી દ્રમિલકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૪ તા. ૨૦–૯–૯૭ શનિવાર, ગો. શ્રી ચંદ્રગોપાલજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૫ તા. ૨૧–૯–૯૭ રવિવાર, શ્રી હરિરાયજી (૪૧ શિક્ષાપત્રવાળા)નો ઉત્સવ (સં. ૧૬૪૭).

ભાદરવા વદ ૮ તા. ૨૪–૯–૯૭ બુધવાર, શ્રી મહાપ્રભુજીના જ્યેષ્ઠ પૌત્ર અને શ્રી ગોપીનાથજીના લાલજી શ્રી પુરૂષોત્તમજી (વિ. સં. ૧૫૮૭)નો ઉત્સવ.

ભાદરવા વદ ૯ તા. ૨૫–૯–૯૭ ગુરુવાર ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજ (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૧ તા. ૨૭–૯–૯૭ શનિવાર, ઇન્દિરા એકાદશી વ્રત.

ભાદરવા વદ ૧૨ તા. ૨૮–૯–૯૭ રવિવાર, શ્રી મહાપ્રભુજીના જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીનો ઉત્સવ (સં. ૧૫૬૭).

ભાદરવા વદ ૧૩ તા. ૨૯–૯–૯૭ સોમવાર, શ્રી ગુસાંઇજીના ત્રીજા લાલજી શ્રી બાલકૃષ્ણજીનો ઉત્સવ (સં. ૧૬૦૬).

ભાદરવા વદ ૩૦ (અમાસ) તા. ૧–૧૦–૯૭ બુધવાર, સર્વપિત્રી–દર્શ–અમાવાસ્યા, કોટની આરતી, શ્રાધ્ધ–સાંઝી સમાપ્તિ.

આસો સુદ ૧ તા. ૨–૧૦–૯૭ ગુરુવાર, નવવિલાસ, નવરાત્રી આરંભ, અંકુરારોપણ, રાસના પદ બધાં સમયમાં, કરખાના પદ ભોગમાં તથા રાસ પંચાધ્યાય ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય, ગો. શ્રી પ્રણયકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો, ગો. શ્રી અનુરાગજી (સુરત)નો, ગો. શ્રી વાગીશ બાબાશ્રી (રાજનગર–અમદાવાદ)નો તથા ગો. શ્રી મિથિલેશકુમારજી (કાંદીવલી)નો જન્મદિન.

આસો સુદ ૩ તા. ૪–૧૦–૯૭ શનિવાર, ગો. શ્રી રસિકવલ્લભજી મહારાજ (વીલેપાર્લે)નો જન્મદિન.

માનવ-ધર્મ

વૈષ્ણુવતા કા ઘર દુર હૈ, મનુષ્ય ધર્મ ભી હોય;
આપે જો સાંચો ચલે, તા સમ ભલો ન કેય.

મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણુવતા આય;
વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

-શ્રી વ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક : **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર : **ડો. ચુનીલાલ રવજી બાલધા**, આંખના સર્જન, રાજકોટ

-ગતાંકથી ચાલુ

ત્વક્ (ચામડી) :

આવશ્યકતા – ગરમ, ઠંડુ, સખત, કોમળ પદાર્થોની જાણ આનાથી થાય છે. આ ઇન્દ્રિય ન હોય તો અનુભવવાની શકિતના અભાવથી મનુષ્યનું આગમાં બળી જવું, પાણીમાં ગળી જવું, કાંટાથી છેદાઇ જવું અને કીડા મંકોડાથી કરડાવું વિગેરે ઘણું સરળ થઇ જાય. તેના વગર સંસારમાં કામ ચાલવું ઘણું કઠિન છે.

શું ન કરવું જોઇએ ? – પરસ્ત્રીનો સ્પર્શ, પુરૂષ અને પરપુરૂષનો સ્પર્શ સ્ત્રી ન કરે (તેનાથી કામોત્તોજના થાય છે, વ્યભિચાર વધે છે) કોમળ ગાદી, તકીયા, બિછાના, ગાલીચા વિગેરેનું સેવન વધારે ન કરવું. (તેનાથી આરામપ્રિયતા અને આસકિત વધે છે, નિષ્ક્રિયતા આવે છે) રેશમી, વિદેશી કે મિલના બનેલ વસ્ત્ર ન પહેરવા (રેશમ લાખો જીવોની હિંસાથી બને છે. વિદેશી વસ્ત્રોના સેવનથી દેશનો ધર્મ, ધન અને જીવનનો નાશ થાય છે. મીલોના કપડાથી પવિત્રતાનો નાશ અને ગરીબોને નુકશાન થાય છે. બારિક વસ્ત્રોથી શરમ જતી રહે છે, ખર્ચ વધે છે, સાહેબગીરી આવે છે).

આ ઇન્દ્રિય ઘણી શકિતશાળી છે. ઘણા ભાઇ-બહેનો પાપ સમજવા છતાં વિદેશી બારીક વસ્ત્ર એટલા માટે પહેરે છે કે તેમની ચામડીને જાડા વસ્ત્રો શોભતાં નથી. સ્પર્શ સુખની ઇચ્છા મોટા મોટા લોકોને પથ ભ્રષ્ટ કરી દે છે. રાવણના વિશાળ સામ્રજ્ય અને મોટા કુળના સર્વનાશમાં આ ઇન્દ્રિય એક મુખ્ય કારણ માનવામાં આવે છે. નહુષનુ ઇન્દ્રપદ પરથી પતન આ ઇન્દ્રિયને કારણે થયું. અનેક મોટા મોટા યુધ્ધોમાં આ ઇન્દ્રિય કારણ હતી.

મુસલમાનોનું પતન મોટે ભાગે આ ઇન્દ્રિયની વિશેષ લોલુપતાને કારણે થયું. બીજા પણ અનેક ઉદાહરણ છે. સ્ત્રી માટે પુરૂષનો અને પુરૂષનો અને પુરૂષ માટે સ્ત્રીનો અંગ સ્પર્શ મોહથી ઘણો સુખદાયક લાગે છે. પરંતુ ધર્મ અને સ્વાસ્થ્યરૂપી સુંદર નગરને ઉજાડવા માટે આ સ્પર્શસુખ એક ભયંકર શત્રુ છે.

શું કરવું જોઇએ ? – ઠંડી, ગરમી અને કાંકરા-પથરા વિગેરેથી યોગ્ય રીતે બચવું. કર્તવ્ય દષ્ટિથી પુરૂષ માટે પોતાની વિવાહિતા સ્ત્રીનો અને સ્ત્રી માટે વિવાહિત પતિનો ધર્મયુકત મર્યાદિત સ્પર્શ કરવો. ભગવાનની મૂર્તિ અને સંત, માતા, પિતા, ગુરુ વિગેરેનો ચરણસ્પર્શ કરવો. ગરીબ, દીન દુઃખીઓની સેવા માટે તેના અંગોનો સ્પર્શ કરવો અને શુદ્ધ જાડા વસ્ત્ર પહેરવા વિગેરે.... –ક્રમશઃ

॥ શ્રી હરિઃ ॥

શિખામણ-સૂત્ર

લેખક : **શ્રી ગણપતરામ શાસ્ત્રીજી -ધમ્બોલા**

–ગતાંકથી ચાલુ

હું ચાલતો હતો. મારા પગ પણ હતા, હું એકદમ રાજી થઇ જોતો હતો તો આંખ હતી. પેલા પાંચ વર્ષના બે છોકરા મારી જમણી બાજુએ હસતા હસતા ચાલતા હતા. વચમાં લતાઓ નાની નાની હતી. તેના પાનમાં ચંદ્ર ચમકતા હતા. ભૂમી નીલ વર્ણની રેશમ કરતા પણ અતિ કોમળ હતી. પછી આગળ વધતાં આપણે શું જોયું ? એક એક સુરૂપ આખા વિશ્વમાં ન હો તેવું. ગૌર કેશર વર્ણ, ડાબા હાથમાં બીડેલા કમલ, એક એક ગોપીકામાં એક હજાર ચન્દ્ર સમાન રૂપ, તેજ, પ્રભાવ અને નૃત્ય, એક વસ્ત્રો ગૌર કેશર વર્ણના, રાગ જે ગાતાં હતાં તે રાગ મેં હજી કયાંયે સાંભળ્યો નથી અને પૃથ્વીથી સહેજ ઉંચા નૃત્ય કરતાં. મને એમ માને કે આ ચોર અમારા ચરણની રજ ઉઠાવી લેશે તેથી તે પૃથ્વીનો સ્પર્શ કરતા નહતા. મને હૃદયથી ભય થયો કે આ મારૂં મન મહાપાપી કયાં ખરાબ વિચાર કરી દેશે તો ઘોર નર્કમાં હું ધકેલાઇ જઇશ, એટલે મેં આંખ બંધ કરી ચાલવાનું ચાલું રાખ્યું. માનો અરધો માઇલ ચાલી ગયો. પછી મેં મારી આંખ ખોલી તો ત્યાં પણ મારી માતાઓ ગાયન ગાતી નૃત્ય કરતી મારા સામે જોઇ જોઇ હસતી.

ત્યારે મેં હાથ જોડી એમને કહ્યું કે, હવે કૃપા કરી આ દર્શન બંધ કરો. હું પામર જીવ છું તમો મારી માતાઓ-વ્રજની ગોપીકાઓ છો. હું તમારૂં કાયમ સ્મરણ કરી ધ્યાન

ધરી તમારા ચરણની રજ તમારૂં જુઠણુ, તમો ઠાકોરજી સાથે યમુના સ્નાન કરી બહાર આવો ત્યારે તમારા ભીના અંબરોમાંથી પડતુ જલ તેનું પાન કરનાર આપની ગુલામડી તરીકે રહિશ. પેલા બે પાંચ વરસનાં છોકરાઓ ખડખડાટ હસવા લાગ્યા. ત્યારે બંધ થયું. સ્વપ્ન લગભગ પોણો કલાક ચાલ્યું.

હવે તમો બધી ઇન્દ્રિયો મારી સાથે હતી જે આનંદ અંતઃકરણને મળ્યો તે પાછો નિત્ય મળે અને હું એમની ગુલામડી દાસી તરીકે તેમની પાસે મને રાખે એ જ ચાહી રહ્યો છું. માટે આ માયામય બધું આપણને ફસાવવા માગે છે, માટે તમો મારા કહ્યા બહાર ન જશો.

કેવડા ત્રીજ રાતના ૩ થી ૪ વાગ્યા અંદરનું દિવ્ય સ્વપ્ન. હવે આપણે એક રસ્તો લેવો. જેમ ભમરી ઇયળને માટીના દરમાં પુરી પછી પોતાની લાર ખવરાવે, ભય દેખાડે ને ઇયળ તે ખાતા ભય રાખતા થોડા દિવસ બાદ ભમરી થઇ ઉડી જાય, તેમ આપણે કરવું. ભગવાનનો પ્રસાદ, ભગવાનનું પ્રસાદી જલ લેવું-ખાવું, તેમનું ધ્યાન, તેમનું ભજન, તેમની વાત સાંભળવી, કોઇનો સંગ ન કરવો, પુસ્તકોનો સંગ. આ પ્રમાણે તો વ્રજની ગોપિકા ભગવાનમય બની ગયા. ઇયળ ભમરી બની તેમ શ્રી મહાપ્રભુજીએ એક રસ્તો બતાવ્યો છે. તેથી મરણ વખતે તે જ ધ્યાન રહે. હું તમારા ઉપર પ્રસન્ન છું. રસ્તો તો લેવાયો, મને મદદગારી થઇ ગઇ છો, પણ કુતરાની પુછડી વાંકી રહે તેમ તમો ઘણી વખત કરી પડો તો મારી ગાળો સાંભળવી પડે છે. હું ઇશ્વરનો અંશ છું. મારો ત્રાસ સહન કરશો તો મારા જેવા ચિદરૂપ અને આનંદરૂપ બની જશો. જેમ વ્રજ-વનીતાઓ આપણે સ્વપ્નમાં જોઇ તેવા થશું.

સૂત્ર ૯ મું નવમીનો અંક પૂર્ણ ઉપક્રમ શ્રીકૃષ્ણની સર્વલીલા નિત્ય છે.

વ્રજમાં ગોલોકની અને દ્વારિકામાં વૈકુંઠની લીલાભેદ છે, સ્વરૂપભેદ બિલકુલ નથી.

વચસા વેદ માર્ગં હિ, પુષ્ટિંકાયેન નિશ્ચયઃ ।। પુ. પ્ર. મ. ૯

વ્રજવાળા ધ્યાન, સ્મરણ કરતાં શ્રીકૃષ્ણરૂપ થઇ નિત્યલીલામાં પ્રવેશ કરી દીધાં. જે રૂપથી ગોલોકમાં હતા તેજ રૂપથી લીલામાં સ્થિત થયા. કોઇને એમ ન લાગ્યુ કે અમો ક્યાં ગયા હતા તેમાં ઘણાંને તો કુરૂક્ષેત્રમાં જ ભગવાને પ્રવેશ કરાવી દીધે. યશોદાનંદ વિગેરે ત્રણ મહીના રોકાઇ પછી વ્રજમાં ગયા. ટુંક સમયમાં જ નિત્ય લીલામાં પ્રવેશ થઇ ગયો.

ભગવાને પોતાના શ્રીઅંગમાંથી પોતાની સેવા કરવા માટે આ સૃષ્ટિ પોતાની કાયામાંથી પ્રગટ કરી છે. ગાયો, ગોપો, ગોપીકા, વૃન્દાવન, વૃક્ષો, ખગ, મૃગ જે કાંઇ મથુરા મંડલમાં દેખાય છે તે સર્વ નિત્ય લીલાનો ભાગ છે. વામનપુરાણમાં રુચાઓને વરદાન આપતા 'માથુરે મમ મંડલે' વર્ણન છે.

હવે દ્વારકાનો પ્રસંગ વર્ણન કરૂં છું. પ્રેમ, આસકિત અને વ્યસન, બાલલીલા, પ્રૌઢલીલા અને રાજલીલા પ્રેમની સીમાને વટાવી ગયેલાં વ્રજભકતો, શુદ્ધ સાત્વિક ભાવ વ્યસન દશાએ પહોંચેલા દ્વારકાવાળા ઉત્તરાર્દ્ધમાં છેલ્લા અધ્યાયમાં પોતાનું વ્યસન સિદ્ધ થયુ તે વર્ણન કરી દીધું છે.

હવે બન્ને લીલાનું સામ્ય બતાવું છું- જ્યારે ભગવાન કુરુક્ષેત્રમાં ગયા ત્યારે યશોદાજીએ બન્ને પુત્રોને બે બાજુ બેસાડી માથા ઉપર હાથ ફેરવી મુખ ઉપર ચુમી કરી, પુછવા લાગ્યા- બેટા તમો ગયા ત્યારથી મારા તન, મન તમારા પાછળ ફર્યા કરે છે. મારા ૧૧ વર્ષને બાવન દિવસના દીકરા મેં નિર્દયીએ આપી દીધા. મારૂં વ્રજ બધું ઉજ્જળ જેવું થઇ ગયું. રાધા અને ગોપીઓ, ગાયો અને સખાઓ પ્રાણ વગરનાં દેહ ફરતા હોય એવા થઇ ગયા. મેં તમોને કેવા લાડમાં ઉછેર્યા અને તમોને અહીં ફાવે છે કે નહિ કે પછી અમારા જેવી દશા તમારી તો નથી થઇ.

સવારે તમોને મુખ ઉપર ચુમી કરી કોઈ જગાડે છે ખરૂં ? તમોને આ દેવકીજી માખણ રોટી પહેલાં આપે છે કે નહિ. તમોને કોઇ એમ કહે છે કે ગાયો વનમાં ચાલી ગઇ તમો જલ્દીથી બન્ને ભાઇઓ, દાઉ તું તો બાર મહિના મોટો છે, માટે નાનાભાઇનું ધ્યાન રાજજે. કયાંક યમુના ઘણી ઉંડી છે. તમોને કોઇ ગરમ પાણીએ નવરાવે છે. મોર મુકુટ પહેરાવે છે, કમોદની પૌઆ દુધમાં ભીંજાવી અંદર મિશ્રી મેવા નાખી ખવરાવે છે કે શું ? તમો બન્ને ભાઇઓ લડી તો નથી પડતા ? હાય ! મારૂ ગયેલું સર્વ આજે જોયું.

શ્રી યશોદાજીના ઉદગાર સાંભળી શ્રીકૃષ્ણની ૧૮ માતાઓ, ૧૬૧૦૮ (સોળ હજાર એકસો આઠ) રાણીઓ-મહારાણીઓ જેમ ચન્દ્ર ઉપર ગ્રહણ આવે ઝાંખો પડે એમ ઝાંખા પડી ગયી. ત્યાં તો શ્રી રોહીણીજી આંખમાં આંસુ પોંછી ઉભા થયા, કહેવા લાગ્યા- ભાવના સમુદ્રરૂપમાં, તમારા પુત્રો (થાપણ) તમારા ખોળામાં જ છે. બેટા તમારી યશોદામા ને કંઇક તો બોલો.

શ્રીકૃષ્ણ બલદેવ ગદગદ થઇ કહેવા લાગ્યા- આજે અમારી સાચી મા, સાચા બાવા અમોને મલી અમારો બધો ગુપ્ત કલેશ માથે હાથ ફેરવી હરી લીધો.

મા, મા, મા, તું જે ખવરાવતી, પહેરાવતી તેનું તો નામ નિશાન નથી, કે નથી મને કોઇ કન્હૈયો કહેતું. અનંત બ્રહ્માંડને પ્રકટ કરનાર, ક્ષણમાં લય કરનાર, સર્વનો સ્વામી સર્વરૂપથી ક્રીડા કરનાર, શ્રીહરિ એક જ પુરુષ કોઇને આધિન થાય ખરો ?

માએ દામણે બાંધ્યો, શુ બંધાય ખરો ? પ્રેમસ્વરૂપ પ્રેમમય રસ પાત્રમાં જ રહે. શ્રીકૃષ્ણ દ્વારકાનાં રાજા છે. બ્રહ્મા, શિવજી, દેવો, પ્રજાપતિઓ સર્વ એક ક્ષણ ન જંપતા આ પુરુષની આજ્ઞા ઉઠાવી રહ્યા છે તે પરબ્રહ્મ, પરાત્પર પુરૂષોત્તમ નારાયણના નારાયણ મારા પાસે

બેસી પ્રેમના આંસુ પાડે છે. ઓ કમનસીબ માણસો ! જરા વિચાર તો કરો, આ ભક્તિમાર્ગ કેવો બળવાન છે. સર્વના સામર્થ્યને સમાપ્ત કરનાર, પ્રેમમાર્ગમાં પોતાનું સામર્થ્ય સમાપ્ત કરે છે. તે જ માર્ગનું સ્થાપન કરનાર ઘોર કલિકાલમાં શ્રી વલ્લભ, શ્રી વિઠ્ઠલેશ, કોઇના ઘરની બાજરીના દાણા, કોઇના ઘરના ધાણી, કુંભનદાસના ખેતરના ઘઉંનો પોંક, સદુપાંડેની માનો રોટલો અને માખણ, પદ્મનાભ પંડિતજીના ભાફેલા ચણા. આ બાવ વ્રજભક્તોના સમાન નથી કે શું ?

વ્રજમાં ભગવાનને કોઇએ ભગવાન ન માનતા સખા માન્યા. ગોપીજનોએ પોતાના પતિ, માએ દીકરા. વાત્સલ્ય અહીં સમાપ્ત.

હવે દ્વારિકાની મર્યાદાનું વર્ણન કરૂ છુ. સૈશ્વર્ય શક્તિ દ્વારિકા. એક શબ્દ પણ કોઇથી બોલાય નહીં કારણ કે ભગવાનના મહાત્મ્યને સંપુર્ણ જાણકાર ભક્તો ભય સાથે પરમાનંદ પ્રાપ્ત કરનાર ભગવાનની ઘણી ઘણી મર્યાદા રાખનાર ચરણમાં મસ્તક ધરી હાથ જોડી વિનંતી કરનાર સર્વ એટલે પોતાની પ્રિયાઓ સુધી એકરૂપ બનીને !

ધન્ય મારી દ્વારિકા ! ધન્ય મારી સુધર્મા સભા, ભક્તરાજ ઉગ્રસેન, શ્રીકૃષ્ણને ૧૮ માતાઓ, શ્રી વાસુદેવ, શ્રીકૃષ્ણ અને મુખ્ય પ્રધાન સ્વરૂપ શ્રી બલદેવજી, ચાર વ્યુહરૂપ સાથે છ નારાયણ, ૪ વેદો પ્રકટરૂપથી સનતકુમાર, નારદજી સમયાનુસાર, ગરૂડજી સુદર્શનજી, હલ-મુસલ પ્રત્યક્ષ, કૃતવર્મા, સાત્યકી ઉદ્ધવજી તથા અકુરજી પ્રધાન સ્વરૂપ, સર્વ યદુકુલના પુરૂષો શ્રીકૃષ્ણમાં તેજમય ધ્યાન ધરી, ઐશ્વર્યયુક્ત શક્તિ સેવારૂપથી વિદ્યમાન છે. અંતઃપુરમાં પ્રિયાઓની પાછળ પાંચ હજાર દાસીઓ હોવા છતાં શ્રીકૃષ્ણ આગળ પ્રિયાઓ દાસી બની દાસત્વ સિદ્ધ કરી રહી છે.

વૃજનું તો વાત્સલ્ય વ્રજમાં રહ્યું. બોલાવે તો દુરથી જ ભાગી જાય. કદાચ ચંદ્રાવલી જેવું કોઈ આવી ગયુ તો ભગવાન સભા છોડી ક્યાંક સંતાય જાય. દાઉદાદા લાપત્તા. વૈકુંઠમાંથી આનર્ત રાજા માટે ૧૦૦ (એકસો) યોજનનો ટુકડો ભગવાને ભૂતલ ઉપર આ પૃથ્વી સાથે મેળવી દીધો. તે દ્વારિકા ખંડ ગર્ગસંહિતા.

ભગવાને ૧૨૫ વર્ષ પુર્ણ થતાં દેવોની પ્રાર્થનાથી સ્વધામ પધારતાં પાછા વૈકુંઠ ગતિ આપવા કોતુક કર્યું. શ્રાપ નિમિત્ત બતાવી ક્ષત્રિયુદ્ધ પરાયણ કરી દુર્ગતિથી બચાવી રવાના કર્યા પણ આ આસુર વ્યામોહ લીલા નિત્ય નથી. બાકીની દ્વારિકા વૈકુંઠી લીલા નિત્ય છે. યદુકુલ સંહારમાત્ર દેખાવ છે. ભગવાન સ્વયં પીપળાના મુળમા બિરાજી રહ્યા હતા ત્યાં દેવતાઓના વિમાનોનો ઠઠ આકાશમાં જામી ગયો. ભગવાન કેવી રીતે પધારે છે, ભગવાને જે શૃંગાર ધર્યા હતા તે પ્રકટ થયા. કારાવાસમાં તે જ શુંગાર શ્રીઅંગ ઉપર હતા. ભાગવતજી સાથે મેળવી લેજો.

ભગવાને વિચાર્યું કે જો મારા સ્વરૂપથી મને જતાં જોઇ લેશે તો તેનું પરિણામ ઘણું ખરાબ આવશે. યોગીઓ યોગગતિ બળે સારા બહ્માંડમાં જીવીત ફરતા ફરશે એટલો કૌતુકથી આંખ બંધ કરી આગ્નેયી ધારણ કરી અગ્નિ રૂપ થઇ અદશ્ય થયા. આકાશમાં વિજળી ચમકે તેમ અદશ્ય થયા કોઇને ખબર ન પડી વિસ્મય થયેલા દેવો રવાના થયા ફકત ભગવાનના પાર્ષદો ગતિ જાણી ગયા ભગવાનની પ્રિયાઓ શ્રી કૃષ્ણ સ્વરૂપનું ધ્યાન કરી યોગ અગ્નિથી શુદ્ધ કરી દિવ્યરૂપ ધારણ કરી વૈકુંઠમાં પ્રવેશ કર્યો માતાઓ શ્રી વસુદેવજી તેવા પ્રકારે વૈકુંઠ રવાના થયા દેવતાઓ જે યદુકુલમાં પ્રકટ થયા હતા તેમની પ્રિયાઓ પનિ પાછળ પોતાના દેહ ત્યાગ કરી પોત પોતાને સ્થાને રવાના થયા માટે વૈકુંઠ લીલા નિત્ય છે એટલે દ્વારકાની લીલા નિત્ય છે.

દો૦ પંચ પુસ્તિકા પઢતહી, ગણપત સમજ્યો સાર
શ્રી વલ્લભ મહરાજકો, લેખ્યો ચરિત વિચાર

સારા બ્રહ્માંડમાં છઠ્ઠી પુસ્તક નથી. કેમ માત્ર પાંચ છે.

પ્રથમ પુસ્તક પૃથ્વી, પૃથ્વીના સુખ દુઃખ, સારા કર્મ, દુષ્ટ કર્મ કરનાર નરક સમાન ભોગ રોગ ભયગ્રસ્ત ક્ષણમાં કાળના મુખમાં જતાં અનેક દુઃખો ઉઠાવતા બધું જોયું.

દ્વિતીય પુસ્તક જલ જાણો જલના ભેદ, અમૃત જેર વૃષ્ટિથી વિનાશ જલથી મરણ ગુણ દોષથી ભરેલું જોયું.

તૃતીય પુસ્તક વાયુ જોયો વાયુના અનેક ભેદ પ્રાણ અપાન ગેસના ગોળા, પ્રાણની હાની બધું ભણ્યો.

ચતુર્થ પુસ્તક આકાશ જોયુ. જેનું ગહન પણું, વર્ણ નીલ દેખાતું, ભેદ ન મળે તેવું તેવી રીતે ભકત રહે પોતાની ભકિત શકિતનો ભેદ કોઇને ન દેખાડતાં મૌન રહેવું નહીં તો સત્કર્મ, સન્માર્ગ છોડાવી લોકો પોતાના જેવો બનાવી દેશે હોય કંઇ, દેખાડવું કોઇ.

પાંચમું પુસ્તક તેજ જોયું. શ્રી હરિનું તેજ સર્વ તેજસ્વી પુરૂષોમાં અને સુર્ય, ચન્દ્ર, તારા મંડલમાં આખા બ્રહ્માંડમાં શ્રી હરિના તેજસ્વી પણું છે. માટે દિવ્ય પુરૂષ શ્રી કૃષ્ણનું ભજન કરવું.

આ ૯ સુત્રો એવા લખાયા છે કે સર્વ જ્ઞાનનો સમાસ-સમાપ્ત.

લિ. શાસ્ત્રી ગણપતરામના ભગવત્સ્મરણ

પુસ્તક પરિચય

(૧) પુષ્ટિ :

સંપાદક-પ્રકાશક :- ડો. કૃષ્ણકાંત એસ. શાહ
બી-૬, કૉલેજ સ્ટાફ ક્વાટર્સ, ટાઉન હૉલ પાસે, આણંદ-૩૮૮૦૦૧

૧૬ પેઇજી ડેમી સાઇઝ પૃષ્ઠ ૨૪, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઇન્ડીંગ, ટાઇટલ ઉપર શ્રી મહાપ્રભુજી-શ્રીનાથજીના પ્રથમ મિલનનું બહુરંગી ચિત્રજી. મુલ્ય : જય શ્રીકૃષ્ણ બોલો.

સંપાદકશ્રીએ ગો. વા. પિતાશ્રી શાંતિલાલ પાનાચંદ શાહની સ્મૃતિમાં નાનકડી પુસ્તિકાનું પ્રકાશન કરવામાં આવેલ છે. જેમાં પુષ્ટિ સંપ્રદાયમાં વ્રજ, બ્રહ્મસંબંધ, અનન્યાશ્રય, ગુંજામાળા એ સંજ્ઞાઓનો અર્થ, યમુના મહારાણીનું ભવ્ય સ્વરૂપ, ગોવર્ધનધારણ અને ચિરહરણ લીલાનું રહસ્ય મંગળાથી શયન સુધીના વિવિધ દર્શન પ્રણાલી, છપ્પનભોગ અને અન્નકુટના અર્થ તથા સેવા અને નામસ્મરણનું મહત્વ અને મહિમા સુંદર રીતે સરળ ભાષામાં રજુ કરવામાં આવેલ છે.

પુષ્ટિ પ્રેમીઓને માર્ગદર્શન અને પ્રેરણા પુરી પાડનારી પુસ્તિકા :

(૨) પુષ્ટિ ભક્તિ પ્રકાશ :

વક્તા : પું. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ
(મથુરા-પોરબંદર-રાજકોટ) તંત્રી - નવપ્રકાશ
પ્રકાશક : શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ, મહારાજ નિવાસ, મોટી ટાંકી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૧

૮ પેઇજી ડેમી સાઇઝ પૃષ્ઠ ૪૮+૬=૫૪, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઇન્ડીંગ, ટાઇટલ કાર્ડ બોર્ડ લેમીનેશનનોળું, અને ૧૯૯૫માં યુ. કે. પ્રવાસ દરમિયાન કરેલા પ્રવચનોમાંથી બે પ્રવચનોનો સંગ્રહ આ પુસ્તિકામાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) કોવેન્ટ્રીમાં થયેલ પ્રવચન "પુષ્ટિ ભક્તિનું વ્યાવહારિક સ્વરૂપ"

આ પ્રવચનમાં સેવાની સાથે સાથે કથા, કીર્તન, શ્રવણ ઇત્યાદિકને પણ શ્રી મહાપ્રભુજીએ કર્તવ્યના રૂપમાં બતાવ્યા છે જેનું વિસ્તારપુર્વક વિવેચન ખાસ કરીને પુષ્ટિમાર્ગના યુવા વર્ગને અપીલ કરે એવી શૈલીનું પ્રવચન છે.

(૨) લંડનમાં થયેલ પ્રવચન- 'પષ્ટિભક્તિમાર્ગમાં કીર્તન-ભક્તિ'

આ બીજા પ્રવચનમાં પુષ્ટિમાર્ગમાં કીર્તનભક્તિનું સ્થાન એ વિષય પર કહેતા એક મહત્વપુર્ણ વાત તેમાં કહેવામાં આવી છે કે આવા ઘોર કલિકાલની અંદર પણ મહાનુભાવોના રચેલા કીર્તનોમાં જો કોઇ એકાગ્ર થઇ જાય અને કીર્તનમાં સ્વર-તાલ, શબ્દ-અર્થ અને રહસ્યમાં ગરકાવ થઇ જાય. સાક્ષાત પ્રભુનો પ્રત્યક્ષ અનુભવ થઇ શકે છે અને ઇતિહાસ તરફ દ્રષ્ટિપાત કરતાં પ્રતીત થાય છે કે ઘણાંઓને એ અનુભવ થયો છે.

બન્ને પ્રવચનો મનનીય છે અને એક બેઠકે વાંચી શકાય તેવી શૈલીમાં થયેલ છે, તદનુસાર લિપિબદ્ધ થયા છે. પ્રત્યેક વૈષ્ણવે આ પ્રેરણાદાયી પ્રવચનોના સંગ્રહયુકત આ પુસ્તિકા વસાવી અને તેનું નિરંતર આ પુસ્તિકાનું વાચન અને મનન કરવાનો અનુરોધ કરીએ છીએ.

(૩) જગતગુરુ શ્રીમદ વલ્લભાચાર્યજી :

લેખક : શ્રી જેઠાલાલ છો. શાહ (ઊર્મિલ)

પ્રકાશક : અરવિંદાબેન એ. શાહ
શ્રુતિ પ્રકાશન, ૧૨/બી, મહર્ષિ એપાર્ટમેન્ટસ, રૂપાપરા, આણંદ.

૮ પેઇજી ડેમી સાઇઝ પૃષ્ઠ ૯૫, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઇન્ડીંગ, કાર્ડબોર્ડ ટાઇટલ, ન્યોછાવર રૂ. ૧૫/-

આ પુસ્તકમાં ચાર પ્રકરણો છે–

(૧) ૧લા પ્રકરણમાં જગતગુરુ શ્રી વલ્લભાચાર્યજીનું સંપુર્ણ જીવન ચરિત્ર સુંદર રીતે વર્ણવેલ છે, તદુપરાંત આપશ્રી રચિત ગ્રંથો વિષે સંક્ષિપ્ત માહિતી સમાવેલ છે.

(૨) બીજા પ્રકરણમાં શ્રી વલ્લભવંશજ શ્રી ગોપીનાથજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી ગોકુલનાથજી, શ્રી હરિરાયજી, શ્રી પુરૂષોત્તમજી, શ્રી યોગી ગોપેશ્વરજી મહારાજના સંક્ષિપ્ત જીવન ચરિત્ર તથા તેમની પુષ્ટિ સાહિત્ય સેવાનો ઉલ્લેખ છે.

(૩) ત્રીજા પ્રકરણમાં આપશ્રીએ પ્રગટ કરેલ શુદ્ધાદ્વૈત માર્ગનું વિશદ વિવરણ સંદર્ભ સાથે સુંદર રીતે કરવામાં આવ્યું છે.

(૪) ચોથા પ્રકરણમાં પુષ્ટિમાર્ગની સાચી સરળ સમજણ વિવિધ ગ્રંથોના સંદર્ભ સાથે રજુ કરેલ છે.

પુષ્ટિ સંપ્રદાય ચાહક, અભ્યાસી વિદ્વદજનોને પણ ઉપયોગી પુસ્તક :

(૪) શ્રીમદ ભાગવત એક અધ્યયન :

લેખક : પ. ભ. જેઠાલાલ છોટાલાલ શાહ (ઊર્મિલ)

પ્રકાશક : શ્રી વલ્લભવિઠ્ઠલ ગ્રંથ પ્રકાશન મંડળ ટ્રસ્ટ, C/o. જીતેન્દ્ર એમ. વજીર
'ભાવના' સી–૯, ચોથે માળે, એસ. વી. રોડ, કાંદીવલી (પશ્ચિમ) મુંબઇ–૪૦૦૦૬૭

૮ પેઇજી ડેમી સઇઝ પૃષ્ઠ ૫૬, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઇન્ડીંગ, કાર્ડબોર્ડ ટાઇટલ, મુલ્ય રૂ. ૭/- (સાત).

શ્રીમદ ભાગવત સંબંધી સંશોધનાત્મક લેખો, પુસ્તકો વિગેરે તેમજ ભાગવત પરની વિવિધ ટીકાઓ વ્યાખ્યાનો વિગેરેના ઊંડા અભ્યાસપુર્વક અને શ્રી આચાર્યચરણના દષ્ટિકોણને કેન્દ્રમાં રાખી લેખકે આ પુસ્તકમાં ભાગવત પર ખુબ જ સુંદર મનનીય લેખન કર્યું છે.

શ્રીમદ ભાગવત અને પુષ્ટિ સાહિત્યના અભ્યાસી વિદ્વદજનોને ઉપયોગી સંશોધનાત્મક સામગ્રીયુકત પુસ્તક :

(૫) જો પેં શ્રી વલ્લભરૂપ ન જાને–

લેખક : મુખીયાજી મથુરદાસ જીવરાજ મહેતા (હીંગનઘાટવાળા)
સંપાદક : રવજીભાઈ પ. પટેલ
પ્રકાશક : શ્રી સર્વોત્તમ સ્તોત્ર પ્રચારક મંડળ (ધો.)
'અમૃત' જલારામ–૧, માર્ગ–૩, યુનીવર્સીટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫

૮ પેઇજી ડેમી સાઇઝ, પાના ૩૦+૧૦=૪૦, પીન બાઇન્ડીંગ, રંગીન કાર્ડ લેમીનેશનવાળા, ટાઇટલ ઉપર શ્રી મહાપ્રભુજીના ચિત્રજી, ન્યોછાવર રૂા. ૧૦/– (દશ) પોસ્ટેજ રૂા. ૨/– (બે).

નાની પુસ્તિકામાં 'જો પેં શ્રી વલ્લભ રૂપ ન જાને' તૃતીય ગૃહસ્થ શ્રી ગિરધરજીએ લખેલ શ્રી સર્વોત્તમ સ્તોત્રજી પરનું પદ છે તેનું વિવેચન ખુબજ સરલ શૈલીમાં કર્યું છે. શ્રી મહાપ્રભુનું દિવ્યતમ નિગુઢ રસાત્મક સ્વરૂપનું વર્ણન સુંદર રીતે કર્યું છે, તેમના સ્વરૂપનું યશોગાન કરેલ છે. તેમાં પ્રાકટયનું કારણ અવતારલીલા સરસ રીતે રજુ કરેલ છે. જુદા જુદા સ્તોત્રો, પદ વિ. નો આધાર લઇને યથાર્થ વાતો રજુ કરી છે જે ખુબજ સરાહનીય છે અને તે માટે અભિનંદનના અધિકારી છે.

ઉપરાંત શ્રી ગુસાંઇજીનો પત્ર એમના પુત્ર પ્રત્યેનો છે. જે મનનીય અને ચિંતનીય છે. તેનું વિવરણ શ્રી નવનીતપ્રિય શાસ્ત્રીજીએ લખેલ છે. એ પત્રમાં એ વખતનો સમય, પરંપરા, શિષ્ટાચાર નાદર્શન થાય છે તેનું પુસ્તકમાં થયું છે.

વૈષ્ણવ સમાજને ખુબ જ ઉપયોગી પુસ્તિકા.

૭ નમો ભગવતે કૃષ્ણાયાદ્ ભુત કર્મણે

સંપાદક ૬ મુજબ
પ્રાપ્તિ સ્થાન ૬ મુજબ

શ્રીમદ ભાગવતજીમાં જે સ્તુતિઓ વર્ણવેલ છે તે પૈકી નવ સ્તુતિઓ પુસ્તિકામાં શ્લોક તે । અર્થ અને પુર્વ કથા પણ વર્ણવેલ છે આથી આપણે સ્તુતિનો ભાવ સપજી શકીએ અને આનંદ મળી શકાય છે, જે નવ સ્તુતિ આપેલ છે તે આ પ્રમાણે કરે ૧ કુંતાજી, ૨ ભિષ્મપિતામહ ૩ કદર્પઋષિ ૪ ધ્રુવજી ૫ પૃથરાજા ૬ વૃત્રાસુરના વધ માટે દેવોએ કરેલી સ્તુતિ ૭ વૃત્રાસુર ૮ દેવોએ કરેલ ભગવાન નૃસિંહજીની સ્તુતિ ૯ પ્રહલાદજી.

આ સ્તુતિનું પઠન–પાઠન કરીને આનંદ પ્રાપ્ત થશે.

૮. ભરોસે દ્રઢ ઇન ચરનન કેરો

સંપાદક ૭ મુજબ
પ્રાપ્તિ સ્થાન ૭ મુજબ

આ પુસ્તિકામાં પુષ્ટિ સંપ્રદાયમાં જે સુરસાગર બિરૂદ શ્રીમદ વલ્લભાચાર્યજીએ સુરદાસજીને આપેલ તેના નામ ઉપર જ દીનતા, મહાત્મ્ય શિક્ષા આશરા, વ્રજ મહિમા અને ભકત મહિમાના પદો રાગનો નામ સાથે આપેલા છે વિશેષમાં પદોમાં જે વ્રજ ભાષાના શબ્દો આવતા હોય તેનો ગુજરાતી અર્થ અલગ પાના ઉપર આપેલ છે જેથી આપણે પદનો ભાવ સમજી શકીએ મને આનંદ વિશેષ માણી શકીએ છીએ.

એક જ પુસ્તિકામાં ઉપર મુજબ બધા પદોના સમાવેશ કરીને સંપાદક કરીએ સુંદર સંકલન કરેલ છે, નિત્ય નિયમમાં બવાતા વૈષ્ણવો સત્સંગ મંડળો ઉપયોગી છે જે વસાવવા લાયક છે.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ (યુ. કે.)

પ્રતિવર્ષ મુજબ આ સંસ્થા શ્રીમદ વલ્લભાચાર્ય શ્રી મહ પ્રભુજીનાં પ્રાગટય મહોત્સવનું આયોજન કરે છે આ વર્ષે પણ લંડનની શાખાએ તેમજ લેસ્ટરની શાખાએ અનુક્રમે તા. ૩-૫-૯૭ અને ૪-૫-૯૭ ના રોજ અલૌકિક ઉત્સવનું આયોજન કરેલ તે સમયે એક સુંદર પુસ્તિકા પ્રકાશિત કરેલ જેમાં શ્રીજીની પ્રતિદિન આઠ સમાની જે ઝંખી થાય છે તે વર્ણવેલ છે ઉપરાંત શ્રી મહાપ્રભુજીએ ષોડશ ગ્રંથ રચ્યા છે તેની ક્રમવાર ષોડશગ્રંથના નામ અને દરેક ગ્રંથ કયારે રચ્યા, કયા વૈષ્ણવને શું મુંજવણ હતી તે પ્રમાણે માહિતિ ટુંકમાં પરંતુ સુંદર રીતે સંકલન કરેલ છે જે ખરેખર અભિનંદીય છે. પુસ્તિકાના મુખ પૃષ્ટ ઉપર સુંદર રંગીન શ્રી મહાપ્રભુજીનું ચિત્ર પધરાવેલ છે. કાગળ અને છપકામ પણ અતિસુંદર છે.

વિદેશમાં પણ વલ્લભી વૈષ્ણવ શ્રીજીની સેવા કરતા હોય છે ઉપરાંત આવી સંસ્થા દ્વારા પુષ્ટિ સંપ્રદાયના પ્રચાર-પ્રસારથી વૈષ્ણવને માર્ગદર્શન મળતું રહેતુ હોય છે વિશેષ આનંદની વાત એ છે કે શ્રીમહાપ્રભુજીએ મુખ્ય બે વાત સેવા અને સત્સંગ કથાની કરેલી છે તેમાં આ સંસ્થા દ્વારા દર અઠવાડીયે લંડનમાં દર શુક્રવારે પ. ભ. સુરેશભાઈ તથા પા ભ. પ્રમીલાબેનને ઘેર સત્સંગનું આયોજન કરવામાં આવેલ છે જે પ્રેરણાદયી છે.

અમો આનંદ વ્યકત કરીએ છીએ અને ધન્યવાદ પાઠવીએ છીએ.

(૧) અગ્નિ કુંડ (માસિક)

તંત્રી શ્રી શશીકાંત પરીખ
પ્રકાશક શ્રી પુષ્ટિ સેવા સુધા
૩/બી, બ્લુ સ્કાય, કાર્ટર રોડ નં. ૫
બોરીવલી (પુર્વ) મુંબઇ ૪૦૦૦૬૬

વાર્ષિક લવાજમ રૂ. ૫૦/ પરદેશ માટે રૂ. ૫૦૦/- પુષ્ટિ માર્ગમાં પ્રકાશિત થતાં ૧૦-૧૨ સામાયિકો એકનો વધારો થય છે.

આ માસિકના પ્રકાશકોનું ધ્યેય છે જે ક્ષેત્રોમાં અન્ય માસિકોનો પ્રચાર પ્રસાર મર્યાદિત છે એવા ક્ષેત્રોમાં ખાસ પ્રયત્ન કરી, શ્રી વલ્લભ વિચારને પહોંચાડવો.

શ્રી મહાપ્રભુજીના શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ સરળ રીતે રજુ કરી તેનો પ્રસાર પ્રચાર કરવો અને વિચાર બંને પર ભાર મુકવો જે શાશ્વત સિદ્ધાંતો શ્રી મહાપ્રભુજીએ સ્વીકાર કર્યો છે એનું યથાર્થ અર્થ ઘટન કરી તેની સરલ રજુઆત કરવી, તેમના ગ્રંથોમાંના પ્રમાણો આપી પ્રેમ લક્ષણા ભકિતના ઉમદા સ્વરૂપને બુદ્ધિ ગમ્ય અને સર્વ સંમત પ્રમાણો દ્વારા પુષ્ટિ કરવું 'ભકિત'ના સ્વરૂપમાં 'પુષ્ટિ ભકિત'ની શ્રેષ્ઠતા સિદ્ધ કરવી.

(૨) મુકત વાણી (માસિક)

માનદ તંત્રી પ્રા. રાજન કડિયા
પ્રકાશક શ્રી સદગુરૂ સેવા ટ્રસ્ટ
'સેવા' ૭/અંબીકા નગર
બી. કે. સિનેમા પાસે, મહેસાણા-૩૮૪૦૨

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/ પરદેશમાં રૂા. ૪૦૦/-

હજારો વર્ષોથી ભારતની સંત ભુમિમાં અવતરેલા ઋષિ-મુનિઓ ધર્માચાર્યો તત્વચિંતકો ભકતો અને અવધુતોની, જીવન મુકત બનેલા મહાત્માઓની વાણીનું જ આચમન કરવાની તક "મુકતવાણી" માસિક આપે છે.

જનરલ વાતોનો બધા સંપ્રદાયોના વિચારોનો આ માસિકમાં સમાવેશ છે !

વાગે વૃંદાવનમાં વાંસળી રે

સંપાદક : શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ

પ્રાપ્તિ સ્થાન।
શ્રી પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ સમાજ
કાંદીવલી (પુર્વ) મુંબઈ ૪૦૦૧૦૧
ન્યોછાવર રૂા. ૧૦ – રૂા. ૩ પોસ્ટેજ

શ્રીમદ ભાગવતૂમાં દશમ સ્કંધમાં શ્રી ઠાકોરજીની બાળલીલાઓ વર્ણવેલી છે અઢારમાં અધ્યાયમાં વેણુગીત આવે છે જેમાં ગોપીઓ યશોદા મૈયા પાસે વેણુગીતનું વર્ણન કરે છે શ્રી ઠાકોરજી બલરામજી અને ગોપો સાથે વૃન્દાવનમાં આવે છે અને શ્રી ઠાકોરજી જે વેણુકુંજન કર્યું તે ગોપીઓએ દિવ્ય દ્રષ્ટિથી જે શ્રવણ અને દર્શન કર્યું તે વર્ણવે છે આ વેણુગીતમાં શ્રી કાકોરજીના ઐશ્વર્યાદિ ૬ ગુણોનું વર્ણન આવે છે આ વેણુગીતથી જે કૃપા પાત્ર ભાગ્યવાન પશુ–પક્ષી, જલ, ગિરિરાજ, પુલિન્દી–ભિલડીઓ ધન્ય બન્યા જે જડ હતા તે ચેતન બન્યા અને જે ચેતન હતા. તે જડ બન્યા.

આમ વેણુગીત અન્ય ગીતો કરતાં વધુ ગુઢ છે. સંપાદકશ્રી એ વેણુગીતના સંસ્કૃત શ્લોક સાથે શબ્દ અને શબ્દ સમુહનો અન્વાર્થ તેમજ ગુજરાતી અનુવાદ આપેલ છે. સાથો સાથ વેણુગીતની શ્રી વલ્લભાચાર્યની સુબોધિજીની ટીકા અને ઉપરોક્ત વિવરણ પણ આપેલ છે આ વેણુગીતની ગુઢતા આ પુસ્તિકા આપણને કંઈક સરળતા કરી આપે છે. જેનું શ્રેય સંપાદકશ્રીના શ્રમને આભારી છે.

દરેક વૈષ્ણવ આ પુસ્તક વસાવે જેથી વારંભાર તેનું પઠન પાઠન કરવાથી આપણે વેણુગીતનો ભાવ સમજી શકીશું સંપાદશ્રીને ખુબ જ ધન્યવાદ અને આવી પુસ્તિકા દ્વારા પુષ્ટિ માર્ગનો પ્રચાર–પ્રસાર કરે જેથી વૈષ્ણવોના ભાવનું ઉદીપન થયા કરે.

વ્રજયાત્રા વખતે વાંચન–મનન કરવા
"શ્રી મથુરા વ્રજ મંડળ યાને વ્રજ દર્શન"
પુસ્તક સાથે રાખો

સોળ પેઇજી ક્રાઉન સાઇઝ પાના ૭૦૦ ઉપરાંત પાકા બાઇન્ડીંગનું પ્લાસ્ટીક કવરવાળું પુસ્તક જેમાં વ્રજના લીલા સ્થળોનું વર્ણન માહાત્મ્ય, દ્રષ્ટાંત, ધોળ–પદ સાથેનું અનુપમ સંકલન છે.

થોડી નકલો રહી છે માટે વહેલાસર વસાવી લેવા અનુરોધ છે.

ન્યોછાવર રૂા. ૫૦/– અને રજી. પોસ્ટેજના રૂા. ૨૦ મળી કુલ રૂા. ૭૦/– મ. ઓ. થી મોકલાવવા.

રવજી પ. પટેલ

'અમૃત' જલારામ ૧ માર્ગ ૩
યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on third date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P48

દાણ લીલા

[ઢાળ નહીં જાઉ પનઘટ પણી ભરવા]

કેમ જાઉં મથુરા મહીં વેચવા સાહેલડી
મોહન રોકે છે મારી વાટડી
મારગમાં આવીને આડા ઉભા રહે
મીઠું મીઠું બોલે ને દાન દેવા કહે
ચુંદડીનો છેડલો તાણે સાહેલડી
સંગની સાહેલી સહુ આગળ જાવા માંડે
મોહનજી મારી પાસે આવવા માંડે
ઘુંઘટના પટ ખોલે સાહેલડી
મહીડા ઢોળાય મારી ચુંદડી ભીંજાય છે.
નણદી તો મેણા મારે સાસુ ખીજાય છે.
મનમાં તો કાંઇ કાંઇ થાય સાહેલડી

જો નહી જાઉં મહીં વેચવા તો ના ગમે
તન મન પ્રાણ મારા પ્રીતમ માંહી રમે
મુખ પ્રભા ક્ષણના વિસરાય સાહેલડી

ગો. શ્રી વ્રજલતા વહુજી, જામનગર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રમણભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૧
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ-૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૩૬૨૧૩૮

શ્રી વલ્લભ સુધા

વચન સુધા

"વળી કહ્યું કે શ્રીકૃષ્ણ જે શ્રીપુર્ણપુરુષોત્તમ છે તેની પ્રાપ્તિ શ્રી મહાપ્રભુજીની કૃપાથી થાય છે. શ્રી ભગવાનના બીજા અવતાર તો ઘણા થયા છે, જેટલાં ભગવાનના મસ્તકના કેશ તેટલા ભગવાનના અવતાર છે. પણ તે કોઇથી ભગવદ પ્રાપ્તિ થાય નહીં.

વળી પુછ્યું જે મહારાજ ! મહાભારતમાં જેને ભગવાને માર્યા તેને વૈકુંઠ પ્રાપ્તિ થઇ તે તો ઠીક જ થઇ પણ કેટલાકને અર્જુને માર્યા છે પણ તે સર્વેને પોતાના લોકની પ્રાપ્તિ થઈ, સર્વેને વૈકુંઠ મળ્યું તેનું કારણ શું ? તો કહ્યું કે તે બધાને ભગવાને માર્યા છે બીજાનું તો એક નિમિત માત્ર છે. "નિમિત્ત માત્રં ભવ સવ્ય સાચિનૂ" તેથી પોતાના લોકની પ્રાપ્તિ થઇ એમ જાણવું.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૨૭

● આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ●

વર્ષ ૧૬ : અંક ૭ ● ઓકટોમ્બર, ૧૯૯૭
શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ● આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

પુસ્તક પરિચય

૧. શ્રીમદ્ ભગવદ્ ગીતા-પુષ્ટિ દર્શન

સંપાદક - પૂ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય. વડોદરા
પ્રકાશક - આ. વા. પુ. વૈ. પરિષદ. ગુજરાત પ્રદેશ
૧૬૨-બી, શ્રેયીપાર્ક. અકોટા સ્ટેડીયમ સામે, અકોટા. વડોદરા-૩૯૦૦૨૦

આઠ પેઈજી ડેમીસાઈજ પૃષ્ઠ ૨૩૩, ઓફસેટ પ્રિન્ટીંગ આર્ટ પેપર લેમીનેશન ટાઈટલ ઉપર શ્રીકૃષ્ણ અર્જુન રથમાં બિરાજેલ બહુરંગો ચિત્રજી તેમજ પુસ્તકની અંદર શ્રીનાથજી, શ્રી યમુનાજી. શ્રી મહાપ્રભુજી. શ્રી કલ્યાણરાય પ્રભુ. શ્રી દ્વારકાધીશ પ્રભુ, શ્રી ગોવર્ધન લીલા તેમજ વિષયને અનુરૂપ અન્ય બહુરંગી ચિત્રજી સામેલ કરેલ છે.

ન્યોછાવર રૂા. ૪૦/- પોસ્ટેજ અલગ

શ્રી ગીતાજીને સ્મૃતિના સ્વરૂપમાં કે કોઈ સ્થાને પુરાણ સ્વરૂપે તેમજ પ્રમાણરૂપે સ્વીકારવામાં આવેલ છે.

આ શ્રી ગીતાજીમાં વર્ણવેલ કર્મ, જ્ઞાન. ભક્તિ, વિવાદ, સાંખ્ય, યોગ, સન્યાસ વિગેરે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ તે સર્વ કોઈનો સંબંધ તથા સમર્પણ પ્રભુ સાથે જોડી કઈ રીતે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવી જીવન નિર્વાહ કરી શકાય તે સરળ રીતે સફળતાપુર્વક આ પુસ્તકમાં સમજાવવામાં આવેલ છે.

શ્રી ગીતાજીના દરેક અધ્યાયના રહસ્યનું સુંદર રીતે નિરૂપણ કરવામાં આવેલ છે. જે દરેક પુષ્ટિમાર્ગીયને જીવનોપયોગી સાબિત થશે.

મુદ્રણદોષ નિવારવા જરૂરી છે.

૨. શ્રી સર્વોત્તમ માધુર્ય અવગાહન

લેખક - સોની ધીરજલાલ ઘેલાભાઈ ધીણોજ
પ્રકાશક - સોની કરસનદાસ વિઠલજી ધીણોજ
પ્રાપ્તિસ્થાન - શ્રી શુદ્ધાદ્વૈત વે. પાઠશાળા
મોટી હવેલી, વડી દરવાજા પાસે. ગોંડલ-૩૬૦૩૧૧

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૫૭. ઓફસેટ પ્રિન્ટીંગ. પીન બાઈન્ડીંગ, આર્ટ પેપર લેમીનેશન ટાઈટલ ઉપર શ્રી ગુસાંઈજી શ્રીનાથજીને શ્રૃંગાર ધરાવી રહ્યા છે-સખાઓ કીર્તન કરી રહ્યા છે તેવું બહુરંગી ચિત્રજી. ન્યોછાવર રૂ. ૨૦- પોસ્ટેજ રૂ ૭-

પૂ. પા. ગો. શ્રી વ્રજભૂષણલાલજી મહારાજશ્રી (કાંકરોલી) દ્વારા પ્રકાશિત 'સર્વોત્તમ સ્તોત્ર" સચિત્ર પુસ્તકના આધારે સરલ ગુજરાતી ભાષાંતર છે.

શ્રી સર્વોત્તમ સ્તોત્રમાં શ્રી મહાપ્રભુજીના ૧૦૮ નામ છે તે સર્વે અર્થ ચરિત્ર અને સંગતિ સાથે આ પુસ્તકમાં સરળ ગુજરાતીમાં સમજાવવામાં આવેલ છે.

તદુપરાંત શ્રી સર્વોત્તમ સ્તોત્ર મુળ પાઠ શ્રી સર્વોત્તમ નામાવલી, તેમજ ગુજરાતી ધોળનો પણ સમાવેશ કરાયેલ છે.

વૈષ્ણવો તથા પુષ્ટિ સાહિત્યના વિદ્વંત જનને ઉપયોગી પુસ્તક.

(૩) મૃત્યુ : પુષ્ટિમાર્ગીય દૃષ્ટિ કોણ

લેખક - પ્રા. રમેશભાઈ વિ. પરીખ
પ્રકાશક - શ્રી હરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ 'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજું સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ **વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ।
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

।। શ્રી હરિઃ ।।

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૭ ✻ ઓકટોમ્બર ૧૯૯૭

મનને શિક્ષા

શ્રીવલ્લભ અબતો ભયો તીહારો ॥
જન્મ જન્મ કો મેં અપરાધી યમ લિખિ લિખિકે હાર્યો ।૧।
સપને હું સુકૃત નહીં કીનો, ભર્યો પાપ ભંડારો ।
તુમસો કહા કહું કરુણાનીધિ સકુચ હોત જીય ભારો ।૨।
વૈશ્વાનર સબસુખ કેં દાતા, સુની મન ધિરજધારો ।
'રસિકદાસ' જન બડી ઠોરકે કહા કહેં અન્ય રિપુ બિચારે ।૩।

: ભાવાર્થ :

હે શ્રી વલ્લભ ! હવે તો હું આપનોદાસ થયો છું. હે ! શ્રીવલ્લભ હું જન્મો જન્મથી એટલા અપરાધો કરતો આવ્યો છું કે યમરાજા પણ મારા પાપ લખી લખીને થાકી ગયાં, અરે ! મેં સ્વપ્નામાં પણ કંઇ સત્કાર્ય નથી કર્યું માત્ર પાપનો ભંડાર ભર્યો છે.

હે શ્રી કરુણાનિધિ, શ્રી મહાપ્રભુજી આપને હું કયે મોઢે વિનતિ કરૂં. જીવને ભારે સંકોચ થાય છે. પણ આપ વૈશ્વાનર (અગ્નિ સ્વરૂપ છો. જીવના સર્વે દોષોનો દાહ કરી પ્રભુ સેવા કરવા લાયક જીવને બનાવો છો.) છો સર્વે સુખના દાતા છો. આ સાંભળીને મનમાં ધીરજ બંધાય છે. શ્રી રસિકદાસજી (શ્રી મટુજી) મહારાજના જન (સેવકો) મોટી વગના છે (પુષ્ટિમાર્ગમાં દીક્ષિત થયાં છે) તેથી બીજા શત્રુઓ બીચારા શું કહી શકવાના.

શ્રી વલ્લભ દર્શનનું તાત્ત્વિક વિવેચન

[યુ. કે. માં થયેલું એક પ્રવચન]

વકતા : **પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ** (મથુરા–પોરબંદર–રાજકોટ)

–ગતાંકથી ચાલુ

કૃષ્ણને માટે 'આદિમૂર્તિ' શબ્દ કહ્યો છે અને જે મૂર્તિ છે એમાં તો આપણે સ્થુલ આકાર આપણી આંખોથી જોઇને શકીએ છીએ. બાલકૃષ્ણનું સ્વરૂપ છે. અથવા મુર્તિ આપણે જોઇએ છીએ કે આ બાલકૃષ્ણ છે એ આકાર છે પરંતુ એ આકાર પોતે તો એમાં સત્ ચિદ્ એને આનંદ સ્થુલ આકાર જ્યાં સુધી આપણને દેખાતો હોય ત્યાં સુધી તો એ ભૌતિક આનંદ છે કે જેને આપણે એમ પણ વિચારી શકીએ કે આ મુર્તિ કઇ ધાતુની બનેલી છે. એ બધું એના ભૌતિક સ્વરૂપની દૃષ્ટિએ વિચારવાવું કે સોનાની છે, પિત્તળની છે કે સપ્તધાતુના મિશ્રણથી બનેલ છે, યા પત્થરની બનેલી છે, યા લોખંડની બનેલી છે આ એનો સ્થુલ આકાર થયો એનું ભૌતિક રૂપ થયુ અને એને આપણે પ્રાણપ્રતિષ્ઠા દ્વારા એ મુર્તિની અંદર જ્યારે કોઇ દેવતા વિશેષ અથવા વિભુતિનો આવિર્ભાવ વૈદિક મંત્રોચ્ચાર દ્વારા કરવામાં આવે છે, ત્યારે એ સ્થુલ આકારને આવશે પછી અર્ચાવતાર કહીએ છીએ. શાસ્ત્રીય ભાષામાં જે અર્ચાવતાર કહેવાય એની અંદર જે ભકતની ભાવના અથવા પુજા કરવાવાળાની જે સ્પીરીટ હોય તે સ્પીરીટથી– એ સ્પીરીટ વાસ્તવમાં એની પોતાની નથી પરંતુ એ ઇશ્વર સાથે એણે કોઇને કોઇ રૂપમાં પોતાના મનનું તાદાત્મ્ય થાય. તો એ વિભુતિરૂપમાં એ ચેતના પ્રગટ થાય છે એની અંદર જેને આપણે પુસ્તકોમાં વાંચીએ તો આપણે એને મીરેકલ કહીએ છીએ. ઘણા લોકો એને મીરેકલ સમજે છે કે ચમત્કાર છે ! ચમત્કાર નથી. ચમત્કાર તો જે કાંઇ છે એ એક આંખોને બાંધી લેવાની પ્રક્રિયા એ ચમત્કાર છે. જેને આપણે મેજીક પણ કહી શકીએ એવું જેમ મેજીક જાદુગર આવે કોઇ અને એ જાદુગર પોતાની માયાજાળથી અનેક પ્રકારના પ્રયોગો સ્ટેજ ઉપર કરે એમાં તમે એ પણ જોયું છે કે છોકરીને ટેબલ ઉપર સુવડાવે અને વચમાંથી તલવારથી બે ભાગ કરે. એવું આપણને દેખાડે પરંતુ આપણે એ બધુ જોઇને હેરત પામીએ. નાનો છોકરો તો ડરી પણ જાય કદાચ. પરંતુ આપણા બધાના મનમાં એ સ્પષ્ટ છે કે આ છોકરી મરતી નથી, કારણ કે જો એ મરતી હોય તો એ છોકરી એમાં ભાગ જ કેમ લ્યે ? એ તો સ્પષ્ટ છે કે જેમ નાટક ફિલમની અંદર કોઇ મરી જાય તો ઘણા બૈરાઓ સોબીંગ કરવા મંડે, રડવા મંડે, છોકરાઓ હોય એ ડરી જાય, પરંતુ જે જાણે છે કે આતો ફીલ્મની અંદર મરવાનું એકટીંગ કરે છે તો આ એવું નથી.

આ જે ચેતના પ્રગટ યાય છે એ આપણામાં ભગવાને એના અંશની ચેતના છે અને મુળ ચેતના પણ છે. આ બેય ચેતના જ્યારે પરસ્પર એનો સંવાદ, એક હાર્મની થાય છે ત્યારે એ ચેતના પરમ ચેતના પ્રગટ થઇ જાય છે. આ પ્રગટ થવાનો એક સુક્ષ્મ પ્રકાર છે.

સ્થુળ બુદ્ધિથી, સ્થુળ દૃષ્ટિથી એ કોઇ રીતે સમજાવી શકાય એમ નથી, કારણ કે સ્થુલ બુદ્ધિથી આપણે પ્રશ્ન કરીએ કે ભાઇ ! આ જગત કોણે બનાવ્યુ ? જવાબ આવે કે ઇશ્વરે બનાવ્યુ. ત્યાં સુધી જ આપણો જવાબ. ઇશ્વરને કોણે બનાવ્યો ? ત્યાં બોલતી બંધ થઇ જાય, કારણ કે એ અનાવસ્થા થઇ જાય.

હવે આપણે એમ કહીએ કે ઇશ્વરને પરમ ઇશ્વરે બનાવ્યો, તો પરમ ઇશ્વરને કોણે બનાવ્યો ? તો પરમ–પરમ ઇશ્વરે બનાવ્યો. એમ કરતાં કરતાં આપણે ચર્ચા કર્યા જ રાખીએ, એનો કોઈ અંત ન આવે. એને શાસ્ત્રીય ભાષામાં અનાવસ્થા કહે છે. અનાવસ્થા થઇ જાય. એટલે તો શાસ્ત્રો કહે છે કે– "યતો વાચો નિવર્તન્તે અપ્રાપ્ય મનસા સઃ" કારણ કે એ શું છે ? એ જાણતા જાણતા આપણી મન ને વાણી થાકી જાય, છતાં આપણે આપણી બુદ્ધિથી કોઇ નિર્ણય તર્કથી ન કરી શકીએ, પરંતુ એ પોતપોતાનું રૂપ પ્રગટ કરી દીએ અને એ રૂપ પ્રકટ કરી દીએ ત્યારે એમાંથી પણ આપણને વિશ્વાસ થઇ જાય એ તો એક નેચરલ છે કે સામે જોઇ લઇએ છીએ પછી કોઇ પ્રમાણની જરૂર ન રહે. પણ સામે એ પ્રગટ નથી થતો ત્યાં સુધી એનું જે નામાત્મક સ્વરૂપ જે ગ્રંથોના રૂપમાં, શાસ્ત્રના રૂપમાં, કથાના રૂપમાં, પુરાણના રૂપમાં પ્રગટ થયું છે એ નામ પણ જે છે એ રૂપનું જ નામ છે. એ એનું નામ પણ જે છે એ રૂપનું જ નામ છે. એ એનું નામાત્મક સ્વરૂપ કહેવાય. એ એનું કથાનું શ્રવણ, કીર્તન કરતાં કરતાં એ રૂપ જે એનો આકાર છે એ આકાર આપણા હૃદયની અંદર આપણે મહેસુસ કરી શકીએ છીએ. અને એ મહેસુસ કરવા લાગીએ પછી મહાપ્રભુજી કહે છે કે **"ક્લિશ્યમાનાન જનાન દૃષ્ટવા કૃપાયુકતો યદા ભવેત તદા સર્વં સદાનંદમ હૃદીસ્થં નિર્ગત બહી."** એની પહેલાં યુગલગીતની સુબોધિનીજીની કારિકામાં એ વાત કરી હતી કે પહેલાં તો કથા અને શાસ્ત્રોના શ્રવણ કરીને એ પ્રભુને હૃદયની અંદર સ્થાપિત કરવા એટલે હૃદયની અંદર જે ચેતના છે, એ ચેતનાની અંદર એક વિશેષતાનું સ્થાપન થયું. એ સ્થાપન થવાનો મતલબ બીજો કોઇ નથી. પરંતુ એક હૃદયની અંદર એક કથા શ્રવણ કરતાં કરતાં યા એમનું નામ બોલતાં બોલતાં, જપ કરતાં કકતાં ધ્યાન કરતાં–કરતાં જે આનંદ આપણો થયો, હૃદયની અંદર એ જે ચેતના આપણી અંદર રહેલી છે ને એ પરમ ચેતનાના રૂપમાં વિકસીત થવાની અને એ વિકસીત જ્યારે થાવા લાગે, ત્યારે પૂછીએ બહાર કયારે પ્રગટ થાય તો કહે **"ક્લિશ્ય માનાન જનાન દૃષ્ટવા"** જ્યારે એ ભકતના હૃદયની અંદર એવી લગની લાગી જાય એના મનમાં કે મારે તો એ ઇશ્વરનું રૂપ સાકાર પ્રગટ થાય અને જેવી રીતે હું મારા બાળકને ખવડાવું અને એમાં આનંદ આવે, મારા બાળકની પરીચર્યા જે કાંઇ કરૂં–રોજની એ બધું ઇશ્વરની સાથે કરૂં એવું રૂપ ઇશ્વરનું મારી સામે પ્રગટ થાય એના માટે જ્યારે એની લગની જ્યારે બાઉન્ડલેસ બની જાય. એ એને સંભાળી ના શકે એટલી બધી બની જાય ત્યારે અંદર બિરાજેલાં પરમાત્માને ગુંગળામણ થાવા લાગે.

એ મજબુર બની જાય છે. વિવશ બની જાય છે. બહાર પ્રગટ થાવા માટે એને એ જે પ્રગટ થાય છે એને આપણે સાક્ષાત્કારેય કહેવાય અને એનેજ આપણી પુષ્ટિમાર્ગીય પ્રણાલિકાની ભાષામાં સાનુભાવના અથવા અનુભવ કહિએ છીએ. એ સાકાર રૂપ જે છે ઇશ્વરનું એ ઇશ્વરે પોતાની ઇચ્છાથી ધારણ કરેલું છે. એ કોઇ જાદુગરની માયા નથી કે માયાવી રૂપ છે, કારણ કે એક ફીલોસોફી શંકરાચાર્યજીની, જેની સામે કાયમને માટે શ્રી મહાપ્રભુજીએ વિવાદ કરી એ વિચાર ધારાનું ખંડન કર્યું છે. પછી પોતાની વિચાર ધારાનું પ્રતિપાદન કર્યું છે, મંડીત કરી છે. ખંડન એ માટે કરવું પડ્યું એનું કે એ એમની થીયરી વિચારવાની, એ છે કે ઇશ્વર વાસ્તવમાં નિરાકાર છે અને જે કાંઇ આકાર ઇશ્વર ધારણ કરે એ આકાર માયાનો આકાર છે એટલે માયાને સેલ્ટર થયા. ઇશ્વર (માયાને આશરે રહયાં) અને માયાનો આકાર લઇ આવ્યા એની પાસેથી માર્ગેજ મુકી પોતાના ને !!!

તો એ માયાનો આકાર આપણે કહીએ તો પછી વિચાર એમ થાય કે માયા એ ઇશ્વર થઇ ગઇ અને ઇશ્વર એને આધિન હોય તો માયા પરમ શકિત માન કહેવાય અને ઇશ્વરને પછી પરમ શકિતમાન ન કહી શકાય. ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

October 1997

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

ગ્રન્થ પરિચય

લેખક **ગોસ્વામી શ્રી શ્યામ મનોહરજી મહારાજ–પાર્લા**

ભાષાંતર **પ્રો. પ્રતાપરાય કાં. શાહ, એમ. એ. કોવિદ, મુંબઈ**

–ગતાંકથી ચાલુ

(૧૮) કેટલીક મહાનદીઓ સમુદ્રગામિની (સાગર તરફ જનારી) હોય છે. જે ઋતુ ચક્રથી પ્રભાવિત થતી નથી. તેમનામાં પુર આવે છે પરંતુ જલ કદી ઓછું થતુ નથી. જે વકતાઓના ભાવ સંગદોષથી પ્રભાવિત થયા વગરના રહે છે તેમને સમુદ્રગામિની મહાનદીઓના જેવા ગણવા જોઇએ.

(૧૯) સમુદ્રોના અનેક ભેદ શાસ્ત્રોમાં વર્ણવેલા છે. જેવા કે–

(ક) ખારા પાણીવાળા (ખ) શેરડીના રસ જેવા સ્વાદવાળા પાણીવાળા (ગ) સુરા (એટલે મદીરાના) સ્વાદવાળા પાણીવાળા (ઘ) ઘીના સ્વાદવાળા પાણીવાળા (ઙ) દુધ (ખીર)ના સ્વાદયુક્ત પાણીવાળા (ચ) દહીં–મઠાના સ્વાદયુકત પાણીવાળા (છ) શુદ્ધોદ (શુદ્ધ પાણીના) સ્વાદયુકત અથવા અમૃત જળના સ્વાદયુકત પાણીવાળા. આ બધા અગાધ અથવા વૃદ્ધિ–ક્ષય રહિત હોય છે. આવી જ રીતે લૌકિક ગુણોના મિશ્રણ, વૈદિક ગુણોના મિશ્રણ તથા ઉપમા આપી શકાય તેવા વકતાઓના ભાવ પણ અનેકવિધ હોય છે.

(ક) શ્રીરામ યા તો શ્રીકૃષ્ણને સાક્ષાત્ પરમેશ્વર ન માનીને કેવળ મહાપુરુષ અર્થાત્ મહાન મનુષ્ય માનવાવાળા વકતાઓના ભાવ ક્ષારોદ સમુદ્રના જળની માફક ખારા હોય છે. આવા ભાવોથી ભકતની તૃષા મટી શકતી નથી. ભગવદાવતારોના ચરિત્રની માનવીય વ્યાખ્યા કરવાવાળા વકતાઓના ભાવ પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણથી ખારા, અરુચિકર તથા તૃષાને ન છીપાવનારા હોય છે.

(ખ) પરમાત્માને અપ્રાકૃત ગુણધર્મોથી યુકત માનવા છતાં પણ અવતારોને પ્રાકૃત ગુણ ધર્મયુકત માનવાવાળા વકતાઓના ભાવ શેરડીના સ્વાદવાળા જળની જેવા હોય છે. શેરડી ચુસવાથી પ્રારંભમાં મધુર લાગે છે, પરંતુ અંતમાં વિરસ થઇ જાય છે.

(ગ) જાતે મોહવશ અથવા મોહપ્રવર્તનની ભગવાનની આજ્ઞાને વશ થઇ જઇને જે ભગવાનના ગુણોને માયિક માને છે તથા બ્રહ્મને નિર્ગુણ, નિરાકાર, નિર્ધર્મક માને છે તેવા વકતાઓની ભગવત્કથાનું શ્રવણ મદીરાના સ્વાદયુકત પાણીના આચમની જેવું હોય છે. મદીરાથી

જેમ સ્વરૂપ વિસ્મૃતિ આદી અનેક પ્રમાદ પ્રકટ થાય છે. એવી જ રીતે બ્રહ્મ અથવા ભગવદ્‌-અવતારોને નિર્ગુણ અથવા માયિક ગુણોવાળા માનવાવાળા વકતાઓનો ઉપદેશ સાંભળવાથી પણ અનેકવિધ મોહ ઉત્પન્ન થઈ જાય છે. બહુધા (ઘણુ કરીને–મોટા ભાગે) એવા વકતા સ્વયમ (પોતે) તો પરમ ભગવદીય હોય છે– અગાધ સમુદ્ર જેવા પર ઉપદેશ તેમના ભકિતમાર્ગના વિરોધી હોય છે. જેમકે પરમ ભાગવત શ્રી મહાદેવજીને ભગવદાજ્ઞાવશ થઇને માયાવાદનું પ્રણુર્તન કરવું પડયું.

(ઘ) ભગવાનના દયાલુતા આદિ ગુણો પર જો ભાર દેતા દેતાં ભગવત્કથા કરે છે તેમના મુખેથી ભગવદ ગુણગાન સાંભળવું એ ઘીના સ્વાદયુકત પાણીવાળા સાગરના આચમનની જેમ ભકિત બલને વધારનાર હોય છે.

(ઙ) શ્રી હરિના સર્વજ્ઞ, સર્વશકિતમાન સર્વ દુઃખ હર્તા આદી ગુણો પર ભાર દેતાં દેતાં જે કથાકારો ભગવત્કથા કરે છે તેમની પાસેથી ભગવદ ગુણગાન સાંભળવા એ ક્ષીરોદકના આચમના જેવું હોય છે. એ સ્વાદિષ્ટ–શકિતવર્ધક તથા પવિત્ર હોય છે.

(ચ) કેવલ વૈદિક મર્યાદાઓની સ્થાપનાના સીમીત (સાંકડા–મર્યાદિત) પ્રયોજનને પ્રસ્તુત કરીને જે વકતા ભગવદવતાર ચરિત્રોની વ્યાખ્યા કરતા હોય છે. તેમના ભાવ દધિમંડોદની જેવા હોય છે. દધિમંડ–મઠો સુપાચ્ય તથા સ્વાદિષ્ટ હોવા છતાં નવનીત (માખણ) તેમાંથી નીકળી ગયું હોવાથી સારહીન હોય છે. એવી જ રીતે ભકતોને સ્વરૂપાનુભવની દ્વારા (મારફત) પરમાનંદનું દાન કે જે અવતારનું મુખ્ય પ્રયોજન છે તે તેમની ભગવદ ગુણગાનની રીતીના કારણે કથામાં બહાર નીકળી જતું હોય છે. પરિણામે તેમની કથા સારહીન બની જાય છે.

(છ) શુદ્ધોદક સમુદ્રને જ શ્રી મહાપ્રભુજી 'અમૃતોદ' પણ કહે છે શ્વેતદ્વીપના ચતુર્દિક પરીઘા–ખાઇના રૂપમાં ભરાયેલા અને 'ણ્ય' નામના સમુદ્રોનું વર્ણન પુરાણમાં પણ મળી આવે છે.

'અરનામામૃતામ્ભોધિઃ ણ્યનામામૃતસાગરઃ' એવી જ રીતે છન્દોગ્યોપનિષદમાં પણ 'અરશ્ચ વૈ ણ્યશ્ચ અર્ણવો બ્રહ્મલોકે વદેરંમદીયં સરઃ' એમ કહેવામાં આવ્યું છે. એનાથી પ્રતીત થાય છે કે– 'શુદ્ધોદ' અને 'અમૃતોદ' એકબીજાના પર્યાય વાંચી (એકતા સુચક) છે.

સનતકુમારોને ઉપદેશ આપવાવાળા સંકર્ષણશેષ, પોતાના આત્મા જ શુકને ભાગવત ભણાવવાવાળા ભગવદજ્ઞાનાવતાર મહર્ષિ બાદરાયણ વ્યાસ, અગ્નિપુરાણના વકતા અગ્નિ, વાયુ પુરાણના વકતા મારુત યા હનુમાન પણ, રહુગણ રાજાને જ્ઞાનોપદેશ કરવાવાળા અવધુત જડભરત અનેક પ્રકારના ભકિતશાસ્ત્રોના ઉપદેશક નારદ, સનત્કુમારના શિષ્ય તથા વિદુરના ગુરુ મૈત્રેય એવા એવા બીજા પુર્ણ ભગવદીયોના ઉપદેશ શ્રવણને અમૃતોદક પાનની સમાન ગણવા જોઇએ.

જલભેદના આ અંશપર એક સ્વતંત્ર લેખ લખવાવાળા શ્રીશ ભટના મત મુજબ આ ઉલ્લેખ કરાયેલા ભકતોની પરંપરાની ધરોહરતાને સંભાળી લેવા માટે પ્રકટ થયેલા શેષજીના

અવતાર શ્રી રામાનુજાચાર્ય, વ્યાસજીના અવતાર શ્રી વિષ્ણુસ્વામી, અગ્નિના અવતાર મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી, વાયુના અવતાર શ્રી મદ્વાચાર્ય, જડભરતના અવતાર શ્રી રામાનંદ, નારદના અવતાર શ્રી ચૈતન્ય, સનકના અવતાર શ્રી નિમ્બાર્કાચાર્ય આદિ મુખ્ય ચાર વૈષ્ણવ સંપ્રદાય તથા અવશિષ્ટ ઉપસંપ્રદાયોના આચાર્યો યા ભકતોના ઉપદેશ પણ અમૃતોદની તુલ્ય (બરાબર સરખા) માનવા જોઇએ. સ્વયં શ્રી મહાપ્રભુજીએ પણ મુખ્ય ચારેય ભકિત સંપ્રદાયોનું ભગવત્પ્રવર્તિત હોવાનું તૃતીય સ્કંધ ઉપરની સુબોધિનીમાં સ્વીકાર્યું છે–

‘એવમ્ ચતુર્વિધોપિ ભગવતા પ્રતિપાદિતઃ’ એમ કહીને. તેથી આ શ્રીશ ભટની વ્યાખ્યારીતિમાં કોઇ વિપ્રપત્તિ (વિરોધભાસ)નું દર્શન થતું નથી.

પ્રાકૃત યા માયિક ગુણોથી રહિત શ્રી વિષ્ણુના બધા અપ્રાકૃત–દિવ્ય–શુદ્ધ સચ્ચિદાનંદરૂપ ગુણોનાષર્ણન, સ્મરણ, કીર્તન કરવાવાળા આ વિચક્ષણ વકતાઓ અમૃતોદ સિન્ધુના સમાન છે. તેમના વચનામૃતનું પાન તો વસ્તુતઃ જીવનની અતિ દુર્લભ ઉપલબ્ધિ (લાભ) છે. એમનામાંથી કેટલાક પુષ્ટિભકિત માર્ગીય છે અને કેટલાક મર્યાદામાર્ગીય છે પરંતુ બધા અમૃતોદ સિન્ધુની સમાન છે.

વિષ્ણુદુતોના વચન જેવાં અજામીલના કાનોમાં પડયાં કે તરત એની કૃતિ, મતિ અને ભાવના– એ બધામાં ચમત્કારિક પરિવર્તન આવી ગયું. આવી જ રીતે અકસ્માત પણ આ અમૃતોદની તુલ્ય વકતાઓનાં એકાદ વચન અમૃતના બિન્દુપાનની સમાન હોવાથી તૃપ્તિપ્રદ (સંતોષ આપનાર) ન પણ હોય પરંતુ નિશ્ચયપુર્વક સુખપ્રદ તો હોય જ છે, અને જ્યારે તેમનાં વચનમૃતોના સતત શ્રવણથી રાગ અજ્ઞાન–કામ–ક્રોધ આદી મનોવિકાર દુર થઇ જાય છે તો એ અમૃતના બિન્દુપાનની જેમ નહીં, પરંતુ લેહન–લેપની જેમ– એવું થાય છે એમ સમજવું જોઇએ. અમૃતોદના અમુતનું એવું લેપન કે જેમાં પરમાનંદની અભિવ્યકિત થઇ જાય છે. શ્રોતા કૃતાર્થ બની જાય છે.

(૨૦) આ સિવાય અન્ય જે વકતા યા તેમના ભાવ હોય છે તેમને એ જ કૂપ વગેરે ઓગણીશ જલસ્થાનોમાંથી ભરાઇ ગયેલા પડી ગયેલા જલની જેવા સમજવા જોઇએ. તદનુસાર તેમની પાસેથી કથા–શ્રવણ કરવાના ફલના પણ યથાર્થ સ્વરૂપનો વિચાર કરવો જોઇએ.

આ રીતે વિષ્ણુના એકરૂપ ગુણ તે તે જીવોની વાગીન્દ્રિય–વાણી પર કેવા અનેકરૂપ ધારણ કરી લ્યે છે અને કેવાં ફલ તેમનાથી મળે છે વગેરે વાતોનું બાબતોનું નિરૂપણ સંપુર્ણ થયું.

॥ શ્રીવલ્લભ ॥

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

ધ્રૂવજીને કયાં વય હતું ? કયાં હતું સુદામાને ધન ?
કુબજાને કયાં રૂપ હતું ? ઉગ્રસેનમાં શું પુરુ પુરૂષાતન ?

પુરૂષાતન નોતું ઉગ્રસેન રાય
ગજને કયાં હતી બ્રહ્મ વિદ્યાય ?
પારાધીમાં કયાંથી શુભ આચરણ ?
કેવળ ભકિત પામ્યા ગિરિધરણ સેવો **શ્રી** કૃષ્ણ કૃપાળ ૪૧

વિવેચન અહીં આના પાછળની ૩૯મી ની રૂપરેખા છે, તેમાં ઉપર, વિદ્વતા કૃત્ય વિગેરે બતાવેલ હતા તેમાં પ્રમાણ રૂપ ઉદારણો આકડીમાં દીધા છે (૧) ધ્રૂવજીનું વય, (૨) સુદામાનું ધન. (કુબજાનું રૂપ (૪) પુરૂષાતન ઉગ્રસેનનું (૫) વિધા રાજેન્દ્રની (૬) પારાધીનુ આચરણ.

ધ્રુવજી પાંચ વર્ષની વયે તશ્ચર્યા કરવા ગયા હતા તે ભકિત કરીને અચળ પદ પામ્યા આલોકમાં રાજ્ય સિંહાસન, પરલોકમાં અચળ પદ ધ્રૂવ તારો કહેવાય છે.

સુદામા તેની પાસે ધન કયાં હતું ! તો પણ ભકિતથી ભગવાન રીજ્યા તેઓ જ્યારે દ્વારકા આવ્યા ત્યારે દ્વારકાધીશે સામે ચાલીને તેમનું સ્વાગત કર્યું સીંહાસન પર બેસાડયા ચરણ ધોયા અને પટરાણીઓ જેને પંખો કરવા લાગી એવા સુદામાની મુઠી ભરીને તાંદુલજ આરોગ્ય છે તેનો બદલામાં રાજ વૈભવ દીધો હતેઃ પરંતુ સુદામા પાસે જે ધન હતું તે નિચે મુજબ.

બહોધન હરિજન કો હરિનામ
બિન રખવારે ચોર ન લુટે સેવન હે સુખ ધામ
દિન દિન બઢત સવાયો હતો ઘટન નહી કછુ દામ
સુરદાસ હરિ સેવા જાકે પારસકો કહા કામ બડોધન.

સુદામા પાસે ઉપર મુજબની મુડી હતી હરી નામે તે મુડી તેની કોઇ લઇ શકે તેમ ન હતું ચોરનો ભય નહી તેમ રોજ વધતું જાય જેને હરિ નામ રૂપી ધન છે તે પારસથી મોહીત થતો નથી,

કૃષ્ણ સંપતિ આપી તે સુદામાયે ન રાખી તેની પત્નિને કહ્યું કે તું આ વૈભવ મારા કામનું નથી.

કુબ્જા કુબ્જાએ ભગવાનને ચંદન સમર્પ્યું હતું તેના બદલામાં તેનું વાંકુ અંગ સુંદર બનાવ્યું સ્વરૂપવાન બનાવ્યું કુબજાની ઇચ્છા પુર્ણ કરવા તેને ઘેરે પણ પધાર્યા.

ઉગ્રસેન ઉગ્રસેનમાં પુરૂષાતન નોતું પ્રભુએ તેની સહાય કરી કંસને મારી ભય મુકત કર્યા રાજ સીંઘાસન ઉપર બેસાડયા કારણ કે તે ભગવદ ભકત હતા હરિનામનો આધાર હતો.

ગજેન્દ્ર પશુ યોનિમાં જેનો જન્મ તે વિદ્યા કયાં જાણવા ગયેલ હતો સંકટ સમયે હરિ નામ માત્રથી તેનો ઉદ્ધાર કર્યો.

પારાધી પશુઓને મારી જીવન ગુજારવા વાળા પારાધીનમાં શુભ આચરણ આવે જ કયાંથી !

કોઇ એક એક યાત્રાનું ટોળું એક જગાપર રાત વાસી રહયું ત્યાં આ પરાધી આવ્યો યાત્રાળું રાત્રે સૌ ભજન કીર્તન ગાવા લાગ્યા તેમાં ભકિત, જ્ઞાન, વૈરાગ્યનાં કીર્તનો ગવાતા હતા. આ પારધીને આ સાંભળીને વિચારે થયો કેહું તો જીંદગી આખી પાપજ કરૂં છું પ્રાણી પ્રાણી માત્રમાં જીવ છે. પશું, પંખીને મારા તીરથી વીંધી નાખું છું તેઓ તરફડતા પ્રાણ છોડી દે છે. મને તેનું દુઃખ થાતું નથી. આ સંઘ તો યાત્રાયે જાઇ રહયો છે રસ્તામાં પણ ભગવાનનું નામ સ્મરણ કરે છે. તેની બુદ્ધિમાં એકા એક પલટો આવ્યો પોતાનાં કર્મ ઉપર ફીટકાર દેતો તે યાત્રાળુના પગમાં પડી ગયો ત્યારે યાત્રાળુને દયા આવી તેને ખાવાનું આપ્યું આવું તેણે કદી ખાધું જ નોતું તેજ વખતે તેનાં જીવનનો પલટો આવ્યો અને યાત્રાવાસી સાથે ચાલી નીકળ્યો.

પોતાનું પાપ કર્મ છોડીને યાત્રાવાસીનો માલ સમાન ઉપાડવો આમ સાથે ચાલ્યો યાત્રાળુનાં સંગથી તે પરમ ભકત બન્યો.

આ પારાધીને શુભ આચરણ કયાં હતા ! કેવળ ભકિત કરી ભગવંતને પામ્યો.

સુરદાસજીએ કીર્તન ગાયું છે.

રાગ બિહાગ

ભજન બિન જીવન જૈસે પ્રેત
મન મલીન ઘર ઘર પ્રતિ ડોલત ઉદર ભરનકે હેત (૧)
કબહુંક પાવત પાપ કો પૈસા ડાલ ધુળમેં દેત ।
મુખ કટુ વચન કરત પર નિંદા સંતનકો દુખતે દેત (૨)
સેવા નહી ગોવિંદ ચંદકી ભાવન નીલ કો ખેત
સુરદાસ બહુત કહા કહું ડુબે કુટુંબ સમેત ભજન બીન (૩)

માનવ દેહ મળી તે કેવળ ઉદર પોષણ કદી પુરી આયુષ્ય ગુમાવે છે, તેને ઉદ્દેશીને કહ્યું છે કે જો જીવનમાં ભકિત નથી તો જીવન પ્રેત સમાન જ છે પ્રેતને કયાંય સુખ ન મળે જગો જગો ભટકતો રહે જેનું મેલું મન છે તે સુખની શોધમાં ગામે ગામ ફર્યા કરે છે એવામાં કર્યાક સ્થાન મળી જાય તો પાપ કરી પૈસો કમાઈ ને જમીનમા દાટી દે છે જેની બુદ્ધિ ભ્રષ્ટ છે તે પરાઈ નીંદા કરતો રહે સંતોને પણ દુઃખ રૂપ બને છે. તે સેવા તો કયાંથી

કરે! આવા જીવો કેવળ સ્વાર્થી ધન લોભી તે તો આપ તો ડુબે પણ પોતાનાં કુટુંબીજનોને લઇને ડુબે આવા મનુષ્ય હોવા છતાં પ્રેત સમાન છે.

પત્ર, પુષ્પ, ફલ તોય,

ભગવદ વાકય છે કે મારો તાકત મને પત્ર પુષ્પાદી ભાવથી અર્પણ કરે છે તેનાથી હું પ્રસંન રહું છું ભોળા ભકતો, છળ કપટ ઇત્યાદી રાગ અભિમાનથી રહીત એવા, ભોળા ભકતદી હું પ્રસન રહુ છું.

૨૫૨ વૈ. વાતો

એક ભોળા ભકત વ્રજવાસી હતા શાસ્ત્રોકત કોઈ જ્ઞાન તેને હતું જ નહી પરંતુ ભોળપણ હતું આ એક મહાન ગુણ તેનામાં હતો.

શ્રી ગુંસાઇજીયે કોઇ વૈષ્ણવને શ્રી ઠાકુરજી પધરાવી દીધા તે જોઇને આ વૃજવાસી કહે મને પણ ઠાકુરજી પધરાવી આપો તો હું પણ સેવા કરૂં તે વખતે ગુંસાઇજી ખડાઉ પહેરી પધારતા હતા ખડાઉને એક પત્થરની ઠોકર વાગી ત્યારે ગુંસાઇજીએ કહ્યું પરે, (દુર દુર) આ જોઇને આ ભોળા વૃજવાસીએ તે પત્થરને લઇને ઘેર આવી ઠાકુરજી માનીને સેવા કરવી શરૂ કરી.

ગરીબ હતા જેથી શ્રી ગુસાંઇજી કાંઇ આજ્ઞા કરે તે ટહેલ ટપોરા કરતાં ભંડારથી સીધું આવે તે રસોઇ કરી જમતાં.

હવે તો એકનાં બદલામાં બે થયા તેથી ભંડારીને કહે હવેથી મને રોજ બે સીધાં આપજે ભંડારીએ શ્રી ગુંસાઇજીને કહહ્યું કે પોતે એકલોજ છે સીધા બે માગે છે ત્યારે ગુસાંઇજીયે કહયું કે તે માગે તે તેને આપો.

ઘેર આવી રસોઇ કરી બે પાતળ સજાવી અને કહયું કે ભૈયારે પરે આવીજા, એક પાતળ મારી અને એક પાતળ તારી પણ પરે તો કંઇ આવ્યા નહીં. ત્યારે વળી કહયું તે ભૈયા જોઇલે તારી પાતળમાં મેં વધારે મુકયું છે. હવે જટ હાલ મોડું થાય છે. પરે ન આવ્યો ત્યારે તેને બહુજ દુઃખ થયું કે જરૂર મારી કયાંક ભુલ થઇ હશે તેથી બંને પાતળ તળાવમાં નાખી બીજી રસોઇ કરી બોલાવ્યો પણ પરે ન આવ્યો ત્યારે ખુબ ખુબ વિનવણી કરી કે ભૈયા મારા હાથનું તને ભાવતું નહી હોય તો હવે હું પણ નહી ખાઉ આ પાતળ પણ નાખી દઇશ આ ભકતની ભાવના જોઇ પ્રભુ બાળ રૂપ ધારણ કરી જમવા બેસી ગયા, આમ રોજ ક્રમ ચાલતો હતો ઘરમાં પોતે એકલો હતો હવે બે થયા શ્રી ઠાકુરજી બાળ રૂપે તેની સાથે બોલવાને આનંદ માનતા.

એકવાર તેને જરૂરી કામે સુરત મોકલ્યો, ત્યારે તેણે પરેને કહયું કે મારે તો સુરત જાવું છે તારા નાના હાથ નાના પગ, તું મારી સાથે કેમ આવીશ ત્યારે પરે એ કહયું કે થોડુંક ચાલીશ પછી તારા ખંભા ઉપર બેસી જઇશ આ સાંભળી ભોળા વૃજવાસી પરેને સાથે લઇને સુરત જવા નિકળ્યાં સાંજ થતાં જ મુકામ કર્યો સવારે ઉઠે તો સામે જ સુરત દેખાણું

પરેને લઇને ગામમાં ગયા વૈષ્ણવો વિચાર કરે છે એક દિવસમાં કેવી રીતે આવ્યો હશે તેઓએ તુરત તેનું કામ કરી દીધું વ્રજવાસીએ સીધા ૨ માગ્યા તે તેઓએ દીધા રસોઇ સ્રી જમીને ત્યાંથી નીકળ્યા થોડીવારમાં સાંજ પડી ગઇ ત્યાંજ મુકામ કર્યો, સવારે ઉઠતાંજ વ્રજમાં પહોંચ્યાં જઇને ભંડારમાં સામાન મુકીને બે સીધા માગ્યઃ ત્યારે ભંડારીયે કહ્યું કે એલ્યા તને સુરત જવાનું કીધું તું તો કેમ ન ગયો ! ત્યારે તેણે કાગળ બતાવ્યો આ વસ્તુ શ્રી ગુસાંઇજીયે જાણી ત્યારે કહ્યું કે આને કોઇ કામ બતાવશો નહી ૨ સીધા રોજ આપજો પ્રભુને શ્રમ પડયો છે આવા પ્રભુ છે ભોળાનાં ભગાન કેવળ નિઃસાધન ભકત તેને આધિન પ્રભુ બન્યા માટે જ કવિ કહે છે સેવા શ્રી કૃષ્ણ કૃપાળ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક ‘માધુરી’ રાજકોટ

પદ–૪૩

યોં બ્રુષભાન પુરા કી ગાઇ;
ત્યોં મોહિ જાનિ ભાનુ કી નંદનિ કીજે બેગિ સહાઇ. ૧

કપિલા ત્રણ રદદિયે પુકારે રહી ચરન ચિત લાઇ,
નિજ પણ સુમિર કૃપા કરિ સત્વર કોમલ સદય સુભાઇ. ૨

પ્રણુત પાલિઓ તેરે વટ કૌ વેદ કહત સમુઝાઇ,
‘વલ્લભ’ આરત કી સુધિ લીજે પલ પલ કલ્પ બિહાઇ. ૩

ભાવાર્થ જેમ હું વૃષભાન પુરની ગાય છું તેમ સમજીને હે સુર્ય પુત્રી ! જલદી મને સહાય કરો જેમ કૃષ્ણ પ્રભુને કપિલા ગાય પ્રિય, ચરાવે છે, રક્ષણ કરે છે તેમ હું તો રાધિકાજીના ગામની ગાય છું તેમ મને જાણજો હું પોકારી, પોકારીને ચરણ શરણ ચાહું છું આપનું તો પ્રણ જ છે કે જે દીન હોય તેનું આપ શરણ છે તો ગાય તો દીન જ હોય છે જેથી સત્વર કૃપા કરો જે કોઇ આપને પ્રણામ કરે તેનું પાલન કરવું તે તો આપનું જ કામ છે તેમ વેદ વાણી કહે છે વલ્લભદાસ આપને આર્તનાદથી પુકારે છે તેની સુધિ લેજો હવે તો વિરહ–તાપ કલેશ સહન થતો નથી આપની કૃપાની ઝંખના કરતાં પળ પણ ભારે જાય છે એટલું જ નહીં એક એક પળ કલ્પ સમાન વિતે છે. ૪૩

॥ શ્રી હરિ ॥

રૂપૈયા – મહોરકી ખીચરી

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

એક વાર શ્રી નરહરિ જોષી ખેરાળુથી અલિયાણા ગામે ગયા. અલિયાણા ગામના ક્ષત્રિય કુટુંબના મહીધરજી અને તેમના બહેન કુલબાઇ બંને ધર્મભાવનાવાળા હતા અને જોષીજીના યજમાન હતા. જોષીજી તેમને ત્યાં અવારનવાર જતા અને સત્સંગ લાભ કરાવતા.

બંનેએ નરહરિ જોષીને ભાવભર્યો આવકાર આપ્યો : 'આવો જોષીજી, જય શ્રીકૃષ્ણ' અમને વારંવાર તમારી સ્મૃતિ આવ્યા કરે છે. તમે પધાર્યા તેથી વિશેષ આનંદ થયો તમે સ્નાન કરી લો અને તમારા ઠાકોરજીને ભોગ ધરી પ્રસાદ લો અને અમને પણ લેવડાવો.

રાત્રે સત્સંગમાં ભગવદવિષયક અનેક વાતો થઈ અને આનંદ આવ્યો. અંતમાં નરહાર જોષીએ એક વાત કરી : 'જુઓ મહિધરભાઇ, કુલબાઇ, તમારા બન્નેમાં ધર્મભાવના છે અને તમે બન્ને ખુબ સત્સંગપ્રેમી છો તો તમે બન્ને શ્રી ગુસાંઇજીના સેવક થાઓ એવી મારા અંતરની અભિલાષા છે. વૈષ્ણવ બનો તો અમારો તમારો વિશેષ મેળાપ રહે અને સત્સંગમાં અરસપરસ વધુ રસ આવે.'

'જોષીજી મહારાજ, અમારા હોઠ પર બરાબર આ જ શબ્દો હતા અને અમે તમને આ વિનંતી કરવા જતા હતા ત્યાં તો જાણે અમારા હૃદયનો ભાવ જાણી તમે જ સામેથી અમારૂં હિત વિચારી બોલી ઉઠયા ! તમે શ્રી ગુસાંઇજી મહારાજને અત્રે પધારવા અમારા વતી વિનંતી કરો. અમે બન્ને આપશ્રીના સેવક થવા આતુર છીએ. તમારી કૃપાથી વૈષ્ણવ થવાશે તો અમારો આ જન્મ સફળ બનશે' આમ કહી બન્ને જણાએ પોતાની પ્રસન્નતા વ્યકત કરી.

ખેરાળુ પાછા આવ્યા ત્યારે નરહરિ જોષીએ શ્રી ગુસાંઈજીને વિનંતી પત્ર લખ્યો–

પરમદયાળ પ્રભુચરણ શ્રી ગુસાંઇજીને ખેરાળુથી નરહરિ જોષી સાષ્ટાંગ દંડવત્ પાઠવે છે.

કૃપાનાથ ! આપશ્રીને વિનંતી કરવાની કે આપ અનુગ્રહ કરી ગુજરાત પધારો તો કેટલાક જીવોનું કલ્યાણ થાય. અલિયાણા ગામના ક્ષત્રિય મહીધરજી અને તેમનાં બહેન કુલબાઇ ધર્મરુચિવાળા ભાવિક જીવો છે. તેમની બ્રહ્મસંબંધ લેવાની અભિલાષા છે. આપશ્રી પધારો તો આવા અનેક જીવ આપને શરણે આવી આત્મકલ્યાણ સાધી શકે.

આપના કિંકર નરહરિ જોષીના સાષ્ટાંગ દંડવત....

નરહરિ જોષીના વિનતીપત્રનો સ્વીકાર કરી શ્રી ગુસાંઇજી ગુજરાત પધાર્યા અને ખેરાળુમાં શ્રી મહાપ્રભુજીના સેવક જગન્નાથ જોષીને ત્યાં ઉતર્યા.

નરહરિ જોષી અલિયાણા આવ્યા અને શ્રી ગુસાંઇજી ખેરાળુ પધાર્યા છે તેવી જાણ કરી.

કુલબાઇએ કહ્યું : 'મહીધરભાઇ ! હવે આપણે શું કરીશું ?' મહીધર કહે, બહેન ! તું જરા પણ ચિંતા કરીશ નહીં, આપણે રૂપૈયા–મહોરની ખીચડી કરી શ્રી ગુસાંઇજી પર ન્યોચ્છાવર કરી વાજતે ગાજતે આપણા ઘરે પધરામણી કરાવીશું.'

આ સાંભળી કુલબાઇ તથા નરહરિ જોષી ખુબ પ્રસન્ન થયા. મહીધરજીના પ્રીતિભાવ હૃદયપુર્વકના છે એ જાણી તેમને બન્નેને આનંદ થયો.

અલિયાણાથી ખેરાળુ આવી નરહરિ જોષી, મહીધરજી અને કુલબાઇએ શ્રી ગુસાંઇજીને દંડવત કર્યા અને આપશ્રીને અલિયાણા ગામમાં પધરાવ્યા.

શ્રી ગુસાંઇજી અલિયાણા પધાર્યા ત્યારે મહીધરજી અને કુલબાઇએ આપશ્રીને પુષ્પોથી વધાવ્યા. અને રૂપૈયા–મહોરની ખીચડી કરી શ્રી ગુંસાંઇજી પર ન્યોછાવર કરતાં કરતાં લુંટાવતાં વાંજીંત્ર–ગાનાદિક કરતાં કરતાં વાજતે ગાજતે પોતાને ઘેર પધરાવ્યા.

મહીધરજી અને કુલબાઇને સ્નાન કરાવડાવી નામ–નિવેદન કરાવ્યા. તેમના ઘરમાં પ્રથમથી જ શ્રી ઠાકુરજી હતા પરંતુ તેઓ મર્યાદા રીતિથી પુજા કરતા હતા. શ્રી ગુસાંઇજીએ આ ઠાકોરજીને પંચામૃત સ્નાન કરાવી પાટ પર બેસાડયા અને પુષ્ટ કરી મહીધરજી અને કુલબાઇને માથે પધરાવી આપ્યા.

બન્ને ભાઇ–બહેને શ્રી ગુસાંઇજીના ચરણકમલમાં સારી પેઠે ભેટ કરી અને પોતાના આ સેવકોનો પ્રેમભાવ અને દીનતા જોઇ તેમના ઘરમાં પાંચ દિવસ પર્યંત આપશ્રી બિરાજ્યા. અને તેમને પુષ્ટિમાર્ગની રીતિ શીખવાડી. વિદાય થતી વેળાએ શ્રી ગુસાંઇજીએ કહ્યું, 'જુઓ વૈષ્ણવો ! પ્રભુસેવા પ્રીતિપુર્વક નિભાવજો અને સેવાસંબંધી વિશેષ જે કોઇ પ્રશ્નો ઉદભવે તો તેનું સમાધાન નરહરિ પાસે મેળવી લેજો. પછી આપશ્રી ત્યાંથી દ્વારિકા પધાર્યા.

રૂપૈયા–મહોરની ખીચડી અને ખીચડીખેલ એ બન્નેમાં અલૌકિક ભાવ રહેલાં છે. રૂપૈયા–મહોરની ખીચડી પ્રભુને પ્રીતિપુર્વક ન્યોચ્છાવર કરવાથી વૈષ્ણવની ધનસંપત્તિ ચરિતાર્થ ફલિતાર્થ બને છે. ખીચડી ખેલમાં ઘીની રેડાતી ધારે વૈષ્ણવોને ખીચડીનો પ્રસાદ પીરસવામાં આવે છે. લૌકિક ખીચડી ચોખા, મગ, મીઠું અને પાણીથી બને છે અને ઉપરથી ઘી રેડાય છે. જે ઉત્તમ ભગવદ્દીય છે તેની ખીચડી ભાવાત્મક રીતે અલૌકિક બની જાય છે. તેમાં ચોખા છે તે સાક્ષાત પુર્ણ પુરુષોત્તમ છે, મગ છે તે શ્રી સ્વામિની છે, ઘી છે તે સર્વાત્મભાવ સ્વરૂપ છે, શીતલ જલ છે તે સંયોગરૂપ છે, અગ્નિ છે તે વિરહ છે. આમ ભગદ્દીયની ખીચડીમાં આવો અલૌકિક મહાન ભાવ રહેલો છે. અહંકારને લઇને તે અલુણી રહે, જયારે દીનતા આવે, અહંકાર દુર થાય ત્યારે ખીચડી સલુણી થાય. પુષ્ટિમાર્ગમાં ભાવ મુખ્ય છે અને તેથી ભગવદ કાર્યમાં ઉપયોગમાં લેવાતી સામગ્રી પણ ભાવાત્મક બની જાય છે.

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિંત સહસ્ર શ્લોકી

સેવા ભાવના (હિંદીમાં પદ્ય રચના)

રચયિતા : પ. ભ. રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર

(ગતાંકથી ચાલુ)

વ્રજ ભકતોનો સત્કાર ગ્રહણ કરીને સખામંડલથી વિટાંયેલા ભગવાન ચાલ્યા, અને વ્રજમાં આવ્યા, તેનું વર્ણન સાડાત્રણ શ્લોકથી કરે છે. (શ્લો. ૭૧૭ થી ૭૧૯/૧/૨)

પાઇ ગોપીજન કો સત્કારા । ઉમડયો જિનમન વેગ અપારા ।
ઐસે ગુઢાત્મા પ્રભુ કો હીં । ગોપન ધર્યો અપને માહિં ।૭૧૭।

કરહિં ગોપ જિન કીર્તિન ગાયન । કરહિં વેણુ રવ, સો મુદ ભાયન ।
સુન્દર લકુટી લીન્હેં હાથા । મોર પિચ્છ સોં ભુષિત માથા ।
વન માલા વિલાસ દરસાવત । નૃત્યત ગાવત, કમલ ફિરાવત ।૭૧૮।

અખિલ બિસ્વ કહં મોહિત કરહીં । નિકટ ખડી ગોપીયન્હ નિહરહીં ।
બલદાઉ આદિક કહંલીનેં । બ્રજહિં પધારત અતિ રસ ભીનેં ।૧૭૯
યા વિધિ નિત બ્રજ હરિ આવનિકી । કરી લીલા ભાવના જુ નીકી ।૭૧૯/૧/૨।

પ્રભુ વનમાંથી વ્રજમાં આવે છે, એવું સાંભળીને શ્રી યશોદાજી પોતાની સખીઓ સહિત પ્રભુની સામે જાય છે, તે સમયની વિકલ અવસ્થા અને ભાવ તથા મનોરથ, એનું વર્ણન સાડી એકત્રીશ શ્લોકથી કરે છે.

દો, વન નિકુંજ લીલાભઇ, ગુઢ પ્રેમકી રૂપ ।
અબ યશુદા-વાત્સલ્ય કો, સુન હુ નિરુપન "ભુપ" ।૭૨૦।

યશુદા સુન્યો કિ મેરો છઇયા । બન તેં બ્રજ આ ગયો કન્હૈયા ॥
મૈયા વિવિધ મનોર્થ ભરાઇ । કરી સખિન સંગ અતિ ઉમગાઇ ।૭૨૧।
નિજ સખિયન સહ સહજન સુભાયન । કર હિ બાલ લીલા કે ગાયન ।
ભૌ સમ્ભ્રાન્ત વિયોગન ભારન । ભરે હૃદય ચિન્તાતુર ભાવન ।૭૨૨।
બહુત લાડકો મેરો લાલન । ગયો સવારે ધેનુ ચરાવન ।
આવત હુઇ હૈ વૃન્દાવન સોં । ગોરજ સોં ધુંસરિત બદન કોં ।
જાપૈ બહુ શ્રમ બિન્દુ સુહાયે । જનુ ઇત ઉત મોતી લટકાયે ।
શ્યામ અલક ચુમતી કપોલન । મન હું લે હિં રસ ભ્રયરન-ઝુન્ડન ।૭૨૩-૭૨૪।
વન પુષ્પન પલ્લવન આદિકન । સોં અદભુત હુઇ હૈં સિંગારન ।
મનઃશીલ, ગેરુ આદિક સોં । ચિત્રાયે હો વેગો નિજકોં ।૭૨૫।
મોર પિચ્છ સોં શ્રી મસ્ત કકે । મુકુટ ભુષણ આદિ કરાકે ।
વેણુ બજાવત, ગ્રીવ હિલાવત । કાનન કે કુંડલ મટકાવત ।૭૨૬।

વાંસળી વાગી વાગીને રસ પુરે,
ભાંડીરમાં દુલ્હા દુલ્હન ખેલે. ૨
બ્રહ્માજી છાની છાની આશિષ આપે,
દેવલોક પુષ્પો વેરીને વધાવે,
'ચરનદાસ' હોંશે હોંશે લીલા ગાયે,
ભેટમાં દાસી બનીને સંગ જાયે. ૩

પુસ્તક પરિચય

શ્રી નટવર પ્રભુ-ગૌરવ ગાથા

પ્રેરક : પુ. પા. ગો. શ્રી વ્રજનાથજી મહારાજ (અમદાવાદ)
લેખક ; શ્રી નવનીત પ્રિય શાસ્ત્રીજી (નડીઆદ)
પ્રકાશકો ; શ્રી વિશ્વ વલ્લભ સર્વોદય સંસ્થા, શ્રી નટવર પ્રભુ પુષ્ટિ મંડળ. શ્રી વ્રજરાયજી
વલ્લભનીય વૈષ્ણવ હવેલી અને અસારવા બેઠકજી ટસ્ટ.
દોશીવાડાની પોળ. અમદાવાદ પીન ૩૮0001
પૃષ્ઠ ૧૭૩+૧૪ (૨૧×૨૭ સે.મી.) પાકું બાઈન્ડીંગ, આકર્ષક બહુરંગી આર્ટપેપર જેકેટ,
૧૨૬ રંગીન અને શ્વેત શ્યામ ચિત્રાજી ન્યોછાવર રૂ. ૧૨૫

રાજનગર – અમદાવાદમાં દોશીવાડાની પોળમાં આવેલ શ્રી નટવરલાલ શ્યામલાલ પ્રભુની હવેલી અને તેમના અધિપતી ગોસ્વામી આચાર્યશ્રીઓની અલૌકિક ગૌરવ ગાથા નિરુપણ કરતો આ અદ્વિતીય ગ્રંથ નિ. લી. ગો. શ્રી વ્રજરાયજી (શ્રી નટવર ગોપાલજી) મહારાજશ્રીની આજ્ઞાથી આલેખાવો પ્રારંભ થયેલ. સંપ્રદાયના આદરણીય શાસ્ત્રીજી શ્રી નવનીતપ્રિયજીએ અત્યંત ભાવવાહી-લાલીત્ય સભર શૈલીમાં કાવ્યમય ગદ્યનુ લેખન કરી ભાવુક વૈષ્ણવોનાં હદયોનો મૃદુલ-મંજુલ ઉર્મીઓથી રસપ્લાવીત કર્યા છે,

યદ્યપી આ ગ્રંથનું નામ શ્રી નટવર પ્રભુ ગૌરવ ગાથા છે અને તેમાં શ્રી નટવર પ્રભુ (શ્રી ઠાકોરજી) અને નિ.લી. શ્રી નટવર ગોપાલજી મહારાજશ્રીની ગૌરવગાથા પ્રતિપાદિત છે. તથાપી સમગ્ર ગ્રંથનું અવલોકન કરતાં એને પુષ્ટિમાર્ગ-ગૌરવ ગાથા નામે ઓળખાવીએ તો તે યોગ્ય લેખાય. આ ગ્રંથમાં પુષ્ટિમાર્ગના મૂલ દિવ્ય-પ્રેમ ભકિતના સિદ્ધાન્તો શુદ્ધાદેત બ્રહ્મવાદનુ સરલ નિરુપણ અને શ્રીમહાપ્રભુજીના પુર્વજોથી આદી લઈને રાજનગરની ગાદી સ્થિત વિદ્યમાન આચાર્ય શ્રી પર્યંતના સંક્ષિપ્ત છતાં સાગાર્ભિત ચરિત્રો-પુષ્ટિમાર્ગાંય પરંપરાનો ઈતિહાસ અને પ્રાચિન ગોસ્વામી આચાર્યોના ઉપદેશામૃત-ચિત્રાજીઓ વગેરેથી અત્યંત સમૃધ્ધ આ ગ્રંથનું વારંવાર રસાસ્વાદન કરવા સર્વ રસિક-ભાવુક વૈષ્ણવોવે વિનતિ.

સમાચાર સંચય

મદ્રાશ આં. રા. પુ. વૈષ્ણવ પરિષદની કેન્દ્રીય કારોબારીની મીટીંગ મદ્રાસ મુકામે પ. ભ. શ્રી હરિદાસભાઈ શેઠનાં આમંત્રણને માન આપી મળેલ જેમાં જતિ પુરામાં આવેલ ગૌશાળા પરિષદ ભવન ઋષી કુલ સંકિર્તન ભવન વૈષ્ણવ પરિષદ દ્વારા અષ્ટસુત્રી કાર્યક્રમ વિગેરે વિષયો ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી આ પ્રસંગે વૈષ્ણવ પરિષદ અને સંલગ્ન વિભિન્ન સંસ્થાએનો સેમિનાર રાખવામાં આવેલ જેમાં

યા ઔસર પર સ્વર્ગલોકસે, આયે દેવ વિમાનન ચઢી,
દેત આશિષ, યુગલ સ્વરૂપકો, પુષ્પન વૃષ્ટિ કરી. ૪

યહ લીલા થલ પ્રગટ કરત, શ્રી વલ્લભ રૂપ ધરી,
'ચરનદાસ' પાયન લાગત, લીલા રસ હૈયે ભરી. ૫

ભાવાર્થ : બંસી બટપે બંસી બજાઇ– શ્રી શ્યામવનમાં બંસીબટ આવેલો છે. વચ્છવનથી હોડીમાં બેસી જવાય છે. શ્રી યમુનાજીના સામે કાંઠે શ્યામવન આવેલું છે. ત્યાં અનેક કદમના વૃક્ષો આવેલાં છે. આજે પણ વૈશ્ણવો કદમના થડમાં કાન મુકી મોરલીનો નાદ સાંભળવા પ્રયત્ન કરે છે. ભાગ્યવાન વૈષ્ણવો નાદ સાંભળે છે, તેવું ચોબાઓનું કહેવું છે. ઘણા કદમની એવી રચના છે કે જાણે એક કદમ બોથડનું બનેલું દેખાય. એટલે શ્રી રાધાજી અને શ્રી શ્યામના સ્વરૂપની ભાવના કરી દર્શન કરવા આવે છે.

ભાંડીર વન – શ્યામ વનથી આગળ ભાંડીર વન આવે છે. અહીં પ્રભુના ગુપ્ત લગ્ન બ્રહ્માજીએ કરાવ્યા છે. શ્રી રાધિકાજી, માતા યશોદાજીને મદદ કરવા નંદાલય પધાર્યા હતા, ત્યારે લાલાએ પારણામાં ઝુલતાં ઝુલતાં રડવાનું શરૂ કર્યું. યશોદા મૈયા ઘરમાં શ્રી ઠાકોરજીના કામમાંથી–સેવામાંથી પરવાર્યા ન હતા, તેથી યશોદા મૈયાએ શ્રી રાધાએને લાલો સોંપી રમાડવા જણાવ્યું. શ્રી રાધાજીએ દુર ખુલ્લી જગામાં રમવાનું જણાવી આજ્ઞા લીધી. શ્રી રાધાજીએ આજ પ્રસંગની વાટ જોતા હતા.

રમાડવાના બહાને તેઓ શ્રી પ્રભુને શ્યામવન ભાંડીરવન સુધી લઇ ગયા. અને એકાંત રમણીય સ્થળ જોઇ બન્ને સ્વરૂપ કિશોર વય ધારણ કરી આનંદ પ્રમોદ કરી ખેલવા લાગ્યા.

આવી રીતે અનુપમ લીલા નિહાળી બ્રહ્માજીએ પ્રભુના મનની ઇચ્છા જાણી, ભાંડીરવન પધારી ગુપ્ત વિધિથી લગ્ન કરાવ્યા. પછી દેવોને જાણ થતાં સર્વે વિમાનમાં બેસી ત્યાં પધાર્યા પુષ્પવૃષ્ટિ કરી.

આ ગુપ્ત સ્થળ શ્રી મહાપ્રભુજીએ પ્રગટ કરી પ્રભુની અલૌકિક લીલાનો રસસ્વાદ કરાવ્યો.

૨૯. ભાડીર વન લીલા

(રાગ–ગરબાનો :)

વાયરો વાઇ વાઇને વેણ બોલે,
નિકુંજમાં નુપુર ખણુ ખણુકે,
જમુનાજીની લહેરોના સુર બોલે,
રસિકવર સંગમાં થૈ થૈ નાચે ૧

ઝુમી ઝુમી, કદમનાં પાન ડોલે,
શ્યામવન બંસીબટની જોડે,

આસો વદ ૧૨ તા. ૨૮–૧૦–૯૭ મંગળવાર, ગોવત્સ દ્વાદશી, વાઘબારસ.

આસો વદ ૧૩ તા. ૨૯–૧૦–૯૭ બુધવાર ધનતેરસ.

આસો વદ ૧૪ તા. ૩૦–૧૦–૯૭ ગુરુવાર રૂપ ચૌદશ, અભ્યંગસ્નાન, દિવાળી, હટડી, કાન જગાવન, લક્ષ્મીપુજન, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજ (વીરમગામ–કામવન)નો તથા ગો. શ્રી રઘુનાથજી (વીરમગામ–કામવન)નો જન્મદિન.

આસો વદ ૩૦ તા. ૩૧–૧૦–૯૭ શુક્રવાર અમાવાસ્યા, સં. ૨૦૫૩ પૂર્ણ, ગોવર્ધન પૂજન, અન્નકુટ ઉત્સવ.

કારતક સુદ ૧ તા. ૧–૧૧–૯૭ શનિવાર નુતન વર્ષારંભ, સં. ૨૦૫૪ ચંદ્રદર્શન, ગો. ચિ. ગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૨ તા. ૨–૧૧–૯૭ રવિવાર, યમદ્વિતીયા, ભાઇબીજ.

કારતક સુદ ૩ તા. ૩–૧૧–૯૭ સોમવાર ગો. શ્રી યમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૪–૧૧–૯૭ મંગળવાર ગો. શ્રી ભૂષણજી (માંડવી–કચ્છ)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૫–૧૧–૯૭ બુધવાર લાભપાંચમ, ગો. ચિ. વ્રજભૂષણલાલજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો તથા ગો. ચિ. પુરૂષોત્તમજી (જુનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૬ તા. ૬–૧૧–૯૭ ગુરુવાર ગો. ચિ. શ્રી વ્રજોત્સવજી (નાથદ્વારા)નો તથા ગો. ચિ. શ્રી વિશાલકુમારજી (મથુરા–પોરબંબર)નો જન્મદિન.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા : શ્રી પ્રવિણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ. (સીવીલ) બીરપુર

૨૮. ભાંડીરવન લીલા

રાગ : સારંગ (બધાઇ કો દિન નીકો આજ....)

શ્યામવન રસલીલા દરસાઇ ।
બંસી બટપે, બંશી બજાઇ, કદમ કદમ કો સુનાઇ. ૧
એક કદમ પે, દો તના રૂપી, હે રાધા શ્યામ દિખાઇ,
શ્યામ તમાલકી, કુંજન રચી, રસ બરખા બરખાઇ. ૨
ભાંડીર વનમેં, ભાંડીર બટપે, લગન વેદી સજાઇ,
કરાવત બ્રહ્મા, ગુપ્ત વિધિસે, લગન કિશોર કિશોરી. ૩

આ માસના ઉત્સવ

આસો સુદ ૬ તા. ૮-૧૦-૯૭ બુધવાર સરસ્વતી આવહાન (સપ્તમી ક્ષયા તિથિ છે) તેથી. ગો. શ્રી હરિરાયજી મહારાજ (મુંબઇ-મદ્રાસ)નો તથા ગો. ગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

આસો સુદ ૯ તા. ૧૦-૧૦-૯૭ શુક્રવાર ગો. શ્રી વાગધીશ બાવાશ્રી (શ્રીનાથદ્વારા દ્વિતીય ગૃહ)નો તથા ગો. શ્રી રવિકુમારજી (કાંકરોલી-મથુરા-વડોદરા)નો જન્મદિન.

આસો સુદ ૧૦ તા. ૧૧-૧૦-૯૭ શનિવાર વિજયાદશમી, દશહરા, અંકુરાર્પણ (જવારા) સાંજે ભોગ સંધ્યામાં શ્રી પ્રભુને સમર્પવા, સરસ્વતી વિસર્જન, નવરાત્ર સમાપ્તિ, ગો. શ્રી દામોદરલાલજી મહારાજ (કોટા)નો જન્મદિન.

આસો સુદ ૧૧ તા. ૧૨-૧૦-૯૭ રવિવાર પાશાંકુશા એકાદશી વ્રત, ગો. શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન)નો તથા ગો. શ્રી ગોપીકાલકારજી (મુંબઇ)નો જન્મદિન.

આસો સુદ ૧૩ તા. ૧૪-૧૦-૯૭ મંગળવાર શ્રી બાલકૃષ્ણ પ્રભુ (સુરત)નો પાટોત્સવ, ગો. શ્રી શિશિરકુમારજી (મુંબઇ-પાર્લા)નો જન્મદિન.

આસો સુદ ૧૪ તા. ૧૫-૧૦-૯૭ બુધવાર શરદપુર્ણિંમા, રાસોત્સવ.

આસો સુદ ૧૫ તા. ૧૬-૧૦-૯૭ ગુરુવાર કાર્તિક સ્નાન આરંભ, શ્રી રણછોડજી (ડાકોર)નો મેળો, શ્રી ગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ.

આસો વદ ૩ તા. ૧૮-૧૦-૯૭ શનિવાર ગો. ચિ. શ્રી વિનયકુમારજી (કોટા)નો જન્મદિન.

આસો વદ ૪ તા. ૧૯-૧-૯૭ રવિવાર ગો. ચિ. હરિરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

આસો વદ ૭ તા. ૨૨-૧૦-૯૭ બુધવાર શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર, ગો. શ્રી વ્રજવલ્લભજી બાવાશ્રી (માંડવી-જુનાગઢ)નો જન્મદિન.

આસો વદ ૯ તા. ૨૪-૧૦-૯૭ શુક્રવાર ગો. શ્રી વ્રજેશરાયજી (વીરમગામ-કામવન)નો જન્મદિન.

આસો વદ ૧૦ તા. ૨૫-૧૦-૯૭ શનિવાર શ્રી ટીકૈતના શૃંગારનો પ્રારંભ, ગો. શ્રી કનૈયાલાલજી મહારાજ (મથુરા-પોરબંદર-મુંબઇ)નો જન્મદિન.

આસો વદ ૧૧ તા. ૨૬-૧૦-૯૭ રવિવાર ગો. શ્રી મુરલીધરજી મહારાજ (વીરમગામ-ગોકુલ-કામવન)નો તથા ગો. શ્રી મિલનકુમારજી (ઘાટકોપર)નો જન્મદિન.

આસો વદ ૧૨ તા. ૨૭-૧૦-૯૭ સોમવાર રમા એકાદશી વ્રત, ગો. શ્રી કલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

એ સાચુ માન્યુ છે. જે નામ ઠરાવ્યું, તે નામને ગાળો દઇએ છીઇ, ત્યારે રીસ ચઢે છે. ત્યારે આ એકાદશ ઇન્દ્રિયોમાં તું કયો ! આ હાથ તારૂં નામ ! પગ તારૂં નામ ? કે મોનું તારૂં નામ ? વા માથું તારૂં નામ ? તું કયો ? તારામાં એ બધું છે, જે ગાળો દે છે, તેનામાં પણ એ બધું છે, ત્યારે ગાળો કોને લાગશે ? જેમ દાંત જીભ કરડશે, પગ પગને અથડાશે ત્યારે કોને મારશે ? આ રીતે બધું છે, આ તો હરિના મંદિર છે, જુઓ આ જીવમાં પોતે સિંહાસન માંડીને બેઠા છે, તેમાં પોતે જીવે પણ છે.

વળી એ જીવમાં કરોડો જીવ કીડા છે, કરમીયા છે, તેમાં એ પોતે જીવ છે, તેમ કરોડો બ્રહ્માંડમાં છે, એ જ રીતે છે. જેમ પેલો મોટો જીવ સવાશેર ખાય છે ત્યારે તેમાં રહેલા કરોડો જીવ તૃપ્ત થાય છે. પણ એ રીતે રોજ રાખે, તો એ તૃપ્ત થાય. જો વળી હમેશને માટે તૃપ્ત થાય, તો શા માટે ભોગ ધરે ? આથી વાણુ વાયને ભુખ લાગે, આથી નાહીને રસોઇ કરીને પ્રભુને ભોગ ધરે.

વળી કહેશે કે તૃપ્ત થયાની કંઇ એંધાણી છે ? ત્યારે કહેવું કે પણે દુર્વાસા આવ્યા હતા ને ભાજીનું એક પત્ર પ્રભુએ મુખમાં મુકયું. એટલે બધા શિષ્યો સાથે દુર્વાસા તૃપ્ત થયા. જયાં જેવો ભાવ મુકવો હોય તેવો મુકે, એવી પોતાની શક્તિ છે. તેમ આ જગત પ્રભુના પેટમાં છે, એટલું શા માટે કહેવું પડે ! અરે આ જગત તો પ્રભુને રહેવાનું મંદિર છે. માટે મંદિર વિનાને માંહે પ્રભુ વિના બીજુ જોતાં નહી. શ્રી શુકદેવજી મંદિર વિના ને માંહે પ્રભુ વિના બીજુ જોતાં નથી. જયાં જાય ત્યાં પ્રભુ જુએ તો ચૌદ લોક તૃપ્ત થાય. એક તલ પડે એટલુ પ્રભુ વિના છે નહિ. આ મારા રૂપની સાથે સારૂ સારૂ બોલીને પ્રસન્ન કરશો, તો હું પ્રસન્ન છું.

જેમ તને સાકર ભાવે છે, ને લીમડો કડવો લાગે છે તેમ સૌ માટે જાણવું. સામાને ખાવા આપીએ, ત્યારે પ્રભુ મંદિરમાં બેઠા છે, તે પ્રસન્ન થશે. જો જુદું જોશો તો પ્રભુ કહે છે કે હું કોપીશ ને મને જોશો, તો મને પામશો. એવાં કરોડો બ્રહ્માંડ વૈરાટ રૂપમાં છે. એવા કરોડો વૈરાટ પ્રભુના શ્રીઅંગમાં છે. જેમ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં છે. તે ઠાકોરજી શ્રી આચાર્યજી મહાપ્રભુના ભાવાત્મક છે. તે પંચાક્ષર સાથે નામ આપ્યું છે.

અનુકરણીય

આજીવન ગ્રા. નં. ૨૮૬ શ્રી જગદીશભાઇ કે. જોશી, રાજકોટ દ્વારા લવાજમમાં દર વધતા રૂ. ૨૦૦/- સંસ્થા ઉપર વિશેષ લવાજમ મોકલી અનુકરણીય પગલું ભરેલ છે.

॥ શ્રી વલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્‌ગારો

૫૫. ત્રણ ગુણમાંથી ઇન્દ્રિયોની ગોઠવણ

આ ત્રણ ગુણથી સર્વે ઇન્દ્રિયો થઇ છે. રાજસ, તામસ ને સાત્વિક. તેથી સર્વે જુદી જુદી ઉભી રહે છે, કોઇ કોઇની સાથે મળતી નથી ને ભગવાનને તે પોતાને રમવાનું મંદિર કરવું છે ને પેલી ઇન્દ્રિયો તો વેગળી ને વેગળી ઉભી રહી છે. ત્યારે પ્રભુએ પોતાની પ્રકૃતિ શકિતને આજ્ઞા કરી કે શું જુએ છે ? માર સર્વેને ને એકઠી કરીને બાંધી નાખ !! આમ પ્રકૃતિએ કર્યું, ત્યારે એકઠી થઇ ને જેને જ્યાં મુકવી હતી ત્યાં મુકી.

કોઇ ગુદા ઇન્દ્રિય, કોઇ ઉપસ્થ ઇન્દ્રિય, કોઇ નાક ઇન્દ્રિય, કોઇ કાન ઇન્દ્રિય, કોઇને મોંની ઇન્દ્રિયને કોઇને આંખની કરી. આ ઇન્દ્રિયો પોતાની ઇચ્છાથી નહોતી સ્થાન લેતી. ગુદા ઇન્દ્રિયને ઉપસ્થ ઇન્દ્રિય થવું કોને ગમે ? એટલે મારી કુટીને જ્યા ઘાલવી હતી, ત્યાં ઘાલી.

દૃષ્ટાંત તરીકે આપણે અપરસ્સરસમાં નાહીને જતા હોઇએ ત્યારે સર્વને એમ કહિએ કે ભાઇઓ મને અડશો નહી. હું તો અપરસમાં જાઉં છું, ત્યારે લોક તો વેગળા વેગળા વેગળા ચાલે, પણ તેમાં કોઇ અસુર આવ્યો, તેણે તો આપણને ઝાલ્યા. ત્યારે આપણે કહીએ કે હું તો અપરસમાં જાઉં છું, ત્યારે પેલો કહે કે અપરસ, કોણ છે ? ચલ બે, વે ગાંસડી ઉઠાવવાની છે. ત્રણ મણની ગાંસડી માથે મુકી, તે લઇને આપણે ચાલ્યા. પેલી અપરસ થાકીને રહી.

તેમ આ એકાદશ ઇન્દ્રિઓને પ્રકૃતિએ બાંધીને આ શરીરરૂપી મંદિરમાં ઘાલી. ઇન્દ્રિઓને એકની તળે બીજીને રહેવું ગમતું નહોતું, અને તેથી એકઠી થતી નહોતી, માટે પરાણે મારીકુટીને જ્યાં ઘાલવી હતી, ત્યાં ઘાલી. કોઇ ઘર ચણે ત્યાં ઇંટો લાવીને જ્યાં ઘાલવી હોય ત્યાં એકી વખતે ઘાલી દે, ને જ્યાં ઘાલે, ત્યાં ચણાય, ગમે તો મંદિરમાં ચણે કે પછી સંડાસમાં ચણે, તેમ પેલી ઇન્દ્રિયોને ચણી નાખીને એક પ્રભુને બેસવાનું મંદિર કર્યું તે મંદિરમાં પોતે પધાર્યા. એવાં કરોડો બ્રહ્માંડો કર્યા, પણ પોતાની ઇચ્છા થઇ, ત્યારે પ્રકૃતિએ ઉભાં કર્યા, પોતાને કંઇ કરવું પડતું નથી.

કેટલાંક દિવસ તો સર્વે ઇન્દ્રિયો જુદી જુદી રહી, કોઈ કોઇને મળી નહિ. જ્યારે પ્રકૃતિને પ્રભુએ આજ્ઞા કરી કરી, ત્યારે પ્રકૃતિએ એકઠી કરી. તેમ આ ગર્ભમાં ચાર પાંચ માસનો ગર્ભ થાય છે, ત્યાર પછી જીવ સંચરે છે, કેડથી સાત લોક નીચાને કેડથી સાત લોક ઉંચા છે. નીચલા તે નીચલો ભાગ, ને ઉપલા તે ઉપલો ભાગ. દેહ તે બ્રહ્માંડ એ રીતે છે. એ ચૌદ લોક આ જીવનું નામ પાડયું, પણ તે નામ છે નહિ, એ નામ તો સંજ્ઞામાત્ર છે. લોકોનું પાડેલુ છે વા કોઈનું પાડેલું છે તે ખોટું છે. કલ્પેલું નામ તે મિથ્યામાત્ર છે, પણ

વન તેં આવૈ લાલન ઘર કૌ । ઝપટિ ઓઢની કે વસ્ત્ર ન સોં ।
ગોરજ જો મુખ પૈ લપટાઇ । પોંછોંગી કબ ધૌં હરખાઇ ।૭૪૧।

દો. બિખરી જે મુખ પૈ અલક સુત મુખ રખતીં ઢાંકિ ।
તિન કહું નખન હટાઇ કૈ, કબ દેખુંગી ઝાંકિ ।૭૪૨।

ગાયન કે ખુર તેં ઉડિ આઈ । લાલ ન કે મુખ કમલ ન છાઇ ।
અપને વસ્ત્ર ઢકે હાથ ન સોં । કબ ફિરસેં પોછ હું મોહન સોં ।૭૪૩।

દુષ્ટ ન દૃષ્ટિ લગી બ્રજ આવન । તાકો પુરો દોષ નસાવન ।
રાઇ લૌન આંચર ન લેઇ । કબ ધૌં દૌરિ ઉતાર હું તેહી ।૭૪૪।

ગાય ન ગોષ્ઠ દ્વાર પૈ આંવત । મંદ મંદ વેણુ સુન બજાવત ।
વિરહ તાપન યહ મન હૈ જાકો । ગોકુલેશ ઇકલૌ તો વાકો ।૭૪૫।

ઐસી મૈં દેખું દંન નયન ન । કબ ધૌં પ્રાપ્ત હોય ઐસો છન ।
ઇહિ વિધિ કરત મનોર્થ અનેકા । કત હું મમત્વન પાવત ટેકા ।૭૪૬।

સન્ધ્યા સમય જુ ચલી જશોદા । સખિન સહિત જો હત ચંહુ કોદા ।૭૪૭।

નયે વસ્ત્ર વનમાલ આભરન । વિવિધ અરગજા આદિ સુગંધન ।
ચુત પદાર્થ લે, તન રોમાંચન । હિય ઉત્કંઠિત આનન્દાશ્રુન ।૭૪૮।

કરત પુત્ર કર તુતિન ગાના । સુમિરત વાસુ ચરિત્ર મહાના ।૭૪૯।

કમ્પિત દેહ વિહ્લ પરમાનંદ । પગ પગ સુત કહું રૈ સાનંદ ।
આતુર ચલત જુ ઠોકર ખાવત । કૃષ્ણ કૃષ્ણ ચિલ્લાવત જાવત ।૭૫૦।

દો. કરત ભાવના મિલન કી, ભેંટત માનસી રૂપ ।
ગોષ્ઠ દ્વાર મૈયા ગઇ, ભરિ આતીં સોં ભુવ ।૭૫૧।

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ મોરબી અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. પ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પ. ભ. ઇન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

તિનસો ચમકત યુગલ કપોલન । નકબેસર નાકનકે છિદ્રન ।૭૨૭।
અધર બિંબ ફલ ઉપર વેણુન । કે નાદન સોં મોહિત ત્રિભુવન ।

દો. વન મેં જો શ્રમ પાઇયો, તા સોં ગયો થકાયે ।
આલસયુત હુઇ હેં નયન. સોચત યશુદા માય ।૭૨૮।

ગોધમ કે પાછેં અડયો ખેલ ન મેં ચિત જાસુ ।
દિન બિત્યો કબ દેખિ હૈં । હૌં ગરીબ મુખ તાસુ ।૭૨૯।

થકયો થકાયો ગજગતિ ચલતો । વનકી લીલા સુમિરણ કરતો ।
કબ આવૈ ગો ઝુમત બ્રજ કોં । કબ દેવૈગો યહ સબ સુખ મોકોં ।૭૩૦।
અપની ગઇયન કે નામ ન સોં । કરિ કરિ મધુર વેણુ નાદ ન સોં ।
વિયોગ અગિનિ જરાયો મો મન । કબ શીતલ કરી હૈ મન મોહન ।૭૩૧।

લકુટી કમલ ફિરાવત વામ કર । કબ દેખ હું મૈં સુત હિ નેત્ર ભર ।
પુત્ર વિરહ અબ ઓર ન સઇ હૈ । નેત્ર ન જન્મ સફલ કબ હુઈ હૈ ।૭૩૨।

મૈયા મૈયા, હેરી મૈયા । કબ સમ્બોધન કરૈ નન્હૈયા ।
પાસ આય કબહિય લપટે હૈ । કબ, દર્શન આરતી નસૈ હૈ ।૭૩૩।

દો. મૈયા લાગી ભુખ અતિ, દુધ દહી દૈ મો હિં ।
હઠ કરિ થિરકત માંગ તો, કબ ઘોં દેખ હું ઓહિં ।૭૩૪।

બન સોં કબ ઘર મેં પગુ ધરિ હૈ । સખન સહિત મોહિં પ્રનામુ કારિ હૈ ।
કબ મેરો મન શીતલ કરિ હૈ । મોરે ચરન ન મસ્તક ધરિ હૈ ।૭૩૫।

કબ હૌં તે હિ દોઉ હાથ ઉઠાઇ લૌ હોં અપને હૃદય લગાઇ ।
કબ ઘોં નિજ સુત કો વાત્સલ્યન । કરિ હોં હાય મુદિત મન ચુમ્બન ।૭૩૬।

મધુર હાસ્ય સુત બ્રજ જીવન કો । કબ દેખ હુંગાં હોં મુખ નીકો ? ?
તાકી પ્રિય ગૈયન–હુંકારી । કબ પરિ હૈ મો શ્રવણ મંઝારી ? ? ।૭૩૭।

કબ ઔંચક ઉઠિ દૌરી સમીપા । અપને સુત ઢિગ જાકેં ભુપા ।
લાલન કહં લેઉં કંઠ લગાઇ । મિલત બચ્છ જિમિ ધેનુ લવાઇ ।૭૩૮।

કબ સુત મુખ સુનિ તોતરિ બાતા । મીઠે સરસ બચન સુખ દાતા ।
મેરો અંતઃકરણ બુઝૈ હૈ ? મોહિં આન્તરાનન્દ દેઇં હૈ ।૭૩૯।

વિવિધ ભાંતિ કે પુષ્પ રસાલા । લૈં તાસોં ગુંથી વનમાલા ।
ગાય ચરાવન હાર કન્હૈયા । કૌં કબ પહરહિ હૈ યા મૈયા ।૭૪૦।

પુ. પા. ગો. શ્રી મધુસુદનજી મહોદય શ્રી પદમાવતી વહુજી શ્રી નૃસિંહચારી શ્રી વાસ્તવ ડો. ગજાનન શર્મા વી. પી. પરીખ વિગેરેએ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોની જાણકારી આપેલ.

તેમજ વૈષ્ણવ મહિલાઓ દ્વારા મહિલા કોલેજમાં "શ્રી ગિરીરાજ મહોત્સવ અન્ય મનોરથો આરતી હરિફાઈ વિગેરેનું સુંદર આયોજન કરવામાં આવેલ જેમાં વૈષ્ણવોએ આનંદ વિભોર બની ભાગ લીધેલ.

મદ્રાસના પ્ર. ભ શ્રી હરિદાસભાઈ શેઠને વૈષ્ણવ પરિષદના કેન્દ્રીય ઉપપ્રમુખ તરીકે નીમણુંક કરવામાં આનેલ વૈષ્ણવ પરિષદનાં કેન્દ્રીય કારોબારીનાં હોદેદારો તથા સભ્યશ્રીઓએ પરિષદનાં કાર્યને વેંગવંત બનાવવા ચર્ચા વિચારણા કરેલ.

બાયડ : આં. પુ. વૈષ્ણવ પરિષદ (ગુજરાત પ્રદેશ) શ્રી વલ્લભ વિશ્વ ધર્મા સંસ્થા તથા શ્રી વલ્લભ સદન અમદાવાદનાં સહયોગથી ગુજરાતનાં પુરગ્રસ્ત વિસ્તાર સીમલજ ગામનાં ૭૨ ઘરોમાંથી ૭૦ ઘરો પુર ઝપટમાં સંપૂર્ણ તારાજ થયા ને પરિવારો જ ઘઉં કિલો ચોખા ૧ કિલો દાળ ૧ કિલો ખાંડ ૧ બાલદી બે થાળી વાટકા ગલાસ ચાદર) ની અન્ન સાધનોની કિટ વિતરણ કરવામાં આવેલ જેમાં શ્રી પદ્યુમન શાસ્ત્રી ચીમનભાઈ શેઠ તથા અન્ય સેવામાં પ્રવૃત સેવા ભગવદીજનો સાથે ગામના તલાટી શાળાના આચાર્ય વિગેરે જોડાયેલ.

અમદાવાદ અમદાવાદ યોગેશભાઈ શાસ્ત્રીની ભાગવત સપ્તહનાં સ્થળે ચીમનભાઈ શેઠનાં હસ્તે 'શ્રી વલ્લભ ગીતા' ગ્રંથની ચોથી આવૃરિ વિમોચન કરવામાં આવ્યું

વડોદરા : વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ દ્વારા પ્રકાશિત પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય દ્વારા રાંપાદીત કરેલ "શ્રીમદ ભગવદ ગીતા પુષ્ટિ દર્શન" ગ્રંથનું વિમોચન શ્રી કલ્યાણરાયજી મંદીરનાં પટાગણમાં શ્રી પ્રદ્યુમન શાસ્ત્રીનાં વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે પૂ વા, ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયશ્રીએ સાહિત્યની વિસ્તૃત સમીક્ષા કરતા જણાવ્યું કે તાત્કાલીક સાહિત્યમાં જેની સ્મૃતિ અમુક ક્ષણો પુરતી અસર રહે જ્યારે ચીરંજીવ સાહિત્ય જીવન પ્રણાલી બની જાય અને સનાતન સાહિત્ય જેના ચાંર પાયા તેમાં 'ગીતા" પણ એક ભાગ છે મનુષ્ય તેમાંથી પ્રેરણા લેતો રહયો છે તેમાં કોઈ કાલ બાધકતાં નથી ઉંપરાંત સામાન્ય મધ્યમ અને ઉત્તમ સાહિત્ય અંગેની સમજ પણ આપશ્રીએ આપેલ હતી.

ગો. વા. પ્રો. ઓ, એસ. પટેલનાં પરિવારનાં સૌજન્યથી પ્રકાશિત થયેલ 'શ્રીમદ ભગવદ ગીતા પુષ્ટિ દર્શન ગ્રંથ વિચાર અને ભુમીકા વિષે ચીમનભાઈ શેઠ તથા પ્રા. ગોપાલદાસભાઈ શાહે આપેલ પ્રમુખ શ્રી ઈન્દ્રકાન્તભાઈ શેઠે સ્વાગત પ્રવચન કરેલ.

અમેરિકા-લંડન : પુ. પા. ગો, શ્રી વ્રજેશકુમાર મહારાજ (કડી-અમદાવાદ) દ્વારા યુ. કે. અમેરીકા લંડનનાં પ્રવાસ દરમ્યાન આપશ્રીની અધ્યક્ષતામાં શ્રી મહાપ્રભુજીનો પ્રાકટ્ય મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેલ યુ. કે. મહિલા મંડળ દ્વારા આપશ્રીનું ભવ્ય સ્વાગત કરવામાં આવેલ અને કાર્યક્રમને સફળ બનાવવા સહયોગી બનેલ લેસ્ટરમાં આં. પુ. વૈષ્ણવ પરિષદ દ્વારા ઉત્સવ આયોજનમાં પણ આપશ્રી પધારેલ અને આપશ્રીના પ્રવચન આદિ આદિ કાર્યક્રમો થયેલ અન્ય શહેરોર્મા પણ ધર્મ પ્રચાર અંગે આંપશ્રીના પ્રથચનો થયેલ.

૧૨ દિવસનો વ્રજ પરિક્રમા પ્રવાસ

પુ, પા. ગો. શ્રી વ્રજેશકુમાકજી મહારાજ (કડી અમદાવાદ)ના આશીર્વાદથી પુ.પા.ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદય શ્રી (કડી-અમદાંવાદ)ની અધ્યક્ષતામાં બસ દ્વારા ૧૨ દિવસનો વ્રજ-પરિકપા કાર્યક્રમ તા,

૬-૧૨-૯૭થી ૧૮-૧૨-૯૭નો યોજાયેલ છે. જેમાં વ્રજમાં આવતી બેઠકજીઓએ ઝારી સ્પર્શચાર્ણના લાભ સાથે પ્રભુ શ્રીકૃષ્ણની લીલારથળી વ્રજ દર્શનનાં અનેરો આનંદ પ્રાપ્ત થશે. આ પ્રવાસમાં જોડાવવા ઈચ્છુક વૈષ્ણવોએ સંપર્ક કરવો.

શ્રી વ્રજપરિક્રમા સમિતિ કાર્યાલય – શ્રી નિલેશભાઈ કોન્ટ્રાક્ટર–અમદાવાદ તથા ભરતભાઈ ચોકસી અમદાવાદ ફોન નં. ૪૬૩૦૩૬-૪૧૦૪૯૨

કપડવંજથી શ્રીનાથજી પદયાત્રા

આં. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશનાં પ્રોત્સાહનથી તેમજ સંતે પુનિત આશ્રમ (કપડવંજ)નાં સહયોગથી સં. ૨૦૫૪ના લાભ પાંચમે કપડવંજથી શ્રીનાથજી પદયાત્રા ઉપાડનાર છે. ૨૫૨ વૈષ્ણવોને સહભાગી બનાવવાની પ્રયાસ છે વિશેષ માહિતી (૧) ચીમનભાઈ શેઠ–વડોદરા ફોન નં. ૩૩૩૧૦૮ (૨) રમણીકભાઈ દેસાઈ (કપડવંજ) ફોન નં ૫૨૬૨૪ (૭) ચોપાલભાઈ શાહ આણંદ ફોન નં. ૨૪૮૬૩ (૪) શ્રી દિનેશ શાહ મુંબઈ ફોન નં. ૮૧૪૩૮૨૯

મોડાસા – આં. પુ. વૈષણ્વ પરિષદ મોડાસા શાખા–જુનિયર ચેમ્બર્સ શ્રી છબીલદાસ વલ્લભદાસ ટ્રસ્ટ–સર્વોદય હોસ્પીટલ–સદવિચાર પરિવારનાં સહયોગથી સાબરકાંઠાં જીલ્લાના પ્રાંતિજ તાલુકાના સુખડ ગામના લગભગ ૩૦૦ પરિવારોને ત્રણ હજાર કિલો અનાજ વિતરણ કરવામાં આવ્યું,

પુસ્તક પરિચય

૫. પત્રાવલંબ અલર્કપુર ચરિત્ર અને મંત્રરાજ મંત્રરાજ શ્રી અષ્ટાક્ષર

સંપાદક રવજી પ. પટેલ

પ્રકાશક આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ધોરાજી શાખા, 'અમૃત' જલારામ ૧ માર્ગ –૩
યુનિવસિટી રોડ, રાજકોટ ૩૬૦૦૦૫

આઠ પેઈઝ ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૩૨+૧૬=૨૪૮ ઓફસેટ પ્રિન્ટીંગ સેકસન સિલાઈ, ટાઈટલ રંગીન કાર્ડનું લેમીશનવાળું ન્યોછાવર રૂા. ૪૦/–પોસ્ટેજ રૂા, ૧૦/–

પુષ્ટિ સંપ્રદાયના સાહિત્યનું સંપાદન કરીને અનેક પુસ્તકો વૈષ્ણવ સમાજને ભેટ ધરનાર સંપાદન દ્વારા એક વિશેષ અમુલ્ય સાહિત્ય રજુ થયું છે.

આ પુસ્તકમાં શ્રી મહાપ્રભુજીનો વિદ્વદ ભોગ્ય ગ્રંથ પત્રાવલંબનને મુળ સ્વરૂપે તેમજ સરળ ગુજરાતીમાં લોક ભોગ્ય શૈલીમાં સુંદર રીતે નિરૂપણ કરેલ છે જે વાંચતા અલૌકિક આનંદ પ્રાપ્ત થાય છે.

શ્રી મહાપ્રભુજીએ અડેલમાં સ્થાયી નિવાસ કરેલો તે સ્થાનનો મહિમા ચરિત્ર કડી બધ્ધ ઈતિહાસનું આ લેખન અનેક મહાનુભાવોના હસ્ત લેખિત સાહિત્ય તેમજ અન્ય સાહિત્યને આધારે સુંદર રીતે સંકલન કરેલ છે,

પુષ્ટિ સંપ્રદાયી પ્રારંભિક દીક્ષા નામ મંત્ર "શ્રી કૃષ્ણ:શરણ.મમ" દીક્ષા આ અષ્ટાક્ષર મહામંત્રનું એક એક અક્ષરનું અલૌકિક માહામ્ય તથા અષ્ટાક્ષર દિક્ષાથી શ્રવણ, કિર્તન. સ્મરણ, પાદ સેવન, અર્ચન, વંદન, દાસ્ય આ ૭ પ્રકારની ભકિત મલવાનો અસાધારણ અધિકાર પ્રાપ્ત થાય છે તે સુંદર રીતે દર્શાવેલ છે.

તદુપરાંત અષ્ટક્ષર મહામંત્ર ધ્વનિને અનુરૂપ ઘણા ધોળ, પદ અને ધુનનો તથા શ્રી પુષ્ટિ માર્ગ લક્ષણાનિ "ગ્રંથ ટીકા શહિત તેમજ 'જય શ્રી કૃષ્ણ" ની ભાવ–ભાવનાનો પણ સમાવેશ કરેલ છે.

સર્વ વૈષ્ણવો પયોગી ળહુ મુલ્ય સાહિત્ય સંપાદિત પુસ્તક શુભ પ્રસંગે ભેટ આપવા લાયક સર્વે વૈષ્ણવ પરિવારે વસાવવા અને વાંચવા લાયક ભગવદ વાર્તામાં નિયમીત વાંચન કરવા યોગ્ય અમૂલ્ય પુસ્તક,

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૩૨, પીન બાઈન્ડીંગ. ઓફસેટ પ્રિન્ટીંગ, પુસ્તક પ્રકાશન સહાય રૂ. ૫/-

મૃત્યુ એ માનવ જીવનનો અનિવાર્ય બનાવ છે. મૃત્યુની પુષ્ટિ માર્ગીય સમજ તો તિરોભાવ છે. નાશ નથી શ્રી ગીતાજીના આધારે મૃત્યુની સમજ અમલમાં આવી છે. મૃત્યુ પામેલા સ્વજન પાછળ શું કરવું ? એ પ્રથાની પણ સુંદર છણાવટ સરળ ભાષામાં કરવામાં આવી છે.

પુષ્ટિ સાહિત્યના સિદ્ધ હસ્ત લેખક દ્વારા પુષ્ટિ પરિચય શ્રેણીનું પ્રથમ પુષ્પ ઘણું સુંદર છે.

દરેક વૈષ્ણવે વાંચવા, વિચારવા અને સમજવા માટેની ઉતમ પુસ્તિકા.

(૪) શ્યામઘટા ઘિર આપી (કીર્તન માધુરી)

સંપાદક ; શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ
પ્રકાશક - શ્રી પુષ્ટિ પ્રકાશન, કાંદીવલી (વેસ્ટ) મુંબઈ-૪૦૦૦૬૭
પ્રાપ્તિસ્થાન । શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ. મર્સીવિલા, અશોકનગર રોડ
કાદીવલી (પુર્વ) મુંબઈ-૪૦૦૧૦૧
આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૩૨ ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ ન્યોછાવર રૂ. ૧૦-૦૦
પોસ્ટેજ પેકીંગ ખર્ચ રૂ. ૩-૮૦

આ પુસ્તિકામાં વર્ષાઋતુમાં ગવાતા મલ્હાર રાગના શ્રી...ને જગાવવાથી પોઢવા સુધીના આઠે સમયના ચુંટી કાઢેલા પદોનું સુંદર સંકલન કરેલ છે. તે ઉપરાંત આ વર્ષાઋતુમાં શ્રી...ને સુરંગ, સોનાચાંદી, કાચ, ફુલ, શ્રી ગિરિરાજજી ઉપર, શ્રી યમુના તટ પર, ઠકુરતી તીજ, ઘટાઓ જેવી કે કસુંભી, ગુલાબી પીળી, હરી, શ્યામ, ચુનરી, સફેદ, શાકપાન, પવિત્રા, સુકામેવા. લીલા મેવા, કુંજ વગેરે હિંડોરાની સુંદર સજાવટ કરીને ઝુલાવવામાં આવે છે તેવાજ પદોની પસંદગી કરીને શ્રી... સન્મુખ હિંડોળાની જેવી સજાવટ શૃંગાર તેવાજ કીર્તનો ગાવાની સુગમતા કરેલ છે એટલુંજ નહીં પરંતુ પદોમાં આવતા અઘરા શબ્દોના અર્થ ચોથા ટાઈટલ ઉપર આપીને ભાવાર્થ સમજવામાં પણ સરળતા કરી આપી છે.

સંપાદક - પ્રકાશકને શ્રી પુષ્ટિ માર્ગીય પરિચય પુસ્તિકા ૨૬ પ્રસ્તુત કરવા બદલ અભિનંદન.

ઘર સેવામાં શ્રી... સન્મુખપદો ગાવાની ઉપયોગી અને વસાવવા લાયક પુસ્તિકા...

નોંધ - નવી આવૃતિમાં વર્ષા ઋતુના છાક-અચવન-બીરીના પદ સંપાદન કરવાનું સુચન છે.

૫. ષડગ્રંથો :

નિ. લી. ગો. શ્રી નૃસિંહલાલજી મહારાજની ષોડષ ગ્રંથ પરની વ્રજ ભાષા ટીકાનો ગુજરાતી અનુવાદ.
ગુજરાતી અનુવાદ ; ગો. શ્રી રવિન્દ્રકુમારજી મહોદય (રાજકોટ માંડવી-કચ્છ)
પૃષ્ઠ ૮૦ + ૫ રંગીન ચિત્રાજી
પ્રકાશક ; શ્રી વલ્લભ શ્રી યુવક મંડલ ''ભક્તિ વર્ધિની'' ૬/૧૩ જયરાજ પ્લોટ રાજકોટ.

નિઃશુલ્ક વિતરણાર્થે પ્રકાશિત

ઉપરોક્ત મંડલ દ્વારા બે વર્ષ પૂર્વે શોડષગ્રંથ પૈકીના પાંચ ગ્રંથોનો પુ. પા. ગો. શ્રી રવિન્દ્રકુમારજી મહોદય દ્વારાં કરાયેલ ગુજરાતી અનુવાદ પ્રકટ થયેલ એ જ શૃંખલામાં આ બીજું પ્રકાશન છે.

આ પુસ્તકમાં નવરત્ન, અંતઃકરણ પ્રબોધ, વિવેક ધૈર્યાશ્રય, શ્રી કૃષ્ણાશ્રય ચતુઃશ્લોકી અને પંચ પદ્યાની એમ છ ગ્રંથો પરની નિ. લી. ગો. શ્રી નૃસિંહલાલજી મહારાજ કૃત વ્રજ ભાષા ટીકાનો અનુવાદ પ્રકટ થએલ છે.

પુષ્ટિમાર્ગના મુળ સિદ્ધાંતોને યથાર્થરુપે સમાજસેવામાં આ ગ્રંથ ખુબ ઉપયોગી છે. નિઃશુલ્ક વિતરણાર્થે આ પ્રકાશનના પ્રકાશકોએ ઉતમ નામ સેવા કરી છે.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Publishedon thir
date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P.O

વેરણ મોરલી

[ઢાળ ઢોલિડા ઢોલ ધીમો ધીમો વગાડ ના,
રઢિયાળી રાતડીનો જો જે રંગ જાયના]

કાનુડા ……… ઓ……… કાનુડા……… કાનુડા
કાનુડા મોરલી વનમાં વગાડનાં. વગાડનાં,
મોરલી વગાડી મારૂં દિલડું દુભાવના —કાનુડા ૦ ૧
મોરલીના નાદે મારી પાંસળી વિંધાય
મનડું મારૂં વ્યાકુળ થાય.
મોહનને મળવાં, વનમાં જવાયના, જવાયના,
કાનુડાને કહો સખી મોરલી વગાડના — કાનુડા ૦ ૨
તનડાના તાર મારા ઝણ ઝણ થાય
અંગો અંગમાં ઉઠી છે લાય
અંતરના દુઃખડા કોઇને કહેવાય ના, કહેવાય ના,
કાનુડાને કહો સખી મોરલી વગાડના — કાનુડા ૦ ૩
મદની ભરેલી છકેલી એ નાર
મોહનની મોરલી કામણગાર
મોહનના મુખેથી આઘેરી જાય ના, જાય ના,
કાનુડાને કહો સખી મોરલી વગાડના — કાનુડા ૦ ૪
મોહનની મોરલિયે મોહી વ્રજનાર
શ્યામ વિના લાગે સુનો સંસાર
મોરલી વાગે તો 'લાલ' મુજથી જીવાય ના, જીવાય ના,
કાનુડાને કહો સખી મોરલી વગાડના — કાનુડા ૦ ૫

—કીર્તનીયાજી લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ

આધ્યાત્મિક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પત્રિકા સંપાદિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, પ્રકાશક, અને મુદ્રક
[illegible] : રમણભાઈ ૫. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ-૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૩૯૧૧૩૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

'વળી એક દિવસ કહ્યું કે ભગવાનના ચરિત્રનો કોઇ પાર પામતું નથી કેમ કે તે સર્વ અવતારોના અવતારી મૂલ છે. બ્રહ્માજીએ નારદજીને કહ્યું જે અમે પ્રભુના ચરિત્રનો પાર પામ્યા નથી શેષજી હજાર મુખથી પ્રભુના જશ ગાય છે, તો પણ પાર પામતા નથી. એવા આદિ સનાતન, એવા મોટા બ્રહ્માદિક છે તે પણ પ્રભુની લીલાનો પાર પામતા નથી. તો બીજાની શું વાત કહીએ.

હવે ત્યાં પુછયું કે એવા પ્રભુજી પ્રાપ્ત કેમ થાય ? એમ નારદજીએ બ્રહ્માજીને પુછયું ત્યાં કહે છે કે એવા મોટા ભગવદિય છે તે પણ ભગવાનની લીલા સમુદ્રનો પાર પામતાં નથી તો આજ કાલના જે જીવ સ્ત્રી, શુદ્રદિક એવાની શું ગતી થશે ? ત્યાં કહે છે કે જે કોઇ જીવ પ્રભુને સર્વાત્મ ભાવે કરીને ભજશે તો તેમનું કામ થશે. વળી મોટા ભગવદિઓ જે માર્ગે ચાલ્યા છે તે માર્ગે ચાલે તે તો પ્રભુને પામે વળી જે રીતે આપણા ગુરૂ આજ્ઞા કરે તે પ્રમાણે ચાલે તો પ્રભુ પ્રસન્ન થાય. પણ જો એક પોતાને કર્તા માનીને ચાલે તો સર્વે નિષ્ફળ થાય.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૨૮

✱ આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ✱

વર્ષ ૧૬ : અંક-૮ ● નવેમ્બર, ૧૯૯૭

શ્રી **વલ્લભાબ્દ** ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ✱ આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

શ્રી વલ્લભ સિદ્ધાંત પ્રચારક સમિતિ, મુંબઈ

[illegible] [illegible] ડેલાવાળાનું વૈષ્ણવ સમાજને નમ્રનિવેદન

મો.હો. ભગવદીય શ્રી, ...આદર ભાવપૂર્વક સ્મરણ.

શ્રીનાથદ્વારામાં ઘણા વર્ષો થયાં યાત્રીકોની સુવિધા માટે એક વૈષ્ણવ ટ્રસ્ટ સંચાલિત ભોજનાલય ચાલે છે. તે ટ્રસ્ટ દ્વારા કારણવશાત્ તેનું સંચાલન થઈ ન શકતાં, નાથદ્વારા ટેમ્પલ બોર્ડે અન્ય સંપ્રદાયના ટ્રસ્ટને આ ભોજનાલયનું સંચાલન-વ્યવસ્થા સોંપી આપેલ છે. આથી વૈષ્ણવ સમાજની લાગણી દુભાઈ છે.

સમગ્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોના પરમ આરાધ્ય શ્રીનાથજી, વૈષ્ણવોનું મુખ્ય યાત્રા ધામ તેમાં જ વૈષ્ણવ યાત્રાળુઓને અન્ય સંપ્રદાયના લોકોની વ્યવસ્થામાં ગેરપુષ્ટિમાર્ગીઓનું ભોજન લેવું પડે તે આખાં પુષ્ટિ સંપ્રદાયના વૈષ્ણવોને માટે ભારે શરમનો વિષય છે.

નાથદ્વારા ટેમ્પલ બોર્ડના આ નિર્ણયનો વિરોધ કરવા ગામે ગામના વૈષ્ણવોએ વ્યક્તિગત સંસ્થાગત અને સામુહિક સહિઓ કરી વિરોધના પત્રો મોટી સંખ્યામાં મોકલાવવા જોઈએ તેમજ સંપ્રદાયની સેવાભાવી સંસ્થાઓએ સાથે મળી વિચાર વિમર્શ કરી આ ભોજનાલયની વ્યવસ્થા સામગીરી સંભાળી લેવા તૈયારી કરી તે અંગેની રજુઆત નાથદ્વારા ટેમ્પલ બોર્ડને કરવી જોઈએ.

વિરોધ પત્ર મોકલવાનું સરનામું.   સચિવ શ્રી, પુ. પા. ગો. શ્રી તીલકાયતજી મહારાજ
આમ દફ્તર. મોતીમહેલ નાથદ્વારા પીન. ૩૧૩૩૦૧ (રાજસ્થાન)

શુભલગ્ન પ્રસ્તાવ :

પ. ભ. શ્રી સહર્ષ જણાવવાનું કે વૈષ્ણવાચાર્ય પુ. પા. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજ શ્રી (કડી-અમદાવાદ)ના દ્વિતીય લાલજી પુ. પા. ગો. શ્રી દ્વારકેશજી મહોદયશ્રીના વિવાહ પ્રસ્તાવ શુભ મિતિ કારતક વદ ૮ તા. ૨૨-૧૧-૯૭ શનિવારના સાંજે પુ. પા. ગો. ૧૦૮ શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રી (પોરબંદરવાળા)ના શ્રી બેટીજીના સુપુત્રી શ્રી શિલ્પાજી સાથે નિર્ધારીત થયેલ છે.

આ શુભ પ્રસંગે 'શ્રીજી'ના વિવિધ મનોરથો પણ થશે આપ સર્વેને આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહી શોભામાં અભિવૃદ્ધિ કરવા અમારૂ સ્નેહભર્યું આમંત્રણ છે ઉપરોકત શુભ પ્રસંગે ગોસ્વામી આચાર્યશ્રીઓનો વિશાળ સમુદાય ઉપસ્થિત રહેશે જેમના દર્શનનો લાભ સર્વે વૈષ્ણવજનોને મળશે.

પ્રસ્તાવ સ્થળ : લાલજી લવજી લોહાણા મહાજનવાડી, ભદ્રકાળી રોડ, પોરબંદર (સૌરાષ્ટ્ર)
ફોન : ૨૧૦૯૭

નોંધ : બહારગામથી તથા વિદેશથી આવનાર વૈષ્ણવો અગાઉથી જાણ કરશે તો તેમના આવાસ તેમજ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવશે.

પત્ર વ્યવહાર અને સંપર્ક : વૈષ્ણવાચાર્ય ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી   નિવેદક
'વ્રજલતા' પુનિતનગર વિભાગ-૩   શુભ વિવાહ પ્રસ્તાવ સમિતિ
સેટેલાઈટ રોડ, આંબાવાડી, અમદાવાદ ૩૮૦૦૧૫   ફોન : ૪૦૨૯૩૭, ૪૦૭૫૮૬

શ્રી વલ્લભ સુધા દર માસની ૭મી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત



પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૮ * નવેમ્બર ૧૯૯૭

મનને શિક્ષા

હમજો કરેં તા સોં નર્ક ડરે ।
આપ કરો તાકી કો જાને, તાતેં જીયમે શોચ પરે ।૧।
શરન કહાય શરન નહીં જાન્યો, મલીન હોય જગવિચરે ।
ભાંતી ભાંતી કે ભેખધારી કેં ઠગી ઠગી અપનો પેટભરેં ।૨।
નિત ઉઠી કરો જીવકી હીંસા, યહ તજી મેરે તેં ન ટરે ॥
આસુરાવેશ રહત નીશ વાસર, દયા ધર્મ ચીત મેં ન ધરે ।૩।
હમસો કોઇ સુન્યો નહીં દેખ્યો તાકી કથા વિધિ હુ વિસ્તરે ॥
'રસિકદાસ' જનકે શ્રી વલ્લભ બિરદ જાની જો વરે ।૪।

* ભાવાર્થ *

હે શ્રી વલ્લભ પ્રભુ ! અમારા (જીવના) કૃત્યો કેવા છે ? કે અમે જે આચરણ કરીએ છીએ તેનાથી તો નર્ક પણ ડરે છે હે શ્રી વલ્લભ આપની શું ઇચ્છા છે તે કોઇ કેમ જાણી શકે, તેથી જીવને શોચ (ચિંતા–વિચાર) થાય છે. હું શ્રી વલ્લભ કુલનો શરણાગત થયો છતાં શરણના સ્વરૂપને જાણ્યુ નહીં (વૈષ્ણવો ચિતઆચરણ કર્યું નહી) અને મલીન રહીને જગતમાં ફર્યો અરે ! તરહ તરહના વેશ કાઢીને જગતને ઠગી ઠગીને પોતાનું પેટ ભર્યું નિત્ય ઉઠી જીવ હિંસા કરૂં છું (જીવોના મનને દુઃખ પહોંચે તેવા કૃત્યો–કઠણ–વ્યંગવચનો વગેરે કરૂં છું) જે છોડવા ધારું

છું તોય છોડી શકતો નથી અરે ! રાત દિવસ આસુરાવેશ રહે છે દયા, ધર્મ કંઇ ચિત્તમાં રહેતાં નથી અરે અમારા જેવા (સાક્ષાત્ પુર્ણ પુરૂષોત્તમની સેવા સ્મરણ કરવાનો જેને શ્રી મહાપ્રભુજીએ કૃપા કરી અધિકાર આપ્યો છે છતાં તે ન કરતાં જગત જંજાળી રહેનારા) જગતમાં કોઇએ જોયા કે સાંભળ્યા નથી અરે ! વિધાતાએ એની કૃતિઓની લેખવણી લેતાં કંટાળે છે. છતાં શ્રી રસિકદાસજી (શ્રી મટુજી મહારાજ) આજ્ઞા કરે છે કે શ્રી મહાપ્રભુજીએ અમારા જનો (વૈષ્ણવો)ને પોતાનું બિરૂદ (શરણાગત વત્સલતા) વિચારી પોતાના માન્યા છે.

શ્રી વલ્લભ દર્શનનું તાત્વિક વિવેચન

[યુ. કે. માં થયેલું એક પ્રવચન]

વકતા : **પુ. પા. ગો. શ્રી રસિકરાયજી મહારાજ** (મથુરા–પોરબંદર–રાજકોટ)

–ગતાંકથી ચાલુ

બીજો પોઇન્ટ એ આવે કે માયાને આધિન મનુષ્ય માત્ર છે. માયા એટલે ઇશ્વરની અવિદ્યા શકિત માયા એટલે ઇશ્વરની વિદ્યા શકિત અને એ માયાથી પર જે શકિત છે એ કૃપાશકિત છે. તો અવિદ્યા શકિત અને વિદ્યાશકિત આપણે જોઇએ છીએ કે કેટલાંક લોકો આસ્તિક વિચારધારાવાળા હોય છે એ વિદ્યાશકિત ઇશ્વરની છે એને કારણે છે.

આપણે જોઇએ કે કેટલાક લોકો નાસ્તિક, ક્રુર અને માનવ સંહાર વગેરે કરે એટલી બધી હદ સુધી ક્રુરતા એનામાં હોય છે તો એ એની અવિદ્યા શકિત છે એની અંદર અજ્ઞાન એનાથી જે કાંઇ વિપરીત ભાવો, વિકૃત ભાવો જે ઉત્પન્ન થાય એ બધાં એની અંદર હોય છે. તો એ શક્તિ જે માયા કહીએ.

માયા શબ્દનો અર્થ શ્રી વલ્લભાચાર્યજી એમ કહે છે કે ભગવાનની શક્તિ સ્વતંત્ર શકિત નહિં. શકિતમાન ભગવાન છે અને એની શકિત આ બે. એક વિદ્યા શકિત અને એક અવિદ્યા શકિત. આમ તો અગીયાર બતાવી છે, પણ એમાં મુખ્ય આ બે આપણે સમજીએ છીએ તો જે અવિદ્યા શકિત છે. એ મનુષ્યને ઇશ્વરથી વિમુખ કરે છે. એની બુદ્ધિ એવી થઇ જાય છે અને જે વિદ્યા શકિત છે એ વિમુખને ઇશ્વરની સન્મુખ કરે છે.

જ્ઞાનથી, સંગથી યા ગ્રંથોના અભ્યાસથી, સ્વાધ્યાયથી વગેરે ગમે એ રીતે

અને ત્રીજી શકિત છે એ કૃપાશકિત છે એ કૃપાશકિત બહુ દુર્લભ અવસ્થામાં જ્યારે

કોઇ ભક્ત એવો થઇ જાય છે, દુર્લભ ભક્ત, વિધિવિધાન કરતો હોય, આપણા જેવા ભગત તો હજારો હશે, પરંતુ એવો દુર્લભ ભક્ત કે જ્યાં ભગવાનને પોતાને પ્રગટ થવા વિવશ થવું પડે મજબુર થવું પડે એવા ભક્ત જેમ દુર્લભ હોય છે. એવી રીતે કૃપા શક્તિનું પ્રગટ થવું એ પણ દુર્લભ છે.

એટલે એ રીતે ઇશ્વરનું આકારરૂપ છે. એને ત્યાં શંકરાચાર્યના સિદ્ધાંતમાં માયાનું રૂપ છે. હવે જે અવિદ્યા શક્તિ એ માયાથી બાંધાયેલો જીવ, માયાથી મુક્ત થવા સાધન કરે, ચાહે ઉપાસના કરે, ચાહે પૂજા કરે, ચાહે ધ્યાન કરે, જ્ઞાનનું સાધન કરે, ચાહે નિષ્કામ કર્મનું સાધન કરે. એ બધાં કર્મો કરવા પાછળનો ઉદ્દેશ એ છે કે પ્રભુ કૃપા કરીને આ સાધનો દ્વારા આપણે માયાના બંધનોમાંથી મુક્ત થઇએ.

તો ઇશ્વરનું ભજન પણ આપણે એ માટે કરીએ છીએ કે ઇશ્વર કૃપા શક્તિથી કૃપા કરે આપણા ઉપર. તો આપણે પણ માયાના બંધનમાંથી મુક્ત થઇએ. હવે ઇશ્વર પોતે માયાની અંદર સેલ્ટર થયેલો હોય એ આપણને માયામાંથી મુક્ત કઇ રીતે કરી શકે ? ત્યાં જ એ વિચારધારાનું ખંડન શ્રી મહાપ્રભુજી એ રીતે કરે છે કે 'માયાને આધિન ઇશ્વર નહીં પણ માયા ઇશ્વરને આધિન છે.' એની ઇચ્છાથી આ બધું કાર્ય કરે છે. અને એની ઇચ્છા થાય તો માયા તો એક સાધારણ એમની પરિચારીકા છે. એમની શક્તિ કાંઇ શક્તિમાન ઉપર હાવી ન થઇ શકે.

એટલે હવે એ માયાને માટે એક યુક્તિ બહુ સુંદર આપણે ત્યાં કરી છે કે જ્ઞાનીઓ પણ એ માયાથી–બંધનમાંથી મુક્ત નથી થઇ શકતા અને ભક્ત થઇ શકે છે. જલ્દી જલ્દી માયાથી મુક્ત. જ્ઞાનીઓને માયાથી મુક્ત થતાં વાર લાગે છે. ગીતાજીમાં કહ્યું છે– 'બહુના જન્મનામન્તે' અનેક જન્મના અંતમાં કોણ જાણે કેટલા જન્મ વહયા જાય, જ્ઞાનીઓને જ્ઞાન સાધન કરતાં કરતાં 'જ્ઞાનવાનમાં પ્રપદ્યન્તે' કે જ્યારે એને જ્ઞાનનો મૂળ સ્પષ્ટ સમજાય જાય કે આ સાર સમજાય ગયો જ્ઞાનનો. જ્ઞાનનો સાર સમજાય ગયો પછી જે જ્ઞાનનું પુંજ જેની અંદર રહેલું છે એમાં જ્ઞાનથી પણ ઉપર બધેલી એક વસ્તુ છે એ આનંદ જ્ઞાન એટલે ચિદ્‌શક્તિ.

સચ્ચિદાનંદ બ્રહ્મ એમ આપણે કહીએ છીએ ને ? તો એ ચિદશક્તિ એ જ્ઞાનનો પુરેપુરો ખજાનો, અગણિત ખજાનો, એ જ્યારે એ સમજી જાય છે પુરેપુરો. ત્યારે એને ખ્યાલ આવે છે કે આ ખજાનામાં ધી એન્ડ નથી. હજી એનાથી આગળ એક ખજાનો છે અને એ આનંદનો ખજાનો છે અને એ આનંદનો ખજાનો. એ જે જ્ઞાન તો નિરાકાર છે. આપણે કહીએ કે જ્ઞાનનું ફોર્મ શું ? જ્ઞાનનો કલર કેવો ? કાળો છે ? ધોળો છે ? લાંબો જ્ઞાન છે કે ટુંકો જ્ઞાન છે ? નાક લાંબુ છે એનું કે ચીબુ છે ? જ્ઞાનવાળાની આંખો પીંગળી છે, જ્ઞાનની કે

કાળી છે કે શું છે ? તો કોઇ આકાર નથી જ્ઞાનનો. એ જ્ઞાનમાં જ્યારે આકાર ભળે છે ત્યારે એ જ્ઞાનનો એક આકાર બની જાય છે. એ આકાર વ્યાસજીના રૂપમાં પ્રગટ થયો. એટલે વ્યાસજીને જ્ઞાનાવતાર કહેવાય છે. જ્ઞાનનો કોઇ આકાર નથી પણ એ જ્ઞાન વેદ વ્યાસ બનીને જ્યારે આ સાકાર રૂપમાં આવે છે તો એ જ્ઞાનનો આકાર થાય છે.

અને એ જ્ઞાનનો આકાર થયો પછી એ વ્યાસજીએ સૂત્રોની રચના કરી. વૈદિક અર્થો એટલા બધાં ગુઢ અને સૂક્ષ્મ છે કે એનો અર્થ સમજવામાં ભલભલા થાપ ખાઇ જાય. એટલે વેદના અર્થને સમજવાનો દાવો કરનારાઓએ બે શ્રેણી જુદી જુદી કરી દીધી, જેમ આપણે કન્ઝરવેટીવ પાર્ટી અને ડેમોક્રેટીક પાર્ટી, એમ જુદી જુદી પાર્ટી થઇ જાય છે. હવે એ બધી પાર્ટીમાં એક વસ્તુ કોમન છે કે પ્રજાનું હિત કરવાને માટે એને કામ કરવું છે. એના પ્રોપેગેન્ડામાં એ જ પણ હોય છે અને મેનીફેસ્ટેટશનની અંદર પણ એ બધાય દાવાએ કરેલાં હોય છે.

પરંતુ એ પાર્ટી કહે છે અમે આ રીતે પ્રજાની સેવા કરી શકશું, એનું હીત સાધી શકીશું. બીજા કહે છે કે નહીં, અમો ડેમોક્રેટીક જ પ્રજાનું હિત સાધી શકશું એવી રીતે બે વિભાગ થઇ ગયા. એક વિભાગ એ કહે છે કે કર્મ એ જ ઇશ્વર. એ જ્ઞાનની વાત વેદમાં ક્યાંક આવે તો કહે કે એ વાત ખોટી છે વેદની, વેદ જ વાંચીને એ જ્ઞાની થયાં હોય પણ વેદનો એક ભાગ છે એ એના મગજની અંદર કેપ્ચર થઇ ગયો છે એ વાત સાચી પણ જે વાત એના મગજમાં કેપ્ચર નથી થઇ એ વાત ખોટી !

એટલી એની દષ્ટિમાં વેદ પ્રમાણ રૂપ હોવા છતાં અર્ધુવેદ પ્રમાણ. જ્યાં જ્યાં કર્મની વાત કરે એ પ્રમાણ અને જ્યાં જ્ઞાન ઇશ્વર છે એમ કહે એ અપ્રમાણ. ઇશ્વર તો કર્મ જ છે, કર્મ એટલે નિષ્કામ કર્મ જેને આપણે અંગ્રેજીમાં સેક્રીફાઇસ કહી શકીએ, યજ્ઞભાવનાથી કરેલા કર્મ.

અને એક બીજી શ્રેણી છે, એ કહે જ્ઞાન જ ઇશ્વર. એ શ્રેણી એમ માને છે કે કર્મની વાત જ્યાં ઇશ્વર તરીકે આવતી હોય એ અપ્રમાણ અમે માનતા નથી. એટલે એ વેદને અર્ધુ પ્રમાણ અને અર્ધુ અપ્રમાણ. ત્યારે શ્રી વલ્લભાચાર્ય એનો ખુલાસો કરે છે કે વેદની બધી વાત સાચી છે. અક્ષરે અક્ષર સાચા છે. વેદનું પ્રમાણ રૂપ છે. એ આપણા માટે એ એમાંથી આપણે કર્મની કે જ્ઞાનની જે કાંઇ પ્રેરણા આપણને વેદમાંથી મળે છે એ પ્રેરણાનો એક એક અક્ષર સાચો છે. આ સાચો ને આ ખોટો એ માન્યતા, આ જે બે વિભાગ પડી ગયા હતા એ વિભાગને એક કરી દીધા. શ્રી વલ્લભાચાર્યે કે ઇશ્વર જ્ઞાનરૂપ પણ ઇશ્વર છે અને કર્મરૂપ પણ ઇશ્વર છે. 'સર્વ ખિલ્વિદં બ્રહ્મ' બધુ બ્રહ્મ જ છે તો પછી જ્ઞાન જુદી વસ્તુ અને કર્મ જુદી વસ્તુ એ કેવી રીતે ? હવે આપણે એક સાવ કોમનસેન્સથી સમજીએ.

આપણી અંદર જ્ઞાનની શકિત પણ ભગવાને મુકી છે. આપણે રીડીંગ કરીએ, ચિંતન કરીએ અને એ શકિતને વિકસિત કરીએ છીએ.

હવે જ્ઞાન શકિતને વિકસિત કરીએ છીએ તો ક્રિયાશકિત વિકસિત નથી થાતી. આપણા હાથ-પગમાં જો શકિત ના હોય અને પેરેલાઇસીસ થઇ ગયુ હોય તો જ્ઞાનશકિત કામની શું ? જ્ઞાન શકિત અને ક્રિયા શકિત બેય એકબીજાથી એવી રીતે સંબંધિત છે. એના માટે એક દાખલો આપવામાં આવ્યો કે- એક હતો લંગડો અને એક હતો આંધળો. હવે આ બેયનું કામ કઈ રીતે સરે ? આંધળો જો એમને એમ ચાલવા મંડે તો પડી જાય કયાંક. ચાલવાની તો શકિત છે પરંતુ જોવાની શકિત નથી અને પેલા લંગડામાં જોવાની શકિત છે પણ ચાલવાની શકિત નથી. એટલે એક ઉપાય કર્યો કે આંધળાએ લંગડાને પોતાના ખંભા ઉપર ચડાવી લીધો અને એને કહ્યું કે, તું મને માર્ગદર્શન આપતો જા. એ પ્રમાણે હું ચાલ્યો જાઉં, એટલે પડીશ નહીં.

આ દાખલો તો એક વિષયને વધુ સમજવા માટે છે, પરંતુ મારો કહેવાનો આશય એ છે કે-

કર્મ-શકિત અને જ્ઞાન-શકિતનો પુર્ણ વિકાસ ભકિતના તત્વાવધાનમાં થાય. એ શ્રીમદ્ ભગવદ્ગીતાનો અભિગમ અને શ્રી મહાપ્રભુજીનું દર્શન (શાસ્ત્ર) છે એ આપણે આજે વિચાર્યું.

ધન્યવાદ !

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ-રાજકોટના સૌજન્યથી.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃતિ

ભાષાંતર પ. ભ. શ્રી બાબુભાઈ પી. નાયક, કડી

–ગતાંકથી ચાલુ

શ્રીમહાપ્રભુજી રચિત ષોડશ ગ્રન્થોમાં "જલભેદ" ગ્રન્થનો ક્રમ બારમો છે. તેમાં જળના વીસ ભેદ બનાવીને તે અનુસાર ભગવદ ગુણગાનાર વકતાના વીસ ભેદ બતાવ્યા છે, સ્વાભાવિક રીતે ભગવાન ગુણો પણ આનંદરૂપ છે. જેમ સાકરની બનાવેલી પુતળીનું પ્રત્યેક અંગ સાકરરૂપ જ છે. તેમાં આનંદરૂપ છે. જે ભગવદીવ હોય તેનામાં ભગવદગુંણો હોય. પણ ભગવદીયના સ્વભાવ પ્રમાણે ભગવદીયમાં રહેલા ભગવદ ગુણો થાય છે અને વકતામાં જે પ્રકારના ગુણદોષ હોય તેના આધારે તેઓ ભગવદ ગુણોનું ગાન કરે છે. તેથી આપણને ભગવાનના ગુણો વિવિધતાવાળા જણાય છે.

"જલભેદ" ગ્રન્થમાં વીસ પ્રકારના જલના ભેદનું નિરૂપણ થયું છે. જલ તો એક જ પ્રકારનું હોય છે. પણ જેવા તે રહે તે સ્થલના ગુણદોષ જલમાં આવે છે. જલ સ્વભાવથી શીતલ, સ્વચ્છ, મધુર શુધ્ધિ કરનારૂ અને તુપ્તિ અપનારૂં છે, તે સ્વભાવે રસરૂપ છે, પણ તે જેવા સ્થળમાં પડે છે, તે સ્થળના ગુણવાળુ બને છે.

જલનો આધાર લઇને શ્રી મહાપ્રભુજીએ જલના વીસ પ્રકાર પાડયા છે તે જ રીતે જલની ઉપમા આપીને આપશ્રીએ વકતના તેમના સ્વભાવ અનુસાર વીશ પ્રકાર પાડયા છે. કેવા વકતા પાસેથી ભગવદગુણો સાંભળવા તે આ જલભેદ ગ્રન્થના આધારે વૈષ્ણવે નકકી કરવું. જલભેદ ગ્રન્થના આધારે વીસ પ્રકારના વકતા હોય છે. તે વકતાઓના ગુણદોષ પરથી શ્રોતાએ કેવા વકતા પાસેથી ભગનાનના ગુણ સાંભળવા અને કયા પાસેથી ન સાંભળવા તે શ્રોતાએ આ ગ્રન્થના આધારે નકકી કરવાનું છે,

આ ગ્રન્થ પર છ મહાનુભાવોએ વિવૃતિઓ લખી છે. તેઓનાં નામ નીચે પ્રમાણે છે,

(૧) પુ. પા, ગો, શ્રી કલ્યાણરાયજી, (૨) પુ. પા. ગો. શ્રી પુરૂષોત્તમજી, (૩) શ્રી વલ્લભરાયજી, (૪) શ્રી બાલકૃષ્ણજી (૫) શ્રી હરિરાયજી કૃત સ્વતંત્ર લેખ અને (૬) અનામી વિદ્વાન કૃત સ્વતંત્ર લેખ અહીં આપણે પુ.પા. ગો. શ્રી કલ્યાણરાયજીની વિવૃતિનું ભાવદર્સન કરીશું.

નમસ્કૃત્ય હરિ વક્ષ્યે તદગુણાનાં વિભેદકાન ।
ભાવાન્ વિંશતિધા ભિન્નાન્ સર્વસંવેહવારકાન ॥ ૩ ॥

November 1997

શબ્દાર્થ : નમસ્કૃત્ય-નમન કરીને, હરિમ- શ્રીહારને, તદગુણાનામ-વકતાના ગુણોના, વિભેદકાન ભેદ બતાવનારા, ભાવાન-ભાવોને, વિશતિધા-વીશ પ્રકારના ભિન્નાન્ જુદા જુદા ભાવોને, સર્વસંદેહહારકાન-સર્વ સંશયો મટાડનાર

શ્લોકાર્થ : આ ગ્રન્થની શરૂઆતમાં ભગવાન શ્રીહરિને નમસ્કાર કરીને શ્રી મહાપ્રભુજી વકતાઓના ગુણોના ભેદ દર્શાવનારા અને સર્વ સંશયો મટાડનારા વીસ પ્રકારના જુદા જુદા ભાવોનું હું નિરૂપણ કરીશ એમ કહે છે.

વિવરણ : નમસો એ ગતિવાચક સંજ્ઞાને કુ ગતિવાચક પદ જોડીને સમાસ બનાવ્યો છે. તેને ભ્ય વિસર્ગ લગાડીને સાકાર બનાવી નમત્પુરસો ગ્રન્થો: ઇતિ એમ કહીંને નમસ્કૃત્ય કહ્યું. નમસ્કૃત્ય એટલે નમસ્કાર કરીને.

ભગવાને ભકતોના ભાવથી ભકતોનું માહાત્મ્ય ઉદ્ધવ વગેરેને જણાવીને તેમનાં સર્વ દુઃખો દુર કર્યા. તે ભગવાનને એ ભાવથી હું વંદન કરૂં છું કે 'હે ભગવાન ! આપ (ભકતોને તેમનું) ઇચ્છિત આપનારા થાઓ." તે હેતુથી અહીં 'હરિં નમસ્કૃત્ય પદ પ્રયોગ કરવામાં આવ્યો છે. જીવ ભગવાનને નમન સિવાય બીજુ કંઇ જ કરી શકે તેમ નથી. તે બતાવવા નમસ્કૃત્યે કહયું. 'વક્ષ્યે' પદનો ભાવ બતાવે તે કે ગ્રંથમાં નિરૂપતિ થયેલા ભાવો બોલનારને પોતાને જ ફળ આપનાર છે. તેની વક્ષ્ય આત્મને-પદી ક્રિયાપદ વાપર્યું છે. તદગુણાનાં વિભેદકાન ઇતિ 'ભગવદ ગુણોના ભેદ કરનારે એમ લખેલુ છે. તેનો ભાવ એવો છે કે જીવના સત્વગુણ, રજોગુંણ અને તમોગુણને તે (ભગવાન) નિવૃત્ત કરે છે. અથવા ભગવાનના (બનાવેલા)ને ગુણો તેમના ધર્મો છે. તે દુર કરનાર ભગવદ ભાવ છે. એટલે ભકત માટે ભગવાન પોતાના ધર્મો પણ છોડી દે છે. ગીતામાં આના સમર્થનમાં 'યે ભજન્તિ જેવાં વાકયો છે.

અથવા ભગવાનના તે ધર્મો જીવના ધર્મોની વિલક્ષતા કરનારા હોઇ ભકત ખાતર ભગવાન પોતાના ધર્મોને પણ ત્યજી દે છે. અથવા ભકતોને માટે ભગવાન તે ભાવવાળા ધર્મોને અહીં લાવી આપે છે. તે વીસ પ્રકારે ભિન્ન (જુદા જુદા) છે.

'ભાવ' શબ્દના અનેક અર્થ છે. તેમાંનો જે અર્થ અહીં લેવાનો છે તે સ્નેહ અને સ્નેહથી થનાર જીવની જુદી જુદી અવસ્થાઓના ભાવ સમજવાના છે. 'રતિર્દેવાદિવિષયા ભાવ-ઇત્યાભિધીયતે દેવ વગેરેમાં જે (રતિ) પ્રીતિ હોય તેને 'ભાવ' કહે છે. વગેરે વાકયોથી 'સ્નેહ" એવો અર્થ થવાથી 'સ્નેહ' અથવા 'પ્રીતિ'ને જ 'ભાવ' કહેવાય આ ભાંવો ગુણોના ભેદને કારણે ભિન્ન ભિન્ન પ્રકારે વીસ થાય છે. આ (વીસ પ્રકારના) ભાવો સંશયને મટાડનારા છે એવું વિશેષ પ્રકારે કહેલું છે. 'વિશેષ પ્રકારે કહેલું છે'નો ભાવ એવો છે કે ભગવદ ભજનમાં સર્વ સાધનોના સ્વરૂપથી અને ફલથી જે સંદેહ ઉત્પન્ન થાય તેને નિવૃત્ત કરનારો છે.

અથવા ભાવ વડે ભગવાન સ્ફુરાયમાન થાય ત્યારે સર્વ સંદેહો (શંકાઓ) એની મેળે જ નિવૃત્ત થઇ જાય છે. આવો ભાવ સમજવો.

વિવરણ સાર : ભગવાનની પ્રાપ્તિ ભાવથી જ થાય જ્ઞાન. કર્મ ઉપાસના પણ જો ભાવ વિના કરવામાં આવે તે પ્રભુપ્રાપ્તિમાં બાધક છે. ભાવ વિનાનું કાર્ય ધી વિનાના ભોજન જેવું છે. તે ફલ અપનારૂ બનતું નથી. તેથી જીવમાં રહેલા સત્વગુણ, રજોગુણ અને તમોગુણની નિવૃત્તિ કરનારા જુદા જુદા જુદા ભાવોનું અહીં નિરૂપણ કર્યું છે. તે ગુણો નિવૃત્ત થાય તો ભાવની વૃદ્ધિ થાય. ભગવાનનો ભાવ બધા જીવો પ્રત્યે સરખો છે, પણ ભકત માટે ભગવાન પોતાના ધર્મોને ત્યારેજ છોડી દે કે જયારે ભકત ભાવ વધારવા તેમની ભકિત કરે જો ભકત ભગવદ-કથા શ્રવણ કરે તો તેના હૃદયમાં ભગવદ ભાવ જેમ જેમ વધે તેમ તેમ સત્વગુણ રજોગુણ અને તત્સોગુણ નિવૃત થાય. અને ભગવાન તેના પર કૃપા કરે. ભાવ એટલે સ્નેહ, ભગવાન માટેનો સ્નેહ. એટલે ભગવદ ભાવ વકતાઓના હૃદયમાં વીસ પ્રકારના ભિન્ન ભિન્ન ભાવો છે. આપ શ્રી તૈત્તિરીય શ્રુતિમાં બતાવેલા જલના વીસ ભેદના આધારે વકતાના વીસ પ્રકારના ભાવો જલભેદ ગ્રંથમાં બતાવે છે.

॥ શ્રીવલ્લભ ॥

ભકિત પોષણ

વિવેચક : પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા

દ્વાદશ ગુણ સંયુકત છે, દ્વિજ પંડિત સરખો કોય,
પદમ નાભ-પદ વિમુખ છે. તો તેથી શ્વપચ ભલેરો હોય.
શ્વપચ ભલેરો જેહને કૃષ્ણા સકિત,
મન કર્મ વચને કરે કૃષ્ણ ભકિત;
કુળ સહિત ફળ પામે તેહ,
વિપ્ર શકે ન કરી શુચિ દેહ
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૪૨)

વિવેચનઃ આ કડીમાં કર્યું પાત્ર વિશેષ તેની તુલનાં કરી છે ભકિત વગરનો બ્રાહ્મણ અને ભકિતવાન ચાંડાલ આ બેમાં શ્રેષ્ઠ કોણ? તે બદલ શ્રીમદ ભાગવતનું દષ્ટાંત આપી ભકિત કરે તેજ શ્રેષ્ઠ છે બાર ગુણો.

ધર્મશ્ચ, સત્ય ચ દમસ્તપશ્ચ અમાત્સર્યં હ્રીસ્તતિક્ષાઽનસુયા
હ્રીશ્ચ દાન ધૃતિ : શ્રુત ચ વ્રતાનિ વૈ દ્વાદશ બ્રાહ્મણસ્ય :

(૧) ધર્મ, (૨) સત્ય, (૩) ઇન્દ્રિય નિગ્રહ, (૪) તપ. (૫) અદેખાઇ ન કરવી, (૬) લજ્જા, (૭) ક્ષમા, (૮) કોઇનાં ગુણ ઉપર દોષારોપ ન કરવો, (૯) યજ્ઞ, દાન, ધૈર્ય, અને ૧૨મું શાસ્ત્રોનું જ્ઞાન.

આ બાર ગુણો બ્રાહ્મણોનાં કહ્યાં તે ગુણો હોય તે બ્રાહ્મણ કહેવાય પરંતુ આ બારે ગુણ હોવા છતાં જેનામાં ભકિત નથી તે બ્રાહ્મણ ગર્વિષ્ઠ બને છે તેથી અભિમાન આવે છે. તેનાં કરતાં ચાંડાલ પણ હોય અને જે ભકિત કરે છે તે બ્રાહ્મણ કરતાં શ્રેષ્ઠ છે. કેમ કે તે ચાંડાળે ભગવાન વિષે જ મન, કર્મ, વચન, ધન, તથા પ્રાણ પણ પ્રભુને સમર્પિંવ કરેલા હોય છે. તેથી ચાંડાળ પણ પોતનાં કુળ સહિત ભકિતનાં પ્રતાપ બળથી પવિત્ર બને છે. પરંતુ ૧૨ ગુણવાળો બ્રાહ્મણ કહેવાતો અભિમાની ગુણ ધારણ કરતો પવિત્ર બની શકતો નથી તેથી તે અપવિત્ર જ છે. આવા અપવિત્રની પુજા પ્રભુ ઇચ્છતા નથી કારણ કે પ્રભુ તો આત્મ લાભથી જ પરિપુર્ણ છે છતાં ભકિત કરનારની સર્વકૃતિનો પ્રભુ અંગીકાર કરે છે. માટે અત્રે ઉંચ કે નીચની કીંમત નથી અત્રે તો ભકિત જ સર્વ શ્રેષ્ઠ છે હરિની મહિમા જ પુરૂષની સર્વ રીતે શુદ્ધી કરે છે બહારી શુદ્ધી સ્નાનથી અંદરની શુદ્ધી તો ભકિત નથી જ થાય છે.

અંતરનાં પ્રેમ વિના, વ્હાલો રીઝાય નહી
જો જો હો જીવનીયું, એળે વહી જાય નહી

પ્રભુ અંતરની પ્રિતથી જ રીઝાય છે તે ઉપરનાં દોહરાનો સાર છે ભકતોનાં હૃદયમાં ઉછળતા ભાવોનું પોષણ પ્રભુ સ્વયં કરે છે જુઓ દૃષ્ટાંત પ્રભુ નથી જોતા અધિકાર.

જે વખતે શ્રી નાથજી શ્રી ગીરીરાજજી ઉપર બિરાજતા હતા. ત્યારે અધિકારીયે મંદીરની એક બારી હતી તેને બંધ કરાવી દીધી આ બારીથી નજર કરતાં સામે જ વિલછું કુંડ દેખાતો હતો.

આ કુંડની આસપાસ એક ચહુડો (ભંગી) રોજ ઘાસ ખોદવા આવતો હતો તે શ્રી નાથજીનું સ્મરણ કરતો જાય અને ઘાસ ખોદતો જાય. તેની ભાવના મુજબ શ્રીજી આ બારી-માંથી તેને દર્શન દેતા. આ બારી બંધ કરવવાથી તે દિવસે ચહુડાને દર્શન ન થયા તેથી તેનો વિરહ તાપ વધતો ગયો. આ વસ્તુ શ્રીનાથજી સહન ન કરી શકયા. તેણે આ ભંગીને કહ્યું કે, તું અત્યારે જ ગોકુલમાં જા અને ગોકુલનાથજીને સમાચાર આપી છે કે શ્રીજીની આજ્ઞા છે બારી જે બંધ કરાવી છે તે પાછી ખોલાવી નાંખો. ચહુડો વિચાર કરે છે કે મને ઓળખે કોણ ? વળી, મારૂં માનશે કોણ ? ત્યારે શ્રીજીએ બીજીવાર આજ્ઞા કરી કે, તું જઇને કહેજે કે તમારૂં ગુપ્ત નામ શ્રી વલ્લભ છે.

આ આજ્ઞા થતાં જ ચહુડો ગોકુલ આવ્યો અને મંદિર પાસે આવીને કહેડાવ્યું કે, મારે ગોકુલનાથજીને મળવું છે તેને અત્રે બોલાવો. આ સાંભળી શ્રી ગોકુલનાથજી તે ચહુડા પાસે પધાર્યા ત્યારે સમાચાર આપ્યા કે વિલછુ કુંડ શ્રીજીને દેખાતો બંધ થયો છે તેથી બારી પાછી હતી તેમને તેમ રખાવો. એમ શ્રીજીએ મને આજ્ઞા કરી છે. જો તમે મારૂં સાચું ન માનતા હોતો હું તમારૂં ગુપ્ત નામ બતાવું છું, જે શ્રીજીએ મને કીધું છે. તમારૂં ગુપ્ત નામ **શ્રી વલ્લભ** છે. ચહુડાનાં મોઢેથી આ વેણો સાંભળતાં જ શ્રી ગોકુલનાથજી તેને પ્રેમથી ભેટી પડયા. અ....હા....હા આ જીવ પર શ્રીજીની અનહદ કૃપા છે. (અત્રે જાતીભેદ રહ્યો કયાં ?)

તે જ વખતે શ્રી ગોકુલનાથજી ગિરીરાજજી પધાર્યા અને બારી પ્રથમની જેમ રખાવી.

પ્રભુ કયા જીવ ઉપર કયારે કૃપા કરશે તે કોઇ જાણતું નથી. ગુસાંઇ બાળકોને આજ્ઞા કરી શકત, બીજા અનેક ભકતો હતા પરંતુ આ ચહુડા દ્વારા શ્રી ગોકુલેશજીને જણાવ્યું તે નિજ ઇચ્છાની વાત છે. તેથી જ બતાવ્યું છે ઉંચકુળ બ્રાહ્મણ કરતાં ભકત ચાંડાલ શ્રેષ્ઠ છે.

ભકતોની ભકિતનાં પ્રતાપ બળથી શાસ્ત્રોનું રહસ્ય બધું તેને સમજાય જાય છે. તેને ભણવું પડતુ નથી. ભણેલા વિદ્વનો પણ ભકતની પાસે હાર માને છે. પ્રભુ કૃપા થાય ત્યારે ભકિત ઉત્પન્ન થાય, પ્રભુ તે ભકતનાં હૃદયમાં બિરાજી તેનાં ભાવનું રક્ષણ કરે છે. તેની વાણી સત્ય હોય છે. તેનાં ગાયેલાં ગુણો તે ભગવત પ્રેરણાથી નીકળેલા હોય છે. ભકતને ચિંતન, મનન કરવામાં કોઇ બાધા આવતી નથી, પરંતુ અનેકગણી સ્ફુરણા હૃદયમાં ઉછાળા લેતી રહે છે. તે વાણી દ્વારા બહાર પ્રગટ થઈ બીજા અનેકોને ઉપયોગી થાય છે. જેણે પ્રભુને જાણ્યા તેને બીજું કાંઇ જાણવાની જરૂર જ નથી સામે આવતાં જ સામાન્ય ગુણો પારખવાની શકિત પણ તેમાં આવે છે. આવા ભકતપ્રેમી ભગવાન તેની જ ભકિત કરવી....!

સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૪૨)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ મોરબી અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. પ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પ. ભ. ઇન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૪૪

જયતિ સર્વેશ્વરી પુષ્ટિ જગ સૃષ્ટિ કૃત,
પરમ સંતુષ્ટ ફલ પુષ્ટિ દૈની;
ભક્તિ રસ વૃષ્ટિ જન કૃષી ઉર હૃષ્ટ હિત
દિવ્ય દગ દષ્ટિ પ્રદ પદમ નૈની. ૧
અખિલ કલ શક્તિ સિર શુદ્ધ ચુડામણી,
પાય રુખ કૃત્ય કૃત યોગ માયા;
સરલ સૌંદર્ય સીમાસિ પદ કંજ રજ,
રમા લિપ્તાંગ બલિ વિષ્ણુ જાયા. ૨
અકિન બલિ પ્રાર્થના ખિન્નજન શરણ જે.
રદન ત્રણ દાબિ કહો સુતા સવિતા;
વદત શ્રુતિ પુર્ણ પ્રભુ લેત સુધિ સર્વકી,
લખહુ પ્રણ હેરિ મમ કુર કવિતા. ૩
કૃષ્ણ પાદામ્બુજ રસ પાન મન મધુ કરી,
રાધિકા પરમ હિત મોહ સાની;
ચેરી ઇક **'વલ્લભી'** આશ ઉચિષ્ટ કી,
દેહુ નિજ પાણિ ગોપાલ રાની ૪

ભાવાર્થ ભાવાવેશમાં મગ્ન થઇ કવિ શ્રી આ પદમાં ત્રિયા ભાવથી વિજ્ઞાપ્તિ કરે છે (દીન દાસી બને છે.) પ્રભુ સર્વેશ્વર છે તેમ આપ સર્વેશ્વરી છો, તેમાં પુષ્ટિ જીવોને તો પુષ્ટિ ફલ આપી કૃતાર્થ કરવાળાળી છો. એવી સર્વેશ્વરી આપનો જય થાઓ.

હે કમલ નયની આપના પતિ કમળ નયન છે તો આપ કમલ નયની છો, જ્યારે સંપુર્ણ રૂપ ગુણ પ્રિયતમનાં ધારણ કર્યા છે ત્યા આપ કમલ નયની હો તેમાં આશ્ચર્ય શેનું ?

જેઓનાં હૃદય તાપ–કલેશથી તપી રહેલા છે એવા પુષ્ટિ જીવોને વાંછિત ફલ આપી શાન્ત કરો છો, આવી આપની અગાધ શક્તિ જોઇને યોગ માયા પણ કૃત કૃત્ય થઇ જાય છે.

આપ સૌન્દર્યની સીમા છો. જે લક્ષ્મીજી વૈકુંઠમાં ક્ષીર સાગરમાં રહિ પાદ સેવન કરે છે તેને તો આપની રજમાં લોટવામાં આનંદ આવે છે, કેમકે આપની રજકણ પ્રભુના ચરણનું સૌભાગ્ય પ્રાપ્ત કરી રહેલ છે, જે દુઃખી જનો આપની પ્રાર્થના કરે છે, આપની શરણે

આવે છે તેવા જીવોની સુધી લેવરાવી હે સૂર્ય પુત્રી તમે પ્રભુને પ્રસન્ન કરો છો. આવો મહિમા શ્રુતિથી સાંભળી હું પણ કુર કવિતા લઇને શરણે આવેલ છું તે તરફ થોડુ ધ્યાન આપો.

આપતો સદા શ્રી કૃષ્ણના ચરણ કમલનાં રસનું પાન કરાવવાવાળા છો એવા હે મધુકરી આ એક દીનદાસી વલ્લભી આપની આશા રાખી રહેલ છે કે હે ગોપાલની રાણી મારી બાંહ પકડો.

મધુકર જે ભ્રમર તે કેવળ કમળ પુષ્પમાં જ બંધી બને છે કેમકે તેમાં જ તેની બધી ઉત્કંઠા પુરી થાય છે તેમ આપ તો ભગવાન શ્રી કૃષ્ણનાં ચરણકમલમાં લુબ્ધ બની તે રસનું આ સ્વાદન કરો છો. આપનાં ઐશ્વર્યોમાં એક અદભુત ઐશ્વર્ય એવું છે કે સદા શ્રી રાધિકાજી પ્રસન્ન રહે છે, ૪૪

॥ શ્રી વલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્‌ગારો

૫૫. શ્રી ગોપીજન પ્રભુ પ્રેમ છતાં મથુરા કેમ ન જઇ શક્યાં ?

શ્રી ગોપીજનો ત્રણ ગાઉ મથુરાં છે છતાં ત્યાં કેમ ન ગયાં ? એવાં સ્નેહીને ત્રણ ગાઉ પ્રભુ પાસે ન જવાય ?

ત્યારે પોતાનું નીચપણું મનમાં આવે કે આવા મોટા પ્રભુને આપણે તો ક્ષુદ્ર છીએ, એટલે પ્રભુ પાસે જવા લાયક નથી, એમ જાણીને નિરાશ થઇને રહેતાં.

તેનું દષ્ટાંત એકે (કહેવા લાયક નથી પણ કહું છું) કોઇ એક ચાંડાલ હોય તે આપણા ઘરમાં પેસવાનું મન કરે, ને વળી મન ના કરે તેમ શ્રી ગોપીજનનો વિચારી જોતાં, ત્યારે પોતાને કરોડો ચાંડાલ જેવા પણ નથી, ને પ્રભુ તો આવા મોટા છે. માટે આપણે તેમના મોં આગળ જવા લાયક નથી. એમ પલકે ને પલકે પોતાની નીચતાને દિનતા વિચારતા હતા, તેથી કરીને જઇ ન શક્યાં એવા દૈન્ય ભાવ વિના પ્રભુ પ્રસન્ન થાય નહિ એવો દીનભાવ તેમનામાં આવ્યો, ત્યારે પ્રભુનું **શ્રી ગોપીજન વલ્લભ** નામ કહેવાયું.

હવે આ જગતના જીવતો પોતાનું રૂપ પણ જાણતા નથી, તો પ્રભુનું સ્વરૂપ શી રીતે જાણે જ ? વળી પોતે દંભી ભગવદીય યઇને બેઠો છે. ગમે એટલો થા પણ કંઇએ તારૂં વળે એમ નથી. ગમે તેટલા અવતાર ધર, પણ દીનતા આવ્યા વગર પ્રભુની પ્રસન્નતા થવાની નથી.

ગોપી પ્રેમકી ધ્વજા

– લે. બાબુભાઇ નાયક – કડી

ગોપી પ્રેમકી ધ્વજા,
જીન ગોપાલ કિયો અપને વશ, ઉર ધર શ્યામ ભુજા ॥
શુકમુનિ વ્યાસ પ્રશંસા કીની, ઉધો સંત સરાહીં ॥
ભુરિ ભાગ્ય ગોકુલકી વનિતા, અતિ પુનિત ભાવમાંહી ॥
કહા ભયો જો વિપ્રકુલ જન્મ્યો, જિહિ હરિસેવા નાહિ ॥
સોઈ કુલીન દાસ પરમાનંદ, જો હરિસન્મુખ ધાઈ ॥

ભકતકવિ પરમાનંદદાસજી વ્રજની ગોપીઓને પ્રેમની ધ્વજા કહી, તેમના પ્રભુ પ્રત્યેના નિષ્કામ પ્રેમની પરાકાષ્ટા બતાવે છે. ગોપીજનોના પ્રેમ માટે બીજો કોઇ શબ્દ નહિ વાપરતાં કવિ તેમની સરખામણી "પ્રેમની ધ્વજા' સાથે કરે છે. ધ્વજા એ કોઇ પણ દેશના સામ્રાજયનું પ્રતિક છે, પ્રેમનું પણ એક અનોખું સામ્રાજય છે પ્રેપ સામ્રાજયનું સાર્વભૌમકત્વ ગોપીજનોનુ છે, આજ સુધી નિષ્કામ પ્રેમની પ્રતીતિ જો કોઈએ કરાવી હોવ તો તે કેવળ ગોપીજનોએ જ,

તેમણે ભગવાન શ્રીકુષ્ણના હસ્તકમળને પોતાના હૃદયમાં ધારણ કર્યો છે. શ્રી શુકદેવજી જેવા મુનિઓએ. શ્રી વ્યાસજી જેવા મહર્ષિઓએ અને શ્રી ઉધ્ધવજી જેવા જ્ઞાની સંતોએ પણ વ્રજની ગોપીઓના નિષ્કામ પ્રેમની ભારોભાર પ્રશંસા કરી છે. ગોપીજનોના ભગવાન માટેના નિષ્કામ પ્રેમની તેમને અનુભૂતિ થયા પછી જ તેમણે ગોપીજનોના વખાણ કયા છે. ગોપીજનોના ભગવદપ્રેમ આગળ તેમણે પોતાની જાતને પણ ગોપીજનોથી ઉતરતી ગણી છે.

આ ગોપીજનો ખૂબ ભાગયશાળી હના. કારણ કે તેમને પ્રભુ માટે અતિ પવિત્ર શુધ્ધ પ્રેમ હતો. તેમના શ્રીકૃષ્ણ માટેના ભાવની સરખામણી આજ સુધી કોઈના ભાવ સાથે કરી શકાઈ નથી અને ભવિષ્યમાં કરી શકાશે પણ નહિ. કોઈપણ વ્યકિત ગમે તેવી કેમ ન હોય. અરે ! ઉત્તમ વિપ્રકુલમાં તેનો જન્મ કેમ ન થયો તોય, પણ જો તે વ્યકિતએ પ્રભુસેવા ન કરી તો તેનુ ઉતમકુલમાં જન્મનુ કોઇ મહત્વ ધરાવશે નહિ. પરમાનંદદાસ કહે છે કે તમે તેવા હલકા કુલમાં મનુષ્ય ભલેને જન્મ્યો હોય. પણ જે તે હરિસન્મુખ થાય' પ્રભુનાં સેવા–સ્મરણ કરે તોજ તેને સાચો કુળવાવ છે. ઉતમકુલમાં જન્મીને પણ મનુષ્ય જે હરિ–સેવાથી વંચિત રહે તો તે અધમ કુલનો ગણાય અને હલકા કુળમાં જન્મેલી વ્યકિત પણ પ્રભુનાં સેવા–સ્મરણ કરે તો તે ઉતમ કુળની ગણાશે, ગોકુળની ગોવાલણો કંઈ જ ભણી ન હતી. તેમનામાં કોઈ પ્રકારની વિદુધતા ન હતી. જ્ઞાનનો છાંટોએ તેમનામાં ન હતો છતાં પ્રેમનુ સામ્રાજય તેમણે સર કર્યું હતું જ્ઞાન. વિદુધતા. હોંશીયારી બધાં પ્રેમ આગળ તુચ્છ છે. પ્રેમ વિનાનુ જ્ઞાન, વિધ્ધતા, હોંશીયારી–બધાં સહરાનાં રણ જેવા શુષ્ક છે. જ્ઞાનના ગુમાની શ્રી ઉદ્ધવજીએ પણ બે કાન પકડી કબુલ્યુ છે કે ગોપીઓ જેવો પ્રેમ આ જગતમાં કોઈએ કર્યો નથી. હું તો તેમના ચરણની રજ થવાને પણ લાયક નથી માટેજ પરમાનંદદાશ ગોપીજનોને પ્રેમની ધ્વજા કહી બિરદાવે છે. ખરેખર ! આ જગતમાં સબસે ઉંચી પ્રેમ સગાઇ.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા : શ્રી પ્રવિણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ. (સીવીલ) બીરપુર

૩૦. વચ્છવનથી ભાંડીરવન વિવિધ લીલા

રાગ સારંચ કાન્હરો

કરતા તાપ શ્રીયમુના શીત,
વચ્છવન મેં સખા સંગ ખેલત, ગયે શ્રીદામાજી જીત ૧

જો હારે, કંધે પે બિઠાવે, ખેલ ક્રિયો રસ રીત;
શ્રી દામાકો, શ્યામ ઉઠાવે ફિરૈ જમુના તટ પ્રીત. ૨

સંગ સખા, ખેલનકો આવત, પ્રલંબાસુર બની મિત;
દાવ મેં હારી, દાઉ ઉઠાવત, ગયે વન દુર સગિત. ૩

કપટ નિહારી, દાઉ સંહાર્યૌ, શિરતે મુકુટ ઉતારત;
ભાંડીરવન મેં, દોષ નિવાર્યૌ, ગોપ-કુપ પૈ ન્હા. ૪

વિધ વિધ લીલા, કરત નુતન, ગોપ ગોપી પાયે પ્રીત;
'ચરનદાસ' કરી, મંગલ પૂજન, યમુના ભઇ પુલકિત. ૫

ભાવાર્થ : શ્રી દામાજી શ્રી ઠાકોરજીના સખા અને શ્રી રાધાજીના ભાઈ થાય તેમના સ્વભાવમાં થોડી જીદ રહેતી અને પ્રભુની સાથે લીલા રમણમાં પ્રભુને પરિશ્રમ થાય તેની ચિંતા કરતા નહીં આવું તેમનું વર્તન શ્રી રાધાજીને ગમતું નહીં.

શ્રી ઠાકોરજીની ઇચ્છા આ સમયે એક લીલામાં અનેક લીલાઓ પોતે તથા બળદેવજી પાસે કરાવવાની હતી. તેથી શ્રી દામા સખાને સાથે રાખ્યા હતા. ખેલની રમતમાં શરત મુકી કે જે હારે તેને જીતનારને ખભા પર બેસાડી દુર વનમાં લઇ જવા આ રમતમાં શ્રી દામાજી જીતી ગયા અને શ્રી ઠાકોરજી હારી ગયા, તેથી પ્રભુ શ્રી દામાજીને ખભા પર બેસાડી દુર દુર વનમાં સંતાવા ચાલ્યા ગયા. તે સમયે પ્રલંબા સુર રાક્ષસને કંસ રાજાએ આ બાળકોને મારી નાખવા મોકલ્યો હતો. તે તપાસ કરતો કરતો આ સ્થળે આવ્યો શ્રી બાલ કૃષ્ણલાલ દુંર ચાલ્યા ગયા છે અને એકલા શ્રી બળદેવજીને જોઇ, તે ગોપ બાળક સખાનું રૂપ લઇ બધાના સમુહમા મિત્ર બની રમવા વાગ્યો બળદેવજી સામે જાણી બુઝીને હારી ગયો તેથી શરત પ્રમાણે તે તેના ખભા ઉપર શ્રી બળદેવજીને બેસાડી વન તરફ જોર જોરથી દોડવા લાગ્યો.

બલદેવએએ આવી રીતે ઉતાવળથી દોડતો જાણી મનમાં વિચાર કર્યો કે આપણા સખાની જેટલી ગતિથી આની ગતિ વધારે છે, અને તે લપાતો લપાતો દોડે છે, તેથી ધ્યાન ધરી જાણી લીધું. આમ ખબર પડતાં આ પ્રલંબાસુર રાક્ષસને અટકાવી તેનો વિનાશ કર્યો.

પ્રલંબાસુરનો વધ કરી પાછા બલદેવજી ભાંડીરવન-ભાંડીરકુપ પાસે આવ્યા અને સખાઓને સત્ય હકીકત-ઘટના જણાવી, પોતાના માથે પહેરેલો મુગટ ઉતારી સિંહાસન ઉપર મુકયો. આજે તેના પ્રતિકરૂપે સિંહાસન ઉપર રાખેલા મુગટના અત્રે દર્શન થાય છે. તેની સામે ગોપ કુપ બનાવ્યો છે.

ગોપ બાલકોએ શ્રી બલદેવજીને પ્રલંબાસુરના વધના દોષથી શુદ્ધ થવા માટે આ ગોપ કુપના જળથી સ્નાન કરવા જણાવ્યું. ત્યાર પછી મુગટ ધારણ કરવા વિનંતી કરી. દાઉજીએ તે પ્રમાણે ધર્મકાર્ય કરી લીલાનો આનંદ આપ્યો.

આમ શ્રી યમુનાજીના તટ ઉપર શ્રી શ્યામસુંદર દુર દુર સુધી શ્રી દામાજીને લઇને ફર્યા અને શ્રી યમુનાજીની વાલુકા પર ચરણકમલ પધરાવતા પાછા ગોપ બાલકો પાસે ભાંડીર વન પધાર્યા.

તેથી શ્રી યમુનાજી વિરહના તાપથી ઘણાં સમયથી તપી રહ્યાં હતાં, તે આજે ચરણારવિંદ પામી પોતાનો તાપ સમાવી શિતલ બન્યા. આવી અનેક લીલાઓ અલૌકિક ભાવે કરી સર્વેને એકી સાથે આનંદનું દાન કર્યું.

ચરણદાસ કહે છે કે- આવી મંગલ અને પાવનકારી મા શ્રી યમુનાજી શિતલ બની પુલકિત થયાં, જેથી ભગવદીયોએ માનું પુજન કરી, માની ગોદમાં આનંદિત થવા આશ્રય લીધો.

આ માસના ઉત્સવ

કારતક સુદ ૭ તા. ૭–૧૧–૯૭ શુક્રવાર, ગો. શ્રી જીવનેશજી મહારાજ (મુંબઇ) નો ગો. ચિ. શ્રી જયદેવજી (કડી)નો તથા ગો. ચિ. શ્રી પુરુષોત્તમજી (કાંદીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૮–૧૧–૯૭ શનિવાર, ગોપાષ્ટમી

કારતક સુદ ૯ તા. ૯–૧૧–૯૭ રવિવાર, અક્ષય નવમી, કુષ્માંડ (કોળુ) દાન, સત્યુગાદિ તિથી, ગોવિંદાભિષેક, વિવાહના પદની શરૂઆત, પૂનમ સુધી બોલાય, ગો. ચિ. શ્રી અક્ષયકુમારજી (મથુરા)નો જન્મદિન.

કારતક સુદ ૧૦ તા. ૧૦–૧૧–૯૭ સોમવાર, શરદ ઋતુ પુરી થઇ, ગો. ચિ. શ્રી દ્વારકેશજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૧૧–૧૧–૯૭ મંગળવાર, પ્રબોધિની એકાદશી વ્રત, મંડપ સવારે શુંગારમાં, ચાતુર્માસ નિયમ સમાપ્તિ, શ્રી ગુસાંઇજીના પ્રથમલાલજી શ્રી ગિરિધરલાલજીનો ઉત્સવ (સં. ૧૫૯૭) તથા પાંચમા લાલજી શ્રી રઘુનાથજીનો ઉત્સવ (સં. ૧૬૧૧), (બારસનો ક્ષય છે તેથી), રસાત્મક મહારાત્રિ, તુલસી વિવાહ, હેમંતઋતુ શરૂ થઇ, પોષ સુદ ૮ સુધી, ગો. ચિ. શ્રી વ્રજલાલજી (મથુરા)નો જન્મદિન, ગો. શ્રી વ્રજેન્દ્રકુમાર મહારાજ (અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૩ તા. ૧૨-૧૧-૯૭ બુધવાર, ગો. શ્રી મુરલીમનોહરજી (મુંબઇ)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૧૪-૧૧-૯૭ શુક્રવાર, પૂર્ણિમા, ચાતુર્માસ સમાપ્ત, ભકત બોડાણા શ્રી રણછોડજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યાનો ઉત્સવ, ગોપ માસ આરંભ, વ્રતચર્યા.

કારતક વદ ૨ તા. ૧૬-૧૧-૯૭ રવિવાર, ગો. ચિ. વ્રજરાજકુમારજી બાવાશ્રી (સુરત-વડોદરા)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૧૮-૧૧-૯૭ મંગળવાર, શ્રી દાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ, ગો. ચિ. શ્રી દ્વારકેશ બાવાશ્રી (કાંકરોલી)નો તથા ગો. ચિ. કમલેશ બાવાશ્રી (મુંબઇ)નો તથા ગો. ચિ. શ્રી વ્રજેન્દ્ર બાવાશ્રી (માંડવી)નો જન્મદિન.

કારતક વદ ૮ તા. ૨૨-૧૧-૯૭ શનિવાર, શ્રી ગુસાંઇજીના બીજા લાલજી શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ (સં. ૧૫૯૯).

કારતક વદ ૧૦ તા. ૨૪-૧૧-૯૭ સોમવાર, ગો. શ્રી ઉત્તમશ્લોકજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

કારતક વદ ૧૧ તા. ૨૫-૧૧-૯૭ મંગળવાર, ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૨૭-૧૧-૯૭ ગુરુવાર, શ્રી ગુસાંઇજીના સાતમાલાલજી શ્રી ઘનશ્યામલાલજીનો ઉત્સવ (સં. ૧૬૨૮), ગો. શ્રી રમેશચંદ્ર મહારાજશ્રી (મુંબઇ)નો તથા ગો. શ્રી ત્રિભંગરાયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૧-૧૨-૯૭ મંગળવાર, ગો. ચિ. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી-રાજકોટ)નો તથા ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર)નો જન્મદિન.

માગસર સુદ ૪ તા. ૩-૧૨-૯૭ બુધવાર, ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર સુદ ૫ તા. ૪-૧૨-૯૭ ગુરુવાર, શ્રી મદનમોહનજીનો પાટોત્સવ (કામવન).

માગશર સુદ ૭ તા. ૬-૧૨-૯૭ શનિવાર, શ્રી ગુસાંઇજીના ચોથા લાલજી શ્રી ગોકુલનાથજીનો મહોત્સવ (સં. ૧૬૦૮), ધનુર્માસ આરંભ, અષ્ટસખા પૈકી શ્રી પરમાનંદદાસજીનો જન્મ દિન.

માગશર સુદ ૮ તા. ૭-૧૨-૯૭ રવિવાર, શ્રી ગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૮-૧૨-૯૭ સોમવાર, ભારત માર્તંડ શ્રી ગટ્ટુલાલજીનો સ્મરણ દિન, શ્રી ગુસાંઇજીની વધાઇનો પ્રારંભ, ગો. શ્રી ચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ-પોરબંદર)નો જન્મદિન.

ચોપાટ

પુષ્ટિમાર્ગમાં શ્રી ઠાકોરજી સમક્ષ જે ચોપાટ ધરાય છે તે સેવાની એક ભાવનારૂપે ધરવામાં આવે છે ચોપાટની ભાવના સંબંધનું શ્રી દ્વારકેશજી મહારાજશ્રી રચિત એક મનનીય પદ સુક્ષ્મ ભાનાર્થ સાથે પ્રસ્તુત છે.

રાગ–કાલિંગડો

એક અનુપમ અદ્દભુત નારી,
નેન બેન ચોવીસ ચૈગુને સોરહ ચરન વદન હૈ પ્રારી, ૧

ચતુરાનનસોં પ્રીતિ તીન પતિ તાકે ઇકઇસ દુને નેન,
શ્યામ સેન આરકત હરિત પદ અલત તબે બોલત હિં બૈન. ૨

સાત્વિક રાજસ તામસ નિર્ગુણ એક યુગ્મ દર્શનકો આવત,
મકન ભયે સાયુજય મુકિતફલ ત્રિવિધ રૂપ દેખેં સચુ પાવત
ઇહિ વિધિ ખેલ રચ્યો. વ્રજ મંડલ દીપ દિવારી પ્રગટ દિખાઇ,
તુર્ય રૂપ કે યુથ બિરાજત છબિ પર 'દ્વારકેશ' બલિ જાઇ, ૪

ભાવાર્થ – દિવાળીનો તહેવાર અતિ ઉત્સાહનો છે તેમાં ખાસ તો ઝળહળતા દીપકની જ્યોતિ ચિત્તને આકર્ષિત કરે છે. દરેક મનખ્યો ઘર ઘર દિવા પ્રગટાવી હૃદયમાં આનંદ મેળવે છે. આવું આ પર્વ હૃદયને ઉછલિત ભાયનું બનાવે છે.

પુષ્ટિમાર્ગમાં દિવાળીની રાત્રિએ શ્રી ઠાકોરજીને પોઢાડે છે પરંતુ ભાવના જાગવાની છે, શૈયા મંદિર ઘૃતનો દીપક પ્રગટાવી અને પાટ બિછાવી બન્ને બાજુ આસન બિછાવી વચ્ચે ચોપાટ બિછાવવામાં આવે છે. બાજુમાં વસ્ત્રો, આભુષણો, અત્તરની શીશી, આરસી ફુલની માળા તથા સામગ્રીનો થાળ સાઝી વસ્ત્રથી ઢાંકી બાજુમાં રખાય છે.

વ્રજમાં શ્રી ગિરિરાજજીની પરિક્રમ આખી રાત ચાલુ હોય છે, ગોવર્ધન માનસી ગંગા દર્શન કરતાં આનંદની ઉછાળ આવે છે. શ્રી દ્વારકેશજીનું રચેલું પાસા ખેલવાનું પદ ગુઢ પ્રદર્શિત કરે છે. તેમાં પ્રિયા પ્રિતમ ચોપાટ ખેલે છે. ચારે યુથ મળીને દર્શનમાં આવે છે. તેમાં ત્રણ રૂપ–૧ દીપકની સજાવટ ૨. ચોપાટની રમત ૩. ચાર યુથની વચ્ચે બિરાજમાન યુગલ સ્વરૂપ.

અદ્ભુત એક અનુપમનારી–દિવાળી નારી છે તેમ ચોપાટ પણ નારીજ છે. ચોપાટને નારીની ઉપમા આપી છે. એમાં વચ્ચેનો ચોરસો ચાર પાંગત સોગઠાં ચાર ચાર રંગના જ એટલે સોળ તેના રંગો શ્યામ' સફેદ, પીળા. લાલ, રમતની શરૂઆત દાવથી થાય છે. સોગઠા ફરી ફરીને વચ્ચે ચોરસામાં પહોંચે ત્યારે ફરવાનું કામ તેનું પુરૂં થાય છે.

સોગઠાનો ભાવ–તેમાં સાત્વિક, રાજસ તામસ તેનાં પેટા વિભાગ નવ મળી બાર થયા. તેમાં સત, ચિત્ત. આનંદ અને નિર્ગુણ મળી સોળ થયા. તેમાં ચાર પાંગત તે ચાર પ્રકારના ભકતો એટલે ૧૨+૪ બરાબર સોળ થયા. પ્રત્યેક પંગતમાં ૨૪ ઘર, એક પંગતમાં આઠ આઠની ૩ લાઇન એટલે ચોવીસ થયા. તેવા ચાર પંગત એટલે ૨૪×૪=૯૬ થયા. સોગઠી ફરતા ફરતા ફુલ ઉપર આવે ત્યારે નિર્ભય બને છે. એકમાં ત્રણ ફુલ તે ચારમાં ૩×૪=૧૨ ફુલ હોય છે.

ચારેય પંગત ચાર મોઢા બ્રહ્માજીને છે તેમ આ ચાર પંગત તેનો પતિ તે વચ્ચેનો ચોરસો તે ચોરસો નિર્ભય સ્થાન, ત્યાં પહોંચવાની ઉતાવળ હોય છે, ચોરસાના વિભાગ તેમાં ૪૨ નેન. ૪૨ બેન, ૪૨×૨=૮૪ થાય છે,

દિવાળીની રાત્રે પ્રિયા પ્રિતમ ચોપાટ ખેલે છે તે વખતે ચારેય યુથો દર્શન કરવા આવે છે. એક એક પંગતમાં ગોઠવાય, જાય છે. તેમની દષ્ટિ મધ્યમા બિરાજતા યુગલ સ્વરૂપનાં દર્શન કરી આનંદ માણવાની છે–માણે છે.

સાયુજય મુકિત ફલ–તે તેજમાં તેજનું ભળી જવું, પરંતુ એક તો એક રૂપ હોવા છતાં જુદા રૂપે આનંદ લઇ શકાય છે. જુદું અસ્તિત્વ કાયમ રહી લીલાનો આનંદ મેળવે છે. જેમ દિવાઓ બધા મળી સુંદર મનમોહક પ્રકાશ કરે છે પરંતુ દીપક બધા એક મળી પ્રકાશ આપે છે. સાન્નિધ્ય–પ્રભુની સામે જ રહે છે. સામિપ્ય–પ્રભુની બહુજ નજીકમાં રહે છે. સારૂપ્ય–પ્રભુને લીલા ઉપયોગી હોય તેવું રૂપ બનાવે છે. સાલોકય–પ્રભુની સાથે એક લોકમાં રહે છે. આમ ચાર પ્રકારની મુકિત ફલનું જુદીજ રીતે વર્ણન દર્શાવ્યું છે.

દીવાઓ કલાકૃતિથી ગોઠવાયેલા જુદા જુદા આકાર બનાવી ચિત્ત આકર્ષિત કરે છે. તેમ ચાર પ્રકારના ભકતો પોતાની ભાવના પ્રદર્શિત કરે છે. જેમ ચોપાટ છે તેમ ચાર યુથ તે બન્નેનું નયનોથી નિરીક્ષણ કરે છે અને વાણીથી વર્ણન કરે છે. સોગઠા તરફ ધ્યાન દેવું આને કયાં રાખવું તે જોવું અને બોલવું. ચોવિસ ચોગુને ૯૬ થયા. ચોપાટના ખાના કુલ્લ ૯૬ ઉપર નજર રાખવી. સોગઠા કૂલ ૨૬ તે જુદા જુદા રંગના ચારેય યુથ જુદા હોવા છતાં એક રૂપ બન્યા છે એટલે સાત્વિક, રાજસ, તામસ, નિર્ગુણ પ્રભુમય બન્યા છે.

દીવાઓ જેમ પોતાના સ્થાન ઊપર રહી પ્રકાશ આપે છે. તેવી જ રીતે ચારેય યુથ પોતાના સ્થાનને ઓપાવી રહયા છે. દીપકનો પ્રકાશ તેમ ચારેય દિશાથી હૃદયના ભાવ પ્રગટ થયા છે. એકી સાથે પ્રકાશી રહયા છે. વચલો ચોરસ (ચોક) તેની પંગતવાર તે નિત્ય લીલામાં નિત્ય નવી લીલાથી જોડાયેલા રહે છે. એક હોવા છતાં જુદું અસ્તિત્વ જાળવી રહયા છે. ચોપાટમાં ૯૬ ઘર ફરી વચ્ચે ચોરસામાં પહોચે તેને ભ્રમણ કરવાનું રહેતું નથી. તેમજ પ્રભુની સાથે નિત્ય સંબંધ બંધાય તે નિર્ભય બની જાય છે. ચોપાટમાં કુલ ૧૨ કુલ હોય છે તે ક્ષણિક નિર્ભય છે તેને ચાલી મૂળ સ્થળે પહોંચવું જરૂરી હોય છે, તેથી બીજા ચોરાસી ખાના પસાર કરવાના રહે છે. તે ચોરસા સુધી ન પહોંચે તે લક્ષચોર્યાસી લક્ષયોનિમાં આવાગમન કરે છે.

જીવ જયારે માનવ દેહ મેળવે છે ત્યારે તેને દ્વાદશ અંગ એટલે પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, દશ થયા. ૧૧મું મન અને ૧૨ બુદ્ધિ આ બધું મળે છે. કેવળ મુળસ્થાને પહોંચવા માટે તેનો ગેર ઉપયોગ કરે તે પાછો ભટકતો રહે. ફરતાં ફરતાં માનવદેહ એટલે ચારે પંગતમાં પોતાના સ્થાનને છેડે આવે કે અહીંથી અંદર પ્રવેશ મળે તો ચોરસા સુધી પહોંચવું સરળ પડશે પણ ઘણાં અવિચારી ત્યાંથી જ ખડું કરી બેસે તે ભટકતા થઇ જાય. તે દરવાજો શ્રી વલ્લભનું શરણ મેળવી ભીતર પ્રવેશ કરવો.

આ પદમાં શ્રી દ્વારકેશજીએ પ્રભુની અલૌકિક લીલાની સાથે પ્રભુ પ્રાપ્તિનો રસ્તો પણ બતાવ્યો છે. માનવદેહ મળી છે તો વાણીથી ભગવત્ નામ અને ૧૦૮ પારાની માળા તે અષ્ટાક્ષરની માળા–વાણીથી બીજુ બોલવું પડે છે પણ નામસ્મરણ હૃદયતો કરી શકે છે. ધ્યાન દેવું પડે, દીનતારૂપી પાત્ર લઇ, મનરૂપી મણીને પ્રભુને ભેટ ધરવા.

ચોપાટના ખાના ૯૬ તેમા દ્વાદશ અંગ મળી ૧૦૮ થાય તે એકસો આઠ પારાની માળા. જો લક્ષ ચોરાસી ફરતા માનવ દેહ મળ્યો છે તો આ રીતે માળા ફેરવવી.

ભકત કવિ શ્રી સૂરદાસજી ચોપાટ કેમ ખેલવી જોઇએ તે એક પદમાં દર્શાવેલ છે– 'મન ! તું સમજ સોચ વિચાર' તેમજ માતર ગામના પ. ભ. શ્રી મણીભાઇએ ચોપાટ રમાડી ને પાંચસો વૈષ્ણવ કર્યા, સોગઠી ઢાલે ને 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' બોલાવે. આમ, ચોપાટની રમતમાં ભગવદ્ નામ લેવરાવી પ્રભુ પ્રેમને દઢ કરાવ્યો.

માધુરીના નુતનવર્ષના જય શ્રીકૃષ્ણ....!

સમાચાર સંચય

હોસ્પીટલમાં વૈષ્ણવ પરિષદ તરફથી બિસ્કિટ વિતરણ થયું

શ્રાદ્ધ પક્ષના અંતિમ દિવસે અને ગાંધી જયંતિના દિવસે એસ એસ.જી. હોસ્પીટલ, ટી.બી. હોસ્પીટલ, શ્રમ મંદિર–રકતપિત માં. આં. રા. પુ વૈષ્ણવ પરિષદના ઉપક્રમે પુ. પાદ ગો. શ્રી વાગીશકુમારજી મહોદયના વરદ હસ્તે લગભગ બારસે બિસ્કિટના પેકેટસનુ વિતરણ કરવામાં આવ્યુ દર્દીઓને જયશ્રીકૃષ્ણ બોલીને બિસ્કિટસ પેકેટસ આપવામાઆવ્યા તેમજ રીમાન્ડ હોમમાં "પ્રેમસે બોલો જયશ્રીકૃષ્ણ સમુહમાં બોલાવીને બીસ્કીટના પેકેટસ આપવામાં આવ્યા હતા.

"વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધારવાના આયોજનો"

'પરિષદનુ કાર્ય ભગવદ સેવા માનીને કાર્ય કરવાનો સ્વભાવ કેળવવો જોઈશે. અને વર્તમાન પરિસ્થિતિમાં સાવધાન બનીને સેવાકીય કાર્યો કરવા માટે આપણે સૌએ ગંભીર બનીને સંમઠનનો વ્યાપ વધારવા વૈષ્ણવ પરિષદમા કાર્યકારી અદયક્ષ અને ભાગવત પ્રવકતા શ્રી પ્રધુમન શાસ્ત્રીજીએ ગુજરાત પ્રદેશની કારોબારી અને કાર્યકરોના ખેડા મુકામે શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠના અદયક્ષસ્થાને યોજાયેલા સંમેલનમાં અપીલ કરી હતી ખેડા શાખાના પ્રમુખ શ્રી જશવંતભાઈ શાહે સ્વાગત પ્રવચન કર્યુ હતું.

આં. પુ. વૈ. પ. ૯૧મા વર્ષમાં પ્રવેશ કરી ચુકી છે. ત્યારે શતાબ્દીના દશ વર્ષ ગુજરાત પ્રદેશમાં ઉજવવા માટેના આયોજનો અંગે વિસ્તૃત ચર્ચા શ્રી શાસ્ત્રીજીએ રજુ કર્યા પછી કાર્યકરોના વિભિન્ન સુચનોની સમીક્ષા કરીને સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ એમ. શેઠે ત્રિસુત્રી કાર્યક્રમ અંગેની રજુઆતો કરી. જૈસે ૯૭થી એપ્રિલ ૯૮ સુધીમાં વ્યાપક સદસ્યતા અભિમાન અને એકસો શાખાઓની વિવિવત રચના. એક લાખ વૈષ્ણવોના સંપર્ક માટે એક વિશિષ્ટ પ્રકારના સ્ટીકરોનુ આયોજન (૩) ગુજરાતની એકસો શાખાઓમાં શહેર–નગર ગામમાં પ્રવેશ કરનાર સૌનુ અભિવાદન કરવાનુ આયોજત આવા ત્રિસુત્રી કાર્યક્રમની શ્રી શેઠ દ્વારા જાહેરાત થતાં સંમેલનના કાર્યકરોએ ઉલ્લાસ–આનંદથી વધાવી લીધુ. આવા આયોજનને સફળ બનાવવા માટે ગુજરાતમા કાર્યકરોની એક શિબિરનુ આયોજન થશે તેવી જાહેરાત કરવામાં આવી.

ગોસેવાના કાર્યમાં ગૌશાળાના ગોવર્ધનના પ્રોજેકટની જાણકારી શ્રી ઈન્દ્રકાન્તભાઈ ત્રિકમલાલ શેઠે આપી હતી અને સંગઠત મંત્રી પ્રા. ચીમનલાલ શેઠે ગૌસેવાના મહત્વની વિસ્તૃત સમજ આપી હતી અને તેના માટે અપીલ થતાં સંમેલનમાં લગભગ રૂ. અગીયાર હજારની રકમ ભેગી થઈ હતી.

શ્રી દહીંસર વૈષ્ણવ સમાજની સેવા પ્રવૃતિ

ધાર્મિક સેવાના કાર્યો : (૧) શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ (૨) ૨૫૨ વેષ્ણવોની કથા/વાર્તા (૩) દહિસરથી પગે ચાલીને નાથદ્વારા શ્રીનાથજી બાવાના દર્શન કરવા પદયાત્રા સંઘ લઈ ગયા હતા. (૪) આધિદેવિક શ્રી વૃજ ચોર્યાસી કોશની દંડવતી પરિકમા કરવા સંઘ લઈને ગયા હતા. (૫) મથુરામાં વિશ્રામ ઘાટ ઉપર શ્રી યમુના મહારાણીજીનો ચુંદડી મનોરથો કરવા સંઘ લઈ ગયા હતા (૬) શ્રી મહાપ્રભુજીના પ્રાગટય સ્થળ ચંપારણ્ય (મ.પ્ર.)માં બેઠકજીના દર્શન કરવા સંઘ લઈ ગયા હતા.

સામાજીક સેવાના કાર્યો : [૧] જરુરતમંદ વિદ્યાર્થીને સ્કુલ ફી આપવામાં આવી હતી અને [૨[વિદ્યાર્થીઓને નોટબુકોનુ અડધી કીંમતે વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ વર્ષે ગુજરાત–સૌરાષ્ટ્ર અને કચ્છની પવિત્ર ભુમિ ઉપરની કુલ [૪૨] પુષ્ટિ બેઠકજીના દર્શનની સાથે સાથે સૌરાષ્ટ્ર દર્શનની [૨૫] દિવસના મોટર માર્ગે યાત્રા પ્રવાસનુ તા. ૫–૧૧–૯૭થી તા. ૨૯–૧૧–૯૭ સુધીનુ આયોજન કરવામાં આવ્યું છે.

"પુષ્ટિ-સુધા સિંધું" પુસ્તકનો લોકાર્પણ વિધિ

રવીવાર તા. ૧૪ શ્રી વામન જયંતિના શુભ દિવસે જુનાગઢની મોટી હવેલીના સભાખંડમાં ગોસ્વામી શ્રી કિશોરચંદ્રજી મહારાજની અધ્યક્ષતામાં એક સુંદર સાહિત્યિક સમારોહ યોજાયેલો. જુનાગઢના કવિ અને હાસ્યલેખક શ્રી જયંત જી. ગાંધી (કવિ કુસુમાયુધ) વિરચિત ચોરાસી પુષ્ટિમાર્ગીય પદ્યરચનાઓના પુસ્તક પુષ્ટિ–બિંદુ (પ્રકાશક – પ્રવીણ પ્રકાશન–રાજકોટ)ના લોકાર્પણ વિધિના આ કાર્યકમમા અતિથિ વિશેષ તરીકે સાક્ષર વિવેચક પ્રા. શ્રી મનસુખભાઈ સાવલિયા ખાસ ઉપસ્થિત રહેલા.

પ. ભ. વૈષ્ણવો અને સાહિત્ય રસીકોથી ભરચક વિશાળ સભાનુ શ્રી નરેન બારડે કાર્યક્રમનુ ઉત્સાહ પુર્વક સફળ સંચાલન કરેલું.

પ્રારંભમાં પુજ્ય મહારાજશ્રીએ સ્વમુખે વધાઈનુ પદ બોલાવેલું. વકતાઓ સર્વશ્રી નરેન બારડ પ્રા. સંજય પંડયા, શ્રી સુમંત રાવલ. શ્રી મનુભાઈ રાણા વગેરેએ પ્રાસંગિક પ્રવચન કરેલાં. પુજ્ય શ્રી કિશોર ચંદ્રજી મહારાજના વરદ કરકમલથી પુસ્તકનુ વિમોચન કરવામાં આવ્યું, તે બાદ તેમની આજ્ઞાથી કવિપુત્રી જાગૃતિ બેને એક ધોળગાઈ ઝીલાવેલું.

અંતમાં રચયિતા શ્રી જયંત જી. ગાંધીએ પુસ્તક પ્રકાશન અંગે કેટલીક વાતો કહી. આ સુંદર કાર્યક્રમના આયોજન બદલ સંબંધીત સર્વેનો અંતાકરણપુર્વક આભાર માન્યો અને જણાવેલ કે શ્રી હરિ ગુરુ વૈષણવોની કૃપા પ્રેરણા અને આશિષથીજ મારાથી એવી રચનાઓ રચી શકાઈ છે આમ છતાં આ કાર્યમાં મારાથી કોઈ અજાણતા પણ અપરાધ થઈ ગયો હોય તો તે ક્ષતિ બદલ માફી આપવા હું હરિ ગુરુ વૈષણવો સમક્ષ ક્ષમાયાચના કરુ છું. અને છેલ્લે પ. ભ. શ્રી મગનભાઈ સેજપાલે આશ્રયનુ પદ બોલાવી આ કાર્યકમનુ સમાપન કરેલુ.

શ્રી પુષ્ટિમાર્ગ પ્રાકટ્યોત્સવ (મદ્રાસ)

શ્રી શુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા (મદ્રાસ) દ્વારા શ્રાવણ સુદ ૧૧ તા. ૧૫–૮–૯૭ શુકવારને દીવસે આ ઉત્સવ ખુબ઼ેઉત્સાહ પુર્વક ઉજવવામાં આવ્યો હતો. ગોસ્વામી ૧૦૮ શ્રી અજયકુમારજી મહારાજ તથા આપશ્રીના શ્રી વહુજી અધ્યક્ષ સ્થાને બીરાજેલ હતાં સાયકાલ ૫ વાગે શ્રી વૈષ્ણવ સ્કુલના વિશાળ હોલમાં આ ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું પ્રારંભમાં શ્રી સિદ્ધાંત રહસ્ય, શ્રી સર્વોતમ સ્તોત્ર તેમજ શ્રી કૃષ્ણાશ્રયના પાઠ ભાઈઓ તથા બહેનોએ સમુહમાં કર્યા હતા. ત્યારબાદ વધાઈ ગાન કરવામાં આવ્યું હતુ. ત્યાર બાદ વૈષ્ણવ સ્કુલના વિદ્યાર્થીઓએ શ્રી દામોદરદાસ સંભલવાલનું નાટક બહૂંજ સુંદર રીતે ભજવ્યું હતું મદ્રાસમાં બહુ લાંબા સમય પછી આ રીતે નાટક દ્વારા વૈષ્ણવોમાં માર્ગનું શીક્ષણ આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો તથા અન્ય વિદ્યાર્થી અને વૈષ્ણવો દ્વારા પણ વિવિધ વાર્તા પ્રસંગો મૌખીક રજુ કરવામાં આવ્યાં હતા દરેક ભાગ લેનાર વિદ્યાર્થી તેમજ વૈષ્ણવ ભાઈ-બહેનોનું પારિતોષીક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને મહારાજશ્રીના આશીર્વચન સાથે સભા વીસર્જન થઈ હતી.

શ્રી કૃષ્ણ જયંતિ જન્માષ્ટમી

શ્રી શુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા મદ્રાસ દ્વારા શ્રાવણ વદ ૮ તા. ૨૫–૮–૯૭ સોમવારના ખુબ ધામધુમ તથા ઉત્સાહથી ઉજવવામાં આવી હતી શ્રાવણ વદ ૭ રવિવાર તેમજ શ્રાવણ વદ ૮ સોમવારના ભવન્નામ કીર્તન સહ પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના બાળકો તેમજ વૈષ્ણવ–ભાઈ બહેનોએ વિપુલ પ્રમાણમાં ભાગ લીધો હતો બાળકોને નોટ–બુંક તેમજ બોલપેન વીતરીત કરવામાં આવ્યા હતા

સાયંકાલ ગોસ્વામી ૧૦૮ શ્રી અજયકુમારજી મહારાજની અધ્યક્ષતામાં વૈષ્ણવ સ્કુલના હોલમાં સાંસ્કૃતીક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું નાની બાળાઓ દ્વારા રાસ–ગરબાનો બહુ સુંદર કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. પ્રાસંગીક પ્રવચનો પણ થયાં હતા રાસ–ગરબામાં ભાગ લેનાર બાળાઓને પારિતોષીક વિતરણ કરવામાં આવેલ હતાં.

સાંસ્કૃતિક કાર્યક્રમ બાદ એક વિશાળ નગર યાત્રાનું આયોજન હતું જેમાં વૈષ્ણવોનો વિશાળ સમુદાય સમ્મીલીત હતો સંસ્થાના આશ્રયે ચાલતી કોલા પેરૂમાલ સ્કુલના વિદ્યાર્થીઓની બેન્ડ પાર્ટી અત્યંત આકર્ષક હતી તેમજ સ્થાનીક બેન્ડવાજા અને ભવન્નામ ધુન સાથે વાજતે ગાજતો વૈષ્ણવ સમુદાય અને છેલ્લે પુષ્પના સુસજ્જીત વિમાનમાં ભગવાન શ્રી કૃષ્ણનું નયનાભીરામ ચીત્ર બીરાજતું હતું નગરના અનેક મુખ્ય માર્ગોએ ફરી નગરયાત્રા વૈષ્ણવ સ્કુલમાં વિસર્જીત થઈ હતી. અને માહેશ્વરી વૈષ્ણવ સમાજ તરફથી મહેશ્વરી ભવનમાં ભગવાનની ગોવર્ધન ધારણ લીલાની ખુબજ સુંદર અને વિશાળ ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી જે નગરમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી,

શ્રી વલ્લભ ગૌશાળા

પરિષદનાં પ્રેરણાદાતા નિ. લિ. પુ. પા. ગો. શ્રી પ્રથમેશજી મહારાજશ્રીની પાવન સ્મૃતિમાં અને આજ્ઞાનુસાર આંતરરાષ્ટ્રિ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ આયોજીત શ્રી વલ્લભ ગૌશાળાં ગોવર્ધન–જતીપુરા માર્ગ ઉપર વ્રજમાં ચાલે છે.

આ ગૌશાળામાં અશકત અને માંદી ગાયોને પોષવામાં આવે છે. આ ગૌશાળામાં કુલ ૨૭ ગાયો છે જેનાં ખર્ચને પહોંચી વળવા રૂ, ૧૫૦૦૦/– પંદર હજાર અંદાજી માસિક ખર્ચ આવે છે આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદનું નેમ છે કે આ ગૌશાળાનો ઉતરોતર વિકાસ કરવો અને વ્રજની અશકત ગાયોને આશ્રય સ્થાન આપવું. એક ગાયને નીભાવવા માસિક રુ. ૫૦૦ પાંચસો જેટલો ખર્ચ આવે છે.

સુખી સંપન્ન કુટુંબોને જાહેર અપીલ છે કે ઓછામાં ઓછા એક ગયનાં નીભાવ માટે પ્રનિ માસ અથવા ઈચ્છાનુસાર અશકત ગૌ સેવા માટે રૂ. ૫૦૦/– પાંચસો પુરાનો [ચેક/ડ્રાફ્ટ "આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરીષદના" નામથી નીચેના કોઈપણ સરનામે મોકલી આપવા વિનંતિ

(૧) હસમુખભાઈ ખખ્ખર : C/0 સંજય ગેસ સર્વીસ, રજની બીલ્ડીંગ શેરી,
ભુપેન્દ્ર રોડ, રાજકોટ–૩૬૦૦01

(૨) ઈન્દ્રકાંતભાઈ શેઠ : નોબલ બીલ્ડીંગ ત્રીજા માળે, આશ્રમ રોડ,
નહેરુ બ્રીજ સામે, અમદાવાદ–૩૮૦૦૦૯

(૩) મુકુંદભાઈ શાહ : ધીરજ એપાર્ટમેન્ટ, ચોથા માળે, ૧૧ પેડક રોડ, મુંબઈ ૪૦૦૦૨૬

પુસ્તક પરિચય

પુષ્ટિમાર્ગીય પત્રાચાર અભ્યાસક્રમ

પાયાગત સ્તર – શુદ્ધાદ્વૈત વિનીત અભ્યાસ પુષ્પ ૬ –શ્રીમદ વલ્લભાચાર્યજી. પુષ્પ ૨જું – શ્રી ગોપીનાથજી અને શ્રી ગુસાંઈજી, પુષ્પ ૩ જું – શ્રી ગુસાંઈજીનો પરિવાર.

મધ્યમસ્તર– પ્રથમ વર્ષે શુદ્ધાદ્વૈત કોવિદ અભ્યાસ પુષ્પ ૧લું ગુરુનું સ્વરુપ, પુષ્પ ૨જુ વૃજ મંડળ પુષ્પ ૪થું ભકિતમાર્ગ અને ભકિત. ઉપરોકત સાતેય પુસ્તિકાના લેખક પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક – શ્રી વલ્લભ વિદ્યાપીઠ (પત્રાચાર અભ્યાસકમ)
શ્રી બેઠક મંદિર, કેવડાબાગ. મદનઝાંપા રોડ. વડોદરા–૩૯૦૦૦૧.

આ અભ્યાસકમમાં પુષ્ટિમાર્ગીય દીક્ષા લેનાર અને ઓછામાં ઓછી ધોરણ ૧૦ની પરીક્ષા આપનાર કોઈપણ વૈષ્ણવ જોડાઈ શકે છે. પુરો અભ્યાસક્રમ છ વર્ષનો છે. અભ્યાસકમનુ વર્ષ મેથી એપ્રિલ સુધીનું છે. પ્રવેશ પત્ર માટે તેમજ વિશેષ માહિતી માટે ઉપરોકત સરનામે પત્ર લખવો.

૨ ગોકુળ ટહૂકયા મોર

લેખક – ગોસ્વામી (ડો.) વાગીશકુમારજી (કાંકરોલી)
પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ 'વૃજરજ' ૭૧, શિવ સોસાયટી નં. ૨
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૨૦, ઓફસેટ પ્રિન્ટીંગ, ધીન બાઈન્ડીંગ, કાર્ડ બોર્ડ લેમીનેશન વાળા ટાઈટલ ઉપર શ્રી ગુસાંઈજી શ્રીનાથજીને શૃંગાર ધરાવી રહયા છે અને અષ્ટછાપ ભકત કવિઓ કીર્તન કરી રહયા છે તેવા બહુરંગી ચિત્રજી પુસ્તક પ્રકાશન સહાય રુ ૨૦/–

પુસ્તક સંપ્રદાયમાં અષ્ટ છાપ કવિઓ–કુંભનદાસ સુરદાસ પરમાનંદદાસ અને કૃષ્ણદાસ શ્રીમદ વલ્લભાચાર્યજીના સેવક અને ગોવિંદસ્વામી, નંદદાસ, છીતસ્વામી અને ચતુર્ભુજદાસ શ્રી ગુસાંઈજીના સેવકનું વિશિષ્ઠ સ્થાન છે. આજે સંપુર્ણ ભારત વર્ષમાં અષ્ટ છાપ કવિઓના પદોનું ગાન ખુબ માનભેર થાય છે. શાસ્ત્રીય સંગીત અને લોકસંગીત એ બન્ને પદ્ધતિઓમાં સમાનરુપે એનો સ્વીકાર થયેલ છે.

આ અષ્ટછાપ કવિઓતા જીવન ચરિત્રની મુખ્ય ઘટનાઓને આવરી લેતુ આ પુસ્તક લોકભોગ્ય રસપ્રદ શૈલીમાં વાર્તારૂપે રજુ કરે છે. ટી. વી. સીરીયલ માટેની સામગ્રી પરથી આ વાર્તા શ્રેણી તૈયાર કરવામાં આવેલ છે. વૈષ્ણવોએ વાંચવા વસાવવા લાયક પુસ્તક.

૩ શ્રી પુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા–છપ્પન ભોગ

શ્રી પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકામાં રાગ ભોગ અને શૃંગાર સેવાનું ત્રિસેવા વિધાન છે. ઘરે સેવા કરતા વૈષ્ણવો રાગ અને શૃંગાર સેવાનો આનંદ લઈ શકે તે માટે ઉપરોકત પ્રવૃતિ તીચે વિવિધ પુસ્તિકા

પ્રકાશિત કર્યા પછી હવે ભોગ–સામગ્રી સેવાની માહિતિ આપતી પુસ્તિકા છપ્પન ભોગ પ્રગટ કરવામાં આવી છે. આ પુસ્તિકામાં ઠાકોરજીને પુષ્ટિ સેવા પરંપરામાં ભોગ ધરાતી વિશિષ્ઠ છપ્પન સા ગ્રી સિદ્ધ કરવાની–બનાવવાની રીત ટુંકમાં આપવામાં આવી છે. પરંપરાગત રીતે નિન્યક્રમ કે ઉત્સવ સેવામાં ધરાતી કપુરનાડી, મંદનદીપ– મુખવિલાસ જેવી સામગ્રીના નામ પણ ઘણા વૈષ્ણવો જાણતાં તથી જયારે સોભાગસુંઠ, સેવીયાં મનોહર જેવી સામગ્રી જાણે છે પણ તે સિદ્ધ કરવાની બનાવવાની રીત જાણતા નથી એટલે આથી ખાસ પ્રકારની વિવિધ સામગ્રીઓ વૈષ્ણવો પોતાંના હાથે સિદ્ધ કરી શ્રી ઠાકોરજીને ભોગ ધરાવી શકે તે મટે આ પુસ્તિકા પ્રગટ કરવાર્મા આવી છે. આ પુસ્તિકા તેમજ ઉપરોકત પ્રવૃતિ નીચે પુષ્ટિ સંપ્રદાયના વિવિધ વિષયનો પરિચય કરાવતી જે ત્રીસેક પુસ્તિકો પ્રગટ થઈ છે તે માટે સવારે ૯ થી ૧૨માં સંપર્ક કરવો શાહ રમેશચંદ્ર નાથાલાલ મર્સી વિલા અશોક નગર રોડ, કાદીવલી (ઈસ્ટ) મુંબઈ ૪૦૦૧૦૧ રાજકોટ અને આસપાસતા વિસ્તારના વૈષ્ણવએ આ પુસ્તિકાઓ માટે શ્રી મનસુખલાલ માવજીભાઈ રાણપરા વ. શુંગાર જવેલર્સ માંડવી ચોક, રાજકોટનો સંપર્ક સાધવો.

સમાચાર

રાજકોટ અત્રે પુ. પા. ગો. શ્રી રવિન્દ્રકુમારજી મહોદય (માંડવી–કચ્છ–રાજકોટ)ના અધ્યક્ષ સ્થાને સંચાલિત શ્રી વલ્લભ યુવક મંડલ દ્વારા આયુર્વેદિક નિદાન–ચિકિત્સા કેમ્પ તા. ૧૨–૧૦–૯૭ ના યોજાયો આ કેમ્પમાં આયુર્વેદ કોલેજના ભૂ. પુ. વાઈસ પ્રિન્સીપાલ પરમ ભગવદિય વૈદ્યરાજ (નાડી વૈદ્ય) શ્રી ધનશંકર-ભાઈએ એકસોથી વધુ દર્દીઓને નાડી પરિક્ષા દ્વારા નિદાન કરેલ તેમજ સંસ્થાના પ્રયાસથી કન્સેસન દરે દવાઓ પણ કેમ્પમાં જ ઉપલબ્ધ કરાવાયેલ આકેમ્પ રાજકોટના જુના શહેર વિભાગ જશુભાઈ મંડાણ તથા નવા વિકસિત રૈયા રોડ ખાતે યોજવામાં આવેલ શ્રી વલ્લભ યુવક મંડલના શેવાભાવી કાર્યકરોએ ખડેપગે સેવાઓ આવેલ પુ. શ્રી રવિન્દ્રકુમારજી મહોદયે કેમ્પ સ્થળે બિરાજી આશિર્વાદ આપેલ.

શ્રી વલ્લભ યુવક મંડલ દ્વારા પ્રકાશિત "ષડગ્રંથા" પુસ્તક જેમાં શેડષગ્રંથ પૈકીના છ ગ્રંથોનો શ્રી નૃસિંહલાલજી મહારાજ કૃત વૃજભાષા ટીકાનો પુ, ગો. શ્રી રવિન્દ્રકુમારજી મહોદય કૃત ગુજરાતી અનુવાદ છે આ પુસ્તક નિઃશુલ્ક વિતરણાર્થે પ્રસિદ્ધ થયેલ છે. તે પુસ્તક નિત્ય વાંચન મનન કરવાની ધગશવાળા (સદુપયોગ કરવાવાળાઓ) ને જ આપવમાં આવશે.

રાજકોટ અત્રે દર રવિવારે કીર્તન પ્રશિક્ષણના વર્ગો ચલાવવામાં આવેલ છે જેમાં જુનાગઢના પ્રસિદ્ધ કીર્તનીઆ શ્રી વ્રજદાસભાઈ (દકાભાઈ) પદ્ધતિસર પ્રશિક્ષણ આપે છે. દર રવીવારે સમય બપોરે ૩થી ૫ શ્રી સાત સ્વરૂપ હવેલી, જુબેલી પાસે તથા ૫ થી ૭ ગો. શ્રી વ્રજેશકુમારજી કામવનવાળાની હવેલીએ લક્ષ્મીવાડીમાં ચલતાં આ કીર્તન વર્ગોનો લાભ લેવા વૈષ્ણવભાઈ–બહેનોને વિનંતિ.

[illegible] :

પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ આં. પુ. વૈ. પરિષદ પ્રેરિત પુષ્ટિમાર્ગીય પાઠશાળાના ભાઈ-બહેનોએ "શ્રી ચંદ્રશેખર રાસ મંડળ"ના ઉપક્રમે નવ વિલાસ અને શરદપૂર્ણિમાના રાસનો કાર્યક્રમ પૂ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી રસિકરાયજી મહારાજ (મથુરા-પોરબંદર-રાજકોટ)ની છત્રછાયામાં તેઓશ્રીના બંગલાના પ્રાંગણમાં ઉલ્લાસપૂર્વક ઉજવ્યો.

પ. ભ. ભુપેન્દ્રભાઈ ધામેલીયા, પ. ભ. હર્ષાબેન ઠક્કર, પ. ભ. મનોજભાઈ તથા અન્ય ઉત્સાહી ભાઈ-બહેનોએ સંચાલન વ્યવસ્થા સુંદર ગોઠવેલ રાજકોટની બધી પાઠશાળાના બાળક-બાલિકાઓ તથા અન્ય વૈષ્ણવ ભાઈ-બહેનોના ધોળ-પદોના સુંદર સ્વર-તાલ સહિત રાસનો આનંદ માણવા ભારે સંખ્યામાં વૈષ્ણવોની ભીડ હતી. પૂ પા. શ્રી રસિકરાયજી મહારાજશ્રીએ સમયે સમયે વચનામૃત-પ્રોત્સાહન વગેરે દ્વારા વૈષ્ણવોનું પોષણ કરી ઉત્સાહ વધારેલ અને વૈષ્ણવ નવયુવાન વર્ગ જે ભક્તિ ઉપાસનાના અભાવે અથવા ડીસ્કો જેવી અસાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ઘસડાઈ જતો તેની નૃત્ય-ગાન આદિ લલિત કલાવૃત્તિઓને ભગવદ્ભજનમાં વાળી વૈષ્ણવ સમાજને અનેરું પ્રદાન કરેલ.

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ અને હિંદુ કાઉન્સીલ દ્વારા ઇન્ગ્લેન્ડમાં નવ વિલાસ કાર્યક્રમ :

આ. પુ. વૈ. પરિષદ લંડનના પ્રમુખશ્રી સુરેશભાઈ કોટેચાની યાદી જણાવે છે કે પરિષદની શાખા દ્વારા લેસ્ટરમાં શ્રી હવેલી-શ્રીજીદ્વારના પ્રાર્થના ખંડમાં તથા લંડનમાં પ્રીસ્ટન મેનોર હાઈસ્કુલ ખાતે નવ વિલાસનું સુંદર આયોજન થયેલ છે.

ઉપરાંત આ પુ. વૈ. પરિષદ દ્વારા દર શુક્રવારે રાત્રે સાડા આઠથી સાડા અગીયાર સુધી સત્સંગનો કાર્યક્રમ પણ થાય છે. સ્થળ બ્રેન્ટ ઈન્ડીયન એસોસીએશન કોમ્યુનીટી હોલ, ૧૧૬ ઈલીંગ રોડ, વેમ્બલી.

આ નવ વિલાસની એક સુંદર આમંત્રણ પત્રિકા છપાયેલ છે જેમાં નવવિલાસ સંબંધી સુંદર ભાવાત્મક લીલાની માહીતી પ્રકટ થઈ છે. આ સુંદર આયોજન માટે પરિષદના લંડન શાખાના સર્વે પદાધીકારીઓને ખુબ ખુબ ધન્યવાદ !

ભાવાંજલી-સ્મરણાંજલી :

વીરમગામ : કામવન, ચતુર્થ-પંચમ પીઠાધીશ્વર પુજ્ય ગોસ્વામી શ્રી ચંદ્રગોપાલજી શ્રીવલ્લભલાલજીના જયેષ્ઠલાલજી શ્રી મથુરેશ્વરજી મહોદય (ચીનુબાવા) તા. ૨૬-૬-૯૭ના રોજ ઝાંસી મુકામે નિત્યલીલાસ્થ થયા. આપશ્રીને ભાવાંજલી અર્પણ કરવા, પુજ્ય ગોસ્વામી શ્રી કનૈયાલાલજી (કનુબાવા) તથા પુજ્ય ગોસ્વામી શ્રી વ્રજેશકુમારજી (વકુબાવા)ની સાનિધ્યમાં એક સ્મરણ સભા તા. ૩૧-૮-૯૭ બોરીવલીમાં શ્રી સુરેશભાઈ શાહના નિવાસસ્થાને મળી હતી. તેમાં બાલીસણાના વૈષ્ણવો સહિત અન્ય વૈષ્ણવો સારી સંખ્યામાં હાજર હતા. આ પ્રસંગે સમસ્ત વૈષ્ણવો વતી ભાવાંજલી અર્પણ કરતાં પોતાના વક્તવ્યમાં નવનીતભાઈ શાહે 'નિત્યલીલાસ્થ' વિષે સવિસ્તાર સમજાવ્યું હતું. જેમાં નિત્યલીલાસ્થ ગોસ્વામી બાલકો પોતાના પરિકર સહીત ભુતલ પર બીરાજમાન છે તેમજ તીરોધાન થયા નથી એમ સમજાવ્યું હતું. ભરતભાઈએ પોતાના વક્તવ્યમાં શ્રી વલ્લભ સિધ્ધાંત અનુસાર આપત્તિકાલમાં વિવેક, ધૈર્ય, અને આશ્રય છુટે નહી તે માટે સાવધાનતા રાખવી એમ સમજાવ્યું હતું. વિશેષમાં પુ. શાસ્ત્રીજી વ્રજેશભાઈ (ઉંઝાવાળા)એ પણ શ્રી મથુરેશ્વરજી મહોદય સાથેના તેમના સંસ્મરણોના પ્રસંગો કહ્યા હતા જે ઉપરથી 'નિત્યલીલાસ્થ' બાલક કેવા મહાનુભાવ હતા તેનું વૈષ્ણવ સમુદાયને ભાન કરાવ્યું હતું. તદ્દનંતર પુ. ગોસ્વામી કનુબાવાએ સંસારના ભૌતિક સંબંધો અને અલૌકિક સંબંધો વચ્ચેનો ભેદ સવિસ્તાર સમજાવ્યો હતો. અંતમાં સામુહિક કૃષ્ણાશ્રયનો પાઠ કરી સભાની સમાપ્તિ કરી હતી.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Publishedon thir
date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P48

હારદ હરિ જાણે રે રાગ-લલિત

દીઠું લોક વખાણે, હારદ હરિ જાણે રે હરિ જાણે, ૨૪
સદા વાસ પાંડવ-ઘેર પ્રભુ, તદપિ જનમ કાઢ્યો કષ્ટે;
એકવાર ધ્રુવજીને મળ્યા હરિ, દુઃખ નવ દીઠું દષ્ટે હારદ૦ ૧
મુનિ પરાશર ઢિમ્મર-કન્યા, ગંગા મધ્ધરે ભોગી,
વેદ વ્યાસ હરિ તેહેથી પ્રગટયા, જે પદ વદે જોગી હારદ૦ ૨
માધવદાસના મળ હરિ ધોયા, તદપિ કરમ ભુકતાવ્યું;
અજામેલ ગુણકા વૈકુઠે, તે કુકર્મે મન નાવ્યું. હારદ૦ ૩
રામ-પ્રેમ દશરથથી અવધિ, અંત નામ તોહે સ્વર્ગે,
ગિદ્ધ કુકરમી સ્વલ્પ સંબંધે, પ્રભુ પ્રેર્યા અપવર્ગે હારદ૦ ૪
વૈકુંઠ પામ્યા પડયા પોળિયા, આજ્ઞા-અધીન રેહેતાં;
બ્રહ્મ-ભકત-દ્રોહીને નિજપદ, કાંઇ બણે નહીં કેહેતા હારદ૦ ૫
ન્યાય મારગી નિરમલ હરિજન, તે દેખાય છે દુખિયા;
દુષ્ટ ભ્રષ્ટ મહાપાપ રૂપ, દીસે સહુ વાતે સુખિયા હારદ૦ ૬
સારાં નરતાં કરમ પૂરવનાં કેહે સહુ, માને ન મરમી;
સુકૃતવાનથી કુકૃતિ ન બણે, કુકૃતિ ન હોય સુકરમી હારદ૦ ૭
કેહેશો-હોય તો કુકૃતિ સુકૃતિ, સુકૃતિ કુકૃતિ બાળે;
એહેવા વચન સહુ જુઠાં પડશે, જુઓ જ્ઞાન અજવાળે હારદ૦ ૮
કહેશો બંધ પણ ભોગવતાં, કોઇ થકી કોઇ નવ જાયે;
તો પ્રાયશ્ચિત પાપ મટાડે, ત્યમ સુકૃત શ્રુતિ ગાયે હારદ૦ ૯
એમ જ નિશ્ચે કહી ન શકે કોઇ, હરિનું હેતુ ઊંડું;
પ્રીતમ '**દયા**' નો દયાનિધિ છે, કોઇનું ન કરે ભુડું. હારદ૦ ૧૦

ભક્ત કવિશ્રી દયારામભાઇ, ડભોઇ

આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રવજીભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ.-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વેરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ-૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૩૬૧૧૨૪

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"વળી એક દિવસે નારદજીએ બ્રહ્માજીને પુછયું કે મહારાજ ! આ બ્રહ્માંડ મોટું છે કે ભગવાન મોટા છે ? વળી આ બ્રહ્માંડથી ભગવાન થયાં છે કે ભગવાનથી બ્રહ્માંડ થયું છે ? ત્યારે બ્રહ્માજીએ કહયું કે આ વિંધ્યાચળ પરવત ચારસો યોજન ઉંચો છે, તથા ચારસો યોજન પહોળો છે, પણ તેનું અધિ દૈવિક સ્વરૂપ નાનું છે તેમ આ જગત સર્વે બ્રહ્મા રૂપ છે તે ભગવાનને રહેવાનું ઘર છે તેમાં ભગવાન સર્વે વ્યાપી રહયા છે તેમ જે વિંધ્યાચળ પર્વત છે ત ઘર છે અને ભીતર વિંધ્યાચળ પર્વત સ્વરૂપાત્મક છે. તે વિંધ્યચળ (પર્વત)ને ભજશે કે સ્વરૂપને ભજશે ? માટે સ્વરૂપ ને ભજવું એજ યોગ્ય છે, તેમ આ સર્વે જગત બ્રહ્મરૂપ છે પણ જગતને ભજવું નહીં કેવળ ભગવાનના સ્વરૂપને ભજવું.

તેમ જો ભગવાનના સ્વરૂપમાં મન રાખે તો આ જગત ભૂલાય છે કેમ કે પ્રભુ વીના બીજુ કાંઇ છે જ નહીં અને જયારે મન પ્રપંચમાં જાય છે ત્યારે ઘણા રંગના તરંગ ઉઠે છે.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૩૦

✻ આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો ✻

વર્ષ ૧૬ : અંક-૯ ✻ ડીસેમ્બર, ૧૯૯૭

શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ✻ આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

રાસ રમન્તા

રે સખી, કુંજમાં ગુંજે રે મધુર ગીત રે લોલ
સોહે સૌંદર્ય સંગીત જો. કુંજમાં.......
રૂપ કેરા રંગ રળિયામણા રે લોલ
રંગોનો રૂપ રમણીત જો. કુંજમાં.......
અચરજના ઊંજ સોહામણા રે લોલ
અંજન ઉંમ આક્રિત જો. કુંજમાં.......
ભાતોના ભોમ સોહામણા રે લોલ
પ્રેમ પુજા પરિકિર્ત જો. કુંજમ.......
સુમરનની સેજ સુરામયી રે લોલ
પ્રીતની પાશ પરિમિત જો. કુંજમાં.......
સુરોના સેતુ સોહામણા રે લોલ
વેદસંવેદ સંકિત જો. કુંજમાં.......
આનંદના ઉત્સ અગણિત રે લોલ
સાર્ષ્ટ સર્જ સંસ્કિત જો. કુંજમાં.......

રચયિત : પૂ. પા. ગો. શ્રી ગોકુલેશ બાવાશ્રી (જુનાગઢ)

સં. ૨૦૫૪ નૂતન વર્ગના શુભાષિષ અભિનંદન

પૂ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ (વડોદરા–કાંકરોલી)--શ્રીમદ વલ્લભાર્યના સિદ્ધાંતોથી આપણું જીવન મન વાણી અને વર્તનથી આલોહિત થતુ રહે તેમજ સદાલાપ, સદભાવ, સદાચારથી જીવન પસાર થાય.

પૂ. ગો. શ્રી વાગીશકુમારજી (કાંકરોલી)

આધ્યામિક જ્ઞાનની પ્રવૃતિમય જીવન રહે તેમજ મન પ્રભુ સેવં પરાયણ રહે ત્થા પ્રભુ માટે જ સર્વે કાર્ય કરો તેવા શુભાષિ તેમજ માધુર્ય જીવન માટે મંગલ કામના વ્યકત કરેલ છે.

આં રા. પુ. વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ

નુતન વર્ષે મંગલકારી કલ્યાણકારી ભાવના સાથે અભિનંદન પાઠવતા સાથે પુષ્ટિમાર્ગના પ્રચાર પ્રચાર માટે નિષ્ઠાપૂર્વક સેવા કાર્ય માટે સંકલ્પબંધ થઈએ અને પરિષદના કાર્યને ભગવદ સેવા માનીને કાર્ય કરવાનો સ્વભાવ બનાવીને અને સંગઠિત થઈએ.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામુ અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદ્દિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ।

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૯ ※ ડીસેમ્બર ૧૯૯૭

મનને શિક્ષા

સેવક કહાય સેવા ન કરી ।
બહુ અપરાધ કીયો સ્વામીકો ક્ષણભર સમર્યો ન હરિ ।૧।
બડો ભક્ત કહી જગત વખાન્યો તાતેં નહીં કછું સમજપરી ।
દેખી પ્રતિષ્ઠા મનમેં ફુલ્યો ભઇસો બાત સબેં બીગરી ।૨।
તુમસો કહા કહોં કરૂણાનિધી જો કછુ જીય મેં હોતખરી ।
'રસિકદાસ' જન જાની આપનો બુડત દેખ બાંહ પકરી ।૩।

* ભાવાર્થ *

અરે મન ! તું શ્રી વલ્લભ કુલને શરણે આવી સેવક કહેવાણો પણ શ્રી હરિ, ગુરૂ, વૈષ્ણવની સેવા તો ન કરી અરે ! તે આપણા સ્વામી શ્રી મહાપ્રભુજીનો મોટો અપરાધ કર્યો એકે ક્ષણભર પણ ચિત્તલગાડી દીનતા પુર્વક શ્રી હરીનું સ્મરણ ન કર્યું કારણ કે જગતમાં તું મોટો ભક્ત પ્રખ્યાત થયો તેથી જગતે તને બહુ વખાણ્યો તેના અહંકારમાં દાસપણાનો ધર્મો જ ભુલી ગયો ! કાંઇ સમજ ન પડી ? લૌકિક પ્રતિષ્ઠા જોઇને મનમાં ફુલાઇ ગયો અને જે તારા કલ્યાણનો રસ્તો શ્રી ગુરૂદેવની કૃપાથી મળ્યો હતો તે માંથી ચલીત થઇ ગયો આતો બનેલી વાત બગડી.

શ્રી રસિકદાસજી (શ્રી મટુજી મહારાજ) શ્રી મહાપ્રભુજીને વિનંતિ કરે છે કે હે કરૂણા નિધિ હું આપને શું વિનંતિ કરી શકું પણ આપ કરૂણાના સાગર છો તેથી જ પોતાના જનને ડુબતો જોઇ બાંવડું ઝાલ્યું છે આ આપની મહાન કૃપા છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃતિ

ભાષાંતર પ. ભ. શ્રી બાબુભાઈ પી. નાયક, કડી

-ગતાંકથી ચાલુ

'ભાવો' પોતાનાથી એક સ્વરૂપવાળા હોવા છતાં તેના ગુણોની ભિન્નતાને લીધે ભાવોમાં પણ ભેદ હોય છે, તેથી ગુણોની ભિન્નતા નીચેના શ્લોકથી કહે છે-

શ્લોક : ગુણ ભેદાસ્તુ તાવન્તો યાવન્તો હિ જલે મતાઃ ।
ગાયકાઃ કુપ-સંકાશા ગંધર્વા ઇતિ વિશ્રુતાઃ ।૨।
કુપ ભેદાસ્તુ યાવન્તસ્તાવન્તસ્તેઽપિ સમ્મતાઃ ।

શબ્દાર્થ : ગુણભેદાઃ-ગુણોના ભેદો, તુ-પણ, તાવન્તો-તેટલા (તાવન્તઃ), યાવન્તો-યાવન્તઃ જેટલા, હિ-જ, જલે-જલમાં, મતાઃ-માનેલા છે, (૧½) ગાયકાઃ-ગવૈયા, કુપસંકાશા-કુવાના જળ જેવાં છે, ગંધર્વાઃ-ગંધર્વો, વિશ્રુતાઃ-જાણીતા, કુપભેદાઃ-કુવાના ભેદો, તુ-પણ, યાવન્તઃ-જેટલા, તાવન્તઃ-તેટલા, તેઽપિ-(તે+અપિ) તેમના પણ, સંમતાઃ-માનેલા છે. (૨½.)

શ્લોકાર્થ - જલના ગુણોમાં જેટલા ભેદ છે તેટલાં જ વકતાઓનાં ગુણોમાં ભેદ માનેલા છે, ગાનારાઓ ગંધર્વોના નામથી પ્રસિદ્ધ છે. તે કુવાના જળ જેવા છે. કુવાના જેટલા ભેદ છે તેટલા ભેદ ગંધર્વોના પણ માનેલા છે. (૨½).

વિવરણ - વેદમાં જેટલા ભેદ જલના માનેલા છે તેટલા જ ભેદ ગુણના પણ છે, તેથી વેદોએ કહેલા જલભેદના દૃષ્ટાંત દ્વારા ભગવદભાવનું પણ શુદ્ધપણું, લૌકિક તાપને હરવાપણું, શોધકપણું, અને સર્વને તૃપ્ત કરવાપણું સુચવ્યું છે. અહીં તૈત્તિરીય શ્રુતિનું અનુસંધાન લઇને કુવાના જલને સર્વ જલ સુધી હોમના પ્રસંગમાં નિરુપણ કરેલું છે તે શ્રુતિનું અનુસંધાન કરવું.

તેમાં ગોવિંદ ભગવાન ગાનપ્રિય હોવાથી પ્રથમ ગાયકજનોનાં ભાવોનું નિરુપણ કરે છે. ગંધર્વો ગાનનિપુણ હોય છે તે પ્રસિદ્ધ હકીકત છે. તેથી તેમના ભાવને કુવાના જળ સમાન માનીને ભગવદગુણોનું ગાન કરનારા કુવાના જળ જેવા છે. એમ સમજવું. જેમ કુવાનું જળ શિયાળામાં ગરમ હોય છે અને ઉનાળામાં ઠંડુ હોઇ તાપની નિવૃતિ કરનારું છે. જો તે હમેશાં વપરાતુ હોય તો વધે છે અને સારું રહે છે.

December 99)

તેવી જ રીતે ગાયકજનોનો ભાવ પણ જડપુરુષની જડતાને મટાડનાર સંસારના તાપથી તપ્ત થયેલાના તાપને નિવૃત્ત કરનાર અને જો તે હંમેશા ગવાતો હોય તો વૃદ્ધિ પામે છે તથા સારો રહે છે. જેમ દોરડા વગેરે સાધનોથી કુવાનું જળ ખેંચાય છે, તેમ ગાન દ્વારા જ તેમનો ગ્રહણ થાય છે.

વળી, ગાનારાઓ બધા એક સરખા નથી હોતા તેથી હવે કુવાના ભેદ કહે છે–

જેમ કેટલાક કુવાઓ સ્વાદિષ્ટ જળવાળા હોઇ શરીરને સુખ આપે તેવા હોય છે. કેટલાક કુવાઓ મીઠા જળવાળા, કેટલાક ખારા જળવાળા અને કેટલાક સ્વાદ વગરના જળવાળા હોઇ અંતે દુઃખ આપે એવાં જળવાળાં હોય છે. તેવી જ રીતે કેટલાદ ગાયકજનો (ગંધર્વો) પણ શ્રી પુરુષોત્તમ, તેમની વિભુતીરૂપ ગુણાવતારવાળા અને અંશાદિકની લીલાઓનાં ભેદ વડે ભગવાનનું ગાન કરનારા હોય છે. તેઓ નિષ્કામ મોક્ષની કામનાવાળા, સ્વર્ગની કામનાવાળા સત્વાદિ ગુણો વડે જણાય છે. તેથી તેઓ ઘણા પ્રકારના હોય છે માટે તેઓ ઉપર કુવાના જે ભેદ બતાવ્યા તેવા હોય છે. તેથી તેમનો ભાવ પણ તે તે કુવાના જળ જેવો હોય છે. કપિલ ભગવાને દેવહુતિ પ્રત્યે કહેલું કે–

ઘણા પ્રકારનો ભક્તિયોગ ઘણા માર્ગો વડે જણાવાય છે. સ્વભાવ અને ગુણના માર્ગને કારણે પુરુષના ભાવોમાં ભેદ ઉત્પન્ન થાય છે. દૃષ્ટાંત વડે તે સમજાવે છે કે કોઇની હિંસા, ઢોંગ કે ઇર્ષા મનમાં રાખીને ભેદ દૃષ્ટિવાળો ક્રોધી પુરુષ મારામાં ભાવ કરે છે તે તામસભાવ છે.

વિષયો યશ કે હુકમની ઇચ્છા રાખીને ભિન્નભાવથી પ્રતિમા વગેરેમાં મને પુજે છે તે રાજસ ભાવ છે.

કર્મનું ફળ ભોગવવું ન પડે તેવા હેતુથી અથવા કરેલા કર્મનું ફળ બ્રહ્મને અર્પણ કરવું એવા ભાવથી યજન કરવામાં માનવાવાળો સાત્વિક ભાવવાળો છે.

મારા ગુણો સાંભળવા માત્રથી સર્વના હૃદયમાં રહેનાર એવો હું (ભગવાન) છું. મારા પ્રત્યેની જેના મનની ગતિ કદી તુટે નહીં, અરે ! જેમ ગંગાના જલની ગતિ સાગર તરફ એક સરખી રીતે ચાલે જ જાય છે. તેમ મારામાં મન રાખનારની મારા માટેની મનની ગતિ કદી તુટે નહીં, પણ માત્ર મારા તરફ જ તેની ગતિ ચાલે જાય છે. તે નિર્ગુણ ભક્તિયોગનું લક્ષણ છે. શ્રી પુરુષોત્તમમાં અહેતુકી અને કોઇ દુર ન કરી શકે એવી જે ભક્તિ તે નિર્ગુણભક્તિ કહેવાય છે.

તેથી સ્વભાવમાં રહેલા સત્વ, રજસ અને તમસ ગુણોના કારણે જીવની વૃત્તિમાં ભેદ થવાથી જીવના અભિપ્રાય જુદા જુદા થાય છે, તેથી ફળના સંકલ્પમાં પણ ભેદ થાય છે. તેને પરિણામે ભક્તિમાં પણ ભેદ થાય છે.

તમોગુંણમાં રજોગુણ અને સત્ત્વગુંણ ભળે, તેમજ રજોગુણમાં તમોગુણ અને સત્ત્વગુણ ભળે તો ભકિતમાં ભેદ થાય. એક એક ગુણવાળી તે ભકિતમાં બીજા એક કે બે ગુણ ભળવાથી જો તેનાં ભેદ ગણવામાં આવે તો ભકિતના ઘણા ભેદ થાય. તામસાદિક ભકિતના ત્રણ ત્રણ પ્રકાર ગણતાં ગુણોના નવ પ્રકાર થાય એટલે નવપ્રકારની ભકિત ગણાય.

તે ઉપરાંત શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન વગેરે એક એક ગણતા પણ નવપ્રકારની ભકિત થાય છે. તે એક એક પ્રકારની ભકિત છે. ગુણોના ભેદથી નવ નવ પ્રકારની ભકિત થાય છે. આ રીતે સગુંણા ભકિતના ૮૧ પ્રકાર થાય છે. અને નિર્ગુણ એક ભકિત ઉમેરતાં ભકિતના ૮૨ પ્રકાર થાય છે.

શ્રીમદ પ્રભુચરણોએ 'ભકિતહંસ' નામના ગ્રંથમાં આ ૮૨ પ્રકારની ભકિતનું નિરૂપણ કરેલુ છે. શ્રવણાદિ નવે પ્રકારની ભકિત કરનાર અધિકારી જેવા ગુણોવાળો હોય છે. તેવા ગુણોના ભેદ અનુસાર તેનાથી ભકિત કરાય છે. તે ભકિત જ્ઞાનમાર્ગ, ભકિતમાર્ગ અને ઉપાસના માર્ગની ગણાય છે. ગુણ અને ભકિતના ભેદના કારણે અનેક પ્રકારની ભકિત બને છે.

—ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીવલ્લભ ॥

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

શ્રીકૃષ્ણની ભકિત અંક છે, બીજા સાધન સર્વે શુન્ય;
અંક વિના સહુ અફળ છે, સહ શુન્ય શુન્ય દશ ગુન્ય.
દશ ગણા બિંદુ, આદ્ય અંક એક, અંક વિના સુની શુન્ય અનેક;
ભકિત કરી તેણે સર્વ કાંઇ કીધું, ભકિત વિના સર્વ કાંઇ ન સીધું–
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૪૩)

વિવેચન : અત્રે અંક અને મીંડાનું દષ્ટાંત આપી સમજાવ્યું છે કે એકડા વગરનાં મીંડા બધા નકામા છે. આગળ એક એકડો હોય પછી જેટલા મીંડા મુકો તેટલા દશગણા તેમની કિંમત વધતી જાય.

તેવી જ રીતે શ્રીકૃષ્ણની ભકિત અંકરૂપ છે. તે વિના નકામું છે. બીજા બધાં સાધનોને અત્રે એકડા વગરનાં મીંડા સમાન ગણ્યા છે, પરંતુ જો શ્રીકૃષ્ણની ભકિત હોય તો બધા સાધનોની કિંમત અંકાય છે.

સંસારમાં આવતા અનેક દુઃખોનું નિવારણ કરવા મનુષ્ય પત્થર તેટલા દેવ પુજે છે, પરંતુ કયાંથી સારૂ થયુ તેની તેને ખબર હોતી નથી. જ્યારે સર્વ શકિતમાન ભગવાન શ્રીકૃષ્ણની ભકિત કરી પછી તેને કાંઇ કરવાપણું રહેતું નથી. પ્રભુ સર્વસમર્થ છે. સર્વ જાણે છે તેની ઇચ્છા હશે તેમ કરશે. આમ શ્રદ્ધા રાખીને ભકિત કરવી. આ વસ્તુ સમજાવવા સુરદાસજીએ કીર્તનમાં ગાયું છે. તેનો સાર એજ નીકળે છે કે, હે મન ! તું ભગવાનનું ભજન કર. તે છોડી અન્ય કૃતિ કરવી નકામી છે. કોનાં કોનાં કામ કર્યા તે ઉપર દષ્ટાંત–

: રાગ–બિરાગ :

ભજમન દધિ સુતા પતિ ચરણ,
દેવ ગુરુકો અવની સુતહી સદા ચાહે કરણ ૧
ખેચરી જીવ જાની મનમેં જાન જાતક મરણ ।
શક્ર વાહન તાસ ભુષણ ટુટ ભુવિ પર પરણ ૨
હંસ સુત રીપુ સુતકે સુતકી જઠર રક્ષા કરણ ।
સત્ય સુત, સુત, સુતન પતની પરમ ચિંતાહરણ ૩
દક્ષ સુતા પતિ શ્રાપતે વજ્ર તનું ઉદ્ધારણ ।
સુરકે પ્રભુ સદા સહાયક વિશ્વ પોષક ભરણ ૪

આ પદમાં ગુઢ શબ્દો છે તેનાં સરળ અર્થો નીચે મુજબ- દધિસુતા-લક્ષ્મીજી, પતિ-ભગવાન, દેવગુરુ-બ્રહસ્મતિ તે બ્રહસ્પતિ નામ જીવનું છો ખેચરી-ટીટોડી પક્ષી, જાતક-બચ્ચા, શક્રવાહન-હાથી, તાસભુષણ-હાથીનાં ડોકે બાંધેલો ઘંટ, ભુવિ-પૃથ્વી, હંસ-સૂર્ય, સુત-સુર્યપુત્ર કરણ, રીપુ-દુશ્મન, અર્જુન, સુતકેતકી-અર્જુન પુત્ર અભિમન્યુ તેના પુત્ર પરિક્ષિતની જઠર-માતાનાં ઉદરમાં, સત્ય-સત્યવતી, સુત-પુત્ર વિચિત્રવર્ય તેના સુતના સુત તે પાંડવો તેનાં પત્ની દ્રૌપદી, દક્ષસુતા-અહલ્યા, વજાતનું-પાષાણની દેહ.

સુરદાસજી કહે છે, હે મન ! જો તું તારા જીવનું મંગલ કરવા ચાહે તો ભગવાનનું ભજન કર. દધિસુતા-લક્ષ્મીજીનાં પતિ તેનું ભજન કર. દેવતાનો ગુરુ બ્રહસ્પતિ જીવને કહે છે. પૃથ્વી પુત્ર મંગલ જો તારે તારા જીવનું મંગલ કરવું હોય તો પ્રભુનું ભજન કર. હરિ સર્વ જગા પર રક્ષક છે. તેના ઉદાહરણો આપ્યા છે. મહાભારત જેવું યુદ્ધ ચાલતું હતું તેમાં હાથી, ઘોડા, પાયદળ વિગેરે સૈન્ય પુર ઝપાટે ચાલ્યું આવતું હતું, તે જ રસ્તામાં ટીટોડીએ પોતાના ઇંડા મુકયા હતા. લશ્કરને આવતુ જોઇ ટીટોડી ઉડીને ઝાડ પર બેસી ગઇ. તેટલી વારમાં આગળ જે હાથી આવતો તેનાં ડોકમાંથી ઘંટ તુટીને તે જ જગ્યા ઉપર પડયો. આ જોઇને ટીટોડી હતાશ થઇ ગઇ કે, મારા ઇંડા આમાં પીસાઇ ગયા હશે. તે ઝાડ ઉપર બેસી ભગવાનની આરાધના કરતી હતી. પાછળથી આવતા એક ઘોડાનાં પગની ઠોકર વાગવાથી ઘંટ દુર જઇને પડયો. ઇંડા સુરક્ષિત નીકળ્યા. આવડો મોટો ઘંટ ઉંચકવાની શકિત ટીટોડીની નહોતી, પરંતુ પ્રભુ જેને બચાવે તેને કોણ મારી શકે ? ટીટોડી ઝાડ ઉપરથી ઉડીને પોતાના બચ્ચા જીવતા જોઇ પ્રભુનો ગુણ માનવા લાગી. બચ્ચાને પ્રેમ કરતી આંસુ સારતી મનોમન કહે છે કે, પ્રભુ ! તું બચાવે તેને કોણ મારી શકે ?

સૂર્યપુત્ર કરણ તે મહાભારતનાં યુધ્ધમાં અર્જુન તેનો દુશ્મન હતો. અશ્વસ્થામાએ પાંડવોનાં વંશનું નિકંદન કરવા ધાર્યું ત્યારે અર્જુનપુત્ર અભિમન્યુ તેની પત્ની ઉત્તરા તેનાં ઉદરમાં રહેલાં ગર્ભનો નાશ કરવા અસ્ત્ર મુકયું, ગર્ભનો ટુકડે ટુકડા કરી નાખ્યા ત્યારે ઉત્તરાએ ભગવાનની સ્તુતી કરી કે પ્રભુ મારા ગર્ભની રક્ષા કરો. તે જ વખતે તેનાં ગર્ભનાં ટુકડા જોડી તેની રક્ષા કરી. ગર્ભ ક્ષતિગ્રસ્ત થયો હતો તેથી તે પુત્રનું નામ પરિક્ષિત પાડયું આ જ રાજા પરિક્ષિત જેમને વ્યાસપુત્ર શુકદેવજીએ ભાગવત સંભળાવ્યું હતું. જઠર રક્ષાકરણ આમ પરિક્ષિતની જઠરમાં રક્ષા કરી હતી ત્યારથી પ્રભુનું નામ ઉત્તરા ગર્ભરક્ષક એવું બોલાય છે.

સત્યવંતી : મત્સ્યગંધા તેનાં વિચિત્રવીર્યને ચિત્રવર્ય બંને પુત્રો હતા. એકવાર તેમણે માતાનાં મિથ્યા દોષ જોયાં તેના પ્રાયશ્ચિતરૂપે બંને ભાઇ પીપળાની ખોળમાં બળી મુઆ. આ તરફ વંશ રાખવા વ્યાસમુનીએ સન્મુખમાં બન્નેની રાણીઓને નીકળવાનું કહ્યું ત્યારે એકે

શરીરે ભુતડો ભુસ્યો તેના પાંડુરાજા થયા. બીજીએ આંખે પાટા બાંધ્યાં તેના ધૃતરાષ્ટ્ર થયા. પાછળથી દાસી નિર્મલ બતાવતી નીકળી તેનાં વિદુરજી થયા.

પાંડુરાજાનાં પુત્રો પાંડવો તેની પત્ની દ્રૌપદી તેની 'પરમ ચિંતા હરણ' દુઃશાસન જયારે દ્રૌપદીનાં વસ્ત્ર ખેંચી રહ્યો હતો ત્યારે ત્યાં બેઠેલા પાંડવો, પિતામહ વિગેરે નીચે જોઇ, કાંઇ કરવા સમર્થ નહતા. ત્યારે દ્રૌપદીએ દ્વારકાધીશને યાદ કર્યા. પ્રભુ મારી લાજ બચાવો. શ્રીકૃષ્ણ શરણં થયા આટલું કહેતાં જ પ્રભુએ તેનાં વસ્ત્ર પુર્યા. અબળાની રક્ષા કરી,

દક્ષ સુતા પતિ શ્રાપતે : દક્ષ પ્રજાપતિની પુત્રી ગૌતમઋષિને પરણાવેલ હતી. તેનું નામ અહલ્યા હતું તે પતિનાં શ્રાપથી શૈલ્યા (પત્થર) બની ગઇ હતી. આમાંથી તેનો ઉધ્ધાર કરવા કોઇ સમર્થ નહતું. રામાવતારમાં રામચંદ્રજી વનમાં પધાર્યા ત્યાં આ શૈલ્યાને–પોતાનો ચરણારવિંદ અડાડી શ્રાપમાંથી મુકત કરી. તે પોતે મુળરૂપ અહલ્યા બની. આમ, 'વજા તનુ ઉદ્ધરણ' પત્થરમાંથી મુળરૂપે લાવી તે તેનો ઉધ્ધાર થયો. સુરદાસજી કહે છે કે, પ્રભુ સહાય કરવાવાળા છે માટે– હે જીવ ! તું તો ભગવાનનું ભજન કર ! સારમાં સાર પ્રભુસ્મરણ છે–

આ વિષયમાં કીર્તન સારભુત બતાવ્યું છે તે જુઓ–

રાગ – બિહાગ

જગમેં સો હી જીવ બડભાગી,
શ્રી વલ્લભ કે શરણ આપકે, હરિકી સેવા માગી;
શ્રી ભાગવત રસપાન કરત નિત સતસંગત અનુરાગી:
રાખત દયા સબો જીવન પર લોક વાસના ત્યાગી;
ઔર બાત મનમેં નહી આવત હરિસું લગની લાગી.
દાસકી વિનતી હરિ પદ પંકજ પકરત સોહી સુહગી.

આ પદમાં ભાગ્યવાન કોને કહેવાય તેની વ્યાખ્યા આપી છે. સંસારમાં આવી કેવળ ઉદરપોષણ માટે જ સર્વ કાંઇ કરી આયુષ ગુમાવવું તે ભાગ્યવાન નહીં, કેમકે પ્રાણ છુટયા કે તે સુખ બધું નષ્ટ થયું.

આ કલિકાલમાં શ્રી મહાપ્રભુજીનું પ્રાગટય છે એટલે આપણા માટે ઉત્તમ કાળ છે. શ્રી વલ્લભનું શરણ ગ્રહણ કરીને શ્રી ઠાકુરજી પધરાવી સેવા કરવી અને રોજ ભગવત વાર્તા કરવી, વૈષ્ણવોનો સંગ કરી શ્રીમદ ભાગવત ગુઢાર્થનું રસપાન કરવું તે જ ખરૂં અમૃતપાન છે.

પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી, મનને પ્રભુપરાયણ બનાવવું, લૌકિકની તુચ્છ વાસનાઓનો ત્યાગ કરવો, આમ કરતાં મનમાં ભગવત સ્મરણ ચાલુ રહેશે અને ભગવાનથી લગની રહેશે.

અત્રે કહ્યુ છે કે– આ જ વિનંતી છે કે જેણે ભગવાનના ચરણકમલમાં અનુરાગ કર્યો તે જ સોહાગી છે. અને તે જ બડભાગી છે.

સાર : ફક્ત મનનાં જ કારણો છે. જોઇએ તો લૌકિક આઠો પ્રહર રચ્યાપચ્યા રહી ઉંમર પુરી કરો અને જોઇએ તો ભગવત ચરણમાં ચિતની વૃતિ જોડો. શ્રી હરિરાયજીએ શિક્ષાપત્રમાં જણાવ્યું છે કે, કેવળ ઉદરપોષણ અર્થે જ જન્મ પુરો કરવો તે પુષ્ટિજીવો માટે ઉચિત નથી.

પંચતત્વ ઓર પ્રાન મિલ તાલા બના સંજોગ,
ચાહે હરિ પદ પાય લે ચાહે કરલે ભોગ.

આ અવસર હાથથી ચાલ્યો ન જાય માટે કેવળ લૌકિક સુખ માટે તેને વૃથા ન ગુમાવવો. ભાગવદ ચરણારવિંદનો આશ્રય કરી સેવા સ્મરણ કરી સમય વ્યતિત કરવો તે જ જીવનની સાર્થકતા છે, તે જ બડભાગી છે, તે જ વિદ્વાન છે, માટે જ કવિશ્રી કહે છે કે–

સેવો શ્રીકૃષ્ણ

*

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ મોરબી અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. પ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પં. ભ. ઇન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૪૫

શ્રી યમુને કી યહ પ્રભુતાઇ;
અસ આશ્ચર્ય સુન્યો દેખૌ નહિ નિગમ હુ બુદ્ધિ હિરાઇ ૧

દામિનિ ધુતિનિજ ગૌર અંગ પર ઝલકી હરિ કી ઝાઇ;
મિલિશ્યામહિ શ્યામા શોભભઇ ઉપમા કહત ન આઇ. ૨

અંતર કી આભા રોમનિ મગ ઉપર નખ સિખ છાઇ;
નિશિ વિહાર સાર સમ્પતિ સુચિ પિય ઉર કોષ ભરાઇ. ૩
જન **'વલ્લભ'** યમુના જો ગાવે હોત તાસુવશ કુંવર કન્હાઇ
શ્રી યમુને કી યહ પ્રભુતાઇ.

ભાવાર્થ : આ પદમાં શ્રી યમુનાજીની પ્રભુતાઈનું વર્ણન કરેલ છે. આવું અદ્દભુત આશ્ચર્ય કયાંય પણ નથી જોવામાં આવ્યું કે નથી કાને સાંભળવામાં આવ્યું.

ગોરા અંગ ઉપર વિજળીની છટા જે શ્વેત હોય છે તે પડતાં જ શ્યામ છટા બની ગઇ કેમ કે શ્યામ સંગે રહીને આપ શ્યામમય બની ગયા શ્યામ સંગે નિશ વિહાર કરી શ્યામને પણ જીતી લીધા છે.

રૂપ, ગુણ, માધુરી, અદ્દભુત છટા આ બધું શ્યામનું ગ્રહણ કરી શ્યામ સંગે શ્યામ બની રહ્યા શ્રી યમુને આવું અદ્દભુત પરાક્રમ પ્રાપ્ત કરેલું હોય જે કોઇ જીવ શ્રી યમુનાજીનું ગુણગાન કરે તેનાં વશમાં નંદનંદન કુંવર કન્હાઇ થઇ જાય છે.

આ એક મહાન પ્રભુતા, એટલે પ્રભુ સમાન ગુણો ઐશ્વર્ય પ્રાપ્ત કરેલ છે; એવા શ્રી યમુનાજી આપની પ્રભુતાનું હું દાસ વલ્લભ કેવી રીતે યશોગાન કરવા સમર્થ બનું ? ૪૫

રૂા. ૧૦૦ દ્વિ માસિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. ઠાકર લાધારામ ધનજીભાઈ હ. ડો. એન. એલ. ઠાકર રાજકોટના જય શ્રી કૃષ્ણ

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિંત સહસ્ર શ્લોકી

સેવા ભાવના (હિંદીમાં પદ્ય રચના)

રચયિતા : **પ. ભ. રૂપચંદ ખંડેલવાલ 'ભૂપ', જબલપુર**

(ગતાંકથી ચાલુ)

પછી પ્રભુને જોઇને શ્રી યશોદાજી હર્ષથી વિકલ થઈ ગયા પ્રભુ પર પ્યાર કરવા લાગ્યા, અને પોતાનું અહોભાગ્ય માનવા લાગ્યા, એવી અવસ્થામાં પ્રભુની સાથે ઘરમાં પધાર્યાં, તે લીલાનું વર્ણન સોળ શ્લોકથી કરે છે. (શ્લો. ૭૫૨ થી ૭૬૭)

મસ્તક મોર પિચ્છ કે ભુષન । ચિત્રી દેહ જાસુ બન ધાતુ ન ॥
મુદિત ગોપિયન કે સંગ નાચત । મૈયા દેખત સુત કહે આવત ॥૭૫૨॥

બેટા બેટા કહ ઘિઘિયાઇ । નિજ લાલન તક દૌરી આઇ ॥
સવત સ્તનન સો પયકી ધારા । કહયો ન જાય મસત્વ અપારા ॥
જિમિ નવજાત વત્સ કહં ગાઇ । દુધ પિયાવત ચાટત જાઇ ॥
તિમિ મૈયા સુત હૃદય લગાઇ । પય ધારનિ સોં દિયો ભિજાઇ ॥૭૫૩॥

ગોરજ સન્યોં પુત્ર મુખ યદ્યપિ । અતિ વાત્સલ્ય માત કો તદ્યપિ ॥
ધુરિધૂસરિત મુખ કો માઇ । ચુમ્બન લેત અધિક ઉમગાઇ ॥
કબહુ કપોલ યુગલ મુદ ચુમતા કબહું આંખ પૌ મુખ જા ઝુમત ॥
કબહુ ચિબુક ચુમત હુલસાઇ । ચાહત વત્સ-સંગ જનુ ગાઈ ॥૭૫૪॥

મસ્તક સુંઘે સકુન મનાવૈ । રોમાંચિત પ્રેમા-શ્રુ બહાવૈ ॥૭૫૫॥
બડભાગિનિ ગૃહિણી નંદ જૂકી । માં યશુદા શ્રી બ્રજપતિ જૂકી ॥
અકુલ ભૌ ઇન અનુભવન, જે ભવિસ્ય ના ભુત ॥
મનહુ સ્વપ્ન સો આઇયો. દેખ્યો સબ અદભુત ॥૭૫૬॥
કહત સખિન સોં અતિ હર્ષાંઇ । યો તો ઇક અચરજ હે માઈ ॥
સન્ધ્યા સમૈ પધારત બનતેં । ધુરિધુસરિત અંગ ગોરજ તેં ॥
કૈસો યહ બ્રજરાજ દુલારો । હમ સબ કે નેનન કો તારો ॥
તાસુ બદન મૈં દેખ સકાઇ । આજ પૂર્ણિમા મેરી આઇ ॥
પ્રગટયો ગોકુલેશ મુખચંદા । તારાગણ ભૌં ગોપી વૃંદા ॥
નીલ ગગન માનો નંદ નન્દા । છાયો હે ચહુ દિસિ આનંદા ॥૭૫૮॥

આજહિ જનમ મોર સફલાયો બ્રજ હુ આજ સફલ હો પાયો ॥
કુલદીપક યહ પ્રકટ હુવાયો । નન્દ ભવન મે આનંદ છાયો ॥૭૫૯॥
પુર્વ પુણ્ય મમ આજ સફલ ભે । ઘરમે સુત દેખ્યો આંખિન ને ॥૭૬૦॥

કહાં વન ! કહાં વન કો જાનો । કહં બાલક યોં નિપટ અયાનો ॥
દામોદર કમલન નયના ફિર સે દેખ્યો આય ।
ઉદય ભયે સખિભાગ્ય મમ કહત યશોદા માય ॥
યોંહી એકમો પુત્ર પિયારો । વો હી મમ જીવન–આધારો ॥
વો કહું દુર આંખ તે હોવ તા વા સંગમમ પ્રાનહુ જનુ ખોવત ॥૭૬૨॥

ખેલન મે યાકી રુચિ ભારી । કૈસે રોકુ, હોં મહતારી ॥
અતિ રોવત અરૂ હોત ઉદાસા । મોહિં ન સુહાત ભુવન ચહુ પાસા ॥૭૬૩॥
સુત દેખેં વહ દિન ભો સાર્થક । ગોકુલપતિ–સુત–સુખ દુઃખનાશક ॥૭૬૪॥

સખિ યહ બલદઉ કો ભૈયા । જાવત બન જબ કુંઅર કન્હૈયા ॥
જિન કે મનમે યોહી ભાયો । તિન ચિત હોવત વિરહ – સિજાયો ॥૭૬૫॥

રવિ અસ્તાચલ કાહિં સિધાયો મમ લાલન બ્રજ મોં પૈ આયો ॥
હોં ઇમિ માનહું દિન કો તાપા । સિંધુ માહિં જા ડુબ્યો આપા ॥૭૫૬॥
બોલત સુત સંગ આઇ દ્વારન । તન રોમાંચ બહુર્ષાશ્રુન ॥૭૬૭॥

માતાએ પ્રભુને ઘરમાં પધરાવીને લાડ લડાવ્યા, તે સમયે વ્રજભક્તો દર્શન કરવા આવ્યા. માતાએ સન્ધ્યા આરતિ કરી, તેનું વર્ણન અગીયાર શ્લોકથી કરે છે.

(શ્લો. ૭૬૮ થી ૭૭૮)

આઇ તહાં સિમિટ વૃજ ભકતા । કુશલ પુછિ ઇન આદર સહિતા ॥
કહત સબન મમ લાડકવાયો । તવ આશીર્વાદન ઘર આયો ॥૭૬૮॥
માતુ ગોદ સોં સુતહિં ઉતારી । ઊંચિ ગાદિન પે બેઠારી ॥
ધુરે ભરી અલકે અલકે સટકારી । પોંછો સો સબ ભાંતિ સમ્હારી ॥૬૭૯॥

પુનિ સુત કો મસ્તક ઢકયી, નિજ પિતામ્બર માત ।
અગર આદિ બહુ સુગંધન લેવ કિયો સુત–ગાત ॥૭૭૦॥

પુષ્પન ગુંથી માલ સુહાઇ । પાંયન તક લમ્બી પહરાઇ ।।
લકુટી વેણુ ધરાયે હાથ । ભિયે સુચિત મનહુ મન ભાવન ।।૭૭૧।।

બાલ ભાવ આગ્રહ બહુ કરહી । સ્વામિનિજી કહે સાથહિ રખહિં ।।
ભવન માહિ સોત્સાહ પધારી । ગોપીજન કહે મુદિત નિહારી ।।૭૭૨।।

નંદ ગોપાદિક ભરે વિયોગન લાઠ લડાવેં લે લે ગોદન ।।
વારહિ ધન ગોપિન તિન્હા નાના । વિપ્ર પુજાહિં દેહિં બહુ દાના ।।૭૭૩।।

મૈયા કો વાત્સલ્ય ભાવ લાખિ । પ્રભુ કો મુખહુ ભયો ચકિત અતિ ।।
ભક્ત અસાધારણ મુખ જોવે । તાસોં પ્રભુહુ વિસ્મિત હોવેં ।।૭૭૪।।

પ્રભુ મુસકાત દિખત દ્વે દંતિયાં શોભિત હોત આપ બહુ ભતિયાં ।।
હરિ પહેર તે સબ આભુષના ચમકત દ્રુગને, દીપ પ્રકાશન ।।૭૭૫।।

ધરે બઘનખાભુષણુન આપ અધિક શોભહિં ।
તીન લોક કી જય કરનિ . વૈજયન્તિ મલ માહિં ।।૭૭૬।।

સખિયન સહિત નંદરાનિ સબ દુખ હરહાસુત કહં દેખહિં ।
આનન્દ પાયો અતિ અધિક, બહુ હર્ષ હ્રુદય સેહજ હીં ।।
ભીંજયો પસીનન અંગ સબ. રોમાંચહુ દરસાઇયો ।।
સ્તંભિત ભઇ સૂઝે ન કછુ, તન અચાનક કંપાયો ।।૭૭૭।।

ધી કસ્તુદી કપુરન, ચીજેં સકલ સંવારિ ।
તામેં બોરી આરતી, સુત પે ડારત વારિ ।।૭૭૮।।

પછી રાઇમીઠાં ઉતારીને પ્રભુનાં વનનાં આભુષણ વડાં કરીને, અંગ ધોઇને, પોંછીને, થોડાં આભુષણ ધરાવીને, પુત્રનું લાલન પાલન કર્યું; તેનું વર્ણન દશ શ્લોકથી કરે છે. (શ્લો. ૭૭૯ થી ૭૮૮)

સુતપૈ રાઇ નોન ઉતારે । દર્શન હિત આયે જે સારે ।।
બાહર કે લોમન કી માઇ । હાથ જોરી કે કરી બિદાઇ ।।૭૭૯।।

અંતરંગ સખિયન લે સાથા । અગ આભુષણ અપને હાથા ।।
લગી ઉતારન, વસ્ત્ર ઉતોર । મૈયા સુત કહં દેખિ ઉધારે ।।૭૮૦।।

કરધન માત્ર કમર પે રાખી । માથે પારા ચન્દ્રિકા બાંકી ।।
સુતહિં દેખ આનન્દ અથાઈ । અન્તઃકરણુન મૈયા પાઇ ।।૯૮૧।।

આભુષણુ શ્રી અંગન ધારે । મૈયા ક્રમ સોં સકલ ઉતારે ।।
ચરણુ કુલ અસ નુપુર દોઉ ઝીની ઝીની ઘુંઘરી સોઉ ।।૭૮૨।।

દોઉ બાજૂબંદ પદકાદિક । મોતિન અસ મણિમય માલાદિક ।।
ત્રિવલી પત્રાકારભુષણુ । બડે કરેમાં અરુ ગોપીજન ।।૭૮૩।।

વેનુ વેત્ર નિકટધરે, કણ્ઠ મોતિયન માલ ।
કર્ણ કુલ દોઉ કાન કે, માથે પાગ રસાલ ।।૭૮૪।।

નકવેસર કંકણુ યુગલ, તનિયા સ્વેત ધરાઇ ।
ચરનન નુપુર સાંઝ હીં । પહિરા દીને માઇ ।।૭૮૫।।

સાયંકાલ પુત્ર કે અંગના ધરે માતુ ઇતને આભુષણુ ।।
ઇહિ વિધિ શ્રી રાધા કે અંગ કે । આભુલજી જે ભારન અધિકે ।।
મૈયા કી સખિયન મિલ સારી । દીને તિન હુકાહિં ઉતારી ।।
સુત-મુખ ધોઇ નવાયે જલસોં । ભલી ભાંતિ પોછયો વસન સોં ૭૮૬-૮૭

સુત-મુખ તેં ખુર-ધુરિ હટાઇ । મુખ ચુમ્બત મૈયા હરખાઇ ।।
સુત વત્સલા યશોદા મૈયા । સુત કી નિજ કર લેત બલૈયા ।।૭૮૮।।

શ્રી યશોદાજીએ પ્રભુએ વનમાં જઇને જે ક્રિડા કરી તે પુછે છે તે બાવીસ શ્લોકથી કહે છે. (શ્લો. ૭૮૯થી૮૧૦)

શાત ચિત્ત વ્હે મન્તુ સભાગી । વન કી લીલા પુછન લાગી ।।
હે સુત કહહુ નિકસિ ઇત ગોષ્ઠન । પહુંચ્યો તુ વન કૌન મારગન ।।૭૮૯।।

ગૈયન કો છાંહ મેં ચરાયો । કે તિન કહં ધુપ મેં તપાયો ।।
કાંટા બહુત હોંહિં બન માહીં । તુમ્હરે ચરન ચુભે તો નાહીં ??

લવાજમાં વિશેષ સહાય

ગોવા. મુકતાબેન પ્રભુદાસ મણીયારના સ્મરણાર્થે આ, નં. ૪૩૭ પ,ભ. શ્રી પ્રભુદાસ ગોરધનદાસ મણીયાર તરફથી રૂા. ૨૦૦/- બસો વિશેષ સહાય મળેલ છે.

આ માસના ઉત્સવ

માગશર સુદ ૧૧ તા ૧૦-૧૨-૯૭ બુધવાર મોક્ષદા એકાદશી વ્રત, ગીતા જયંતી, ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૧૪-૧૨-૯૭ રવિવાર પૂર્ણિમા, શ્રીનાથજીને છપ્પન ભોગ, બલદેવજીનો ઉત્સવ, ગોપમાસ સમાપ્તિ.

માગશર વદ ૧ તા. ૧૫-૧૨-૯૭ સોમવાર ગો. તિ. શ્રી દાઉજી-રાજીવજી મહારાજશ્રી (નાથદ્વારા) તથા ગો. શ્રી સંદિપકુમારજી બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૪ તા. ૧૭-૧૨-૯૭ બુધવાર ગો. ચિ. શ્રી હૃષિકેશજી બાવાશ્રી (મુંબઇ-ધોરાજી)નો જન્મદિન.

માગશર વદ ૬ તા. ૨૦-૧૨-૯૭ શનિવાર ગો. ચિ. હરિરાયજી બાવાશ્રી (નાથદ્વારા)નો તથા ગો. શ્રી નિરજકુમારજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૨૧-૧૨-૯૭ રવિવાર શ્રી ગુસાંઇજીના દ્વિતીય પુત્ર શ્રી ગોવિંદરાયજીના લાલજી શ્રી કલ્યાણરાયજી (શ્રી હરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સં. ૧૬૨૫).

માગશર વદ ૮ તા. ૨૨-૧૨-૯૭ સોમવાર હેમંતઋતુ પુરી થઇ, ગો. ચિ. પંકજકુમાર બાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૨૩-૧૨-૯૭ મંગળવાર શ્રીમત્ પ્રભુ ચરણ શ્રી ગુસાંઇજી-શ્રી વિઠ્ઠલનાથજીનો પ્રાકટય ઉત્સવ (સં. ૧૫૭૨) જલેબી ઉત્સવ, શિશિર ઋતુની શરૂઆત થઇ મહા વદ ૪ સુધી.

માગશર વદ ૧૦ તા. ૨૪-૧૨-૯૭ બુધવાર દશમ તથા એકાદશીના રોજ બાલલીલા ગવાય, ગો. શ્રી રસિકરાયજી મહારાજશ્રી (મથુરા-પોરબંદર-રાજકોટ)નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા. ૨૫-૧૨-૯૭ ગુરુવાર સફલા એકાદશી વ્રત, શ્રીફળનો ભોગ ધરવો, દાન આપવું, પ્રસાદ લેવો.

માગશર વદ ૧૨ તા. ૨૬-૧૨-૯૭ શુક્રવાર લલિત પંચમ પદની શરૂઆત કરી મહા વદ ૫ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય, ગો. ચિ. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (જામનગર)નો જન્મદિન.

માગશર વદ ૩૦ તા. ૨૯-૧૨-૯૭ સોમવાર સોમવતી અમાવાસ્યા-શ્યામ ઘટા, ગો. ચિ. શ્રી ભુપેન્દ્રકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ સુદ ૫ તા. ૩-૧-૯૮ શનિવાર ગો. શ્રી ગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા) તથા ગો. શ્રી સંજીવબાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

પોષ સુદ ૭ તા. ૫-૧-૯૮ સોમવાર ગો. શ્રી શ્યામસુંદરજી મહારાજ (મથુરા-પોરબંદર-જામનગર)નો જન્મદિન (આઠમનો ક્ષય હોવાથી આજે).

પોષ સુદ ૯ તા. ૬-૧-૯૮ મંગળવાર ગો. શ્રી નવનીતલાલજી મહારાજશ્રી (ચાંપાસેની-જામનગર-જુનાગઢ)નો જન્મદિન.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા : શ્રી પ્રવિણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ. (સીવીલ) બીરપુર

૩૧ અકુર ઘાટ લીલા

(રાગ હું શું જાણું કે વાહાલે મુજમાં શું દીઠું)

કંસનો રથ લઇ આવ્યા છે અક્રૂરજી,
રામને શ્યામ બેઉ, લેવાને અકુરજી. ૧

યશોદા વિલાપ કરી રોયાં છે ચોધારજી,
ગોપીના નયનોમાં ખુટતાં ના નીરજી. ૨

ચઢીને સોનાના રથે શોભે છે શ્યામજી
રાધાને, ગોપીના હૈયે દીધાં છે દામજી. ૩

રથ રે રોકીને પુછે, કાનમાં ગોપીજી
પધારશો પાછા કયારે. બોલોને શ્યામજી. ૪

શ્યામનું મુખ ભાળી બોલ્યા બળદેવજી,
પાછા રે આવી શું જોઇ મથુરાના ધામજી. ૫

રથને થોભાવ્યો ઘડી. અકુર ધારજી,
શંકા, કુશંકા જાગી થઇ જાશે પાપજી. ૬

ગયા સંધ્યા સ્નાને યમુનાનાં નીરજી,
દીઠા શ્યામ જળ મહીં દીઠા છે રે બહારજી. ૭

પુરણ પુરુષોત્તમ છે થઇ ગયું જ્ઞાનજી,
પાપી કંસ, વધ કાજે, લીધો અવતારજી. ૮

આવી, રામ શ્યામનાં, ચાંપિયાં ચરણજી,
'ચરણદાસ' ચાંપે છે ભગવત ચરણજી. ૯

ભાવાર્થ : દીઠા શ્યામ જળ મહીં શ્રી અકુજીના મનમાં ઉથલ પાથલ થવા લાગી કે હું શ્રી શ્યામને અને રામને છળથી કપટથી રથમાં બેસાડી મથુરા લઇ જાઉં છું ત્યાં કંસરાજા તેમનો વધ કરી નાખશે તો મને બાળ હત્યાનું પાપ લાગશે આવા વિચારો મનમાં ઉછળતાં તેઓ રથને રોકીને શ્રી યમુનાજીમાં સ્નાન કરવા ગયા કારણ કે સંધ્યા કરવાનો સમય થયો હતો.

પ્રભુ તો અંતરયામી છે. તેઓ અકુરજીના મનની વાત જાણી ગયા એટલે જેવી અકુરજીએ શ્રી યમુનાજીમાં ડુબકી મારી ત્યાં પ્રભુએ ચતુર્ભુજ સ્વરૂપે દર્શન આપ્યાં અને

રથમાં બિરાજેલા તે સ્વરૂપનાં પણ દર્શન આપ્યાં ડુબકી મારી બહાર દૃષ્ટિ કરતા રથમાં બિરાજેલાં પ્રભુ દેખાયા આમ અંદર અને બહાર એકી સાથે પ્રભુનાં દર્શન થતાં, તેમના મનનો ભ્રમ ભાંગી ગયો, અને સમજી ગયા કે આ તો પુર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વયં પધાર્યા છે અને તેમણે કંસના વધને માટે જ અવતાર ધારણ કર્યો છે.

એટલે સ્નાન કરી પાછા ફરી શ્રી ઠાકોરજીનાં ચરણ પકડી લીધાં અને શરણાગતિ સ્વીકારી લીધી.

આ લીલા ઘાટ ઉપર રથ રોકી અકુરજી દ્વારા થઇ તેથી આ ઘાટનું નામ અકુર ઘાટ પડ્યું છે.

કાવ્ય કુંજ

(૧) મેં તો શ્યામને પ્રિત કરી

સુંદર શ્યામ શરિર, સાહેલી મેં તો શ્યામને પ્રિત કરી (ટેક)
સંસાર કષ્ટ સહી, રહું હું આશરો તારો કરી....સાહેલી.
સગાં સંબંધી આ સંસારે ના સાચી પ્રિત કરી....સાહેલી.
ભવ સાગરે ભટકી નૈયા, કિનારો આવે કેમ કરી....સાહેલી.
અંતર મનથી હૃદય પોકારે, આવો હરી, આવો હરી....સાહેલી.
શ્યામ સંગ નેહ થયો, શ્રીવલ્લભ ચરણે કૃપા કરી....સાહેલી.
પુષ્ટિ મારગે ચરણ ધરી, રહી શ્યામ સેવા કરી....સાહેલી.
સુંદર જોડી રાધે શ્યામની, રહી ચરણે શિશ ધરી....સાહેલી
'**શ્રીજીચરણ અનુરાગી**' વિનવે શ્યામ ! ના તોડો પ્રિત કરી....સાહેલી.

શ્રીજીચરણ અનુરાગી –અમદાવાદ

॥ શ્રી મહાચાર્ય ચરણકમલેભ્યો નમઃ ॥

॥ શ્રી લલિતત્રિભઙ્ગિરાયો જયતિ ॥

॥ શ્રી લાડિલેશો જયતિ ॥

અથ શ્રીમદ્ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી નૃસિંહલાલાત્મજ ગો. શ્રી ગોવર્ધનલાલજી મહારાજ કૃત...

૪૧. વચનામૃત

વચનામૃત ૧ લું

આપ આજ્ઞા કરત હે– એક સમયે આપ આજ્ઞા કરત હે હમારે શ્રી દાદાજી (શ્રી નૃસિંહલાલજી મહારાજ) મહારાજને આજ્ઞા કરી. જો વરાડકે પરદેસકુ પધારે હતે, તબ રાયપુરમે અચાનક કામવન વારે શ્રી ગોવિંદજી મહારાજ બહોત માંદે હો ગયે, સો અચાનક હમકુ વહાં બુલાયે. સો કૃપા કરકે હમકું છેલ્લી સેવા દીની. (શ્રી ગોવિંદપ્રભુ કામવનવાળાએ શ્રી રાયપુરમાં નિત્યલીલા પ્રવેશ કર્યો હતો) ફિર ચંપારણ્ય પાસ સુનકે વહાં ગયે, પુસ્તક દેખી કે નિશ્ચય કિયોકી યહી ચંપારણ્ય હે, ફીર વાકે જમીનદાર–માલ ગુજારસોં પુછી જો યહાં કાશી કે રહેવાસી લક્ષ્મણભટ્ટજી નામકે તૈલંગ બ્રાહ્મણ ચારસો વરસ પહિલે આએ હતે, તબ ઉનને કહી, હાં, દક્ષિણસું કાશી ગયે હતે સો રસ્તામેં યહાં ઉનકી સ્ત્રીકો ગર્ભપાત થયો હતો, તબ ગામમેં દશ દિન રહવેકી પરવાનગી તથા મ્યાના વિગેરે માગ્યો હતો. સો હમારે ચારસો વરસકે વહી ખાતેનમે લીખ્યો હે. એસો વિન માલ ગુજારને કહી, તબ હમને વો નિશ્ચય કર્યો જો યહી સ્થલ પ્રાકટયકો હે, તબ હમને એક દિવસ અર્ધરાત્રિ વા સ્થલપેં બેઠકે શ્રી સર્વોત્તમજીકે પાઠ કિયે, એક વૈષ્ણવકો પાસ રાખ્યો, જબ રાતકો બારહ બજે તબ એક બાલક બરસ પાંચકી અવસ્થાકો સફેદ ધોતી ઉપરના પહરે તથા શ્રીકંઠમેં કંઠી તિલક ધારણ કરે હતે સો આયો, ઉનને આયકેં યોં કહી જો યહી જન્મકો સ્થલ હે, એસે કહીકે અંતર્ધાન ભયો, ફિર હમને યા ઠૌર પેં વધાઇ બોલકેં મૃતિકા કો ચોતરો બનાવ્યો. ઓર તિલક પોતના કિયે, પીછે સવેરે રાયપુર જાય કે વહાંસુ સબ વૈષ્ણવનકું બેઠક બનાયવેકી ભલામન કરકે હમ ઘર આયે, ઓર હમારે સંગ રાતકુ જો વૈષ્ણવ હતો. સો વા લડકાકું દેખકે આસકત હો ગયે વા વાને અન્ન જલ ત્યાગકેં યેહી રટના લગાઇ, જો જે જે વો લડકાં કહાંહે, એસેં કહત વો સાત દિનમેં ભગવત ચરણાવિંદમેં પ્રાપ્ત ભયો. ફીર હમને માલ ગુજાર કે પાસુસું ઇતની જમીન મોલ લે કે બેઠક (શ્રી નૃસિંહલાલજી મહારાજે સં. ૧૯૪૨ના માગશર વદ ૯ શ્રી ગુસાંઇજીના ઉત્સવના દિવસે જ બેઠકજી પ્રકટ કર્યા. રાયપુરથી રાજમ સ્ટેશન (બી. એન. રેલ્વે) ઉતરી ૬ માઇલ દુર ચંપારણ્ય છે ચાલીને જવાશે. જીપગાડી પણ મળે છે, ત્યાં (પમીબાઇની) ધર્મશાળામાં) ઉતરવું. બેઠકજીના સ્થાનને વન કહે છે. ત્યાં અત્યંત પવિત્રતા સાચવી જવાનું છે). બનવાઇ, ઓર ફીરતે તાર બંધવાય દિયે, એસે હમારે દાદાજી મહારાજ આજ્ઞા કરતે હે.

ઇતિ શ્રી ગોવર્ધનલાલજી મહારાજકો પ્રથમ વચનામૃત સંપૂર્ણમ.

વચનામૃત-૨

એક સમયે કાકાજી મહારાજને એસે આજ્ઞા કરી, જો અપને માથે શ્રી લાડીલેશજી વિરાજે હે સો શ્રી ગોકુલનાથજી સોટાવારે જો બડે મંદિરવારે શ્રી ગોવર્ધનરાયજી કે છોટે ભાઈ હતે, સો કછુ ખટપટકે કારનસોં ન્યારે પરદેશમેં ફીરતે, ઉનને બરાનપુરસું પધરાયે. શ્રી મહાપ્રભુજીકી નિધિ હે. ફીર હમને પુછી જો કોન રીતસું પધરાયે. તબ આપને એસે આજ્ઞા કરી, જો એક સમય શ્રી ગોકુલનાથજી મહારાજ જુનાગઢ પધારે હતે. સો જુનાગઢ સરકાર નવાબસાહબકે મહલકે પાસ એક ધર્મશાલામેં ડેરા કીયે હતે. આપ ગાનવિદ્યામેં બહુત ચતુર હતે. સો કોઉને નવાબ સાહબસોં કહી કે આપ ગાનવિદ્યામેં નિપુન બહુત હે. તબ નવાબ સાહબને કહી કે હમારે સુનનો હે. તબ દિવાન સાહબસો વિનંતી કરવાઇ. દિવાન સાહેબ નાગર બ્રાહ્મણ હતે સો ઉનને વિનંતી કરી તબ આપને આજ્ઞા કરી કે હમ ગાનવિદ્યા સીખે હે. સો કોઇ રાજામહારાજાકું રીઝાવેકું નહી સીખે હે. હમ તો શ્રી ગોવર્ધનનાથજીકું રીઝાઇવેકું સીખે હે. તબ દિવાન સાહબને બહોતરી બિનંતી કરી, પર આપ ન માને. તબ નવાબ સાહબને પાસકે ઘરકી જાલીમે બેઠકે સુન્યો. સુનકે બહોત પ્રસન્ન ભયે. પાંચ ગામકો પટ્ટા લિખકે દિવાન સાહબકે હાથ ભેજે સો આપને ન રાખે ઓર આજ્ઞા કરી જો મલેચ્છકો દ્રવ્ય હમ ન લેંગે. ફીર દિવાન સાહબને વિનંતી કરી. બહુત વિનંતી કરી તબ આપને એક ગામ સારસવા નામકો ગૈયનકે તાંઇ લિયો. ફીર દિવાન સાહબ વેરાવલકે રહેવાસી હતે સો આપકું બહોત આગ્રહ કરકે વેરાવલ પધરાય ગયે. ઓર આપ સહકુટુંબ શરણ આયે. ઓર દિવાન સાહબકે રહવેકો ઘર હતો સો આપકું ભેટ કર્યો. પીછે આપને વહાં મંદિર સિધ્ધ કરાયો. ઓર આપકે સંગ શ્રી મદનમોહનજી વિરાજતે હે હે સો શ્રી ગુસાંઇજીકે સેવ્ય હે ઉનકો શ્રી ગુસાંઇજીકે સેવક યમુનાદાસજીને લાખ રૂપિયાકો કુલ અંગીકાર કરવાયો હતો. તાકે ભારસું અભી તક ટેઢે મસ્તકસોં દર્શન દેહેં. એસી નિધી આપકે ઉપર બિરાજતી હતી. તોઉ આપકું એસી અભિલાષા રહેતી કિ હમારે ઉપર શ્રી મહાપ્રભુજીકી નિધી પધારે તોબ હોત આછો.

પ્રસંગ-૨ ફીર આપ શ્રી ગોકુલનાથજી પરદેશ પધારે, બરાનપુર ખાનદેશ-તાંહાં કાંકરોલી બારેનકો મંદિર હે તહાં શ્રી મહાપ્રભુજી કે સેવ્ય શ્રી લાડીલેશજી બિરાજત હતે. વહાં કોઇ માલીક નહિ હોયવેસો પ્રભુ પરિશ્રમ પાવત હતે. સો આપકું જતાઈ જો હમકો યહાંસો તમારે ઘર પધરાય જાઓ. તબ આપને શ્રી લાડીલેશજી જેસો દુસરો સ્વરૂપ સિધ્ધ કરવાય કે સેન સમયે સેવામેં નહાયકે દુસરે સ્વરૂપકો શય્યામેં પોઢાયે ઓર લાડીલેશજીકું ઝાંપીમેં પોઢાયે. ઓર ઝાંપી એક વૈષ્ણવ ડોકરીકું દેદીની. ઓર વા ડોકરીકું વેરાવલ પઠાય દીની, પીછે સો આપ વેરાવલ પધારે, ફીર વા બાઇકે પાસ સોં શ્રી ઠાકુરજી પધરાયકે આપને પંચામૃત સ્નાન કરવાયે ઓર મંદિરમેં પાટ બેઠાયકે બડો ઉત્સવ માન્યો. ફીર આપને બહોત વરસતાંઈ સેવા કીની, આપકે કોઈ સંતાન નહી હતી. જબ આપકી વૃધ્ધાવસ્થા ભઇ તબ આપને યહ બિચાર કર્યો જો કોઇ ગોસ્વામી બાલક પરદેશ પધારે તો ઉનકું પ્રભુનકોં સોંપ

હૈ. એસે સમેમેં ભગદિચ્છાસેં હમારે શ્રી દ્વારકેશજી તાતજી શ્રીનાથજીકી પરચારકીકી સેવા કરતે હતે સો વહાં પધારે, ઓર ઉનકે ઉત્તર કર્મ સેં પહોંચકે પાછે આપ શ્રીજીદ્વાર પધારે, પીછે બરસ દો બરસ પીછે કોઇ ઘરકી ખટપટસું હમારે શ્રી તાતજી મહારાજ કોટાસું બહાર નિકલ ગયે, સો પરદેશ કરત હતે યે બાત શ્રી દ્વારકેશજી તાતજીને જાની, તબ આપને પત્ર લીખ્યો કે હમકું વેરાવલમેં તિલક ભયો હે, પરંતુ હમ શ્રીનાથજીકી સેવા છોડી કે વહાં નહિ રહે શકે હેં. તાંસુ તુમ વેરાવલમેં રહો, ઓર પ્રભુનકી સેવા કરો. યે જો મંદિર હેં સો હમને તુમકો દે દીનો. યહ પત્ર બાંચકે હમારે શ્રી તાતજી મહારાજ શ્રી મગનલાલજી મહારાજ સહ–કુટુંબ વહાં વાસ કરકે રહે. એસી રીતસોં શ્રી લાડીલેશજી કૃપા કરીકે આપને માથે પધારે.

ઇતિ શ્રી ગોવર્ધનલાલજી મહારાજકો દ્વિતીય વચનામૃત સંપુર્ણમ....

–'સત્સંગ' વર્ષ ૧૭, અંક–૫, મે ૧૯૬૫માંથી સાભાર !

॥ શ્રી લાડિલેશાષ્ટકમ્ ॥

રચયિતા : **પં. બાલમુકુન્દ શાસ્ત્રી "સાહિત્ય સુધાકર"**

સ્વયં શિશુ : સન્નભજત્કિ શોરતાં, રાધા કિશોરી રતિ સમ્પદાપ્તયે ॥
પુન : શિશુત્વં દધદાત્ત સૌભગં, શ્રીલાડિલેશ: શરણંસદા મપ્ત ।૧।

ભાવાર્થ : પોતે બાલક હોવા છ૦ાં પણ કિશોરી રાધાના પ્રેમની પરાકાષ્ઠા પ્રાપ્ત કરવા માટે જેમાણે કિશોરતા પ્રાપ્ત કરી, છતાં પણ જે ફરીને બાલકરૂપ ધારણ કરી રહ્યા છે, તે શ્રી લાડિલેશ પ્રભુ સદા અમારા રક્ષક છે. ૧.

કલિન્દજાયાં શ્રમાશાક્કૈતવાન્મજ્જન્ધ્રુવં મેચકતાડપનુતયે ॥
વહન્વલક્ષં વપુરુન્મમજ્જસ, શ્રી લાડિલેશ: શરણં સદામમ ।૨।

ભાવાર્થ : પ્રીતી સંપાદન કર્યા બાદ પરિશ્રમ ઉતારવાના બહાને જેમણે પોતાનો શ્યામ રંગ ઓછોકરવાને માટે શ્રી યમુનાજીમાં ડુબકી મારી અને ગૌરવર્ણ ધારણ કરીને નીકળ્યા, તે શ્રી લાડિલેશ પ્રભુ સદા અમારા રક્ષક છે. ૨.

પ્રેક્ષ્ય પ્રભાસં યવનૈરુપપ્લુતં, વેરાવલાવાસ વિલાસ તત્પર : ।
સ્વરૂપ લક્ષ્મ્યાડમ્બુનિધિં પ્રહર્ષયન્ શ્રી લાડિલેશ: શરણં સદામમ ।૩।

ભાવાર્થ : પવિત્ર પ્રભાસ ક્ષેત્રને યવનોના ઉપદ્રવવાળું જોઇને વેરાવળ નગરમાં વસવાટ કરવાની લીલામાં તત્પર અને પોતાના સ્વરૂપની શોભાવડે સમુદ્રને ઉભરાવતા શ્રી લાડિલેશ પ્રભુ સદા અમારા રક્ષક છે ૩.

સેવ્યં કૃશાનોર્જયદાસ જીવનં વિતંચ વાગીશ્વરવંશ જન્મનામ્ ।
મહ : સ્વકાનાં નયનાભિનન્દનં શ્રી લાડિલેશ: શરણં સદામમ ।૪।

ભાવાર્થ : જે અગ્નિ સ્વરૂપ, શ્રી મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીના સેવ્ય છે, જે ભગવદિય જયદાસભાઈના જીવનધન છે, જે વાકપતિ વંશજો (શ્રી વલ્લભકુલ)ના નિધિ છે અને જે નિજ ભકતોને નેત્રોને આનંદ દેનાર ઉત્સવ સમું તેજ છે તે શ્રી લાડિલેશ પ્રભુ સદા અમારા રક્ષક છે. ૪.

અનારતં પશ્ય પુલોમજાપતે ત્વદ્‌ગર્વં ખર્વીકરણં સ્વસમ્મુખમ્ ।।
ઇતીવ દૃષ્ટિં દિશિ તસ્ય સંદધત્ શ્રી લાડિલેશઃ શરણં સદામમ ।૫।

ભાવાર્થ હે ઇન્દ્ર ! તું તારા ગર્વને ઓછો કરનાર મને હમેશા તારા જોયા સામો કર, કે ફરીથી તને એવો ગર્વ ન થાય; જાણે એમ કહેતા હોય શું તેમ તે (ઇન્દ્ર) ની દિશા (પુર્વ) માં નજર નાંખી રહેલાં શ્રી લાડિલેશ પ્રભુ સદા અમારા રક્ષક છે. ।૫।

હૈયંગ વીનં કર પંકજે વહન્ ગોવર્દ્ધનો ધ્ધારણ લબ્ધઅધશાઃ ।।
સંસુચયન્સ્વસ્ય વિરૂદ્ધ ધર્મતાં શ્રી લાડિલેશનઃ શરણં સદામમ ।। ।૬।

ભાવાર્થ : સુકોમળ શ્રી હસ્તકમળમાં માખણ ધર્યું છે, તોયે શ્રી ગોવર્દ્ધનને ઉઠાવી જેમણે ઉત્તમ યશ મેળવ્યો છે, આમ પોતાનામાં કઠોરતા અને કોમળતા એ બન્ને વિરોધી ધર્મો છે, એમ ભકતોને સુચન કરતાં તે શ્રી લાડિલેશન પ્રભુ સદા અમરા રક્ષક છે. ૬.

વનાંગના નેત્ર ચકોર ચન્દિરઃ સેવાર્થં સંપ્રાપ્ત સસમ્ભ્રમેન્દિરઃ ।।
સ્વતઃ સમુંધદ્‌ગુરુ મોદમન્દિર શ્રી લાડિલેશઃ શરણં સદામમ ।૭।

ભાવાર્થ જે વ્રજ વનિતાઓનાં ચક્ષુરૂપી ચકોરરોના ચન્દ્રમારૂપ છે, જેમની સેવા માટે સાક્ષાત્ લક્ષ્મીજી હોંશ ભર્યા ઉતાવળા આવે છે છતાં પણ જે પોતે ઉત્પન્ન થતા મહાન્ આનંદના નિવાસ સ્થળ છે અર્થાત્ નિજાનંદથી ભરપુર છે, તે શ્રી લાડિલેશ પ્રભુ સદા અમારા રક્ષક છે ૭.

સમ્મોહયન્સચ્ચરિતૈર્નિજાંજનાન્ પરાક્રમૈઃ પુર્વં સુરાન્ચરાંજયન્ ।।
અનન્ત શકત્યુલ્લસિતઃ પરાત્પરઃ શ્રી લાડિલેશઃ શરણં સદામમ ।૮।

ભાવાર્થ જે સુંદર લીલાઓથી પોતાના ભકતોને મુગ્ધ બનાવે છે, જે પરાક્રમોથી અસુરોને પાછા હઠાવે છે અને જે અનન્ત શકિતઓથી શોભાયમાન છે, એવા અક્ષરબ્રહ્મથી પર પુર્ણ પુરૂષોત્તમ શ્રી લાડિલેશ પ્રભુ સદા અમારા રક્ષક છે. ૮

શ્રી વીરપુર વાસ્તવ્ય શ્રી વૈકુણ્ઠાંગ જન્મના ઇદં બાલમુકુન્દે નિર્મિતં તસ્ય તુષ્ટયે ।।

ભાવાર્થ : આ સ્તોત્ર વીરપુર (રેવાકાંઠા) વાસી બાલમુકુન્દ વૈકુણ્ઠરાય શાસ્ત્રીએ શ્રી લાડિલેશ પ્રભુને પ્રસન્ન કરવા માટે બનાવ્યુ છે. ૯

(**શ્રી પુષ્ટિ પીયુષ** માસિક પત્રિકા અંક ચૈત્ર સં. ૧૯૮૮ માંથી સાભાર)

(૧) નિરખું શ્રીનાથજી

[ગઝલ]

–જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' જુનાગઢ

જ્યાં જ્યાં નયન મારાં મીંચુ ત્યાં, નીરખું શ્રીનાથજી,
ને સ્વપ્નમાં પણ નિત્ય મારાં, નીરખું શ્રીનાથજી.
નિત્ય આ સત્સંગમાં, વૈષ્ણવમુખે ભાવે કહ્યા,
સૌ શબ્દ – કીર્તન – ધોળમાં ત્યાં, નીરખું.
જ્યાં મંદિરે ઝટ ઝાંખી કાજે, દોડતા સહુ વૈષ્ણવો,
તેના ચરણ ઉત્સાહમાં ત્યાં, નીરખું શ્રીનાથજી.

આ પાઠશાળાના મૃદુ, સહુ બાળવૈષ્ણવ નેનમાં,
જે તેજ છે હરિ – પ્રીતનું ત્યાં, નીરખું શ્રીનાથજી.
ઇચ્છા બધી શ્રીકૃષ્ણની, વ્હાલો સદા સારું કરે,
શ્રદ્ધા ભર્યા શબ્દો મહીં આ, નીરખું શ્રીનાથજી.
લીલા પરમ શ્રીકૃષ્ણની, જ્યાં ગર્વ કુસુમાયુધ ત્યજે,
એ રાસલીલા શબ્દમાં ત્યાં, નીરખું શ્રીનાથજી.
કૃપા હરિ, આશિષ ગુરુનાં, વૈષ્ણવોથી પ્રેરણા,
પામ્યો અતિ, જન અલ્પ હું ત્યાં, નીરખું શ્રીનાથજી.

કાવ્ય–કુંજ

મેં તો શ્યામને પ્રિત કરી

સુંદર શ્યામ શરિર. સાહેલી મેં તો શ્યામને પ્રિત કરી ટેક
સંસાર કષ્ટ સહી, રહુ હું આશરો કોનો કરી....સાહેલી.
સગાં સંબંધી આ સંસારેના સાચી પ્રિત કરી....સાહેલી.
ભવ સાગરે ભટકી નૈયા, કિનારો આવે કેમ કરી....સાહેલી.
અંતર મનથી હૃદય ધોકારે, આવો હરી આવો હરી....સાહેલી.
શ્યામ સંગ નેહ થયો, શ્રી વલ્લભ ચરણે કૃપા કરી....સાહેલી.
પુષ્ટિ મારગે ચરણ ધરી, રહી શ્યામ સેવા કરી....સાહેલી.
સુંદર જોડી રાધે શ્યામની, રહી ચરણે શિશ ધરી....સાહેલી
'શ્રીજી ચરણ અનુરાગી' વિનવે શ્યામ ! ના છોડો પ્રિત કરી....સાહેલી

શ્રીજીચરણ અનુરાગી, અમદાવાદ

કંઠાભરણમ્

ચિત્ત પ્રસન્નતા–

અશાન્તસ્ય કુતઃ સુખમ્– અશાંતને સુખ કેવું ?

યમેષુ નિરતો યસ્તુ નિયમેષુ ચ યત્નતઃ ।
વિવેકિનસ્તસ્ય ચિત્તં પ્રસાદમધિગચ્છતિ ॥

જે (અહીંસા, સત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અસ્તેય) પાંચ યમોમાં અને (શૌચ, યજ્ઞ, તપ, દાન, સ્વાધ્યાય, ઇન્દ્રિયનિગ્રહ, વ્રત, મૌન, ઉપવાસ, સ્નાન) દશ નિયમોમાં પ્રયત્નપુર્વક લાગ્યો રહે છે, તે વિવેકી પુરુષનું ચિત્ત પ્રસન્નતાને પ્રાપ્ત કરે છે.

પરદ્રવ્ય પરદ્રોહ પરનિન્દા પરસ્ત્રીયઃ ।
નાલમ્બતે મનો યસ્ય તસ્ય ચિત્તં પ્રસીદતિ ॥

જેનું મન પારકાના દ્રવ્યનું, પારકાના દ્રોહનું, પારકાની નિંદાનું અને પરસ્ત્રીનું આલંબન કરતું નથી, તેનું ચિત્ત પ્રસન્નતાને પામે છે.

આત્મવત્ સર્વભૂતેષુ યઃ સમત્વેન પશ્યતિ ।
સુખં દુઃખં વિવેકેન તસ્ય ચિત્તં પ્રસીદતિ ॥

જે સર્વ પ્રાણીઓમાં, પોતાનો જ આત્મા હોય તેમ સમત્વ બુદ્ધિથી જુએ છે, પોતાને જેમ સુખ–દુઃખ, પ્રિય–અપ્રિય લાગે છે તેમ બીજાને પણ લાગે, તેમ વિવેક વડે સમજે છે, તેનું ચિત્ત પ્રસન્નતાને પ્રાપ્ત કરે છે.

અત્યંત શ્રદ્ધયા ભકત્યા ગુરુમીશ્વરમાત્મનિ ।
યો ભજત્ય નિશં ક્ષાન્તસ્તસ્ત ચિત્તં પ્રસીદતિ ॥

ગુરુમાં, ઇશ્વરમાં અને આત્મામાં ખુબ શ્રદ્ધાવાળી ભકિતથી જે ક્ષમાશીલ રહી હર હંમેશ ભજન કરે છે, તેનું ચિત્ત પ્રસન્નતાને પામે છે.

શિષ્ટાન્નમીશાર્ચનમાર્યસેવાં તીર્થાટનં સ્વાશ્રમધર્મનિષ્ઠામ્ ।
યમાનુસકિતં નિયમાનુવૃતિં ચિત્તપ્રસાદાય વદન્તિ તજજ્ઞાઃ ॥

યજ્ઞ–અતિથિ વગેરે માટે ઉપયોગ થયા પછી વધેલા અન્નનું ભોજન, ઇશ્વરનું પુજન, સંસ્કારી પુરૂષોની સેવા, તીર્થાટન, ચાર આશ્રમોમાંના પોતાના આશ્રમધર્મમાં નિષ્ઠા, પાંચ યમોના અનુષ્ઠાનમાં પ્રીતિ તથા શૌચ વગેરે નિયમોનું પાલન– આ સાતને વિદ્વાન પુરુષો ચિત્તની પ્રસન્નતાનાં સાધનો કહે છે.

ચિત્તપ્રસાદેન વિનાવગન્તું બન્ધં ન શકનોતિ પરાત્મતત્વમ્ ।
તત્ત્વાવગત્યા તુ વિના વિમુકિતર્ન સિધ્યતિ બ્રહ્મસહસ્રકોટિષુ ॥

ચિત્તની પ્રસન્નતા વિના પુરુષ બંધનના સ્વરૂપને તથા પર– આત્મતત્ત્વને જાણી શકતો નથી, તત્વજ્ઞાન વિના હજાર કરોડ બ્રહ્માના યુગ વીતી જાય છતાં મુકિતસિદ્ધ થતી નથી.

['કંઠાભરણમ' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

॥ શ્રી વલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઇચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૫૭. ફળરૂપ ને સાધનરૂપ સેવા

ચતુઃશ્લોકીમાં કહ્યું છે કે ભગવાનને જાણવા માટે જાણીને તેને મળવું. મળીએ ત્યારે તેમનો સ્વભાવ જાણ્યુ પડે. જે માણસ મળે નહિ, તેની વિસ્મૃતિ થાય, માટે મળવું. પછી તે પ્રભુની સેવા કરવી. તે સેવાથી સિધ્ધ થાય, તે ફળરૂપ સેવા. ફળરૂપ સેવા તે કે જે કરે તે હૈયામાં પ્રભુની પોતાની ઇચ્છા જાણે છે, ને તે પ્રમાણે કરે છે, ને પ્રભુને પોતાને ગમે કે ના ગમે તે એ કંઇ પણ જાણતો નથી, તે સાધનરૂપ સેવા. માટે પ્રભુને પ્રથમ જાણવા.

વળી કહયું કે જે હું ને મારૂં કહે છે, તે ભગવદીય પુરુષોતમના સંબંધથી કહે છે તે જીવના હરિ ધણી છે. શ્રી વલ્લભજી મહારાજે (ભકત કવિશ્રી દયારામભાઇના ગુરૂદેવે) કહ્યું, કે ચોવીસ અવતાર સુધી સેવા નથી.

આ તો શ્રી મહાપ્રભુજીએ કૃપા કરીને શ્રીકૃષ્ણ સર્વોપરી, સર્વથી મોટામાં મોટા, આનંદનિધિ, રસાત્મક તેમની સેવા, તેમનો અષ્ટાક્ષર ને તેમનો પંચાક્ષર આપ્યો છે જેટલું આપણને મળ્યું છે, તેટલું કોઇ કાળે કોઇને મળ્યું નથી. મોટા મોટા ભગવદીય થઇ ગયા છે, પણ સેવા કોઇની પાસે કરાવી નથી, પણ આ જીવ પર કૃપા કરીને કરાવે છે, માટે પોતાનું મોટું ભાગ્ય છે કે, પ્રભુને જગાવવા, ભોગ ધરવા, પોઢાડવા વગેરે બધી સેવા શ્રી ગોસ્વામીજીના અનુગ્રહથી મળી છે, દયા કરીને સેવા આપી છે, માટે જીવે પોતાને ભાગ્યવાન માનવો જોઇએ.

સ્નેહમિલન

સંસ્થાએ પુ.પા.ગો. શ્રી દ્વારકેશલાલજીના સાનિધ્યમાં પરિષદના વિવીધ શાખાઓના કાર્યકરોનુ નવા વર્ષના નિમિતે સ્નેહમિલન વડોદરા ખાતે યોજેલ હતું સંસ્થાના મંત્રીશ્રી શગઠન મંત્રીશ્રી તથા ઉપપ્રમુખ તેમજ અન્ય કાર્યકર્તાઓએ ભગવદભાવ સ્નેહભાવની વૃદ્ધિ થાય તેથી ભાવના વ્યકત કરેલ હતી સાથોસાથ પરિષદના આગામી કાર્યક્રમોની વિગતવાર માહિતી આપી હતી તેમજ તબીબી ક્ષેત્રોની શેવાઓને બિરદાવી હતી,

---

: શુભેચ્છક સહાય :

રૂા. ૪૬/- ડો. નવનીતભાઇ શેઠ વાપી તરફથી શુભેચ્છક સહાય મળેલ છે ધન્યવાદ.

પુસ્તક પરિચય

નમો ભગવમે કૃષ્ણાયાદ્દ ભુત કર્મણે-૨

(પરિચય પુસ્તિકા-૨૪)

સંપાદક - શ્રી રમેશચંદ્ર નાથાલાલ શાહ પ્રકાશક - શ્રી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ
મશીંવીલા, અશોકનગર રોડ કાંદીવલી (પુર્વ) મુંબઇ-૪૦૦૧૦૧

આઠ પેઈઝી ડેમી સાઈઝ પાના ૪૦. ઓફસેટ પ્રિન્ટીંગ, પીનબાઈન્ડીંગ, ન્યોછાવર રૂા. ૧૦/- પોસ્ટેજ રૂા. ૩/-

આ નાનકડી પુકિતકામાં શ્રીમદ ભાગવતમાંથી શ્રી શુકદેવજી, બ્રહ્માજી, ગજેન્દ્ર, ચિત્રકેતુ રાજા. સત્યવ્રુત રાજા તથા જીવ વગેરેએ કરેલી ભગવાનની વિવિધ ૯ સ્તુતિઓનો સંગ્રહ. દરેક સ્તુતિની પુર્વ કથા, મુળ સંસ્કૃત શ્લોક એનો સરળ અર્થ-વિવરણ સાથે નિરૂપવામા આવેલ છે. સર્વે વૈષ્ણવોએ વાંચવા, વસાવવા લાયક પુસ્તિકા.

છપ્પન ભોગ - (પરિચય પુસ્તિકા ૨૮)

સંપાદક - પ્રકાસક - સાઈઝ - પ્રિન્ટીંગ બાઈન્ડીગ-ન્યોછાવર-પોસ્ટેજ ઉપર મુજબ.

પુષ્ટિ સંપ્રદાયમાં ભોગ સેવા ઘણીજ અગત્યની છે, આ તાનકડી પુસ્તિકામાં પુષ્ટિ સંપ્રદાયની પરંપરાગત સામગ્રી સિદ્ધ કરવાની રીત સાદી સરળ ગુજરાતીમાં આપવામાં આવી છે.

(૧) દુધઘર (૨) નાગરી (૩) અનસખડી (૪) સખડી (૫) ફલાહાર એવા પાંચ વિભાગમાં સામગ્રી સિદ્ધ કરવાની રીત સમજાવવામાં આવી છે.

પુષ્ટિ સંપ્રદાયની બહેનોને વિવિધ વાનગી બનાવવામાં ખુબ ઉપયોગી નીવડે તેવી પુસ્તિકા.

રાસપંચાધ્યાયી

પ્રકાશક - આં. રા. પુ. વૈ, પરિષદ મણીનગર મહિલા શાખા
"કૃષ્ણાશ્રય" ૨, શ્રીનાથ એપાર્ટમેન્ટ, જયંત પાર્ક, મણિનગર. અમદાવાદ-૩૮૦૦૦૮

આઠ પેઈઝી ડેમી સાઈઝ પાના ૪૦, ઓફસેટ પ્રિન્ઠીંગ. પીન બાઈન્ટીંગ, કીંમત રૂ. ૫/-

આ સુંદેર પુસ્તિકામાં રાસલીલાના પાંચ અધ્યાયોના મુળ શ્લોક સાથે સરળ ગુજરાતીમાં ભાષાંતર રજુ કરવામાં આવેલ છે.

રાસલીલા એ કામલીલા નથી, પરંતુ કામવિજય લીલા છે. કામ ઉપર વિજય છે, તે સુંદર રીતે આ પુસ્તિકામાં પુ. પા. ગો. શ્રી રાજેશકુમારજીએ સંક્ષિપ્તમાં સમજાવેલ છે.

વૈષ્ણવોએ વાંચવા અને વસાવવા લાયક પુસ્તિકા.

આચાર્ય શ્રીવલ્લભ (પંચાંગ-વિશેષાંક)

પુષ્ટિ સંપ્રદાય તથા અન્ય સર્વજનો માટે નિત્ય ઉપયોગમાં આવી શકે તેવું સર્વાંગ સંપુર્ણ-સુંદર પંચાંગ વિશેષાંક રૂપે પ્રકાશિત કરવા બદલ "આચાર્ય શ્રીવલ્લભ"ના સંપાદક મંડળને હાર્દિક અભિનંદન.

આ પંચાગમાં ૪ જયંતિ, રથયાત્રા, એકાદશી વિગેરે તથા ગ્રહણ વખતનો સેવા પ્રકાર, શુદ્ધિ પ્રકાર વિગેરે પર સુંદર લેખોનો સમાવેશ છે.

તદુપરાંત ૧૭ માસનું પંચાંગ છે. સં. ૨૦૫૪ તથા સં. ૨૦૫૫ના ફાગણ માસ સુધીનું છે.
વૈષ્ણવોએ આ પંચાંગ વસાવવા અને તેનો ભરપુર લાભ ઉઠાવવો જોઈએ.

શ્રી શુભ વિવાહ પ્રસ્તાવ

પુ. ગો. શ્રી હરિરાયજી મહારાજશ્રી (જામનગર)ના લાલજી ગો. શ્રી વલ્લભરાયજી બાવાશ્રીના શુભ વિવાહ સં. ૨૦૫૪ માગશર શુદ ૫ ગુરૂવાર તા. ૪–૧૨–૯૭ના શુભ દિને ગોધુલિક સમયે નિર્ધારેલ છે.

આ શુભ અવસરે શ્રી મદન મોહન પ્રભુજીના વિવિધ મનોરથોનું આયોજન કરવામાં આવેલ છે.

આપશ્રીની આજ્ઞાથી શ્રી લગ્ન પ્રસ્તાવ સમિતિએ વૈષ્ણવોને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

શુભ લગ્ન પ્રસ્તાવ સ્થળ

શ્રી આણંદબાવા આશ્રમ લીમડા લેઇન,
જામનગર ફોન નં. ૭૮૮૨૯

શ્રી વાક્પતિ ફાઉન્ડેશન વડોદરા

શ્રીમદ વલ્લભાચાર્યના પુણ્ય સ્મરણ અને ચિરંજીવ સ્મૃતિ પ્રેરણારૂપે ફાઉન્ડેશનની સ્થાપના ૧૯૯૫–૯૬માં થયેલ છે જેના અધ્યક્ષ અને મેનેજીંગ ટ્રસ્ટી પુ. પા. ગો. ડો. વાગીશલાલજી છે.

આ ફાઉન્ડેશના હેતુ ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જીવન ઘડતર તેમજ મુખ્યત્વે આધ્યાતિમ વિકાસ થાય તેને અનુરૂપ પ્રવૃતિઓ જેવી કે શ્રી વલ્લભ વિદ્યાપીઠ પુષ્ટિમાર્ગીય જ્ઞાન કોશ પુષ્ટિમાર્ગીય બુદ્ધિ જીવીઓનું સંગઠન પુષ્ટી સામાયિક પ્રકાશન વિગેરે પ્રવૃતિઓ ચલાવી રહેલ છે.

ફાઉન્ડેશનની આ પ્રવૃતિઓને વૈષ્ણવો તન મન ધનથી આવકારી યોગદાન કરે.

આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ સત્સંગ સભામાં

અષ્ટસખા પૈકી એક શ્રી કૃષ્ણદાસ પંચ શતાબ્દી નિમિતે સંસ્થાએ પંચ શતાબ્દી ભવ્ય રીતે ઉજવાય તેમજ શ્રી વલ્લભાચાર્યના સિદ્ધાંત વિચારનો પ્રચાર–પ્રસાર થાય તે માટે પંદર સ્થળોએ સત્સંગ સભાઓ યોજેલ અને આ સભામાં પરિષદના મંત્રી તેમજ કર્મઠ કાર્યકરોએ શ્રી કૃષ્ણદાસની વહીવટી કુશળતા તેમની ભગવદ ભાવ નિષ્ઠા તેમજ સંપ્રદાયમાં તેમનું સાહિત્ય ક્ષેત્રે પ્રદાન વિગેરે વર્ણવીને ઉપસ્થિત વૈષ્ણવો ભાવ વિભોર બન્યા હતા.

આ સંમારંભના આયોજની વિશિષ્ટા તો એ તે કે વૈષ્ણવો તેમજ ગોસ્વામી બાળકોના સંયુકત પ્રચારક જે પ્રેરણાદાયક રહેશે.

પદયાત્રિકોને ભાવભીની વિદાય

સંસ્થાના પ્રોત્સાહનથી તેમજ પુનિત આશ્રમ કપડવંજતા સહયોગથી શ્રીનાથ દ્વારા જઈ રહેલા પદ યાત્રીઓને સંસ્થાના સંગઠન મંત્રીશ્રીએ શ્રીમદ વલ્લભાચાર્યજીએ પદયાત્રા કરેલ તેનુ સ્મરણ કરાવેલ અને માત્ર દરમ્યાન નિષ્ઠાકીય સંગઠન સ્મરણ કરતા રહેવુ તે વાત સમજાવી હતી, વિશ્વ હિન્દુ પરિષદના કપડવંજ અધ્યક્ષશ્રીએ તેમજ શ્રી નરહરિ ભગતે યાત્રાનુ મહત્વ સમજાવ્યુ હતું મહાનુભાવોએ તેમજ વૈષ્ણવોએ યાત્રિકોનુ સ્વાગત કરીને પ્રાસંગિક પ્રવચનો સાથે ભાવભરી વિદાય આપી હતી.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Publishedon thir
date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P48

નવલી પ્રભાતે

ઉર્મી હૃદયની ઠલવતો વ્રજરાજ ચરણ સરોજમા,
નવ વર્ષના આનંદમા ગુણગાન ગાઓ રસેશના;

પ્રભુ મંદિરે રસ પ્રેમનો રેડી હૃદય દીપક ધરો,
નવ વર્ષની નવલી-પ્રભાતે ભકિત રસ પાઓને પીઓ.

પ્રેમ રસમા ભાવ ભીના હરિજનો કલ્લોલજો,
ભાવ ભીના ભકતજન હો! પ્રેમ રસમા મહાલજો;

આર્ય ન્હાના બાલુડાઓ, આર્ય સંસ્કૃતિ શીખજો,
નવ વર્ષની નવલી પ્રભાતે ભકિત રસ પાઓને પીઓ.

વિવિધ પ્રકારે લાડ લડાવો; રસ પ્રચૂર રસરાજને,
નયનો નિરખીને ઠારજો ગોપીપતિ વનમાળીને;

ભકિત રસ સરિતા મહિં ન્હાજો અને નવરાવજો,
નવ વર્ષની નવલી પ્રભાતે ભકિત રસ પાઓને પીઓ.

પુષ્ટિ પથથી ચ્યુત થશો નહિ દ્વેષ બુદ્ધિ ત્યાગજો,
આચાર્ય શ્રીમહાપ્રભુનો એક આશ્રય રાખજો;

શુદ્ધ નિર્ગુણ પુષ્ટિને સમજો અને સમજાવજો,
નવ વર્ષની નવલી પ્રભાતે ભકિત રસ પાઓને પીઓ.

પ્રેષક : કુમારી જ્યોત્સના બી. શીંગાળા,
મહોબતપુર (નવાગામ)

અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રમણભાઈ પ. પટેલ, 'અમૃત' જયરાજ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ-૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૩૬૨૧૩૮



વચન સુધા

"વળી એક દીવસે પુછયું કે આજીવ ભગત કથા સાંભળે છે તથા ભગવત સેવા કરે છે. પણ જીવ કોરોને કોરો દેખાય છે તેને કાંઇ ભગવદ ધર્મ સ્પર્શ કરતો નથી તેનુંકારણ શું ? ત્યાં કહે છે કે આ જીવ કથા સાંભળે છે પણ તેનો જીવ કથામાં લાગતો નથી જયારે જીવનું મન કથામાં લાગે ત્યારે ભગવાનને ગોતતો ફરે તે કોની પેઠે ? જેમ કે કોઇ પુરૂષ અન્ના વીના ભુખે મરતો હોય પછી તેને ઉત્તમ ભોજન મળે ત્યારે તે ઘણુ સુખ પામે છે તેમ આ જીવ કથા સાંભળીને સુખ પામે. શ્રવણે કથા સાંભળે, પછી તેના કાનરૂપી દ્વારમાં થઇને તેના હ્રુદય રૂપી સીંધાસનમાં ભગવાન બિરાજે છે ત્યારે તેના હ્રુદયમાં કામ ક્રોધ રૂપી જે ચોર છે તેને મારીને કાઢી મુકે તે કોની પેઠે કે જેમ રાજા બેઠો હોય ને ચોર ચોરી કરે તો માર્યો જાય પણ રાજા વીના તે ગમે એટલી ચોરી કરે તો પણ કોઇ પુછે નહીં.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમદ્દુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૩૧

● આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ●

વર્ષ ૧૬ : અંક-૧૦ ● જાન્યુઆરી, ૧૯૯૮

શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ● આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦૦૦૧

"શ્રી વલ્લભ સુધા"ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનીડા** (વાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોડભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા રૌકડની વાડીમાં

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૩૪, સરદાર પટેલનગર, એલિસ બ્રીજ

૪. **અંકલેશ્વર** શ્રી ગોપાલ એન. શાહ
સી/૫ જી આઈ એલ્ કોલોની
જી આઈ ડી. વાલીયા રોડ,

૬. **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઈ
"વ્યાપિ વૈકુંઠ"

૫. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૭. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૮. **ગોંડલ** શ્રી ભાષ્કરભાઈ ચત્રભુજભાઈ સોની
રાયજાદા શેરી, મોટી બજાર

૯. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o કાનજી સવજી પારેખ
મહેતા બિલ્કીંગ, ૧લે માળે

૧૦. **જુનાગઢ**

૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o શ્રી રૂગનાથ વસરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ

૨. શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિકિરણ એપાર્ટમેન્ટ

૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
"કિરણ" ૪ જલારામ સોસાયટી
લોઢીયા વાડી સામે

૧૧. **ડોમ્બીવલી** શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮/શીવલીલા, તિલક નગર
ગોપાલનગર રોડ–૧

૧૨. **જેતપુર**

૧. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી

૨. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૩. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુકલ શેરી, વઘાસીયા ચોરા

૧૪. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શકિત મંદિર સામે

૧૫. **પોરબંદર**
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ

૧૬. **પાંચપીપળા**
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૭. **બોરીવલી** (વેસ્ટ)

૧. શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યોમેશ' ૧લે માળે ફલેટ નં. ૪૭ 'સી' વીંગ
લક્ષ્મીનારાયણ હોલ મંડપેશ્વર રોડ,

૨. શ્રી ધરમશીભાઈ પટેલ
C/o ભુમિ ઈલેકટ્રોક કું.
૭/A વર્ધમાન એપાર્ટમેન્ટ સોડાવાળા લાઈન

૩. શ્રી શશિકાંતભાઈ પરીખ
મંત્રી, મહારાષ્ટ્ર રાજય સમિતિ
૩, બી બ્લુસ્કાય. પમો કાર્ટર રોડ

૧૮. **ઘાટકોપર** (પૂર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ
રાજાવાડી, એમ. જી. રોડ.

૧૯. **મુંબઇ**
આં. રા. પુ. વૈ. પરિષદ
જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે.

૨૦ **મોરબી**
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચવરા
૪, ખત્રીવાડ

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

* શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
* ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
* શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતા લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ શ્લોકોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
* લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
* શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
* શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
* ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભ વિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક :

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૧૦ ✻ જાન્યુઆરી ૧૯૯૮

મનને શિક્ષા

ધન હી ધન કરત સબ ખોયો ।।
હરિ રસ રવાદ તન ક નહીં ચાખ્યો, સબવિધિ માયા મોયો ।૧।
દેખી અટારી ઉંચી ગહેરી, પરનારીન સંગ સોયો ।।
જરા વ્યાધિને આની સતાયો, તબ કરમન કો રોયો ।૨।
માનુષતન અમોલીક ખોયો, ફીરી પાછેં નહીં જોયો ।
'રસિકદાસ' જન સોઇ બડભાગી, શ્રી વલ્લભ પદ ચિત્ર પ્રોયો ।૩।

✻ ભાવાર્થ ✻

અરે મન ! તેં જીંદગી આખી ધન દ્રવ્યનું રટણ કરતાં જ ખોઇ માનવ દેહ ધર્યાનું સાર્થકય, જે ભગવદ રસનો આસ્યાદ લેવો તે તો જરાયે ચાખ્યોય નહિ. આખું જીવન માયાના મોહમાં જ વીતાવ્યું

મોટા આવાસ નિવાસના ખ્યાલ જોયા અને અનેક વિષયની લાલસા રૂપ પરનારી સાથે સુતો (સ્વપ્નમાં પણ હરિસ્મરણ ન કર્યું.)

હવે જયારે રોગ અને ઘડપણથી દેહ ઘેરાયો ત્યારે કરેલા કર્મોને યાદ કરીને રોયો હવે પસ્તાય છે ? અમુલ્ય એવો માનવ દેહ વેડફતી વખતે પાછું વાળીને ન જોયું.

શ્રી રસિકદાસજી (શ્રી મટુજી) મહારાજ આજ્ઞા કરે છે કે મોટા ભાગ્ય શાળી તો એજ છે કે જેણે શ્રીમદ વલ્લભ પ્રભુના ચરણ કમલમાં ચિત્તને પરોવ્યું છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃતિ

ભાષાંતર પ. ભ. શ્રી બાબુભાઈ પી. નાયક, કડી

-ગતાંકથી ચાલુ

શ્લોક : કૂલ્યાઃ પૌરાણિકાઃ પ્રોક્તાઃ પારંપર્યયુતાઃ ભુવિ ।૩।

શબ્દાર્થ : ભુવિ–ભૂતલ પર, પારંપર્યયુતાઃ–પરંપરાથી, પૌરાણિકાઃ–પુરાણો વાંચનારાઓ, કૂલ્યાઃ-નહેરના જળ જેવા, પ્રોક્તાઃ-કહેલા છે. (૩)

શ્લોકાર્થ : ભૂતલ ઉપર વંશપરંપરાથી પુરાણ વાંચનારાઓ નહેરના જલ જેવા છે.

વિવરણ : હવે શ્રી કલ્યાણરાયજી બીજો ભાવ કહે છે કે પુરાણ વાંચનારાઓ નહેરના જળ જેવા સમજવા. નાની કૃત્રિમ રીતે બનાવેલી નહી એટલે નહેર. પૌરાણિકોના ભાવને નહેરના જળ જેવો ગણ્યો છે. પુરાણને ભણનારાઓ અથવા પુરાણને જાણનારાઓ એટલે પુરાણ અને ઇતિહાસને ભણાવનારાઓ કૃત્રિમ નહી એટલે નહેર જેવા છે અને તેમનો ભાવ નહેરના જલ જેવો છે. જેમ પૃથ્વી ઉપર મોટા જલાશયમાંથી પરંપરાથી નહેર લેવાય છે તેમ આ ભૂમિ પર પૌરાણિકો પણ પરંપરાથી સારા ગુરુ પાસેથી વિદ્યા ભણીને પુરાણના અર્થને જાણનારા થાય છે. સારા ગુરુ પાસેથી ભણ્યા સિવાય શ્રીમદ ભાગવત કે વિષ્ણુપુરાણ વગેરેમાં (*) ત્રણ પ્રકારની ભાષા હોય છે. જે આસુરી જીવને મોહ કરનાર હોઇ જેને લીલાના સ્વરૂપનું જ્ઞાન ન હોય તેને અનર્થ કરનારી બને છે. જેમ હંમેશા મહેનત કરે તો નહેરમાં પ્રવાહ ચાલે, જો દરરોજ મહેનત ન કરે તો પ્રવાહ બંધ થઇ જાય, તેમ પુરાણના પઠનને નિત્ય યત્નપુર્વક પકડી રાખે તો તેના ભાવનો ઉદય થાય, જો તેમ ન કરે તો ન થાય. આ બતાવવા નહેરનું દ્દષ્ટાંત આપેલ છે.

શ્લોક : ક્ષેત્રપ્રવિષ્ટાસ્તે ચાપિ સંસારોત્પત્તિ–હેતવઃ ।૩॥।

શબ્દાર્થ : ક્ષેત્રપ્રવિષ્ટાઃ–ખેતરમાં પ્રવેશ કરેલ જળના સમાન, તે–તેઓ (ઉપર બતાવેલ ગંધર્વો અને પુરાણિઓ) ચાપિ–(ચ+અપિ) અને પણ, સંસારોત્પત્તિહેતવઃ–સંસારની ઉત્પત્તિના કારણરૂપ થાય છે. (૩॥)

ટીપ : (*) શ્રીમદ ભાગવતજીમાં ત્રણ પ્રકારની ભાષા છે. (૧) સમાધિભાષા (૨) પરમત ભાષા અને (૩) લૌકિક ભાષા. જો સારા ગુરુ પાસે જે શ્રીમદ ભાગવતજી શીખે તેને આ ત્રણે ભાષાનું જ્ઞાન થાય, પણ પોતાની બુદ્ધિથી શ્રીમદ ભાગવતનો અર્થ જાણતો હોય તેને તે ભાષાભેદનું જ્ઞાન થાય નહીં.

Jan '98

શ્લોકાર્થ : જે વક્તા પોતાના કુટુંબના ભરણ–પોષણ માટે કથા વગેરે કરે છે તેમનો ભાવ ખેતરમાં પ્રવેશ કરેલ જલ જેવો છે.

વિવરણ : ખેતરમાં પ્રવેશેલ જલથી ત્રીજો ભાવ કહેવામાં આવે છે. ફરીથી પહેલાં કહેલા ભાવ પ્રમાણે કહે છે. 'ક્ષેત્ર' શબ્દથી સ્ત્રી અને શરીર એમ બંને સમજવાના છે. શબ્દકોષમાં આ પ્રમાણે લખેલું છે તેથી એવો ભાવ સિદ્ધ થાય છે કે દેહ અને કુટુંબના પોષણ માટે પુરાણ અને ઇતિહાસ ભણાવનારાઓ પોતાના સંસારની ઉત્પત્તિના કારણરૂપ થાય છે. નહેરનું જલ પણ ખેતરમાં પેસે તો સારી રીતે સારરૂપ અન્નની ઉત્પત્તિના કારણરૂપ થાય છે. જેમ સ્નાન, આચમન વગેરે બાહ્ય શુદ્ધિ માટે છે. આંતરશુદ્ધિ માટે નથી અને સ્વર્ગ વગેરેની પ્રાપ્તિ માટે પણ નથી. 'અપિ' શબ્દથી એમ સમજવાનું છે કે ખેતરમાં પ્રવેશેલું જળ ગાયકજનો એટલે ગાંધર્વ જેવું હોઇ સંસાર ઉત્પન્ન થવાના હેતુરૂપ બને છે. અર્થાત 'અપિ' એવો ભાવ ઉત્પન્ન કરે છે કે ખેતરમાં પ્રવેશેલ જલની જેમ સ્ત્રીમાં કે શરીરમાં આસકત ગાયકજનો (ગાંધર્વો) પણ સંસારના કારણરૂપ થાય છે. શ્રી ગુસાંઇજીએ 'ભકિતહંસ'માં લખેલું છે કે 'વૃત્યર્થં ચેત્ કૃષિયલ્લૌકિક એવ' આજીવિકા માટે જ જો ભગવન્નામ લેવામાં આવે તો ખેતરમાંથી અનાજ વગેરે ઉત્પન્ન થાય છે તેમ લૌકિક ફલની પ્રાપ્તિ થાય છે તેમ ગીતાજીમાં પણ કહેલું છે કે 'યે યથા માં પ્રપદ્યન્તે' જે જે રીતે મને ભજે છે તે જ રીતે હું (ભગવાન શ્રીકૃષ્ણ) તે જીવને ભજુ છું. એટલે કે જીવ જેવા ભાવથી પ્રભુને શરણે જાય છે. તેને તેના ભાવ પ્રમાણે પ્રભુ ફળ આપે છે. શ્રીમદ ભાગવતમાં પણ કહેલું છે કે–

યસ્તઆશિષ આશાસ્તે ન સ ભૃત્યઃ સ વૈ વણિક ।
આશાસાનો ન વૈ ભૃત્યઃ સ્વામિન્યાશિષ આત્મનઃ ॥

જે તમારી પાસેથી (ભકિત કરીને તેના બદલામાં) કામનાઓની આશા રાખે છે તે તમારો ભકત નથી, પણ વણિક છે. એટલે કે વેપાર કરનાર વાણિયો જેમ વેપાર કરીને ફાયદો મેળવવાની આકાંક્ષા રાખે છે, તેવી રીતે ભકિત કરીને તેના ફાયદાની ઇચ્છા રાખનારને આવા જ સમજવા. પોતાના સ્વામી પાસેથી ફાયદાની ઇચ્છા રાખનાર ચાકર (દાસ) કહેવાય નહિ, વળી આગળ કહે છે કે (દશમસ્કંધમાં રાજા યુધિષ્ઠિરે ભગવાન શ્રીકૃષ્ણને કહેલું કે)–

ત્વત્પાદુકે હ્યવિરતં પરિ યે ચરન્તિ ધ્યાયન્ત્યભદ્રનશને શુચયો ગૃણન્તિ ।
વિન્દન્તિ તે કમલનાભભવાપવર્ગઆશાસને યદિ ત આશિષ ઇશ નાન્ય' ઇતિ ॥

હે કમલનાભ ! (જેની નાભિમાં કમલ છે એવા ભગવાન) અમંગલને દુર કરનાર એવી આપની પાદુકાજીની જે નિત્ય સેવા કરે છે, ધ્યાન કરે છે અને પવિત્ર થઇને તેનો ઉચ્ચાર કરે છે તે સંસારમાંથી (છુટીને) મુકત થઇને મોક્ષને પામે છે. અથવા તેનો સંસાર છુટી જાય છે તેને કોઇ બીજી કામના પછી રહેતી નથી.

(ભાવાર્થ એ છે કે તેવો જીવ બીજી કામનાઓની ઇચ્છા રાખતો નથી તો પણ કદાચિત રાખે તો તે કામનાઓને તે પ્રાપ્ત કરે છે. બીજુ કંઇ તેમને પ્રાપ્ત થતુ નથી. ભગવદ

ભકતોએ કોઇ સાંસારિક કામનાઓ રાખવી નહિ. તે છતાં જો તે ઇચ્છા રાખે તો તેની તે ઇચ્છા ભગવાન પુરી કરે છે. જો કે તેણે કામના ન રાખવી તે ઉત્તમ પક્ષ છે. તેથી ભગવદ નામાત્મક પુરાણ વગેરેનું વાંચન કરીને તેમાંથી પોતાના અથવા સામાના ઉદ્ધરનો વિચાર નહિ કરતાં કેવળ દેહ અને સ્ત્રી વગેરેને માટે લૌકિક ફળને જ પ્રાપ્ત કરવાની જે જીવ ઇચ્છા રાખે છે તો તેની તેવી ઇચ્છા સંસારની ઉત્પત્તિના કારણરૂપ થાય છે.) (૩।)

હવે પછી શ્રી મહાપ્રભુજી ચોથા ભાવનું નિરૂપણ કરે છે–

શ્લોક : વેશ્યાદિસહિતા મત્તા ગાયકા ગર્તસંજ્ઞિતાઃ ।૪।

શબ્દાર્થ : વેશ્યાદિસહિતા–વેશ્યાઓના સંગમાં રહેનારા, મત્તાઃ–ઉન્મત્ત, ગાયકાઃ–ગવૈયા, ગર્તસંજ્ઞિતાઃ–ખાડામાં રહેલા જળ જેવા. (૪)

શ્લોકાર્થ : કેટલાક ગાયકો વેશ્યા જેવી સ્ત્રીઓમાં આસકત હોય છે. તેઓ ખાડાના અંધીયાર જળ સમાન હોય છે.

વિવરણ : શ્રી કલ્યાણરાયજી આજ્ઞા કરે છે કે– 'વેશ્યાદિસહિત' એમ શ્લોકમાં જે લખેલું છે તેમાં 'આદિ' શબ્દનો એવો અર્થ થાય છે કે વેશ્યાનો સંગ કરનાર અને જુગાર રમનારાઓ સમજવા. કપિલદેવના વાકય છે–

ન તથાસ્ય ભવેન્ મોહો બન્ધશ્ચાન્યપ્રસંગતઃ ।
યોષિત્સંગાદ્યથા પુંસો યથા સત્સંગિસંગત ॥

સ્ત્રીના સંગથી કે સ્ત્રીઓનો સંગ કરનારાઓના સંગથી પુરૂષને જેવો મોહ કે બંધન થાય છે તેવું બીજાના સંગથી થતું નથી.

તેથી વેશ્યાદિ સહિતના ગાયકજનો ગર્તના (ખાડાના) જળ જેવા છે. તેઓનો ભાવ પણ ખાડાના જળ જેવો (ગંદો) હોય છે. તેઓ વિષયોના કારણે બાધિત હોય, દુરાચારી હોય, છતાં પણ જ્યારે સમય આવે ત્યારે ભગવાનનું ભજન કરતાં હોય તો પણ સારા મનાય તેવું તેઓ કરતા નથી. આથી કહે છે કે તેઓ મત્ત અથવા વેશ્યાદિમાં આસકત છે. એટલે આસકિતના કારણે તેઓ મદોન્મત્ત બની ગયેલા હોવાથી તેમને સ્વામીનું પણ (ભગવાનનું પણ) અનુસંધાન રહેતું નથી. આથી તેઓ ભગવાનનું માહાત્મ્ય જાણીને ભાવથી (પ્રીતિથી) ભગવાનના ગુણગાન ગાતા નથી, પણ પોતાનો કંઠ સારો છે તેથી ગીત સંભળાવવા કૃષ્ણકીર્તન કોઇ વખત ગાય છે તેથી તેઓનો ગર્તના જળ (ખાડાના જળ) જેવો ભાવ છે. તેથી તેમનો ભાવ કુવા કે નહેરના જળની જેમ સંતોષ આપનારા ગુણોવાળો નથી. જેઓ મદોન્મત્ત નથી તેઓને કુવાના જળના ભાવવાળા જાણવા. (૪)

–ક્રમશઃ

॥ શ્રીવલ્લભ ॥

ભકિત પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

નૃગ ભૂપે ગોદાન કર્યાં કેટલાં ? કાંઇ ગણુતા ન આવે પાર,
એક દિવસ અણુ દોષ પડયો, કૃકલાશ થયો અવતાર.
અવતાર અધમ, થઇ જગમાં હાંસી,
ગૌદાન પુન્ય ગયું કયાં નાશી ?
દાન કર્યાં તોયે પામ્યો દુઃખ,
શા માટે ? જે હતો હરિ વિમુખ.
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૪૪)

વિવેચન : આ અગાઉં એકડા વગરના મીંડાના દૃષ્ટાંતોથી સમજાવ્યું હતું. હવે ભકિત વગર બધા દાન પુન્ય પણ શુન્ય જ છે. તે માટે દૃષ્ટાંતથી સમજાવે છે- ગમે તેટલા દાન કરો ભકિત વગર નકામા થશે. કર્મને આધારે સુખ દુઃખ બન્ને ચાલ્યા જ કરશે. કર્મ કરતા જ્યાં ઉલટુ પડયું ત્યાં પુન્ય કરતા પાપ વધી જાય છે.

શ્રીમદ ભાગવત નવમ સ્કંધમાં નૃગ રાજાનું આખ્યાન આપ્યું છે-

રાજા નૃગ દાનેશ્વરી હતો. રોજ ગોદાન દેવું તેવો તેનો નિયમ હતો. વરસો સુધી આમ તેનો નિયમ ચાલુ રહયો. એકવાર ગૌદાન સંકલ્પ થયા પછી ખબર પડી કે કાલે જે ગાય દાનમાં આપી હતી તે આજે ટોળામાં ભળી ગઇ હતી. તેથી બ્રાહ્મણો પરસ્પર લડી પડયા. પહેલો કહે આ ગાય મારી છે ત્યારે આ બીજો કહે મને હમણાં જ દાનમાં મળી છે તે બંને બ્રાહ્મણો લડતા રાજા પાસે આવ્યા. રાજાએ એકના બદલામાં અનેક ગાયો દેવાનું કહ્યું, પરંતુ બ્રાહ્મણો માન્યા નહીં અને કલેશ થયો. હજારો ગોદાનો દીધેલા તેને બ્રહ્મકલેશનું પાપ લાગ્યું.

જીવનનાં અંત પછી યમરાજનાં દરબારમાં જઇને જાણ્યું કે બ્રહ્મકલેશનું પાપ તેને શીરે છે. તેથી રાજાએ પહેલાં પાપ ભોગવવાનું મંજુર રાખ્યું, તેથી અંધારા કુવામાં કરચલો થઇને પડયો. તે અવતારમાં અનેક પાપ વધતા ગયા. આમ એક પાપમાંથી અનેક પાપોના બંધનો થવાથી તેનો ઉદ્ધાર દુર દુર જતો રહયો. દ્વારકા લીલામાં તે કરચલાનો પ્રભુએ ઉદ્ધાર કર્યો અને તેમણે બાળકોને સમજાવ્યું કે બ્રહ્મકલેશથી દુર રહેજો.

અત્રે તત્વ એજ નિકળે છે કે હજારો ગૌદાનોનું ફળ કયાં ગયું ? અને થોડુંક જ પાપ હતું તે પાપમાંથી પાપનો વધારો થતો ગયો. આમાં તત્વવસ્તુ બતાવી કે ભકિત વગરનું દાન પણ શ્રેયકર નથી. માટે જ શાસ્ત્રો ભકિતને શ્રેષ્ઠ ગણે છે. ભગવાનને શરણે જઇ તેને જ આશ્રયે સર્વ કર્મ કરે છે તેથી તે ભકત કર્મ બંધનથી બંધાતો નથી. ભકત પાપ કર્મ કરે જ નહીં અને પુન્યનો હકદાર બનતો નથી. જેમણે સર્વ ધર્મનો ત્યાગ કરી કેવળ શ્રી કૃષ્ણનું સ્મરણ, ભજન, કિર્તન વિગેરે કર્યું છે તેનું આશ્રયસ્થાન શ્રીકૃષ્ણનાં યુગલ ચરણોમાં જ છે. પ્રભુ ભકતાધિન છે. તેથી તે ભકતને બુદ્ધિનું દાન પ્રભુ આપે છે. તેથી તે બુદ્ધિનો ઉપયોગ ભકિત કરવામાં જ તે કરે છે.

વળી કર્તાપણાનું અભિમાન ન હોવાથી તે દંભરહિત હોય છે. અભિમાન તો પાસે રાખે જ નહીં તે તો કહે છે પ્રભુ 'અહં ત્વાં શરણાંગતામ્' હે પ્રભુ ! હું તો આપને શરણે છું મને સદબુદ્ધિ આપો જેથી હું આપનું જ શરણ ગ્રહીને સદા રહું. કર્મ–અકર્મથી મારે કાંઇ મતલબ જ નથી. મારા સ્વામી આપ છો. હું તો આપનો દાસ છું. મારૂં શું થશે તેની ચિંતા હું શા માટે કરૂં ? હવે આ જીવને કયાં રાખવો ?, કેમ રાખવો ? તે આપ જાણો ! 'નિજેચ્છાત કરિષ્યતિ' આ મુજબ આપની ઇચ્છા હોય તેમ કરો– મેં તો મારા તન, મન, ધન, આ લોક, પરલોક બધું જ આપના ચરણોમાં મુકયુ છે. ભલું શું ? બુરૂં શું ? તે કાંઇ સમજણ મને નથી, એટલું જ જાણું છું કે, આપનાં ચરણારવિંદમાં ભકિત નિવાસ કરે છે તેનું દાન મને આ:પો. મારે પોતાને કોઇ દાનેશ્વરી બનવું જ નથી. ભકિતનું દાન તે પણ અનન્ય ભકિતનું જ હું તો એકાગ્ર ચિત્તથી અનન્યતા રાખી આપની ભકિત કરૂં !

કેવળ ભકિત પ્રભુકો પ્યારી, વશમેં હોય આપ ગિરધારી;
ભકિત વિના ભગવંત દુર્લભ, કહત નિગમ પુકારી.

આ દોહરા મુજબ પ્રભુને પ્રાપ્ત કરવા કેવળ ભકિતની જ જરૂર છે. જેને વેદ શાસ્ત્રો વિસ્તારથી સમજાવે છે–

પ્રભુને પણ ભકિત જ વહાલી છે. જે ભકિત પ્રભુને પણ દાસ તરફ ખેંચીને લઇ જાય છે. દાસ દુ:ખી તો હું દુ:ખી, દાસ સુખી તો સુખી. આ વાકય પ્રભુનાં જ છે. ભકતનાં સુખે સુખી અને દુ:ખે દુ:ખી, પ્રભુ માને છે.

આવું સુંદર મહત્વ ભકિતનું હોવા છતાં જે કર્મ, દાનના ચકકરમાં પડે છે તેને સારા નરસા બધાં કર્મો ભોગવવાનાં રહે છે. શુભ કર્મે સ્વર્ગ અને દુષ્કર્મે નર્ક. આમ આવાગમને પાપ–પુણ્યનાં ફળો ભોગવવાનાં રહે છે, ત્યારે ભકત કર્મ કરવા છતાં તે કર્મનો બંદીવાન બનતો જ નથી જેથી તેને માટે સ્વર્ગ અને નર્ક સમાન જ છે. ભગવદ ભકતની બુદ્ધિ સહેજે નિર્મળ હોય છે તેથી પાપકર્મ તે કરે જ નહીં, તેમ પુણ્યફળની ઇચ્છા તે રાખતો નથી.

કેટલાક ભકત બનીને સ્વાર્થ પોતાનો સાધે છે તેને માટે નીચેનું પદ–

(રાગ : બિહાગ)

મનારે તેં બહુવિધ પોલ ચલાઇ;
ભકત ભકત સબ જકક પુજાયો, યહ હૈ વિમુખ તાઇ ।૧।

ભગવદ ધર્મ કોડી કે પલ રેં, કહું કો કહું બિકાઇ ।
કોટીક ભાંતિ દીખાઇ દીનતા, તોઉન પેટ ભરાઇ ।૨।

કહાં લગ કરૂં પ્રસંશા તેરી, સમજી સમજી પછતાઇ ।
રસિકદાસ જનજાની કૃપાનિધિ, કછુ એક ધીર ધરાઇ ।૩।

આ પદમાં મનને ઉદ્દેશીને કહ્યું છે કે, તે તો ભાનમાં આવીને શું કર્યું ? કેવળ નકલી ભકત હોઇ પોતે પુજાવાનું શરૂ કર્યું. કેવળ સાંસારીક સ્વાર્થ ખાતર ધન, વૈભવ ભોગવવા, પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા ઉદરપોષણ કરવા, ભકત બનીને જગતમાં હીન ભકતની છાપ ઉભી કરી કેવળ સ્વાર્થની બાજી તું રમ્યો, તારૂ જ્ઞાન થોડું ઘણું હતુ તેને કોડીના બદલામાં વેચ્યું. કેમકે ભગવદ ભકિત તે હીરા સમાન છે. તે કેવળ લૌકિક સ્વાર્થ ખાતર તેં વેચી માર્યું, ભકત બની જગતને ઠગ્યું, આવું કૃત્ય તેં કર્યું છે.

પદ (રાગ : બિહાગ)

મનારે તેં અપનો ભલો ન બિચાર્યો;
ભર્યા નિર્લજ પાપકે વર્તે, મેં તોહી કહી કહી હાર્યો ।૧।

રત્ન પાપ કોડીકે પલટે, કહું કો કહું હે માર્યો ।
જૈસે ચંદન ભીલ સદનમેં, લે અગ્નિમેં ડાર્યો ।૨।

રસ સાગર તજી છીલર સેવ્યો, ગ્રીષ્મ ભઇ પુકાર્યો ।
રસિકદાસ જન સોહિ ચતુર, જીન શ્રીવલ્લભ નામ ઉચ્ચાર્યો ।૩।

” ” ”

આ પદની પણ ઉપર મુજબ જ વ્યાખ્યા છે કે, હે મન ! તેં તારૂં ભલુ શું કર્યું ? સાર વસ્તુ જાણવા છતાં અંધ બનીને કેવળ લૌકિક સુખ ખાતર તું પાપકર્મથી પણ ડર્યો નહીં. આ માનવ દેહ અણમોલ રત્ન મળી તેની તેં શું કદર કરી, કેવળ ભૌતિક સુખ પ્રાપ્ત કરવા ઉંમર વેડફી નાખી. આવ્યો હતો કર્મ ઘટાડવા ને ઉલટો વધારો કર્યો. રત્નની કિંમત તને નથી. ભગવદ યશગાન કરી પોતાનો સ્વાર્થ સાધ્યો. બીજાને કહ્યું કે, માયા જુઠી છે ભગવાનની ભકિત સાચી છે. આ વસ્તુ તું જાણે છે છતાં તેનો ઉપયોગ તેં કયાં કર્યો ?

જેમ ભીલ વનમાં રહેતો હોય તે ચંદનનાં લાકડાને લઇને પોતાનાં માટે ખાદ્ય પકાવવા ચુલામાં બાળે છે તેને ચંદનની કિંમતની ખબર નથી તેમ આ માનવદેહ મળી તેનો ઉપયોગ તે ક્યાં કર્યો ? તને થોડું ઘણું જ્ઞાન મળ્યું તેનો ઉપયોગ પણ તેં કર્યો ? તેનો વિચાર કર.

રસ સાગર મીઠા જળનો સાગર મુકીને ખાડાનાં પાણીને આશરે જે જીવન વીતાવે તેને ગ્રીષ્મઋતુ આવતાં જ પસ્તાવો થાય કે હવે મારે પાણી પીવા ક્યાં જવું, પરંતુ ત્યારે બહુ જ મોડું થયું હોય છે.

તેમ સમય રહેતા ચેતે તે જ ચતુર કહેવાય- અણમોલ સમયને શ્રી વલ્લભનું શરણ ગ્રહી લે તે રસ સાગર છે, ત્યાં બધુ ઉપલબ્ધ છે.

(રાગ – બિહાગ)

મનારે તેં લોક પ્રતિષ્ઠા ચહાઇ;
ભલોભલો કહી જગત બખાન્યો તામેં કહા ભલાઇ ।૧।
કરી દંભ સ્નેહ હરિજન સોં અપનો ઉદર ભરાઇ ।
સુકર કુકર સબ તોં સે અચ્છે, જાત સુભાવ અપનાઇ ।૨।
વિષય વિષ ભર્યો નખ શિખલોં, અરિકી કણ ચલાઇ ।
રસિકદાસકી ટેર સુનો પ્રભુ, કરૂણાનિધિ કરસાઇ ।૩।

આ પદમાં જગતની પ્રતિષ્ઠા કમાવાથી શું થવાનું છે. ભક્તિનો દંભ કરી કેવળ સ્વાર્થ સાધ્યો. તારા કરતા તો સુકર, કુકર સારા જે દંભ કરતા નથી જેવા છે તેવા દેખાય છે. માથાથી પગ સુધી લૌકિક માયાનાં ગુંણોથી ભરપુર તે વિષરૂપી છે તેને અપનાવ્યા છે આ હવે છોડીને કરુણાનિધીની સાચી ભક્તિ કરવી આ સાર છે, તે સમજીને ભક્તિ ગ્રહણ કર.

માટે કવિ કહે છે— સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૪૪)

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ મોરબી અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. પ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પ. ભ. ઇન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી હરિઃ ॥

અથ શ્રીમદ્ ગોસ્વામી શ્રી ૧૦૮ શ્રી નૃસિંહલાલાત્મજ ગો. શ્રી ગોવર્ધનલાલજી મહારાજ કૃત...

વચનામૃત–૩

એકસમે શ્રી કાકાજી મહારાજને એસી આજ્ઞા કરી, જો અપને શ્રી લાડિલેશજીકે સ્વરૂપકો ભાવ શ્રીલાડિલેશજીકે નામસુંહિ પ્રકટ દિખે હે. તબ હમને પુછી જો આપ આજ્ઞા કરો. તબ હમકો ખબર પરે. તબ આપને આજ્ઞા કરી, જો લાડિલી જો શ્રીસ્વામિનીજી તિનકે ઇશ નામ પતિ ભયે, જો એક સમય શ્રીનંદરાયજીકી ગાય ખો ગઇ, તાકું હેરવેકું શ્રીનંદરાયજી આપ પધારે. તિનકે સંગ હઠ કરકે બાલક બાલ ભાવકી નાંઇ શ્રી ઠાકુરજીહુ પધારે. વા સમે ગાયકું હેરતે હેરતે સાંઝ પડ ગઇ. સૂર્ય અસ્ત હોઇ ગયો. ઓર મેઘકી શ્યામ ઘટા ચહું દિશ છાઇ ગઇ, ઓર મેઘહુ ખુબ વરસને લગ્યો. તબ શ્રીનંદરાયજીને મનમે વિચાર્યો જો યે બાલક સંગ હે સો ડરપેગો સો કોન કે સંગ યાકું ઘર ભેજનો, યહાં કોઇ મનુષ્ય દીસત નાંહી. એસે વિચાર કરીકે બહુત ચિન્તામેં મન હોય ગયો. તાહી સમે શ્રીસ્વામિનીજી રાવલમેં બિરાજતે હતે સો ખિરકમેં ગાય દુહાય કે અપને ઘર પધારતે હતે સો ઉનકું શ્રી નંદરાયજીને બુલાયે, તબ આપ પાસ આયે તબ શ્રીનંદરાયજીને કહી, બેટી રાધિકા ઇતનો તો કામ કરો, કે યા કનૈયાકું હમારે ઘર યાકી માકે પાસ પહોંચાય આઓ, તબ શ્રીસ્વામિનીજીને કહી હાંહાં લાઓ, બડે પ્રેમસું બહોત જતન કરીકે ઘર પહોંચાય આવુંગી, આપ નિશ્ચિત રહો, એસે કહીકે શ્રીસ્વામીનીજી પ્રભુનકું ગોદીનમેં પધરાયકે ચલે રસ્તામેં આપ શ્રીસ્વામીનીજી વિચાર કરવે લગે જો વર બહુત સુંદર હે. પરંતુ છોટેહે સો કેસે હોય, મે બહુ બડી હોય ગઇ. એસે મન મેં વિચાર કરવે લગે તબ પ્રભુ તો અંતર્યામી હે, સો શ્રીસ્વામીનીજી કે હૃદયકી જાની, આપ શ્રીસ્વામીનીજીકે બરાબર હોય ગયે, ફેરી શ્રીસ્વામીનીજીકો મનોરથ પુર્ણ કર્યો. ફેરી આપ બાલક હોઇ ગયે, તબ શ્રીસ્વામીનીજીને શ્રીનંદરાયજીકે ઘર પ્રભુનકોં પોહોચાય દીયે, ઓર શ્રીજસોદાસજીસું કહી કે મેં બડે જતનસું પ્રભુનકો પધરાય લાઇ હું, સો આપ જતન કરીકે રાખો; સો સ્વરૂપ યે શ્રીલાડિલેશકોહે, સો જો ક્ષત્રાણી વૈષ્ણવ મહાવનમેં રહત હતી. ઉનકું ચાર સ્વરૂપ પ્રાપ્ત ભયે હતે. ચારે સ્વરૂપન કે નામ, એક શ્રીલાડિલેશજી, દુસરે શ્રીલલિતત્રિભંગીરાયજી, ઓર તિસરે શ્રીગોકુલચંદ્રમાજી, ઓર ચોથે શ્રીનવનીત પ્રિયાજી સો તામેસું શ્રીલાડિલેશજી તો જીયદાસકે માથે શ્રીમહાપ્રભુજીને પધરાય દીયે, સો ઇનને આછી રીતસોં સેવા કરી. ફિર દેહ થકી ઓર લીલામેં પ્રાપ્ત ભયે, તબ ફેર શ્રી મહાપ્રભુજીકે ઘર પધરાયે, સો સ્વરૂપ શ્રીલાડિલેશજી, શ્રીબાલકૃષ્ણજીકુ શ્રીદ્વારકાનાથ પધરાય દિયે તબ બિનકે સાંગ શ્રીગુસાંઇજીને શ્રીલાડીલેશજીકુ પધરાય દીયે સો સ્વરૂપ બુરાનપુરમેં બિરાજત હતો સોં શ્રી ગોકુલનાથજી વેરાવલ પધરાય લાએ. સો વાત પહેલે લિખાય ગઇ હે.

(ઇતિ શ્રી ગોવર્ધનલાલજી મહારાજકો તૃતીય વચનામૃત સંપુર્ણમ)

વચનામૃત-૪

ફિર એક દિન શ્રીકાકાજી મહારાજને એસે આજ્ઞા કરી, જો અપને ઉપર શ્રીલાડિલેશજી બીરાજે હે, સો બડે પ્રતાપી સ્વરૂપ હે. એક દિન હમારે શ્રી દાદાજી મહારાજકું આપને સ્વપ્નેમેં આજ્ઞા કરી જો હમકું રાજભોગમેં ખીરકી સંગ મોનકી પુરી ધર્યો કરો. સો આપને ન માની. ઓર પરદેશકુ પધારે. પીછાડીસું મંદિરમેં ચોરી ભઇ, આભરણ, વસ્ત્ર સબ ચોરીમેં ગયે. તિલક, કંઠી સુદ્ધાં, આપકું તાર કરીકે પધરાયે, ફિર આપને પંચામૃત સ્નાન કરવાયે; આપકે ઘેના (ધરેણા) છ તુડવાયકે સબ આભરન બનવાયે, તબ ફિર લાડિલેશજીને આજ્ઞા કરિ કે તુમને મોનકી પુરી નહી આરોગાઇ તાસુ હમને ચોરી કરવાઇ, તબ ફિર શ્રી દાદાજી મહારાજને મોનકી પુરી આરોગાઇ, એસે પ્રભુ હે. ઓર એક સમે એક ભીતરીયાને મોનથારકી સાંમગ્રી ચાંદીકે થારમેં ઢાલી હતી. સો વા ભીતરીઆકી બુદ્ધિ બીગડી સો થાર સામગ્રી સુદ્ધાં ચોરીકે ઘર લે ગયો. ઓર એક મલાયકું દે દીયો. સો આપને વૃંદાવન મુખીઆજી તથા જીણા અધિકારીકું સ્વપ્નમેં જનાઇ, જોમેરે આરોગે બીના વે મોનથાર લે ગયો. સો મોનથાર વા મલાઇકે ઘર હે તો તુમ જાઓ તો મિલે, સો વાઇ સમે વો ગયે, તો વાકે કમાડ ખુલ ગયે, ઓર વાકુ ધમકાયો તબ વાને થાર દે દીયો. આધો વિનને વા મેં તે ખાય લીયો હતો ઓર જો અધો હતો સો સમુદ્રમેં પટક દીયો, ઓર સુનારકે પાસ થાર ઉજરવાયો. ઓર પીછે થાર મંદિરમેં ધરે, ઓર એક સમેં મંદિરકે પરિચારકને માલામેંસે તીન મોતી ચના ચના જીતને લેલીને, ઓર રેલમેં બેઠકે કેશોદ ઉતર્યો સોબાન શ્રી લાડિલેશજીને જીણા અધિકારી તથા મુખીયાજી કુંસ્વ મેં કહી જો વો પરિચારક મેરે મોતી લેકે ભાગ ગયો હે સો કેશે દમેં હે. તુમ જાયકે અભી પકડો. મોતી મીલ જાયગે વાઈ સમે રેલમેં બેઠકે કેસોદ આયે. સૌ વાઇસમે દુસરે ઠીકાને જાનેકે લીયે વો પરિચારક સ્ટેશનપેં આયો. વો વાઇ સમે પકડાયો. સો વાકે છેડામેસું મોતી ખોલકે લે આયે. અબ એક સમે જીણા અધિકારીને ખાયવેકેં લીએ તમાકુ મગવાઇ હતી. સો ઉપર છત પર સુકવાઇ હતી. આપકું વાસ આઇ, સો સીડીપેં તે ધક્કા માર્યો સો ગીર પડયો. ઓર સ્વપ્નેમેં આજ્ઞા કરી જો તુમારી તમાકુકી વાસ બહોત આવત હે. સો તમાકુ મત સુકવાયા કરો. તા દિનસો વાનેં તમાકુ ખાનો છોડ દીયો. એક સમે શ્રી ગુસાંઇજીકે ઉત્સવકે દિન જલેબીકી સામગ્રીકાં થાર ભીતરીયા ભોગ ધરવેકું લાયો, સો રાજભોગ આયે હતે. સો તાતી તાતી જલેબી હતી. સો ભીતરીઆને ટુક લેકે મોઢમેં ડારી, તાઇ વીરીયા આપને વાંકુ તમાચા માર્યો સો બહાર તાંઇ ચટાકા સુન્યો. વાકો મોઢો ટેઢો હોય ગયો. ઓર ફેર સામગ્રી કરી તબ રાજભોગ ભયે. ઓર ભીતરીઆકું રજા દીની ઓર એક સમેં જીણાં અધિકારીકો તથા મુખીઆજીકો સ્વપ્નમેં આજ્ઞા કરી જો યહાં મંદિરકે સામને એક શ્રાવકકો ઘર હે, તહાં છતપેં ટોકરામેં વાલ બોયે હે સો.

વાડી સગણુ ભાજી બહુત અચ્છી ઉગી હે સો લાયકે રાજભોગમેં ધરીયો, તબ બાઇ બીરીયા દોઉ જને ગયે, વહાં જાયકે વાકું જગાયો ઓર વાસું કહી જો હુમારે યહાં છતપેં વાલકી ભાજી ઉગી હે સો હમકું દેઓ, હમકું એસી આજ્ઞા ભઈ હે યહ સુનીકે વાકું આશ્ચર્ય ભયો ઓર ભાજી દીની, ઓર વાને કહી જો તુમારે શ્રી ઠાકોરજી એસે બાતેં કરે હે. સો હમકું ભી વૈષ્ણવ કરો. ફેર હમારે દાદાજી મહારાજ પધારે તબ વે વૈષ્ણવ ભયે. એસે એસે અનેક ચરિત્ર બહુત હે સો કહાં તાઇ લિખિયે.

(ઇતિ શ્રી ગોવર્ધનલાલજી મહારાજકો ચતુર્થ વચનામૃત સંપુર્ણ)

શ્રીમદ ગો. શ્રી ગોવર્ધનલાલજી મહારાજ—

શ્રી ગોવર્ધનલાલજી મહારાજશ્રી મહાપ્રભુથી ચૌદમી પેઢીએ પ્રતાપી બાલક પ્રગટેલા 'આપશ્રીના' જીવન પ્રસંગોમાંથી નમુનાના બે પ્રસંગ 'સત્સંગ'ના અંકમાં **'તારા માટે'** એ શિર્ષક નીચે પ્રગટ થયા છે આથી પણ અધિક ભાવવાળા પ્રસંગોનો સમુહ આપશ્રીના સેવકો દ્વારા પ્રાપ્ત થયો છે જે સમયાનુસાર સત્સંગમાં પ્રગટ થશે. આપશ્રીની વંશાવલી નીચે પ્રમાણે છે.

(૧) શ્રી મહાપ્રભુજી (૨) શ્રી ગુસાંઇજી (૩) શ્રી ગિરિધરજી (૪) શ્રી દામોદરજી (૫) શ્રી વિઠલરાયજી (૬) શ્રી કાકાવલ્લભજી (૭) શ્રી ગિરિધરજી (૮) શ્રી વિઠલનાથજી (૯) શ્રી દ્વારકેશજી (૧૦) શ્રી ગિરિધરજી (૧૧) શ્રી મથુરાનાથજી (૧૨) શ્રી વ્રજરત્નજી (૧૩) શ્રી નૃસિંહલાલજી (૧૪) **શ્રી ગોવર્ધનલાલજી** (૧૫) શ્રી મગનલાલજી (૧૬) શ્રી ગોકુલનાથજી, શ્રી મુરલીધરજી.

રૂા. ૧૦૦ દ્વિ માસિક પૃષ્ઠ પ્રકાશન સહાય

ગો. વા. ઠાકર લાધારામ ધનજીભાઈ હ. ડૉ. એન. એલ. ઠાકર રાજકોટના જય શ્રી કૃષ્ણ

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક 'માધુરી' રાજકોટ

પદ–૪૬

જયતિ જય પ્રકટ ભુવી જકત ઉદ્ધાર હિત,
મંજુ ગતિ ધાર દ્રવી ધરની આઇ;
નીલ નવ વારિ શ્રી ધામ શ્રીઅંગ ઇવ,
સુભગ આવર્ત હરિનામી ઝાઇ. ૧

તિમિ તટ તરલ બહુ બાહુ મનુ ભાનુજા,
મુકિતકા બાલુકા કાંત લોની;
પુષ્ટિ રસ મુકિત કી બેલી ફરી ભકિત ફલ,
પરમ આનંદ રસ વિદિત છોની. ૨

કૃષ્ણ વામાંક આસીન સર્વેશ્વરી,
શકિત અહલાદની પ્રણુતપાલી;
પુલિન સુખ અવધિ આરણ્ય નવ કુસુમ મધિ,
શ્યામ સુત રચિત મંડિત દ્વિજાલી. ૩

દરસ જલપાન અદભુત અનુપ ગતિ,
પરમ આશ્ચર્ય કૌતુકાતિ ભારિ;
કટતિ યમ શૃંખલા પ્રેમરસ દાન પ્રદ,
અજિત મન જિતત રાસાધિકારી. ૪

ઔર ગંભીર શ્રુતિ વિદિત વિરુદાવલિ,
જાન્હુજા તોહિ મિલી કિર્તિ રાસી;
વિહંસિ બ્રજ વિપિનિ તટ નિપટ સબ ગોપિકા,
કરત નવ કેલિ ગોલોક વાસી. ૫

કોટિ સત કામ ગો સરિસ શરણાગતિ,
મુરારી પદ પદમાનુરાગ સિદ્ધિ;
ધૂમ ધ્વજ જાત નિજ વકત્ર અસ વચ કહ્યો,
નામ યશ ગાન પ્રદ મોદ રિદ્ધી. ૬

રાગ સંગીત પથ ચાતુરી દિવ્ય તનુ,
અમિત રતિકામ છબિ ભૂરિ દાયા;
યાહિ યહ બલ્લભી પાતુ રાસેશ્વરી,
મૃદુલ ચિત્ત પેખ બલિ કૃષ્ણ જાયા. ૭

ભાવાર્થ : પૃથ્વી ઉપર પધારી જગતને પાવન કરવા જળરૂપે પધારેલા એવા શ્રી યમુનાજી આપનો જય થાઓ. નવીન મેઘના સમાન નીલવરણી આપ હરિનું નામ કૃષ્ણ છે તેથી આપે કૃષ્ણા નામ ધારણ કરેલ છે.

હે સૂર્ય પુત્રી ! આપના સુંદર તટ ઉપર મોતી સમાન ચમકતી સુંદર વાલુકાની કાન્તિ અદભુત શોભે છે, તેટલું જ નહિ તેનાથી તે અનેક ભાવોનું સુચન કરે છે. માનો કિનારા ઉપર મોતી (મુકિત)ની વેલી પ્રસરી રહી હોય અને તેમાં ભકિતરૂપી ફલ લાગેલા હોય તેવા પરમ આનંદ રસનું ભાન કરાવી રહેલ છે.

આપની શકિત પણ આનંદદાયક હોયને જે કોઇ આપને પ્રણામ કરે તેને ઇચ્છિત ફલ પ્રદાન કરવાવાળી સર્વેશ્વરી છો. કૃષ્ણની સદા વામાંક રહી ભકતોને પ્રતિપાલન કરવાવાળી છો

આપના કિનારા ઉપર અનેક કુસુમાવલી ખિલેલી તેમજ પાસમાં જ વનમાં ઉગેલા તરેહ તરેહનાં કુલોથી ભરપુર તે સુંદરતામાં વૃદ્ધિ કરે છે. નિત્ય નવિન પ્રકારનાં પુષ્પો જોતાં હોય અને પધારવાની પ્રતિક્ષાથી આનંદ વ્યકત કરતા હોય, માનો તેવી જ ભાવના મગ્ન થઇ વૃક્ષલતાઓએ શૃંગાર ધારણ કર્યો હોય તેમ વિકસિત થઇને સ્વસ્થ ગોઠવાઇ રહેલ છે. આવું આપનું એદભુત દર્શન છે તેમજ જે કોઇ આપના જળનું પાન કરે છે તેને ઉચ્ચગતિ પ્રાપ્ત કરાવો છો.

કૃપા કરતી વખતે આપ જીવોનાં દોષો તરફ અગર તો જાતિ કર્મ યોગ્યતા વિગેરે જોતા નથી કેવળ કૃપા કરી તેની અનુપમ ગતિ થાય તે જ આપનું મહાન ઐશ્વર્ય છે. આ એક મહાન કૌતુકભર્યું ઐશ્વર્ય છે કે આપની કૃપાથી યમયાતનાં તો મટી જાય ઉપરાંત મહાન ભગવત પ્રેમરસનું દાન પણ કરો છો. પ્રભુ અજીત છે તે કોઇના વશમાં આવી શકતા નથી, તેનું મન આપે જીતી લીધું છે. એટલે કે અજીત ઉપર આપે જીત મેળવી છે.

આપના રાસના અધિકારી રૂપ છો. આપના તટ પર રાસ થાય તે યુગલ સ્વરૂપને વિશેષ આનંદ પ્રાપ્ત કરાવે છે તેટલું જ નહી સકળ ગોપી આપનો યશોગાન કરે છે. શ્રી ગંગાજી પણ આપનો સાથ કરીને મહાન ઐશ્વર્ય પ્રાપ્ત કરી કીર્તિમાન બનેલા છે. સમસ્ત ગોપીજનો આપના કિનારે રહેલાં વનોમાં વિહાર કરી પ્રસન્નતા પુર્વક ગોલોકાધિપતિની સેવા કરી પ્રસન્નતા પ્રાપ્ત કરેલ છે.

પ્રભુને રીઝવવા રસાત્મક બધી સામગ્રી જેમકે કુંજ નિકુંજો વિગેરે રમ્ય સામગ્રી ઉપલબ્ધ છે તેનાથી અનેક મનોરથો કરી પ્રભુ સાથે કેલી કરેલ છે, કેમકે તેવી અદભુત દિવ્ય સામગ્રી તો આપના વૈભવરૂપ છે તેનાથી પ્રભુને રીઝાવો છો. તે આપની દિવ્ય સામગ્રી વ્રજ ભકતો તથા ગોલોકાધિપતિનાં સર્વ મનોરથો પુર્ણ કરવા સમર્થ છે.

જે પ્રભુને જોઇને કોટી કામ લજ્જાયમાન થાય છે અને શરણુ સ્વીકારે છે તે પ્રભુનાં પદપદ્મનાં અનુરાગની સિધ્ધિ તો આપની પાસે છે. જે ચરણારવિંદમાં ધ્વજ, વજ્ર, અંકુશ વગેરે ચિન્હો બિરાજમાન છે તે તો આપની વાલુકાને સહજમાં પ્રાપ્ત થાય છે. આવા અલૌકિક ઐશ્વર્યની ધ્વજારૂપ આપ છો જેથી કરીને આપના ગુણોનું ગાન તેમ જ સર્વ પ્રકારની સિધ્ધિ પ્રાપ્ત કરાવવા સમર્થ છે.

હે રાસેશ્વરી ! આપના પધારવાના માર્ગમાં જળથી થતો મધુરો નાદ માનો મધુર સંગીત કરી પ્રભુને રીઝવી રહ્યા હોય. આ નાદ દિવ્ય છે તેથી તે દિવ્ય સ્વરૂપનું ભાન કરાવે છે. આવી અનેક રીતે આપની છબી તેમની કામના પુર્ણ કરવા સમર્થ છે આવું જાણીને આ એક આપની નિ:શુલ્ક દાસી વલ્લભી ઉપર કૃપા કરો; કૃપા દષ્ટિ કરો, જરા જુઓ તો ખરા અગર તો આ દાસીનું ચિત્ત આપના ગુણોનું ગાન કરી તેમાં જ મગ્ન બની જાય તેવું હે કૃષ્ણની કૃષ્ણા ! હું વારી જાઉં આવી ઇચ્છા રાખું છું તેથી તે મને આપો.

આ પદમાં કવિશ્રી નામ અને પદોનું ગાન કરનારને રિધ્ધિ-સિધ્ધિ આપવાવાળા શ્રી યમુનાજી છે. આવું પ્રમાણ આપે છે. જુઓ શ્રી યમુનાષ્ટકમાં 'નમામિ યમુના મહં સકલ સિધ્ધિ હેતુ મુદા' તેમજ 'ભવતિ વે મુકુંદે રતિઃ' આ વાકયો મુજબ આ લોક પરલોક બંનેની ચિંતાથી દુર રહી શ્રી યમુનાજીનાં ગુણોનું ગાન કરવું તેમ દર્શાવેલ છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વાં. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ-રાજકોટના સૌજન્યથી.

।। શ્રીવલ્લભઃ ।।

પ. ભ. શ્રી બાબુભાઈ પી. નાયકનો ટુંકો પરિચય

ક્રિશણબેન એન. શાહ

શ્રી બાબુભાઇ નાયક કડીના વતના વતની હોઇ કડીમાં જ રહી હાઇસ્કુલ સુધીનું શિક્ષણ મેળવી પછી બી. એ. એસ. ટી. સી. થયા. શરૂમાં તેઓ લાંઘણજની અંગ્રેજી સ્કુલમાં શિક્ષક તરીકે જોડાયેલા ઉત્તરોત્તર પ્રગતિ કરી તેઓ કડીની સર્વ વિદ્યાલય હાઇસ્કુલમાં શિક્ષક તરીકે નિમાયા ત્યાંથી કડીની ઝવેરી આર. ટી. હાઇસ્કુલમાં આવ્યા ત્યાંની તેમની સુંદર કામગીરી સફળતા પુર્વક પુરી કરી સને ૧૯૭૪માં તેઓશ્રી નિવૃત્ત થયા.

નિવૃત્તિ કાળમાં તેઓશ્રી આધ્યાત્મિક માર્ગના પ્રવાસી બન્યા છે છેલ્લા ચોવીસ વર્ષથી તેઓશ્રી પુષ્ટિમાર્ગીય અધ્યયનમાં સતત ગુંથાઇ ગયા છે. પુષ્ટિ–સંપ્રદાયની પ્રણાલી અનુસાર નિત્ય સેવા, સ્મરણ, સત્સંગ વગેરે નિયમિત કરે છે, લગભગ પંચાશી વર્ષની ઉંમરે પહોંચવા છતાં પુષ્ટિમાર્ગીય ગ્રંથોનું તેમનું અવલોકન સતત ચાલુ જ હોય છે. આજે આ ઉંમરે પણ રાત્રિના બાર એક વાગ્યા સુધી તેમનું અધ્યયન કાર્ય ચાલુ જ હોય.

પુષ્ટિ સાહિત્યનું અવગાહન કરતાં કરતાં તેમણે નવ પુસ્તકોનું સંપાદન પણ કર્યું છે. હજુ તેમના મનોભાવ ઘણા પુસ્તકોનું સર્જન કરવાના છે.

તેઓ પુષ્ટિમાર્ગના માસિકોમાં ઘણા મનનીય લેખો આપે છે ચિંતનાત્મક સાહિત્ય પર તેમની સારી એવી પકડ છે તેમના સંપર્કમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ તેમની પાસેથી કોઇને કોઇ પ્રેરણા મેળવીનેજ જાય તે તેમની વિશિષ્ટતા છે તેમને કોઇ વ્યક્તિ કોઇ પણ કામ સોંપે તો તે ગમે તેટલું કપરૂં કામ હોય તો પણ તે પાર પાડવું જ તે તેમનું ધ્યેય છે.

સૌરાષ્ટમાં આવેલ ધોરાજીમાં તેમનો “શ્રી ગોપી ગીત” પર સપ્તાહ ચાલતો હતો. ત્યારે “શ્રી વલ્લભ સુધા” માસિકના તંત્રી શ્રી તેમનો સપ્તાહમાં સાંભળવા આવતા તેમની સાથે પરિચય થતાં પ. ભ. શ્રી રવજીભાઇએ તેમને શ્રી મહાપ્રભુજી રચિત જલ ભેદ ગ્રંથની શ્રી કલ્યાણરાયજી રચિત સંસ્કૃત ટીકાનું ગુજરાતી ભાષાંતર કરવાનું આવાહન આપ્યું તે તેમણે પ્રેમથી સ્વીકારી લીધું અને જલભેદ ગ્રંથની શ્રી કલ્યાણરાયજી રચિત સંસ્કૃત ટીકાનું ભાષાંતર તેમણે કરી શ્રી વલ્લભ સુધા માસિક માટે શ્રી રવજીભાઇને પહોંચાડી દીધું હવ ‘પંચપદ્યાનિ’ ગ્રંથનું પુ. પા. ગો. શ્રી હરિરાયજી કૃત સંસ્કૃત ટીકાનું અને પુ. પા. શ્રી પુરૂષોત્તમજી કૃત સંસ્કૃત વિવરણનું ગુજરાતીમાં ભાષાંતર કરી રહયા છે.

કોટા–કડીવાળા નિ. લી. પુ. પા. ગો. શ્રી પુરૂષોત્તમલાલજી મહારાજ શ્રી તેમના દીક્ષા આપનાર ગુરૂ હોઇ તેમની ગુરુ પ્રત્યેની સંનિષ્ઠા ખુબ ઉંડી છે. નાનાપણથી જ તેઓ ખંતપુર્વક પરિશ્રમી હોઇ, સ્વયત્ને શિક્ષણ ક્ષેત્રે અને આધ્યાત્મિક ક્ષેત્રે પ્રગતિ સાધી શકયા છે.

લેખક તરીકે જ નહિ પણ એક વકતા તરીકે પણ તેમને ગમે ત્યારે કોઇ પણ વિષય પર વકતવ્ય આપવાનું કહો તો તેઓ કોઇ પણ જાતની તૈયારી વિના સતત કલાકો સુધી પ્રચવચન કરી શકે છે. તે પ્રવચન પણ અસરકારક અને સપુર્ણ હોય જ.

આવી તો અનેક કુદરતી શકિતઓનું શ્રી ઠાકોરજીએ તેમને પ્રદાન કરેલું છે "શ્રી વલ્લભ સુધા" માસિકના તંત્રીશ્રી તેમની સર્વ શકિતઓનો જરૂર લાભ લઇ શકશે તેની મને સંપુર્ણ ખાત્રી છે.

પ્રભુ તેમને નિરામય રાખી હજુ પણ દીર્ઘાયુષ્ય આપે તેવી પ્રાર્થના.

આ માસના ઉત્સવ

પોષ સુદ ૧૦ તા. ૭–૧–૯૮ બુધવાર, ગો. શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૮–૧–૯૮ ગુરુવાર, પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૨ તા. ૯–૧–૯૮ શુક્રવાર, ગો. શ્રી વિઠલનાથજી મહારાજશ્રી (માંડવી–કચ્છ)નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૧૦–૧–૯૮ શનિવાર, ગો. શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

પોષ સુદ ૧૫ તા. ૧૨–૧–૯૮ સોંમવાર, પોષી પૂનમ, માઘસ્નાન પ્રારંભ.

પોષ વદ ૩ તા. ૧૫–૧–૯૮ ગુરુવાર, ગો. શ્રી મુકુંદરાયજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૧૬–૧–૯૮ શુક્રવાર, ગો. શ્રી મધુસુદનજી બાવાશ્રી (મુંબઇ–મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૫ તા. ૧૭–૧–૯૮–શનિવાર, ગો. શ્રી પ્રભુજી બાવાશ્રી (સુરત–વડોદરા)નો તથા ગો. શ્રી પ્રાણવલ્લભ બાવાશ્રી (મથુરા) તથા ગો. ચિ. શ્રી વલ્લભ દીક્ષિત બાવાશ્રી (મુંબઇ–મદ્રાસ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૧૮–૧–૯૮ રવિવાર, શ્રી દીક્ષિતજી શ્રી ગોપીનાથજીનો ઉત્સવ, શ્રી મથુરેશજીના ઘરમાં માને છે. શ્રી લાલજીનો પાટોત્સવ (કાંદીવલી–મુંબઇ).

પોષ વદ ૧૧ તા. ૨૪–૧–૯૮ શનિવાર, ષટતિલા એકાદશી વ્રત, તલનો ભોગ ધરવો, દાન આપવું, પ્રસાદ લેવો, તલનું ભક્ષણ અવશ્ય કરવું, (આ એકાદશી સિવાયની બીજી બધી એકાદશીઓના વ્રતમાં તલભક્ષણ વર્જીત છે.)

પોષ વદ ૧૨ તા. ૨૫–૧–૯૮ રવિવાર, ભારત માર્તંડ પંડિત **શ્રી ગટુલાલજીનો** જન્મદિન. (સં. ૧૯૦૧)

મહા સુદ ૧ તા. ૨૯–૧–૯૮ ગુરુવાર, શ્રી બાલમુકુન્દજી પાટોત્સવ, શ્રી લાડુબેટીજી મંદિર–મુંબઈ.

મહા સુદ ૪ તા. ૩૧–૧–૯૮ શનિવાર, શ્રી મુકુન્દરાયજીનો પાટોત્સવ (કાશી), મહાનુભાવી શ્રી દામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સં. ૧૫૩૧), ગો. શ્રી કૃષ્ણકુમારજી (કાંકરોલી-મથુરા–વડોદરા)નો તથા ગો. **શ્રી યોગેશકુમારજી** (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૧–૨–૯૮ રવિવાર, વસંતપંચમી, **શ્રી મદનમોહનજી** (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા તે) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૨–૨–૯૮ સોમવાર, શ્રી યશોદાજીનો જન્મદિન, **શ્રી રાજકુમારજી** (અનિરૂદ્ધલાલજી) મહારાજશ્રી (મુંબઇ) તથા ગો. શ્રી ઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઇ–મુલુંડ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૫–૨–૯૮ ગુરુવાર, ગો. શ્રી માધવરાયજી મહારાજશ્રી (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૧ તા. ૭–૨–૯૮ શનિવાર, જયા એકાદશી વ્રત.

મહા સુદ ૧૨ તા. ૮–૨–૯૮ રવિવાર, શ્રી લાડિલેશજીનો પાટોત્સવ–વેરાવળ

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા : **શ્રી પ્રવિણચંદ્ર એમ. દેસાઇ** (ચરણદાસ) બી.ઇ. (સીવીલ) બીરપુર

૩૨. આર્તહારી બિહારીજીની લીલા

(ભથરોડ બિહારીજીની લીલા)

(રાગ : હું શું જાણું જે વાહલે મુજમાં શું દીઠું)

ગેયા ચરાવવા દુર યમુના પધાર્યાજી,
ગ્વાલ બાલ સંગે લીધા છે શ્યામજી. ૧

લાલા ભૂખ લાગી છે બોલ્યા છે ગ્વાલજી,
જાઓ સામે કિનારે મળશે ભોજનજી. ૨

યજ્ઞનો હોમ વિધિ કરતાં બ્રાહ્મણજી,
માંગ્યો છે ભોગ દઈ કૃષ્ણનું નામજી. ૩

જાઓ જાઓ, નહીં મળે કૃષ્ણ ગોવાળજી,
ધરીશું આહુતિ અમે યજ્ઞ ભગવાનજી. ૪

દીધાં છે કઠોર વેણ સુની ગોપાલજી,
બ્રાહ્મણ પત્નીને ઘેર વળતાં સિધાવ્યાજી. ૫

બ્રાહ્મણ પત્નીએ ભરી કનકના થાળજી,
વિવિધ પકવાન આપ્યા, ભાવતાં ભોજનજી. ૬

રાણી બની રાજ કરશે, તારી ઘરવાળીજી, ૭

વ્રજના ચોબાઓ ફરે, લક્ષ્મીના શ્રાપેજી,

'ચરનદાસ' ભોગ ધરે, ભથરોડ બિહારીજી. ૮

ભાવાર્થ : યજ્ઞનો હોમ વિધિ– મથુરામાં બ્રાહ્મણો યજ્ઞ કરતા હતા અને યજ્ઞ ભગવાનને આહુતિ આપતા હતા. જ્યારે શ્રી બાલકૃષ્ણલાલ ગ્વાલબાલ સાથે ગાયો ચરાવતા ચરાવતા મથુરાની હદ સુધી આવી પહોંચ્યા ત્યારે તેમણે લાલાને કહ્યું કે, લાલા ! અમે થાકી ગયા છીએ, ભૂખ લાગી છે, કંઇક ભોજનની વ્યવસ્થા થવી જોઇએ. તેથી પ્રભુએ તેમને આ બ્રાહ્મણો–ચોબાઓ પાસે મોકલ્યા. પરંતુ યજ્ઞની પ્રસાદી આ ચોબાઓએ ભગવાનની આજ્ઞાથી માગવા છતાં આપી નહીં અને ભૂખ્યા પેટે પાછા કાઢયા.

એટલે પ્રભુએ ધીરજ રાખી ફરી બ્રાહ્મણ પત્નીઓના ઘેર મોકલ્યા. ત્યાં ભગવાનનું નામ લેતાં તેમનું સ્વાગત કરી બ્રાહ્મણ પત્નીઓએ સુંદર સુંદર પકવાનથી ભોજનના થાળ ભરી ભરીને આપ્યા તેથી પ્રભુ પ્રસન્ન થયા અને તે સ્થળે ભથરોડ બિહારીજી બની ગોપબાળકોની ક્ષુધા મિટાવી.

પરંતુ લક્ષ્મીજીથી આ સહન થયું નહીં તેથી તેમણે બ્રાહ્મણોને–ચોબાઓને શ્રાપ આપ્યો કે તમારે ઘેર ઘેર ભટકીને ભીખ માગીને પેટ ભરવું પડશે. પરંતુ તમારી ઘરવાળી ઘરમાં જ બેસીને રાજ કરશે. ત્યારથી મથુરાના ચોબાઓની આવી દશા થઇ છે.

માનવ-ધર્મ

વૈષ્ણવતા કા ઘર દુર હે, મનુષ્ય ધર્મ ભી હોય;
યાપે જો સાંચો ચલે, તો સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય;
વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

—શ્રી વ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક : **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર : **ડૉ. ચુનીલાલ રવજી બાલધા**, આંખના સર્જન, રાજકોટ

—સપ્ટેમ્બર–'૯૭ના અંકના અનુસંધાને ચાલુ....

આંખ :

આવશ્યકતા : આંખ ન હોય તો પરસ્પર લોકો ભટકાઇ જાય, રસ્તે ચાલવું મુશ્કેલ થઇ જાય. ખાડામાં પડી જવાય, પત્થરની ઠોકર લાગે, દિવાલો સાથે ભટકાઇ જવાય, સંસારનું લગભગ કોઇ કામ ઠીક ન થાય. સંત મહાત્મા અને મૂર્તિઓના દર્શન ન થાય. પ્રકૃતિના પદાર્થ કંઇ પણ જોવા ન મળે. શાસ્ત્રો, સદગ્રંથોનું અવલોકન કરવું અસંભવ થઇ જાય. આ બધા આવશ્યક કાર્યો માટે નેત્ર-ઇન્દ્રિયની ઘણી આવશ્યકતા છે.

શું ન કરવું જોઇએ—

સ્ત્રીઓ પુરુષોના અને પુરુષો સ્ત્રીઓના રૂપને ખરાબ નજરે ન જુએ. જ્યાં સુધી બને, પરપુરૂષ અને પરસ્ત્રીના અંગ જોવાનો પ્રયત્ન જ ન કરવો જોઇએ. (તેનાથી કામોત્તેજકના થઇ બ્રહ્મચર્યનો નાશ થાય છે).

ખરાબ નાટક, સિનેમા, ખેલ, તમાશા, નાચ—રંગ ન જોવા. (તેનાથી ખોટો ધનનો ખર્ચ થાય છે, મનમાં ખોટા ભાવ પેદા થાય છે. કુસંગની આદત પડે છે, બ્રહ્મચર્યનો નાશ થાય છે). મનને લોભાવનાર પદાર્થ અને બનાવો ન જોવા. ગંદા ચેનચાળા ક્યારેય ન જોવા, (મહામુનિ સૌરભિ માછલીઓની કામક્રીડા જોઇને પ્રપંચોમાં ફસાયા હતા. બ્રાહ્મણ કુમાર અજામિલ પલભરનો કામપ્રસંગ જોઇને જ મહાપાપી બની ગયો હતો) પારકી આંખને લોભાવનારી ચીજો ન જોવી. (તેનાથી મનમાં કામના ઉત્પત્ન થાય છે, લોભ વધે છે, જલન અને દુઃખ થાય છે). કોઇનો ચમકતો, ભડકતો પોષાક, વિખરાયેલ વાળ અને વાંકી ચાલ લોલુપતાથી ન જોવી. (તેનાથી મોહ પેદા થઇ પતનનું કારણ બને છે. ખરાબ ભાવ જલદી ગ્રહણ થઈ જાય છે).

શું કરવું જોઇએ ?

ભગવાન, ભકત અને સંતોના દર્શન કરવા, ભગવત્ લીલાઓ જોવી. સત્ શાસ્ત્રો અને સત સ્થાનો જોવા. ભક્તિ, પ્રેમ, વૈરાગ્ય અને વીરતા ઉત્પન્ન કરતા ચિત્રો જોવા. લોલુપતા વગર નિરીક્ષણ કરવું.

—ક્રમશઃ

પુસ્તક પરિચય

ગોપી પ્રેમની ધ્વજા – (સૂરદાસ કૃત' 'ભ્રમર ગીત' રસાસ્વાદ)

લેખક – પ્રા. રાજન કડિયા, મહેસાણા   પ્રકાશક – શ્રીમદ વલ્લભાચાર્યજી પુષ્ટિ ગ્રંથ પ્રકાશન
"શ્રી વલ્લભ કૃપા", ૪-વિવેક એપાર્ટમેન્ટ નવરંગપુરા ટેલીફોન એક્ષચેન્જ પાછળ.
એલિસબ્રીજ અમદાવાદ-૩૮૦ ૦૦૬ ફોન ; (૦૭૯) ૪૦૯૪૫૯
ન્યોછાવર રૂા. ૧૧૧-૦૦ પોસ્ટેજ રૂા. ૧૫/ મળી કુલ રૂા. ૧૨૬/-

પુષ્ટિમાર્ગનુ જહાજ ગણાતા પ્રથમ કક્ષાના અષ્ટછાપ કવિ શ્રી સુરદાસજી રચિત 'ભમર ગીત' સમગ્ર સુરસાગરમાં આગવી મહતા ધરાવે છે. પ્રભુના વિરહ તાપથી તપ્ત ગોપીજનોનો મીઠો ઠપકો ઉદ્ધવજીના ગર્વને ઓગાળી નાખે છે. આ પ્રસંગનાં ચુટેલા પદ ઉપરાંત નંદદાસ, પરમાનંદદાસ અને દયારામભાઈના પદોના સંદર્ભ સાથે સરસ શૈલીમાં લખાયેલા પુસ્તક છે.

આ પુસ્તક શ્રી મહાપ્રભુજીના સુબોધિનીજીના દષ્ટિકોણથી લખાયેલું છે.

'ભમર ગીત'ના વિવિધ પદો ઉપર આધારીત ૫૦ જેટલાં ભાવવાહી બહુરંગી સારા ભારે આર્ટ પેપર ઉપર (ફોર કલરમાં ચિત્રોજી મુકવામાં આવેલ છે. તેમજ ૨૭૫ થી ૩૦૦ પાના સુંદર સારા ભારે ઉંચા કાગળમાં ઓફસેટ પ્રીન્ટીંગમાં છાપવાના આવેલ છે. આ પુસ્તક ઉપર સુંદર મુખપૃષ્ઠ પાકું બાઈન્ડીંગ અને લાંબા સમય સુધી વાપરવામાં મદદરૂપ છે.

મંડલી દ્વીમાસિક પુષ્ટિમાર્ગીય પત્રિકા (હિન્દી ભાષામાં)

(હિન્દી ભાષા ભાષી વૈષ્ણવોને પરમ ઉપરકાર દ્વી માસિક પત્રિકા '**મંડલી**'નું પ્રકાશન, જોધપુર (રાજસ્થાન)થી પ્રસિધ્ધ થયેલ શ્રી સુબોધિનીજી (હિન્દી) પ્રકાશન મંડળ તેમજ અ. ભા. પુ. વૈ. પરિષદના એક સમયના મહામંત્રીજી ગો. વા. શ્રી નન્દદાસજી વર્માના પરિવારજનો શ્રી ગોપાલદાસ વર્મા (સંપાદક) શ્રી નવનીતજી વર્મા (વ્યવસ્થાપક) તથા શ્રીમતી રજની વર્મા (પ્રકાશક) દ્વારા પ્રારંભ થયેલ છે. ષટઋતુના ભાવથી પ્રત્યેક ઋતુનાં નામથી અંક પ્રકાશિત થવાના છે. જેમા ૪૦થી વધુ પૃષ્ઠોનાં પુષ્ટિમાર્ગના સિદ્ધાન્ત ગ્રંથો, વાર્તા સાહિત્ય, વચનામૃત સાહિત્ય. તેમજ સેવા પ્રણાલીના ગ્રંથોમાંથી સુંદર ચયન કરેલ સ્થાયિ સ્તંભો તેમજ સામાયિક લેખો આદિનો સમન્વય કરી દરેક અંકને સંગ્રહ કરવા યોગ્ય પુસ્તિકાનુ સ્વરૂપ અપાયેલ છે. સભ્ય શુલ્ક વાર્ષિક રૂા. ૩૫/- સહાયક સભ્ય ૫૫૧/- વિશિષ્ટ સભ્ય ૨૧૦૦- સંરક્ષક સભ્ય ૫૦૦૧/-

મંડલી
વ્યવસ્થાપક શ્રી નવનીત વર્મા
નરસિંહ દડા, બાઈજી કાતલાવ
જોધપુર (રાજસ્થાન) પીન ૭૪૨૦૦૧

સમાચાર

"વૈષ્ણવ પરિષદ – વડોદરા શહેરનઃ અને અન્ય કાર્યક્રમો"

પુષ્ટિ માર્ગ સંપ્રદાયના પ્રચાર–પ્રસાર–સંરક્ષણ સંવર્ધન માટે–વૈષ્ણવ પરિષદના સંગઠનનો વ્યાપ વધારવા માટે અને યુવાનોમાં જાગૃતિ લાવવાના શુભ આશયથી આં. પુ. વૈ પ.ના પ્રસ્તુત કાર્યક્રમો યોજવામાં આવનાર છે. એ પ્રકારે સંગઠન મંત્રી પ્રા. ચીમનભાઈ શેઠે જણાવ્યું છે.

(૧) આં. પુ, વૈ. પ.ના ઉપક્રમે અને સ્વ. સ્નેહલ રતિલાલ મણીલાલ શાહ અને જરોદવાળાના સહકારથી એસ. એસ. જી. હોસ્પીટલ અને અન્ય હોસ્પીટલોમાં ૧૪–૧૨–૯૭ના રોજ બીસ્કીટ પેકેટસનુ વિતરણ

(૨) વૈષ્ણવ પરિષદ–વડોદરા શહેરની રેસકોર્સ–અલ્કાપુરી હરણી, ઈન્દ્રપુરી. ઘડીયાળી પોળ શાખાઓના સ્નેહ સંમેલનો ડીસે. ત્રીજા–ચોથા સપ્તાહમાં યોજવામાં આવનાર છે.

(૩) આં. પુ. વૈ. પ. પ્રોત્સાહિત વડોદરા શહેરના યુવા સંગઠનની ચાર શાખાઓનુ સ્નેહ સંમેલન ૨૧ મી ડીસે.ના રોજ પુ. પાદ ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયના સાંનિદયમાં યોજવામાં આવ્યું છે

(૪) આં, પુ. વૈ. પ.ની ભકિત વર્ધિની દ્વારા ૧૮–૧૯–૨૦ ડીસે.ના રોજ વડોદરા જીલ્લામાં પ્રચાર–પ્રવાસનું આયોજન.

(૫) પંચમહાલ જીલ્લાના વૈષ્ણવ પરિષદના કાર્યકરોનુ એક સ્નેહ સંમેલન ૪–૧–૯૮ને રવિવારે ચલોલ ખાતે યોજવામાં આવનાર છે.

(૬) પુષ્ટિ સ્વાધ્યાય ગ્રંથની પાંચમી આવૃત્તિનું વિમોચન પુ. પાદ ગો. આચાર્યશ્રીના વરદ હસ્તે જાન્યુ. બીજા સપ્તાહમાં વડોંદરા ખાતે યોજવામાં આવનાર છે.

(૭) મુંબઈના કોઠારી બંધુઓ દ્વારા શ્રીનાથજી ભજન સંધ્યા પુ. પાદ. ગો. શ્રી દ્વારકેશલાલજી મહોદયના સાંનિધ્યમાં વૈષ્ણવ પરિષદના ઉપક્રમે ૧૧મી જાન્યુ.ના રોજ સાંજના વડોદરા ખાતે યોજવામાં આવનાર છે.

"કળીકાળની પરિસ્થિતિમાં પ્રભુના નામ સ્મરણ માટે સત્સંગ જરૂરી"

પાટણ વર્તમઃન કળીકાળની પ્રરિસ્થિતિમાં પ્રભુના નામનુ નિષ્ઠાપુર્વક સતત સ્મરણ કરવા માટે સત્સંગની પ્રવૃત્તિ ખાસ કરવી જરુરી છે. એ પ્રકારે આં. પુ. વૈષ્ણવ પરિષદ–ગુજરાત પ્રદેશના ઉપક્રમે શ્રી વલ્લભ વિચાર પ્રચાર પ્રવાસ દરમિયાન ઉ.ગુજ.ની સત્સંગ સભાઓમાં પુ. પાદ ગો. શ્રી વાગીશકુમારજી મહોદયે (વડોદરા–કાંકરોલી) ભારપુર્વક જણાવ્યુ હતું અને "શ્રી કૃષ્ણ શરણં મમ" મંત્રનુ સતત રટન કરતા રહેવાથી જીવનો ઉધ્ધાર થાય છે એવી વાતની વિસ્તૃત સમજ તેઓશ્રીએ આપી હતી. વૈષ્ણવ પરિષદ સત્સંગ–સ્વાધ્યાય માટે કટીબદ્ધ છે અને તે દીશામાં તે કાર્યરત છે ત્યારે સમગ વૈષ્ણવ સૃષ્ટિઓ તેને તન મન ધન પુર્વક સહકાર આપવા તેઓશ્રીએ અપીલ કરી હતી.

આંતરરાષ્ટીય પુષ્ટીય માર્ગ વૈષ્ણવ પરીષદ થાનગઢ તથા લોહાણા સમાજ થાનગઢ આયોજીત

સ્વ. કોમલબેન પંકજકુમાર કોટેચાના સ્મરણાર્થે ક્રોનીક રેપીરેટરી ડીઝીઝ કેમ્પ

(જુના કફ, શ્વાસની બીમારીનો કેમ્પ)

તા. ૨૯–૧૧–૯૭ તથા તા. ૩૦–૧૧–૯૭ના બે દીવસ માટે અસ્થમા ફ્રી નીદાન કેમ્પ યોજવામાં આવેલ આ કેમ્પમાં મુંબઈના ડો. શ્રી નવીનભાઈ એસ. ચતવાણી એ તબીબી સેવા આપેલ દર્દીઓને તપાસી યોગ્ય નીદાન કરેલ તેમજ દરેક દર્દીઓને વીના મુલ્યે દવા આપવામાં આવેલ.

આ કેમ્પનુ ઉદઘાટન જાણીતા કાર્યકર સી હરુભાઈ કોટેચાએ દીપ પ્રગટાવી કરેલ આ સમયે થાન ગઢના પ્રતિષ્ઠીત ડૉ. તેમજ સભ્યોએ બહોળી સંખ્યામાં હાજરી આપેલ.

રાત્રે સ્થાનીક ડોકટરોની કોન્ફરન્સ રાખવામાં આવેલ તેમાં શ્રી નવીનભાઈ એસ ચતવાણીએ અસ્થમાં નીદાનની વિગત સમજાવેલ.

આ. કેમ્પને સફળ બનાવવામાં ડૉ. મોઢા સાહેબ. હરુભાઈ કોટેચા, હેમુભાઈ કોટેચા, ભુપતભાઈ મજીઠીયા કેશોદવાળા વીજય પુજારા, માધવ સચદેહ સારી જહેમત ઉઠાવેલ.

રાજકોટને આંગણે અપૂર્વ પુષ્ટિ લીલા દર્શનનો કાર્યક્રમ

અહીં શ્રી દ્વારિકેશ–પુષ્ટિ–સેવા સમીતી દ્વારા પુષ્ટિ લીલા દર્શનનો પ્રથમવાર કાર્યક્રમ ત્રિદિવસીય સંપન્ન થયો. તા. ૧૫ ૧૬ અને ૧૭ ડીસેમ્બર ૯૭ બપોરે ૩–૩૦ થી ૬–૩૦ સુધી શ્રી બાલકૃષ્ણ પ્રભુની હવેલીના પ્રાંગણમાં આ કાર્યક્રમમાં પુ. પા. ગો. શ્રી રસીકરાયજી મહારાજે વિવિધ રાગોમાં સાજ સમાજની સંગીતથી કીર્તન ગાન કર્યું અને પુ. પા. ગો. શ્રી ઈન્દીરા બેટીજીએ પ્રસ્તુત થયેલ પદોનુ ભાવવાહી વિવેચન પોતાના વચનામૃતો દ્વારા કર્યું હતું.

પ્રથમ દિવસે પુ. મહારાજશ્રી તથા પુ, બેટીજીએ દીપક ચેતાવ્યો. પછી નિ, લી. ગો. શ્રી દ્વારિકેશ લાલજી મહારાજનાશ્રી ચિત્રજીને પુ. ઈન્દિરાબેટીજીએ તથા નિ. લી. ગો. શ્રી વ્રુજરત્નલાલજી મહારાજશ્રીના ચિત્રજીને પુ. રસીકરાયજીએ ફુલમાલા અર્પણ કરી હતી.

તા, ૧૫મીએ શ્રી મહાપ્રભુજી–શ્રી ગુસાંઈજીના "ગુરુ મહિમા'નાં પદોનું ગાન તથા વિવેચન ૧૬મી એ 'માહાત્મ્ય–દીનતા આશ્રયના ઉપદેશાત્મક કીર્તનો તથા ૧૭મીએ છેલ્લે દિવસે "મુરલી અને રાસનાં પદોનું ગાન તથા વિવેચન શ્રવણ કરી વિશાળ સંખ્યામાં એકત્રિત થયેલ વૈષ્ણવ ભાઈ બહેનોએ પુષ્ટિ ભકિત રસનો અલભ્ય આહલાદ પ્રાપ્ત કર્યો હતો.

તા. ૧૬–૧૨–૯૭ના રોજ સવારના અહીં શ્રી ડાહ્યાભાઈ પટેલ વ્દારા સંચાલિત સંસ્થા "ભકિત ધામ" નવમા વાર્ષિક પાટોત્સવ મનોરથમાં પણ પુ. શ્રી ઈન્દિરાબેટીજી તથા પુ. શ્રી રસિકરાયજીનાં પ્રવચનો થયા હતા.

તા. ૧૭ની રાત્રે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પાઠશાળાના બાલક બાલિકાઓનો રાસ–ગરબા સ્તોત્ર પાઠ વિવિધ કાર્યક્રમ પ્રસ્તુત થયો હતો-

'પુષ્ટિ–લીલા–દર્શન' કાર્યક્રમના છેલ્લે દિવસે પુ. ગો. શ્રી રસિકરાયજીએ– પુ. શ્રી જીજીનો આટલા વ્યસ્ત કાર્યક્રમોમાં સંલગ્ન રહેવા છતાં ત્રણ દિવસનો સમય આપી વચનામૃતો વ્દારા પુષ્ટિ–રસ વર્ષા કરાવી–એ બદલ આપનો આભાર માન્યો હતો.

પૂ. શ્રી બેટીજીએ પણ આશીર્વચનમાં આ કાર્યક્રમ માટે ખુબજ પ્રસન્નતા વ્યકત કરી હતી. કાર્યક્રમના સંચાલનમાં સમીતીના પ્રમુખ શ્રી જમનાદાસભાઈ, શ્રી ડાયાભાઈ હસમુખભાઈ કરસનભાઈ આદિએ ખુબજ સુવ્યવસ્થિત સેવા અર્પિત કરી હતી. સમગ્ર કાર્યક્રમમાં એક રસ થઈ કાર્યક્રમને સાંગોપાંગ પાર પાડવામાં સકિય કાર્ય કરનાર શ્રી અંતુભાઈ સોનીનો ઉલ્લેખ કરવો અહીં આવશ્યક છે.

કીર્તનમાં સંગતી શ્રી દકાભાઈ (પખાવજ), ઘનશ્યામભાઈ (હાર્મોનિયમ), શ્રી ખાંભોડિયા (ગાયન–) શ્રી ધનજીભાઈ (વેણુવાદન). ભરતભાઈ (ઝાંઝ) વિ, થી સંગીત કીર્તનમાં અનેરો આનંદ શ્રવણ કરનાર વૈષ્ણવોએ પ્રાપ્ત કર્યો.

સ્થાનિક દૈનિક સમાચાર પત્રોએ આ કાર્યક્રમ સમાચારને પ્રસિદ્ધ કરવામાં સારો પ્રતિભાવ આપ્યો હતો

રાજકોટને આંગણે થયેલા આં અભૂતપુર્વ કાર્યક્રમની સ્મૃતિ ચિરકાલ સુધી વૈષ્ણવોના સ્મૃતિ પટલ પર રહેશે.

વધાઇ...વધાઇ

શુભ યજ્ઞોપવિત તથા લગ્ન પ્રસ્તાવ

શ્રી કૃષ્ણ : સ્વસ્તિ શ્રીમદ ગોસ્વામી શ્રી યદુનાથજી મહારાજનાં સ્વકીયેષુ હરી ગુરૂ સેવા પરાયણાંત : કરણેષુ પરમ વૈષ્ણવેષુ.

સપરીવારેષુ: શુભ આશિષ: સર્વદા શ્રી સેવ્ય : સ્મર્તવ્યશ્ચ. અપરંચ અમારા દ્વિતિય પુત્ર ચિ. ગો. શ્રી પ્રબોધકુમારના જયેષ્ઠ પુત્ર ગો. ચિ. અભિષેકબાવા તથા ગો. ચિ. રત્નેશબાવાનો યજ્ઞોપવીત પ્રસ્તાવ. પ્રાત : ૧૦ થી ૧૧ સુધી વ્રજ માઘ સુદ ૫, રવિવાર તા. ૧–૨–૯૮ ના રાખ્યો છે. અને અમારા જયેષ્ઠ પુત્ર ગો. ચિ. શરદકુમારની પુત્રી ચિ વંદનાબેટીજી નો શુભ વિવાહ પ્રસ્તાવ ચિ. હિતેશજીનાં સાથે વ્રજ માઘ સુદ ૫. રવિવાર તા ૧–૨–૯૮ ફરવરીમાં સાંજના ગૌધુલીવેલાએ નકકી થયા છે.

આપ સર્વે શુભ પ્રસંગો પર સહુકુટુંબ વ્હેલા આવશો. કુશલ પત્ર લખજો સેવામાં ચિત છે. તેનાથી વિશેષ રાખજો. શુભમ,

વિશેષમાં આ શુભ પ્રસંગો ઉપરાંત અમારા સેવ્ય સ્વરૂપશ્રી ધીંગડમલ પ્રભુ અને દ્વારકાધીશ પ્રભુનો કુંડવારો મોટી હવેલીમાં વ્રજ માધ સુદ ૧, ગુરૂવાર તા. ૨૯–૧–૯૮ના રોજ બપોરે ૩ વાગે દર્શન થાશે.

પત્ર વ્યવહાર એવં સેવા મોકલવાનો સ્થળ
ગો. શ્રી યદુનાથજી મહારાજ
મોટી હવેલી, હવેલી શેરી, સોની બજાર,
ધોરાજી ૩૬૦ ૪૧૦ (ગુજરાત) ફોન નં. (૦૨૮૨૪) ૨૧૭૯૦

પ્રસ્તાવ સ્થળ
કોલેજ ગ્રાઉંડ,
ધોરાજી (ગુજરાત)

વધાઈ.....વધાઈ

શુભ વિવાહ પ્રસ્તાવ

શ્રી નવનીત પ્રિય ગોવર્ધનધર પ્રભુ વિજયેતે :
શ્રીમદ આચાર્યચરણ કમલેભ્યો નમઃ
"જાનીત પરમ તત્વં યશોદોત્સંગ લાલિતમ"

સ્વસ્તિ શ્રીમદ અંખડ ભુમંડાચાર્યવર્ય જગદગુરુ શ્રીમદ વલ્લભાચાર્ય વંશાવતંસ ચાંપાસેનીસ્થ નિ. લી. ગો. શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજાત્મજ, નિ. લી. ગો. શ્રી વ્રજનાથલાલજી મહારાજાત્મજ, ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (બોરીવલી–રાજકોટ) ઇત્યેતેષા....થામસ્ય સદા હરિગુરૂ સેવા પરાયણ સ્વીકીયેષુ પરમ વૈષ્ણવેષુ શ્રી.......સમસ્ત વૈષ્ણવેષુ શુભાશિર્વાદા શમિહ તત્રાસ્તુ અપરંચ ભગવત્કૃપાથી અમારા ચિરાયુષ્માન દ્વિતીય આત્મજ ગો. શ્રી ગોવિંદરાયજી બાવાશ્રીના મોટા બેટીજી ચિ. નિલમ રાજાના શુભ લગ્ન નિ. લી. ગો. શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રી (કોટા)ના દોહિત્ર એવં સૌ. શ્યામલતા બેટીજી એવં શ્રી દિનેશજી રેઢી (જયપુરા) ના સુપુત્ર ચિ. ભુપેશકુમારજી સાથે વિ. સં. ૨૦૫૪ વ્રજ માધ કૃષ્ણપક્ષ દ્વાદશી–રવિવાર દિ. ૨૫-૦૧-૧૯૯૮ (ગુંજર પોષ કૃષ્ણપક્ષ-૧૨) ના શુભ દિને નિર્ધારેલ છે.

આ લગ્ન પ્રસ્તાવ દરમ્યાન શ્રી....ના વિવિધ મનોરથો તથા સાંપ્રદાયિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન થયેલ છે.

સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિને આ શુભ અવસરે સેવા–દર્શનનો અલભ્ય લાભ લેવા સસ્નેહ આમંત્રણ છે.

સેવા સ્મરણમાં ચિત્ત છે, તેનાથી અધિક રાખશો.
બહારગામના આગંતુક વૈષ્ણવો માટે મંડાણની વ્યવસ્થા છે.
શુભ મિતિ : પ્રબોધિની એકાદશી.

પ્રસ્તાવ સ્થળ : "શ્રી વલ્લભ નગર" પેલેસ રોડ, શ્રી આશાપુરા મંદિરની સામે, રાજકોટ.

સંપર્ક પત્ર વ્યહાર :
શ્રી અધિકારીજી
"શ્રીમદન મોહન કુંજ" ૧૫, પંચનાથ પ્લોટ,
રાજકોટ (૩૬૦ ૦૦૧)

પુ. પા. મહારાજશ્રીની આજ્ઞાથી
નિવેદકો
લગ્ન પ્રસ્તાવ સમિતિ,
રાજકોટ.

નોંધ : પ્રસ્તાવનો પ્રારંભ તા. ૨૩-૧-૯૮ શુક્રવારનાં રોજથી થશે.

૨૧. **મોટા ભાદરા**
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૨૨. **રાધનપુર**
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૨૩. **રાજપીપળા**
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશં' માલીવાડ

૨૪. **લીંબડી**
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૫. **વડોદરા**
શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૬. **વાંકાનેર**
૧. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
૨. કાકુભાઈ ગોરધનદાસ દોશી
C/o ભારત એજન્સી
પુલ દરવાજાની દુકાન
મોટી શાક પીઠને નાકે.

૨૭. **સુરત** શ્રી ગોરધનભાઈ રાણપરીથા
એ ૭ તાપી બાગ શોપીંગ સેન્ટર
વિભાગ–૩, ૨ જે માળે, ઓફીસ નં, ૩

૨૮. **વાપી** શ્રીમતિ ભામીનીબેન કિશોરભાઈ લાયજાવાળા
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ
એન. એચ. નં. ૮ પ્લોટ નં. ૮/૧૨

૨૯. **સુરેન્દ્રનગર**
વજુભાઈ સી. ગોવાણી
C/o શ્રી દ્વારકાધીજી હવેલી ટ્રસ્ટ

૨૯. **હળવદ** શ્રી મનસુખલાલ કરસનદાસ કંસારા
C/o શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧ શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા

૨ શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩ શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪ મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૫ શ્રી વસંતભાઈ એન, વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ

૬ શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી, જંક્શન પ્લોટ

૭ શ્રીમતી હર્ષાબેન એચ. ઠકકર
'આનંદ' જલારામ–૬, ગણેશ વાડી સામે

૮ શ્રી છગનભાઈ રામોલીયા
C o. શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર ગોડાઉન

૯ શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ, રેયા રોડ,

૧૦ શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા' ૫, ગાયત્રીનગર

૧૩ શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી. સોની બજાર

૧૪. શ્રી દેવજીભાઈ પડીયા
રાજકમલ એજન્સી
પ્રહલાદ રોડ, કરણપરા ચોક પાસે.

SHREE VALLABH SUDHA Monthly Magazine. Publishedon thir date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43

શ્રી સર્વોત્તમ સ્તોત્ર મહિમા ધોળ

[ઢાળ નૈન ભરીને નિરખો સજની]

શ્રી વલ્લભ નામનું ગુણગાન કરવા પુષ્ટિ જીવો દોડી દોડી આવે છે.
શ્રી સર્વોત્તમનું રસપાન કરવા વલ્લભીજન દોડી દોડી આવે છે.
અહિં ભુલા પડયા નિજ જીવોને (૨) પુષ્ટિની રાહ બતાવે છે.
દૈવીજીવો પર કૃપા કરીને (૨) શ્રી વલ્લભ આપ બોલાવે છે.
શ્રી વલ્લભ નામનું ગુણગાન કરવા, પુષ્ટિ જીવો દોડી દોડી આવે છે.
શ્રી સર્વોત્તમનું રસપાન કરવા, વલ્લભીજન દોડી દોડી આવે છે. ૧
'સર્વોત્તમ' એવા શ્રી વિઠ્ઠલ છે (૨) જેણે શ્રી વલ્લભ ઓળખાવ્યા છે.
સર્વોત્તમ એવું દિવ્ય સ્તોત્ર (૨) જેમાં સાર સમાવ્યા છે.
શ્રી વલ્લભ નામનું ૦ શ્રી સર્વોત્તમનું ૦ ૨
સર્વોત્તમમાં શ્રી વલ્લભ નામ છે (૨) શ્રી વિઠ્ઠલનાથ બતાવે છે
વૈષ્ણવોનાં હૈયામાં એ નામો (૨) શ્રી પ્રભુચરણ સ્થાપે છે
શ્રી વલ્લભ નામનું ૦ શ્રી સર્વોત્તમનું ૦ ૩
સર્વોત્તમ એવા શ્રી વલ્લભનાં (૨) એકસો આઠ નામ બતાવ્યા છે.
એક એક અક્ષર દિવ્ય અલૌકિક (૨) ગુપ્ત રહસ્ય દર્શાવ્યા છે,
શ્રી વલ્લભ નામનું ૦ શ્રી સર્વોત્તમનું ૦ ૪
ચોર્યાસી લાખ યોનિનાં જીવો (૨) શરણે લઇને ઉદ્ધાર્યા છે.
નિજ-સ્વરૂપ શ્રી વિઠ્ઠલમાં સ્થાપીને (૨) સેવા માર્ગ વિસ્તાર્યો છે.
શ્રી વલ્લભ નામનું ૦ શ્રી સર્વોત્તમનું ૫
એવા સર્વોત્તમનું મહાત્મ્ય જાણીને (૨) વલ્લભીજન હરખ્યા છે.
'કુમુદિની' હૃદયે બિરાજ્યા શ્રી વલ્લભ (૨) પ્રાણ આધાર કહાવ્યા છે.
શ્રી વલ્લભ નામનું શ્રી સર્વોત્તમનું ૦ ૬

પુ. પા. અ. સૌ. ગો. કુમુદિની વહુજી, કાંદીવલી (વેસ્ટ)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : [illegible] પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૧
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ-૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૩૬૨૧૩૮



શ્રી વલ્લભ સુધા

વચન સુધા

"આ જીવના હૃદયમાં પ્રભુ બિરાજે ત્યારે ચોરને રહેવું ન બને હવે ચોર તે શું તે કહે તે કામ, ક્રોધ, લોભ તથા વિષય વાસના તથા અહંતા–મમતા એ સર્વે ચોર છે, તેમાથી મન ખેંચાઇ જાય જ્યારે કથામાં એની આસક્તિ થાય ત્યારે ભગવાન તેના હૃદયમાં પધારે પણ આસક્તિ વીના જો કે હજાર વરસ કથા સાંભળે તો પણ તેને ભગવદ્ ધર્મ કંઇપણ સ્પર્શ કરે નહીં. એ રીતે સેવાસ્મરણ તથા કથા કીર્તનમાં આસક્તિ જોઇએ. ત્યારે એમ જાણે જે મને કોઇ શ્રી ઠાકોરજીના ચરણ સ્પર્શ કરાવે તો હું સેવામાં ન્હાઉં ત્યારે પ્રભુ પ્રસન્ન થાય વળી સેવા સ્મરણ કરે તથા કીર્તન કરે પણ મનમાં જરાએ મોટાઇ આણે નહીં ત્યારે તે કૃતાર્થ થાય માટે જે કરવું તે વિકાર રહિત કરવું.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૩૧

● આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દઢ બનાવો ●

વર્ષ ૧૬ : અંક-૧૧ ● ફેબ્રુઆરી, ૧૯૯૮

શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ● આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

[illegible]

୧. [illegible] ([illegible])

[illegible]

୨. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

୩. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

୪. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

[illegible]

୫. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

୬. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

୭. [illegible] ଶ୍ରୀ [illegible]

C/o. [illegible]

୮. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

୯. [illegible] ଶ୍ରୀ [illegible]

C/o. [illegible]

[illegible]

୧୦. [illegible]

୧. ଶ୍ରୀ [illegible]

C/o. ଶ୍ରୀ [illegible]

[illegible]

୨. ଶ୍ରୀ [illegible]

[illegible]

୩. ଶ୍ରୀ [illegible]

[illegible]

[illegible]

୧୧. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

୧୨. [illegible]

୧. ଶ୍ରୀ [illegible]

[illegible]

୨. ଶ୍ରୀ [illegible]

[illegible]

୧୩. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

୧୪. [illegible] ଶ୍ରୀ [illegible]

[illegible]

୧୫. [illegible]

ଶ୍ରୀ [illegible]

[illegible]

୧୬. [illegible]

ଶ୍ରୀ [illegible]

୧୭. [illegible] ([illegible])

୧. ଶ୍ରୀ [illegible]

[illegible]

[illegible]

୨. ଶ୍ରୀ [illegible]

C/o [illegible]

Q/A [illegible]

୩. ଶ୍ରୀ [illegible]

[illegible]

୩. [illegible]

୧୮. [illegible] ([illegible])

ଶ୍ରୀ [illegible]

[illegible]

[illegible]

୧୯. [illegible]

[illegible]

[illegible]

[illegible]

୨୦. [illegible]

ଶ୍ରୀ [illegible]

॥ શ્રી હરિઃ ॥
આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ
સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૧૧ ※ ફેબ્રુઆરી ૧૯૯૮

મનને શિક્ષા

હમ અધમન કી યહ રજધાની
અનંત અવિદ્યા બેઠે સિંહાસન તાઉપર બાંધ વિતાની ।૧।
તૃષ્ણા છત્ર ધર્યો શીર ઉપર ચમર ચહું દીશ ઢોરે અભિમાની ।
સભા દુઃ સંગત ન્યાય કરત હે ધર્મકી રતીન જાની ।૨।
છડીદાર બોલત અસત્ય નીત મદ હે આગેવાની ॥
કામ દિવાન લોભ સો હાકેમ ક્રોધ ફોજકી ગીનત ન આની ।૩।
ઠગીની પ્રજા સબવાસ વસત હે પર પાખંડ નિશાન ફુરાની ।
આલસ નિદ્રા દ્વારપાલ દો આવત નહિં સાધુ જન જ્ઞાની ।૪।
જન્મ જન્મ કી યહ વ્યવસ્થા કહાં લગી બરનું કહાની ॥
"રસિકદાસ" જનકે કોઉનાંહી શ્રી વલ્લભ સબ સુખદાની ।।૫।।

* ભાવાર્થ *

અરે મન ! શ્રીમદવલ્લભ પ્રભુના શરણે આવ્યા પહેલાં તારી કેવી અવસ્થા હતી, તું તો અધમ જનમાં રાજધાની જમાવી બેઠેલો ને ? અનંત અવિધારૂપી સિંહાસન પર રાજા થઇને બેઠો માથે તૃષ્ણારૂપી મોટું છત્ર ધરાવેલું અને અભિમાન બધી બાજુ ચામર ઢોરતાં. અને તારી સભા દુસંગીઓની તેની સલાહ લઇને તું ન્યાય જોખતો હતો તને ન્યાય ધર્મની રતીભરેય તને ખબર નહોતી.

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂં સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભ વિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્ર વ્યવહાર સંપર્ક ।
શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

અસત્ય વચન તારા નિત્યના છડીદાર કે જેનો આગેવાન મદ છે. કામ ભાવના તારો દિવાન, અને લોભ તારો મુખ્ય અમલદાર, અને ક્રોધરૂપી ફોજની તો ગણત્રી ન થઇ શકે. તારી રૈયત કેવી ? બધીએ ઠગારી, અને પાખંડ એ તો તારૂં નિશાન-રાજચિન્હ.

આળસ અને નિંદ્રા એ બે તારા દ્વારપાલો કે જે કોઇ સાધુ જન (ભલા માણસ) તથા જ્ઞાનીને તારી પાસે આવવાજ ન દે આ તો તારી જન્મોજન્મની વ્યવસ્થા તેની તો કેટલી કહાની કહું ?

શ્રી રસિકદાસ (શ્રી મટુજી મહારાજ) આજ્ઞા કરે છે કે અમારા જન જે સદા શ્રી મહાપ્રભુજીના ચરણાશ્રીતો છે તેને તો ઉપરમાંનું કંઇ લાગુ ન પડે કેમ કે શ્રી મહાપ્રભુજી તો સર્વે અલૌકિક સુખ સૌભાગ્યનું દાન કરવા વાળા છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃતિ

ભાષાંતર પ. ભ. શ્રી બાબુભાઈ પી. નાયક, કડી

-ગતાંકથી ચાલુ

હવે પાંચમો ભાવ 'કીર્તન ઉપર આજીવિકા ચલાવનારાઓનો' કહે છે-

શ્લોક : જલાર્થમેવ ગર્તાસ્તુ નીચા ગાનોપજીવિનઃ । ૪॥ ।

શબ્દાર્થ : જલાર્થમેમ- (જલાર્થમ્ + એવ) જળ માટે જ, ગર્તા-ખાડા, નીચાઃ-નીચ, ગાનોપજીવિનઃ-ગાઇને આજીવિકા ચલાવનારા (૪॥).

શ્લોકાર્થ : પ્રભુના ગુણગાન ગાઇને આજીવિકા ચલાવનારા નીચ વકતાનો ભાવ ગંદા પાણીની ખાળકુંડીના જળ જેવો છે.

વિવરણ : હાથ-પગ ધોવાથી અને કોગળા કર્યાથી ગંદુ થયેલું જળ એકઠું કરવા જાળકુંડી કરેલી હોય છે. તે જળ ખુબ જ ગંદુ હોય છે. તે જલના જેવો જ ભાવ નીચ ગાયકજનોનો હોય છે. જેમ ખાળકુંડીનું જળ વાપરવાલાયક હોતુ નથી તેમ જાતિથી નીચ જીવો જે કેવળ ગાઇને જ આજીવિકા ચલાવનારા છે. તેઓ ખાળકુંડીના ખાડાના જળ જેવા ભાવવાળા હોય છે. માટે તેમનો સંગ કરવો નહિ, કારણ કે તેઓમાં નીચપણું હોવાથી

બહારની મોટાઈ નથી અને ગાઇને આજીવિકા ચલાવનાર હોઇ તેમનામાં હૃદયની ઉદારતા પણ નથી હોતી. માટે તેઓના ભાવને એંઠવાડના જળને ભેગું કરવા કરેલા ખાડાના જળ જેવો સમજવો. તેવા જળને સત્પુરુષો સ્પર્શ પણ કરતા નથી અથવા જલ કાઢવા માટે કરવામાં આવેલા ખાડા જેવા જ તે નીચ ગાયકો સમજવા.

પૌરાણિકોનું નિરૂપણ કર્યા પછી ફરીથી જે ગાયકોનું નિરૂપણ કરવામાં આવ્યુ છે આવા પૌરાણિકોને પણ આવા ગાયકજનો જેવા જ સમજવા.

[જેમ ખાળકુંડીનું પાણી વાપરવાના કામમાં જરાપણ લઇ શકાતુ નથી તેમ પ્રભુના ગુણગાન ગાઇને આજીવિકા ચલાવનારા નીચ પુરૂષોનો ભાવ સારા પુરૂષોમાં આદર કરવા યોગ્ય હોતો નથી. એંઠવાડાવાળુ જળ સ્પર્શ કરવા યોગ્ય નથી તેથી સારા માણસો તેનો સ્પર્શ પણ કરતા નથી. તે જ રીતે નીચ ગાયકોના ભાવમાં આવેલા ભગવાનના ગુણો સ્વરૂપથી તથા ફલથી દુષિત થયેલા હોઇ તેવા નીચ ગાયકોનો સંગ ન કરવો.]

[અહીં ખાળકુંડીના જલને બદલે વીરડાનો ભાવ પણ લઇ શકાય. પાણી લેવા સારૂ ખાડા કરવામાં આવે છે તેને વીરડા કહે છે. તે જળ ગંદુ ઉલેચવાથી ડહોળાયેલું, ગમે તે માણસ તેમાંથી પીએ એટલે એંઠું (ઉચ્છિષ્ઠ) થયેલું હોય છે. તેથી સંસર્ગ દોષ પણ તેને લાગેલો હોય છે. તેથી સારા માણસે તે જલ ગ્રહણ કરવા યોગ્ય નથી. નીચ ગાયકોનો સંગ સત્પુરૂષોએ કદી ન કરવો.]

હવે પંડિતોના છઠા ભાવનું નિરુપણ કરે છે–

શ્લોક : હૃદાસ્તુ પંડિતાઃ પ્રોકતા ભગવચ્છાસ્ત્રતત્પરાઃ ।૫।

શબ્દાર્થ : હૃદા–નદીના ધરા જેવા, તુ–તો, પંડિતાઃ–પંડિતો, પ્રોકતાઃ–કહેલા છે, ભગવચ્છાસ્ત્રતત્પરાઃ–ભગવદ શાસ્ત્રોમાં તત્પર છે. ।૫।

શ્લોકાર્થ : જે પંડિતો ભગવત્ શાસ્ત્રમાં તત્પર છે તેઓના ભાવ નદીના ધરાના જળ જેવો છે.

વિવરણ : શ્લોકમાં 'તુ' શબ્દ આવેલો છે તે એમ દર્શાવે છે કે હવે પંડિતોનો ભાવ આવ્યો. ગીતા, શ્રીમદ ભાગવતજી વગેરે ભગવત્ શાસ્ત્રો છે. તેમાં તત્પર પંડિતો હોય તેમનો ભાવ (હૃદના) નદીના ધરાના જળ જેવો છે, પણ માયાવાદી પંડિતો તેવા ગણાતા નથી. ભગવત્ શાસ્ત્ર જાણનારા પંડિતોનો ભાવ પણ નદીના ધરાના જળ જેવો છે. જેમ નદીના ધરાનું જળ અગાધ, બહુ ઉંડુ હોવાથી તડકાથી પણ તપતુ નથી, પણ શીતળ રહે છે, તેમજ કોઇ પશુ વગેરેથી ડહોળાયેલુ થતુ નથી, તેવી જ રીતે ભગવત શાસ્ત્રને જાણનાર પંડિતોનો ભાવ

પણ સંસારના તાપથી તપાયમાન થતો નથી કે કોઇ નાસ્તીક વગેરેના કુતર્કોથી ચલીત પણ થતો નથી.

[નદીના એક ભાગથાં રહેલો અને નદીને અડીને રહેલા ધરાનું જળ બહુજ ઊંડુ હોય છે અને નિત્ય ઠંડુ રહે છે. તે જળ પશુઓથી મેલું થતું નથી. તેવી જ રીતે પંડિત લોકોનો ભાવ પણ સંસારના તાપથી તપેલ નથી અને કુતર્કોથી સંશયવાળો બનતો નથી. જેમ નદીના ધરાનું જળ ઉત્તમ છે તેમ પંડિતો પાસેથી સાંભળેલા ભગવાનના ગુણો પણ સ્વરૂપથી અને ફલથી ઉત્તમ છે.

હવે સંદેહ નિવારણ કરનારો સાતમો ભાવ કહે છે–

શ્લોક : સંદેહવારકાસ્તત્ર સૂદા ગંભીરમાનસાઃ (૫॥)

શબ્દાર્થ : સંદેહવારકાઃ–શંકા દુર કરનાર, તત્ર–તેમાં, સૂદા–વાવના જલ જેવા, ગંભીર-માનસાઃ–ગંભીર મનવાળા (૫॥)

શ્લોકાર્થ : જે વકતા ગંભીર મનવાળા અને શ્રોતાઓના સંદેહને મટાડનારા છે તેઓ વાવના જળ જેવા છે.

વિવરણ : ભગવદ શાસ્ત્રોમાં સંદેહની નિવૃત્તિ કરનારા અને જેઓનું મન ગંભીર છે તે વકતાઓ અંતર્નિષ્ઠ હોઇ પંડિતો છે. તેઓ સારા જળવાળા (હ્રદ) નદીના ધરાના જેવા છે. તેમનો ભાવ ધરાના જળ જેવો છે. ઉત્તમ જળવાળા (હ્રદનું) નદીના ધરાનું જળ મનની પ્રસન્નતાના કારણરૂપ બને છે. તેમ ભગવદ શાસ્ત્રોમાં સંદેહને દુર કરનારા અંતર્નિષ્ઠ વકતાઓનો ભાવ પણ મનની પ્રસન્નતાના કારણરૂપ બને છે અથવા 'સૂદા' એ પદથી વાવ પણ સમજવી.

[જેમ વાવનું ગંભીરપણું અને તેનું સુંદર જળ જોતાં જ મન પ્રસન્ન થાય છે તેમ ભગવદશાસ્ત્રોમાંનો સંદેહ દુર કરનાર અંતર્નિષ્ઠ પંડિત વકતાઓનો ભાવ પણ મનની પ્રસન્નતાના કારણરૂપ બને છે] (૫॥)

હવે આઠમો ભાવ કહે છે : આ ભાવ પુષ્ટિમાર્ગીયભાવ છે–

શ્લોક : સરઃ કમલસંપુર્ણાઃ પ્રેમયુકતાસ્તથા બુધાઃ । ૬ ।

શબ્દાર્થ : સરઃ–સરોવર, કમલસંપુર્ણાઃ–કમળો સંપુર્ણ, પ્રેમયુકતાઃ–પ્રેમયુકત, તથા–તેવા, બુધાઃ–વિદ્વાનો, બુદ્ધિમાન, પંડિતો.

શ્લોકાર્થ : વિદ્વાનો જેઓ પ્રેમી છે તેઓ કમળોથી સુશોભિત સરોવર સમાન છે.

વિવરણ : ભગવદ શાસ્ત્રોમાંનો સંદેહ દુર કરનારા, અંતર્નિષ્ઠ અથવા વિદ્વાનો જેઓ પ્રેમયુકત હોય છે. તેમનો ભાવ કમળોથી સુશોભત સરોવરના જળ જેવો છે. અહીં જલા-

શયને છોડી દઈને જળના ભાવની સમાનતા બતાવી છે. જેમ કમલવાળું જલ સર્વ ઇન્દ્રિયોને સુખ આપનારૂ થાય છે, આપનારૂં થાય છે, કારણ કે તે જલમાં કમળોની સુગંધ હોય છે, સ્વાદ હોય છે, ભ્રમરોનો ગુંજારવ પણ હોય છે અને સારસાદી પક્ષીઓ પણ હોય છે તેવી રીતે (પ્રભુમાં) પ્રીતિવાળા વિદ્વાનોનો ભાવ પણ સુખ આપનારો થાય છે.

[મુળને સરળતાથી સમજાવ્યું છે જે કમળોથી પરિપુર્ણ હોય તે સરોવર દર્શન માત્રથી સુખ આપે છે. તેવા સરોવરનું જળ સુગંધવાળું અને મીઠું હોય છે. તે સરોવર પર ભ્રમરો ગુંજારવ કરતા હોય છે અને સારસાદી પક્ષીઓ પણ તેની શોભા વધારતા હોય છે તે જ રીતે પ્રભુમાં પ્રીતિવાળા વિદ્વાનોનો ભાવ શ્રોતાઓમાં જ્ઞાન, ભક્તિને કારણે સુખ આપનારો થાય છે.] ।૬।

શ્રી હરિરાય મહાપ્રભુ પ્રકટિત સહસ્ત્ર શ્લોકી

સેવા ભાવના

હિન્દીમાં પદ્યરચના

રચયિતા પ. ભ. રૂપચંદ ખંડેલવાલ "ભૂપ" જબલપુર

(ઓકટો. ૯૭ અંક ૭ થી ચાલુ)

ચુભહિં ઘાસ અંકુશચરનન મેં તાસોં દુખી હોત જૂ મનમેં; ૭૯૯
ગોપ બાલકન સંગ નેહયો કિત ? વેણુબજાઇ કિયો કે હિ મોહિત ? ? ૭૯૧

દો૦ ગૈયન કોં કહું લે ગયો, બેગ લકુટિ ફિરાય;
ચઢિ કદમ્બ લીનીં બુલા, ટેરિ ટેરિ નિજ ગાય. ૭૯૨

સો૦ પીતામ્બર ફહરાય, ગાય બુલાઇ હે સુબન;
નદી કીનારે જાય, શીતલ જલ પુનિકિત પિયે ૭૯૩

ગૈયન કો જલ કહાં પિવાયો. જમના જલસોં કહાં ન્હવાયો, ? ? ૭૯૪
કહાં સખન સંગ દોડ લગાઇ, કહં ગિલ્લી ડંડા લે ભાઇ ? ? ૭૯૫
ચઢે કહાં કહાં વૃક્ષન જાઇ, આંખ મિચોલી કહાં હુવાઇ ? ?
કહાં ચઢે કાંધે જુ પરસ્પર, રાજ ખેલ કહં ખેલે હંસ કર ૭૯૬
કો મંત્રી કો નૃપતિ કહાયો, પ્રજા રૂપ મેં કો કો આયો;
ચોર કો ભયો કોન સિપાહી, ન્યાયાધીશ બનાયો કાહી ? ? ૭૯૭

અલગ અલગ સ્વભાવ મતવારે, રહે હોઇ હેં બાલક સારે,
લીલા વિલાસ ભે બન માહીં, તિન સહયોગ રહયો કે નાહીં ૭૯૮

ભાત મસાલા કરે ભુંજેના, શાક રાયતા કે હું દોના;
ઘર તે મૈંને ભિજવાયે, તે સબ બેઠી કહાં ? કછુ ખાયે ૭૯૯

કે બેઠે બ્રિચ્છન કી છાયન, કે ગોવર્ધન-પર્વત શિખરન;
વન ધાતુન તન કહાં રંગાયો; કહાં ગાય ગેરૂન સિગાર્યો ? ? ૮૦૦

મોર પંખ પટિકા બનાઇ, ગેયન કોં સો કહાં બંધાઇ ? ?
ગેયન કે દોઉ સુન્દર સીંગન, કહાં રંગ્યો કુંમકુમ કે રંગન ૮૦૧

દો. ગોવર્ધન પે બેઠિકેં, કિત ખાયે ફલ બોલ ?
ચોર-નૃત્ય ગિરિયે કહાં કરિયો કહ હુ અમોલ ? ? ૮૦૨

કહહુ મલ્લ ક્રીડા કિત કીની, કા કી જીતભઇ જયભીની ૮૦૩

કૌન-કૌન તવ ગુટ મેં આયો, દાઉ ટે ગુટ કૌન રહાયો ૮૦૪

ગોપન સંગ ફલ કેહિ બિધિ ખાયે. બેઠિ સુને કહં ભ્રમર ગુંજાયે ૮૦૫

પક્ષીન કલરવ કહાં સુન્યો સુત ? વેણુ ધુનિ કિય મૃગિન બિમોહિત ૮૦૬

બિબિધ સુગંધ પુષ્પ સોં સજિ કેં, ખેલે હુઇ હે જમના જલમેં ૮૦૭

કહુ કેહિવન સેં ગેયેં લાઇ, ઘર લાવન હિત સબ ઇકઠાઇં,
ગેયન સંગ આવત જુ મારગન, મિલે કૌન અપને પરિચિત જન ૮૦૮

ગેયન કે પાછેં ઘર આવત, કેસેં નાચે કયોં ન બતાવત;
જબ યા બ્રજ સીમા નિયરાઇ, મો મન પહુંચાવન શિતલાઈ,
બંસી તુ કેહિ ભાંતિ બજાઇ, સકલ પ્રશ્ન મોહિં કહું સમજાઇ,
દો. બેટા અપની માતા કી, આજ્ઞા પાલન હાર,
તો તજિ દુજો કૌન હે, હૌ જાઉં બલિહાર ૮૦૯ – ૮૧૦

પ્રભુએ માતાને ઉત્તર આપ્યો તે દશ શ્લોકથી કહે છે. (શ્લો. ૮૧૧થી૮૨૦)

કૌન ખેલ બન ખેલે ગૈયા, કહં કહં ડોલિ ચરાઇ ગૈયા,
બિસરી ગયો મોહિં યાદ ન આયે, પૈ મમખેલ-મનોર્થ પુરાવે ૮૧૧

જગ કે જે તે ખેલ કહાંયે, લરિકન કે ખેલિ વે બનાયે,
તે સબ ખેલ લિયે બન માહીં, નંદજુકે વન ગાંય ચરાઇ ૮૧૨

ગર્દભ દેત્ય સહિત પરિવારા, આયોતિન સબ કહું મેં મારા
છિન મેં નિકરે તિન કે પ્રાના, ભયો તાલવન કો કલ્યાના. ૮૧૩

બ્રિચ્છન તેં ફલ તોરે લરિકન, આયે સબને તહાં મગન મન.
કછુંક ઉછારે અતિ હરષાયે, ઇમિ બહુ વિધિ વનમેં ક્રીડાયે, ૮૧૪

સો. મૈયા મોહિં અતિભાય, લરિકન કે સંગ ખેલિબો,
બન હુ બહુત સુહાય. મોલનિ બ્રિચ્છ કરહિં તપ ૮૧૫

વિરહાતુર હિરનિન કે ઝુંડા, જોવ હિં મોરી બાટ અખંડા,
મમ મુખ નિસ્સૃત વેણુનાદ કહં, ઉત્સુક સુનન દર્શનન જહંતહં ૮૧૬

પસુ પંછી બટ મનુજ સમાજા, લાગત સબ બ્રજ મોરે કાજા,
જહં ન જાઉં તહાં નીરસ હોઈ, મોરે મન પ્રતીતિ અસ હોઇ ૮૧૭

મૈં બ્રજ શજ કુમાર કહાઉં, કારન કહાં ? ન ભય બિસરાઉં,
દૈત્ય બાલકનકંસ–પઠાયે, તે મો સન્મુખ જાહિં મિનાયે ૮૧૮

પુષ્ટ ભયો મૈં પય પી તેરો, માખન હુખાયો બહુતેરો,
અહહુ પરાયન મલ્લ ચુહુમેં, દૈત્યન માર હું ખેલ ખેલ મેં ૮૧૯

દો. ગાય ચરાવન જાઉં જબ, કરિય ન ચિન્તા માત,
શ્રી દામાદિક સહાયક, બલિષ્ટ દાઉ સાથ ૮૨૦

પછી ભુખ્યા થયેલા ગોપો ગાયો દોહવાને અને તાજું દુધ પીવાને શ્રીકૃષ્ણને બોલાવે છે તે વીશ શ્લોકથી કહે છે.

(શ્લો. ૮૨૧ થી ૮૪૦)

તુરત દુહાયો દુધ પિયન કે, ઇચ્છુક ભુખે ભે પ્રભુ તનિકે.
પહુંચે ગોપ કરત મુખ ગાના, બન કે ખેલન કો વિધિ નાના ૮૨૧

બૈઠી તહાં યશોદા મૈયા, તિન કે ઢિંગ હે કુંવર કન્હૈય,
હરિ બિન ઇન બહુ સમય ગમાયે, સબ ઇનસોં નહિં જાય રહાયો.
ઉત્કંઠિત વ્યાકુલ અનુરાગે, વિવિધ વાકય મુહં બોલન લાગે.
દોઉ હાથ બજાવહું તારી, નૌતિં નિજ નિજ હાથ સંમ્હારી,
પરમ ચતુર સબ ગોદોહનમેં વેણુ બજાવત અપને મુખતેં,
બાંકી અલક ઘુંઘરે બાલન. કુંજ રહે આનંદ મંઝાન ૮૨૨–૮૨૩

દો. ગૈયન કી બાતેં કરત, આકુલ અરૂ હરખાત,
બૈઠે માંકી ગોદ હરિ, તિન સોં લંસિ બતરાત ૮૨૪

આકુલ ઇન્દ્રિય વારી ગૈયન, ચહત કરાવન અપનો દોહન,
તવ મુખ–ચન્દ્રન–દર્શન કાહીં, ઉત્કંઠિત તવ બાહ જુ હાહીં ૮૨૫

ચલહુ અપન મિલી મોહન કહિયાં, અપને હાથન દોહે ગઇયાં,
સદ્ય દુધ ધારોષ્ણ મધુર જો, બલહિત પિયેં ઘોરિ ધુમર કો ૮૨૬

બનમેં કુસ્તી ખેલન કાહીં, ચહિય બહુત બલ અપને માતીં,
દૈત્ય કંસકે સંબંધી જો, તિન કહું અવશ્ય માર્યો ચહિયે ૮૨૭

નંદરાય કી ગાયેં સારી, એક સોં એક અધિક બતવારીં,
બન બન તિન કહું ધરત ચરેબો, લડત બેલ કે સીંગ પકર બો. ૮૨૮

હમહિં હરાવો ચાહે કોઇ, પરત દૌરવેં હમ કહું સોઇ,
ગોપ પરસ્પર અપને દોઉ, કર પકરેં ન છુડા સક કોઉ ૮૨૯

પરત તિનહુ કે હાથ છુડાવન, બછરા જે કરિ ઉંચે કાનન,
નિજ મેયા પે જાવો ચાહીં, પરે છોરિબો ઉનહુ કાહીં. ૮૩૦

દો૦ ઉંચે કાન કિયે, કરન વેણુ સુધા રસપાન,
ચકિત ગાય સબ પ્રેમસોં, વિહ્વલ ભઇ મહાન ૮૩૧

ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગત્ગુરુ શ્રીમદ્‌વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા : શ્રી પ્રવિણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ. (સીવીલ) બીરપુર

૩૩. દાનગલી-માનગલી-કુંજગલી લીલા

(રાગ-સારંગ/કાન્હરો)

શ્યામને મીઠી મુરલી બજાઇ,
વૃંદાવન કી કુંજ ગલિ ન સે, કુંજ ન મેં ચલિ આઇ. ૧
રોકત હૈ કભી દાનગલીમેં, માંગત દાન દહીં કો,
આવત હૈ કભી જમુના ગલીમેં, રોકત પનિહારિન કો. ૨
માન કરિ કે માન ગલીમેં, વિરાજિત શ્રી રાધાકો,
લટક મટક સે આઇ પ્યારો, છુડાવત માન પ્યારી કો. ૩
લીલા અનોખી ચાર ગલીન કી, મોહિત ફરત ગોપી ન કો;
‘ચરનદાસ’ કહે વૃંદાવન મેં, ગલી ભજત રાધા કો. ૪

ગલી ગલી ભજત રાધાકો શ્રી વૃંદાવનમાં કુંજ ગલી. દાન ગલી, માનગલી અને જમુના ગલી આમ ચારે ગલીઓ એક ચોકમાં મળે છે. ત્યાં શ્રી વૃંદાવન બિહારીએ ચારેય લીલાઓ કરી છે. તે પ્રમાણે આ ગલીઓનાં નામ પડયાં છે. પ્રભુએ શ્રી વૃંદાવનની ગલીઓમાં એવી મોહિની લીલાઓ કરી, વ્રજવાસીઓનાં મન હરી લીધાં છે કે જે આજે પણ વૃંદાવનમાં બધા જ વ્રજવાસીઓ શ્રી રાધાજીને યાદ કરે છે, શ્રી શ્યામ સુંદર શ્રી રાધાજી વિના એક ક્ષણ પણ દુર રહેતા નહીં. જયાં જયાં શ્રી રાધાજી રમણ કરે, જે જે ગલીમાં શ્રી રાધાજી ચરણ માંડે ત્યાં ત્યા શ્રી શ્યામ સુંદર પધારે અને યુગલ સ્વરૂપે ક્રીડા કરે. તેથી આજે પણ વહેલી સવારથી તે રાધ સુધી બધા જ શ્રી રાધાજીના નામનું રટણ કરે છે કારણ કે રાધાજીની સાથે શ્રી શ્યામ સુંદર વિના આમંત્રણો કે રટણ કર્યા સિવાય ફકત શ્રી રાધાજીના નામની સાથે અવશ્ય પધારશે તેવી ખાત્રી હોયાથી તેમવું રટણ ગલીએ ગલીએ સર્વ કરે છે વાસ્તવમાં શ્રી રાધાકૃષ્ણનું સ્વરૂપ એક જ છે. શ્રી રાધાજી જેનું વરણ કરે છે તેનો શ્રી શ્યામ સુંદર તત્કાલ હાથ પકડે છે. પરમાનંદનું દાન આપે છે.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ [illegible] અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. પ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પ. ભ. [illegible] જય શ્રીકૃષ્ણ.

॥ **શ્રીવલ્લભ** ॥

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

પ્રાચીન બર્હિષ ભૂપતે, જુઓ કીધા યજ્ઞ અપાર;
ઉર્વી મખાંકિત સૌ કરી, તોહે કાંઇ ન દીઠો સાર.
સાર ભાળ્યો જે જે પશુ પાડયાં
તે તે રહ્યા હણવા, નારદે દેખાડયા.
ભય દેખી લીધું સુર - ઋષિ શરણ,
ભક્તિ કરીને પામ્યો હરિ ચરણ;
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૪૫)

વિવેચન : આ કડીમાં યજ્ઞ કરતાં પણ સિદ્ધિ નથી ઉલટું પાપ સામુ દોડે છે. યજ્ઞનું ફળ તો ન દેખાણું આવા પ્રાચીન બહિર્ષ રાજાને નારદે બતાવ્યું ત્યારે ભક્તિ કરી પાર ઉતર્યો.

યજ્ઞનું કામ તેની વિધી તેની પવિત્રતા આ બધુ યોગ્ય રીતે પાર પડે તો જ ફળરૂપ બને છે. જેમકે પૃથુ રાજાએ યજ્ઞ કર્યો તેને ફળરૂપ બન્યો.

દક્ષ પ્રજાપતિએ યજ્ઞ કર્યો તેનું વિપરીત પરિણાણ આવ્યું. સતી પાર્વતીએ યજ્ઞમાં ઝંપલાવ્યું, મહાદેવજીનાં ગણે આવી યજ્ઞનો નાશ કર્યો તે ભાગવતમાં પ્રસિદ્ધ છે.

પ્રાચીન બહિર્ષ રાજાએ યજ્ઞ એક નહીં પણ ઘણા કર્યા હતા. તેને યજ્ઞનું ફળ ઉલટું મલ્યું હતું. તેનાં મનને કયાંય શાંતિ મળી જ નહીં, ત્યારે તેમણે મુનીનું શરણ લીધું. બે હાથ જોડીને વિનંતી કરી કે હું મારા કર્મોથી વ્યાકુળ બન્યો છું, મને શાંતિ આપો. મને મોક્ષ મળે તેવું બતાવો. હું આ વિષયમાં કાંઇ સમજતો નથી. સંસારી મનુષ્ય તો સંસારી રાજ્યાદિક, પુત્ર પૌત્રાદિક અને ભરણપોષણને જ સર્વસ્વ માને છે. સંસારી સુખ-શાંતિ માટે બધો પુરુષાર્થ કરતા મને કયાંય શાંતિ મળી નથી.

નારદજીએ આ સાંભળીને કહ્યું- હે રાજા ! સંસારનું ફળ સંસારમાં જ છે. માયાની જાળમાં ફસાયેલો જીવ કર્મોથી મુક્ત થઇ મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી. હે રાજા ! તેં મારી સામે બંધનથી મુક્ત થવાની ઇચ્છા કરી પરંતુ તું પહેલાં તારા કરેલા કર્મને જોઇ લે. તેં યજ્ઞમાં હજારો પશુઓને માર્યા તે બધાં પશુઓ તેણે ભોગવેલી યાતના તારા તરફની તેને યાદ કરી પરલોકમાં તારી વાટ જોઇ રહયા છે, તું જયારે મરણ પામીશ ત્યારે તે બધા અતિ ક્રોધાયમાન થઇને લોઢાના યંદ્રમય શીંગડાથી તને કાપી નાખશે. આટલું કહી નારદજીએ

દૃષ્ટાંત રૂપે પુર્વજનમનું આખ્યાન તેને સંભળાવ્યું. તેના સારરૂપમાં જીવકર્મનાં અનુસાર જુદી જુદી યોનીમાં જન્મ લે છે.

તે દરેક જન્મમાં માયાને આધીન બની જ્યાં જાય ત્યાં પોતાનું માનીને તેમાં જ આનંદ માને છે. સુખની શોધમાં કર્મના થર વધતાં જાય છે, તેમજ જીવન દરમ્યાન હર્ષ, શોક, ભય અને સુખદુઃખને ભોગવે છે.

એક જન્મ પુરો થયો ત્યાં બીજો જન્મ લે. વળી, ત્યાં સહુને પોતાના માને. મરણ પર્યંત દેહનો મોહ તે છોડી શકતો નથી. માનવ શરીરમાં સમજણ છે બીજી યોનીમાં નથી, પરંતુ માનવ દેહધારી બન્યા પછી પણ તે આત્મ કલ્યાણ તરફ વળી શકતો નથી. તેનું મુળ કારણ મન છે. મન તેને સન્માર્ગે જતાં રોકે છે. આમ કર્મના થર ચડતા જાય છે અને અવિદ્યા થાય છે. હે રાજા ! આ માનવ દેહધારી બનીને જે શ્રીહરિનું ભજન સ્મરણ કીર્તન આદિ કરે છે. તે જીવન મુકત થાય છે.

ભકિતમાન, જીવ, અકર્મ કરતો નથી તેમજ સત્કર્મ કરવા છતાં તેમાં ફળની ઇચ્છા રાખતો નથી. પ્રેમપુર્વક નામસ્મરણ કરવાથી જીવનમુકત બને છે. આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરવાવાળા શ્રીહરિ છે, તે સર્વનાં આત્મામાં રહેલ છે. તેમ માની કોઇને સંતાપ થાય તેવું ન કરવું જેથી નવા કર્મ બંધાય નહીં. આજ સુધી જે જે કર્મો તે કર્યા તે બધામાંથી ઉગારવાનો માર્ગ પણ હરિ શરણ જ છે, હરિની ભકિત જ છે.

નારદ મુનિ પાસેથી ઉપર મુજબ સાંભળીને પ્રાચીન બર્હિષ રાજાએ આ રાજપાટ બધું છોડી દીધુંને તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા ત્યાં જઇને એકાગ્રચિત્ત રાખી સર્વ સંગ છોડી કેવળ ભગવાનનાં ચરણકમલનું ધ્યાન કરી મનથી જ શરણાગતિ સ્વીકારી ભજન સ્મરણ કર્યું તે ભકિતના પ્રભાવથી તેઓ મોક્ષને પ્રાપ્ત થયા.

સારમાં : અનેક જન્મોના પાપ–પુણ્યોનો સરવાળો કેવળ ભકિત કરવાથી તેનો બરોબર થયો ત્યારે મોક્ષ મળ્યો.

માનવ દેહધારી જીવ આ વસ્તુનો મર્મ સમજીને પ્રેમભાવથી પ્રભુનું શરણ સ્વીકારી ભકિત કરે, સેવા કરે અને નિષ્કામ ભાવે ભકિત કરે તેના પાપ–પુણ્ય બધું સમાપ્ત થઇ જશે માટે જ સારરૂપ સમજીને ભગવદ ભકત સર્વ વાતથી નિશ્ચિંત બની સેવા સુમરણ કરીને જીવન સફલ બનાવે છે. હે પ્રભુ ! હું કેવળ આપને જ શરણે છું, હું આપનો જ છું. આવા ભાવવાળા ભકતો પ્રભુને પ્રિય બને છે. ભકત ઇચ્છા રાખે છે તો કેવળ ભગવદ દર્શનની લાલસા, દાસ્યધર્મનો મર્મ સમજીને ભકિત કરે તેને કોઈ ખામી નથી. ભકિતમાં ધનની જરૂર પડતી નથી, ફકત મનની જરૂર છે. તે તો ભગવાને બધાને દીધું છે. દાન, પુણ્ય, યજ્ઞ કરવાવાળાની સ્થિતિ બધી સમજાય ગઇ. નૃગનું દાન, પ્રાચીન યજ્ઞ બધા નકામા થઇ પડે, પરંતુ ભકિત કરવાવાળાને પછતાવાનું રહેતું નથી.

શ્રીકૃષ્ણ શ્રીકૃષ્ણ શરણું મમ ઉચ્ચરે,
રૈન દિના સદા પલ છીન ઘડી કરત વિધ્વંસજન અખિલ અઘ પરિહરે;
હોય હરિરૂપ વૃજભુપ ભાવે સદા અગમ ભવસિંધુકો બીના સાધન તરે.
રહત નિશ-દિવસ આનંદ ઉરમેં ભરે, પુષ્ટિલીલા સકલ સાર ઉરમેં ભરે;
રમા અજ શેષ સનકાદિક શુક શારદા વ્યાસ નારદ રટે પલક મુખના ટરે,
લાલ ગિરિધરકી મહિમા અતુલ જગમગે શરણ કૃષ્ણદાસ નિગમ નેતિ નેતિ કરે.

" " " "

ઉપર મુજબ કૃષ્ણદાસજીએ નાના એવા કીર્તનમાં ઘણો. ઘણો સાર બતાવ્યો છે, સો રોગ તેની દવા એક જ બતાવી છે અને જે દવામાં કોઇ એક પૈસાનું ખર્ચ કરવાપણું નથી વળી સર્વ તે કરી શકે છે. હજારો જન્મોનાં પાપોનું નિરાકરણ કરવા બધા ઉપાયો ઓછા પડે છે અને તે જીવની શકિતની બહાર ચાલ્યું જાય છે.

કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણં મમઃ ।

આ શરણ મંત્ર છે. શરણ મંત્રનું રાત-દિવસ સદા પલપલમાં સુમરણ કરવું. તે જ સર્વશ્રેષ્ઠ ઉપાય છે પછી પાપનો ભાર ટળે કે ન ટળે તેની ચિંતાથી મુક્ત થવાય છે. કેમકે એક નામનો પ્રતાપબળ મહાન છે. ત્યાં રાત દિવસ ઘડી પલ પણ ન વીસરાતા લેવાય ત્યાં શાની ખામી રહે. નિશ્ચિંત બનીને શ્રીકૃષ્ણ શરણું મમઃ નામ ઉચ્ચાર કરવાથી હૃદયમાં આનંદની લહેરો વહેતી રહે છે. ત્યાં દુઃખની વાત જ કયાં રહી. આ નામસ્મરણનાં કૃપાબળથી તેનાં હૃદયમાં પુષ્ટિલીલાની સ્ફુરણા થાય છે. સર્વ સિદ્ધાંતનો સાર પણ સમજાય છે. ભગવત નામનો સાર સમજીને લક્ષ્મીજી, શેષ, મહેષ, સનકાદિક, નારદજી, શારદા, વ્યાસમુનિ, શુકદેવજી વિગેરે નામ રટણ કરે છે તેનું જ નામ રટણ કરવું, પ્રભુ નામ સ્મરણનું મહત્વ કેટલું તે કહેવા કોઇનું સામર્થ્ય નથી. જો અન્ય કોઇ સાધનોથી ન થાય તે કામ 'શ્રીકૃષ્ણ શરણું મમઃ' આ શરણથી થાય છે.

કૃષ્ણદાસજી કહે છે કે જેને વેદો નઇતિ કહે છે. તે જ નંદનદન યશોદોત્સંગ લલિત શ્રીકૃષ્ણ તેનું જ નામ સ્મરણ આઠોપ્રહર લેવું. શ્વાસોશ્વાસથી. કૃપાથી તે હોત હરિરૂપ- તે મુજબ નામ. આવી રીતે લેવાવાળા હરિરૂપ બની જાય છે. તલ્લીનતા પ્રાપ્ત કરેલા જીવો પ્રભુને પ્રિય હોય છે. દેહદશા ભુલી જવાય છે. જેનું સ્મરણ કરે છે તે નામનાં પ્રતાપબળથી તે મય એટલે તન્મયતા પ્રાપ્ત થાય છે.

ગોવિંદ સ્વામીએ ગાયું છે-

કૃષ્ણ શ્રીકૃષ્ણ કૃષ્ણ કહે રે મન મેરે....

આ પદમાં સારભુત એવું બતાવ્યું છે. હે મન ! તું શ્રીકૃષ્ણ કૃષ્ણ કરે, હે મન ! બાવરા હું તને વારે વારે કહું છું. તું માનતો નથી લાગે છે તું બહેરો હોઇશ. હે મન ! જગત તો બાવરા જેવું છે, માયામાં લીન છે પરંતુ તું શા માટે બાવરૂં બને છે ? તારા કરોડો જન્મોનાં પાપો પલવારમાં નષ્ટ થઇ જશે અને પ્રભુનાં ચરણારવિંદ પ્રાપ્ત થશે. માટે વારંવાર ચરણ શરણ સ્વીકારી શરણ મંત્ર શ્રીકૃષ્ણ શરણં મમ: નાં ઉચ્ચાર કર. શરણ મંત્રના ઉચ્ચાર, મનન, ચિંતન તે આનંદ પરમાનંદની પ્રાપ્તિ કરાવે છે.

માટે કવિશ્રી કહે છે– સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.... (૪૫)

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૪૭

શ્રી યમુને જન જરનિ હરનિં વર;
અતિ ઉદાર પ્રીતમ વશ કરની, સંતત જાનત દીન પીર પર ૧

કૃપા છત્ર નિજદાસનિહું પર, હોત સુભૂમિ મધ્યાસોં ઉસર;
'વલ્લભ' દાસિનિકોં કરિ અપની, હરનિસસકલ ભવરુજ કૃતાંત ડર. ૨

ભાવાર્થ : શ્રી યમુનાજી જીવોનાં તાપનું હરણ કરી વરદાન દેવાવાળા એવા મહાન ઉદાર ચરિત્રોથી પ્રિયતમને વશ કરવાવાળા દુ:ખી ગરીબ. આવા જીવો ઉપર દયા કરવામાં અગ્રેસર, આપની કૃપારૂપી છત્રછાયામાં રાખી ઇચ્છિત ફલદાન કરવાવાળા એવા આ એક વલ્લભ દાસીની ઉપર કૃપા કરી અને જગ સંસારનાં ફેરાથી ડરી ગયેલા તેને આપની કરીને રાખો.

વળી કવિશ્રી પ્રેમતાપથી શ્રી યમુનાજીવી સ્તુતિ કરતાં ભાવાગ્નિમાં તપી રહયા છે. આગળના પદોથી દીન થઈ દાસ ભાવનું ભાન ભુલી હવે ગોપી ભાવમાં પ્રવિષ્ટ થઇને આ દાસી ઉપર કૃપા કરો, એવી પદે પદે વિનંતી કરે છે.

(૧) પહેલાં પ્રેમ ભાવથી યશોગાન કર્યું (૨) પછી ભાવ મગ્ન થઇ ગોપી ભાવને પ્રાપ્ત થયા (૩) તેમાં આર્તનાદની સાથે યશોગાન કર્યું છે (૪) દેહાનુસંધાન રહ્યું નથી તીવ્ર તાપ કલેશભાવમાં મગ્ન થયા છે. આ ભાવનો જેણે અનુભવ લીધો હોય તેજ આ પ્રિયા ભાવનાં પદોનો આશય જાણી આનંદ માણી શકે છે. ૪૭

ખંડિતાનું પદ-રાગ માલકોશ

નખ કહાં લાગે, બન બાનંરા લગાયે;
ચખ ક્યોં રાતે, પ્રાત દેખ્યો તાતે ભાનકો. ૧

ચંદન લાગ્યો હે કહાં, વિઘ્નહરણ પુજાકીની;
વંદન લાગ્યો કે કહાં, પરસ ભયો નાથકો. ૨

રેન રહે કહાં, નટ નૃત્ય જહાં,
અરબરાય ક્યોં બોલો, મોસોં ડર ભયો આનકો;
ગુજરી સોં ગુજરી અબ આગે આય ઠાડે,
'સૂર' થેગરી કહાંલો દેત, રટે આસમાન કો. ૩

ખંડિતાનું ધોળ ભાવાનુવાદ

[મથુરામાં મોહનલાલ નહીં દઉં જાવાને]

ગોપી

કહો સુંદર શ્યામલ અંગ, ૧ નખ કયાં લાગ્યા રે;
૨ દીસે અરૂણ નેન વિશાલ, ૩ રેન કયા જાગ્યા રે. ૧
૪ ચોંટયું ચંદન સઘળે ગાત, ૫ વંદન રંગે રે;
૬ બ્હીતા બ્હીતા બોલો કેમ, રમ્યા કો સંગે રે. ૨

કૃષ્ણ

૧. નખ માર્યા મર્કટ અંગ, વનમાં ફરતા રે;
૨. થયા લાલ નયન રવિ પ્રાત, દરશન કરતા રે. ૩

૩. નટરાજનું જોતા નૃત્ય, રાત વિતાવી રે;
૪. પુજયા વિઘ્ન વિનાશનરાય, ચંદન ચડાવી રે. ૪

૫. કર્યો પરસ થાનનો હાથ, રંગ તેનો લાગ્યો રે;
૬. તને શંકા આવે આન, ડર તેથી જાગ્યો રે. ૫

ગુજરીને સંગે રાત, ગુજરારી સારી રે;
ગોપી હવે શીદ ઉભા છો નાથ, બેસો પાસ મારી રે. ૬

વસ્ત્ર ફાટયા હોય તે સંધાય, સાંધ્યાની વિધે રે;
'લાલ' ફાટયો આભ ન સંધાય, થીગડા દીધે રે. ૭

રચયિતા કીર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ

આ માસના ઉત્સવ

મહા સુદ ૧૩ તા. ૯–૨–૯૮ સોમવાર, ગો. શ્રી ઘનશ્યામલાલજી મહારાજશ્રી (કામવન)નો જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૧૧–૨–૯૮ બુધવાર, હોળીદંડારોપણ, સૂર્યોદય પહેલાં, ધમારનો આરંભ, પુર્ણિમા, માઘસ્નાન સમાપ્ત.

મહા વદ ૩ તા. ૧૪–૨–૯૮ શનિવાર, ગો શ્રી વિઠ્ઠલેશરાયજી મહારાજશ્રી (ચાંપાસેની–જુનાગઢ)નો જન્મદિન.

મહા વદ ૪ તા. ૧૫–૨–૯૮ રવિવાર, ગો. શ્રી નૃત્યગોપાલજી મહારાજશ્રી (મુંબઇ) નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૧૬–૨–૯૮ સોમવાર, શ્રી રણછોડજી (ડાકોર)નો પાટોત્સવ, ગો. શ્રી કલ્યાણરાયજી મહારાજશ્રી (સુરત)નો તથા ગો. શ્રી રઘુનાથબાવા (મુંબઇ૦મુલુંડ)નો તથા ગો. શ્રી રસિકપ્રિતમજી (વીરમગામ–અમદાવાદ)નો તથા ગો. ચિ. શ્રી અભિષેકજી (મથુરા–પોરબંદર–મુંબઇ)નેઃ જન્મદિન.

મહા વદ ૭ તા. ૧૮–૨–૯૮ બુધવાર, શ્રીનાથજીનો પાટોત્સવ–નાથદ્વારા.

મહા વદ ૯ તા. ૨૧–૨–૯૮ શનિવાર, ગો. શ્રી નિરૂદ્ધલાલજી (માંડવી૦કચ્છ)નો તથા ગો. શ્રી પ્રશાંતકુમારજી (મુંબઇ)નો તથા ગો. શ્રી ગોપાલજી (કાંકરોલી–મથુરા–વડોદરા) નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૨૨–૨–૯૮ રવિવાર, ગો. શ્રી નુપુરકુમારજી બાવાશ્રી (બોરીવલી) નો તથા ગો. શ્રી રાજેશબાવાશ્રી (કોટા)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા. ૨૩–૨–૯૮ સોમવાર, વિજ્યા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૨૪–૨–૯૮ મંગળવાર, ગો. શ્રી વસંતકુમારજી બાવાશ્રી (મથુરા-પોરબંદર)નો જન્મદિન.

મહા વદ ૩૦ તા. ૨૬–૨–૯૮ ગુરુવાર, અમાવાસ્યા, દ્વાપર યુગાદિ તિથી, ગો. શ્રી વલ્લભલાલજી બાવાશ્રી (ગોકુલ–કામવન) નો જન્મદિન

ફાગણ સુદ ૨ તા. ૨૮–૨–૯૮ શનિવાર, ગો. શ્રી વલ્લભલાલજી મહારાજ (કામવન) તથા ગો. ચિ. શ્રી દ્વારકેશલાલજી (ચંદ્રેશકુમારજી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૧–૩–૯૮ રવિવાર, ગો. ચિ. **શ્રી અનિરુદ્ધલાલજી** બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૨–૩–૯૮ સોમવાર, ગો. **શ્રી** ગોકુલનાથજી મહારાજ (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૩–૩–૯૮ મંગળવાર, **શ્રી લલિતાત્રિભંગીશયજીનો** પાટોત્સવ-(વેરાવળ).

ફાગણ સુદ ૭ તા. ૪–૩–૯૮ બુધવાર, શ્રી મથુરેશજીનો પાટોત્સવ (કોટા), ગો. શ્રી રાકેશકુમારજી મહારાજ (શ્રી નાથદ્વારા) તથા **શ્રી** કૃષ્ણકુમારજી (કોટા–કડી)નો જન્મદિન, ગો. તિલકાયત આચાર્યવર્ય પુ. પા. ૧૦૮ શ્રી દાઉજી (રાજીવજી) મહારાજશ્રી નાથદ્વારા ગાદીએ બિરાજ્યા તેનો ઉત્સવ.

ફાગણ સુદ ૮ તા. ૫–૩–૯૮ ગુરુવાર, હોળાષ્ટકનો પ્રારંભ, ગો. શ્રી વ્રજવલ્લભજી બાવાશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ સુદ ૯ તા. ૬–૩–૯૮ શુક્રવાર, બગીચા નોમ, શ્રી ટિકેતના શૃંગારનો પ્રારંભ.

માનવ–ધર્મ

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક : **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર : **ડો. ચુનીલાલ રવજી બાલધા**, આંખના સર્જન, રાજકોટ

વૈષ્ણવતા કા ઘર દુર હે, મનુષ્ય ધર્મ ભી હોય;
યાપે જો સાંચો ચલે, તો સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય;
વિરલા વિરહી રસિક જન, તેં કોટિ ન મેં પાય.

શ્રી વ્યાસદાસજી

જીભ (જ્ઞાનેન્દ્રિય રૂપે) :

આવશ્યકતા લેનાથી ખાટા, કડવા, તીખા, સુકા પદાર્થોની ખબર પડે છે. આ ન હોય તો ખાદ્ય પદાર્થોના સ્વાદથી તેના ગુણોની ખબર ન પડે મનુષ્ય મીઠુ કે ખારુ ખારુ ખાઇ બહુ જલ્દી મરી જાય.

કર્મેન્દ્રિય રૂપે :

મનુષ્ય માટે સૌથી મુખ્ય સાધન વાણી છે વાણીથી જ મનુષ્યની ખબર પડે છે. ઘણી વખત વાણી જ મનુષ્યને ઉંચો નીચો, ગુણી–દુર્ગુણી, સાધુ નીચ અને સારો ખરાબ સાબિત કરે છે. વાણીનું કાર્ય જીભથી થાય છે. તેથી તેની ઘણી આવશ્યકતા છે.

જ્ઞાનેન્દ્રિયના રૂપે :

શું ન કરવું જોઇએ ખાટા, મીઠા, ચટપટા પદાર્થોના સ્વાદમાં ન ફસાવું જોઇએ (તેનાથી ચટપટી વધે છે. ચટપટીયાઓની ખુબ દુર્ગતિ થાય છે ઘણા લોકો તેને કારણે ધર્મ ભ્રષ્ટ અને દુઃખી થાય છે. ધર્મ અને સ્વાસ્થ્ય ભુલીને ગમે ત્યા ગમે તે ખાવું પીવું આ ઇન્દ્રિયને કારણે થાય છે રોગી મનુષ્ય આઇન્દ્રિયની આ સકિતને કારણે વૈદની આજ્ઞા વિરૂદ્ધ અખાદ્ય ખાઇને મૃત્યુ નોતરે છે. આ ઇન્દ્રિયને કારણે દેવતાઓ માટે બનેલી રસોઇ પણ પહેલા એઠી કરી દેવામાં આવે છે. ચટપટીને કારણે ચોરીની આદત પડે છે. મીઠું ખાવાની આસક્તિથી મીઠી પેશાબ અને જીવાતની બિમારી, ખારૂં અને ખાટાની આસકિતથી વીર્ય નાશની બિમારી પેદા થાય છે. વાસી, તીખા, સડેલ (વડા, અથાણુ વિગેરે) પદાર્થોની આસકિતથી જાત જાતની બિમારી થાય અને તામસીપણુ વધે છે. દારૂ, માંસ, ડોકટરની દવાઓ અને અપવિત્ર પદાર્થોની ખાનપાન ન કરવું. (તેનાથી ધર્મ, ધન, સ્વાસ્થ્ય, બુદ્ધિ બધાનો નાશ થાય છે) ચોરી, અન્યાયનું અપવિત્ર અન્ન ન ખાવું (તેનાથી બુદ્ધિ બગડે છે. મહારાજા ભિષ્મની પણ બુદ્ધિ બગડી ગઇ હતી. તમોગુણી બુદ્ધિથી તમોગુણી કાર્ય થાય છે અને તેનાથી તેનું પતન થઇ જાય છે).

કર્મેન્દ્રિયના રૂપે :

કડવું ન બોલવું, (તેનાથી બીજાના આત્માને ઘણું દુઃખ પહોંચે છે, વેર વધે છે) કોઇની નિંદા કે ચાડી ન કરવી, (તેનાથી બીજાના પાપોનો ભાગ મળે છે. ઘૃણા, દ્વેષ, વેર, ક્રોધ, હિંસા વિગેરે દોષ પેદા થાય છે. પારકું અને પોતાનું નુકશાન થાય છે. કેસ, કજીયા થઇ જાય છે અને પાપના ચિત્ર હ્રદય પર દોરાઇ જાય છે). પોતાની વડાઇ ન કરવી. (તેનાથી બીજાના આત્માને ઘણું દુઃખ પહોંચે છે, વેર વધે છે) પુણ્યનો નાશ થાય છે, કરવી. ખુશામત ગમવા લાગે છે) પોતાના દાન અને પરોપકાર બતાવવા નહીં. (તેનાથી એ પુણ્યનો નાશ થાય છે, મહારાજ યયાતિ પોતાના દાન પુણ્યની વાત પોતાના મુખેથી કહેવાને કારણે પુણ્યનો નાશ થવાથી સ્વર્ગમાંથી ધકેલી દેવાયા હતા), કોઇની ખુશામત ન કરવી (તેનાથી

ખોટું બોલવાની અને ખુશામતખોર બનવાની આદત પડી જાય છે, તેજ ઘટી જાય છે) બીજાની ચર્ચા કે ફાલતુ વાતો ન કરવી. (તેનાથી સમય નષ્ટ થાય છે, ખોટા શબ્દો નીકળવા માંડે છે. ખોટી નિંદા–સ્તુતિ થાય છે, બીનજરૂરી સંસ્કાર મન પર જામે છે, પારકા છિદ્ર જોવાની આદત પડી જાય છે) બીનજરૂરી ન બોલવું (તેનાથી મોટે ભાગે સમસ્ત ધર્મોનો નાશ થાય છે, વિશ્વાસ ચાલ્યો જાય છે, વાણીનું તેજ ઘટી જાય છે) ટોણા ન મારવા, આક્ષેપ ન કરવો, કોઇની અંગહીનતા કે કર્મહીનતાનો દોષ બતાવીને મતલબ કે તું અંધ છે, બહેરો છે, કોઢી છો, પાપી છો, તું રાંડ છો વિગેરે શબ્દોથી સંબોધન ન કરવું. (તેનાથી સાંભળનારના મનમાં ઘણું દુઃખ થાય છે) અપશબ્દ ન બોલવા, અશ્લલ ન બોલવું, શુંગારના ગીત ન ગાવા, કામોત્તોજક શબ્દ ન બોલવા. (તેનાથી વીર્ય નાંશ થઇ અધઃપનન થાય છે). કોઇ પાસેથી પોતાના માટે કંઇ પણ ન માગવું. (તેનાથી તેજ ઘટે છે, માગનાર લોકોની નજરમાંથી ઉતરી જાય છે, માનનો નાશ થાય થાય છે) હરિ, ગુરુ, શાસ્ત્ર, સંત, માતા, પિતા, ગુંરૂજનોની દોષ ચર્ચા ન કરવી. (તેનાથી અશ્રદ્ધા, અવિશ્વાસ, ધૃષ્ટતા અને ઉચ્છંખલતા વધે છે).

જ્ઞાનેન્દ્રિય રૂપે :

શું કરવું જોઇએ ? વસ્તુઓના ગુણ–દોષ જાણીને જે વસ્તુ ધર્મ અને સ્વાસ્થ્યને અનુકુળ હોય તથા આયુષ્ય, સત્વ, બળ, આરોગ્ય, સુખ અને પ્રેમ વિગેરે વધારનાર હોય, જેના સેવનથી બુધ્ધિ સાત્વિક બને એવી વસ્તુનું સેવન કરવું. ભગવાનનો પ્રસાદ ખાવો, ગંગાજળ વિગેરેનું પાન કરવું, ભગવાનનું ચરણામૃત લેવું.

કર્મેન્દ્રિય રૂપે :

સત્ય, મીઠા, હિતકારક, ઉદ્વેગ ન કરનાર, સીધા અને પ્રેમાળ વચન બોલવા, નમ્રતાથી બોલવું, ભગવાનના નામ–ગુણ, જપ–કિર્તન કરવા, પોતાના દોષ અને બીજાના અનુકરણીય ગુણો દર્શાવવા તથા ઓછું બોલવું. એવી વાત કહેવી જેનાથી બીજાના મનમાં પ્રસન્નતા થાય, સાંભળવા અને માનવામાં સુખ મળે. આલોક અને પરલોકમાં કલ્યાણ થાય. —ક્રમશઃ

॥ શ્રી વલ્લભઃ ॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના

આંતર ઉદ્ગારો

૫૮. પ્રભુરસ સાગરના બુંદની શક્તિ

શ્રી મહાપ્રભુજી કરોડો રસના સમુદ્રમાં પડયા છે, તે કરોડો રસની ભાવનામાં ઝુલે છે. તે કરોડો સમુદ્રમાંથી એક એક સમુદ્ર તેની એક એક બુંદ તેમાં દામોદરદાંસ પડયા છે. તે આનંદ માતો નથી, એવી બુંદ છે. તે બુંદનો એક સમુદ્ર તેની એક કણિકા ભગવદીમાં આવે, ત્યારે તે આનંદમાં પડે છે. બીજું કઇ દેખે નહિ, તેનો પ્રપંચ, લૌકિક વહેવાર તેજ વખતે છુટી જાય. ત્રણ લોકનો વૈભવ તુચ્છ તરણા માત્ર ગણે આ શકિત આનંદની બુંદમાં છે, તે બુંદ નથી મળી, ત્યાં સુધી જીવ લૌકિકમાં જ છે.

૫૯. પુષ્ટિ તથા મર્યાદા ભગવદીય

મર્યાદા માર્ગીય ભગવદીય તે કયા ? ત્યારે કહે છે કે જે પ્રભુની મર્યાદા રાખે તે મર્યાદા ભગવદીય તે મર્યાદીય, ભગવનને દેખે નહિ, પણ એમ જાણે કે ભગવાન વિના કંઇ છે નહિ. કોઇની સાથે ભુંડુ ભલું બોલે નહિ તે.

શ્રી શુકદેવજી, નારદજી, ભરતજી તે સદા સર્વદા ભગવાન વિના જોતા નથી, માટે તે ભગવાનની મર્યાદા રાખતા કોઇની સાથે પ્રભુની વાત વગર બોલે નહી એ મર્યાદા માર્ગીય.

હવે પુષ્ટિમાર્ગીય કયા ? જેની સાથે પ્રભુ સાક્ષાત્ બોલે, ચાલે, સ્પર્શ કરે, પોતે પ્રેમથી પ્રસન્ન થાય, એ પુષ્ટિમાર્ગીય જે ભગવદી પોતાને સ્થાનકે રહયા હોય તે મુળ સ્થાન કે પહોંચે ભ્રમણ ભ્રમણની જગાએ રહે, તો તે પ્રભુને પામે. જે જે વરણનો (સ્થાનનો) અધિકારી છે, તે તે અધિકારે (દષ્ટ બિન્દુ ચુકે નહિ નટની પેઠે) રહે છે તો પછી તેને ફરી તે અધિકાર પ્રાપ્ત થાય, ને અધિકારથી ભ્રષ્ટ થાય, તો અધિકારથી છુટે માટે ભગવદીય ભગવાનને ચુકે તો ભ્રષ્ટ થાય.

શ્રી વલ્લભ સુધાનું લવાજમ તુરત મોકલાવો

શ્રી વલ્લભ સુધાનું નવા વર્ષનું લવાજમ રૂ. ૪૦ તુરત સેવાભાવી પ્રતિનિધિને ત્યાં ભરો. અથવા સીધું કાર્યાલયને મ. ઓ.થી મોકલાવો. મ.ઓ. ફોર્મની નીચેની કાપલીમાં આપનું નામ શરનામું અવશ્ય લખશો.

નવા વર્ષમાં પણ સર્વે સભ્યોને ભેટ પુસ્તક આપવા ભગવત્કૃપાથી સાંકલ્પ કરેલ છે.

પુસ્તક પરિચય

૧. પુષ્ટિ માધુર્ય – (કૃષ્ણદાસ સ્મૃતિ-ગ્રંથ)

નિર્દેશક – ષષ્ઠગૃહાધીશ પુ. પા. ગો. શ્રી દ્વારકેશલાલજી મહારાજ

સંપાદક – ડૉ. વિષ્ણુ 'વિરાટ' ચતુર્વેદી

પ્રકાશક – શ્રી કલ્યાણરાય સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ. વડોદરા

મુલ્ય રૂા. ૨૫૧/–

ગ્રન્થ પ્રાપ્તિ સ્થાન – શ્રી કલ્યાણરાયજી મંદિર, બાજવાડા, વડોદરા

શ્રી બેઠક મંદિર. કેવડાબાગ, વડોદરા

આઠ પેઈજી કાઉન સાઈઝ પાના ૩૨૦. ઓફસેટ પ્રિન્ટીંગ સેકસન સિલાઈ,

પાકા પુંઠાનું બાઈન્ડીંગ ભકત કવિ શ્રી કુષ્ણદાસના બહુરંગી ચિત્રજીવાળું પ્લાસ્ટીક કવર.

અષ્ટ છાપ કવિ પૈકીના કવિ શ્રી કૃષ્ણદાસના પંચશતી સમારોહ પ્રસંગે "કૃષ્ણદાસ સ્મૃતિ ગ્રંથ" તરીકે પ્રકાસિત કરવામાં આવેલ છે તેને ભાવપુર્વક આદર કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમા ચરિત્ર નાયકના જીવન-કવન ઉપર પ્રકાશ પાડતા લેખો ઉપરાંત પુષ્ટિ માર્ગ ઉપર સંશોધનાત્મક હિન્દી-ગુજરાતી ભાષાતા ચિન્તનીય અને માર્ગદર્શક લેખોનો ઉમદા સંગ્રહ-વિદ્વાન મહાનુભાવો દ્વારા સુંદર અને સરળ શૈલીમાં લખાયેલ – વાંચવા અને માણવા જેવા છે. ધન્યવાદ.

૨. તુલસી કયારો ભાગ ૮

લેખકો (ગો. વા.) પ. ભ. વૃજરત્નદાસ ચિ. પરીખ

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન – શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટસ્ટ

વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨ બી. કે સીનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨

આઠ પેઈજી ડેમી સાઈઝ પાના ૩૦૪+૧૬=૩૨૦ ઓફસેટ પ્રિન્ટીંગ પીન બાઈન્ડીંગ, લેમીશનવાળા ટાઈટલ ઉપર શ્રી ગુસાંઈજી શ્રી હરિરાયજી શ્રી ગોકુલનાથજીના બહુરંગી ચિત્રજી પુસ્તક પ્રકાશન સહાય રૂા. ૨૦/

પ્રસ્તુત પુસ્તક વૈષ્ણવ પરિવારના સને ૧૯૯૭-૯૮ના ગ્રાહકોને વાર્ષિક વિશેષાંક ભેટ પુસ્તક તરીકે પ્રકાશિત થયેલ છે. તેમાં શ્રી ગુસાંઈજીના ૨૫૨ વૈષણવોની વાર્તા પૈકી ૧૯૧થી૨૫૨ (૬૨) બાંસઠ વૈષણવોની વાર્તાઓ આધુનિક નવલિકાં વાર્તા શૈલીમાં સંપ્રદાયના વિદ્વાન લેખકોએ રજુ કરેલ છે- ધન્યવાદ.

૩. પુષ્ટિમાર્ગની પગદંડી

લેખક – પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક – શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટસ્ટ, 'વ્રજરજ' ૩૧, શિવ સોસાયટી નં. ૨

બી. કે. સીનેમાની બાજુમાં, મહેસાણા-૩૮૪૦૦૨

આઠ પેઈજી ડેમી સાઈઝ પાના ૨૪૮ પીન બાઈન્ડીંગ, ઓફસેટ પ્રિન્ટીંગ લેમિનેસનવાળું કાર્ડબોર્ડ ટાઈટલ. પુસ્તક પ્રકાશન સહાય રૂા. ૩૦/– ત્રીસ

ગુરૂ અને ગ્રંથોનાં વચનો દિવ્ય અને અલૌકિક હોવાથી કયારેક દુર્બોધ બને છે. ભગવદીયોના સંગથી એ વચનો સુબોધ બને છે. આવો ભગવદીયોનો સંગ દરેકને નિત્ય મળવો દુર્લભ છે એ સંજોગોમાં સદ પુસ્તકોનો સંગ કરી શકાય છે. એ હેતુથી પુષ્ટિ માર્ગને જાણવાની સાચી જિજ્ઞાસા ધરાવનાર સૌ માટે આ એક પાયાનુ પુસ્તક તૈયાર થયું છે. તેનાં ૨૪ પ્રકરણોમાં પુષ્ટિમાર્ગની પાયાની લગભગ બધી વાતો પ્રશ્નોત્તર સ્વરૂપમાં, શરળ ભાષામાં રજુ કરવામાં આવી છે. દરેક પુષ્ટિમાર્ગીય વૈષણવને પુષ્ટિ માર્ગ સમજવા અને સમજીને આચારમાં મુકવા માટે આ પુસ્તક ઘણુ ઉપયોગી બનશે બન્યુ છે. આ પુસ્તકની ત્રીજી આવુતિ પ્રકાશીત થઇ છે તેજ દર્શાવી આપે છે.

સંપ્રદાયના માનીતા પ્રા. રમેશભાઈનું આ નવલું નજરાણુ આવકારદાયક બન્યુ છે, ન વસાવેલ હોય તેમણે વસાવીને મનન કરવા અને માણવા જેવું છે.

૪. ષોડશ ગ્રંથનું આચમન-૨

લેખક – પ્રકાશક ક્રમાંક ૩ પ્રમાણે

આઠ પેઈજી ડેમી સાઈઝ પાના ૩૦૨; ઓફસેટ પ્રિન્ટીંમ, સેકસન સિલ-ઈ. લેતીનેશન કાર્ડ બોર્ડ ટાઈટલ ઉપર શ્રી મહાપ્રભુજીનું બહુરંગી ચિત્રજી ન્યોછાવર દર્શાવેલ નથી.

આ પુસ્તકમાં મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી વિરચિત ષોડશ ગ્રંથ પૈકીના (૧) સિદ્ધાંત રહસ્ય (૨) નવરત્ન (૩) અંત;કરણ પ્રબોધ અને (૪) વિવેક ધૈર્યશ્રય એમ ચાર ગ્રંથો પ્રસ્તુત થયેલ છે. તેમાં પ્રારંભમાં મુળ ગ્રંથ તથા તેનો સમશ્લોકી ગુજરાતી અનુવાદ ત્યારબાદ મુળ શ્લોક–શબ્દાર્થ અને શ્લોકાર્થ ત્યારબાદ ગ્રંથની ભુમિકા આપ્યા બાદ ગ્રંથનું દરેક શ્લોક ઉપરતુ સરેળ શેલીમાં વિસ્તાર પુર્વકનુ વિવરણ રજુ થયેલ છે.

આ ગ્રથોનો પાઠ અને તેનું મનન–ચિંતન અર્થનાં અનુસંધાનપુર્વક થાય તે વિશેષ જરૂરી છે. અગાઉ શિક્ષાપત્રોનુ રસપાન સરળ શૈલીમાં "શિક્ષાપત્રનુ' આચમન આગ ૧થીજમાં કરાવવામાં આવ્યું, તેજ પદ્ધતિથી સંપ્રદાયના વિદ્વાન લેખકશ્રીએ ષોડશગ્રંથના બે ભાગમાં રસપાન કરાવ્યુ છે. બાકીના ગ્રંથોનું આચમન વહેલી તકે પ્રકાશિત થાય તેવી શુભેચ્છા સહ. ધન્યવાદ.

આપણે આનંદપૂર્વક આ ગ્રંથોનુ રસપાન કરીએ, એને યથાર્થ રીતે સમજીને જીવનમાં આચરીએ, સાચા વૈષણવ બની જીવન દીપાવીએ અને શ્રી પ્રભુને પ્રિય બનીએ. એજ અભ્યર્થના.

૫. સુખ દુઃખ પુષ્ટિમાર્ગીય દ્દષ્ટિ કોણ

લેખક – પ્રકાશક ક્રમાંક ૩ પ્રમાણે

સોળ પેઈજી કાઉન સાઈઝ પાના ૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ. પીન બાઈન્ડીંગ, કાચુ પુઠું પુસ્તક પ્રકાશન સહાય રૂા. ૫ /–

પુષિટમાર્ગીય દષ્ટિકોણ જરૂર સમજવો છે – પણ દોડતી ગાડીએ, ચાલતી બસ મોટરમાં, ઝડપથી, થોડી મિનિટોમાં પ્રૌઢાની આ માંગ છે, યુવાનોની પણ આ જ માંગ છે. એમના માટે આ "પુષ્ટિ પરિચય શ્રેણી શરૂ થઈ છે,

સંપ્રદાયના વિદ્વાન લેખક પ્રા. રમેશભાઈની કલમે એક નુતન શ્રેણીની શરૂઆત "મૃત્યુ".પુષ્ટિમાર્ગીય દષ્ટિકોણથી થઈ અને હવે આ શ્રેણીનું પુષ્પ રજું આ પુસ્તિકા દ્વારા રજુ કરે છે સુખ–દુઃખ લૌકિક જનોને છે અને પુષ્ટિ જનોને પણ છે, બન્નેનો અભિગમ કયાં જુદો પડે છે, બંને તેમને કઈ રીતે જુએ છે અને જીવે છે તે આ નાનકડી પુસ્તિકામાં સુંદર રીતે રજુ થયુ છે.

વસાવી મનમ કરવા યોગ્ય પુસ્તિકા.

તલોદ તા. ૨૮–૧૨–૯૭ ના રોજ. તલોદ મુકામે શ્રી હરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટનો દશાબ્દી મહોત્સવ ધુમધામથી ભવ્ય રીતે ઉજવાયો તે પ્રસંગ કાંકરોલીવાળા પુ. ગો. શ્રી વાગીશકુમારજી મહોદય પધાર્યા હતા. તલોદના અને બહાર ગામના વૈષ્ણવોએ આપશ્રીનું ભવ્ય સામૈયું કયું હતું સામૈયામાં આપશ્રી ચાલીને પધાર્યા હતા. શ્રી ગોવર્ધનનજીની હવેલીમાં ભવ્ય મંડપમાં સવારે ૧૦–૦૦ થી ૧૨–૩૦ આપશ્રીના શાન્નિધ્યમાં વિચારગોષ્ઠિનું આયોજન થયું હતું. વૈષ્ણવ પરિવારને વધુ સારૂં બનાવવા ઘણા વૈષ્ણવોએ રજુઆત કરી હતી. ચર્ચા ઘણી ઉપયોગી રહી હતી. આ પ્રકારનું આયોજન કદાચ પહેલી વાર થયું હશે. બપોરે યોજાયેલા સમારંભમાં આપશ્રીના વરદ હસ્તે શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા અને શ્રી વજરત્નદાસભાઈ

પરીખને 'શ્રી હરસાનીજી એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યા હતા તેમજ અન્ય મહાનુભાવોનું સ્મૃતિચિહ્ન આપી, સન્માન કરવામાં આવ્યું હતું. પુ. બાવાશ્રીનું સુંદર વચનામૃત થયું હતું સમારંભના અંતે શ્રી વિઠ્ઠલદાસ બાપાદરા કીર્તન સંધ્યા યોજાઈ હતી, જેમાં તેમણે હિલગનાં પદો વિવિધ રાગોમાં રજુ કર્યા હતા. તે પદોનું રસદર્શન પ્રા. રમેશભાઈ પરીખે કરાવ્યું હતું. તલોદના વૈષ્ણવ સમાજ તરફથી ગામનાં અને બહારગામનાં સૌ વૈષ્ણવોને સવારે ચા-નાસ્તો, બપોરે ચા તેમજ સવાર-સાંજ પ્રસાદ લેવડાવવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. તેનો ભાગ ૮૫૦ વૈષ્ણવોએ લીધો હતો આ પ્રસાગે ભેટ પુસ્તક 'તુલસી કયારો' ભાગ-૮ અને પ્રા. રમેશભાઈ પરીખનાં અન્ય ત્રણ પુસ્તકોનું વિમોચન થયું હતું.

ધોરાજીમાં નિ. લી. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીને ભાવાંજલી

અત્રેના વૈષ્ણવોની પ. ભ. છગનલાલ જાદવજીભાઈના પ્રમુખસ્થાને મળેલ સભામાં નિ. લી, ગો, શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના ગુણાનુવાદ કરી, આપશ્રીને ભાવાંજલી અર્પતો ઠરાવ કરવામાં આવેલ.

"ની. લી. પુ. પાદ ગો. શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીને વૈષ્ણવ પરિષદની ભાવાંજલી"

પુષ્ટિ માર્ગ સંપ્રદાયના આચાર્યશ્રીઓમાં એક વિદ્વાન આચાર્યશ્રી, સાંપ્રદાયિક કાર્યો માટે આગવા સુઝવાળા. અખીલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદમાં લગભગ છ વર્ષ સુધી અધ્યક્ષ તરીકે સેવા આપનાર, સાંપ્રદાયિક સાહિત્યના ક્ષેત્રે મહત્વનુ પ્રદાન કરનાર, સત્સંગ અને શિબિરોના વ્યાપક પ્રમાણમાં આયોજન કરનાર પોરબંદરના પુ. ગો. શ્રી ૧૦૮ શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીના એકાએક નીત્ય લીલામાં પ્રવેશ કર્યાના સમાચારથી આં. પુ. વૈષ્ણવ પરિષદ અત્યંત ખેદ અને આઘાતની લાગણી અનુભવે છે.

નિ- લી. પુ. પાદ શ્રી ગોવિંદલાલજી મહારાજશ્રીની વિભિન્ન ક્ષેત્રે મળેલી સેવાઓને બીરદાવી શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાલ શેઠ. શ્રી પ્રધુમન શાસ્ત્રી, શ્રી યોગેશભાઈ શાસ્ત્રી પ્રોફે. ચીમનભાઈ શેઠ પ્રિ. વી. પી. પરીખ, શ્રી સી. પી. તલાટી શ્રી હસમુખભાઈ જખ્ખર, શ્રી ડાહયાભાઈ કંસારા, પ્રા. ગોપાલભાઈ શાહ વિગેરે વૈષણવ પરિષદના અગ્રણીઓએ હાર્દિક ભાવાંજલી અર્પણ કરી છે.

ભેટ પુસ્તક અંગે વિનંતિ

શ્રી વલ્લભ સુધાનું ચાલુ વર્ષનું ભેટ પુસ્તક "શ્રીમદ વલ્લભાચાર્યજીનું જીવન ચરિત્ર,' તૈયાર થઇ ગયેલ છે, મોટું પાકાબાઇન્ડીંગનું ૩૦૦ પાનાનું આ પુસ્તક ખુબ કિંમતી હોઇ, જ્યાં જ્યાં શ્રી વ. સુ. ના સેવાભાવી કાર્યકરો છે ત્યાં તેમના દ્વારા રૂબરૂ પહોંચાડાશે જ્યારે અન્ય સ્થળે રજી. ટપાલથી મોકલાવાશે. પેકીંગ, રવાનગી, વગેરે કાર્યો અત્રેના થોડા સેવાભાવી કાર્યકરો દ્વારા થતાં હોવાથી, થોડા થોડા પુસ્તકો રવાના થશે અને માર્ચ આખર સુધીમાં બધાં સભ્યોને પહોંચાડવા આયોજન કરેલ છે. તો સર્વે સભ્યો ધીરજ રાખવા વિનંતિ.

જે જે ગામ, શહેરોમાં શ્રી વા. સુ. ના પ્રતિનિધિ નથી ત્યાં પણ જો કોઇ સેવાભાવી વૈષ્ણવને પુસ્તક પહોંચાડવાની કામગીરી નિરપેક્ષ ભાવે કરવા ભાવના હોય તો કૃપા કરી કાર્યાલયને જણાવવા વિનંતિ કારણ કે એક એક પુસ્તકનો પોસ્ટેજ ખર્ચ-પેકીંગ સહીત રૂા. ૨૦/- જેટલો થવા જાય છે. તેથી અમારા કાર્યાલયને વૈષ્ણવો દ્વારા મળેલદ્રવ્યની કરકસર કરી શકાય તો તેટલું વધુ નામ સેવામાં દ્રવ્યનો વિનીયોગ થઇ શકે.

ભાવાંજલી

આ ભા. પુ. વૈષ્ણુ પરિષદના પુર્વ અધ્યક્ષ, વૈષ્ણુવ સૃષ્ટિ પર અસિમ કૃપા વરસાવનાર ગો. શ્રી ગોવીંદરાયજી મહારાજ (પોરબંદર) તા. ૧૦–૧–૯૮ ના રાત્રે નિત્ય-લીલામાં પધાર્યાના સમાચારથી વૈષ્ણુવ સમાજ પર વજ્રઘાત સમાન દુઃખ પડયું છે.

આપશ્રીનું પ્રાકટય પોરબંદર વાળા દ્વિદરત્ન, વૈષ્ણુવ પરિષદના સ્થાપક ગો. શ્રી જીવનાચાર્યજી મહારાજના લાલાજી ગો. શ્રી રણુછોડ-લાલજીને ત્યાં સં. ૧૯૮૩ ના મહા વદી ૦)) નાં થયેલ.

આપે ભુતલને ૭૧ વર્ષ અલંકૃત કરી સૃષ્ટિ પર અત્યંત કૃપા વર્ષાવેલ આપે અનેક પુસ્તકો લખ્યા છે જેમાં આપણી ધર્મભાવના, સુધાધારા, સુધા બિન્દુ મુખ્ય છે ઉપરાંત શ્રી હરિકૃષ્ણુ વીરજી શાસ્ત્રી, શ્રી પ્રેમલાલ ગો. મોચા તથા લાલજીભાઇ પટેલ (કીર્તનીયા)ને પ્રેરણા આપી અનેક સિદ્ધાન્ત, જીવન ચરિત્ર અને પદકીર્તનોના પુસ્તકો પણુ આપના દ્વારા સ્થાપીત શ્રી વલ્લભ સિદ્ધાન્ત પ્ર. સભા દ્વારા પ્રદશિત કરાવેલ છે.

આપે વર્ષો સુધી અખિલ ભારતીય વૈષ્ણુવ પરિષદના અધ્યક્ષ સ્થાને બિરાજી વૈષ્ણુવોનું દઢ સંગઠ્ઠન કરવામાં અત્યંત પરિશ્રમ લીધેલ તેમજ વૈષ્ણુવ પરિષદનું મુખપત્ર "પરિષદ્ સંદેશ" કેટલોક સમય આપશ્રીના આશ્રયમાં પોરબંદરથી ચલાવેલ.

પુષ્ટિ માર્ગના હાર્દ સ્વરૂપ સેવા અને નામ સેવા બન્નેમાં આપની અત્યંત આસક્તિ હોઇ સ્વસેવ્ય શ્રી મદનમોહન પ્રભુને ખુબ લાડલડાવતાં અને વૈષ્ણુવ સૃષ્ટિને સદ્ ઉપદેશ દ્વારા સદા સેવા સ્મરણુરત રહેવાનો બોધ આપતા.

આપશ્રીનું નિખાલસ–નિરાડંબર, અલૌકિક સ્વરૂપ વૈષ્ણુવો તેમજ વૈષ્ણુવેતર જન સમાજમાં સમાન લૌકિપ્રિય હતું. આપશ્રી પોરબંદરની સામાજીક, સાહિત્યિક અનેક વિધ પ્રવૃતિઓ સાથે સંકળાયેલા રહેલ તેમજ સાહિત્યકારો, વિદ્વાનો સંગીતકારો વિગેરેને આશ્રય આપતાં।

વૈષ્ણવ સૃષ્ટિને સિદ્ધાંત બોધ માટે આપે જ સર્વ પ્રથમ શિબિર પદ્ધતિએ સ્વમાર્ગીય સિદ્ધાંતના પાયાનું શિક્ષણ આપવાનો પ્રારંભ કરેલ છે અને સૌરાષ્ટ્રના નાના ગામડાઓથી લઇને ભારતના મોટા શહેરોમાં આવી અનેક શિબિરો યોજી લાખો વૈષ્ણવોને સ્વમાર્ગીય સિદ્ધાંતની સાચી સમજ આપેલ.

આવા બહુમુખી પ્રતિભાશાળી આચાર્યશ્રીના તિરોધાન થવાથી વૈષ્ણવ સૃષ્ટિ રંકબની છે. આપશ્રીના ભૌતિક વિયોગની આ દુઃસહ વેળાએ આપના લાલજી પુ. પા. ગો. શ્રી ૧૦૮ શ્રી હરિરાયજી મહારાજ પુ. બેટીજીઓ અને સમસ્ત પરિકરના સન્મુખ સમવેદના વ્યકત કરતાં શ્રી વલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ–રાજકોટ, શ્રી વલ્લભ સુધાના સંપાદક મંડળ, વ્યવસ્થાપક મંડલના સર્વ કાર્યકરો, આં. રા. પુ. વૈષ્ણવ પરિષદના સર્વે કાર્યકરો અશ્રુપુર્ણનયને નિ. લી. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના ચરણોમાં ભાવાજલી અર્પણ કરે છે.

વિરહ વ્યથા

છંદ–મંદાક્રાંત

છોડી ચાલાય, અરર અમને, નાથ થે ને નમેરા,
રોતા મેલ્યા, નિજજન અને, બાળકો વ્હાલ સોયા
જઇને બેઠા, નિજ નિકુંજમાં, અમને એકલા તજી
કોને કહેવા, દુઃખ દિલ તણાં, દોહયલા છે ઘણાં આ. ૧

સૂનું લાગે, નિજ મંદિરમાં, આપ વિના બધું તો,
સંતાપે છે, જીવન ધનની, યાદ સંમોહકારી,
પાળ્યા પોષ્યા, અમી નજરથી, પ્રેમંના દુધ પાયા,
બન્યા આજે, અતિશય અમે, રંક તો આપ વિના ૨

સેવા કીધી, પદકમલની, તેલ માલીશ કીધું,
પંખો ઢાળી, સરસ પવને, તાપનો નાશ કીધો,
પાસે સૂતો સકળ રજની, સાથને કાજ પ્યારા,
છૂટી સેવા, સકળ ક્ષણમાં, આપ છોડી પધાર્યા. ૩

વ્હાલા વંદુ, ચરણ રજને, દાસ હું છું તમારો,
રાખ્યોં પાસે નિજજન ગણી, દોષ જોયા ન મારા,
શ્રી ગોવિંદ, પ્રભુ તમ વિના. કોઇ મારૂં મગે ના,
બોલાવી લો, નિજ ચરણમાં, ‘લાલ’ને પ્રાણ પ્યાંરા ૪

– કીર્તનીયા લાલજીભાઇ ગો. પટેલ, ગણોદ

૨૧. મોટા ભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

૨૨. રાધનપુર
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૨૩. રાજપીપળા
પ્રા. એમ. આર. પાદેજા
'લકુલીશ' માલીવાડ

૨૪. લીંબડી
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૫. વડોદરા
શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, બ્યારા પોળ

૨૬. વાંકાનેર
૧. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
૨. કાકુભાઈ ગોરધનભાઈ દેશી
C/o. ભારત એજન્સી
પુલ દરવાજાની દુકાન
મોટી શાક પીઠને નાકે

૨૭. સુરત શ્રી ગોરધનભાઈ [illegible]ણપરીયા
એ-૭ તાપી બાગ શોપીંગ સેન્ટર
વિભાગ-૩, બીજા માળે, ઓફીસ નં.-૩

૨ શ્રી ભદ્રેશકુમાર હીંમતલાલ ઠક્કર
વાસણના વેપારી
૫/૩૩ B હરિપુરા, પીર છડી
સુરત-૩૯૫૦૦૩

૨૮. વાપી શ્રીમતી ભામીનીબેન કિશોરભાઈ લાખજવાળા
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ
એન, એચ. નં.-૮ પ્લોટ નં.-૮/૧૨

૨૯. સુરેન્દ્રનગર
વજુભાઈ સી. ગોવાણી
C/o. શ્રી દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ

૩૦. હળવદ શ્રી મનસુખલાલ કરશનદાસ કંસારા
C/o. શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧. શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા

૨. શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩. શ્રી જસવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ

૪. મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૫. શ્રી વસંતભાઈ એન. વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ,

૬. શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ કાનક્ષરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી, જંકશન પ્લોટ

૭. શ્રીમતી હર્ષાબેન એચ. ઠક્કર
'આનંદ' જલારામ-૬, ગણેશ વાડી સામે

૮. શ્રી છગનભાઈ રામોલીયા
C/o શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભક્તિનગર ગોડાઉન

૯. શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ. રૈયા રોડ,

૧૦. શ્રી કનુભાઈ જે. દવાણી
શ્રીનાથજી કૃપા' ૫, ત્રાનત્રીનગર

૧૧. શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર

૧૨. શ્રી દીપકભાઈ પડીયા
રાજકમલ એજન્સી
પ્રહલાદ રોડ, કાલુપરા ચોક પાસે,

૧૩. શ્રી હેમતલાલ બી. ઝાંબડીયા
C/o કંગન સ્ટોર
૪, વૈશાલીનગર કોર્નર
આમ્રપાલી ટોકીઝ સામે રાજકોટ

SHREE VALL Monthly Magazine. Publishedon the
date of Every Regd.No.G/RJ.212-L.P.W.P.

નંદકુંવર કેડે પડયો

(ગરબી રાગ–વસંત)

કયમ ભરિયે રે કયમ ભરિયે, જળ જમનાનું નીર,
નંદકુંવર કેડે પડયો, કયમ ભરિયે રે ૦ ટેક

હું તો બેડાં લઇ આઘી રહું સામે આવે,
સામો આવે રે, સામો આવે, નંદજીનો લાલ
નંદ કુંવર કેડે પડયો, કયમ ભરિયે રે ૦ ૧

હાંરે વ્હાલો તાકી મારે પીચકારીયો, આવી વાગે,
આવી વાગે રે આવી વાગે, આવી વાગે, મારાંતનડામાં તીર,
નંદ કુંવર કેડે પડયો, કયમ ભરિયે રે ૦ ૨

કે મુને રોળી ચોળી ગુલાલમાં, વણસાડયાં,
વણસાડયા રે વણસાડયાં, મારાં ચોળીને ચીર
નંદ કુંવર કેડે પડયો, કયમ ભરિયે રે ૦ ૩

હાવાં હરાયા તે દીન હોરી તણા, એ હરાયા,
એ હરાયા રે એ હરાયા, નંદજીનો રે લાલ
નંદ કુંવર કેડે પડયો, કયમ ભરિયે રે ૦ ૪

કે મુંને દાસ 'દયા'ના સ્વામી મળ્યા, તેણે દીધાં,
તેણે દીધાં રે, તેણે દીધાં, મુને ધારણ ધીર
નંદ કુંવર કેડે પડયો, કયમ ભરિયે રે ૦ ૫

ભકત કવિ શ્રી દયારામભાઇ, ડભોઇ.

[illegible] તંત્રી, પ્રકાશક, અને મુદ્રક
પ્રકાશક : [illegible] 'અમૃત' [illegible] –૧ માર્ગ–૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ–૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ ફોન : ૩૬૨૨૭૮

શ્રી વલ્લભસુધા

વચન સુધા

"વળી કાળની ગતિ બહુ શુક્ષ્મ છે. ઘડીએ ઘડીએ તથા પલે પલે ચારયુગ વહ્યા જાય છે, જ્યારે સત્ય યુગ હોય ત્યારે આ જીવમાં સત્ય યુગના ધર્મ વર્તે છે. સત્ય યુગમાં બ્રાહ્મણ તથા વૈષ્ણવ ઉપર પ્રિતી ઉપજે છે. વળી કોઇને કઠોર વચન કહે નહીં, અસત્ય બોલે નહીં, વળી કોઈ વાતની કામના રાખે નહીં, એમ જેટલાં સત્ય યુગના ધર્મો છે તે સર્વે આ જીવમાં વર્તે છે—દ્વાપર યુગમાં પુજા ને અર્ચનાના ધર્મ વર્તે છે. પણ આ કલીયુગમાં તો શ્રી કૃષ્ણના કીર્તન વડે ઉદ્ધાર થાય છે. "કલૌ કેશવ કીર્તનાત્" એ રીતે ચારે યુગના ધર્મ ચાલ્યા જાય છે તો જે જે યુગના ધર્મ આચરશે તે તે યુગ પ્રસિદ્ધ છે એમ જાણવું.

નિ. લી. ગો. શ્રી ગોપીકાલંકારજી (શ્રીમટુજી) મહારાજશ્રીના વચનામૃત વ. ૩૧

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સભ્ય બની સંગઠનને દૃઢ બનાવો

વર્ષ ૧૬ : અંક-૧૨ ❀ માર્ચ, ૧૯૯૮

શ્રી વલ્લભાબ્દ ૫૨૦

વાર્ષિક લવાજમ રૂા. ૪૦/- ❀ આજીવન રૂા. ૫૦૧

"શ્રી વલ્લભસુધા"

કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ-૩૬૦ ૦૦૧

"શ્રી વલ્લભ સુધા"ના સેવાભાવી પ્રતિનિધિ કાર્યકર

૧. **અનીડા** (રાછરા)
મીસ્ત્રી નાનજીભાઈ ખીમજીભાઈ

૨. **અમરેલી** શ્રી હીરજીભાઈ રણછોઈભાઈ નસીત
કેડીયા રોડ, પાટા ઉતરતા, રેકડની વાડીમાં

૩. **અમદાવાદ** શ્રી અશ્વિનભાઈ નવનીતલાલ દેસાઈ
૩૮, સરદાર પટેલનગર, આલિસ બ્રીજ

૪. **અંકલેશ્વર** શ્રી ગોપાલ એન. શાહ
સી/૫ જી આઈ ડી સી કોલોની,
જી. આઈ. ડી. વાલીયા રોડ

૫. **ગોમટા** શ્રી વલ્લભદાસ હરિભાઈ
'વ્યાપિ વૈકુંઠ'

૬. **કલ્યાણ** શ્રી કૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પારનાકા

૭. **ઉપલેટા** શ્રી અમૃતલાલભાઈ પટેલ
C/o. શ્રી હરિ સ્ટોર્સ, રાજ માર્ગ

૮. **ગોંડલ** શ્રી ભાસ્કરભાઈ ચત્રભુજભાઈ સોની
રાયજાદા શેરી, મોટી બજાર

૯. **કલકત્તા** શ્રી નિતિનભાઈ મહેતા
C/o. કાનજી સવજી પારેખ
મહેતા બિલ્ડીંગ, ૧લા માળે

૧૦. **જુનાગઢ**
૧. શ્રી અમૃતલાલ સુંદરજી હિંડોચા
C/o. શ્રી રઘુનાથ વશરામભાઈ
શ્રીનાથજી ચેમ્બર્સ, દાણાપીઠ

૨. શ્રી પોપટલાલ જમનાદાસ
બી/૨ રવિકિરણ એપાર્ટમેન્ટ

૩. શ્રી અરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
'કિરણ' ૪, જલારામ સોસાયટી
લોઢીયા વાડી સામે

૧૧. **ડોમ્બીવલી** શ્રી વિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૮/ચિત્રલીલા, તિલકનગર
ગોપાલનગર રોડ-૧

૧૨. **જેતપુર**
૧. શ્રી મનસુખલાલ માધવજીભાઈ બોસમીયા
મતવા શેરી
૨. શ્રી વિઠ્ઠલભાઈ પટેલ
ખેડુત હાર્ડવેર માર્ટ, કણકીયા પ્લોટ

૧૩. **ધોરાજી** શ્રી જાદવભાઈ જીવરાજભાઈ વઘાસીયા
શુક્લ શેરી, વઘાસીયા ચોરા

૧૪. **ધ્રાંગધ્રા** શ્રી ગોકળદાસ જગજીવનદાસ
શક્તિ મંદિર સામે,

૧૫. **પોરબંદર**
શ્રી જયંતિલાલ મુળજીભાઈ
લીબર્ટી રોડ.

૧૬. **પાંચપીપળા**
શ્રી ગોકળભાઈ જાદવભાઈ પોલરા

૧૭. **બોરીવલી** (વેસ્ટ)
૧. શ્રી ચુનીલાલ કરસનદાસ શાહ
'વ્યામેશ' ૧લે માળે ફ્લેટ નં. ૪૭-'સી' વીંગ
લક્ષ્મીનારાયણ હોલ મંડપેશ્વર રોડ,
૨. શ્રી ધરમશીભાઈ પટેલ
C/o ભુમિ ઈલેક્ટ્રીક કું.
૭/A વર્ધમાન એપાર્ટમેન્ટ સોડાવાળા લાઈન
૩. શ્રી શશિકાંતભાઈ પરીખ
મંત્રી, મહારાષ્ટ્ર રાજ્ય સમિતિ
૩. બી બ્લુસ્કાય, પમો કાર્ટર રોડ,

૧૮. **ઘાટકોપર** (પુર્વ)
શ્રી છોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ
રાજાવાડી, એમ. જી. રોડ,

૧૯. **મુંબઈ**
આં. રા. પુ. વૈ. પરિષદ
જી-૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે,

૨૦. **મોરબી**
શ્રી ભગવાનદાસ વેલજીભાઈ શનિશ્ચરા
૪, ખત્રીવાડ

શ્રી વલ્લભ સુધા દર માસની ૨૭ તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ.

- * શ્રીવલ્લભ સુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે.
- * ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવે મ. ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું.
- * શ્રીવલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ. ગો આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદિય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ.
- * લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષારે લખેલા હોવા જરૂરી છે.
- * શ્રીવલ્લભ સુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧, વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧, જાહેર ખબર લેવાતી નથી.
- * શ્રીવલ્લભસુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધીકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતિ.
- * ચેક, ડ્રાફ્ટ વગેરે **શ્રી વલ્લભ વિજ્ઞાન** એ નામે લખવા જરૂરી છે

પત્ર વ્યવહાર સંપર્ક ।

શ્રીવલ્લભ સુધા
કંસારા મહાજન વાડી બિલ્ડીંગ
લોહાણા પરા, રાજકોટ

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રી વલ્લભ સુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ
સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

શ્રીવલ્લભાબ્દ ૫૨૦
વર્ષ : ૧૬ અંક : ૧૨ * માર્ચ ૧૯૯૮

મનને શિક્ષા

જન્મ ધરી જગ ઉપહાસ કર્યો।
સુત દારા ધન ધામ ચહુંદીશ દુઃખકો બોજ ભર્યો ।૧।
નહીં હરિ સેવા સ્વાદ કથા રસ, ફીરી ફીરી વાદ કર્યો ।
દિન દિન પાપ બઢતજુ બહુત સોં, તાતેં વિમુખ પડયો ।૨।
યા દુવિધા મેં સબહી ખોયો, એક ન કાજ સર્યો ।
'રસિકદાસ' જન સબસુખ પાયો, શ્રી વિઠલેશ વર્યો ।૩।

* ભાવાર્થ *

અરે મન ! આ જન્મ લઇ તેં શું કર્યુ ? જગતનો ઉપહાસ–મશ્કરી કરી પુત્ર, સ્ત્રી, ધન, ઘર–બસ આ બોજો ચારે બાજુથી ભર્યો. ન તો હરિ સેવા કરી ન તો કથા રસનો આસ્વાદ લીધો. જ્યાં જ્યાં ગયો ત્યાં શંકાને વાદ જ કર્યો.

દિવસો દિવસ પાપ ઘણું જ વધતું ગયું તેથી જ વિમુખતા આવી. સુખદુઃખની દ્વીધામાં ફસાઇ રહયો અને બધું જ ગુમાવ્યું તારૂં એકેય કાર્ય સફળ ન થયું.

શ્રી રસિકદાસજી (શ્રી મટુજી) મહારાજ આજ્ઞા કરે છે કે જેણે શ્રી વિઠલેશ પ્રભુને સેવ્યા તેણે જ સઘળું સુખ લીધું છે.

॥ શ્રી કૃષ્ણાય નમઃ ॥

॥ શ્રીમદાચાર્યચરણકમલેભ્યો નમઃ ॥

જલભેદ

શ્રી કલ્યાણરાયજી વિરચિત વિવૃતિ

ભાષાંતર **પ. ભ. શ્રી બાબુભાઈ પી. નાયક, કડી**

–ગતાંકથી ચાલુ

ઉપરના ભાવ કરતા પણ જરા ઉતરતો નવમો ભાવ કહે છે અને દશમો ભાવ પણ કહે છે :

શ્લોક : અલ્પશ્રુતાઃ પ્રેમયુકતા વેશન્તાઃ પરિકીર્તિતાઃ ।
કર્મશુદ્ધાઃ પલ્વલાનિ તથાલ્પ શ્રુતિભકતયઃ ।૭।

શબ્દાર્થ : અલ્પશ્રુતાઃ–થોડા જ્ઞાનવાળા, પ્રેમયુકતાઃ–પ્રેમયુકત, વેશન્તાઃ–નાના તળાવ જેવા, પરિકીર્તિતાઃ–કહેલા છે, કર્મશુદ્ધાઃ–કર્મોથી શુદ્ધ, પલ્વલાનિ–તળાવડી જેવા, તથા–અને અલ્પશ્રુતિભકતયઃ–ઓછા જ્ઞાન અને ઓછી ભકિતવાળા.

શ્લોકાર્થ : થોડા જ્ઞાનવાળા પણ પ્રેમવાળા પંડિતો નાના તળાવ જેવા છે. કર્મ વડે શુદ્ધ પણ શાસ્ત્રના અલ્પ જ્ઞાનવાળા અને અલ્પભકિતવાળા વકતાઓ નાના તળાવડા જેવા છે.

(પહેલાં નવમો ભાવ વિચારીએ)–

વિવરણ : જેણે થોડું જ અધ્યયન કર્યું છે અને થોડું (પંડિતોના વાકયોનું) શ્રવણ કર્યું છે પણ પ્રેમયુકત છે તે નાના તળાવ જેવા છે અને તેમનો ભાવ પણ (નાના તલાવના) તેમના જલ જેવો છે.

(હવે દશમો ભાવ કહે છે)–

કર્મથી શુદ્ધ થયેલા એટલે કર્મો કરીને જે પ્રભુને અર્પણ કરે છે, તેઓનું કર્મ ચિત્તને શુદ્ધ કરનારૂં બને છે, તેઓને કર્મશુદ્ધ કહ્યા છે. ગીતાજીમાં કહેલું છે કે–

યત્કરોષિ યદશ્નાસિ યજ્જુહોષિ દદાસિ યત્ ।
યત્તપસ્યસિ કૌંતેય તત્કુરુષ્વ મદર્પણમ્ ॥ (ગી.અ.૯ શ્લોક–૨૭)

હે કૌંતેય ! તું જે કોઇ કર્મ કરે, જે કંઇ ખાય, જે અગ્નિમાં હોમે, જે દાન આપે, જે તપ કરે તે બધું તારું કર્મ મને અર્પણ કર' આવા ભકતોનો ભાવ એવો છે કે તે નાના તલાવ જેવો છે અને તેમનો ભાવ તે તલાવના જલ જેવો છે. તેવી રીતે પુરાણાદિનું શ્રવણ તથા ભકિત જેના અલ્પ છે તેઓનો ભાવ નાના તલાવ જેવો સમજવો. જેમ 'વેશન્ત' અને 'પલ્લવ' એ બન્ને નાના તલાવ હોવાથી તેમનું જલ પહેલાં નિર્મલ હોય છે, પણ વરાહ વગેરે તેમાં પ્રવેશ કરતા તેમનું જલ ડહોળાઇ જાય છે, તેવી રીતે 'સ્વર્ગની ઇચ્છાવાળો

અગ્નિહોત્રને હોમે' 'સ્વર્ગની ઇચ્છાવાળો અગ્નિષ્ટોમ યજ્ઞ વડે યજન કરે' વગેરે વાક્યોથી સકામ પુરૂષોને જ યજ્ઞાદિ કરવાનો અધિકાર છે કોઇ સ્થળે તેનું ફળ લખેલું નથી, તો પણ વિશ્વજીત વગેરે યજ્ઞની રીતે ફલની કલ્પના થાય છે તેથી ઇશ્વરને અર્પણ કરવા માટે કર્મ કરવું નહિ, પણ ફલને માટે જ કર્મ કરવું અને યજ્ઞમાં જેને અધિકાર નથી તેને જ ભકિતમાં અધિકાર છે. એવી જ રીતે કર્મ જડ પુરૂષોના ખોટા વાદથી તેઓના ભાવ મલિન થઇ જાય છે; કારણ કે તેઓને ગીતાજીમાં કહયા પ્રમાણે ભગવદર્થે જ કર્મ કરવા એવું લખેલું છે કે 'મત્કર્મપરમોભવ' મારા માટે જ કર્મ કરનારો થા, 'મદર્થંપિ કર્માણિ કુર્વન્સિદ્ધિમવાપ્સ્યસિ' કારણ કે એ પ્રમાણે મારા માટે કર્મ કરવાથી તું તરત જ સિદ્ધિને પામીશ, 'મન્મના ભવ' મારામાં જેનું મન છે એવો ભકત થા, વગેરે પ્રમાણોનું જ્ઞાન નથી. તેથી તેઓનો ભાવ મલીન થઇ જાય છે. લૌકિક 'વેશન્ત' અને 'પલ્વલ' શબ્દોથી નાના તલાવ સમજાય છે, તો પણ શ્રુતિમાં બંનેના અર્થ જુદા જુદા લખેલા છે. તેને લીધે તેમના જલમાં સ્વાદ અને સુગંધ હોયે ખરાં અને ન પણ હોય એમ તફાવત સમજી લેવો.

[(નવમો ભાવ) જેમ નાના તલાવનું જલ પશુઓ પ્રવેશવાથી ડહોળાયેલું થઇ જાય છે તેમ તે વકતાઓ પ્રેમયુકત હોવા છતાં અલ્પ શાસ્ત્રજ્ઞ હોવાથી જો તેમને દુઃસંગ થઇ જાય તો તેમનો ભાવ ક્ષીણ થઇ જાય છે તેથી તેઓનો સંગ કરવો નહિ.]

[(દશમો ભાવ) જેમ નાના તલાવડાનું જલ પ્રથમ શુદ્ધ હોય છે, પણ પછી તેમાં ડુક્કર જેવા પશુઓના પ્રવેશથી જલ ડહોળાઇ જાય છે. તેથી પીવાલાયક રહેતુ નથી તેમ કર્મ કરી ઇશ્વરાર્પણ કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે, પણ વકતામાં શાસ્ત્ર શ્રવણ અને ભકિત થોડા હોવાથી લૌકિક, પારલૌકિક યજ્ઞાદિ કરવાની ઇચ્છાથી તેમને સાધન બળનું અભિમાન થાય છે. જેથી તેમના મનનો ભાવ હલકો થઈ જાય છે તે જ રીતે દુઃસંગથી પણ ભાવ બગડે છે જેમ જલભેદથી સ્વાદ બગડે તેમ તે વકતાઓના ભાવ પણ બગડી જાય છે.]

હવે અગિયારમાં પ્રકારના ભાવવાળા વકતાનું વર્ણન કરે છે–

શ્લોક : યોગધ્યાનાદિ–સંયુકતા ગુણા વર્ષ્યાઃ પ્રકીર્તિતાઃ । ૭।। ।

શબ્દાર્થ : યોગ ધ્યાનાદિસંયુકતાઃ–યોગ, ધ્યાન વગેરે કરનારા, ગુણાઃ–ગુણોવાળા, વર્ષ્યાઃ–વરસાદના જલ જેવા, પ્રકીર્તિતાઃ–કહેલા છે. (૭।।)

શ્લોકાર્થ : યોગ, ધ્યાન વગેરે કરનાર વકતાઓનો ભાવ વરસાદના જલ સમાન કહેવાય છે.

વિવરણ : હવે અગિયારમો યોગ અને ધ્યાન વગેરે કરનાર વકતાનો ભાવ કેવો હોય તે કહે છે. અષ્ટાંગ યોગ, પ્રાદેશમાત્ર સ્વરૂપનું ધ્યાન અને 'આદિ' પદથી બાહ્યપદાર્થની અસ્મૃતિ જેનામાં હોય તેનામાં ભગવદ્ગુણો રહેલા હોય છે તેમનો ભાવ વરસાદના જલ જેવો

કહેવામાં આવ્યો છે. જેમ વૃષ્ટિના સમયે વૃષ્ટિનું જળ સર્વ દેશમાં (પ્રદેશમાં) વ્યાપ્ત થાય છે અને સર્વ સ્થળે સુલભ હોય છે અને જે સ્થળે તે (વર્ષાનું) જલ પડે છે તે સ્થળના ગુણોને ગ્રહણ કરીને અન્ન વગેરે કાર્ય ઉત્પન્ન કરે છે. તેવી રીતે આ યોગાદિ ભગવદ ગુણો પણ યોગના સમયમાં જ તેમનો ભાવ દેહ, ઇન્દ્રિય વગેરેમાં વ્યાપ્ત કરે છે અને સુલભ હોય છે જેવું પાત્ર હોય તે પ્રમાણે ભાવ ઉત્પન્ન કરે છે. શ્લોકમાં 'સંયુક્તાઃ' લખેલું છે તેથી સારા યોગનું નિરૂપણ કરે છે એવો ભાવ સમજવાનો છે.

[(અગિયારમો ભાવ) જેમ વરસાદનું પાણી સર્વ સ્થળમાં મળે છે અર્થાત્ બધા સ્થળોએ પડે છે. ખેતરોમાં પડે તો અનાજ ઉત્પન્ન કરી શકે છે તેમ યોગીઓનો ભાવ યોગ કરતી વખતે દેહ, ઇન્દ્રિયો વગેરેમાં વ્યાપક થાય છે અને સારા પાત્રને યોગાભ્યાસ કરાવે તો પોતાના જેવો ભાવ તે વ્યક્તિમાં પણ ઉત્પન્ન કરી શકે છે.] –ક્રમશઃ

શ્રી યમુનાજીના પદ

રચયિતા : મહાકવિ શ્રી વલ્લભદાસ શર્મા, દેવરી.

ભાવાર્થ–લેખક **'માધુરી'** રાજકોટ

પદ–૪૭

શ્રી યમુને સી કો જગદાની,
વિમુખનિ સન્મુખ કરનિ મોહન કે, જાસુસંગ ડોલતદધિદાની ૧
ભક્તિ બિરહનિજ વિરહ જાનિકેં, કરુણામય આનંદ પ્રદસાની,
'વલ્લભ' દાસનિકી સુધિલૌની, નિત શ્રી યમુના રાની. ૨

ભાવાર્થ આગળનાં પદોમાં કવિ શ્રી મહાન વિરહતાપથી તપીને ચાલ્યા આવતા આઠ પદોથી કૃપા ભાવાવેશમાં વિજ્ઞપ્તિ કરે છે.

શ્રી યમુનાજી સમાન આ જગતમાં બીજું કોણ દાની છે ? જે આપની બરાબરી કરી શકે ?

જે જીવો કર્મને આધારે ભટકતા થઇ ગયા, સદાને માટે પ્રભુથી વિમુખ બની ગયા, તેવા જીવોને પ્રભુની સન્મુખ કરી કૃપા વરસાવી તેથી જીવો દિવ્ય ધર્મને પ્રાપ્ત થયા આવું જોઇને દધિદાની મોહન સદા આપની સંગે રહે છે.

ભકતનો વિરહ તે પોતાનો વિરહ સમજીને તેના ઉપર કૃપા કરી તેને આનંદનું દાન કરવાવાળા, એવા હે અધમ ઉદ્ધારણી યમુનારાણી આ નિશુલ્ક દાસી વલ્લભની સુધી લેશો. ૪૮

॥ શ્રીવલ્લભ ॥

ભક્તિ પોષણ

વિવેચક : **પ. ભ. શ્રી મથુરાદાસ જીવરાજભાઇ મહેતા**

ભક્તિ તારે ચાંડાલને, જેમાં એકોનાં શુભ આચરણ, તો શું કહેવું પછી તેહનું જે ઉધ્ધારે અધમ અન્ય વર્ણ ?

વર્ણ સર્વે ઉધ્ધારે જકત,
નીચ ઊંચ જે નિજ–આસકત,
એક અંગ ભક્તિ ભદ્ર દાય,
આશ્ચર્ય શું ! પૂર્ણ શ્રેય થાય ?
સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૪૬)

વિવેચન : અગાઉનાં ચંદ્રાવળામાં દાન, યજ્ઞ, ઓછા પડે છે. ભક્તિની તુલનાં કરી શકવા સમર્થ નથી આખરમાં ભક્તિ કરવાથી જ ઉદ્ધાર થયો હવે આ ચંદ્રાવળામાં ભક્તિ કરવાનો સમાન અધિકાર છે તે બતાવ્યું છે. ભક્તિ કરવામાં કોઇ, વર્ણ આચરણ, નીચ, ઉંચ કાંઇ જોવાનું નથી ગીતાવાકય અધ્યાય શ્લોક ૨૯

સમોઽહં સર્વ ભુતેષુ ન મે દ્વેત્યોઽસ્તિ ન પ્રિય.
યે ભજન્તિ તુમાં ભકત્યા મયિ તેહિ આપ્યહમ

હે અર્જુન હું સર્વ પ્રાણી વિષે સમાન છું જેથી કોઇ પ્રાણી મને દ્વેષનો વિષય નથી. તથા પ્રિતિનો વિષય પણ નથી જે પુરૂષ મારૂં ભક્તિ વડે સેવન કરે છે તે પુરૂષ જ મારે વિષે વર્તે છે તથા હું પણ તે પુરૂષ વિષે વર્તુ છું.

ઉત્તમ વર્ણ બ્રાહ્મણ હોય પણ તે ભક્તિમાન નથી તેતો ચાંડાલ રૂપ છે ચાંડાલ હોઇને મારી ભક્તિ કરે છે તે બ્રાહ્મણથી શ્રેષ્ઠ છે ભક્તિ માર્ગ સર્વને માટે ખુલ્લો છે. વર્ણ ઉંચ હોય કે નીચ તેની વિશેષતા કે ઓછાપણું નથી. દશ પ્રકારની ભક્તિનું અગાઉ વર્ણન આવી ચુકયું છે તેમાં જેનાથી જે ભક્તિ કરે તે બધાનું કલ્યાણ કરે છે. બ્રામ્હણ, ક્ષત્રિય, વૈશ્ય કે શુદ્ર, ભક્તિમાં જાત જોવાતી નથી આમ શુદ્ર પણ ભક્તિથી પાર ઉતરી ગયા છે તો ઉત્તમ વર્ણ પાર ઉતરે તેમાં શંકાનુ કોઇ કારણ કહેતું નથી.

મુળમાં જીય સ્વભાવમાં પ્રભુ વિષે ભક્તિ રૂપી ગુણ હોવો જરૂરી છે. આવી ભક્તિ ન કરી તેનું મોઢું કાળું મતલબ કે તેણે માનવ દેહ ધરીને કર્યું શું ? કાળુ મોઢું કરીને સંસારથી પાછો ફર્યો સંસારમાં આવી ભક્તિ કરી વિદાય લે તેનુંજ મોઢું ઉજળું કહયું છે.

સંસારમાં આવી કેવળ ભૌતિક સુખ માટે પચી મરે, તે પ્રપંચને આધીન બની ખાલી હાથ જાય તેના મોઢાં કાળા કહયા.

માનવ દેહ મળતાં જે અપેક્ષા રાખી હતી કે કાંઇક શુભ કર્મ કરશે, જીવન સાર્થક બનશે, પરંતુ ઉલટા કર્મમાં વધારો કર્યો તેના મુખ કારા આ વિષયને ધ્યાનમાં લઇને જીવને ટોક કરી સમજાવે છે કે તેં શું કર્યું કાંઇક વિચાર કરી જો.

શું કર્યું શું કર્યું વિચારે સંસારે આવી
વધાર્યો ભુમિનો ભાર રે સંસારે આવી
શું થયું થયેરે ધનવાન રે સંસારે આવી
ભજ્યા નહી ભગવાન રે સંસારે આવી
શું થયું મલ્યું (જોયું) બહું રૂપ રે સંસારે આવી
નિરખ્યા નહી વૃજ ભુપરે સંસારે આવી
શું થયું દીધા બહુ દાનરે સંસારે આવી
થયો નહિ ભક્તિવાન રે સંસારે આવી
શું થયું ફર્યો જગમાં રે સંસારે આવી
વિચર્યો નહી વૃજમાંય રે સંસારે આવી
શું થયું ભણ્યો વેદ ચાર રે સંસારે આવી
સમજ્યો નાં ભક્તિનો સાર રે સંસારે આવી
ભક્તિની મહીમાં અપાર રે સંસારે આવી
"માધુરી" સમજ્યોના સાર રે સંસારે આવી

ઉપરનાં કીર્તનનું સ્પષ્ટ કરણ કરવાની જરૂર નથી સરળ ભાષામાં છે કે જેને વેદ શાસ્ત્રો તત્વ રૂપ બનાવે તે ભક્તિ ન કરી તો કર્યું શું ? સારમાં વૈભવ, સુખ, ગુણ ચતુરાઇ, આ બધું નાશવંત છે. પરંતુ આ બધું ભલે હોય તેની સાથે ભક્તિનો યોગ હોય તો ફલરૂપ છે

આ જીવને બધું સારૂં સારૂં ગમે છે પરંતુ જોઇએ તેવું બધાને મળતું નથી તે મેળવવાનાં પ્રયત્નમાં જ ઉંમર પુરી થઇ જાય તો વૃથાત્ જન્મ ભુતલે એવું જ થાય.

માટે સંસારનું કાર્ય કરતા રહેવું પણ ભક્તિ કરવામાં ચુકવું નહી.

ભક્તિ માટે શ્રીમદ્ ભાગવત્–

કેવલેનેવ ભાવેન, ગોપ્યો, ગાવો, મૃગા, ખગા,
યેન્યે મુઢ ધિયો નાગાઃ સિદ્ધીઃ મામિયુ રંજસા,

કેવળ ભક્તિથી, ગોપિયાં, ગાયો, હરણાં પક્ષિયો અને બીજા અનેક મુઢ જીવો તેમજ સિદ્ધો નાગા, બધા મને પામ્યા છે.

વેદ શાસ્ત્રો કર્મ, જ્ઞાન, યોગમાં સ્ત્રી શુદ્રને અન અધિકારી માને છે. પરંતુ ભક્તિ માર્ગમાં સર્વને સમાન અધિકાર છે. શ્રી મહાપ્રભુજીએ શુદ્રા, સ્ત્રીનો ઉદ્ધાર કર્યો છે કેવળ

ભક્તિથી જ ૨૫૨ ની વાર્તામાં અંત્યજ, મુસ્લીમ, માછીમાર, શુદ્ર દરેક જાતીમાં ભક્તિમાન બન્યા છે. જન્મ જાતિ શ્રીમહાપ્રભુજીયે કોઇની જોઇ નથી જે જીવ જાતી હોય કોયરે તેને તતક્ષણ સર્વ સુખ હોય રે તે મુજબ શ્રી મહાપ્રભુજી અને ગુંસાઇજીયે કેવળ કૃપારૂપી આપનાં ધર્મનું પાલન કર્યું જ છે તેનું એક દ્રષ્ટાંત જોઇએ કયાં તો ઉતમ બ્રાહ્મણ અને કયાં બલાય એક બલાઇ જંગલમાં ઝુંપડું બાંધીને રહેતી તેને ઘેરે એકવાર ચાર બ્રાહ્મણો વિદ્ધવાન હતા તેઓ દુઃખનાં માર્યા આવ્યા તેનો પતિ બહાર ગયેલ હતો. આ બાઇએ બ્રાહ્મણોનો યોગ્ય સત્કાર કર્યો અને ફુલફળાદી સામે લાવી રાખ્યા પાસમાં સરોવરમાં સ્નાન કરી આવવા કહ્યું. બ્રાહ્મણોને તેમનાં આગમનનું કારણ પુછયું ત્યારે બ્રાહ્મણોયે કહ્યું કે અમો તો સંકટનાં માર્યા અમે ભાગીને આવ્યા છીએ. અમ.રા ગામનાં રાજાએ હુકમ કર્યો છે કે તમારી પાંસે જમીન છે તેનાં લેખો બતાવો નહીંતર પરાણે કબજો લીધો છે તેમ હું માનીશ આમ કરી ઘણાં બ્રાહ્મણોને જેલમાં પુર્યા છે. આ રાજાનાં બાપે અમોને જમીન દાનમાં આપી હતી તેનાં લેખ કયાંથી હોય રાજાનો સ્વર્ગવાસ થયો પછી તેનાં દીકરાએ અમારી આવી દશા કરી છે અમે ભાગીને અમે આવ્યા કે કોઇ મહાન ક્રાંતિવર મળી જાય ને કાંઇક રસ્તો બતાવે.

આટલું કહેતાંજ તે બલાઇ બાઇએ કહ્યું કે તમારા રાજાનો બાપ યમરાજાનાં દરબારમાં છે તેને સ્વર્ગ મળ્યું નથી હું અત્રે બેઠી જોઉં છું. તમો આંખો મીંચી દો હું હમણાંજ રાજાથી મુલાકાત કરાવી આપું. આ બાઇએ પોતાની શક્તિથી યમરાજનાં દરબારમાં તેમને પહોંચાડયા ત્યાં રાજાએ કહ્યું કે મારા પુત્રે બ્રાહ્મણોની જમીન પાછી લીધી તેથી મારો નરકમાં વાસ છે. તુરતજ એક પત્ર લખી પોતાના પુત્રને જણાવ્યું કે બ્રાહ્મણોને છોડી મુક તેમની જમીન પાછી આપી લેખો કરી આપીને મને નર્કમાંથી બચાવી લે. બે ઘડીમાં બ્રાહ્મણો હતા ત્યાંને ત્યાં પહોંચી ગયા રાજાનાં હાથનો કાગળ મેળવી ખુશ થયા અને તે બાઇને પગે પડવા લાગ્યા ત્યારે તે બાઇએ કહ્યું મને પાપમાં નાખોમાં અમે તો નીચ જાતીમાં છીએ તેથીજ મેં ફળફુલથી તમારો સત્કાર કર્યો પાણી પણ મેંન ભરી લાવીને તમારા હાથનું જ કહ્યું હતું. બ્રાહ્મણોએ પુછયું કે આ શક્તિ તમારી પાસે કયાંથી આવી ? ત્યારે તે બાઇએ કહ્યું કે આ તો બધો શ્રી ગુંસાઇજીની કૃપાનું બળ છે હું તેમની સેવક છું આ જંગલમાં કૃષ્ણની ભક્તિ કરૂં છું ભક્તિ સિવાય બીજું કોણ આ કાર્ય કરી શકે શ્રીકૃષ્ણ શરણંમમઃ આનો જપ કરૂં છું આ સિવાય કોઇ બળ નથી બ્રાહ્મણો આ બાઇની સરાહનાં કરતાં રાજ્યમાં આવી તેનાં પિતાનો પત્ર આપ્યો ત્યારે બ્રાહ્મણોને રાજાએ છોડી મુકયા અને જમીનો આપી દીધી રાજાએ પુછયું કે તમે લાવ્યા કેવી રીતે ? ત્યારે તે બ્રાહ્મણો એ બધી વાત કરી આ સાંભળી રાજા, બ્રાહ્મણો બધા શ્રીગુંસાઇજીને શરણે થયા.

આવો છે ભક્તિનો પ્રભાવ અદેયદાન દક્ષશ્ચ શ્રી ગુંસાઇજીએ જેને ભક્તિનું દાન કર્યું તેનાં ભાગ્યની શી વડાઇ ?

માટે જ કવિ કહે છે કે સેવો. શ્રીકૃષ્ણ કૃપાળ

માનવ-ધર્મ

વૈષ્ણવતા કા ઘર દુર હે, મનુષ્ય ધર્મ ભી હોય;
યાપેં જો સાંચો ચલે, તા. સમ ભલો ન કોય.
મનુષ્ય ભલો કહાય કે, ફિર વૈષ્ણવતા આય;
વિરલા વિરહી રસિક જન, તેં કોટિન મેં પાય.

શ્રી વ્યાસદાસજી

(મનુષ્ય કે દશ ધર્મ)

સંપાદક : **શ્રી હનુમાનપ્રસાદ પોદાર**

ભાષાંતર : **ડૉ. ચુનીલાલ રવજી બાલધા**, આંખના સર્જન, રાજકોટ

(ગતાંકથી ચાલુ)

નાક

આવશ્યકતા નાક ગંધનું જ્ઞાન ન હોય તો મનુષ્ય ગંદી જગ્યાએ રહીને અને ગંદી વસ્તુઓનું સેવન કરી બીમાર થઇ જાય સારા પુરૂષો અને દેવતાઓને ગંદી વસ્તુઓ અર્પણ કરી તેના અપમાનનું કારણ બને આ બધા અભાવ પુર્ણ કરવા માટે નાકની જરૂરત છે.

શું ન કરવું જોઇએ અત્તર, ફુલેલ, એસન્સ, સેંટ વિગરની ગંધમાં આસકત ન થવું (તેનાથી વિલાસિતા વધે છે. ખરાબ આદતો પડે છે ધન અને ધર્મ જાય છે. એ સુગંધ લઇને બીજા લોકોને પણ એવી જ ઇચ્છા થાય છે. પૈસા ન હોવાથી તેઓ ચોરી કરે છે તેથી શોખ માટે તેનો ઉપયોગ કરનાર ખુદ ડુબે છે અને બીજાને ડુબાડે છે) બીન જરૂરી માળા ફુલ વિગેરે ધારણ ન કરવા જોઇએ (તેનાથી પણ આસકિત વધે છે.)

શું કરવું જોઇએ સ્વાસ્થ્ય માટે દુર્ગન્ધનો ત્યાગ કરવો જોઇએ ધુપ, ધુલી વિગેરે અને યજ્ઞની સુગંધ લેવી જોઇએ ભગવાનનો પ્રસાદ, તુલસી વિગેરેની સુંદર સુગંધ લેવી જોઇએ

આ રીતે વિચારી સમજીને ઇન્દ્રિયોનો સદુપયોગી કરવો એટલે કે વિષયોમાં આસકત ન થતા તેનો યોગ્ય ઉપયોગ કરવો એઇએ જ્યાં સુધી ઇન્દ્રિયો છે ત્યાં સુધી તે વિષયોમાં લાગી રહે તે અનિવાર્ય છે તેથી તેમને આત્માને પાડનાર, લોકપર લોક બગાડનાર નિન્દિત વિષયોમાં ન લગાડતા, સદવિષયોમાં લગાવવી જોઇએ આ ઇન્દ્રિય નિગ્રહ છે. અગ્નિથી ભોજન બને છે, ઠંડી દુર થાય છે અને રોગના જંતુ નાશ પામે છે. અગ્નિથી કંઇ ખરાબ ચીજ નથી, ખરાબ છે તેનો દુરૂપયોગ (દુરૂપયોગ કરવાથી હાથ પગ બળી જાય છે. ઘરબાર સ્વાહા થઈ જાય બરોબર આવી જ હાલત ઇન્દ્રિયોઓની છે તેવી ઇન્દ્રિયોના

ગુલામ ન બનતા તેમને પોતાના વશમાં રાખવી જોઇએ વશમાં કરેલ ઇન્દ્રિઓ દ્વારા યોગ્ય વ્યવહાર કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે.

ભગવાન કહે છે.

રાગદ્વેષ વિયુક્તૈસ્તુ વિષયાનિન્દ્રિ યૈશ્ચરન્ ।
આત્મવશ્યૈર્વિધેયાત્માં પ્રસાદ મધિ ગચ્છતિ ॥ (ગીતા ૨/૬૪)

સ્વાધીન અંતઃકરણવાળો પુરુષ રાગદ્વેષ રહિત પોતાના ષશમાં કરેલ ઇન્દ્રિયો વડે વિષયોનો વ્યવહાર કરીને મનના પ્રસાદને પ્રાપ્ત કરે છે.

પરંતુ ઇન્દ્રિયો ઘણી બળવાન છે. તેથી ભગવાન કહે છે.

યતતો હયપિ કૌન્તેય પુરુષસ્ય વિપશ્ચિતઃ ।
ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ ॥ (ગીતા ૨/૬૦)

હે અર્જુન, યતીશીલ બુદ્ધિમાન પુરુષના મનને પણ આ ચંચળ સ્તભાવવાળી ઇન્દ્રિયો બલાત્કારથી હરી લે છે.

ક્રમશઃ

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧ ગો. વા. મણીબેન કેસરીયા રાજકોટના જયશ્રીકૃષ્ણ હ. પ. ભ. શ્રી છોટાલાલ ગિરધરલાલના જયશ્રીકૃષ્ણ.

૨ ગો. વા. પ. ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ પરીખ મુંબઇના જય શ્રી કૃષ્ણ.

૩ મહાકારુણિક જગતગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચ શતાબ્દી મહોત્સવ સમિતિ–રાજકોટના સૌજન્યથી.

॥ શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥

વ્રજલીલા પદ

રચયિતા : શ્રી પ્રવિણચંદ્ર એમ. દેસાઇ (ચરણદાસ) બી.ઇ. (સીવીલ) બીરપુર

૩૩. દાનગલી–માનગલી–કુંજગલી લીલા

૩૪. સેવાકુંજ લીલા

(રાગ–મલ્હાર : બોલે માઇ શ્રી ગોવર્ધન પર મુરવા)

દેખોરી સેવાકુંજ મેં રસ બરખાઇ,
બંસી બજાઇ, કોયલીયા કહુકી, નાચત મુરવા તતતા થેઇ. ૧

રાસ રચ્યો રાધા રમણીને, શ્રમજલ ગઇ ભિંજાઇ;
થકિત ભઇ જબ, રાસરસેશ્વરી, ચાંપત ચરન મુખ મુસકાઇ. ૨

ઉત તબ આવત, લલિતા સખીરી, પ્યાસી પ્યાસી ઢુંઢત તલાઇ;
શ્યામ વિલોકી બોલી પિપાસી, વેણુ કુંડપે ગંગા બહાઇ. ૩

શ્રી રાધા અરુ શ્યામસુંદરકી, લલિત લીલાસે તપન બુઝાઇ;
‘ચરનદાસી’ ભઇ પરમ પાવન, રાધાચરન કે શરણમેં જાઇ. ૪

સેવાકુંજ : સેવાકુંજમાં આજે પણ શ્રી શ્યામ અને શ્રી રાધાજી પધારે છે અને નિત્ય રાસ થાય છે. અત્રે ભગવાનની રાસસ્થલી છે અને કુંજોથી સુશોભિત કુંજ કુટી છે. રાસરમણ કરતાં એક દિવસ શ્રી રાધાજીએ અતિશય થાક અનુભવ્યો અને રાસલીલામાં સદૈવ રમણ કરનારા એવાં શ્રી સ્વામિનીજીને થકિત મુદ્રામાં જોઇ પ્રભુએ પુછયું–

શ્રી રાધાજીએ કહ્યું કે, હે પ્રિય ! આપની સાથે રાસમાં તલ્લીન બની જતાં દેહભાન વિસરાઇ જાય છે અને આપની સુમધુર બંસરીના તાનમાં તાલ મેળવવા મારા નાનકડા પગ સતત થનગનતા, આનંદથી ઠમકતા રહે છે. મારા પગના ઝાંઝર પણ વેરવિખેર થઈ જાય છે. તમારા ચરણની પાછળ દોડતાં સાચે જ હું થાકી ગઇ છું. માટે આજે તો પ્રભુ તમે મારી કુંજ કુટીમાં નિવાસ કરી, આનંદરસનું દાન કરજો.

મહારાસથી થાકી જતાં ચરણોમાં દુઃખાવો થાય છે તેમ જાણી પ્રભુએ તેમના ચરણોને પોતાના કરકમલો દ્વારા દાબ્યા. ચરણ ચંપી કરી રસમગ્ન બની ગયા તેથી તો વ્રજભક્તો ગાય છે કે, ‘ધન્ય ધન્ય શ્રી રાધાજી કે ચરન’.

શ્રી શ્યામના ચરણની સેવા બ્રહ્મા, શિવાદિક મુનિવરોને મળતી નથી તેવા શ્રી શ્યામ સુંદર શ્રી સ્વામિનીજીને પોતાનો આધાર માની તેમના ચરણની સેવા કરી, પરમાનંદ પ્રાપ્ત

કરે તો તે ચરણોનું શું કહેવું ? શ્રી રાધાજીના ચરણોની સેવા તો પરમાનંદના ચરણોની સેવાથી પણ ચરણો અતુલ્ય અનુપમ, અવર્ણનીય, અલૌકિક, તેજોમય, પરમાનંદમય જગતના આધારસ્થંભ છે.

વેણુકુંડપે ગંગા બહાઇ— સેવાકુંજમાં લલિતા સખી શ્રી સ્વામિનીજી સાથે રાસ ખેલવા પધરતાં હતા. રાસક્રીડામાં પરોવાઇ જતાં અને દેહાનુસંધાન ભુલાઇ જાય છતાં પણ રાસરમણ લીલા અટકે નહીં તેટલી તીવ્રતાથી યુગલસ્વરૂપની સાથે બિહાર કરતાં, આવી રીતે રાસરમણ કરતાં એક દિવસ લલિતાજીને ખુબ તરસ લાગી. આમ તેમ જલ માટે જલ માટે દષ્ટિ ફેરવી. આસપાસ કયાંયે જલની વ્યવસ્થા નજરે પડી નહીં, પ્યાસ વધી ગઇ, ગળું સુકાવા લાગ્યું, ત્યારે છેવટે શ્રીરાસબિહારી શ્રી શ્યામસુંદરને નજીક આવતાં જોયા. ત્યાં તેમની સન્મુખ દોડી જઇ, પ્રભુ પાસે જલ પીવાની ઇચ્છા પ્રગટ કરી. નજીકમાં જલનો કોઈ પ્રબંધ ન દેખાતાં પ્રભુએ પોતાની કેડે ખોસેલી વેણુ હાથમાં લઇ ત્યાં જ કુંડ વેણુથી ખોદવા લાગ્યા. પ્રભુની આ લીલા જોઇ સર્વ શકિતઓ કામે લાગી ગઇ અને કુંડ ખોદાઇ ગયો. પછી વેણુનાદ કરી પ્રભુએ ચરણમાંથી ગંગાજી પ્રગટ કરી કુંડને ભરી દીધો. આ કુંડ આજે પણ ઘણાને વિશાળ અને ઊંડો દેખાય છે. અંદર પ્રવેશની મનાઇ કરી છે. આ કુંડ તેથી લલિતા કુંડ તરીકે ઓળખાય છે.

આવી રીતે સેવાકુંજમાં પ્રભુએ બંસી બજાવી રાસલીલા રચી છે. તે સમયે કોયલ, મોર, દાદુર, બપૈયા સર્વ અલૌકિક બંસીના સુમધુર સ્વરમાં રસમગ્ન બની લીલાસ્થળે પધારી લીલાની શોભાને વધારતા હતા.

વાર્ષિક પૃષ્ઠ પ્રકાશન સહાય

૧. પ. ભ. કાન્તાબેન તથા પ. ભ. શ્રી જગમોહનદાસ હરજીવનદાસ પારેખ મોરબી અમદાવાદના જય કૃષ્ણ.

૨. ભ. પ. ગંગાબેન ડી. પારેખના સવિનય ભગવદ સ્મરણ હા. પ. ભ. ઇન્દુબેનના જય શ્રીકૃષ્ણ.

॥ શ્રી દામોદર મદનમોહનૌ પ્રભુ વિજયતે ॥

શ્રી વ્રજયાત્રા તિર્થ સુધારણા અભિયાન

આયોજક : શ્રી પ. પુ. ગોસ્વામી ૧૦૮ શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રી -જુનાગઢ

સમગ્ર વિશ્વના નિયંતા શ્રી નંદનંદન નટવરે પોતાની ૧૧ વર્ષ અને ૫૨ દિવસની બાળલીલા દ્વારા જે વ્રજની ભૂમિના કણેકણને પોતાના પવિત્ર ચરણોના સ્પર્શ દ્વારા ધન્ય બનાવીને અલૌકિકતાનું પ્રદાન કર્યું છે. તે વ્રજ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું અલૌકિક સુખધામ છે. કારણ કે ભારતના બધા તીર્થો આ વ્રજભૂમિમાં બિરાજમાન હોવાથી વૈષ્ણવો આ ભૂમિ પર પદાર્પણ કરતાની સાથે અલૌકિક સુખની અનુભુતિ કરે છે પરંતુ સમયના વહેણ સાથે આ તીર્થો જીર્ણ થઇ રહ્યા છે. તેમજ તેની આમાન્યાઓ લોપાઇ રહી છે. તેથી તેની સુધારણા કરવાની તાતી જરૂરીયાત છે. આ શુભ આશયને મુર્તિમંત કરવા પ. પુ. ગોસ્વામી ૧૦૮ શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીએ (મોટી હવેલી જુનાગઢ) વ્રજચોર્યાસી કોશ અંતર્ગત આવતા તીર્થોની સુધારણા કરવાનો અભ્યાસ કરવા માટે તા. ૧૯-૧૨-૯૭ થી તા. ૨૫-૧૨-૯૭ના સમયગાળામાં વૈષ્ણવો સાથે પ્રવાસનું આયોજન કર્યું, અને ગિરિરાજ પરિક્રમામાં જે મર્યાદાઓ લોપાય છે તેમજ શ્રી યમુનાજીમાં જે પ્રદુષણ ઠલવાય છે તેનું જાત નિરીક્ષણ કર્યા બાદ તેની સુધારણાનો કાર્યક્રમ ઘડી કાઢવા માટે મથુરા સ્થિત પત્રકારો, પ્રતિષ્ઠિત મહાનુભાવો અને ચોબા લોકોની અલગ-અલગ ત્રિસ્તરીય જે મીટીંગો બોલાવવામાં આવી તેનો અહેવાલ આ પ્રમાણે છે.

તા. ૨૧-૧૨-૯૭ના રોજ આપશ્રીએ બપોરના ૧ થી ૩ મથુરા અને દિલ્હીમાંથી પ્રગટ થતા જુદા જુદા ૧૦ વર્તમાનપત્રોના પત્રકારો સાથે યમુના પ્રદુષણ નિવારણ તેમજ વ્રજની પવિત્ર ભૂમિના તીર્થો અને માર્ગોની સુધારણા અંગે ખુબજ વિષદ ચર્ચા કર્યા બાદ સૌના અભિપ્રાયોની જાણકારી પ્રાપ્ત કરી સૌ પત્રકાર મિત્રોએ આ મંગલકાર્યમાં સાથ સહકાર આપવાન ખાત્રી આપી. બીજા દિવસે બધા વર્તમાનપત્રોમાં આ પત્રકાર પરિષદના અહેવાલને સુંદર રીતે પ્રગટ કરવામાં આવ્યા તે જ દિવસે આપશ્રીની આજ્ઞા અનુસાર મથુરાની 'વ્રજ મંડળ વિકાસ સભા' દ્વારા રામઘાટ સ્થિત મુદ્ગલભવન ગેસ્ટ હાઉસના વિશાળ સભાખંડમાં મથુરા નગરીના ગણમાન્ય નાગરિકોની એક વિશાળ બેઠક શ્રી ગોપાલ પીઠાધિશ્વર પ. પુ. શ્રી વિઠ્ઠલેશજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં સંપન્ન થઇ. પ. પુ. ગોસ્વામી શ્રી કિશોરચંદ્રજી મહારાજે શ્રી યમુનાજી તથા શ્રીનાથજીના ચિત્રજીને ફુલમાલા અર્પણ કર્યા બાદ દીપ પ્રગટાવીને કામગીરીને આગળ ધપાવવા આજ્ઞા કરી. સૌ પ્રથમ માથુર ચતુર્વેદ સંસ્કૃત મહાવિદ્યાલયના વિદ્વાન વેદપાઠીઓ દ્વારા વૈદિક મંગલાચરણ કરવામાં આવ્યું. તેમજ ભાગવતના વિદ્વાન જ્ઞાતા શ્રી ચેનનાથજીએ પૌરાણિક મંગલાચરણ કરીને બેઠકનો પ્રારંભ કર્યો.

વ્રજમંડલ વિકાસ સભાના સંયોજક આચાર્ય શ્રી બૃજેન્દ્ર નાગરે પધારેલ બધા પુ. ધર્માચાર્યો તેમજ સમસ્ત ગણમાન્ય નાગરિકોનું સ્વાગત કર્યું. તેમણે આપશ્રીની આજ્ઞા અનુસાર આજની બેઠકના મુખ્ય ઉદ્દેશો અંગે સૌને જાણકારી પુરી પાડતા જણાવ્યુ કે વ્રજમંડળને અનાદિકાળથી હિન્દુધર્મનું સૌથી મોટું તીર્થસ્થળ માનવામાં આવ્યુ છે. જેમાં કોટિ કોટિ હિન્દુઓના આરાધ્યદેવી શ્રી યમુનાજી તેમજ વ્રજના સાક્ષાત દેવતા ગિરિરાજનું વિશેષ મહત્વ રહેલું છે. પરંતુ આજે દિન પ્રતિદિન શ્રી યમુના જલ પ્રદુષિત થઇ રહ્યું છે. તેમજ શ્રી ગિરિરાજજી અને મોક્ષદાયીની મથુરા નગરીનો પરિક્રમા માર્ગ વિકૃત બની રહયો છે. એટલું જ નહીં પરંતુ ગોપાલક ભગવાન શ્રીકૃષ્ની જન્મસ્થલિ વ્રજ મંડલમાં ગોવંશની હત્યા દિન-પ્રતિદિન વધી રહી છે. આ બધા પ્રશ્નો વજવાસીઓ માટે જ નહીં પરંતુ સંપુર્ણ ભારતના શ્રદ્ધાળુઓ માટે ચિંતાનો વિષય બની ગયો છે. આ પરિપ્રેક્ષમાં રહીને શ્રી નાગરે સો ગણમાન્ય નાગરિકોને પોતાના વિચારો રજુ કરવા કહ્યું.

આ બેઠકના આયોજક ગોસ્વામી ૧૦૮ શ્રી કિશોરચંદ્રજી મહારાજશ્રીએ શ્રીયમુનાજીમાં વધી રહેલ પ્રદુષણ અંગે ઊંડી ચિંતા વ્યકત કરતા જણાવ્યું કે મથુરા નગરના ગંદા નાળાઓને યમુનાજીમાં દલવાતા રોકવામાં નહીં આવે તો નજીકના ભવિષ્યમાં શ્રી યમુનાજીમાં ભીષણ ગંદકીનું સામ્રાજય સ્થપાઇ જશે. આથી શ્રદ્ધાળુઓને યમુનાજીમાં સ્નાન અને પાન કરવામાં પણ સંકોચ થશે. આપશ્રીએ શ્રી ગિરિરાજજી પર બની ગયેલ સાર્વજનિક માર્ગ અને ગિરિરાજજીની નષ્ટ થઇ રહેલી મર્યાદા અંગે ખુબજ ઊંડી દુઃખની લાગણી વ્યકત કરી તેમજ વ્રજ પરિક્રમામાં અવરોધ મુંશ્કેલીઓ અને જર્જરીત તિર્થસ્થાનોની સુધારણા માટે મથુરાનગરીના નાગરિકોને આહવાન કરતાં જણાવ્યું કે વૃજના વિકાસમાં બધા નાગરિકો પોતાનો સહયોગ આપીને વ્રજની સંસ્કૃતિની રક્ષા કરે અને આ બાબતમાં પોનાના અભિપ્રાયો વ્યકત કરે તેવી વિનંતી.

વરિષ્ઠ હિંદુવાદી શ્રી હરપ્રસાદ ચતુર્વેદી 'હરિગુરૂ' એ પોતાનો અભિપ્રાય રજુ કરતા જણાવ્યુ કે વ્રજનો વિકાસ ત્યારે જ શકય બનશે કે જ્યારે બધા વ્રજવાસીઓ પોતાના મતભેદોને ભુલીને આ પુણ્યકાર્યમાં સમર્પિત ભાવથી સહયોગ આપવા આગળ આવશે. મથુરાનગરીના ઉદ્યોગ વેપાર મંડળના અધ્યક્ષ શ્રી સાહેબ સિંગજીએ સૌ સભાજનોને ધરપત આપતા જણાવ્યું કે વ્યાપાર મંડળ વૃજના વિકાસ કાર્યમાં તન મન અને ધનથી સહયોગ આપવામાં લેશમાત્ર પાછીપાની નહીં કરે. ઉદ્યોગપતિઓ, નિવાસીઓ અને વેપારીઓએ જ યમુનામૈયાને અશુધ્ધ કરેલ છે. તેથી તેની સૌપ્રથમ ફરજ યમુનાને પ્રદુષણ મુક્ત કરવાની બની રહે છે. વજયાત્રા તિર્થ સુધારણાનું કાર્ય હાથ ધરવા માટે સૌપ્રથમ મથરાને 'યાત્રાસ્થળ' જાહેર કરાવવા માટે સરકાર પર દબાણ લાવવુ જોઇએ અને ઈંડા, દારૂ અને ગોવધ જેવા હિન કાર્યોને મથુરામાંથી જ નહીં પરંતુ સમગ્ર વજભુમિમાંથી દેશવટો આપવો જોઇએ.

શ્રી આચાર્ય પ્રયાગનાથ ચતુર્વેદીએ જણાવ્યું કે વ્રજમંડળના વિકાસનું કાર્ય સ્કાઇ લિમિટ જેવું ભગીરથ કાર્ય છે. તેથી આ કાર્ય પ્રારંભ કરતાં પહેલા આને માટે કાર્યોની પ્રાથમિકતા સુચિ તૈયાર કરવી જોઇએ. અને આ કાર્ય માટે જે સમર્પિત ભાવનાવાળા હોય તેણે જ આમા જોડાવું જોઇએ કારણ કે સરકારની મશીનરી ખુબજ ધીમી ચાલે છે. વળી આ કાર્યને હાથ ધરતા પહેલા એક સર્વેક્ષણ કમિટીની રચના કરીને સમગ્ર વ્રજ ભુમિમાં કયાં કયા સરોવરો છે? કઇ કઇ બેઠક છે? તેનું નવનિર્માણ કઇ રીતે થઇ શકે તેમ છે? તે અંગેનો અંદાજિત ખર્ચ કેટલો આવે તેમ છે? અને માર્ગ સુધારણા માટે શું કરવું પડે તેમ છે? તેનો અભ્યાસ હાથ ધરવો જોઇએ અને જુદા જુદા તિર્થોની સુધારણાની જવાબદારી જુદા જુદા ગોસ્વામી બાલકોને સોંપવી જોઇએ.

વરિષ્ઠ કોંગ્રેસ નેતા શ્રી યામની રમણ આચાર્યએ જણાવ્યું કે આપણા માટે મહાન સૌભાગ્યની વાત એ છે કે પુ. મહારાજશ્રીએ અત્રે પધારીને આપણને સૌ વ્રજવાસીઓને વ્રજભુમિનું શુદ્ધિકરણ કરવા માટે આહવાન આપ્યું છે. આજના આયોજન માટે આપશ્રી તરફ હું હાર્દિક આભારની લાગણી વ્યકત કરું છું તેમણે એ વાતને પુનઃ દોહરાવતા જણાવ્યું કે વ્રજયાંત્રા તિર્થ સુધારણાનું કાર્ય ત્યારે જ શકય બનશે કે જ્યારે આપણે સૌએ સંગઠિત બનીને મથુરાને "તિર્થસ્થળ" ઘોષિત કરાવવા માટે સંઘર્ષ કરવા તૈયાર રહેવું પડશે.

ભાજપના નેતાશ્રી ગોપેશ્વરનાથ ચતુર્વેદીએ પોતાના વિચારો રજુ કરતા જણાવ્યું કે વ્રજમંડળમાં તેત્રીશ કરોડ દેવતા, ચાર ધામ અને સાત પુરી બિરાજમાન છે. જેનું પુરાણોમાં નકકર પ્રમાણ મળે છે. પરંતુ કમનસીબીની વાત એ છે કે આજે એ આપણી પ્રાચિન સંસ્કૃતિના ઐતિહાસીક સ્થળો લુપ્ત થઇ રહ્યા છે. તેથી આ તિર્થસ્થાનોનો પુનઃજિર્ણોધ્ધાર કરવા માટે વ્રજ વિકાસ કાર્યમાં આપણે સૌએ હાથ અને સાથ આપવો જોઇએ આમા ચતુર્વેદીઓનું દાયિત્વ સૌથી વધારે છે. કારણ કે આપણે સૌ યમુના પુત્રો છીએ. જો યમુનામાં ઠલવાતા ગંદા નાળાઓને આપણે બંધ કરવામાં સફળ થઇશું નહીં તો યમુના ગંદી ગટર બની જશે અને મથુરાનો જીવન આધાર તુટી જશે. તેથી જનજીવન સાથે સંકળાયેલી આ સમસ્યાનો ઉકેલ શોધ્યે જ છુટકો છે.

મથુરાના શિવસેનાના અધ્યક્ષ પંડિત કિર્તિકુમાર શર્માએ જણાવ્યું કે દઢ સંકલ્પ દ્વારા જ કાર્ય સિદ્ધિ થાય છે. આપે આ અંગે દ્રઢ સંકલ્પ કર્યો છે તો અમો પણ આપના નેતૃત્વ તળે આ બીડું ઉઠાવવા તૈયાર છીએ. સંત સમાજે હરદ્વારમાં ગંગામાં ઠલવાતા પ્રદુષ૧ને દુર કર્યું તો આપશ્રીના પ્રતૃત્વ તળે આપણે યમુના પ્રદુષણને કેમ ન અટકાવી શકીએ? શ્રી ગીરીરાજજીની પરિક્રમામાં કઇ કઇ આમન્યાઓ લોપાય છે? તેનો આધાર લઇને આપશ્રી નિયમો બનાવી આપો પછી આપણે સરકાર પાસે તે નિયમોનું પાલન કરાવવાની વિધિ હાથધરીએ. આ સાર્વજનિક ધર્મનું નર્ય છે. તેથી મને આશા છે કે બધા પક્ષો આમા સહયોગ

આપશે રાષ્ટ્રીય સેવાસંઘ (આર. એસ. એસ.) ના મથુરા જીલ્લાના સંઘ સંચાલક શ્રીમાન સીંગજી ગોહલોટે જણાવ્યુ કે વ્રજમંડળમાં ગાયોની હત્યા થઇ રહી છે. તેથી તે રોકવા માટે આપણે પ્રભાવિત કદમ ઉઠાવવા પડશે તે બાબત ભાર મુકયો તેમજ ગાયો કેટલીકવાર પોલીથીનની કોથળીઓ ખાવાથી મરે છે. તેથી આપણે પોલીથીન પેકીંગનો સંપુર્ણ પણે બહિષ્કાર કરવો જોઇએ તેવા નિર્ધાર સાથે આગળ વધશો તો જ કંઇક પરિણામ લાવી શકશે.

પદ્મવિભૂષિત શ્રી બરસાની લાલજીએ જણાવ્યું કે આ માટે અત્યાર સુધી અનેક મીટીગો થઇ છે પરંતુ તેનું પરિણામ શુન્ય આવ્યું છે. તેથી મારી આ સભાને વિનંતી છે કે મકકમ નિર્ધાર સાથે આગળ વધશો તો જ આમાં કંઇક થઇ શકશે.

શ્રી ભરતલાલજી ચતુર્વેદીએ જણાવ્યું કે વ્રજને તિર્થ સ્થળની માન્યતા નહી મળે ત્યાં સુધી વ્રજની સમસ્યાઓના ઉકેલ આવી શકે તેમ નથી તેથી સૌ પ્રથમ વ્રજને "તિર્થ સ્થાળ" ઘોષિત કરાવવા માટે સરકાર પર દબાણ લાવવું જોઇએ તેમજ બજેટમાં તેની વિકાસ માટે દરેક પંચવર્ષીય યોજનામાં નાણાની ફાળવણી કરાવવી જોઇએ. જો સરકાર ટુરિસ્ટ સ્થળોના વિકાસ માટે નાણા ફાળવી શકતી હોય તો આવા ઉમદા હેતુ માટે કે જેન જાગરણની જન જાગૃતિની સાથે કરોડો લોકોની ધામિક લાગણી સંકળાયેલી છે. કેમ બજેટમાં નાણા ફાળવણી થઇ શકે ? આ માટે જરૂર માત્ર ગિરધર મુરારી ટ્રસ્ટ તરફથી શ્રી મોહનલાલજી ચતુર્વેદીએ જણાવ્યું કેઆવા કાર્યો. માટે થોડા જ લોકો પુરતા હોય છે કે જેનામાં નિષ્ઠા પડેલી છે. તેથી ગુરૂ ચરણને વિનંતી કરું છું કે આપના આ શુભ કાર્યમાં નિષ્ઠાવાન મથુરાવાસીઓ બિલકુલ પાછીપાની નહી કરે આપ આગળ વધો આપની પાછળ છીએ.

નગર સુધાર સમિતિના સભ્ય શ્રી પ્યારેલાલજી સોદાગરે જણાવ્યું કે યમુનાના ઘાટોને વ્યવસ્થિત કરવા માટેના અને અનાદિકાળથી સ્થાપિત થયેલા કબજાઓને હટાવવાના માર્ગોનો નિર્દેશ કયો. અને વ્રજને તિર્થ સ્થલ બનાવવા પર પ્રથમ ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું વૈદીક વિદ્વાન આચાર્ય ડો. શ્રી પુરૂષોત્તમલાલજી ચતુરવેદીએ જણાવ્યું ટે "મથુરા,પુરી છે, કૃષ્ણપુરી છે. વ્રજપુરી છે....વ્રજરાજધાની છે. "આ ઉત્તમ ભાવના લઇને આજે આપણે વ્રજ સુધારણા માટે એકત્રિત થયા છીએ તે અત્યંત આનંદની વાત છે. તેણે વૃજવાસીઓને આહ્વાન કરતા જણાવ્યું કે સૌ પ્રથમ ભગવાન શ્રી કૃષ્ણની જન્મભુમિને તિર્થસ્થલ ઘોષિત કરવા માટે સરકાર પાસે માગણી મુકવી જોઇએ અને માગણી કર્યા પછી પણ સરકાર ન સાંભળે તો સંપુર્ણ વ્રજ મંડળ જન જાગરણ કરીને મોટું આંદોલન કરવું જોઇએ. આમ કરીશું તોજ વૃજનો સાચો વિકાસ શકય બનશે. ચતુર્વેદીઓ વૃજ મંડળના અધિકારી છે. તેથી આ કાર્ય સરકારનું ગણવાને બદલે આપણા ઘરનું કાર્ય છે તેમ સમજીને આપણે સૌએ આ શુભકાર્યમાં યોગદાન આપવાનું છે. આપણી માતાની લાજ લુટાતી હોય ત્યારે આપણે સરકાર પાસે નથી જતા પરંતુ આપણે તુટી પડીએ છીએ. અંતમાં આ માટે જે સંસ્થા સ્થપાય તેમાં માત્ર સાધુસંતો જ રહેશે રાજકારણીઓ નહી તેવી મારી અંતરની ઇચ્છા છે. સ્વામીનારાયણ મંદિર સ્વામી આનંદ

પ્રસાદે જણાવ્યું કે શ્રી યમુનાજી ઉપરાંત વૃજ ચોરાસી કોસમાં આવતા તિર્થોનો વિકાસ કરવાનું પણ અનિવાર્ય છે. આ બધા સ્થાનો જિર્ણ થઇ ગયા છે. અને તેનું ઐતિહાસીક મહત્વ સમાપ્ત થઇ રહ્યું છે.

વૃજમંડળના પ્રમુખ સંત કૌશલ કિશોરજી મહારાજે જણાવ્યું કે કોઇ સંતની પ્રેરણા અને આજ્ઞા સદકાર્ય માટે મળે. ત્યારે તેને ઇશ્વરની કૃપા જ સમજવાની રહે છે. આ કાર્ય શ્રી નાથજીનું છે. એવો કોઇ માનવી નહી હોય કે જે આ પવિત્ર કાર્યમાં જોડાવા ન તૈયાર થાય ! આપણે સરકારને યમુનાજળને દુષણ મુકત કરવા વિનંતી કરીશું તેમ છતાં સરકાર કશું નહિ કરે તો યમુનોત્રીથી પ્રયાગ રાજ સુધી યમુનાને કિનારે-કિનારે આપણે શ્રી યમુના પ્રદુષણ મુકિત રથ કાઢવાનું આયોજન કરીને જન જાગરણનો કાર્યક્રમ હાથ ધરીશું આપણે અત્યાર સુધી આ કાર્ય માટે શામ અને દામના શસ્ત્રનો જ ઉપયોગ કર્યો છે. પરંતુ હવે દંડ અને ભેદના શસ્ત્રો હાથ ધરવાનો સમય પાકી ગયો છે. યમુના રથ લઇને જયારે નીકળવાનું થશે ત્યારે કોઇની પરવા કર્યા વિના જ પ્રદુષણો આડા આવશે તેને અમો દુર કરીશુ. તેને આગળ જતા કહ્યું કે વૃજમાં જ નહીં પરંતુ સંપુર્ણ વિશ્વમાં ગાયને માતાના સ્વરૂપમાં પુજવામાં આવે છે. કરણ કે ગાયના પ્રત્યેક અંગમાં વિવિધ દેવતાઓનો વાસ છે પરંતુ એ દુર્ભાગ્યની વાત છે કે આ વજમંડળમાંથી સેંકડોની સંખ્યામાં ગાયોને કતલખાને લઇ જવામાં આવે છે. આને રોકવાનું કાર્ય આપણે સૌએ કરવાનું છે. તેમણે કહ્યુ કે વૃંદાવનમાં આગામી કુંભ મેળામાં બધા ધર્મોના આચાર્યો સાથે બેસીને વૃજની ભૂમિને તિર્થસ્થળ ઘોષિત કરવા પ્રસ્તાવ પાસ કરવામાં આવશે.

આ ઉપરાંત ડો. ચંદ્રકિશોરજી પાઠક, ડો. દેવી દયાલજી અગ્રવાલ, માથુર ચતુર્વેદી સેવા સમાજના મંત્રીશ્રી ગણેશજી ચતુર્વેદી, શ્રી અરુણ મિશ્ર ચતુર્વેદી, ડો. નટવર નાગર બાલ કિશનજી, દ્વારકાધિશ મંદિરના અધિકારી બૈદનાથ ચતુર્વેદી, રતનલાલજી પાઠક, રમેશચંદ્રજી ચતુર્વેદી, શ્રી સુધિર ચતુર્વેદી, આર્ય સમાજના મંત્રી ડો. બ્રહ્માનંદ શર્મા આદિ પ્રમુખ વકતાઓએ આ અંગે સાર ગર્ભિત વિચારો રજુ કર્યા હતા. .

પ. પુ. શ્રી કિશોરચંદજી મહારાજે બધાના વિચારો સાંભળ્યા બાદ જણાવ્યું કે એ આનંદની વાત છે કે અમારા મનમાં જે પીડા છે તે આપ સૌ વૃજવાસીઓના મનમાં છે. વૃજતિર્થ સુધારણાનું કાર્ય મહાન ભગીરથ કાર્ય છે તેથી આ બધા કાર્યોનું વર્ગીકરણ કરીને (૧) જે કાર્ય સરકાર દ્વારા થઇ શકે તેમ છે તે તેની પાસે કરાવવા પ્રયત્ન કરીએ. (૨) જે કાર્ય મ્યુનિસીપાલીટી અને ગ્રામ પંચાયતો દ્વારા થઇ શકે તેમ છે તે તેની પાસે કરાવવા પ્રયત્ન કરીએ. (૩) જે કાર્ય આપણાથી થઇ શકે તેમ છે તેનો અગ્રક્રમ નકકી કરીને આપણે હાથ ધરીએ. આપણાથી થઇ શકે તેવા કાર્યોમાં પ્રાચીન તિર્થોનું સર્વેક્ષણ કરીને ત્યાં શિલાલેખ લગાવીને તેનું નવનિર્માણ કરીએ. આ કાર્ય માટે દાન લેવાને બદલે જે લોકો આવા

કાર્ય માટે આગળ આવતા હોય તે જ સાથે રહીને કામ કરાવે તો વધુ નકકર પરિણામ આવશે. અને જેણે ખર્ચ કર્યો હોય તેને પુર્ણ સંતોષ થશે આ રીતે કામ કરવાની સોની તૈયારી હોય તો હું આનું નેતૃત્વ લેવા તૈયાર છું.

ત્યાર બાદ આ સભાના આયોજક શ્રી પુ. પા. ગોસ્વામી ૧૦૮ શ્રી કિશોરચંદ્રજી મહારાજે મંચ પર બિરાજમાન સર્વે ધર્માચાર્યોને સાલ ઓઢાડીને તેઓનું અભિવાદન કર્યું હતુ તેમજ જુનાગઢથી આવેલ બધા વૈષ્ણવોએ સભામાં ઉપસ્થિત સર્વે ગણમાન્ય નાગરિકોને કેસરીયા ઉપરણા ઓઢાડીને તેઓનું અભિવાદન કર્યું હતું.

અંતમાં આ સભાના પ્રમુખસ્થાને બિરાજતા શ્રી ગોપાલ પીઠાધીશ શ્રી વિઠ્ઠલેશજી મહારાજે સભાની કાર્યવાહીનું સંકલન કરતા જણાવ્યું કે વ્રજતિર્થ સુધારણા અને યમુના પ્રદુષણ દુર કરવા માટે બધાએ આગળ આવવું પડશે. આ કાર્યમાં તમો સૌ આગળ વધો. મારા તમો બધાને આશીર્વાદ છે. વ્રજયાત્રા દરમિયાન પડાવ માટે વ્યવસ્થિત જગ્યા મળતી નથી તેથી તેની કાયમી વ્યવસ્થા થવી જોઇએ.

છેલ્લે કુંભમેળા સમયે વૃંદાવનમાં ધર્મગુરુઓની સભા બોલાવીને આ કાર્ય માટે કમિટીની રચના કરવાનું જાહેર કરવામાં આવ્યું હતું, અને આ કમિટીની રચના માટેની જવાબદારી શ્રી વ્રજમંડળના પ્રમુખ સંત કોશલ કિશોરજી મહારાજને સોંપવાનું નકકી કરવામાં આવ્યું હતું અને પુ. પા. ગોસ્વામી શ્રી કિશોરચંદજી મહારાજે તેમાં સાથે રહેવાની ખાત્રી આપી હતી.

ત્યાર બાદ તા. ૨૨-૧૨-૯૭ના રોજ ચોબા લોકોની મિટીંગ બોલાવવામાં આવી. આપશ્રી દ્વારા વ્રજયાત્રામાં કઇ કઇ મુશ્કેલીઓ રહેલી છે તે અંગે સૌના અભિપ્રાયો અને સુચનો માગવામાં આવ્યા. આ લોકોએ ક્રમશઃ મુશ્કેલીઓની વિગતે રજુઆત કરી અને આ કાર્યમાં આપશ્રી જે કાંઇ કરવા ઇચ્છિતા હોય તેમાં સંપુર્ણ સાથ સહકાર આપવાની ખાત્રી આપી.

દાનઘાટી પાસેથી ગિરિરાજજીમાંથી સરકાર દ્વારા જે ડામરનો બાયપાસ કરવામાં આવેલ છે તે સત્વરે બંધ કરવા માટે સૌરાષ્ટ્ર-ગુજરાતના હજારો વૈષ્ણવોની સહીઓવાળું આવેદનપત્ર આપશ્રી તૈયાર કરીને લાવેલ હતા. તે તા. ૨૪-૧૨-૯૭ના રોજ મથુરાના કલેકટરશ્રીને આપવામાં આવ્યુ અને વહેલામાં વહેલી તકે આ અંગે ઘટતું કરવા રજુઆત કરવામાં આવી.

પ્રેષક : પ્રો. જયંત એમ. માંડવિયાના જય શ્રીકૃષ્ણ.... (રાજકોટ)

કંઠાભરણમ્

ઇશ્વરની ઈચ્છા બળવાન છે

સુખમાપતિતં સેવ્યં દુઃખમાપતિતં તથા ।
ચક્રવત્પરિવર્તન્તે દુઃખાનિ ચ સુખાનિ ચ ॥

સુખ આવે ત્યારે તેનું સેવન કરવું, તેમજ દુઃખ આવે ત્યારે તે પણ સહન કરવું, કારણ કે સુખ દુઃખ બંને, ફરતાં પૈડાની પેઠે આવજા કર્યા જ કરે છે.

સુખસ્યાન્તરં દુઃખં દુઃખસ્યાનન્તરં સુખમ ।
ન નિત્યં લભતે દુઃખં ન નિત્યં લભતે સુખમ ॥

સુખ પછી દુઃખ અને દુઃખ પછી સુખ અવશ્ય આવે છે, કોઇ પણ મનુષ્ય હંમેશાં દુઃખ પામતો નથી તેમજ હંમેશાં સુખ પણ પામતો નથી.

સુખં વા યદિ વા દુઃખં પ્રિયં વા યદિ વાઽપ્રિયમ્ ।
પ્રાપ્તં પ્રાપ્તમુપાસીત હૃદયેનાષરાજિતઃ ॥

સુખ આવે અથવા દુઃખ આવે, પ્રિય થાય અથવા અપ્રિય થાય, જે પ્રાપ્ત થાય તેને હૃદયથી હિંમત હાર્યા વિના સહન કરવું જોઇએ.

યે ચ મૂઢ તમા લોકે યે ચ બુધ્ધેઃ પરં ગતાઃ ।
ત એવ સુખમેધન્તે મધ્યમઃ કિલશ્યતે જનઃ ॥

આ લોકમાં જેઓ અત્યંત મુઢ હોય અથવા જેઓ બુદ્ધિથી પર થયેલા– પરમેશ્વરને પ્રાપ્ત કરી શકયા હોય તેઓ બંને સુખી હોય છે, પરંતુ એ એની વચલા વર્ગના–અર્ધદગ્ધ મનુષ્યો તો દુઃખ જ પામ્યા કરે છે.

સુખં ચ દુઃખં ચ ભવાભવૌ ચ લાભાલાભૌ મરણં જીવિતં ચ ।
પર્યાયતઃ સર્વમવાપ્નુવન્તિ તસ્માદ ધીરો નેવ હૃષ્યેન્નશોચેત્ ॥

સુખ, દુઃખ, જન્મ, નાશ, લાભ, હાનિ, જીવન મૃત્યુ એ બધાં વારાફરતી સર્વને આવ્યા જ કરે છે, માટે ધીર પુરુષે એના સંબંધથી હર્ષ કે શોક કરવો નહિ.

['કંઠાભરણમ્' કેસેટ પુસ્તિકામાંથી શ્રી પરીખ પરિવારના સૌજન્યથી]

આ માસના ઉત્સવ

ફાગણ સુદ ૧૧ તા. ૮-૩-૯૮ રવિવાર, આમલકી (કુંજ) એકાદશી વ્રત, ગો. ચિ. શ્રી કુંજેશકુમારજી (કોટા-કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૩ તા. ૧૦-૩-૯૮ મંગળવાર, બગીચા તેરસ, ગો. શ્રી મુરલીમનોહરજી મહારાજશ્રી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૧૧-૩-૯૮ બુધવાર, ગો. શ્રી મધુસુદનલાલજી મહારાજ (સુરત-વડોદરા)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૪ તા. ૧૨-૩-૯૮ ગુરૂવાર, હોલીકા ઉત્સવ, હોલિકા પ્રદીપન શુક્રવારે સુર્યોદય પહેલાં.

ફાગણ સુદ ૧૫ તા. ૧૩-૩-૯૮ શુક્રવાર, ધૂલિનંદન (ધુળેટી), દોલોત્સવ, હોલિકાષ્ટક સમાપ્ત, ગો. શ્રી મંદારકુમારજી (મુંબઇ)નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૧૪-૩-૯૮ શનિવાર, દ્વિતિયા પાટોત્સવ.

ફાગણ વદ ૫ તા. ૧૮-૩-૯૮ બુધવાર, રંગપંચમી, શ્રી રણછોડજી (ડાકોર)નો ષોડશોપચાર.

ફાગણ વદ ૯ તા. ૨૨-૩-૯૮ રવિવાર, ચિ. ગો. શ્રી વત્સલરાયજી (સુરત)નો જન્મદિન.

ફાગણ વદ ૧૦ તા. ૨૩-૩-૯૮ સોમવાર, ગો. શ્રી દેવકીનંદન મહારાજ (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૨૪-૩-૯૮ મંગળવાર, પાપમોચની એકાદશી વ્રત, ગો. શ્રી ભરતકુમારજી (પુના-મદ્રાસ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૩ તા. ૨૬-૩-૯૮ ગુરૂવાર, ગો. શ્રી રઘુનાથજી મહારાજ (કામવન) તથા ગો. ચિ. શ્રી ગોકુલનાથજી બાવાશ્રી (જુનાગઢ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૪ તા. ૨૭-૩-૯૮ શુક્રવાર, ગો. શ્રી વ્રજરત્નલાલજી મહારાજ (ચાંપાસેની-નડીયાદ)નો જન્મદિન.

ફાગણ વદ ૩૦ તા. ૨૮-૩-૯૮ શનિવાર, અમાવાસ્યા, સંવત સમારંભ, ગુડી પડવો, (એકમનો ક્ષય હોવાથી આજે સવારે ૮-૪૫ સમયે પુર્ણા થઇ ૮-૪૬ થી પ્રતિપદા તિથીનો આરંભ થતો હોઇ પંચાંગ વાંચનાદિ તથા દાન-પુણ્યાદિ સવારે ૮-૪૬ પછી કરવા), વ્રજ વિ. સં. ૨૦૫૫નો આરંભ, કલ્પાદિ, શ્રી પ્રભુને આજે રાજભોગમાં કડવા લીમડાની કુંપણો તથા મિશ્રીના ટુક ભોગ ધરવા, પંચાંગ વાંચન રાજભોગમાં, ચૈત્રી નવરાત્રારંભ.

ચૈત્ર સુદ ૩ તા. ૩૦-૩-૯૮ સોમવાર, ગણગૌરી (ગણગોર), મત્સ્ય જયંતિ.

ચૈત્ર સુદ ૪ તા. ૩૧-૩-૯૮ મંગળવાર, શ્રી નટવર પ્રભુ (અમદાવાદ)નો પાટોત્સવ, ગો. શ્રી અજયકુમારજી મહારાજશ્રી (પુના-મદ્રાસ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૬ તા. ૨-૪-૯૮ ગુરૂવાર, શ્રી યમુનાજીનો તથા શ્રી ગુસાંઇજીના છઠ્ઠા લાલજી શ્રી યદુનાથજી (વિ. સં. ૧૬૧૫)નો ઉત્સવ, શ્રી યદુનાથજી (કડી-અમદાવાદ)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૯ તા. ૫-૪-૯૮ રવિવાર, ચૈત્રી નવરાત્ર સમાપ્ત, શ્રી રામનવમી વ્રત, ગો. શ્રી યદુનાથજી (કાંકરોલી-મથુરા-વડોદરા), ગો. શ્રી અનિરૂદ્ધ બાવાશ્રી (કોટા-મુંબઇ-જતીપુરા) તથા ગો. શ્રી મહેન્દ્રકુમારજી (મુંબઇ-વિલેપાર્લે)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૦ તા. ૬-૪-૯૮ સોમવાર, ગો. શ્રી ગોપાલલાલજી મહારાજશ્રી (કોટા)નો જન્મદિન.

ચૈત્ર સુદ ૧૧ તા. ૭-૪-૯૮ મંગળવાર, કામદા એકાદશી વ્રત, શ્રી મહાપ્રભુજીના ઉત્સવની વધાઇનો પ્રારંભ, ગો. શ્રી મથુરેશ્વરજી (સુરત-વડોદરા)નો જન્મદિન.

કેસેટ પરિચય

પુષ્ટ લીલા દર્શન (કેસેટ) ભાગ ૧થી૮

કિર્તન ગાન – ગો. શ્રી રસિકરાયજી મહારાજ (રાજકોટ-પોરબંદર-મથુરા) ભાવર્થ વિવેચન ગો. શ્રી ઈન્દિરાબેટીજી મહોદયા (વડોદરા) પ્રસ્તુતિ-શ્રી દ્વારિકેશ પુષ્ટિ સેવા સમિતિ

'મહારાજ નિવાસ' મોટી ટાંકી રોડ, શાસ્ત્રી મેદાન પાસે રાજકોટ-૨૩૦ ૦૮૧ ન્યોછાવર રૂ,. ૩૦૧/-

રાજકોટને આંગણે તા. ૧૫-૧૨-૯૭ થી તા. ૧૭-૧૨-૯૭ એ ૩ દિવસ શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીમાં 'પુષ્ટિ લીલા દર્શન' કાર્યકમ યોજાયેલ,

જેમા અષ્ટ સખા રચિત દીનતા. આશ્રય, ગુરૂ મહિમા યુકત વિવિધ ૨૩ પદોના પુજય શ્રી ઈન્દિરા બેટીજીએ પોતાની વિશિષ્ઠ રસાલ શૈલીમાં ગુઢ ભાવોની રસ વર્ષા કરી શ્રોતા વર્ગને પુષિટ લીલા દર્શન કરાવેલ. અને પુ. પા. ગો. શ્રી રસિકરાયજીએ આ રસમય લીલાના પદોનું અત્યુતમ સંગીત સહ ગાન કરી શ્રોતાઓને સંગીત રસ સમુદ્રમાં ભીંજવેલ.

આ અલૌકિક અલભ્ય લાભ સમગ્ર પુષ્ટિ સૃષ્ટિને મળે તે શુભ હેતુથી આ આઠ કેસેટમાં સર્વ કાર્યકમ સુંદર રીતે રજુ કરેલ છે.

સમગ્ર વૈષ્ણવ પરિવાર અને ભગવદ મંડલીમાં વસાવવા અને સાંભળવા અને માણવાલાયક કેસેટ સંગ્રહ.

પુસ્તક પરિચય

(૧) સત્સંગ સુધા

આ લેખક તથા પરિવેષક પુ. પા. ગો. શ્રી દ્વારકેશજી મહોદય (ચંપારણ્ય–અમરેલી–કાંદિવલી–સુરત)

પ્રકાશક – શ્રી દ્વારકેશ પુષ્ટિ માર્ગીય સેવા ટસ્ટ. શ્રી દ્વારકેશ નિકેતન, મજીઠિયા નગરની બાજુમાં.
એસ. વી રોડ. કાંદીવલી (પ) મુંબઈ–૪૦૦૦૬૭

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૦૮+૨૪=૧૩૨, ઓફસેટ પ્રિન્ટીંગ, પીન બાઈન્ડીંગ, આર્ટ પેપર બહુરંગી ટાઈટલ પ્લાસ્ટીક કવરવાળું ન્યોછાવર દર્સાવેલ નથી.

પુષ્ટિ સંપ્રદાયમાં સત્સંગનુ સ્થાન અનુપમ અનેરૂ અમૂલ્ય છે. તે સર્વ વિદિત છે. ગો. શ્રી દ્વારકેશલાલજીએ પુષ્ટિ સૃષ્ટિ માટે પોતાના ચિંતન, મનત, વાંચન અનુભુતિ અને અવલોકનના સારરૂપે આ ગ્રંથ આપ્યો છે. સત્સંગની સુગંધ અને સુવાસ જન જન સુધી પહોંચાડવાનો આ સ્તુત્ય પ્રયાસ છે. સુંદર, સરળ, લોક ભોગ્ય શૈલીમાં સરળ ગુજરાતીમાં પુષ્ટિ સંપ્રદાય તેમજ અન્ય ગ્રંથોના સંદર્ભ અને સચોટ ઉદાહરણો સાથે લખાયેલ પુસ્તક જનસમાજને ખુબજ ઉપયોગી નિવડશે.

દરેક વૈષ્ણવ કુટુંબે, યુવા વર્ગે અવારનવાર વાંચવા, અને શુભ પ્રસંગે ભેટ આપવા લાયક પુસ્તક.

(૨) ઉકા આતાની વાર્તા પ્રસંગ (વૈષ્ણવનો વિવેક

પ્રકાશક – પ. ભ. ગોપાલદાસ આર વેષ્ણવ

પ્રાપ્તિ સ્થાન – (૧) મંજુલાબેન ગોપાલદાસ વૈષ્ણવ મણીનગર. ત્રિવેણી સંકુલ. બ્લોક નં. ૯
શ્રી ગોવર્ધન કુંજ, અમરેલી

(૨) પરસોતમ માધાભાઈ આંબલીયા ઠે. સરદાર ડાયમંડ માર્કેટ નં. ૨૫
માનગઢ ચોક, પટેલ સમાજ વાડીની સામે, વરાછા રોડ, સુરત

આ પેઈજી, ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૩૮૪+૮–૩૯૨ સ્વચ્છ છાપકામ, સેકસન સિલાઈ, પાકુ બાઈન્ડીંગ શ્રી મહાપ્રભુજી, શ્રીનાથજી, શ્રી યમુનાજીના બહુરંગી દર્શનીય ચિત્રજી ન્યોછાવર રૂા. ૧૨૫/–

સરળ ગામઠી ભાષા અને શૈલીમા લખાએલ આ પુસ્તકમાં પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાન્તોની છણાવટ તથા ભગવદ ભકતોના દિવ્ય ચરિત્રો આપવામાં આવેલ છે. ગ્રામ્ય જીવન સાથે સંકળાયેલ લેખક દ્વારા અભણ અને ઓછુ ભણેલ વર્ગ મોટા મોટા ગ્રંથને સમજી ન શકે તેમને તેમનીજ ભાષામાં સુંદર રીતે પુષ્ટિ સંપ્રદાયના મુળભુત સિધ્ધાન્તો નિરૂપવામાં આવેલ છે. જે શહેરી તેમજ ગ્રામ્યજન સમાજને ખુબજ ઉપયોગી નીવડેલ છે,

સત્સંગ તેમજ ભગવદ મંડલીમાં નિયમીત વાંચવા અને દરેક વેષ્ણવ કુટુંબે વસાવવા લાયક પુસ્તક.

શ્રી ગોવિંદભાઈ કે. આહીર મુ. ટીકર (વાયા માણાવદર) દ્વારા પદ–કીર્તનના ભાવાર્થવાળી પુસ્તિકા છપાવવાની યોજનાં છે. તેમાં જે કોઈ વૈષ્ણવોએ પોતાના સ્વજનની સ્મૃતિમાં વાંટવા માટે આ પુસ્તકમા સહ પ્રકાશક થવા ઈચ્છા હોય તેમણે વિગત માટે ઉપર શરનામે સંપર્ક સાધવો.

સમાચાર

"વૈષ્ણુવ પરિષદના ઉપક્રમે બીસ્કીટસ-નેપકીન્સનું વિતરણુ"

આં પુ. વૈણુવ પરિષદ-ગુજરાત પ્રદેશમા ઉપકમે વડોદરા શહેરના એસ. એસ. જી હોસ્પીટલો ઉપરાંત રીમાન્ડ હોમ-અનાથાશ્રમ વિગેરેમાં સ્વ. સ્નેહલ રનિલાલ મણીલાલ શાહના (જરોદવાળા) તિમિતે તેમના કુટુંબીજનોના સાથથી એક હજાર બીસ્કીટસ પેકેટસ અને સાતસો નેપકીન્સનું પુ. પાદ. ગો. શ્રી વજેશ કુમારજી મહારાજશ્રીના વરદ હસ્તે વિતરણ કરવામાં આવ્યું. દર્દીઓને જયશ્રીકૃષ્ણ કહીને અને રીમાન્ડ હોમ અનાથાશ્રમમાં છોકરાઓ-છોકરીઓને 'પ્રેમસે બોલો જયશ્રીકૃષ્ણના સામુહિક ઉચ્ચારણ કરીને વિતરણ કરવામાં આપ્યું.

"આં. પુ. વૈષ્ણુવ પરિષદની શતાબ્દી નિમિતે વૈષ્ણુવોની વર્લ્ડ કોન્ફરન્સ"

વેષ્ણુવ સમાજના સંગઠનનો વ્યાપ વધારવા અને પુષ્ટિમાર્ગ સંપ્રદાયનો પ્રચાર-પસાર માટે દેશ-વિદેશના વૈષ્ણુવોની એક વર્લ્ડ કોન્ફરન્સ મુંબઈ ખાતે ૧૯૯૯માં યોજવાનો. ૧૯૯૮ના વર્ષને સંગઠન વર્ષ તરીકે મનાવીને લગભગ ત્રણસો શાખાઓને સક્રિય બનાવવાનો, ગૌસેવાના કાર્યોને "પુષ્ટિ સ્વાધ્યાય ગ્રંથ" હિન્દીમાં પ્રકાશિત કરવાનો વિગેરે બાબતોનો વિચાર આં. પુ, વેષ્ણુવ પરિષદની કેન્દ્રીય કારોબારીની રાજકોટ ખાતે શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાથ શેઠના અદયક્ષસ્થાને મળેલી મીટીંગમાં કરવામાં આવ્યો છે. એ પ્રકારે વેષ્ણુવ પરિષદની એક અખબારી યાદી જણાવે છે.

શ્રીમદ વલ્લભાચાર્ય ઋષિકુળના કાર્યને ગતિમાન કરવા તાકીદે સંકિતોન ભવન બનાવવા માટે પુ. પાદ ગો. શ્રી વજેશકુમારજી મહોદયના [રાજકોટ-કામવન] માર્ગદર્શન હેઠળ એક સમિતિની રચના અગ્રણી વેષ્ણવોની મીટીંગમાં કરવામાં આવી વળી સંકીર્તન ભવત સંપન્ન થયા પછી શ્રીમદ વલ્લભાચાર્યજીનું સ્વરૂપ પધરાંવવા માટે મુંબઈથી રાજકોટ સુધી શ્રી વલ્લભ વિચાર પ્રચાર પ્રવાસનુ આયોજન પણ ગોઠવવાનુ વિચારવામાં આવ્યુ છે.

શ્રી બાલકૃષ્ણલાલજીની હવેલીના પટાંગણમાં પુ. પાદ. ગો. શ્રી વજેશકુમારજી મહોદયના અધ્યક્ષસ્થાને યોજાયેથી વેષ્ણવોની સભામા ડો. ગજાનન શમ, શ્રા પ્રધુમન શાસ્ત્રી, શ્રી મુતંદભાઈ શાહ, શ્રી ઈન્દ્રકાન્ત ત્રિકમલાથ શેઠ, શ્રી મુકુંદભાઈ શાહ, શ્રી હસમુખભાઈ ખખ્ખર વિગેરેએ પ્રાસંગિક પ્રવચનોમાં "સંઘે શકિત કલા યુગેની ઉકિત અંગે વિસ્તૃત સમજ આપી હતી અને આં. પુ. વૈષ્ણુવ પરિષદના નેજા હેઠળ સંગઠિત બનવા અને તન મન ધન પુર્વક પરિષદના કાર્યને સહકાર આપવા સમગ્ર વેષણવ સૃષ્ટિને અપીલ કરવામાં આવી હતી.

નિ. લી. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીને

પોરબંદર વૈષ્ણુવ સમાજની "પુષ્પાંજલી"

પુ. પા. ગો. શ્રી રસીકરાયજી મહારાજના અધ્યક્ષસ્થાને બીરલા હોલમાં મળેલી સભા

પુજયપાદ વંદનિય ગો, શ્રી ગોવિન્દરાયજી મહારાજશ્રીએ તા. ૧૦-૧-૯૮ના રોજ નિત્ય લીલા પ્રવેશ કરતાં સમસ્ત વલ્લભીય વૈષ્ણવ સમાજ નિરાધાર અને પંગુત્વને પામેલ છે,

અત્યાર સુધી આપશ્રીના સાનિધ્યેથી આપશ્રીના જ્ઞાનહિતવર્ધક વચનામુતોના પામથી જે ચૈતન્યતા અને નિજાનંદનુ પ્રેરકબળ પ્રાપ્ત થયાની અનુભુતિ થતી હતી. તેનાથી આપણ વંચિત વતાં નિરાધાર બન્યાં છીએ.

આપશ્રીએ બાલ્યકાળથીજ દરેક ક્ષેત્રે કઠોર પરિશ્રમ ઉઠાવેલ છે. વિદ્યાક્ષેત્રે ખુબજ સર્વતોશ્રષ્ઠ જ્ઞાન પ્રાપ્ત કરેલ હતું, આપણી હિન્દુ સંસ્કૃતિના દિવ્ય ગ્રંથો વેદ–વેદાંત શાસ્ત્રો અને ઉપનિષદોનુ ગુહ્યતમ જ્ઞાન પચાવેલ અને ભારતની ગણનાપાત્ર વ્યકિત વિશેષતામાં આપશ્રીનુ સવોંતમ સ્થાન રહેલ છે.

દરેક સંપ્રદાયના ધર્માચાર્ય પ્રત્યે ખુમજ આદરભાવ રાખી. તેઓશ્રીના જ્ઞાન ભંડારમાંથી એટલે કે ગુરૂદતાત્રેયના ૨૪ ગુરૂઓનું અને “EVERY MAN IS ONE WAY IN MY SUPERIOR”ના ધ્યેયને સદા સર્વદા હદયે રાખી ઉંચ જ્ઞાત પ્રાપ્ત કરવાનુ સદા લક્ષ રહેલ, તેમજ જુદા જુદા ક્ષેત્રોના અન્ય અગ્રગણ્ય નિષ્ણાનો અને વ્યકિત વિષેસો સાથે દરેક વિષયે તલસ્પર્શી ચર્ચાઓ દ્વારા દધિ મંથન કરી ઉત્પન્ન થતેલ “નવનીત”મો આસ્વાદી અભીગમ પુર્વજ તત્વચિંતક વિદ્યા અને સેવા–પરાયણતાના સંસ્કારો આપશ્રીના વ્યકિતત્વને અભિવ્યકત થતી મીત ભાષિતા સહજ હૃદયે દરેકને માન ઉપજાવે નેવ. સર્વનોમુખી પ્રતિભા સંપન્નતાના દિસદર્શન કરાવે તેવી હતી.

સાહિમ્યક્ષેત્રે આપશ્રીનુ શ્રષ્ઠ પ્રદાન હોય “પોરબંદરમાં “ગુજરાથ સાહિત્ય પરિષદનુ અધિવેશન મળેલ ત્યારે “પ્રમુખ” પદે બિરાજી કાર્યભારનુ સફળ સંચાલન કરેલ હતુ.

તદઉપરાંત “શ્રી વલ્લભ સિદ્ધાંત પ્રચારણી સભાના “ઉપપ્રમુખ”પદે અને અખીલ ભારતીય પુષ્ટિ માર્ગીય વેષ્ણવ પરિષદના પ્રમુખપદે રહી પુષ્ટિ સંપ્રદાયના વિકાશ માટે પણ અતિ કઠોર પરિશ્રમ સાથે પ્રચાર પ્રશારનો કાર્યભાર સંભાળેલ હતો.

આધશ્રી ભુતલ ઉપર ઇશ્વરના સાક્ષાત અંશાવતાર યુગ પુરૂષ તરીકે પ્રાગટય થયેવ અને કાર્યકાળ સંપન્ન ધતાં લીલામાં પધાર્યા છે. એવા યુગ પુરૂષને શરણે સદા સર્વદા રહીએ અને આપશ્રીના જ્ઞાનોપદેશમાંથી કર્તવ્યનિષઠ પ્રેરણા આપણાં જીવનમાં અપનાવીએ એવી પ્રાર્થના સાથે આપણા પ્રેરણાદાતા ધર્માચાર્યશ્રીને આજ તા. ૧૭–૧–૯૮ના “શ્રદ્ધા સુમન” અર્પતાં આપણા હૃદયે અસહય દુઃખ અનુભવાય તે સહજ પરિસ્થિતિમાં અશ્રુભીની નિવા પાંજલી અર્પું છું. “અસ્તુ”

મણીકાન્ત જમનાદાસ ઠાકર
અધિકારી
શ્રી ગોપીનાથજી હવેલી

જુનાગઢ વૈષણવ સમાજની નિ. લી. ગો. શ્રી ગોવિંદરાયજી મહારાજને ભાવાંજલી

ગૌસ્વામી કુલભુષણ વંદનીય ગો. શ્રી ગોવિંદરાયજી થહારાજશ્રી પોરબંદરવાળાનો નિત્ય લીલા પ્રવેશ થતાં જુનાગઢમાં ભાવાંજલી અર્પણ અંગે ગો. શ્રી કિશોરચંદ્રજી શ્રી પુરૂષોતમલાલજી (મોટી હવેલી)ની અધ્યક્ષતામાં આ સભાનુ આયોજન થયેલ.

ગો., શ્રી ગોવિંદરાયજી મહારાજશ્રીના લીલા પ્રવેશથી પુષિટમાર્ગને એક સાચી પ્રેરણા પ્રત્યક્ષરૂપે બંધ થવાથી ભૌતિક વિરહ જન્ય દુ.ખનો અનુભવ થાય એ સહજ છે. પરંતુ ભાવ દ્રષ્ટિથી તો આપશ્રી સદાને માટે બિરાજી રહેલા છે.

આપશ્રીના ઉંચા આદેશ જેવા કે પ્રભુના નામથી સેવા લેવી નહિ. કદાચ ભુલથી કોઇની સેવા આવે તો તેને તુરત પાછી મોકલવામાં આવતી.

પુષ્ટિ માર્ગના ઘણા મંદિરો પબ્લીક ટ્રસ્ટ થયા છે. પણ આપશ્રીએ તો પોતાની સ્વતંત્ર માલીકી એટલે પોતાનુ ઘર છે તેઓ જ બિરાજી પોતાની ગુરૂભેટ સિવાય કોઈ આવકને સ્થાન આપ્યુ નથી શ્રી આચાર્યચરણના સિદ્ધાંત મુજબ બિરાજ વલ્લભી સૃષ્ટીને પાયાના સિદ્ધાંતો વારંવાર હૃદયારૂઢ કરાવતા.

આપશ્રીના સરળ સ્વભાવ વૈષ્ણવ માટે આદર અને વચનામૃતમાં પણ વારંવાર હાસ્યામૃતનો અનુભવ નિજ સૃષ્ટિને કરાવતા બાકી આપશ્રીના જીવનચરિત્ર અંગે જો વર્ણન થાય તો એક મોટું પુસ્તક લખાય.

શ્રી મદનમોહન લાલજી આપના વંશજને ભૌતિક વિરહીજન્ય દુઃખ સહન કરવાની શકિત આપે અને આપશ્રીની મળેલી પ્રેરણા મુજબ હંમેશા માર્ગની ઉન્નતિમાં વૃધ્ધિ કરી અને વૈષ્ણવ સમાજ પણ આપશ્રીની પ્રેરણાથી માર્ગમાં નિષ્ઠાવાન બને.

ઉપર મુજબનો ઠરાવ તથા ભાવાંજલી આ સભામા સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

છેલ્લે શ્રીકૃષ્ણાશ્રયના સમુહના પાઠ કરવામાં આવ્યા હતા.

અમુભાઇ હિન્ડોચાના સદૈત્ય જયશ્રીકૃષ્ણ

એજ
મોહનભાઈ ગોરધનભાઈ
ગોરધનદાસ એમ. પાંવ
હીરજી ત્રીકમભાઈ
ગોરધનદાસ મગનલાલ સેજપાલ

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે

'શ્રી વલ્લભ સુધા' પત્ર અંગેની માહિતી

(૧) પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨) પ્રકાશનની સામયિકતા	માસિક
(૩) મુદ્રકનું નામ	રવજી પરસોતમ પટેલ
રાષ્ટ્રીયતા	ભારતીય
સરનામુ.	'અમૃત' જલારામ-૧, માર્ગ-૩ રાજકોટ
(૪) પ્રકાશકનું નામ	ઉપર મુજબ
રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
સરનામું	ઉપર મુજબ
(૫) સંપાદકનું નામ	ઉપર મુજબ
રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
સરનામું	ઉપર મુજબ
(૬) જે વ્યકિત આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું સરનામું	આંતર રાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી-૨ સીતારામ બિલ્ડીંગ પલ્ટન રોડ, મુંબઇ-૪૦૦૦૦૧

હું રવજી પરસોતમ પટેલ આથી જાહેર કરૂં છુ કે ઉપર પ્રમાણે માહિતી મારી વધુમાં વધુ જાણ માન્યતા મુજબ સાચી છે,

રવજી પરસોતમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

તા. ૨૦-૨-૧૯૯૮

૨૧. **મોટા ભાદરા**
પોંકીયા વલ્લભભાઇ રાઘવભાઇ

૨૨. **રાધનપુર**
શ્રી દામોદરભાઈ કંસારા
કંસારા બજાર, ટાવર રોડ

૨૩. **રાજપીપળા**
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ' માલીવાડ

૨૪. **લીંબડી**
શ્રી ચીમનલાલ પ્રાગજીભાઈ

૨૫. **વડોદરા**
શ્રી વામનભાઈ બી. પટેલ
ચોખંડી, વ્યારા પોળ

૨૬. **વાંકાનેર**
૧. શ્રી સુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
૨. કાકુભાઈ ગોરધનભાઈ દોશી
C/o. ભારત એજન્સી
પુલ દરવાજાની દુકાન
મોટી શાક પીઠને નાકે

૨૭. **સુરત** શ્રી ગોરધનભાઇ રાણપરીયા
એ–૭ તાપી બાગ શોપીંગ સેન્ટર
વિભાગ–૩, બીજા માળે, ઓફીસ નં.–૩

૨ શ્રી ભદ્રેશકુમાર હીંમતલાલ ઠકકર
વાસણના વેપારી
૫/૩૩ B હરિપુરા, પીર છડી
સુરત–૩૯૫૦૦૩

૨૮. **વાપી** શ્રીમતી ભામીનીબેન કિશોરભાઈ લાપજાવાળા
૧૦૫, અનુકુલ ચેમ્બર્સ
એન, એચ. નં.–૮ પ્લોટ નં.–૮/૧૨

૨૯. **સુરેન્દ્રનગર**
વજુભાઈ સી. ગોવાણી
C/o. શ્રી દ્વારકાધીશજી હવેલી ટ્રસ્ટ

૩૦. **હળવદ** શ્રી મનસુખલાલ કરશનદાસ કંસારા
C/o. શ્રી હસમુખ મેટલ કોર્પોરેશન

રાજકોટમાં નીચેના સ્થળે શ્રી વલ્લભ સુધાનું લવાજમ ભરી શકાય છે

૧. શ્રી વલ્લભ સુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા

૨. શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રી બાલકૃષ્ણજીની હવેલી

૩. શ્રી જસવંતભાઇ ત્રિભોવદાસ જુઠાણી
શ્રી ત્રિકમરાયજીની હવેલી. જાગનાથ પ્લોટ

૪. મુખીયાજી મથુરાસ જીવરાજભાઇ
શારદા સદન, ૨૫ ન્યુ જાગનાથ

૫. શ્રી વસંતભાઈ એન. વોરા
C/o વોરા એન્ડ કું. દુર્લભ ચેમ્બર,
ઢેબરભાઈ રોડ,

૬. શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ' ૪, કૈલાસવાડી, જંકશન પ્લોટ

૭. શ્રીમતી હર્ષાબેન એચ. ઠકકર
'આનંદ' જલારામ–૬, ગણેશ વાડી સામે

૮. શ્રી છગનભાઈ રામોલીયા
C/o શ્રી કૃષ્ણ એન્જીનીયરીંગ વર્કસ
મહાત્મા ઈન્ટરનેશનલ સામે, ભકિતનગર ગોડાઉન

૯. શ્રી મનસુખભાઈ સખીયા
C/o પટેલ હાર્ડવેર માર્ટ. રૈયા રોડ,

૧૦. શ્રી કનુભાઈ જે. દેવાણી
શ્રીનાથજી કૃપા' ૫, ત્રાનત્રીનમર

૧૧. શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઇની શેરી. સોની બજાર

૧૨. શ્રી દેપજીભાઈ પડીયા
રાજકમલ એજન્સી
પ્રહલાદ રોડ, કરણપરા ચોક પાસે,

૧૩. શ્રી હેમતલાલ બી. ત્રાંબડીયા
C/o કંગન સ્ટોર
૪, વૈશાલીનગર કોર્નર
આમ્રપાલી ટોકીઝ સામે રાજકોટ

SHREE VALLABH SUDHA Monthly Magazine. Published on the
date of Every Month, Regd.No.G/RJ.212-L.P.W.P43

શ્રી વલ્લભ આપ છો

શ્રી લક્ષ્મણ ભટ ઘરે પ્રગટયા,
આ જીવને કારણ, શ્રીવલ્લભ આપ છો.
પૃથ્વી પરિક્રમા ત્રણ કરીને,
અનેક જીવ શરણ લીધા;
પાખંડ દુર કીધા, શ્રીવલ્લભ આપ છો. ૧

અગ્નિ સ્વરૂપ આપ કહેવાવ છો,
તે જન ઓળખી શકયા;
વૈષ્ણને મન વસ્યા, શ્રી વલ્લભ આપ છો. ૨

પુષ્ટિ મારગનો લાભ બતાવ્યો,
નિધિ સેવા પધરાવી,
વૈષ્ણવને મન ભાવી, શ્રી વલ્લભ આપ છો. ૩

'ચંદ્રપ્રભા' વહુજીની વિનતિ સ્વીકારજો
દેજો શ્રી વ્રજમાં વાસ;
ચરણની પાસ, શ્રી વલ્લભ આપ છો. ૪

નિ. લી. ગો. શ્રી ચંદ્રપ્રભા વહુજી, પોરબંદર

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત શ્રીવલ્લભ સુધાના તંત્રી, સંપાદક, અને મુદ્રક
પ્રકાશક : રમણભાઈ પ. પટેલ, 'અમૃત' જલારામ પ્લોટ,-૧ માર્ગ-૩, યુનિવર્સીટી રોડ, રાજકોટ-૫
સહાયક તંત્રી : વસંતભાઈ ન. વોરા દુર્લભ ચેમ્બર્સ ઢેબર રોડ બસ સ્ટેશન સામે રાજકોટ-૧

શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મુદ્રણાલય લિ., રાજકોટ. ફોન : ૩૬૨૧૩૮